ચોથી શ્રેણી

પુસ્તક ૩૩

તા. ૧૧મી માર્ચ, ૨૦૧૬
ફાલ્ગુન ૨૧, ૧૯૩૭ શાકે
થી
તા. ૧૫મી માર્ચ, ૨૦૧૬
ફાલ્ગુન ૨૫, ૧૯૩૭ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## તેરમી ગુજરાત વિધાનસભા
## આઠમું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

પુસ્તક ૩૩)

# અ નુ ક્ર મ ણિ કા

ચોથી શ્રેણી


| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **તા. ૧૧મી માર્ચ, ૨૦૧૬, ફાલ્ગુન ૨૧, ૧૯૩૭ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | 1 | ૧૧ |
| અતારાંકિત પ્રશ્નો | 12 | 77 |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | 78 | 79 |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | 80 | 107 |
| **તા. ૧૪મી માર્ચ, ૨૦૧૬, ફાલ્ગુન ૨૪, ૧૯૩૭ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | 108 | 118 |
| અતારાંકિત પ્રશ્નો | 119 | 181 |
| અધ્યક્ષશ્રીની જાહેરાત | 182 | 182 |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | 184 | 214 |
| **તા. ૧૫મી માર્ચ, ૨૦૧૬, ફાલ્ગુન ૨૫, ૧૯૩૭ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | 215 | 225 |
| અતારાંકિત પ્રશ્નો | 226 | 513 |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | 514 | 515 |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | 516 | 549 |

ફાલ્ગુન ૨૧, ૧૯૩૭ શાકે

## તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા

શુક્રવાર, તા. ૧૧મી માર્ચ, ૨૦૧૬

ફાલ્ગુન ૨૧, ૧૯૩૭ શાકે

સભાગૃહ સવારના ૮–૩૦ વાગ્યે મળ્યું.

અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને

### તારાંકિત પ્રશ્નો

ખેડા જિલ્લામાં ગૌચર જમીન પર થયેલ દબાણ

* ૨૨૮૮૪ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષ દરમિયાન ગૌચર જમીનો ઉપર દબાણ થયાની કેટલી ફરિયાદ મળેલ છે,

(૨) તે અન્વયે તાલુકાવાર કેટલી ફરિયાદ અન્વયે કેટલા દબાણો દૂર કરવામાં આવ્યા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી ફરિયાદનો નિકાલ અને કેટલા દબાણ દૂર કરવાના બાકી છે તથા બાકી રહેલ દબાણો ક્યાં સુધી દૂર કરવામાં આવશે?

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ–૨૦૧૪ | વર્ષ–૨૦૧૫ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | નડીયાદ | ૦ | ૦ | ૦ |
| ૨ | માતર | ૦ | ૦ | ૦ |
| ૩ | ઠાસરા | ૦ | ૪ | ૪ |
| ૪ | મહેમદાવાદ | ૦ | ૧ | ૧ |
| ૫ | ખેડા | ૦ | ૦ | ૦ |
| ૬ | કઠલાલ | ૦ | ૦ | ૦ |
| ૭ | કપડવંજ | ૪ | ૦ | ૪ |
| ૮ | મહુધા | ૦ | ૦ | ૦ |
| ૯ | વસો | ૦ | ૬ | ૬ |
| ૧૦ | ગલતેશ્વર | ૦ | ૧૧ | ૧૧ |
| | કુલઃ– | ૪ | ૨૨ | ૨૬ |

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | બે વર્ષની મળેલ કુલ ફરિયાદો | દૂર કરેલ દબાણની વિગત |
|---|---|---|---|
| ૧ | નડીયાદ | ૦ | ૦ |
| ૨ | માતર | ૦ | ૦ |
| ૩ | ઠાસરા | ૪ | ૦ |
| ૪ | મહેમદાવાદ | ૧ | ૦ |
| ૫ | ખેડા | ૦ | ૦ |
| ૬ | કઠલાલ | ૦ | ૦ |
| ૭ | કપડવંજ | ૪ | ૦ |
| ૮ | મહુધા | ૦ | ૦ |
| ૯ | વસો | ૬ | ૩ |
| ૧૦ | ગલતેશ્વર | ૧૧ | ૯ |
| | કુલઃ– | ૨૬ | ૧૨ |

(૩)

| ક્રમ | તાલુકાનું નામ | નિકાલ કરેલ ફરિયાદો | દબાણ દૂર કરવાના બાકીની વિગત | બાકી રહેલ દબાણ દૂર કરવાની વિગત |
|---|---|---|---|---|
| ૧ | નડીયાદ | ૦ | ૦ | ૦ |
| ૨ | માતર | ૦ | ૦ | ૦ |
| ૩ | ઠાસરા | ૦ | ૪ | નોટીસ આપેલ છે બનતી ત્વરાએ |
| ૪ | મહેમદાવાદ | ૦ | ૧ | નોટીસ આપેલ છે, દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. બનતી ત્વરાએ. |
| ૫ | ખેડા | ૦ | ૦ | ૦ |
| ૬ | કઠલાલ | ૦ | ૦ | ૦ |
| ૭ | કપડવંજ | ૦ | ૪ | કોર્ટ કેસ ચાલુ છે, જેનો |

| | | | | |
|---|---|---|---|---|
| ૮ | મહુધા | ૦ | ૦ | ૦ |
| ૯ | વસો | ૩ | ૩ | બનતી ત્વરાએ |
| ૧૦ | ગલતેશ્વર | ૯ | ૨ | કોર્ટ કેસ ચાલુ છે, જેનો નિકાલ થયેથી. |
| | કુલઃ- | ૧૨ | ૧૪ | |

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે મેં ખેડા જિલ્લાની અંદર દબાણ બાબતનો પ્રશ્ન કર્યો છે તેમાં વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૫માં ૨૬ દબાણો કરેલા હતા. તેમાંથી ૧૨ દબાણો દૂર કર્યા અને ૧૮ બાકી છે. મહેમદાવાદ તાલુકામાં ગૌચરમાં દબાણ છે અને એમાં મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે નોટિસ આપી છે તો મારે જાણવું છે કે કયા ગામમાં દબાણ છે? કયા ઇસમે દબાણ કર્યું છે, કેટલા સમયથી કર્યું છે, કેટલા હેકટરમાં કર્યું છે અને આ દબાણ આપ વહેલી તકે દૂર કરવા માગો છો કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે તેમાં ૨૬ લોકોની ફરિયાદ હતી. ૨૬ દબાણ નહીં. ૨૬ લોકોએ એવી ફરિયાદ કરી છે. એક વ્યક્તિએ ત્રણ-ત્રણ, ચાર-ચાર ફરિયાદ કરી છે. કુલ દબાણ ૩૯ છે. ૩૯ દબાણ છે તેમાં ૨૧ હેકટરનું દબાણ છે અને તેમાંથી ૮ હેકટરનું દબાણ આપણે ખુલ્લું કરાવ્યું છે અને સભ્યશ્રીએ પ્રશ્નમાં વાત કરી કે કોનું કોનું દબાણ છે તો તેમાં ફરિયાદી છે તેમના નામ આપું છું. કાંતિભાઇ મથુરભાઇ ચૌહાણ, કાલુમિયાં જાકુમિયાં મલિક, ભગત અને પરમાર મંગળભાઇ અને પરમાર ઠાકોરભાઇ. ૧૭ ગામમાં ૩૯ દબાણ છે. દબાણ કરનારના નામ માગ્યા છે પરબતભાઇ નારણભાઇ પરમાર, પોપટ નારણ પરમાર, જુવાન નારણ પરમાર, અશોકભાઇ નારણ પરમાર,

અધ્યક્ષશ્રી : એમનો પ્રશ્ન એવો છે કે મહેમદાવાદ તાલુકામાં..

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : કયા ઇસમે દબાણ કર્યું છે, કયા ગામે કર્યું છે, કેટલા હેકટર પર કર્યું છે અને કેટલા સમયથી કર્યું છે? આપ આ દબાણ દૂર કરવા માગો છો કે કેમ આ મારો પ્રશ્ન છે.

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : ઠાસરા તાલુકો છે તેમાં કોટલી ડોર, જોરાપુર, ચીતલાવ, રાણીયા, નેનપુર, પીજ, વસો, પેટલી, માલવણ આ બધા ગામોમાં દબાણ છે. સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો ત્યારે ૧૨ હતા. કુલ ૩૯માંથી ૩૨ દબાણો અમે આજની તારીખે દૂર કર્યા છે. સાત દબાણો એવા છે કે જે કોર્ટ મેટર છે અને એ ખેતીના દબાણ છે. ખેતીના દબાણ દૂર કરવા માટે કોર્ટમાં કેસ ચાલે છે.

શ્રી કેસરીસિંહ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે આજની સ્થિતિએ દબાણ અંગેની બાકી ફરિયાદો પૈકી તાલુકાવાર કેટલી ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે અને કેટલી ફરિયાદ દૂર કરવાની બાકી છે અને ફરિયાદ નિકાલ નહીં થવાના કારણો શું છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૬ ફરિયાદમાંથી ૫ ફરિયાદ બાકી છે. ૨૧ ફરિયાદોમાં ૩૨ દબાણો દૂર કર્યા છે પણ જે ૫ બાકી છે તેમાંથી ૭ દબાણો છે અને સાતે સાત કોર્ટ મેટર છે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે આ દબાણ દૂર કરવાની જવાબદારી કોની? આપ એવું કહેશો કે પંચાયતની. પંચાયત કોઇ દિવસ દબાણો દૂર કરી શકતી નથી. તેની પાસે કોઇ સત્તા નથી. તાલુકામાં ફરિયાદ કરે છે એ તાલુકાવાળા કોઇ દાદ દેતાં નથી તેના કારણે દબાણો દૂર થતાં નથી. મારો બીજો પ્રશ્ન છે કે ગલતેશ્વરમાં ૧૧ જે દબાણ છે. તેમાંથી ૯ દબાણ દૂર કર્યા તેમાંથી સેમ્પલ તરીકે પાંચ વ્યક્તિના મને નામ આપો.

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, એમના પહેલા પ્રશ્નનો જવાબ એ છે કે દબાણ દૂર કરવાનો અધિકાર કોને છે? દબાણ દૂર કરવાનો પંચાયતને ૧૦૫ મુજબ અધિકાર મળેલ છે અને ૧૦૫ મુજબ દબાણ દૂર કરવામાં પંચાયત ક્યાંક નિષ્ફળ જાય તો ૧૦૫(૭) અને ૧૦૫ (૮) મુજબ તાલુકા વિકાસ અધિકારી ૩ મહિનામાં એ દબાણ દૂર કરવાનો નિર્ણય લેવાનો હોય છે. આ એનો અધિકાર છે. ગલતેશ્વરમાં દબાણ કરનાર ઘણા લોકો છે. કાળુભાઇ દેવાભાઇ ભરવાડ, હિરાભાઇ છનાભાઇ રોહિત, જશવંતસિંહ અરવિંદસિંહ પરમાર, રૂપશીભાઇ પોપટભાઇ રાબડીયા, છબીરખાન ઇસ્માઇલખાન પઠાણ વગેરે (અંતરાય) કાંઇ વાંધો નહીં.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાસ મંત્રીશ્રી પાસેથી જાણવું છે. બે-ત્રણ વખત કહ્યું મારા મહેમદાવાદનો પ્રશ્ન છે. મહેમદાવાદમાં ક્યા ગામે, ક્યા ઇસમે, કેટલા સમયથી, કેટલા હેક્ટરમાં દબાણ કર્યું છે? આ દબાણ આપ વહેલી તકે દૂર કરવા માગો છો કે કેમ? આપના જવાબમાં ખાલી નોટિસ આપી છે એવું કહ્યું છે.

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મહેમદાવાદમાં નેનપુરમાં પાંચ જગ્યાએ દબાણ છે. અત્યારે આ દબાણ આજની તારીખે દૂર થઇ ગયું છે. સભ્યશ્રી ખાતરી કરી લે. ૧૦૦ ટકા દબાણ દૂર થઇ ગયું છે અને એમણે નામ બોલવાનું કહ્યું છે તો નામ પણ બોલી દઉં છું. મહેમદાવાદમાં અલાઉદ્દીન નિઝામ, પુંજામીયાં અભીમીયાં, મંગળભાઇ હોથાભાઇ, કાલુમીયાં હુસેનમીયાં, ગુલાબમીયાં મહંમદમીયાં. આપ ખાતરી કરાવી લેજો. જે તે વખતે ૧૨ દબાણ દૂર કર્યા હતા. આજની તારીખે રેકર્ડ ઉપર કહું છું કે ૩૨ દબાણ ૧૦૦ ટકા દૂર થઇ ગયાં છે સાતનો કોર્ટમાં કેસ ચાલે છે.

જામનગર જિલ્લા પંચાયતનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ

* ૨૪૧૯૮ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર-ઉત્તર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

## તારાંકિત પ્રશ્નો

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ જામનગર જિલ્લા પંચાયતનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૧)

| સંવર્ગ | મંજૂર મહેકમ |
|---|---|
| વર્ગ-૧ | ૧૫ |
| વર્ગ-૨ | ૧૧૦ |
| વર્ગ-૩ | ૧૪૯૦ |
| વર્ગ-૪ | ૧૭૬ |
| કુલઃ- | ૧૭૯૧ |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨)

| સંવર્ગ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| વર્ગ-૧ | ૯ | ૬ |
| વર્ગ-૨ | ૫૭ | ૫૩ |
| વર્ગ-૩ | ૯૨૫ | ૫૬૫ |
| વર્ગ-૪ | ૧૫૦ | ૨૬ |
| કુલઃ- | ૧૧૪૧ | ૬૫૦ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૩)

| સંવર્ગ | એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જગ્યાઓ |
|---|---|
| વર્ગ-૧ | ૩ |
| વર્ગ-૨ | ૪૧ |
| વર્ગ-૩ | ૨૭૦ |
| વર્ગ-૪ | ૨૧ |
| કુલઃ- | ૩૩૫ |

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, અમારા જામનગર જિલ્લા પંચાયતમાં કુલ મહેકમ કેટલું છે અને કેટલી ખાલી જગ્યાઓ છે. માનનીય મંત્રીશ્રી ખૂબ જ જાણીતા હતા. પ્રભારી રહ્યા છે, સંગઠનમાં પણ રહી ચૂક્યા છે ત્યારે કુલ જગ્યાઓ વર્ગ-૧થી વર્ગ-૪ની ૧૭૯૧ મંજૂર થયેલ છે. એમાં ૩૩ ટકા જગ્યાઓ ખાલી છે. જિલ્લા પંચાયતો એટલે સીધો ગ્રામ્ય સાથે નાતો હોય છે. આપ સૌ વિકાસ ઇચ્છતા હોવ અને ૩૩ ટકા ખાલી જગ્યાઓ છે. એક વર્ષ કરતાં વધુ સમયથી ૩૩૫ જગ્યાઓ ખાલી છે. ટોટલ ૧૧૪૧ જગ્યાઓ ભરાયેલ છે અને ૬૫૦ જગ્યાઓ ખાલી છે ત્યારે આ જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે? આપે દર વર્ષે ભરતી માટેનું કેલેન્ડર તૈયાર કર્યું છે તો અમારા જિલ્લાના લોકોએ દસ વર્ષ સુધી રાહ જોવાની? એટલે વહેલામાં વહેલી તકે ભરતી થાય તે માટેની અપેક્ષા માનનીય મંત્રીશ્રી પાસે રાખું છું.

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી એમના જવાબમાં જ બોલ્યા છે કે ૩૩ ટકા જગ્યાઓ ખાલી છે. ઘણી બધી પંચાયતોમાં ૬૦ ટકા કે ૫૦ ટકા જગ્યાઓ ખાલી છે. આ સભાગૃહના તમામ સભ્યોનું ધ્યાન દોરવા માગું છું કે, છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લા પંચાયતની અંદર ૪૩૭ લોકોની ભરતી કરી. આજે આ ગૃહની અંદર કહેતાં મને ગૌરવ થાય છે કે આ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ છેલ્લા ત્રણ વર્ષનું ભરતી કેલેન્ડર એક સાથે ભરવાની મંજૂરી આપી છે. સભ્યશ્રી ચિંતા કરી રહ્યા છે. એની ચિંતા રાજ્યના મુખ્યમંત્રીશ્રી કરી રહ્યા છે. પંચાયતી માળખું છે એ ગામડાંના લોકો સાથે જોડાયેલું માળખું છે. અમે ગામોમાં જલ્દી વિકાસ થાય, ગામોમાં પ્રગતિ થાય એ રીતે કામ કરી રહ્યા છીએ. સભ્યશ્રીની ચિંતા છે એ ૧૦૦ ટકા વહેલામાં વહેલી તકે, હું તો એમ કહું છું કે અમને ત્રણ વર્ષની એક સાથે મંજૂરી મળી ગઇ છે એટલે આ જ વર્ષમાં ભરતી થવાની છે. સભ્યશ્રીની ચિંતા છે એ ચિંતામાંથી બહાર આવવા રાજ્ય સરકાર સમગ્ર ગુજરાતમાં બધી જિલ્લા પંચાયતોમાં ૧૦૦ ટકા સારું માળખું ગોઠવશે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે, ૨૦૦૦ના વર્ષ પહેલાના ૨૦ વર્ષમાં કેટલી ભરતી કરવામાં આવી હતી અને ૨૦૦૦ પછી કેટલી ભરતી કરવામાં આવી છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : પંચાયતી માળખું ૧૯૬૩થી આવ્યું છે. ૧૯૬૩થી ગણીએ તો ૧૯૮૦થી ૨૦૦૦ સુધીમાં ૩૮૯ જગ્યાઓ ભરાઇ હતી. ૨૦૦૦ પછી, હું તો એમ કહું છું કે છેલ્લા ૧૦ વર્ષમાં ૯૩૪ જગ્યાઓ આ જિલ્લામાં ભરાઇ છે. આજે સભ્યશ્રી પૂછી રહ્યા છે એ બાબતે રાજ્ય સરકાર ચિંતિત છે અને જિલ્લા પંચાયતનું માળખું સારી રીતે ગોઠવાય તો ગામડાંના લોકોને, આપણા બધાનો ઉદ્દેશ છે કે ગામડાંને દિશા મળે અને એનો વિકાસ થાય એના માટે અમે ચિંતિત છીએ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ૧૧૪૧ જગ્યાઓ છે એમાં ફીક્સ પગારની જગ્યાઓ કેટલી અને બીજો પ્રશ્ન એ હતો કે એક વર્ષ કરતાં વધારે સમયની ૨૭૦ જગ્યાઓ છે તો ૩ વર્ષ કરતાં વધારે સમયથી કેટલી જગ્યાઓ ખાલી છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : સભ્યશ્રીએ ફીક્સ પગારનું પૂછ્યું છે. ફીક્સ પગારના નિયમોની આપણને ખબર છે કે ૫ વર્ષ પછી પુરા પગારમાં આવે છે. છેલ્લા બે વર્ષમાં ૪૩૭ જગ્યાઓ ભરાઇ એ ફીક્સ પગારની છે. એમનું ધ્યાન દોરું કે આની અંદર

## તારાંકિત પ્રશ્નો

કલાસ–૪ના કર્મચારીઓ કરાર આધારિત છે, આઉટ સોર્સના છે એટલે જે જગ્યાઓ આપ ખાલી ગણી રહ્યા છો એટલી જગ્યાઓ ખાલી નથી. આજે સભ્યશ્રીએ કહ્યું કે ૧૦ ટકા સેટ–અપ અમારું ભરાયેલ છે પણ બધી જગ્યાઓ ગણીએ તો ૭૦ ટકા ભરાયેલ છે. ૩૧૫ જગ્યાઓ એવી છે કે જે એક વર્ષથી ખાલી છે. ૧૬૨ જગ્યાઓ ૧ થી ૨ વર્ષ સુધીની ખાલી છે અને ૧૭૩ જગ્યાઓ એવી છે કે જે કલાસ–૪ની છે, ડ્રાયવર હોય કે સફાઇ કામદાર હોય એવી બધી જગ્યાઓ છે એ જગ્યાઓ આઉટ સોર્સિંગથી કરાર આધારિત ભરાયેલ છે.

શ્રી ચિમનભાઇ ધ. સાપરિયા : હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જામનગર જિલ્લામાં વર્ગ–૩ સંવર્ગની જગ્યાઓ પૈકી કઇ કઇ કેડરની જગ્યાઓ કેડરવાઇઝ છેલ્લા બે વર્ષમાં ભરવામાં આવી. આમાં મંત્રીશ્રીએ કહ્યું કે ૪૩૭ જગ્યાઓ ભરવામાં આવી છે તો મારે જાણવું છે કે, આ જગ્યાઓ ભરવાની પદ્ધતિ શું હતી?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : અધિક મદદનીશ ઇજનેરની ૭ જગ્યા, જુનિયર કલાર્ક (વહીવટ)ની ૩૨ જગ્યા, મુખ્યસેવિકાની ૫ જગ્યા, એફ.એસ.ડબલ્યુ.ની ૪૩ જગ્યા, કમ્પઉન્ડરની ૩૪ જગ્યા, એમ.પી.એચ.ડબલ્યુ.ની ૯૫ જગ્યા, નાયબ ચિટનીશની ૪ જગ્યા, તલાટી–કમ–મંત્રીની ૨૦૮ જગ્યા, લેબોરેટરી ટેકનીશિયનની ૯ જગ્યા, મદદનીશ નકશાકારની ૨ જગ્યા એમ કુલ ૪૩૭ જગ્યા ભરવામાં આવી એમાં ૧૧ કેડરો છે. આમાં ૫ કેડરો જિલ્લા પંચાયત સેવા પસંદગી મંડળ ભરે છે. બાકીની ૬ કેડર રાજ્ય પંચાયત પસંદગી મંડળ ભરે છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય મંત્રીશ્રીએ કહ્યું એ પ્રમાણે બનતી ત્વરાએ ભરતી કરવામાં આવશે. ઘણા સમયથી આ ગૃહમાં આ જ પ્રકારની વાતો સાંભળતા આવ્યા છીએ. વર્ગ–૨માં ભરાયેલ જગ્યાઓ ૫૭ છે અને ખાલી જગ્યાઓ ૫૩ છે. ૫૦ ટકાની આજુબાજુ જગ્યાઓ ખાલી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ મહત્ત્વની જગ્યા છે. કારણ કે વર્ગ–૨નું જે ટેબલ સંભાળનારા છે એ ગ્રામ્ય વિસ્તારના લોકોની મૂળભૂત પાયાની કામગીરી કરે છે એના મારફત વર્ગ–૧ પાસે ફાઇલ જવાની છે ત્યારે બીજી ભરતી તમે વર્ષ દિવસમાં કરવાના છો એ સારી વાત છે પણ આ જગ્યાઓ બનતી ત્વરાએ નહિ પણ તાત્કાલિક અસરથી ભરવા માગીએ છીએ કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપ બધા જાણો છો કે વર્ગ–૨ની જગ્યાઓ છે એ જિલ્લા પંચાયતના આ જે ખેતીવાડી અધિકારીનો વિભાગ જિલ્લા પંચાયતમાં આવે, આરોગ્ય વિભાગ જિલ્લા પંચાયતમાં આવે, નાની સિંચાઇ જિલ્લા પંચાયતમાં આવે, ક્યાંય ને ક્યાંય આવી જગ્યાઓ બીજા વિભાગની ખાલી છે. હું સ્પષ્ટપણે કહું છું કે, હું તમામ વિભાગના મંત્રીશ્રીને જાણ કરવાનો જ છું કે મારી પંચાયતની અંદર આપના વિભાગની વર્ગ–૨ની જગ્યા એ ભરે છે. પ્રાથમિક શિક્ષણ સંભાળી અમે રહ્યાં છીએ પણ એની જગ્યા શિક્ષણ અધિકારીશ્રી સીધી મુકતા હોય છે તો આપનું સૂચન સારું છે. હું તમામ મંત્રીશ્રીને આ જગ્યા વહેલામાં વહેલી તકે ભરાય એવો પત્ર લખીશ.

### નર્મદા જિલ્લામાં વ્યક્તિગત શૌચાલય

* ૨૩૧૨૨ શ્રી મોતીલાલ વસાવા (દેડીયાપાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નર્મદા જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ. અને એ.પી.એલ. કુટુંબો માટે કેટલા વ્યક્તિગત શૌચાલય પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) નર્મદા જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ. અને એ.પી.એલ. કુટુંબો માટે નીચે જણાવ્યા મુજબ વ્યક્તિગત શૌચાલય પૂર્ણ કરવામાં આવ્યા.

(સંખ્યા)

| વર્ષ (કેલેન્ડર) | બીપીએલ કુટુંબો | એપીએલ કુટુંબો | કુલ કુટુંબો |
|---|---|---|---|
| ૨૦૧૪ | ૪૭૭૦ | ૩૯૭૯ | ૮૭૪૯ |
| ૨૦૧૫ | ૬૯૮૦ | ૪૯૫૩ | ૧૧૯૩૩ |
| કુલઃ– | ૧૧૭૫૦ | ૮૯૩૨ | ૨૦૬૮૨ |

(૨) તેની પાછળ નીચે જણાવ્યા મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

(રૂ. લાખમાં)

| વર્ષ (કેલેન્ડર) | બીપીએલ કુટુંબો | એપીએલ કુટુંબો | કુલ ખર્ચ |
|---|---|---|---|
| ૨૦૧૪ | ૮૪.૦૪ | ૧૨૮.૮૨ | ૨૧૨.૮૬ |
| ૨૦૧૫ | ૫૧૯.૫૨ | ૩૬૮.૬૫ | ૮૮૮.૧૭ |
| કુલઃ– | ૬૦૩.૫૬ | ૪૯૭.૪૭ | ૧૧૦૧.૦૩ |

શ્રી મોતીલાલ પુ. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ સાહેબ હંમેશા મહિલાઓની યોજના હોય કે એની મુશ્કેલી હોય એ દૂર થાય અને એનો લાભ મળે એ માટે તેઓ અમને બધાને પ્રોત્સાહન આપે છે અને એની પ્રસિદ્ધિ અને પ્રસાર કરો એવી વારંવાર સૂચના આપે છે. એટલે આ શૌચાલય આદિવાસી વિસ્તારમાં બનાવવા અને એનો

ઉપયોગ કરાવવો એ ઘણી બધી મુશ્કેલીનું કામ છે છતાં અમે બધા લોકોએ ખૂબ મહેનત કરીને એમાં અમને ઘણી બધી સફળતા મળી છે. એટલે આવનારા દિવસોમાં આપણે કેટલા શૌચાલયો બનાવવાના હતા? કેટલા બનાવ્યાં છે અને બાકી છે એ કેટલા સમયમાં પૂર્ણ કરીશું?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૨ ના બેઇઝ સરવે મુજબ નર્મદા જિલ્લામાં ૪૩,૦૦૦ શૌચાલય બનાવવાના હતા. એમાં અત્યારે ૨૦,૦૦૦ શૌચાલય બનાવ્યાં છે અને એક મંત્રી તરીકે હું પણ ત્રણ તાલુકાની વિઝિટ કરી આવ્યો છું અને ખરેખર આ તાલુકાની અંદર ગતિ છે અને આજે જે સભ્યશ્રી પૂછી રહ્યાં છે અને ચિંતા કરી રહ્યાં છે એ ધારાસભ્યો સાથે મેં મિટિંગ કરી છે. આ રાજ્યના મુખ્યમંત્રીની એક ચિંતા છે કે ગુજરાતના ગામડાંની અંદર શૌચાલય વગરનો એક પણ પરિવાર બાકી ના રહે તો એ ચિંતાના આધારે સમગ્ર ધારાસભ્યો મારી સાથે રહ્યાં પણ આજે હું ચોક્કસ કહું છું કે ગુજરાતની અંદર જ્યારે પ્રથમ જિલ્લો ડિકલેર કરવાનો આવશે ૧૦૦% ત્યારે હું સભ્યશ્રીને કહી રહ્યો છું કે આ જિલ્લાની અંદર હવે ૧૫,૦૦૦ જ શૌચાલય બનાવવાના બાકી રહ્યાં છે અને એમાં અમે ગતિ લાવીને ૧૦૦% મુક્તિ મેળવીશું એવું અમે કહીએ છીએ.

શ્રી શબ્દશરણ ભા. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, નર્મદા જિલ્લામાં કોઇ તાલુકામાં ૧૦૦% વ્યક્તિગત શૌચાલયયુક્ત થયેલ છે કે કેમ? બીજું, બધા તાલુકામાં કેટલા ગામોમાં ૧૦૦% શૌચાલયયુક્ત થયેલા છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, બે તાલુકા નાંદોદ અને તિલકવાડામાં ૧૦૦% કામ પૂર્ણ થયું છે અને એ સિવાયના ૪૬ ગામો ૧૦૦% થયાં છે પણ જે સભ્યશ્રીની ચિંતા છે એ ગતિમાં કામગીરી આગળ વધી રહી છે.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે, તિલકવાડા તાલુકામાં ૧૦૦% સિદ્ધિ થઇ છે તો મારા તિલકવાડા તાલુકાનું અલવા ગામ, ઇદરમા ગામ અને અગર ગામ એ ગામડાંમાં કેટલા શૌચાલય બન્યાં છે અને કેટલા લાભાર્થીઓ બાકી છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં સભ્યશ્રીને જણાવું કે, પહેલા આ ૨૦૧૨ ના બેઇઝ સરવે મુજબ જાહેર કર્યા છે. આજે અમારાં ડી.ડી.ઓ.શ્રી અને ટી.ડી.ઓ.શ્રીને ૨૦૧૨ નો જે બેઇઝ સરવે છે એમાં હજીય આજે અમે તાલુકો જાહેર નથી કર્યો. આજે અમે કહીએ છીએ કે, ૨૦૧૨ ના બેઇઝ સરવે મુજબ અમે કામ પૂરું કર્યું છે. છતાંય હજી જો કોઇ ગામની અંદર બાકી હોય તો અમે ૧૦૦% એની ચિંતા કરી રહ્યાં છીએ. એ ગામની અંદર એ સરપંચને બોલાવીને અને આની ચોક્કસાઇ કરી અને ૧૦૦% જાહેર કરવાના છીએ.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : મારો સીધો સવાલ એ છે કે, તીલકવાડા તાલુકામાં સો ટકા પણ તીલકવાડા તાલુકો મારા મત વિસ્તારમાં પહેલાં હતો, તો આજે ત્યાં મારે એટલું જ જાણવું છે કે, અલવા હોય, ઇદરમા હોય કે અગર હોય આ ગામોમાં શું છે ?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો જનરલ મારી પાસે ૭૭ ગામો આખા જિલ્લાના સો ટકા થયા છે એવી યાદી છે પણ જે સભ્યશ્રીની ચિંતા છે, એ ગામોના નામ મને આપશે તો સો ટકા જોવડાવી લઇશ.

અધ્યક્ષશ્રી : આ ચાર ગામોની માહિતી માનનીય ધીરુભાઇ, માનનીય મંત્રીશ્રીને આપજો.

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, સ્વચ્છ ભારત મીશનના અમલીકરણ માટે સરકારશ્રી દ્વારા ગ્રામ્ય કક્ષા લઇને રાજ્ય કક્ષા સુધી કોઇ વ્યવસ્થાપન સમિતિની રચના કરવામાં આવે છે કે કેમ ?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, સ્વચ્છ ભારત મીશનના અમલીકરણ કરવા માટે ગ્રામ્ય કક્ષાએ અમે સમિતિઓ બનાવી છે અને તાલુકા કક્ષાએ પ્રાંતને જવાબદારીઓ આપી છે, જિલ્લા પંચાયતનું સો ટકા માળખું કામ કરી રહ્યું છે. આ તમામ લોકોને અમે કામગીરી સોંપી છે. એમાં જિલ્લા પંચાયતના પદાધિકારી હોય, તાલુકા પંચાયતના પદાધિકારી હોય, ગામના સરપંચશ્રીઓ હોય આ બધા લોકોનો એક સેમીનાર કરીને આ કામમાં ગતિ આવે એટલા માટેનું આખું માળખું ગામે, તાલુકાએ અને જિલ્લાએ અમે કાર્યરત કર્યું છે.

નાંદોદ તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ બાંધકામની વહીવટી મંજૂરી

* ૨૩૦૬૯ શ્રી શબ્દશરણ તડવી (નાંદોદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું, | (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં ૧૧૫ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યુ હતું. |
| (૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને | (૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ૧૧૫ આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી. |
| (૩) ઉક્ત વહીવટી મંજૂરી પૈકી કેટલા આવાસ બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે? | (૩) ઉક્ત વહીવટી મંજૂરી પૈકી ૧૧૫ આવાસ બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે. |

શ્રી શબ્દશરણ ભા. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગુ છું કે, નાંદોદ તાલુકામાં ઇન્દિરા આવાસ યોજના હેઠળ સને ૨૦૧૪–૧૫માં કેટલા હપતામાં, કેટલી રકમ ચૂકવવામાં આવી છે ?

## તા. ૧૧મી માર્ચ, ૨૦૧૬

## તારાંકિત પ્રશ્નો

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, નાંદોદ તાલુકાની અંદર ૧૧૫ મકાનો મંજૂર કરવામાં આવ્યા છે. જ્યારે મંજૂર કરવામાં આવ્યા હોય ત્યારે પ્રથમ હપતો ચૂકવવામાં આવે છે, એ લાભાર્થીને ૨૦,૧૩,૦૦૦/– પહેલા હપતા તરીકે ચૂકવી દેવામાં આવ્યા છે. બીજા હપતાના ૭૪ લોકોને ચૂકવ્યા છે, ત્રીજા હપતા માટે ૭ લોકોને ચૂકવ્યા છે.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઇન્દિરા આવાસ યોજનામાં લાભાર્થીઓની પસંદગીની કાર્ય પદ્ધતિ શું છે ?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ઇન્દિરા આવાસની અંદર લાભાર્થીઓની પસંદગીની કાર્ય પદ્ધતિમાં ૦ થી ૧૬ જ્યારે આપણે ૨૦૦૬માં બી.પી.એલ. યાદી જાહેર કરી ત્યારે. પછી ૨૦૧૩માં રાજ્ય સરકારે, ૦ થી ૧૬ના લાભાર્થી ગુજરાતની અંદર બહુ જૂજ લોકો જ હતા અને ઇન્દિરા આવાસના ટાર્ગેટ મુજબ આપણે ૧૭ થી ૨૦ના લાભાર્થીઓને પણ બી.પી.એલ. યાદીમાં જાહેર કર્યા છે એટલે ૦ થી ૧૬ના લોકોને અને ૧૭ થી ૨૦ના લોકોને પણ બી.પી.એલ. યાદીમાં જાહેર કર્યા છે અને ઇન્દિરા આવાસનો ૧૭ થી ૨૦નો પણ લાભાર્થી ગણાય.

શ્રી નિરંજનભાઇ પ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આપણે આ બજેટની અંદર સ્માર્ટ ગામડાંની યોજના મૂકી છે તો એના અન્વયે જે ઇન્દિરા આવાસ યોજના જુની વખતની જુની સિસ્ટમથી આપણે બાંધીએ છીએ એના બદલે આ યોજનાને સ્માર્ટ બનાવીને, નવી ટાઇપની બનાવીને સ્માર્ટ ગામડાંનું રૂપ આપવા માગીએ છીએ કે કેમ? એની અંદર બજેટ વધારવા માગીએ છીએ ? એમાં ડિઝાઇન બદલવા માગીએ છીએ કે કેમ ? આપણે બધા સ્માર્ટ ગામડાં બનાવવા હોય તો આ યોજનાને પણ સ્માર્ટ બનાવવી જોઇએ એવું મારું સુચન છે અને એમાં ફેરફાર થાય. આપ મંત્રીશ્રીએ કાલે કહ્યું કે, જમીનની મુશ્કેલી છે અને કરકસર કરવી જોઇએ તો મલ્ટી સ્ટોરેજ યોજના આમાં કરી જમીન બચાવવા માગો છો કે કેમ ?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી તો અત્યારે ચિંતા વ્યકત કરી રહ્યા છે, સ્માર્ટ વિલેજ બનાવવાની. રાજ્ય સરકારનો ઉદ્દેશ છે કે, ગામડાંને શહેર જેવી સુવિધાઓ મળે. આત્મા ગામડાંનો, સુવિધાઓ શહેરની, આ અમારો લક્ષ્ય છે રાજ્ય સરકારનો અને રાજ્યના મુખ્યમંત્રીશ્રી ચિંતા કરી રહ્યા છે. આપ તો આજે સૂચન મને કરી રહ્યા છો. હું તો માનનીય સભ્યશ્રીના ધ્યાને મુકીશ અને આ ગૃહના ધ્યાને મુકીશ કે, રર્બન યોજના લાવનાર ગુજરાત આ દેશમાં પ્રથમ રાજ્ય છે. ૧૦૦૦૦ થી વધુ વસતિવાળા ગામમાં ભૂગર્ભ ગટર યોજના કરી છે એવું આ પ્રથમ રાજય છે અને આપનું પણ જે હશે એ સૂચન છે.

શ્રી મોતીલાલ પુ. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, તમારી યોજનાને અમે શું કામ સ્માર્ટ બનાવીએ? અમારી યોજનાને સ્માર્ટ ન બનાવીએ? ૨૦૧૪–૧૫ના વર્ષમાં સ્કોર પ્રમાણે કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : નર્મદા જિલ્લામાં ૩૨૫નો ટાર્ગેટ હતો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે એ બાબત જાણવા માગું છું કે ઇન્દિરા આવાસ યોજનામાં પહેલા રાજ્ય સરકારનો હિસ્સો હતો. એ રાજય સરકારનો હિસ્સો કેન્દ્ર સરકારે જયારે ઇન્દિરા આવાસમાં નાણા વધાર્યા તો એને અનુરૂપ આપણે વધારવાને બદલે રાજય સરકારના હિસ્સામાં કોઇ કાપ કર્યો છે કે નહીં? માત્ર શબ્દોની સજાવટ કરવાથી નહીં પણ કર્તવ્યથી એટલે કે ગ્રાન્ટની ફાળવણીથી આ વસ્તુ થઇ શકે. ઇન્દિરા આવાસમાં કેન્દ્ર સરકારે પૈસા વધાર્યા તો આપણે વધારવા જોઇતા હતા તો વધારવાને બદલે ઘટાડયા છે કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી જે વાત કરી રહ્યા છે એમાં મારે સ્પષ્ટ કરવું છે કે જયારે આ યોજના જાહેર થઇ ૧૯૯૧માં ત્યારે ૨૦૦૦૦ હતા. ઇન્દિરા આવાસના મકાન બનાવવાના ૨૦૦૦૦ હતા. જે તે વખતે રાજય સરકાર એમાં સહાય કરતી હતી ત્યારપછી ૨૫૦૦૦ થયા ત્યારે રાજય સરકાર સહાય કરતી હતી. ૩૫૦૦૦ થયા ત્યારે પણ સહાય કરતી હતી. જયારે ૪૫૦૦૦ કરવામાં આવ્યા ત્યારે સહાયનો હપતો ૭૦૦૦ હતો એ ત્યારે બંધ કર્યો હતો. આજે ૭૦૦૦૦ રૂપિયા ઇન્દિરા આવાસના લાભાર્થીને આપીએ છીએ. ભારત સરકારનો ૬૦–૪૦ નો રેશીયો છે. ૪૦ ટકા રાજય સરકારે ભોગવવાના છે. ૬૦ ટકા ભારત સરકાર ભોગવશે અને આજે મારે સભ્યશ્રીને એ પણ કહેવું છે કે ભૂતકાળમાં એની અંદર શૌચાલય આવતું ન હતું. આજે શૌચાલયના ૧૨૦૦૦ રૂપિયા આ ૭૦૦૦૦ થી અલગ આપવામાં આવે છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારે ધોરણ વધાર્યું એ સમયે રાજય સરકારે ઘટાડયું છે કે કેમ? કેન્દ્ર સરકારે નાણા વધાર્યા તો આપણે વધારવાને બદલે રાજયનો હિસ્સો ઘટાડવામાં આવ્યો છે બે વર્ષ પહેલા? આટલો જ મારો પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી કહે છે ૬૦–૪૦ નો રેશીયો કર્યો છે.

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું સ્પષ્ટ કરું છું કે એ વખતે શૌચાલય એમાં આવતું હતું આજે શૌચાલયમાં ૬૦–૪૦ અમે ચૂકવી રહ્યા છીએ. રાજય સરકારનું શૌચાલય એમાં અલગ આપવામાં આવે છે.

### દાહોદ જિલ્લા પંચાયતનું સંવર્ગવાર મંજૂર મહેકમ

* ૨૪૬૫૪ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લા પંચાયતનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલું છે, | (૧) |

| સંવર્ગ | મંજુર મહેકમ |
|---|---|
| વર્ગ–૧ | ૧૬ |

| | |
|---|---|
| વર્ગ–૨ | ૨૫૯ |
| વર્ગ–૩ | ૩૦૧૧ |
| વર્ગ–૪ | ૪૧૦ |
| કુલ | ૩૬૯૬ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨)

| સંવર્ગ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| વર્ગ–૧ | ૮ | ૮ |
| વર્ગ–૨ | ૮૬ | ૧૭૩ |
| વર્ગ–૩ | ૧૬૮૫ | ૧૩૨૬ |
| વર્ગ–૪ | ૬૨ | ૩૪૮ |
| કુલ | ૧૮૪૧ | ૧૮૫૫ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૩)

| સંવર્ગ | એક વર્ષ કરતા વધુ સમયથી ખાલી જગ્યાઓ |
|---|---|
| વર્ગ–૧ | ૬ |
| વર્ગ–૨ | ૧૩૩ |
| વર્ગ–૩ | ૧૨૬૪ |
| વર્ગ–૪ | ૩૪૭ |
| કુલ | ૧૭૫૦ |

(૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૪) ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ.

શ્રી મિતેશભાઇ ક. ગરાસિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો દાહોદ જિલ્લાનો પંચાયતના મહેકમ વિશેનો પ્રશ્ન અને એમાં કોષ્ટકમાં મહેકમ મંજૂર અને ભરેલી જગ્યા છેલ્લા એક વર્ષ કરતા વધારે ખાલી જગ્યાનું કોષ્ટક આપ્યું છે. મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે દાહોદ જિલ્લો ટ્રાયબલ જિલ્લો છે. ગુજરાતના ટ્રાયબલ જિલ્લા માટે ટ્રાયબલ સબપ્લાનના વધારે નાણા ફાળવવામાં આવતા હોય છે અને આ ટ્રાયબલ જિલ્લાના વિકાસલક્ષી કામો સમયસર થાય, કામની કવોલીટી સચવાય અને ફાળવેલ નાણા સમયસર વપરાય એના માટે આ મહેકમ ૪૦ ટકા જેટલું કોષ્ટકમાં ભરાયેલ નથી. વર્ગ–૧, ૨, ૩ ના મહેકમ મુજબ ખાલી જગ્યાઓ ભરવામાં આવી નથી. મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે કે ૧૦ વર્ષીય કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ અમે ભરીશું. મારે મંત્રીશ્રી પાસે આ ૧૦ વર્ષીય કેલેન્ડર મુજબ ભરતી કરવા માટે બનતી ત્વરાએ જવાબ આપ્યો છે. આ બનતી ત્વરાનો સભાગૃહને ડીટેઇલમાં જવાબ આપે. બીજો પ્રશ્ન છે કે ઝાલોદ તાલુકો મારા મત વિસ્તારનો છે, તેના પ્રાંત અધિકારી જેવી જગ્યા છેલ્લાં બે–ત્રણ વર્ષથી કાયમી ભરી નથી. હાલમાં પણ ઝાલોદ તાલુકાના પ્રાંત અધિકારી ૩–૩ તાલુકાનો ચાર્જ સંભાળે છે.

અધ્યક્ષશ્રી : પ્રાંતની જગ્યા પંચાયતમાં નહિ આવે.

શ્રી મિતેશભાઇ ક. ગરાસિયા : દાહોદ જિલ્લામાં આવશે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન પંચાયતનો છે.

શ્રી મિતેશભાઇ ક. ગરાસિયા : જી સાહેબ. તો આ જગ્યા પ્રાંત જેવા અધિકારીની *(×××) જેવી પરિસ્થિતિ થાય છે.

અધ્યક્ષશ્રી : *(×××)શબ્દ હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું. પ્રશ્ન પૂછવામાં ૩ મિનિટ થઇ છે.

શ્રી મિતેશભાઇ ક. ગરાસિયા : આ દાહોદ જિલ્લા પંચાયતની હાલમાં ચૂંટણી થઇ. દાહોદ જિલ્લા પંચાયત ગુજરાતની જનતા જાણે છે.

અધ્યક્ષશ્રી : આપને પ્રશ્ન પૂછવો છે? તો હું આગળ વધુ છું.

શ્રી મિતેશભાઇ ક. ગરાસિયા : ૪૦ ટકા જેટલી ભરાઇ નથી. તો આદિવાસી વિસ્તારમાં વિકાસલક્ષી કામ કેવી રીતે થશે? આ જગ્યા ક્યારે ભરવા માગો છો તેનો જવાબ આપો?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : સભ્યશ્રીએ ચિંતા કરેલ છે. રાજ્ય સરકારે આગોતરું આયોજન કર્યુ છે. આજે મારા જવાબમાં કહ્યું કે ૩ વર્ષની એકી સાથે જગ્યા ભરવાની છે રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ મંજૂરી આપી છે. સભ્યશ્રી અત્યારે ચિંતા કરી રહ્યા છે. જ્યારે રાજ્ય સરકારે અગાઉથી ચિંતા કરીને આયોજન કરી લીધેલ છે. એ જિલ્લાની અંદર ૫૪૫ જગ્યા છેલ્લાં બે વર્ષમાં ભરવામાં આવી છે. સભ્યશ્રીની ચિંતા છે. હું માનું છું કે જેમ બને તેમ જલ્દીથી જગ્યા ભરવામાં આવશે. અમારો આશય છે કે ગામડાંને દિશા

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

મળે અને ગામડાંનો વિકાસ થાય. અમારો રાજ્ય સરકારનો આશય છે કે જિલ્લા પંચાયતનું માળખુ સારી રીતે કામ કરતું થાય તો ગામનો વિકાસ થાય.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે દાહોદ જિલ્લો એ મધ્યપ્રદેશ અને રાજસ્થાનની બૅાર્ડર ઉપર આવેલ છે. ૯૦ ટકા ટ્રાયબલ વસતિ હોવાના કારણે દાહોદ જિલ્લા પંચાયત હસ્તક આવેલી જિલ્લા પંચાયતમાં ડેપ્યુટી ડી.ડી.ઓ.ની જગ્યા કેટલા સમયથી ખાલી છે? અને ભરવા માગો છો કે કેમ? અને કેટલા સમયમાં ભરવા માગો છો? બીજો પ્રશ્ન ગરબાડા તાલુકો, ધાનપુર, લીમખેડા અને સંજેલી તાલુકામાં એ જગ્યા ખાલી કરાર આધારિત ચાલે છે તો તાલુકા વિકાસ અધિકારીશ્રીની જગ્યા ક્યારે ભરવા માગો છો અને કેટલા સમયમાં ભરવા માગો છો?

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : ડેપ્યુટી ડી.ડી.ઓ. ની જગ્યા બે છે. એમાંની એક ભરાયેલ છે. બીજી સભ્યશ્રીની ચિંતા ટી.ડી.ઓ. માટેની છે. જેમાં ૧૦૫ જગ્યા ભરવા માટે જી.પી.એસ.સી. ને ઘણા સમયથી આપેલ છે. અમે ચિંતા કરી છે કે વહેલામાં વહેલી તકે જી.પી.એસ.સી. ભરતી કરીને જિલ્લા પંચાયતને આપે અને ત્યારપછી જિલ્લા પંચાયતના આધારે તાલુકા પંચાયતમાં કયાંય તકલીફ ન પડે. તાલુકા પંચાયતમાં કામ કરતા સિનિયર અધિકારીઓને ટી.ડી.ઓ.નો ચાર્જ આપી એની પાસેથી કામગીરી લઇએ છીએ. ઘણી જગ્યાએ નાયબ ટી.ડી.ઓ. સારી રીતે કામગીરી કરી રહ્યા છે. સભ્યશ્રીની ચિંતા છે. વહેલામાં વહેલી તકે ભરતી કરવાનો પ્રયત્ન કરીશું.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : કોઇ રાજકીય અવલોકન નથી કરતો. આપણા સૌની ચિંતા હોવી જોઇએ. આદિવાસી વિસ્તારની વાત છે. વર્ગ–૪ માં માત્ર ૧૬ ટકા જગ્યા ભરાયેલી છે. તેમાં કોઇ મુશ્કેલી ન હોઇ શકે અને ભરવા માગીએ તો ઉમેદવારો મળી જ જાય. વર્ગ–૨ માં ૩૦ ટકા ખાલી છે. ઓવરઓલ એક વર્ષ કરતા વધારે સમયથી ખાલી છે. ટોટલ ૧૭૫૦ જગ્યાઓ એક વર્ષ કરતા વધારે સમયથી ખાલી છે. ૨૨ વર્ષથી આપ સત્તામાં છો. ભૂતકાળમાં કોઇ ૧૦ ટકા કે ૨૦ ટકા ભરતી કાપ મૂક્યો હોય તો ૨૨ વર્ષ સુધી આ પરિસ્થિતિ ન રહે. આપે ભરતી કાપ ઉઠાવવો જોઇએ. હું એટલું જ જાણવા માગું છું કે આદિવાસી વિસ્તારોને પ્રાધાન્ય આપવું જોઇએ. આપના ભરતી કેલેન્ડરના આંકડાઓ હું બરાબર જોઇ ગયો છું. નિવૃત્તિ થાય અને ભરતી કેલેન્ડરમાં ૧૦ વર્ષે કોઇ ફેર નહિ પડે. મને એટલો આંકડો આપો કે ભરતી કેલેન્ડર મુજબ આ ૩ વર્ષમાં આમાં કેટલી જગ્યાઓ ભરી શકશો?

શ્રી જયંતિભાઇ કવાડીયાઃ માનનીય અધ્યક્ષશ્રી, ભરતી કેલેન્ડર મુજબની સભ્યશ્રીએ વાત કરી, તેમાં કલાસ–૪ની અંદર ૩૦૩ જગ્યાઓ કરાર આધારિત ભરાયેલી છે. જે ડ્રાઇવરો છે તથા જિલ્લા પંચાયતની અન્ય કામગીરીમાં કયાંય તકલીફ પડે તથા આ આદિવાસી જિલ્લો છે તેથી આદિવાસીઓની ચિંતા આ રાજ્ય સરકાર કરી રહી છે. તેથી હું સો ટકા કહું છું કે આવા જિલ્લાઓની અંદર અમે ટી.ડી.ઓ.ને બોલાવીને કહીએ છીએ કે કામગીરીમાં તકલીફ ન પડવી જોઇએ માટે તમે પરમેનન્ટ જગ્યા ભરી લો. સભ્યશ્રીનો બીજો પ્રશ્ન છે કે કેલેન્ડર વર્ષ જે બનાવ્યું છે તેમાં મેં પહેલાં પણ કહ્યું કે રાજયના મુખ્યમંત્રીએ એકસાથે ત્રણ વર્ષની ભરતી કરવાની તમામ વિભાગોને છૂટ આપી છે. આ ચિંતા કરી રહ્યા છે તેમાં આગામી ત્રણ વર્ષની ૮૦૮૨ જગ્યાઓ જિલ્લા પંચાયતની આખા ગુજરાતમાં ભરવાની થશે.

કુટીર જ્યોતિ યોજના હેઠળ દાહોદ જિલ્લામાં ઘર વપરાશના વીજ જોડાણો

* ૨૩૦૭૮ શ્રી વિંછીયાભાઇ ભુરીયા (લીમખેડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કુટિર જ્યોતિ યોજના હેઠળ દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવામાં આવ્યા ? | "કુટિર જ્યોતિ યોજના" હેઠળ દાહોદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૭૩૪૩ લાભાર્થીઓને ગૃહ વપરાશના વીજ જોડાણો આપવામાં આવ્યાં. |

શ્રી વિંછિયાભાઇ જો. ભૂરિયા : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લાની અંદર ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કુટિર જ્યોતિ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા વીજ કનેકશન આપવામાં આવ્યા અને તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષના આંકડા માનનીય સભ્યશ્રીએ માગ્યા છે તો વર્ષ ૨૦૧૪માં દાહોદ તાલુકામાં ૧૪૪૦ કનેકશન અને તેની પાછળ ૮૬ લાખ ૧૯ હજારનો ખર્ચ, લીમખેડા તાલુકામાં ૬૬૯ કનેકશન અને તેની પાછળ ૨૨ લાખ ૩૬ હજારનો ખર્ચ, ઝાલોદ તાલુકામાં ૮૭૨ કનેકશન અને તેની પાછળ ૩૦ લાખ ૫૨ હજારનો ખર્ચ, ફતેપુરા તાલુકામાં ૧૦૫ કનેકશન અને તેની પાછળ ૦૩ લાખ ૬૮ હજારનો ખર્ચ, ગરબાડા તાલુકામાં ૧૦૨૩ કનેકશન અને તેની પાછળ ૩૫ લાખ ૮૧ હજારનો ખર્ચ, ધાનપુર તાલુકામાં ૯૫ કનેકશન અને તેની પાછળ ૦૩ લાખ ૩૩ હજારનો ખર્ચ, દેવગઢબારીયા તાલુકામાં ૧૭૦ કનેકશન અને તેની પાછળ ૧૮ લાખ ૫૦ હજારનો ખર્ચ થયેલ છે. આ જ રીતે ૨૦૧૫ના વર્ષમાં દાહોદ તાલુકામાં ૩૬૮ કનેકશન અને તેની પાછળ ૧૨ લાખ ૮૮ હજારનો ખર્ચ, લીમખેડા તાલુકામાં ૭૫૦ કનેકશન અને તેની પાછળ ૨૬ લાખ ૨૫ હજારનો ખર્ચ, ઝાલોદ તાલુકામાં ૪૩૯ કનેકશન અને તેની પાછળ ૧૫ લાખ ૩૮ હજારનો ખર્ચ, ગરબાડા તાલુકામાં ૪૫૬ કનેકશન અને તેની પાછળ ૧૫ લાખ ૯૬ હજારનો ખર્ચ, ધાનપુર તાલુકામાં ૫૫૫ કનેકશન અને તેની પાછળ ૧૯ લાખ ૪૪ હજારનો ખર્ચ, દેવગઢબારીયા તાલુકામાં ૪૨૪ કનેકશન અને તેની પાછળ ૧૪ લાખ ૮૪ હજારનો ખર્ચ થયેલ છે. બે

વર્ષમાં ૪૩૫૧ કનેકશન પાછળ ૨૦૦ કરોડનો ખર્ચ થયેલ છે. જયારે ૨૦૧૫ના વર્ષમાં ૨૦૯૨ કનેકશન પાછળ ૧૦૭ લાખ ૭૧ હજારનો ખર્ચ થયેલ છે.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે કુટિર જયોતિ યોજનાના લાભાર્થીઓને શું લાભ આપવામાં આવે છે?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કુટિર જયોતિ યોજનામાં રાજયના આદિવાસી ક્ષેત્રમાં વસતા ગરીબ લોકોને વિનામૂલ્યે ઘરવપરાશના વીજ જોડાણ પૂરા પાડવામાં આવે છે. આની અંદર ૧ પોઇન્ટના વાયરીંગ સાથે મીટર, એક એલઇડી બલ્બ લગાવવામાં આવે છે અને તેની પાછળ કોઇપણ ચાર્જ લેવામાં આવતો નથી.

શ્રી અનિલભાઇ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, આપણે છેલ્લા બાર વર્ષથી એમ કહીએ છીએ કે ચોવીસ કલાક થ્રી ફેઇઝ લાઇટ આપીએ છીએ. છેલ્લા બે વર્ષની અંદર ૭૩૪૩ કનેકશન આપ્યા તેનો અર્થ એ થયો કે આ વિસ્તારોમાં લાઇટ નથી મળતી. તમે ભલે જાહેરાત કરી હોય. મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, હજુ કેટલા કનેકશનો આપવાના બાકી છે?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કુટિર જયોતિ યોજના નીચેના કોઇપણ કનેકશનો અમારી પાસે પેન્ડીંગ નથી. ૫૮ પેટાપરામાં ચાલુ વર્ષે કનેકશન આપવામાં આવ્યા છે. આપના ધ્યાનમાં કોઇ પેટાપરાના કનેકશન હોય તો ધ્યાન પર મૂકજો તેની અમે કાર્યવાહી કરીશું.

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ગુજરાતના આદરણીય મુખ્ય મંત્રીશ્રીએ છેવાડાના માનવીની ચિંતા કરીને સુંદર યોજના મૂકી છે. કુટિર જ્યોતિ યોજના હેઠળ આપવામાં આવેલ વીજ કનેકશનો ઉપર વીજળી બિલ આવે છે એમાં વીજળી બિલના ટેરિફ એવું એક કોલમ હોય છે તો વીજળી બિલના ટેરિફ એટલે શું એ જાણવા માગુ છું.

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર છેવાડાના ગરીબ માણસોની ચિંતા કરે છે અને એટલા માટે જનરલ ટેરિફ રેટ કરતા એને ૩૦ યુનિટ સુધીનો જે વપરાશ થાય ત્યાં સુધી માત્ર ૧.૫૦ રૂપિયાનો ચાર્જ છે અને ૩૦ યુનિટથી વધારે વપરાશ કરે તો રેગ્યુલર ચાર્જમાં આવે છે એને ફિક્સ ચાર્જના પ્રતિ મહિને ૫–૦૦ રૂપિયા અને બીજા બધા ભાવ એના રુટિન પ્રમાણે હોય છે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, કુટિર જયોત યોજનાનો લગભગ બી.પી.એલ. લાભાર્થીઓ ઉપયોગ કરે છે. દાહોદ જિલ્લામાં ૧૪૪૦ લાભાર્થી હતા, પ્રશ્ન એ છે કે એક વાર આપણે મીટર વગેરે બધા સાધનો લગાવી દઇએ અને એકવાર આપણે બધી સર્વિસ આપી દઇએ છીએ પણ પછી એક બે મહિનામાં કે પાંચ–છ મહિનામાં આપણા મીટરો નીકળી જાય છે અને કોઇને ૫ હજાર, ૬ હજાર બિલ આવે છે તો કોઇને ૧૦ હજાર કે ૧૫ હજાર સુધીનું પણ બિલ આવે છે તો આ બી.પી.એલ. પરિવારો છે તેઓ આ બિલ ભરી શકતા નથી. તો મારો પશ્ન એ છે કે, આ દાહોદ જિલ્લામાં એક વાર મીટર લાગી ગયા પછી પાછા કેટલા મીટર કનેકશનો નીકળી ગયા છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે ચિંતા કરી છે એ પ્રકારની કોઇ ફરિયાદો હશે અથવા અમારી પાસે આવી કોઇ ફરિયાદો આવશે તો અમે ચોક્કસ એમાં યોગ્ય કાર્યવાહી કરીશું. પણ અત્યારે આવા મીટરમાં કોઇને ૫ હજાર કે ૧૦ હજારના બિલ આવ્યા હોય એવી કોઇ ફરિયાદ અમારી પાસે આવેલ નથી. છતાં આપની પાસે કોઇ ફરિયાદ હોય તો અમને આપો એટલે અમે તપાસ કરાવીશું.

નવસારી જિલ્લામાં ખનિજની ચોરી રોકવા ફલાઇંગ સ્કોર્ડના દરોડા

* ૨૪૬૯૧ શ્રી છનાભાઈ ચૌધરી (વાંસદા) : માનનીય ખાણ અને ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં ગાંધીનગરની ફલાઇંગ સ્કોર્ડ દ્વારા ખનિજની ચોરી અન્વયે કેટલા દરોડા પાડવામાં આવ્યા, અને | (૧) ૦૧. |
| (૨) તે અન્વયે કેટલી રકમની ખનિજ ચોરી પકડાઈ તથા તે અન્વયે સરકારે શા પગલા લીધા ? | (૨) ખનિજચોરી પકડાયેલ ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નમાં ફ્લાઇંગ સ્ક્વોડે એક દરોડો પાડ્યો છે એમાં કોઇ ખનિજ ચોરી પકડાયેલ નથી એવું જણાવેલ છે. અમારા નવસારી જિલ્લામાં ઓવરલોડ ટ્રકો દ્વારા પુસ્કળ રેતીની ચોરી થાય છે તો આવી ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલી ઓવરલોડ ટ્રકો પકડાઇ, અને એની પાસેથી કેટલો દંડ વસૂલ લેવામાં આવ્યો છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય છનાભાઇનો જે પ્રશ્ન છે એ બહુ સ્પષ્ટ છે કે, ગાંધીનગર ફ્લાઇંગ સ્ક્વોડ દ્વારા ખનિજની ચોરી અંગે કેટલા દરોડા પાડવામાં આવ્યા? એની માહિતી મારી પાસે છે એ પ્રમાણે એક જગ્યાએ તપાસ કરવામાં આવી એમાં કોઇ ખનિજ ચોરી પકડાઇ નથી એવી માહિતી છે. આપે જે પ્રશ્ન પૂછ્યો એ ઓવરલોડ ટ્રકોનો પ્રશ્ન છે. ફ્લાઇંગ સ્કવોડે જે તપાસ કરી એ લિઝ ઉપર સાઇટ ઉપર તપાસ કરી એના માપ સાઇઝ વગેરેની, એની પરમિટ વગેરેની તપાસ કરી અને એમાં કોઇ ગેરરીતિ માલૂમ પડેલ નથી.

## તા. ૧૧મી માર્ચ, ૨૦૧૬
## તારાંકિત પ્રશ્નો

શ્રી પીયૂષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, નવસારી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ગેરકાયદેસર ખનિજ ચોરીના કેટલા કેસો પકડવામાં આવેલ છે, અને એમાંથી સરકારે કેટલી રકમની વસૂલાત કરેલ છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખનિજ એ રાજયની આવકનું એક મોટું પાસુ છે. ખનિજની આવક જળવાઇ રહે, વધારો થાય એ માટે સરકારનો સતત પ્રયત્ન છે અને જ્યાં જ્યાં પણ કોઇ ફરિયાદો આવે તો જુદી જુદી કક્ષાએ એની તપાસ કરવામાં આવે છે. નવસારી જિલ્લામાં પણ જ્યાં જ્યાં ફરિયાદો આવી અને અમે ડિપાર્ટમેન્ટે જાતે સામેથી પણ તપાસ કરી એમાં ૨૦૧૪માં માનનીય પિયુષભાઇએ જે પ્રશ્ન પૂછ્યો એ પ્રમાણે ૨૪૧ કેસમાં ગેરરીતિ માલૂમ પડી છે અને ૫૫ .૬૭ લાખની વસૂલાત કરી છે અને વર્ષ ૨૦૧૫માં ૧૩૬ જગ્યાએ તપાસ કરી અને ૩૮.૬૩ લાખ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ હમણાં એમ કહ્યું કે, માત્ર એક જ મુદાનો પ્રશ્ન છે. પિયુષભાઇએ પૂછ્યું તો આપે સમગ્ર માહિતી આપી. માનનીય છનાભાઇને મેં હમણાં પૂછ્યું કે તમારો પ્રશ્ન શું છે? તો વાસ્તવિકતા એવી છે અને એમની લાગણી છે કે, ત્યાં આગળ જે ચોરી થાય છે અને રોજે રોજ ઓવરલોડ ટ્રકો પકડાય છે એ વિશે જો સરકાર માહિતી આપે તો પ્રશ્ન પૂછનારને એમ થાય કે અમને સાચી માહિતી મળી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું ફરીથી સ્પષ્ટતા કરુ કે, છનાભાઇએ લીઝ ઉપરનો, સાઇટ ઉપરનો કોઇ પ્રશ્ન નથી પૂછયો તેમણે ઓવર લોડ બાબતનો પ્રશ્ન પૂછયો બલવંતસિંહ આપણે બધા જાણીએ છીએ સમજી લો કે સાબરમતી નદીની અંદર કોઇને રેતી માટે લીઝ આપી છે કે આપણે કોઇને કપચી માટેની જગ્યા ફાળવી છે તો એ વિસ્તારમાં ખોદકામ કરીને જે ભરી જાય તે વિસ્તારની આપણે તપાસ કરીએ. સમજી લો કે ૧૨ ટનના બદલે ૧૫ ટન ડમ્પરમાં ભરીને લઇ જાય છે તો એ ઓવરલોડ થાય અને ઓવરલોડનો કેસ પણ થાય અને એવા તો આખા રાજયની અંદર છેલ્લા ઘણાં સમયથી રાજય સરકારે અને અમારા વાહન-વ્યવહાર વિભાગે જે મોટી ઝૂંબેશ ઉપાડી છે તેના કારણે ટ્રકો મારફતે કોઇ પણ પ્રકારની ખનિજો હોય પછી રેતી હોય, કપચી હોય, મોરમ હોય કે ઓવરલોડ મારફતે જે ચોરીઓ કરવામાં આવે છે તેની ઉપર અલગથી કાર્યવાહી કરવામાં આવે છે. રાજય સરકાર તરફથી એવી સૂચનાઓ છે કે કલેકટરો અઠવાડિયુ, દસ દિવસ, પંદર દિવસ તે ડમ્પરને મૂકાવી દે છે, એને નોનયૂઝ કરાવી દે છે, તેની પરમિટ રદ કરે છે આ પ્રકારની કડક અને સખત કાર્યવાહી પણ કરવામાં આવે છે. પીયુષભાઇએ જે પ્રશ્ન પૂછયો તે તપાસનો છે અને તેના ઉપર કેટલી કાર્યવાહી થઇ તેની મેં માહિતી આપી છે. બલવંતભાઇ હું આપને઼ અને એમનો બન્નેનો આભાર માનુ છું સરકાર વતી કે સરકારની આવક જળવાય રહે, વધારો થાય, કે઼ાઇ ગેરરીતિ, ચોરી ના થાય એવા પ્રશ્નો આપ પૂછો છો, અમે પણ એમાં સતર્ક છીએ. ઓવરલોડ ડમ્પરો બાબતમાં તેમની ચિંતા હોય તો ડિપાર્ટમેન્ટને અને વાહન-વ્યવહાર વિભાગને, આર.ટી.ઓ.ને સૂચના આપી અમે તેનું વધારે સઘન ચેકીંગ કરાવીશું.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, નવસારી જિલ્લામાં છેલ્લા ૨ વર્ષમાં વર્ષવાર ખનિજ ચોરીની કેટલી ફરિયાદો મળી ? અને તેની ઉપર શું કાર્યવાહી કરવામાં આવી ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જુદા જુદા પ્રકારની ફરિયાદો જિલ્લા કક્ષાએ પણ મળે છે, રાજય કક્ષાએ ફલાઇંગ સ્કોર્ડને પણ આ પ્રકારની ફરિયાદો મળે છે. ફલાઇંગ સ્કોર્ડ પોતે પણ અહીંયા સિનિયર અધિકારીઓની સીધી સૂચનાથી સ્થળ તપાસ પણ કરે છે જેથી ક્રોસ ચેકીંગ થાય કે જિલ્લાનું વહીવટી તંત્ર જિલ્લા કક્ષાના અધિકારીઓના ધ્યાન બહાર કોઇ કામ થતું હોય તો બારોબાર પણ આપણે ચેકીંગ કરાવીએ છીએ. કેટલીક ફરિયાદો એવી મળે છે કે ફલાઇંગ સ્કોર્ડ જીલ્લા કક્ષાને મોકલી આપે છે સૂચના સાથે ખાસ સ્થળ ઉપર તપાસ કરી અને તમે અમને વિગત આપો. ખોટું થતું હોય તો દંડ કરો, વીજ કેન્સલ કરો આમ જુદા જુદા પ્રકારની આપણે કાર્યવાહી કરીએ છીએ. જેમાં દંડ પણ કરવામાં આવે છે જે ખોદકામમાં મશીનરીથી ગેરકાયદેસર ખોદકામ થતું હોય તો એ મશીનરી પણ જપ્ત કરવામાં આવે છે. સાથે સાથે લીઝ અથવા પરમિટ તેને ટેમ્પરરી અથવા લાંબા સમય સુધી બંધ કરવાનો પણ આદેશ કરવામાં આવે છે. આમ વિવિધ રીતે સઘન પગલા લઇ ખનિજની આવક રાજયની રોયલ્ટી રૂપે જે મળતી હોય તે જળવાઇ રહે અને તેમાં વધારો થાય અને કોઇ ખોટી રીતે ગેરરીતિથી રોયલ્ટીની ચોરી ના કરે તેના માટે અમે સક્રિય છીએ.

### બનાસકાંઠા જિલ્લામાં વ્યક્તિગત શૌચાલય

* ૨૩૧૨૭ શ્રી કેશાજી ચૌહાણ (દિયોદર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ. અને એ.પી.એલ. કુંટુંબો માટે કેટલા વ્યક્તિગત શૌચાલય પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ. અને એ.પી.એલ. કુંટુંબો માટે નીચે જણાવ્યા મુજબ વ્યક્તિગત શૌચાલય પૂર્ણ કરવામાં આવ્યા.

(સંખ્યા)

| વર્ષ (કેલેન્ડર) | બીપીએલ કુટુંબો | એપીએલ કુટુંબો | કુલ કુટુંબો |
|---|---|---|---|
| ૨૦૧૪ | ૧૧૫૨ | ૮૮૪૩ | ૯૯૯૫ |
| ૨૦૧૫ | ૭૭૪૪ | ૩૪૨૩૮ | ૪૧૯૮૨ |
| કુલ | ૮૮૯૬ | ૪૩૦૮૧ | ૫૧૯૭૭ |

(૨) તેની પાછળ રૂપિયા ૧૩૩૫.૬૦ લાખનો ખર્ચ કરવામાં

આવ્યો.

(રૂ. લાખમાં)

| વર્ષ (કેલેન્ડર) | બીપીએલ કુટુંબો | એપીએલ કુટુંબો | કુલ ખર્ચ |
|---|---|---|---|
| ૨૦૧૪ | ૪૪.૮૩ | ૩૫૩.૩૮ | ૩૯૮.૨૧ |
| ૨૦૧૫ | ૧૧૧.૦૯ | ૮૨૬.૩૦ | ૯૩૭.૩૯ |
| કુલ | ૧૫૫.૯૨ | ૧૧૭૯.૬૮ | ૧૩૩૫.૬૦ |

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા બે વર્ષમાં લગભગ ૫૨ હજાર જેટલાં વ્યકિતગત શૈ ાચાલયો પૂર્ણ કરવા બદલ રાજયના મુખ્યમંત્રીશ્રી અને પંચાયત મંત્રીશ્રીને અભિનંદન આપુ છું અને જાણવા માગુ છું કે, દિયોદર અને વડગામ તાલુકામાં કયા કયા ગામોમાં સો ટકા શૌચાલયો પૂર્ણ થયેલ છે.

શ્રી જયંતિભાઇ રા. કવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, દિયોદર તાલુકામાં ચાર ગામ છે લીલાધર, શણાદર, વાતમનવા અને જસાલી. વડાગામમાં દસ ગામ છે કબીરપુરા, ધારેવાડા, હસનપુર, તીથલામપુરા, ભાખરોડીયા, મહંમદપુરા, જૂની નગરી, નવી નગરી, ભોખલા અને સકલાણા.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે, છેલ્લા બે વર્ષમાં જે શૌચાલયો બનાવ્યા છે એમાં બી.પી.એલ. કેટલા છે અને એ.પી.એલ. કેટલા છે અને સહાયના ધોરણો શું છે? ૪૬૦૦ રૂપિયાની સહાયના કેટલા છે અને ૮૦૦૦ અને ૧૨૦૦૦ રૂપિયાની સહાયના કેટલા છે?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, બી.પી.એલ. ૮૮૯૬ અને એ.પી.એલ. ૪૩૦૮૧ છે. આની અંદર છેલ્લા બે વર્ષમાં બે – ત્રણ વખત જુદા જુદા વિષયોમાં મૂળ યોજનામાં ફેરફારો આવ્યા છે આજે માનનીય સભ્યશ્રી સહાયનો અલગ આંકડો માગી રહ્યા છે કે, ૪૬૦૦માં કેટલા, ૩૪૦૦માં કેટલા, ૫૪૦૦માં કેટલા અને ૧૨૦૦૦માં કેટલા, એ હું માનનીય સભ્યશ્રીને ચોક્કસ આંકડો આપી દઇશ.

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સર્વ પ્રથમ તો હું રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રીને અભિનંદન આપવા માગું છું કે, મારે ત્યાં, મારા જિલ્લામાં મોટા ભાગની વસતિ ખેતરોમાં રહે છે. અમે બધા જ આગેવાનોએ રજૂઆત કરી હતી કે ખેતરોમાં શૌચાલયો નથી તો એ કરવામાં આવે તો ખેતરોમાં જે વસવાટ કરતા લોકોને પણ આ સહાય મળે અને તો જ સો ટકા શૌચાલયો થાય અને એના માટે આ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ મંજૂરી આપી છે, ત્યારે એમને અને વિભાગને હું અભિનંદન આપું છું.

માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા હું એ જાણવા માગું  છું કે, અત્યાર સુધી આનો એક શોષખાડો કરવામાં આવતો હતો, પણ હવે બે કરવાના છે, તો જયારે બે કરવાના છે ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી આ સન્માનનીય સભાગૃહ મારફત સમગ્ર પ્રજાજનો જાણે એટલા માટે કહું છું કે, એક શોષખાડો હતો ત્યારે એની ઉંડાઇ કેટલી હતી અને બે શોષખાડા કરવાના છે તો એની ઉંડાઇ કેટલી છે અને એની જો માહિતી હોય તો એ પણ જાણવા માગું છું કે, ચાર વર્ષમાં જિલ્લામાં કેટલાં શૌચાલયો કર્યાં?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, શોષખાડાના નોર્મ્સ નકકી કરેલા જ છે, ચાર ફૂટ કે પાંચ ફૂટ શોષખાડો કરીએ છીએ પણ માનનીય સભ્યશ્રીએ પૂછ્યું કે, બીજો શોષખાડો કરવા માટેનું કારણ શું છે? તો જણાવું કે, ભારત સરકારની અંદર એક એવું નક્કી થયું, સમગ્ર ભારતની અંદર કે, દરેક જગ્યાએ બે શોષખાડા કરવાનું કારણ એક જ છે કે, એક શોષખાડો ભરાઇ જાય ત્યાર પછી એ શોષખાડો ખાલી કરવા માટે કયાંયને કયાંય એ બંધ ન રાખવું પડે અને એની ક્ષમતા વધે અને બાજુનો પાણીનો ભાગ છે એ બાજુના શોષખાડામાં રહે અને ગંદકી ના થાય, આ જ રાજય સરકારનો અને ભારત સરકારનો ઉદ્દેશ છે. આ સન્માનનીય સભાગૃહને મને જણાવતાં આનંદ થશે કે, ૨૦૧૨–૧૩ની અંદર ૫૭૭૩ શૌચાલયો આ જિલ્લામાં બનાવ્યા હતા. ૨૦૧૩–૧૪ની અંદર ૭૭૫૭ શૌચાલયો આ જિલ્લામાં બનાવ્યા હતા. રાજયના પ્રથમ મહિલા મુખ્ય મંત્રીશ્રી જયારે ગામડાંની મારી બહેનો, મારી માતાઓ, મારી દીકરીઓને શૌચાલય વગર કેટલી મુશ્કેલી પડે છે, એક મહિલા મુખ્ય મંત્રીશ્રી તરીકે જાણતા હતા અને ગતિશીલ ગુજરાતના માધ્યમથી આ સન્માનનીય સભાગૃહનું હું ધ્યાન દોરવા માગું છું કે, ૨૦૧૪–૧૫માં ૨૦૧૮૮ શૌચાલયો બનાવ્યાં, ૨૦૧૫–૧૬માં ૪૩૧૫૯ શૌચાલયો બનાવ્યાં, આ ગતિશીલ ગુજરાતના આજે આ વિષયની અંદર હું આપને કહી રહ્યો છું.

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠામાં કુલ બી.પી.એલ. કેટલા અને એ.પી.એલ. કેટલા છે?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ તો શૌચાલયનો પ્રશ્ન છે, પણ એને બી.પી.એલ.નો આંકડો જોઇતો હોય તો આખા જિલ્લાનો આંકડો આપી દઇશ.

## તા. ૧૧મી માર્ચ, ૨૦૧૬
## અતારાંકિત પ્રશ્નો

ડાંગ જિલ્લામાં પ્રવાસન ધામ ડોન ઉજવણીનો ખર્ચ

* ૨૪૨૪૩ શ્રી મંગળભાઈ ગાવિત (ડાંગ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં આવેલ પ્રવાસન ધામ ડોન ઉજવણીમાં કેટલો ખર્ચ થયો ? | તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં આવેલ પ્રવાસન ધામ ડોન મહોત્સવની ઉજવણીમાં રૂપિયા ૭,૯૯,૩૨૫ નો ખર્ચ કરવામાં આવેલ છે. |

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ડાંગ જિલ્લામાં આવેલ પ્રવાસન ધામ ડોન એની ઉજવણી માટે કેટલો ખર્ચ થયો છે, તો એના જવાબમાં લખ્યું છે કે ૭ લાખ ૯૯ હજાર ૩૨૫ રૂપિયા થયો છે. આ ડાંગ જિલ્લાનું પ્રવાસન ધામ ડોન એના વિકાસ માટે ગયા વર્ષે બજેટમાં કલેકટરશ્રી જોડે વાત કરતાં ૪ કરોડ રૂપિયાની માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે એવી જાણકારી આપવામાં આવી હતી. તો આ ચાર કરોડ પૈકી અત્યારે એક વર્ષ થયું છે હજી માત્ર તમે ૭ લાખ રૂપિયા જ વાપર્યા છે તો એ ઉજવણી કરતાં કાયમી ધોરણે આ પ્રવાસન ધામને વિકસાવવા માગો છો કે કેમ? મારો બીજો પ્રશ્ન એ છે કે આજ જિલ્લામાં પ્રવાસન ધામ તરીકે ઓળખાતા ઐતિહાસિક સ્થળો અનેક આવેલા છે. એમાં ખાસ કરીને શબરીધામ, સીતાવન, માયા દેવી, કમલ ડુંગર વગેરે પ્રવાસન ધામો તરીકે વિકસાવવામાં આવે એ ખાસ જરૂરી છે. જેવી રીતે વાંસદા તાલુકામાં જાનકી વનનો વિકાસ કર્યો એ રીતે સીતા વન વાડીયા વન પાસે આવેલ છે એ વન વિકસાવવા માગો છો કે કેમ?

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : ડાંગ જિલ્લાની સભ્યશ્રીએ વાત કરી કે ડોનને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે ૪૦૦ લાખની ફાળવણી કરી છે. આવનાર દિવસોમાં એ વિકસાવવા માટેનું પ્લાનિંગ પણ છે અને જે આઠ લાખ રૂપિયા ડોન મહોત્સવ પાછળ પ્રવાસન વિભાગે આપ્યા છે એ ડોનની અંદર ડોન મહોત્સવનો કાર્યક્રમ થાય એમાં સ્થાનિક લોકોને રોજગારી મળે એ માટે આપેલ છે. એ સિવાય ઘણા એવા સ્થળો છે કે ડાંગ જિલ્લામાં ઘણા કામો પૂર્ણ થઇ ગયા હોય અને અમુક પ્રગતિ હેઠળ હોય અને અમુક કામો આવતા દિવસોમાં ડેવલપમેન્ટ કરવાનું આયોજન છે. ડાંગ જિલ્લામાં જે કામો પૂર્ણ કરેલ છે એમાં સાપુતારા ખાતે સનસેટ પોઇન્ટ ૬૧ લાખ રૂપિયા, સાપુતારામાં વિસામો ૭૦૧ લાખ રૂપિયા, પાંચ ટોઇલેટ બ્લોક ૧ કરોડ ૬૫ લાખ, બે એન્ટ્રી ગેઇટ એક મહારાષ્ટ્ર તરફથી અને એક આહવા તરફથી એના ૧૩૭ લાખ રૂપિયા, શબરી ધામ ૧૨૧૭ લાખ. હૈયાત લેકનું ડેવલપમેન્ટ ફેઇઝ ૧ માં ૪૪૨ લાખ આ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જે કામો પ્રગતિ હેઠળ છે એમાં સાપુતારા ખાતે સનરાઇટ પોઇન્ટ ૧૬૯૧ લાખ, રેકડી બજાર ૪૯૮.૩૯ લાખ, એરટાઇટ બંગલાનું બાંધકામ ૨૦૮.૪૩ લાખ, ડોરમેટરીનું બાધકામ ૫૨૩.૨૭ લાખ, પેરાગ્લાઇડીંગ એરિયાનું ડેવલપમેન્ટ જૈન ટેમ્પલ પાસે ૮૯ લાખ, આ કામો પ્રગતિ હેઠળ છે. અને આવનાર દિવસોમાં જેનું પ્લાનિંગ કરવાનું છે આહવા લેક અને ગીરીમાળા ફોલ ૫૦૦ લાખ, ડોન ગામ જે સભ્યશ્રીએ પૂછ્યું એના ૪૦૦ લાખ, સાપુતારા ખાતે ન્યુ મોલડોનના ૭૫ લાખ, સાપુતારા ખાતે હૈયાત લેકને ફરતે ડેવલપમેન્ટની કામગીરી ૨૦૦ લાખ, સાપુતારા ખાતે નવા લેકનું ડેવલપમેન્ટ ૧૦૦ લાખ, તેલાડમાં હાલમાં ૨૦ લાખ, ગીરાફોલ ૨૦ લાખ, પંપ સરોવર પાંચ લાખ આ કામો આવનાર દિવસોમાં આયોજન હેઠળ છે. ડાંગ જિલ્લો અને ખાસ કરીને એમાં સાપુતારા કે જયાં રાજય સરકારના પ્રવાસન વિભાગે ડોન મહોત્સવ કર્યો અને કાયમી ત્યાં ઉત્સવો કરી રહી છે એટલે જે સભ્યશ્રીની રજૂઆત છે એટલે આટલા બધા કામ પ્રવાસન વિભાગના પૂર્ણ કરેલા છે, પ્રગતિ હેઠળ છે અને આવનાર દિવસોમાં એનું આયોજન છે. જે કંઇ પ્રવાસનના સ્થળો હશે એ જિલ્લા પ્રવાસન સમિતિ હેઠળ દરેક કલેકટરશ્રીને દસ દસ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવીને એમાંથી ડેવલપમેન્ટ કરીએ છીએ. અને સીધી પ્રવાસન વિભાગમાંથી ગ્રાન્ટ આપીએ છીએ. આ એક ડાંગ જિલ્લામાં નહિ સમગ્ર રાજયમાં પ્રવાસન સ્થળોનો વિકાસ થાય એટલા માટે વધુમાં વધુ ગ્રાન્ટ આપીને આવા સ્થળોનો વિકાસ થાય એના માટે સરકાર અને પ્રવાસન વિભાગ કટિબદ્ધ છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : ડોન મહોત્સવ ૨૦૧૫ દરમિયાન કયા કયા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું અને એમાં કઇ કઇ એજન્સી દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું?

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

ભાવનગર જિલ્લામાં વ્યક્તિગત શૌચાલય બાંધકામ માટે વહીવટી મંજૂરી

* ૨૩૧૩૩ શ્રીમતી ભાવનાબેન મકવાણા (મહુવા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ કેટલા વ્યક્તિગત શૌચાલય બાંધકામ માટે વહીવટી મંજૂરી આપવામાં આવી, અને | (૧) ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ કુલઃ- ૨૯૯૩૧ વ્યક્તિગત શૌચાલય બાંધકામ માટે વહીવટી મંજૂરી આપવામાં આવી. |
| (૨) તે પૈકી કેટલા શૌચાલયનું કામ પૂર્ણ કરવામાં આવેલ | (૨) તે પૈકી કુલઃ- ૧૬૦૧૬ શૌચાલયનું કામ પૂર્ણ કરવામાં |

છે? | આવેલ છે.

ભાવનગર અને બોટાદ જિલ્લામાં રેતીની લીઝની પરમીટ

* ૨૩૪૨૪ શ્રી પ્રવિણભાઈ રાઠોડ (પાલીતાણા) : માનનીય ખાણ–ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર અને બોટાદ જિલ્લામાં તાલુકાવાર રેતીની લીઝની કેટલી પરમીટ આપવામાં આવી, | (૧) ભાવનગર જિલ્લામાં ગારીયાધાર તાલુકામાં ૦૧ અને બોટાદ જિલ્લામાં ગઢડા તાલુકામાં ૦૧ પરમીટ. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે વર્ષવાર કેટલા લીઝ હોલ્ડરો વિરૂધ્ધ કયા પ્રકારની ફરિયાદ મળેલ છે, અને | (૨) કોઈ ફરિયાદ મળેલ નથી. |
| (૩) તે અન્વયે આ લીઝ હોલ્ડરો સામે શા પગલાં લેવામાં આવેલ છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિતિ થતો નથી. |

આણંદ તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ બાંધકામની વહીવટી મંજૂરી

* ૨૩૦૬૮ શ્રી રોહિત પટેલ (આણંદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ આણંદ જિલ્લાના આણંદ તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું, | (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ આણંદ જિલ્લાના આણંદ તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં ૩૭ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યુ હતું. |
| (૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને | (૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ૩૭ આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી. |
| (૩) ઉક્ત વહીવટી મંજુરી પૈકી કેટલા આવાસ બાંધકામની મંજુરી મહિલાઓના નામે આપવામાં આવી છે? | (૩) ઉક્ત વહીવટી મંજૂરી પૈકી ૨૩ આવાસ બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે. |

રાજ્યમાં જિલ્લાઓમાં અલગ પેન્શન ચુકવણા કચેરી શરૂ કરવા

* ૨૩૧૦૩ શ્રી અરૂણસિંહ રણા (વાગરા) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં કયા જિલ્લાઓમાં અલગ પેન્શન ચુકવણા કચેરી શરૂ કરવામાં આવેલ છે ?

જવાબ

| નાણાંકીય વર્ષ | જિલ્લો |
|---|---|
| ૨૦૧૪–૧૫ | વડોદરા |
| ૨૦૧૫–૧૬ | રાજકોટ |

ભાવનગર જિલ્લામાં ડોર ટુ ડોર કલેકશન યોજનાનો અમલ

* ૨૩૧૩૧ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત ડોર ટુ ડોર કલેકશન યોજના કયા વર્ષથી અમલમાં આવી, અને | (૧) વર્ષ ૨૦૧૪–૧૫ થી અમલમાં આવેલ છે. |
| (૨) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં ૨,૦૦૧ થી ૫,૦૦૦ સુધીની વસતિ ધરાવતા કેટલા ગામોને આ ગ્રાન્ટ આ યોજના અંતર્ગત આપવામાં આવી ? | (૨) કુલ–૧૭૪ (એકસો ચુમ્મોતેર) ગામોને ગ્રાન્ટ આપવામાં આવેલ છે. |

દાહોદ જિલ્લામાં કુટીર જ્યોતિ યોજના હેઠળ ઘર વપરાશના વીજ જોડાણો

* ૨૩૧૧૩ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કુટિર જ્યોતિ યોજના હેઠળ દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવામાં આવ્યા? | '' કુટિર જ્યોતિ યોજના '' હેઠળ દાહોદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૭૩૪૩ લાભાર્થીઓને ગૃહ વપરાશના વીજ જોડાણો આપવામાં આવ્યાં. |

સુરત જિલ્લામાં નવા વીજ સબ સ્ટેશનો કાર્યાન્વિત

* ૨૩૧૧૧ શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા (કામરેજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કુલ કેટલા વીજ સબ સ્ટેશનો કાર્યરત છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સુરત જિલ્લામાં કુલ ૮૨ સબ સ્ટેશનો કાર્યરત છે. |
| (૨) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સુરત જિલ્લામાં | (૨) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સુરત જિલ્લામાં છેલ્લા |

## અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| છેલ્લા બે વર્ષમા કેટલા નવા વીજ સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું, | બે વર્ષમા વર્ષવાર એટલે કે વર્ષ ૨૦૧૪ દરમ્યાન ૫ (પાંચ) અને વર્ષ ૨૦૧૫ દરમ્યાન ૧૧ (અગિયાર) એમ કુલ ૧૬ (સોળ) નવીન વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું. |
| (૩) તે પૈકી કેટલા નવા વીજ સબ-સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને | (૩) તે પૈકી વર્ષ ૨૦૧૪ દરમ્યાન આયોજન કરાયેલ તમામે તમામ વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા અને વર્ષ ૨૦૧૫ દરમ્યાન ૬ (છ) નવીન વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા.<br>• બાકી રહેતા સબ-સ્ટેશનોના બાંધકામનું કાર્ય પ્રગતિ હેઠળ છે. જે માર્ચ ૨૦૧૬ સુધીમાં કાર્યાન્વિત કરાવાનો લક્ષ્યાંક નિશ્ચિત કરવામાં આવેલ છે. |
| (૪) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૪) વર્ષ ૨૦૧૪ માં રૂ. ૧૪૪૯૭.૧૮ લાખ અને વર્ષ ૨૦૧૫માં રૂ. ૪૦૨૯.૩૩ લાખ ખર્ચ થયેલ છે. |

### ખેડા જિલ્લામાં વાણિજિયક વેરાની આવક

* ૨૩૦૯૪ શ્રી કેસરીસિંહ સોલંકી(માતર) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં ખેડા જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજિયક વેરાની કેટલી આવક મળી, અને | (૧) રૂ. ૧૯૫.૯૫ કરોડ. |
| (૨) ખેડા જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫ (પાંચ) કોમોડીટીઓ કઈ છે? | (૨) (૧) બેવરેજીસ<br>(૨) તમાકુ અને તેની બનાવટો<br>(૩) ઓટો અને તેના ભાગો<br>(૪) ટીમ્બર<br>(૫) સીમેન્ટની બનાવટો. |

### તારાપુરની ગટર યોજનાનું કામ

* ૨૨૬૮૦ શ્રી પૂનમભાઈ પરમાર (સોજીત્રા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ તારાપુરની ગટર યોજનાનું કામ કયાં તબક્કે છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ તારાપુરની ગટર યોજનાનું કામ ૪૧ ટકા ભૌતિક કામગીરી થયેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ કયાં સુધીમાં આ કામ પૂર્ણ કરવાનું સરકારનું શું આયોજન છે ? | (૨) ભૂગર્ભ ગટરનું કામ છેલ્લા છ માસથી બંધ છે. ઈજારદારને કરાર મુકત કરવા તથા નવેસરથી ટેન્ડર બહાર પાડી કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે. |

### અમરેલી જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનાની આવાસ બાંધકામની વહીવટી મંજૂરી

* ૨૩૦૬૪ શ્રી હિરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યુ હતું, | (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં ૪૦૦ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યુ હતું. |
| (૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને | (૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ૪૦૦ આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી. |
| (૩) ઉકત વહીવટી મંજૂરી પૈકી તા.૩૧-૧૨-૧૫ અંતિત કેટલા આવાસ બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે? | (૩) ઉકત વહીવટી મંજૂરી પૈકી તા.૩૧-૧૨-૧૫ અંતિત ૭૪ આવાસ બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે. |

### ગાંધીનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં મકાનો બનાવવાની મંજૂરી

* ૨૪૪૧૭ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના અન્વયે કેટલા મકાનો બનાવવાની મંજુરી આપવામાં આવી, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના અન્વયે ૫૪૦ મકાનો બનાવવાની મંજુરી આપવામાં આવી. |

(૨) ઉકત સ્થિતિએ તે અન્વયે તાલુકાવાર કેટલા મકાનોનું કામ પૂર્ણ કરવામાં આવ્યું,

(૨) ઉકત સ્થિતિએ તે અન્વયે તાલુકાવાર નીચેની વિગતે ૧૫૯ મકાનોનું કામ પૂર્ણ કરવામાં આવ્યું.

| તાલુકાવાર પૂર્ણ આવાસો | | | | કુલ પૂર્ણ આવાસો |
|---|---|---|---|---|
| ગાંધીનગર | માણસા | કલોલ | દહેગામ | |

(૩) ઉકત સ્થિતિએ કેટલા મકાનોનું કામ અધુરું છે અને તેના કારણો શા છે, અને

(૩) ઉકત સ્થિતિએ તાલુકાવાર નીચેની વિગતે ૩૮૧ મકાનોનું કામ અધુરું છે

| તાલુકાવાર અધુરા આવાસો | | | | કુલ અધુરા આવાસો |
|---|---|---|---|---|
| ગાંધીનગર | માણસા | કલોલ | દહેગામ | |
| ૮૮ | ૯૭ | ૭૯ | ૧૧૭ | ૩૮૧ |

- મકાનોના કામ અધુરા રહેવાના કારણો:–
- લાભાર્થી જાતે આવાસનું બાંધકામ કરે છે.
- કેન્દ્ર સરકારની ગાઈડલાઈન મુજબ આ આવાસ બાંધકામ માટે ત્રણ વર્ષનો સમયગાળો મળે છે.

(૪) ઉકત સ્થિતિએ ઉકત યોજના અન્વયે લાભાર્થી દીઠ મકાન સહાય કેટલી ચૂકવવામાં આવે છે?

(૪) ઈન્દિરા આવાસ યોજના અન્વયે લાભાર્થી દીઠ કુલ મકાન સહાય રૂ. ૭૦,૦૦૦/– ચુકવવામાં આવે છે.

### સરકારી કેલેન્ડર્સ ડાયરીઓ છાપકામનો ખર્ચ

* ૨૩૩૮૧ શ્રી મહમદજાવીદ પીરજાદા (વાંકાનેર) : માનનીય છાપકામ લેખન સામગ્રી મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) રાજ્ય સરકારે સને ૨૦૧૪, સને ૨૦૧૫માં કેટલા નંગ સરકારી કેલેન્ડર્સ તથા ડાયરીઓ સરકારી પ્રેસમાં છપાવી અને તેનો કુલ ખર્ચ કેટલો થયો,

(૧)

| વર્ષ | સરકારી કેલેન્ડર્સ નંગ | ડાયરીઓ સંખ્યા | કુલ ખર્ચ (રૂપિયામાં) |
|---|---|---|---|
| ૨૦૧૪ | ૫૦,૫૦૦ | ૬૭,૨૦૦ | ૫૫,૭૦,૩૧૮ |
| ૨૦૧૫ | ૪૩,૦૦૦ | ૬૧,૩૫૦ | ૫૨,૬૮,૮૪૦ |

(૨) ઉક્ત સરકારી કેલેન્ડર્સ તથા ડાયરીઓના વેચાણથી સરકારને કેટલી આવક થઈ, અને

(૨) રૂ. ૪૩,૨૨,૬૩૫/–

(૩) સરકાર આ બાબતે કોઈ કરકસરયુક્ત પગલાં લેવા માંગે છે?

(૩) સરકારી કામકાજને લગતી બાબત હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### કચ્છ જિલ્લામાં માનવદિન રોજગારી

* ૨૩૧૩૯ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) કચ્છ જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫માં મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાનું આયોજન હતું,

(૧) કચ્છ જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫માં મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત ૭,૪૦,૦૦૦ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાનું આયોજન હતું.

(૨) તે અન્વયે તા. ૩૧–૦૩–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, અને

(૨) તેની સામે તા.૩૧–૦૩–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૫,૩૫,૮૭૩ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

(૩) તે પૈકી મહિલાઓ માટે કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે?

(૩) તે પૈકી મહિલાઓ માટે ૨,૬૦,૯૧૭ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

### વડોદરા જિલ્લામાં ગ્રામ પંચાયતોને સફાઈ કરની ગ્રાન્ટની જોગવાઈ

* ૨૩૧૨૩ શ્રી બાલકૃષ્ણભાઈ પટેલ (ડભોઈ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ યોજના અંતર્ગત ગ્રામ પંચાયતોને સફાઈ કરની વસુલાતના પ્રમાણમાં રાજ્ય સરકાર ગ્રાન્ટ આપે છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા

(૨)

## અતારાંકિત પ્રશ્નો

બે વર્ષમાં વડોદરા જિલ્લાના કેટલા ગામોને આ ગ્રાન્ટ આપવામાં આવી?

| ક્રમ | વર્ષ | ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૪-૧૫ | ૫૬૦ |
| ૨ | ૨૦૧૫-૧૬ | ૩૪૩ |
| કુલ | | ૯૦૩ |

ભાવનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોનું સમરસ

* ૨૩૧૩૬ શ્રી શિવાભાઈ ગોહિલ (તળાજા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સમરસ યોજના હેઠળ કેટલી ગ્રામ પંચાયતો તાલુકાવાર સમરસ થઈ,

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો પ્રથમવાર સમરસ થઈ,

(૩) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો સતત બીજીવાર સમરસ થઈ,

(૪) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો સતત ત્રીજીવાર સમરસ થઈ, અને

(૫) તે અન્વયે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી?

જવાબ

(૧) ૩ (ત્રણ)

| ક્રમ | તાલુકો | ગ્રામ પંચાયત |
|---|---|---|
| ૧ | તળાજા | બપાસરા |
| ૨ | પાલીતાણા | માળીયા (ખા) |
| ૩ | વલ્લભીપુર | પીપળીયા |

(૨) ૨ (બે)

| ક્રમ | તાલુકો | ગ્રામ પંચાયત |
|---|---|---|
| ૧ | પાલીતાણા | માળીયા (ખા) |
| ૨ | વલ્લભીપુર | પીપળીયા |

(૩) ૧ (એક)

| ક્રમ | તાલુકો | ગ્રામ પંચાયત |
|---|---|---|
| ૧ | તળાજા | બપાસરા |

(૪) કોઈ નહિ.

(૫) રૂ. ૮,૫૦,૦૦૦/-
(રૂપિયા આઠ લાખ પચાસ હજાર પૂરા)

રાજકોટ જિલ્લામાં સોલાર પંપ ફાળવવા બાબત

* ૨૩૧૧૦ શ્રી બાવનજીભાઈ મેતલીયા (ટંકારા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલા ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણ માટે સોલાર પંપ ફાળવવામાં આવેલ છે?

જવાબ

તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં ૩૪૧ ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણ માટે સોલાર પંપસેટ ફાળવવામાં આવેલ છે.

રાજકોટ જિલ્લામાં ફેઝ-૩માં આવાસ બાંધવા બાબત

* ૨૩૦૬૭ શ્રી પ્રવિણભાઈ માંકડીયા (ધોરાજી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ગતિશીલ ગુજરાત ફેઝ-૩માં રાજકોટ જિલ્લામાં કેટલા ઈન્દિરા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતુ, અને

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ તે પૈકી કેટલા ઈન્દિરા આવાસોનાં બંધકામ પૂર્ણ કરવામાં આવ્યાં, અને કેટલા ઈન્દિરા આવાસોના બાંધકામ પ્રગતિ હેઠળ છે?

જવાબ

(૧) ગતિશીલ ગુજરાત ફેઝ-૩માં રાજકોટ જિલ્લામાં ૪૫૦ ઈન્દિરા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સ્પીલ ઓવર સાથે ૫૪૧ આવાસોનાં બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યા અને ૧૧૯૧ આવાસોના બાંધકામ પ્રગતિ હેઠળ છે.

રાજ્યમાં વીજ મથકોની વીજ ઉત્પાદન ક્ષમતા

* ૨૨૬૭૩ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકનાં કયા વીજ મથકો દ્વારા છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તેની વીજ ઉત્પાદન ક્ષમતા સામે કેટલી વીજળી ઉત્પન્ન કરવામાં આવી, અને

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકનાં વીજ મથકો દ્વારા છેલ્લા બે વર્ષમાં વીજ ઉત્પાદન ક્ષમતા સામે થયેલ વીજ ઉત્પાદનની વિગત નીચે મુજબ છે.

| નં. | વીજમથકનું નામ | વર્ષ ૨૦૧૪ | | વર્ષ ૨૦૧૫ | |
|---|---|---|---|---|---|
| ક | જીએસઈસીએલ | મે.વો. | મિલિયન યુનિટ | મે.વો. | મિલિયન યુનિટ |
| ૧ | ઉકાઈ થર્મલ પાવર પ્લાન્ટ | ૧૩૫૦ | ૫૫૩૪ | ૧૩૫૦ | ૪૯૯૮ |
| ૨ | ગાંધીનગર | ૮૭૦ | ૨૬૬૨ | ૮૭૦ | ૨૬૭૮ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | થર્મલ પાવર પ્લાન્ટ | | | | |
| ૩ | વણાકબોરી થર્મલ પાવર પ્લાન્ટ | ૧૪૭૦ | ૬૩૬૦ | ૧૪૭૦ | ૫૭૯૩ |
| ૪ | કચ્છ લીગ્નાઈટ પાવર પ્લાન્ટ | ૨૯૦ | ૧૩૯૩ | ૨૯૦ | ૧૩૦૪ |
| ૫ | સિક્કા થર્મલ પાવર પ્લાન્ટ | ૨૪૦ | ૭૪૧ | ૭૪૦ | ૬૮૩ |
| ૬ | ઉત્તરાણ ગેસ પાવર પ્લાન્ટ | ૫૧૦ | ૧૦૭ | ૫૧૦ | ૯૨૨ |
| ૭ | ધુવારણ ગેસ પાવર પ્લાન્ટ | ૨૧૯ | ૧૬૩ | ૨૧૯ | ૨૮૭ |
| ૮ | ઉકાઈ જળ આધારીત વીજમથક | ૩૦૫ | ૬૮૩ | ૩૦૫ | ૪૭૭ |
| ૯ | કડાણા જળ આધારીત વીજમથક | ૨૪૨ | ૨૧૭ | ૨૪૨ | ૨૭૧ |
| | કુલ–અ | ૫૪૯૬ | ૧૭૮૬૦ | ૫૯૯૬ | ૧૭૪૧૩ |
| ખ | રાજ્ય સરકાર હસ્તકના આઈપીપી | | | | |
| ૧૦ | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન કંપની લી. હજીરા (ગેસ) | ૫૦૭ | ૨૧૪ | ૫૦૭ | ૧૫૦ |
| ૧૧ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કં.લી. (ગેસ) | ૩૧૦ | ૧૯૯ | ૩૧૦ | ૧૭૫ |
| ૧૨ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કં.લી. (લિગ્નાઈટ) | ૫૦૦ | ૩૦૬૬ | ૫૦૦ | ૨૪૮૧ |
| ૧૩ | ગુજરાત મીનરલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન (અક્રીમોટા લિગ્નાઈટ પાવર પ્લાન્ટ) | ૨૫૦ | ૧૧૩૯ | ૨૫૦ | ૧૨૦૬ |
| ૧૪ | જી.પી.પી.સી. પીપાવાવ (ગેસ) | ૭૦૨ | -- | ૭૦૨ | ૩૫૩ |
| | કુલ–બ | ૨૨૬૯ | ૪૬૧૮ | ૨૨૬૯ | ૪૩૬૫ |
| | કુલ–(અ+બ) | ૭૭૬૫ | ૨૨૪૭૮ | ૮૨૬૫ | ૨૧૭૭૮ |

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે પાવરલોડ ફેક્ટર ખુબ જ ઉંચો હોવાથી વીજ ઉત્પાદનની કિંમતમાં વધારો થાય છે તે નિવારવા સરકારે છેલ્લા બે વર્ષમાં કયા પગલાં લીધા અને તે

(૨) પ્લાન્ટ લોડ ફેક્ટર ખુબ જ ઉંચો હોય ત્યારે વીજમથકોની કાર્યક્ષમતામાં વધારો થતા યુનીટ દીઠ ફીક્સ્ડ કોસ્ટમાં ઘટાડો થાય છે જેના કારણે વીજ ઉત્પાદનની કિંમતમાં વધારો નહિં પરંતુ ઘટાડો થાય

અન્વયે વીજ ઉત્પાદન કિંમતમાં ફેર પડેલ છે કે કેમ ?

છે. તેમ છતાં રાજ્યના વીજ મથકોમાં વીજ ઉત્પાદનની કિંમતમાં ઘટાડો થાય તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબના પગલાં લેવામાં આવેલ છે.

(૧) રાજ્યના કોલસા આધારિત વીજ મથકોમાં વીજ ઉત્પાદન વધારવા પર્યાપ્ત માત્રામાં કોલસાનો પુરવઠો ઉપલબ્ધ થઈ શકે તે સારૂ કોલ ઈન્ડયા કંપની સાથે કરારો કરવામાં આવેલ છે અને તેના પરિણામે, હાલમાં દરેક કોલસા આધારિત વીજ મથકો ખાતે પૂરતા પ્રમાણમાં કોલસો ઉપલબ્ધ છે.

(૨) કોલસાના પરિવહનમાં અંતરનો ઘટાડો થતાં, વીજ ઉત્પાદન ખર્ચ ઘટે તે માટે એન.ટી.પી.સી. અને જી.એસ.ઈ.સી.એલ. વચ્ચે કોલસાની અદલાબદલી (Swapping of Coal) કરેલ છે.

(૩) રાજ્યના કોલ આધારિત જુના વીજ મથકોમાંથી વધુ ઉત્પાદન મળી રહે તે હેતુથી આ મથકોના રેટ્રોફીટીંગ અને તાંત્રિક સમારકામ હાથ ધરી, વધુ વીજ ઉત્પાદન મેળવવા ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ. ને વધારાની મૂડી સહાય પણ આપવામાં આવે છે.

(૪) સાઉથ ઈસ્ટર્ન કોલ ફિલ્ડ્સને બદલે નજીકના અંતરની વેસ્ટર્ન કોલ ફિલ્ડ્સમાંથી કોલસાનો વધુ પુરવઠો મેળવવાના પ્રયાસો કર્યા છે.

(૫) રાજ્યના ગેસ આધારિત વીજ મથકોમાં વીજઉત્પાદન વધે તે માટે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને તથા તેના વિવિધ વિભાગોને વખતો વખત સસ્તો ગેસ ફાળવવા માટે રજુઆતો કરવામાં આવેલ છે અને તેના ફળ સ્વરૂપ કેન્દ્ર સરકાર દ્વારા ઈ–બીડ આરએલએનજીની યોજના જુન–૨૦૧૫થી શરૂ કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત, ગ્રીડની જરૂરિયાત મુજબ ઈ–બીડ આરએલએનજીનો ઉપયોગ કરી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.ને (ગુજરાત રાજ્ય) વીજ પુરવઠો પૂરો પાડવા ગેસ આધારિત વીજ મથકો ચલાવી વીજ ઉત્પાદન/પુરવઠો મેળવવામાં આવે છે.

રાજ્ય સરકાર દ્વારા લેવાયેલ વિવિધ પગલાંને કારણે, ફ્યુઅલ કોસ્ટમાં ઘટાડો થતાં, ફ્યુઅલ સરચાર્જના ઘટાડાના સ્વરૂપે એકંદર વીજ કિંમતમાં ઘટાડો થયેલ છે. તદ્દનુસાર, વીજ ગ્રાહકો પાસેથી વસુલવામાં આવતો ફ્યુઅલ સરચાર્જ કે જે જાન્યુઆરી–માર્ચ ૨૦૧૫ દરમ્યાન રૂ. ૧.૬૫ હતો જે ઓકટોબર–ડીસેમ્બર ૨૦૧૫ દરમ્યાન ૨૩ પૈસા ઘટીને રૂ. ૧.૪૨ થયેલ હાલમાં જાન્યુઆરી–માર્ચ ૨૦૧૬ દરમ્યાન ફ્યુઅલ સરચાર્જ વધારે ૭ પૈસા ઘટીને રૂ. ૧.૩૫ થયેલ છે.

### સુરત જિલ્લામાં લોક અદાલતોનું આયોજન

* ૨૩૦૮૧ શ્રી ઈશ્વરભાઈ પરમાર (બારડોલી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

(૨) કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસુલાત કરવામાં આવી?

જવાબ

(૧) અને (૨) રાજ્યનાં વીજ ગ્રાહકો પાસેથી લ્હેણાં નીકળતા નાણાંની વસુલાતનો વિવાદથી નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે સુરત જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૪૩ લોક અદાલતો યોજી કુલ ૫૭૮૬ કેસોમાં સમાધાન કરવામાં આવ્યું.

(૩) આ કેસોમાં વસુલવાની થતી કુલ રૂ. ૧૨૬૫.૬૯ લાખની રકમ પૈકી રૂ. ૮૯૨.૦૭ લાખની રકમ સ્થળ પર વસુલાત કરવામાં આવી અને બાકી રૂ. ૩૭૩.૬૨ લાખની રકમ નિયમાનુસાર હપ્તાથી વસુલ કરવામાં આવી રહેલ છે.

### વડોદરા જિલ્લામાં ગ્રામ પંચાયતોને સફાઈ કરની ગ્રાન્ટની જોગવાઈ

* ૨૩૧૨૯ શ્રી દિનેશભાઈ પટેલ (પાદરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ યોજના અંતર્ગત ગ્રામ પંચાયતોને સફાઈ કરની વસુલાતના પ્રમાણમાં રાજ્ય સરકાર ગ્રાન્ટ આપે છે તે હકીકત સાચી છે, અને

જવાબ

(૧) હા, જી.

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાના કેટલા ગામોને આ ગ્રાન્ટ આપવામાં આવી?

(૨)

| ક્રમ | વર્ષ | ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૪-૧૫ | ૫૬૦ |
| ૨ | ૨૦૧૫-૧૬ | ૩૪૩ |
| કુલ | | ૯૦૩ |

ગાંધીનગર જિલ્લામાં ફીડરોનું વિભાજન

* ૨૩૧૨૦ શ્રી અશોકકુમાર પટેલ (ગાંધીનગર ઉત્તર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જીલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧) અને (૨) વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળી રહે તે માટે ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ. ૧૮૬.૨૨ લાખનાં ખર્ચે કુલ ૨૧ ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું.

રાજ્યમાં પવન ઉર્જાની વીજ ઉત્પાદન ક્ષમતા

* ૨૨૮૩૬ શ્રીમતી વિભાવરીબેન દવે (ભાવનગર (પૂર્વ)) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં પવન ઉર્જા દ્વારા વીજળી ઉત્પન્ન કરવા માટે કેટલી ક્ષમતાના પવન ઉર્જા વીજ મથકો છે ?

જવાબ

તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં પવન ઉર્જા દ્વારા વીજળી ઉત્પન્ન કરવા માટે ૩૫૪૧.૬૭૫ મેગાવોટ ક્ષમતાના પવન ઉર્જા વીજ મથકો છે.

રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ પર વેટ/સેસ

* ૨૩૧૦૫ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ ઉપર વેટ અને સેસ કેટલો લેવામાં આવે છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને કુલ કેટલી આવક થઈ ?

જવાબ

(૧)

| | વેટનો દર | સેસ |
|---|---|---|
| પેટ્રોલ | ૨૩% | ૨% |
| ડીઝલ | ૨૧% | ૩% |

(૨) (રકમ રૂ. કરોડમાં)

| વિગત | ૧/૧/૨૦૧૪થી ૩૧/૧૨/૨૦૧૪ | ૧/૧/૨૦૧૫થી ૩૧/૧૨/૨૦૧૫ |
|---|---|---|
| પેટ્રોલ | ૨૧૭૩.૧૩ | ૨૦૪૯.૩૭ |
| ડીઝલ | ૪૮૩૬.૯૭ | ૪૫૬૧.૫૦ |
| સેસ | ૧૨૧૩.૦૭ | ૧૧૪૦.૯૨ |

અમરેલી જિલ્લામાં ગ્રામ પંચાયતના ઘન અને પ્રવાહી કચરાના નિકાલની વ્યવસ્થાની કામગીરી

* ૨૩૧૩૫ શ્રી બાવકુભાઈ ઉંધાડ (લાઠી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતમાં ઘન અને પ્રવાહી કચરાનાં નિકાલની વ્યવસ્થા ગોઠવવાની કામગીરી હાથ ધરવામાં આવી, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન અમરેલી જિલ્લામાં ગ્રામ પંચાયતમાં નીચેની વિગતે ઘન અને પ્રવાહી કચરાના નિકાલની વ્યવસ્થા ગોઠવવાની કામગીરી હાથ ધરવામાં આવી.

| ક્રમ | સમયગાળો | ઘન કચરાના નિકાલની વ્યવસ્થા | પ્રવાહી કચરાનાં નિકાલની વ્યવસ્થા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | તા. ૦૧/૦૧/૧૪થી તા. ૩૧/૧૨/૧૪ | ૦ | ૮ | ૮ |
| ૨ | તા. ૦૧/૦૧/૧૫થી તા. ૩૧/૧૨/૧૫ | ૭૮ | ૧૧ | ૮૯ |
| | કુલ | ૭૮ | ૧૯ | ૯૭ |

(૨) તેની પાછળ નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

(રૂ. લાખમાં)

| ક્રમ | સમયગાળો | ઘન કચરાના નિકાલની વ્યવસ્થા | પ્રવાહી કચરાનાં નિકાલની વ્યવસ્થા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | તા. ૦૧/૦૧/૧૪થી તા. ૩૧/૧૨/૧૪ | ૦.૦૦ | ૪૯.૬૭ | ૪૯.૬૭ |
| ૨ | તા. ૦૧/૦૧/૧૫થી તા. ૩૧/૧૨/૧૫ | ૫૭.૭૭ | ૪૮.૩૪ | ૧૦૬.૧૧ |
| | કુલ | ૫૭.૭૭ | ૯૮.૦૧ | ૧૫૫.૭૮ |

## જુનાગઢ જિલ્લા પંચાયતનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ

* ૨૩૯૦૭ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લા પંચાયતનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૧)

| સંવર્ગ | મંજુર મહેકમ |
|---|---|
| વર્ગ–૧ | ૧૫ |
| વર્ગ–૨ | ૧૪૪ |
| વર્ગ–૩ | ૧૭૨૮ |
| વર્ગ–૪ | ૩૨૮ |
| કુલ | ૨૨૧૫ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨)

| સંવર્ગ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| વર્ગ–૧ | ૮ | ૭ |
| વર્ગ–૨ | ૧૦૧ | ૪૩ |
| વર્ગ–૩ | ૧૧૩૩ | ૫૯૫ |
| વર્ગ–૪ | ૧૬૦ | ૧૬૮ |
| કુલ | ૧૪૦૨ | ૮૧૩ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૩)

| સંવર્ગ | એક વર્ષ કરતા વધુ સમયથી ખાલી જગ્યાઓ |
|---|---|
| વર્ગ–૧ | ૪ |
| વર્ગ–૨ | ૩૧ |
| વર્ગ–૩ | ૩૫૫ |
| વર્ગ–૪ | ૧૫૦ |
| કુલ | ૫૪૦ |

(૪) ઉકત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૪) ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ.

## રાજ્યમાં પવન ઉર્જાની વીજ ઉત્પાદન ક્ષમતા

* ૨૩૧૨૧ શ્રીમતી નિમિષાબેન સુથાર (મોરવા હડફ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં રાજ્યમાં પવન ઉર્જાની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતામાં કેટલો વધારો થયો, અને

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં રાજ્યમાં પવન ઉર્જાની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતામાં નીચે મુજબ વધારો થયો છે.

| નાણાંકીય વર્ષ | ઉક્ત વર્ષમાં સ્થપાયેલ વીજ ઉત્પાદન ક્ષમતા |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૧૮૯.૭૨૫ મેગાવોટ |
| ૨૦૧૫–૧૬ | ૨૭૬.૪૫ મેગાવોટ |

| | |
|---|---|
| (૩૧/૧૨/૨૦૧૫ની સ્થિતિ) | |

(૨) નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬માં તેમાં કેટલો વધારો કરવાનું આયોજન છે ?

(૨) નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬માં તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં સ્થપાયેલ ૨૭૬.૪૫ MW ઉપરાંત વધુ ૫૦ MW ક્ષમતાનો વધારો કરવાનું આયોજન છે.

### રાજ્ય હસ્તકની વીજ ઉત્પાદન કંપની દ્વારા નવીન વીજ પ્લાન્ટ કાર્યાન્વિત

* ૨૩૧૧૭ શ્રી સુરેશ પટેલ (મણિનગર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકની વીજ ઉત્પાદન કંપની દ્વારા છેલ્લા બે વર્ષમાં કોઈ નવીન વીજ પ્લાન્ટ કાર્યાન્વિત કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી છે, અને | (૨) નવીન વીજ પ્લાન્ટ અને તેની વીજ ઉત્પાદન ક્ષમતા નીચે મુજબ છે.<br>સિક્કા ૩ અને ૪ યુનિટ (૨ X ૨૫૦ મેગાવોટ) - ૫૦૦ મેગાવોટ<br>જીપીપીસી પીપાવાવ પાવર પ્રોજેક્ટ - ૭૦૨ મેગાવોટ |
| (૩) તે પ્લાન્ટ કાર્યાન્વિત કરવા માટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૩) વીજ પ્લાન્ટને કાર્યાન્વિત કરવા થયેલ અંદાજિત મૂડી ખર્ચની વિગત નીચે મુજબ છેઃ<br>સિક્કા યુનિટ ૩ અને ૪ (૨X૨૫૦ મેગાવોટ) રૂ. ૩૨૧૮ કરોડ<br>જીપીપીસી પીપાવાવ પાવર પ્રોજેક્ટ રૂ. ૩૦૨૯ કરોડ<br>કુલ ખર્ચઃ રૂ. ૬૨૪૭ કરોડ |

### બનાસકાંઠા જિલ્લામાં ફ્લાઈંગ સ્કવોડ દ્વારા દરોડા પાડી ખાણો લીઝોનું ચેકીંગ

* ૨૪૦૭૨ શ્રી ધારશીભાઈ ખાનપુરા (કાંકરેજ) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ફ્લાઈંગ સ્કવોડ, ગાંધીનગર દ્વારા ક્યારે દરોડા પાડી ખાણો/લીઝોનું ચેકીંગ કરવામાં આવ્યું, | (૧) વર્ષ ૨૦૧૪માં તા.૧૬-૪-૧૪, તા.૨૯-૮-૧૪, તા. ૩૦-૮-૧૪, તા.૩૧-૧૦-૧૪, તા.૧-૧૧-૧૪, તા.૨-૧૧-૧૪, તા.૧૫-૧૧-૧૪ તથા વર્ષ ૨૦૧૫માં તા.૨૦-૩-૧૫, તા.૯-૫-૧૫, અને તા.૯-૧૦-૧૫ના રોજ ખાણો/લીઝોનું ચેકીંગ કરવામાં આવેલ છે. |
| (૨) ચેકીંગ દરમિયાન ઉક્ત જીલ્લામાં વર્ષવાર કેવા પ્રકારની ગેરરીતીઓ અને કેટલી રકમની ખનિજચોરીઓ સામે આવી, અને | (૨) ચેકીંગ દરમ્યાન બિન અધિકૃત ખનન/વહન તથા કરારખત શરતભંગની ગેરરીતિઓ ધ્યાને આવેલ છે. વર્ષ ૨૦૧૪માં રૂ.૩૮૨.૪૫ લાખ, વર્ષ ૨૦૧૫માં રૂ.૨૦.૪૩ લાખની ખનિજ ચોરી નોંધાયેલ છે. |
| (૩) તે અન્વયે કેટલા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી અને જો ઉક્ત જીલ્લામાં વર્ષમાં એકપણવાર મુલાકાત લઈ ચેકીંગ ન કરવામાં આવેલ હોય તો તેના કારણો શા છે ? | (૩) ૦૪ ઈસમો પાસેથી રૂ. ૩૪.૮૮ લાખની વસૂલાત કરેલ છે તેમજ ૦૫ ઈસમોને રૂ. ૩૬૮.૦૦ લાખની વસૂલાત માટે નોટીસ આપવામાં આવેલ છે. ૦૨ ઈસમોને નોટીસ આપવાની કાર્યવાહી ચાલુ છે. |

### વડોદરા જિલ્લામાં ગ્રામ પંચાયતોને સફાઈ કરની ગ્રાન્ટની જોગવાઈ

* ૨૩૧૪૨ શ્રી કેતનભાઈ ઈનામદાર (સાવલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામ યોજના અંતર્ગત ગ્રામ પંચાયતોને સફાઈ કરની વસૂલાતના પ્રમાણમાં રાજ્ય સરકાર ગ્રાન્ટ આપે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાના કેટલા ગામોને આ ગ્રાન્ટ આપવામાં આવી ? | (૨) |

| ક્રમ | વર્ષ | ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૪-૧૫ | ૫૬૦ |
| ૨ | ૨૦૧૫-૧૬ | ૩૪૩ |

## તા. ૧૧મી માર્ચ, ૨૦૧૬
## અતારાંકિત પ્રશ્નો

| કુલ | ૯૦૩ |
|---|---|

### પંચમહાલ જિલ્લામાં વ્યક્તિગત શૌચાલય

* ૨૩૧૩૨ શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે જણાવ્યા મુજબ વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા.

| વર્ષ | બનેલ વ્યક્તિગત શૌચાલય |
|---|---|
| ૨૦૧૩ | ૧૦૦૩૩ |
| ૨૦૧૪ | ૨૯૩૨૭ |
| કુલ | ૩૯૩૬૦ |

(૨) તેની પાછળ નીચે જણાવ્યા મુજબનો ખર્ચ કરવામાં આવ્યો.

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૩ | ૪૬૧.૫૨ |
| ૨૦૧૪ | ૧૩૬૬.૧૩ |
| કુલ | ૧૮૨૭.૬૫ |

### ચાઈના લાઈટ એન્ડ પાવર કંપની સાથે વીજ ખરીદીના કરાર

* ૨૩૨૬૭ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ચાઈના લાઈટ એન્ડ પાવર કંપની સાથે રાજ્ય સરકાર દ્વારા વીજ ખરીદીનો કરવામાં આવેલ કરાર તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ચાલુ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત કરાર કેટલા સમય માટે, ક્યારે કરવામાં આવેલ, અને

(૩) તે અન્વયે વીજળી ખરીદી ન કરી હોવા છતાં અથવા ઓછી વીજળી ખરીદી હોવા છતાં ફિક્સ્ડ કોસ્ટ પેટે વર્ષ ૨૦૧૩માં ૪૫૬ કરોડ અને ૨૦૧૪માં ૪૧૨ કરોડની ફિક્સ્ડ કોસ્ટ ચુકવવામાં આવેલ છે તે વાત સાચી છે ?

**જવાબ**

(૧) હા જી.

(૨) તત્સમયની કેન્દ્ર સરકારની તા. ૩૦–૦૩–૧૯૯૨ની ગાઈડલાઈન્સ મુજબ, તત્સમયની ગુજરાત સરકારે ઉક્ત કરાર તા. ૦૩–૦૨–૧૯૯૪ના દિવસે પ્લાન્ટની પૂરેપૂરી ક્ષમતા એટલે કે ૬૫૫ મે.વો. માટે કરેલ. સદર કરાર પાવર પ્લાન્ટ સંપૂર્ણ કાર્યરત થયા તારીખથી (તા. ૧૧–૧૨–૧૯૯૮) વીસ (૨૦) વર્ષ સુધી માન્ય છે.

(૩) ખંડ (૨)ના જવાબમાં જણાવ્યા મુજબ તત્સમયની ગુજરાત સરકારના શાસનકાળમાં થયેલ આ કરારની શરતો મુજબ આ પ્લાન્ટની તમામ વીજળી સ્ટેટ ગ્રીડ માટે ઉપલબ્ધ હોય અને જરૂરીયાત મુજબ આ પ્લાન્ટમાંથી વીજળી મેળવાતી હોય, તેમજ પ્લાન્ટ વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ હોય, ઉક્ત કરારની શરતો મુજબ ફિક્સ્ડ કોસ્ટ ચૂકવવી પડે છે. આમ થયેલ કરારની શરતો મુજબ, ના. વીજ નિયમન આયોગના મેરીટ ઓર્ડર્સના કારણે ઓછી વીજળી મેળવાતી હોય કે ન મેળવાતી હોય તેવા પ્રસંગે પણ, પ્લાન્ટ ઉત્પાદન માટે ઉપલબ્ધ હોય તો ફિક્સ્ડ ચૂકવવાની થાય છે.

### અમદાવાદ જિલ્લામાં ખનિજની ચોરીના કિસ્સાઓ

* ૨૨૬૭૫ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય ખાણ–ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં ખનિજની ચોરી અન્વયે કેટલા કિસ્સાઓમાં છેલ્લા એક વર્ષમાં કેટલા ઈસમોની ધરપકડ કરી કાર્યવાહી કરી ?

**જવાબ**

૦૬ કિસ્સામાં પોલીસ ફરીયાદ કરવામાં આવેલ છે. કાયદા મુજબ ધરપકડ અથવા અન્ય કાર્યવાહી થશે.

### રાજ્યમાં રાસાયણિક ખાતર, પેટ્રોલ, ડીઝલ અને રાંધણગેસ પર વેટ/સેસ

* ૨૪૪૩૬ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં રાસાયણિક ખાતર, પેટ્રોલ, ડીઝલ અને રાંધણગેસ પર કેટલો વેટ અને સેસ લેવામાં આવે છે, અને

**જવાબ**

(૧)

| વિગત | વેરાનો દર | સેસ |
|---|---|---|
| રાસાયણિક ખાતર | પ્રથમ તબક્કે ૪% + ૧% વધારાનો વેરો | – |

અતારાંકિત પ્રશ્નો

| | | |
|---|---|---|
| રાસાયણિક ખાતર (પુનઃ વેચાણ) | માફી | – |
| પેટ્રોલ | ૨૩% | ૨ % |
| ડીઝલ | ૨૧% | ૩% |
| એલ.પી.જી. (ડોમેસ્ટીક) તા. ૧–૧૦–૨૦૧૪થી | ૪% + ૧% વધારાનો વેરો | |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને તે અન્વયે વેટ અને સેસ પેટે કેટલી આવક થઈ ?

(૨)

(રૂ.કરોડમાં)

| વિગત | તા.૧/૧/૨૦૧૪ થી તા.૩૧/૧૨/૨૦૧૪ | તા.૧/૧/૨૦૧૫ થી તા.૩૧/૧૨/૨૦૧૫ |
|---|---|---|
| રાસાયણિક ખાતર | ૧૨૧.૪૮ | ૧૪૬.૬૪ |
| પેટ્રોલ | ૨૧૭૩.૧૩ | ૨૦૪૯.૩૭ |
| ડીઝલ | ૪૮૩૬.૯૭ | ૪૫૬૧.૫૦ |
| સેસ | ૧૨૧૩.૦૭ | ૧૧૪૦.૯૨ |
| એલ.પી.જી. (ડોમેસ્ટીક) તા. ૧–૧૦–૨૦૧૪ થી | ૨૬.૪૨ | ૧૪૫.૩૫ |

### અમરેલી જિલ્લામાં શેત્રુંજી નદીમાંથી રેતી મેળવવા અંગે લીઝ પેટે આવક

* ૨૩૯૪૬ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય ખાણ–ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૧૬ની સ્થિતિએ અમરેલી જિલ્લામાંથી પસાર થતી શેત્રુંજી નદીમાંથી રેતી મેળવવા અંગે કુલ કેટલા લીઝ ધારકોને લીઝ ફાળવવામાં આવેલ છે, અને

(૨) ઉપરોક્ત લીઝ પેટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી આવક થયેલ છે ?

જવાબ

(૧) ૬૭

(૨) તા. ૧–૨–૧૪ થી તા. ૩૧–૧–૧૫ દરમ્યાન રૂ. ૧૭૭.૩૦ લાખ.
તા. ૧–૨–૧૫ થી તા. ૩૧–૧–૧૬ દરમ્યાન રૂ. ૫૨.૦૦ લાખ.

### અરવલ્લી જિલ્લામાં ઈન્દિરા અને સરદાર આવાસ યોજના હેઠળ સહાય

* ૨૩૩૯૧ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર ઈન્દીરા આવાસ યોજના અને સરદાર આવાસ યોજનામાં કુલ કેટલા લાભાર્થીઓને સહાય આપવામાં આવી ?

જવાબ

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર ઈન્દીરા આવાસ યોજના અને સરદાર આવાસ યોજના હેઠળ સહાય આપવામાં આવેલ લાભાર્થીઓની સંખ્યાની વિગત નીચે મુજબ છે.

ઈન્દિરા આવાસ યોજના

| અ.નં. | તાલુકાનું નામ | સહાય ચૂકવેલ લાભાર્થીની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૪–૧૫ | વર્ષ ૨૦૧૫–૧૬ તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ | કુલ |
| ૧ | મોડાસા | ૩૧૦ | ૧૯૫ | ૫૦૫ |
| ૨ | ભિલોડા | ૧૭૦૪ | ૧૦૩૦ | ૨૭૩૪ |
| ૩ | બાયડ | ૨૯૬ | ૩૨ | ૩૨૮ |
| ૪ | ધનસુરા | ૧૧૮ | ૨૦ | ૧૩૮ |
| ૫ | મેઘરજ | ૫૭૧ | ૨૦૬ | ૭૭૭ |
| ૬ | માલપુર | ૭૯ | ૨૪ | ૧૦૩ |
| | કુલઃ– | ૩૦૭૮ | ૧૫૦૭ | ૪૫૮૫ |

સરદાર આવાસ યોજના

| અ.નં. | તાલુકાનું નામ | સહાય ચૂકવેલ લાભાર્થીની સંખ્યા |
|---|---|---|

| | | વર્ષ ૨૦૧૪–૧૫ | વર્ષ ૨૦૧૫–૧૬ તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ |
|---|---|---|---|
| ૧ | મોડાસા | ૨૦ | ૦ |
| ૨ | ભિલોડા | ૩૦ | ૦ |
| ૩ | બાયડ | ૦૨ | ૦ |
| ૪ | ધનસુરા | ૦૭ | ૦ |
| ૫ | મેઘરજ | ૧૮ | ૦ |
| ૬ | માલપુર | ૧૪ | ૦ |
| | કુલઃ– | ૯૧ | ૦ |

(૨) ઉક્ત સ્થિતિએ બાયડ અને માલપુર તાલુકામાં કુલ કેટલી અરજીઓ ઈન્દિરા આવાસ અને સરદાર આવાસની પડતર છે,અને

(૨) ઉક્ત સ્થિતિએ બાયડ અને માલપુર તાલુકામાં ઈન્દિરા આવાસની પડતર અરજીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | પડતર અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | બાયડ | ૭૨૫ |
| ૨ | માલપુર | ૩૮ |
| | કુલ | ૭૬૩ |

- ઉક્ત સ્થિતિએ બાયડ અને માલપુર તાલુકામાં સરદાર આવાસની કોઈ અરજી પડતર નથી.

(૩) કેટલા સમયમાં આ અરજીઓનો નિકાલ કરવામાં આવશે ?

(૩)
- ઈન્દિરા આવાસ યોજના હેઠળ પડતર અરજીઓનો નિકાલ ભારત સરકારશ્રીના ગ્રામિણ વિકાસ મંત્રાલય દ્વારા કરવામાં આવતા લક્ષ્યાંકોની ફાળવણીની ધ્યાને રાખીને કરવામાં આવશે.
- સરદાર આવાસ યોજના હેઠળ કોઈ અરજી પડતર ન હોઈ, પ્રશ્ન નથી.

તાપી જિલ્લામાં વ્યક્તિગત શૌચાલય

* ૨૩૧૨૮ શ્રી મોહનભાઈ ઢોડીયા (મહુવા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તાપી જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન બી.પી.એલ. અને એ.પી.એલ. કુટુંબો માટે કેટલા વ્યક્તિગત શૌચાલય પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) તાપી જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન બી.પી.એલ. અને એ.પી.એલ. કુટુંબો માટે નીચે મુજબ વ્યક્તિગત શૌચાલય પૂર્ણ કરવામાં આવ્યા.

(સંખ્યા)

| વર્ષ કેલેન્ડર | બી.પી.એલ. કુટુંબો | એ.પી.એલ. કુટુંબો | કુલ કુટુંબો |
|---|---|---|---|
| ૨૦૧૪ | ૧૯૮૩ | ૪૮૮૪ | ૬૮૬૭ |
| ૨૦૧૫ | ૪૪૮૧ | ૧૨૧૭૨ | ૧૬૬૫૩ |
| કુલઃ– | ૬૪૬૪ | ૧૭૦૫૬ | ૨૩૫૨૦ |

(૨) તેની પાછળ નીચે જણાવ્યા મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

(રૂ. લાખમાં)

| વર્ષ (કેલેન્ડર) | બી.પી.એલ. કુટુંબો | એ.પી.એલ. કુટુંબો | કુલ ખર્ચ |
|---|---|---|---|
| ૨૦૧૪ | ૨.૩૪ | ૪૮.૦૮ | ૫૦.૪૨ |
| ૨૦૧૫ | ૩૬૬.૩૩ | ૧૬૪૮.૨૪ | ૨૦૧૪.૫૭ |
| કુલઃ– | ૩૬૮.૬૭ | ૧૬૯૬.૩૨ | ૨૦૬૪.૯૯ |

રાજ્યમાં સીગારેટ અને તમાકુ પર વેટ વસુલવા બાબત

* ૨૪૪૮૦ શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં સીગારેટ અને તમાકુ ઉપર કેટલો વેટ વસુલવામાં આવે છે, અને

(૧)

| વિગત | વેટ |
|---|---|
| સીગારેટ | ૨૭.૫૦%+ ૨.૫૦% વધારાનો વેરો |
| તમાકુ | ૨૨.૫૦% + ૨.૫૦% વધારાનો વેરો |
| તમાકુ (અનમેન્યુફેકચર્ડ) | વેરા માફ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલી આવક વેટ પેટે મળી ?

(૨)

આવક (રકમ રૂ.કરોડમાં)

| વિગત | ૧/૨/૨૦૧૪ થી ૩૧/૧/૨૦૧૫ | ૧/૨/૨૦૧૫ થી ૩૧/૧/૨૦૧૬ |
|---|---|---|
| સીગારેટ | ૨૧૧.૮૦ | ૧૯૫.૫૫ |
| તમાકુ | ૫૨૨.૯૯ | ૫૫૫.૬૪ |

### જુનાગઢ જિલ્લામાં વ્યક્તિગત શૌચાલય

* ૨૩૧૨૬ શ્રી અરવિંદભાઈ લાડાણી (કેશોદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) જૂનાગઢ જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન એ.પી.એલ. કુટુંબો માટે કેટલા વ્યક્તિગત શૌચાલય પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) જૂનાગઢ જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન એ.પી.એલ. કુટુંબો માટે નીચે જણાવ્યા મુજબ વ્યક્તિગત શૌચાલય પૂર્ણ કરવામાં આવ્યા.

(સંખ્યા)

| વર્ષ (કેલેન્ડર) | એપીએલ કુટુંબો માટે |
|---|---|
| ૨૦૧૪ | ૪૦૫૨ |
| ૨૦૧૫ | ૫૩૦૨ |
| કુલઃ- | ૯૩૫૪ |

(૨) તેની પાછળ નીચે જણાવ્યા મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

(રૂ. લાખમાં)

| વર્ષ (કેલેન્ડર) | એપીએલ કુટુંબો માટે |
|---|---|
| ૨૦૧૪ | ૨૧૮.૭૩ |
| ૨૦૧૫ | ૪૬૯.૧૨ |
| કુલઃ- | ૬૮૭.૮૫ |

### અરવલ્લી જિલ્લા પંચાયતનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ

* ૨૪૩૦૪ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લા પંચાયતનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે ?

જવાબ

(૧)

| વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧૩ | ૧૪ | ૮૯ | ૧૬ | ૧૩૨ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨)

| ભરાયેલ જગ્યાઓ | | | | | ખાલી જગ્યાઓ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | કુલ | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | કુલ |
| ૭ | ૬ | ૩૩ | ૬ | ૫૨ | ૬ | ૮ | ૫૬ | ૧૦ | ૮૦ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૩) અરવલ્લી જિલ્લા પંચાયત તા. ૯-૧૨-૨૦૧૪ થી અસ્તિત્વમાં આવેલ છે, જેથી એક વર્ષ કરતાં વધુ સમયથી કોઈ જગ્યા નથી.

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૪) ૧૦ વર્ષીય ભરતી કેલન્ડર મુજબ બનતી ત્વરાએ.

## તા. ૧૧મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

રાજ્યમાં પવન ઉર્જાની વીજ ઉત્પાદન ક્ષમતા

* ૨૩૧૧૮ ડૉ. નિર્મલાબેન વાધવાણી (નરોડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં પવન ઉર્જાની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી છે ?

જવાબ

તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં પવન ઉર્જાની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા ૩૮૧૧.૦૭૫ મેગાવોટ છે.

આણંદ અને વડોદરા જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ હેઠળ સમાવિષ્ટ ગામો

* ૨૪૪૦૧ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને વડોદરા જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ હેઠળ તાલુકાવાર કેટલા ગામોનો તળાવો બાંધવા માટે સમાવેશ કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા ગામોમાં કેટલા તળાવો બાંધવામાં આવ્યા અને તે અન્વયે કેટલી રકમ વર્ષવાર ખર્ચ કરવામાં આવી ?

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ હેઠળ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર આણંદ જિલ્લામાં કુલ–૩૭ અને વડોદરા જિલ્લામાં કુલ–૦ (શૂન્ય) એમ કુલ–૩૭ ગામોનો તળાવો બાંધવા માટે સમાવેશ કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | તાલુકો | સમાવેશ ગામ |
|---|---|---|---|
| ૧ | આણંદ | આણંદ | ૦૯ |
| | | આંકલાવ | ૧૨ |
| | | બોરસદ | ૧૫ |
| | | ઉમરેઠ | ૦૧ |
| | | કુલ | ૩૭ |
| ૨ | વડોદરા | તમામ તાલુકા | ૦૦ |

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર બાંધવામાં આવેલ તળાવો અને ખર્ચની વિગત સામેલ પરિશિષ્ટ–અ મુજબ છે.

પરિશિષ્ટ–અ

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામોની સંખ્યા | તળાવોની સંખ્યા | | કુલ તળાવોની સંખ્યા | થયેલ ખર્ચ (તા.૩૧–૧–૧૬ની સ્થિતિએ) | | કુલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૩૧–૧–૧૫ ની સ્થિતિએ | ૩૧–૧–૧૬ ની સ્થિતિએ | | ૩૧–૧–૧૫ ની સ્થિતિએ | ૩૧–૧–૧૬ ની સ્થિતિએ | |
| ૧ | આણંદ | આણંદ | ૯ | ૧૦ | ૬ | ૧૬ | ૧૫.૯૧ | ૧૩.૭૦ | ૨૯.૬૧ |
| | | આંકલાવ | ૧૨ | ૭ | ૭ | ૧૪ | ૧૨.૭૪ | ૧૫.૪૯ | ૨૮.૨૩ |
| | | બોરસદ | ૧૫ | ૧૭ | ૫ | ૨૨ | ૩૪.૮૨ | ૧૩.૬૨ | ૪૮.૪૪ |
| | | ઉમરેઠ | ૧ | ૧ | ૦ | ૧ | ૨.૯૭ | ૦.૦૦ | ૨.૯૭ |
| | | કુલ | ૩૭ | ૩૫ | ૧૮ | ૫૩ | ૬૬.૪૪ | ૪૨.૮૧ | ૧૦૯.૨૫ |
| ૨ | વડોદરા | તમામ તાલુકા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | એકંદરે કુલ | ૩૭ | ૩૫ | ૧૮ | ૫૩ | ૬૬.૪૪ | ૪૨.૮૧ | ૧૦૯.૨૫ |

બનાસકાંઠા જિલ્લામાં વીજ કનેકશનોની પડતર અરજીઓ

* ૨૨૬૭૧ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ બનાસકાંઠા જીલ્લામાં તાલુકાવાર ખેતી માટેના વીજ કનેકશનો મેળવવાની કેટલી અરજીઓ પડતર છે, અને

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જીલ્લામાં કૃષિ વીજ જોડાણ મેળવવા માટેની પડતર અરજીઓની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | પડતર અરજીઓ |
|---|---|
| અમીરગઢ | ૨૩૬૫ |
| ભાભર | ૪૨૩ |
| દાંતીવાડા | ૩૩૨૫ |
| ડીસા | ૪૭૨૩ |
| દીઓદર | ૧૨૯૫ |
| ધાનેરા | ૩૬૭૨ |

| | |
|---|---|
| કાંકરેજ | ૧૭૯૫ |
| લાખણી | ૨૧૭૮ |
| પાલનપુર | ૪૫૦૨ |
| સુઈગામ | ૮૦ |
| થરાદ | ૬૨૯૫ |
| વડગામ | ૩૨૦૬ |
| વાવ | ૮૪૬ |
| દાંતા | ૭૫૫ |

(૨) ઉકત પડતર તમામ અરજીઓનો નિકાલ કરી અજદારોને કયાં સુધીમાં વીજ કનેકશન આપવામાં આવશે?

(૨) કૃષિ વીજ જોડાણ અરજીની નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવે છે. કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. આ હેતુ માટે નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર તમામ પડતર અરજીઓનો શક્ય તેટલી ઝડપથી નિકાલ કરી શકય તેટલાં વધુ કૃષિ વીજ જોડાણ આપવાનું આયોજન છે.

રાજ્યમાં માલના વેચાણ પર સેસ દૂર કરવા બાબત

* ૨૨૯૨૫ શ્રી રાઘવજી પટેલ (જામનગર (ગ્રામ્ય)) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યમાં તા. ૩૧–ડિસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ માલના વેચાણ ઉપર વેટ ઉપરાંત લેવામાં આવતી ૧% સેસ દૂર કરવા માટે છેલ્લા બે વર્ષમાં કેટલી ફરિયાદ સરકારને મળેલ છે, અને

(૨) ઉક્ત ફરિયાદો અન્વયે રાજ્ય સરકારે શી વિચારણા હાથ ધરી છે ?

જવાબ

(૧) અને (૨) : રાજ્યમાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ હાઈ સ્પીડ ડીઝલ ઓઈલ ઉપર ૩% અને મોટર સ્પીરીટ પર ૨% સેસ લેવામાં આવે છે. તે સિવાય રાજ્ય સરકાર દ્વારા અન્ય માલના વેચાણ ઉપર ૧% સેસ લેવામાં આવતો ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

નવસારી જિલ્લામાં વિકેન્દ્રીત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ ફાળવેલ ગ્રાન્ટ

* ૨૩૧૦૧ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય આયોજન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વિકેન્દ્રીત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ નવસારી જિલ્લાને વર્ષ ૨૦૧૩–૧૪ દરમિયાન ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને

(૨) આ ફાળવેલ ગ્રાન્ટ સામે કેટલાં કામો મંજૂર થયેલ છે અને કેટલાં કામો પૂર્ણ થયેલ છે ?

જવાબ

(૧) વર્ષ ૨૦૧૩–૧૪ દરમિયાન નવસારી જિલ્લાને ફાળવેલ રૂ. ૨૨૨૫.૦૦ લાખની ગ્રાન્ટ સામે તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં રૂ. ૨૧૪૬.૧૨ લાખનો ખર્ચ થયેલ છે.

(૨) મંજૂર થયેલ કુલ–૧૦૯૬ કામો સામે કુલ–૧૦૭૫ કામો પૂર્ણ થયેલ છે.

બનાસકાંઠા જિલ્લામાં ફીડરોનું વિભાજન

* ૨૩૦૭૪ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) : વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળી રહે તે માટે બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ. ૭૪૫.૮૩ લાખનાં ખર્ચે કુલ ૮૪ ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું.

જુનાગઢ જિલ્લામાં જિલ્લા પંચાયતનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ

* ૨૨૭૧૦ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જુનાગઢ જીલ્લામાં જિલ્લા પંચાયતનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલું છે,

જવાબ

(૧)

| સંવર્ગ | મંજૂર મહેકમ |
|---|---|
| વર્ગ–૧ | ૧૫ |
| વર્ગ–૨ | ૧૪૪ |
| વર્ગ–૩ | ૧૭૨૮ |
| વર્ગ–૪ | ૩૨૮ |

| કુલ | ૨૨૧૫ |
|---|---|

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨)

| સંવર્ગ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| વર્ગ–૧ | ૮ | ૭ |
| વર્ગ–૨ | ૧૦૧ | ૪૩ |
| વર્ગ–૩ | ૧૧૩૩ | ૫૯૫ |
| વર્ગ–૪ | ૧૬૦ | ૧૬૮ |
| કુલ | ૧૪૦૨ | ૮૧૩ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૩)

| સંવર્ગ | એક વર્ષ કરતા વધુ સમયથી ખાલી જગ્યાઓ |
|---|---|
| વર્ગ–૧ | ૪ |
| વર્ગ–૨ | ૩૧ |
| વર્ગ–૩ | ૩૫૫ |
| વર્ગ–૪ | ૧૫૦ |
| કુલ | ૫૪૦ |

(૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૪) ભરતી કેલેન્ડર અનુસાર સત્વરે.

### સુરેન્દ્રનગર જિલ્લામાં ખેડૂતોને વીજ બિલમાં રાહત આપવા બાબત

* ૨૩૧૧૨ શ્રી પૂનમભાઈ મકવાણા (દસાડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્ય સરકાર દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાના કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બિલમાં કોઈ રાહત આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાના ખેડૂતોને વીજ બિલમાં રાહત માટે કેટલી સબસીડી આપવામાં આવી ?

જવાબ

(૧) હા જી. નામ. ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા કૃષિ વિષયક વપરાશ અંગેના વીજ દરો નક્કી કરવામાં આવે છે, પરંતુ, ખેડૂતોએ નામ. આયોગે નક્કી કરેલ દરો મુજબ નહીં પરંતુ, સરકારશ્રીએ નક્કી કરેલા રાહત દરો મુજબ જ વીજ બિલની ચુકવણી કરવાની રહે છે. વીજ દર અંગેની તફાવતની રકમ ખેડૂતો વતી રાજ્ય સરકાર વીજ કંપનીઓને ચૂકવે છે.

આ ઉપરાંત, વીજ ઉત્પાદન ખર્ચમાં ભાવ વધારાના કારણે વીજ કંપનીઓને થતા વધારાના ખર્ચને પહોંચી વળવા માટે વીજ ગ્રાહકો પાસેથી નામદાર ગુજરાત વીજ નિયમન આયોગની ફોર્મ્યુલા મુજબ ફ્યુઅલ સરચાર્જની વસુલાત પણ ખેડૂતોના કિસ્સામાં તેમની પાસેથી વસુલ ન કરીને, તે અંગેની રકમ પણ રાજ્ય સરકાર ખેડૂતો વતી વીજ કંપનીઓને ચૂકવે છે.

આ ઉપરાંત, તા. ૦૯–૦૨–૨૦૧૫ના ઠરાવથી સમગ્ર ખેતી વિષયક જોડાણોને ખેત ઉપજની સહાય માટે રાજ્ય સરકારશ્રી દ્વારા ખેડૂતોને વીજ વપરાશના બિલમાં નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ માટે તેમના વીજ બિલની ૫૦% રકમ રાહત તરીકે આપવામાં આવેલ છે.

(૨) છેલ્લા બે નાણાંકીય વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા સુરેન્દ્રનગર જીલ્લાના ખેડૂતોને વીજ બિલમાં આપવામાં આવેલ સબસીડીનું પત્રક આ સાથે સામેલ છે.

પત્રક

(રૂ. કરોડમાં)

| અ.નં. | વિગત | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ (ડિસેમ્બર ૨૦૧૫ સુધી) |
|---|---|---|---|
| ૧ | હોર્સપાવર આધારિત વીજ દરો માટે સહાયકી | ૪૮.૨૮ | ૩૬.૮૫ |
| ૨ | જીઈઆરસી વીજ દરમાં રાહત માટે સહાયકી | ૪૯.૪૩ | ૪૦.૪૩ |
| ૩ | બળતણ ખરીદી તથા વીજળી ખરીદી માટે સહાયકી | ૬૫.૪૦ | ૫૬.૯૫ |
| ૪ | ખેતીવાડી ગ્રાહકોને વીજ બિલમાં ૫૦ ટકા રાહત | ૨૪.૨૭ | – |
| | કુલ | ૧૮૭.૩૮ | ૧૩૪.૨૩ |

### કચ્છ જિલ્લામાં તેરા ગામ માટે શૌચાલયની સુવિધા

* ૨૩૦૨૯ શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય પંચાયત અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

## અતારાંકિત પ્રશ્નો

પ્રશ્ન

કચ્છ જિલ્લાનાં તેરા ગામ માટે શૌચાલયની સુવિધાઓ માટે તા. ૦૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવી અને કુલ કેટલો ખર્ચ થયો ?

જવાબ

કચ્છ જિલ્લાનાં તેરા ગામ માટે શૌચાલયની સુવિધાઓ માટે તા. ૦૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૪ના વર્ષમાં કોઈ ગ્રાન્ટ ફાળવેલ નથી. પરંતુ લાભાર્થીને શૌચાલય માટે વર્ષ ૨૦૧૬માં સીધી સહાય આપવામાં આવી છે જે નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | થયેલ ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧ | ૨૦૧૪ | - |
| ૨ | ૨૦૧૫ | રૂ. ૧૮,૪૦૦/- |
| | કુલ | રૂ. ૧૮,૪૦૦/- |

### અમદાવાદ જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત વીજ જોડાણો

* ૨૩૧૧૯ શ્રી બાબુભાઈ પટેલ (દસક્રોઈ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબીની રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે રાજ્ય સરકારની ઝુંપડપટ્ટી યોજના અંતર્ગત અમદાવાદ જીલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યાં, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) : ગરીબી રેખા નીચેના લોકોને ગૃહ વપરાશ વીજ જોડાણ માટેની "ઝૂંપડા વીજળીકરણ યોજના" અંતર્ગત અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ. ૪૧૬.૫૫ લાખનાં ખર્ચે કુલ ૬૫૭૮ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા.

### વડોદરા જિલ્લામાં લોક અદાલતોનું આયોજન

* ૨૩૧૧૫ શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ (વાઘોડિયા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

(૨) કેટલા કેસામાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસુલાત કરવામાં આવી ?

જવાબ

(૧) અને (૨) : રાજ્યના વીજ ગ્રાહકો પાસેથી લ્હેણાં નીકળતા નાણાંની વસુલાતનો વિવાદથી નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૯૮ લોક અદાલતો યોજી કુલ ૨૮૮૫ કેસોમાં સમાધાન કરવામાં આવ્યું.

(૩) આ કેસોમાં વસુલવાની થતી કુલ રૂ. ૧૪૫.૭૯ લાખની રકમ પૈકી રૂ. ૮૧.૯૭ લાખની સ્થળ પર વસુલાત કરવામાં આવી અને બાકી રૂ. ૬૩.૮૨ લાખની રકમ નિયમાનુસાર હપ્તાથી વસુલ કરવામાં આવી રહેલ છે.

### ડોલવણ તાલુકામાં વોટરશેડ યોજનામાં સમાવિષ્ટ ગામો

* ૨૪૪૧૦ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ તાપી જિલ્લાના નવરચિત ડોલવણ તાલુકામાં વોટરશેડ પ્રોજેક્ટમાં કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત તાલુકાના બાકી રહેતા ગામોનો કેટલા સમયમાં સમાવેશ કરવામાં આવશે ?

જવાબ

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ તાપી જિલ્લાના નવરચીત ડોલવણ તાલુકામાં વોટરશેડ પ્રોજેક્ટમાં કુલ-૩૮ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૨) ભારત સરકારશ્રી દ્વારા ભવિષ્યમાં આપવામાં આવનાર લક્ષ્યાંક તેમજ અત્રેથી બનાવવામાં આવેલ ગામોની અગ્રતા યાદીને ધ્યાને લઈ સમયાંતરે બાકી રહેતા ગામોને વોટરશેડ યોજનામાં સમાવેશ કરવામાં આવશે.

### ગીરનાર ખાતે રોપ-વે બનાવવાની કામગીરી

* ૨૪૧૦૪ શ્રી પુંજાભાઈ વંશ(ઉના) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં ગીરનાર ખાતે રોપ-વે બનાવવાની કામગીરી કયા તબક્કે છે,

(૨) ઉકત કામગીરી કયાં સુધીમાં કેટલા ખર્ચે પૂર્ણ કરવાનું આયોજન છે, અને

જવાબ

(૧) જાહેર ખાનગી ભાગીદારી અંતર્ગત પ્રમોટર દ્વારા ગીરનાર પર્વત ઉપર રોપ વે બનાવવા માટે વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ, ૧૯૭૨ હેઠળ તાજેતર માં તા.૨૩-૧૨-૨૦૧૫ ના પત્રથી પરવાનગી મળેલ છે. જ્યારે પર્યાવરણીય કલીયરન્સ મેળવવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.

(૨) રોપ-વે નિર્માણની કામગીરી બનતી ત્વરાએ પુર્ણ કરવાનું આયોજન છે. પ્રમોટર દ્વારા રોપ-વે નિર્માણ પાછળ થનાર ખર્ચ તમામ

(૩) તે અન્વયે ઉકત સ્થિતિએ મુખ્યત્વે કઈ કામગીરી માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

કાયદાકીય મંજુરીઓ મળ્યા બાદ જ અંદાજી શકાય.

(૩) આ અંગેનો સઘળો ખર્ચ સંબંધિત પ્રમોટર દ્વારા કરવામાં આવનાર છે. પરંતુ ગીરનાર રોપ–વેની જમીન મેળવવા માટે જંગલના વળતર વનીકરણ માટે અને નામ. સુપ્રિમ કોર્ટના આદેશ અનુસાર વન સંરક્ષણ ધારા હેઠળ નેટ પ્રેઝન્ટ વેલ્યુની રકમ તરીકે રૂપિયા ૬૫.૫૮ લાખ વન વિભાગને ગુજરાત પ્રવાસન નિગમ લિમીટેડ દ્વારા ચુકવવામાં આવેલ છે.

પાટણ જિલ્લામાં વાણિજિયક વેરાની આવક

* ૨૩૦૯૩ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ દરમ્યાન તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં પાટણ જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજિયક વેરાની કેટલી આવક રાજ્ય સરકારને મળી, અને

(૨) પાટણ જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫ (પાંચ) કોમોડીટીઓ કઈ છે?

જવાબ

(૧) રૂ. ૭૮.૫૬ કરોડ

(૨) (૧) ઓઈલ અને ઓઈલ સીડ
(૨) કોટન જીનીંગ
(૩) ઓટોમોબાઈલ
(૪) પેટ્રોલિયમ પ્રોડકટ
(૫) પેપર

બનાસકાંઠા જિલ્લામાં ઘરથાળના ૧૦૦ ચોરસવાર પ્લોટો મંજૂર કરવા બાબત

* ૨૩૨૭૪ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઘરથાળના ૧૦૦ ચોરસવાર જમીનના કેટલા પ્લોટો મંજૂર કરવામાં આવ્યા,

(૨) પ્લોટ ફાળવણી માટે આ સમયગાળા દરમિયાન તાલુકાવાર કેટલી લેન્ડ કમિટિની બેઠકો મળી, અને

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં મંજૂર કરેલ પ્લોટ

| ક્રમ | તાલુકો | મંજૂર પ્લોટની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૬૮ |
| ૨ | વડગામ | ૦ |
| ૩ | દાંતા | ૪૨ |
| ૪ | અમીરગઢ | ૦ |
| ૫ | ડીસા | ૦ |
| ૬ | દાંતીવાડા | ૦ |
| ૭ | ધાનેરા | ૦ |
| ૮ | થરાદ | ૬ |
| ૯ | વાવ | ૦ |
| ૧૦ | દિયોદર | ૨૦ |
| ૧૧ | ભાભર | ૦ |
| ૧૨ | કાંકરેજ | ૦ |
| ૧૩ | લાખણી | ૦ |
| ૧૪ | સૂઈગામ | ૦ |
| | કુલ | ૧૩૬ |

(૨)

| ક્રમ | તાલુકો | લેન્ડ કમીટી મળેલની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૩ |
| ૨ | વડગામ | ૦ |
| ૩ | દાંતા | ૩ |
| ૪ | અમીરગઢ | ૦ |
| ૫ | ડીસા | ૦ |
| ૬ | દાંતીવાડા | ૦ |
| ૭ | ધાનેરા | ૦ |

| | | |
|---|---|---|
| ૮ | થરાદ | ૨ |
| ૯ | વાવ | ૦ |
| ૧૦ | દિયોદર | ૧ |
| ૧૧ | ભાભર | ૦ |
| ૧૨ | કાંકરેજ | ૦ |
| ૧૩ | લાખણી | ૦ |
| ૧૪ | સૂઈગામ | ૦ |
| | કુલ | ૯ |

(૩) જો બેઠકો ન મળી હોય તો તેના કારણો શાં છે?

(૩) અરજીઓ ન મળવાના કારણોસર.

### સુરેન્દ્રનગર જિલ્લામાં કૃષિ વિષયક વીજ બિલમાં રાહત આપવા બાબત

* ૨૩૦૭૫ શ્રી કિરીટસિંહ રાણા (લીંબડી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્ય સરકાર દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાના કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બિલમાં કોઈ રાહત આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાના ખેડૂતોને વીજ બિલમાં રાહત માટે કેટલી સબસીડી આપવામાં આવી ?

જવાબ

(૧) હાજી, નામદાર ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા કૃષિ વિષયક વપરાશ અંગેના વીજ દરો નક્કી કરવામાં આવે છે, પરંતુ, ખેડૂતોએ નામ. આયોગે નક્કી કરેલ દરો મુજબ નહીં પરંતુ, સરકારશ્રીએ નક્કી કરેલા રાહત દરો મુજબ જ વીજ બિલની ચુકવણી કરવાની રહે છે. વીજ દર અંગેની તફાવતની રકમ ખેડૂતો વતી રાજ્ય સરકાર વીજ કંપનીઓને ચૂકવે છે.

આ ઉપરાંત, વીજ ઉત્પાદન ખર્ચમાં ભાવ વધારાના કારણે વીજ કંપનીઓને થતા વધારાના ખર્ચને પહોંચી વળવા માટે વીજ ગ્રાહકો પાસેથી નામદાર ગુજરાત વીજ નિયમન આયોગની ફોર્મ્યુલા મુજબ ફ્યુઅલ સરચાર્જની વસુલાત પણ ખેડૂતોના કિસ્સામાં તેમની પાસેથી વસુલ ન કરીને, તે અંગેની રકમ પણ રાજ્ય સરકાર ખેડૂતો વતી વીજ કંપનીઓને ચૂકવે છે.

આ ઉપરાંત, તા. ૦૯–૦૨–૨૦૧૫ના ઠરાવથી સમગ્ર ખેતી વિષયક જોડાણોને ખેત ઉપજની સહાય માટે રાજ્ય સરકારશ્રી દ્વારા ખેડૂતોને વીજ વપરાશના બિલમાં નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ માટે તેમના વીજ બિલની ૫૦ ટકા રકમ રાહત તરીકે આપવામાં આવેલ છે.

(૨) છેલ્લા બે નાણાંકીય વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા સુરેન્દ્રનગર જીલ્લાના ખેડૂતોને વીજ બિલમાં આપવામાં આવેલ સબસીડીનું પત્રક આ સાથે સામેલ છે.

પત્રક

(રૂ. કરોડમાં)

| અ.નં. | વિગત | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ (ડિસેમ્બર ૨૦૧૫ સુધી) |
|---|---|---|---|
| ૧ | હોર્સપાવર આધારિત વીજ દરો માટે સહાયકી | ૪૮.૨૮ | ૩૬.૮૫ |
| ૨ | જીઈઆરસી વીજ દરમાં રાહત માટે સહાયકી | ૪૯.૪૩ | ૪૦.૪૩ |
| ૩ | બળતણ ખરીદી તથા વીજળી ખરીદી માટે સહાયકી | ૬૫.૪૦ | ૫૬.૯૫ |
| ૪ | ખેતીવાડી ગ્રાહકોને વીજ બિલમાં ૫૦ ટકા રાહત | ૨૪.૨૭ | – |
| | કુલ | ૧૮૭.૩૮ | ૧૩૪.૨૩ |

### છોટાઉદેપુર જિલ્લામાં સરદાર આવાસ અને ઈન્દીરા આવાસ યોજના હેઠળ આવાસો

* ૨૪૩૪૨ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં સરદાર આવાસ અને ઈન્દીરા આવાસ યોજના હેઠળ તાલુકાવાર કેટલા આવાસો મંજુર કરવામાં આવ્યા, અને

જવાબ

(૧) (૧) સરદાર આવાસ યોજના

તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં.

| તાલુકાનું નામ | મંજુર આવાસો |
|---|---|
| છોટાઉદેપુર | ૦ |
| જેતપુર પાવી | ૦ |
| કવાંટ | ૦ |

| | |
|---|---|
| નસવાડી | ૦ |
| સંખેડા | ૦ |
| બોડેલી | ૦ |
| કુલ | ૦ |

(૨) ઈન્દિરા આવાસ યોજના તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ ૧૭૫૦ આવાસો મંજુર કરવામાં આવ્યા, જેની તાલુકાવાર અને વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૪-૧૫ | વર્ષ ૨૦૧૫-૧૬ | કુલ |
|---|---|---|---|
| છોટાઉદેપુર | ૧૬ | ૩૨૦ | ૩૩૬ |
| બોડેલી | ૦ | ૧૫૯ | ૧૫૯ |
| સંખેડા | ૩૯ | ૧૦૯ | ૧૪૮ |
| કવાંટ | ૧૩૯ | ૨૯૪ | ૪૩૩ |
| જેતપુર પાવી | ૧૦૬ | ૫૦૯ | ૬૧૫ |
| નસવાડી | ૦૬ | ૫૩ | ૫૯ |
| કુલ | ૩૦૬ | ૧૪૪૪ | ૧૭૫૦ |

(૨) મંજૂર પૈકી ઉકત સ્થિતિએ કેટલા લાભાર્થીઓને પ્રથમ હપ્તો ચૂકવવામાં આવ્યો, કેટલાને પ્રથમ અને બીજો હપ્તો ચૂકવવામાં આવ્યો અને કેટલાને અંતિમ હપ્તો ચૂકવવામાં આવ્યો?

(૨) સરદાર આવાસ યોજના

| ચૂકવેલ હપ્તો | લાભાર્થી સંખ્યા |
|---|---|
| પ્રથમ હપ્તો | ૦ |
| પ્રથમ અને બીજો | ૦ |
| અંતિમ હપ્તો | ૦ |

ઈન્દિરા આવાસ યોજના-મંજૂર પૈકી ઉકત સ્થિતિએ ૧૬૯૪ લાભાર્થીઓને પ્રથમ હપ્તો ચુકવવામાં આવ્યો, ૨૨૭ લાભાર્થીઓને પ્રથમ, અને બીજો હપ્તો ચુકવવામાં આવ્યો અને ૫૧ લાભાર્થીને અંતિમ હપ્તો ચુકવવામાં આવ્યો.

## મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં ૧૦૦ વારના પ્લોટ માટેની અરજીઓ

* ૨૪૦૬૩ શ્રી રમેશભાઈ ચાવડા(કડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર ૧૦૦વારના પ્લોટ માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ આવી.

જવાબ

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ વર્ષવાર ૧૦૦ વારના પ્લોટની મળેલ અરજીઓ

મહેસાણા જિલ્લો

| તાલુકો | વર્ષ ૨૦૧૪-૧૫ | વર્ષ ૨૦૧૫-૧૬ |
|---|---|---|
| મહેસાણા | ૩૩ | ૧૫૭ |
| કડી | ૨૨૫ | ૯૪ |
| વિજાપુર | ૦ | ૭૩ |
| ખેરાલુ | ૧૪૧ | ૦ |
| વિસનગર | ૦ | ૪૧ |
| સતલાસણા | ૦ | ૬૮ |
| ઉંઝા | ૬૧ | ૬ |
| બેચરાજી | ૭૭ | ૦ |
| જોટાણા | ૦ | ૧૫ |
| કુલ | ૫૩૭ | ૪૫૪ |

અમદાવાદ જિલ્લો

| તાલુકો | વર્ષ ૨૦૧૪-૧૫ | વર્ષ ૨૦૧૫-૧૬ |
|---|---|---|
| દસક્રોઈ | ૬૯ | ૭૫ |
| સાણંદ | ૦ | ૦ |

| | | |
|---|---|---|
| વિરમગામ | ૨૨૮ | ૧૦૦ |
| બાવળા | ૦ | ૦ |
| ધોળકા | ૦ | ૪૦ |
| માંડલ | ૦ | ૦ |
| દેત્રોજ | ૯૨ | ૧૩૦ |
| ધંધુકા | ૦ | ૧૪૪ |
| ધોલેરા | ૦ | ૦ |
| કુલ | ૩૮૯ | ૪૮૯ |

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી તાલુકાવાર કેટલા પ્લોટ ફાળવવામાં આવ્યા, અને

(૨) મહેસાણા જિલ્લો

| તાલુકો | ફાળવેલ પ્લોટ |
|---|---|
| મહેસાણા | ૬૧ |
| કડી | ૨૦૭ |
| વિજાપુર | ૫૦ |
| ખેરાલુ | ૧૧૨ |
| વિસનગર | ૩૦ |
| સતલાસણા | ૩૭ |
| ઉંઝા | ૪૩ |
| બેચરાજી | ૭૧ |
| જોટાણા | ૨ |
| કુલ | ૬૧૩ |

અમદાવાદ જિલ્લો

| તાલુકો | ફાળવેલ પ્લોટ |
|---|---|
| દસક્રોઈ | ૬૮ |
| સાણંદ | ૦ |
| વિરમગામ | ૦ |
| બાવળા | ૦ |
| ધોળકા | ૨૯ |
| માંડલ | ૦ |
| દેત્રોજ | ૧૯૩ |
| ધંધુકા | ૧૩ |
| ધોલેરા | ૦ |
| કુલ | ૩૦૩ |

(૩) ઉકત સ્થિતિએ કેટલા પ્લોટ ફાળવવાના બાકી છે અને બાકી રહેલા લોકોને કયાં સુધીમાં પ્લોટ ફાળવવામાં આવશે ?

(૩) પ્લોટ ફાળવવાના બાકી
મહેસાણા–૦૫– સ્થળ વિવાદ હોઈ બનતી ત્વરાએ નિકાલ લાવી ફાળવણી કરવામાં આવશે,
અમદાવાદ–શૂન્ય

## પાલનપુર તાલુકામાં ગૌણ ખનિજના ગેરકાયદેસર ખનન

* ૨૩૭૩૧ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય ખાણ, ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકામાં ગૌણ ખનિજના ગેરકાયદેસર ખનન તેમજ ચોરીના કેટલા બનાવો બન્યા,

(૧) ૦૬

(૨) તે પૈકી કેટલા બનાવોમાં પોલીસ ફરીયાદની કાર્યવાહીઓ કરવામાં આવી છે, અને

(૩) પોલીસ ફરીયાદની કાર્યવાહીઓ ન થઈ હોય તેવા બનાવોમાં પોલીસ ફરીયાદની કાર્યવાહી નહીં કરવા પાછળ શું કારણો છે?

(૨) અને (૩) ૦૫ કેસમાં રૂ. ૨.૦૬ લાખની વસૂલાત કરવામાં આવેલ છે. જ્યારે ૦૧ કેસમાં બિન અધિકૃત ખનન માટે રૂ.૧.૨૮ લાખ વસૂલવા નોટીસ આપેલ છે. જેની કાર્યવાહી ચાલુ હોઈ પોલીસ ફરીયાદ કરવામાં આવેલ નથી.

## તા. ૧૧મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

ઈસ્ટર્ન બ્લોકના બદલે વેસ્ટર્ન બ્લોકમાંથી કોલસો મળવા બાબત

* ૨૪૨૫૮ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારને લાંબા અંતરના ઈસ્ટર્ન બ્લોકના બદલી વેસ્ટર્ન બ્લોક માંથી કોલસો મળતો થતાં તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમની બચત થઈ, અને | (૧) રાજ્યના કોલ આધારિત વીજ મથકોને સાઉથ ઈસ્ટર્ન કોલ ફિલ્ડ લી. (SECL) ને બદલે વેસ્ટર્ન કોલ ફિલ્ડ લી. (WCL) માંથી વાર્ષિક ૧૨ લાખ મેટ્રીક ટન કોલ ફાળવવા અંગે કેન્દ્ર સરકારે તા.૧૬–૦૨–૨૦૧૫ ના રોજ મંજૂરી આપી છે. આ પ્રમાણેના કોલની ખરીદીની કિંમત અંગેની બાબત જીએસઈસીએલ અને વેસ્ટર્ન કોલ ફિલ્ડ લી. (WCL)વચ્ચે વાટાઘાટ હેઠળ છે. |
| (૨) ઉકત સ્થિતિએ તે અન્વયે વીજ ગ્રાહકોને વિજ બિલમાં કોઈ રાહત આપવામાં આવી છે કે કેમ? | (૨) તદનુસાર, બાબત આખરી થયે, થનાર સંભવિત બચત ગુજરાતનાં ગ્રાહકોને ના. વીજ નિયમન આયોગની ફોર્મ્યુલા મુજબ “ ફ્યુલ કોસ્ટ” ના ઘટાડાના સ્વરૂપે પાસ ઓન કરવામાં આવશે. |

પંચમહાલ જિલ્લામાં વ્યક્તિગત શૌચાલય

* ૨૩૧૪૩ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને | (૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે જણાવ્યા મુજબ વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા. |

(સંખ્યા)

| વર્ષ (કેલેન્ડર) | બનાવવામાં આવેલ વ્યક્તિગત શૌચાલય |
|---|---|
| ૨૦૧૩ | ૧૦૦૩૩ |
| ૨૦૧૪ | ૨૯૩૨૭ |
| કુલ | ૩૯૩૬૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) તેની પાછળ નીચે જણાવ્યા મુજબ ખર્ચ કરવામાં આવ્યો. |

(રૂ. લાખમાં )

| વર્ષ (કેલેન્ડર) | ખર્ચ |
|---|---|
| ૨૦૧૩ | ૪૬૧.૫૨ |
| ૨૦૧૪ | ૧૩૬૬.૧૧ |
* ૨૨૭૧૨ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જુનાગઢ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ફ્લાઇંગ સ્કવોડ, ગાંધીનગર દ્વારા ક્યારે દરોડા પાડી ખાણો લીઝોનું ચેકીંગ કરવામાં આવ્યું,

(૨) ઉક્ત ચેકીંગ દરમ્યાન ઉક્ત જિલ્લામાં વર્ષવાર કેવા પ્રકારની ગેરરીતિઓ અને કેટલી રકમની ખનિજ ચોરીઓ પકડાઇ, અને

(૩) તે અન્વયે ખનિજ ચોરો સામે શી કાર્યવાહી કરવામાં આવી અને જો ઉક્ત જિલ્લામાં વર્ષમાં એકપણ વાર મુલાકાત લઇ ચેકીંગ ન કરવામાં આવેલ હોય તો તેના કારણો શા છે ?

જવાબ

(૧) અને (૨)

| જિલ્લો | વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૫ |
|---|---|---|
| જુનાગઢ | તા.૧૮–૧૦–૧૪ થી તા.૨૦–૧૦–૧૪ દરમ્યાન લીઝનું ચેકીંગ કરવામાં આવેલ છે. ચેકીંગ દરમ્યાન કોઇ ગેરરીતિ ધ્યાને આવેલ નથી. | લીઝનું ચેકીંગ કરવામાં આવેલ નથી. |

(૩) (૧) વર્ષ ૨૦૧૪ ની તપાસ અન્વયે કોઇ ગેરરીતિ ધ્યાને આવેલ ન હોઇ ખનિજ ચોરી બદલ કાર્યવાહીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૨) ફ્લાઇંગ સ્કવોડ ગાંધીનગરનું કાર્યક્ષેત્ર સમગ્ર રાજ્યના તમામ જિલ્લા છે.
(૩) લીઝોની તપાસ અને અન્ય ખનિજ વહીવટની કામગીરી માટે જે તે જિલ્લામાં જિલ્લા અધિકારીની કચેરી પણ કાર્યરત છે.

### ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજ ખરીદી

* ૨૩૨૭૬ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે ખાનગી વીજ કંપનીઓ પાસેથી શા ભાવે કેટલી વીજળી ખરીદી ?

જવાબ

તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જીયુવીએનએલ દ્વારા લાબા ગાળાના વીજ ખરીદ કરાર અંતર્ગત ખાનગી વીજ કંપનીઓ પાસેથી ખરીદવામાં આવેલ વીજળીની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | ખાનગી સાહસો | વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૫ (પ્રોવીઝનલ) |
|---|---|---|---|

અતારાંકિત પ્રશ્નો

| | | મી.યુ | સરેરાશ રૂ./યુનીટ | મી.યુ | સરેરાશ રૂ./યુનીટ |
|---|---|---|---|---|---|
| ૧ | એસ્સાર પાવર ગુજરાત લીમીટેડ | ૫૩૪૨ | ૩.૦૪ | ૪૮૮૯ | ૩.૩૪ |
| ૨ | ચાઈના લાઈટ એન્ડ પાવર ઈન્ડીયા લી. | ૨૬૪ | ૪.૪૦ | ૬૨૧ | ૩.૨૫ |
| ૩ | અદાણી પાવર લીમીટેડ-૧ | ૬૮૬૪ | ૨.૯૦ | ૫૮૭૨ | ૩.૧૦ |
| ૪ | અદાણી પાવર લીમીટેડ-૨ | ૭૨૧૬ | ૨.૩૮ | ૭૫૫૯ | ૨.૩૦ |
| ૫ | એ.સી.બીય(ઈન્ડીયા)લી. | ૧૩૦૬ | ૨.૦૫ | ૧૫૧૩ | ૧.૯૮ |
| ૬ | કોસ્ટલ ગુજરાત પાવર કંપની લી. | ૧૧૫૭૩ | ૨.૪૪ | ૧૧૫૪૩ | ૨.૫૧ |

### છોટાઉદેપુર જિલ્લામાં ૧૩મા અને ૧૪મા નાણાપંચની રકમની ફાળવણી

* ૨૪૩૪૪ શ્રી ધીરુભાઈ ભીલ (સંખેડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં ૧૩મા અને ૧૪મા નાણાપંચની ગ્રાન્ટની કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ૧૪મા નાણાપંચની ગ્રાન્ટની રકમ ઉક્ત જીલ્લામાં તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતને ન ફાળવવામાં આવી હોય તો તેનાં કારણો શું છે?

જવાબ

(૧) તા.૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાને ૧૩મા નાણાપંચની રૂ.૧૦,૩૬,૫૮,૫૨૩/-અને ૧૪મા નાણાપંચની રૂ.૩૮,૪૫,૭૬,૪૭૬/- ની રકમ ફાળવવામાં આવી અને

(૨) ૧૪મા નાણાપંચ અંતર્ગત મળનાર ગ્રાન્ટની ફાળવણી સીધીજ ગ્રામ પંચાયતોને કરવામાં આવતી હોઈ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતોને ગ્રાન્ટ ન ફાળવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતોને કોમ્પ્યુટર ફાળવવા બાબત

* ૨૩૭૩૩ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાદીઠ કેટલી ગ્રામ પંચાયતોને કોમ્પ્યુર ફાળવવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ ફાળવેલ કોમ્પ્યુટર કેટલાં બંધ હાલતમાં છે, અને

(૩) બંધ પડેલ કોમ્પ્યુટર રીપેરીંગ કરવા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શું કાર્યવાહી કરવામાં આવી છે ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાની એક પણ ગ્રામ પંચાયતોને કોમ્પ્યુટર ફાળવવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન નથી.

(૩) પ્રશ્ન નથી.

### ખેડા જિલ્લામાં ઈન્દિરા આવાસ અને સરદાર આવાસ યોજના

* ૨૪૬૭૯ શ્રી નટવરસિંહ ઠાકોર (મહુધા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ મળી,

(૨) ઉક્ત અરજીઓ પૈકી આવાસો મળ્યા નથી તેવા લાભાર્થીઓની સંખ્યા કેટલી છે, અને

(૩) ઉક્ત બાકી અરજદારોને કેટલા સમયમાં આવાસના લાભો મળશે ?

જવાબ

(૧) તા.૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈન્દીરા આવાસ યોજના માટે ૨૪૨૭ અરજી મળી, જેની વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૧૨૩૧ |
| ૨૦૧૫-૧૬ | ૧૧૯૬ |
| કુલ | ૨૪૨૭ |

તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરદાર આવાસ યોજના માટે અરજીઓ મળેલ નથી.

(૨) ઉક્ત અરજીઓ પૈકી આવાસો મળ્યા નથી તેવા ઈન્દીરા આવાસ યોજના હેઠળનાં લાભાર્થીઓની સંખ્યા ૩૪૪ છે.

સરદાર આવાસ યોજના માટે અરજીઓ મળેલ ન હોઈ, પ્રશ્ન નથી.

(૩) ઈન્દિરા આવાસ યોજના હેઠળનાં ઉક્ત બાકી અરજદારોને ભારત સરકારશ્રીનાં ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા કરવામાં આવતા લક્ષ્યાંકની ફાળવણીને ધ્યાને રાખીને આવાસો નો લાભ મળશે.

સરદાર આવાસ યોજના માટે અરજીઓ મળેલ ન હોઈ, પ્રશ્ન નથી.

ચાઈના લાઈટ એન્ડ પાવર કંપની સાથે કરેલ કરાર બાબત

* ૨૨૬૭૦ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ચાઈના લાઈટ એન્ડ પાવર કંપની સાથે રાજય સરકાર દ્વારા વીજ ખરીદીનો કરવામાં આવેલ કરાર તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ચાલુ છે કે કેમ, | (૧) હા જી. |
| (૨) જો હા, તો ઉક્ત કરાર કેટલા સમય માટે, કયારે કરવામાં આવેલ, અને | (૨) તત્સમયની કેન્દ્ર સરકારની તા.૩૦–૦૩–૧૯૯૨ની ગાઈડલાઈન્સ મુજબ, તત્સમયની ગુજરાત સરકારે ઉકત કરાર તા.૦૩–૦૨–૧૯૯૪ના દિવસે પ્લાન્ટની પૂરેપૂરી ક્ષમતા એટલે કે ૬૫૫ મે.વોટ માટે કરેલ સદર કરાર પાવર પ્લાન્ટ સંપૂર્ણ કાર્યરત થયા તારીખથી (તા.૧૧–૧૨–૧૯૯૮)વીસ (૨૦) વર્ષ સુધી માન્ય છે. |
| (૩) તે અન્વયે વીજળી ખરીદી ન કરી હોવા છતાં અથવા ઓછી વીજળી ખરીદી હોવા છતાં ફિક્સડ કોસ્ટ પેટે વર્ષ ૨૦૧૩માં ૪૫૬ કરોડ અને ૨૦૧૪માં ૪૧૨ કરોડની ફિક્સડ કોસ્ટ ચુકવવામાં આવેલ છે તે વાત સાચી છે ? | (૩) ખંડ (૨)ના જવાબમાં જણાવ્યા મુજબ તત્સમયની ગુજરાત સરકારના શાસનકાળમાં થયેલ આ કરારની શરતો મુજબ આ પ્લાન્ટની તમામ વીજળી સ્ટેટ ગ્રીડ માટે ઉપલબ્ધ હોય અને જરૂરીયાત મુજબ આ પ્લાન્ટમાંથી વીજળી મેળવાતી હોય, તેમજ પ્લાન્ટ વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ હોય, ઉકત કરારની શરતો મુજબ ફિક્સ કોસ્ટ વીજ ચૂકવવી પડે છે. આમ થયેલ કરારની શરતો મુજબ, ના. વીજ નિયમન આયોગના મેરીટ ઓર્ડર્સના કારણે ઓછી વીજળી મેળવાતી હોય કે ન મેળવાતી હોય તેવા પ્રસંગે પણ, પ્લાન્ટ ઉત્પાદન માટે ઉપલબ્ધ હોય તો ફિક્સડ ચૂકવવાની થાય છે. |

મહિસાગર જિલ્લામાં સખીમંડળો

* ૨૨૬૮૭ પ્રો. હિરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મહિસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલા સખી મંડળો આવેલા છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મહિસાગર જિલ્લામાં અને તાલુકાવાર આવેલ સખી મંડળો નીચે મુજબ છે. |

| અ.નં. | તાલુકાનું નામ | સખી મંડળની સંખ્યા |
|---|---|---|
| ૧ | કડાણા | ૧૦૩૪ |
| ૨ | લુણાવાડા | ૧૦૧૫ |
| ૩ | સંતરામપુર | ૧૫૫૧ |
| ૪ | બાલાસિનોર | ૭૩૪ |
| ૫ | ખાનપુર | ૭૦૭ |
| ૬ | વિરપુર | ૬૨૫ |
| | કુલ | ૫૬૬૬ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ સખી મંડળોને કઈ પ્રવૃત્તિઓ માટે સરકાર દ્વારા સહાય ચુકવવામાં આવેલ છે ? | (૨) ઉક્ત સ્થિતિએ સખી મંડળોને સરકાર દ્વારા નીચે મુજબની સહાય આપવામાં આવે છે.<br>૧. રીવોલ્વીંગ ફંડ<br>૨. કોમ્યુનીટી ઈનવેસ્ટમેન્ટ ફંડ<br>૩. વ્યાજ રાહત |

બનાસકાંઠા જીલ્લામાં વીજ તંત્રની બેદકારીને લીધે થતા અકસ્માતમાં મૃત્યુ સામે બાકી વળતર

૨૪૭૪૭ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : તા.૨૬–૨–૨૦૧૫ના રોજ સભાગૃહ રજૂ થયેલ તારાંકિત ક્રમાંકઃ ૧૪૮૯૯ (અગ્રતા ૧૦૬)ના અનુસંધાને માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં સને ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ના વર્ષમાં ખુલ્લા વીજ વાયર તથા વીજ સપ્લાયના ખામી ભરેલા ઈલેકટ્રીક સાધનોને લીધે તેમજ વીજ તંત્રની બેદરકારીને કારણે થયેલ પ્રાણઘાતક અકસ્માતોમાં મૃત્યુ પામેલ નાગરિકો અનુક્રમે ૩ અને ૪ તથા પ્રાણીઓ અનુક્રમે ૨ અને ૧૦ ના કિસ્સામાં વળતર ચુકવવાનું તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ બાકી હતુ તે હકીકત સાચી છે, | (૧) વીજ પ્રવહન અને વીજ વિતરણ જાહેર જનતાને સ્પર્શતી એવી બાબત છે કે, વીજ તંત્રના કાબુ બહારના સંજોગોને કારણે વીજ અકસ્માતો થતા હોય છે, અત્રે એ ઉલ્લેખનીય છે કે, ખુલ્લા વીજ વાયરોના કારણે અકસ્માત તથા નથી. પરંતુ કુદરતી આફતો/આકસ્મિક સંજોગોના કારણે ખુલ્લા વીજ વાયરોને થયેલ નુકશાનના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવવાથી નાગરીકો અને પ્રાણીઓના મૃત્યુ તથા હોય છે. કેટલીક વાર વીજ પુરવઠાના સાધનો જેવા કે, ટ્રાન્સફોર્મર સેન્ટર અને ઈસ્યુલેટરમાં વરસાદ તથા |

## અતારાંકિત પ્રશ્નો

અન્ય કારણોસર અર્થ લીકેજ થવાથી અને ડેમેજ થવાથી પણ અકસ્માતો થતા હોય છે. આ સંજોગોમાં બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૨–૧૩ અને વર્ષ ૨૦૧૩–૧૪માં થયેલ અકસ્માતોમાં મૃત્યુ પામેલા નાગરિકો/પ્રાણીઓના ૧૯(ઓગણિસ) કિસ્સાઓમાં તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ વળતર ચૂકવવાનું બાકી હતું.

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ તે પૈકી કેટલાને વળતર ચુકવવામાં આવ્યુ,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલાને ચુકવવાનુ બાકી છે તથા તેના શાં કારણો છે, અને

(૨) અને (૩) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ તે પૈકી વળતર ચૂકવવાપાત્ર હોય તેવા નાગરિકોના ૫ (પાંચ) કિસ્સાઓ પૈકી ૧ (એક) કિસ્સામાં, પ્રાથમિક નાણાકિય સહાયરૂપે રૂ.૫૦,૦૦૦/- ની ચૂકવણી કરી દેવામાં આવેલ છે, ૨ કિસ્સામાં કોર્ટ કેસ પડતર હોઈ, અને ૨ કિસ્સામાં અસરગ્રસ્ત વ્યકિત બિનવારસી હોઈ, વળતરની ચુકવણી થઈ શકેલ નથી.

પ્રાણીઓના ૧૨ (બાર) કિસ્સાઓ પૈકી ૧૧ કિસ્સાઓમાં ૫૦ ટકા લેખે રૂ.૬૭,૨૦૦/-ની ચૂકવણી કરી દેવામાં આવેલ છે અને ૧ કિસ્સામાં કોર્ટ કેસ પડતર હોઈ, વળતરની ચુકવણી થયેલ નથી.

(૪) તમામ અસરગ્રસ્તોને કયાં સુધીમાં વળતર ચુકવવામાં આવનાર છે ?

(૪) બાકી રહેતું વળતર નામ, કોર્ટના ચૂકાદાને અધીન અને જરૂરી દસ્તાવેજી પુરાવા રજુ થયેથી ચૂકવવામાં આવશે.

### વલસાડ જિલ્લામાં શૌચાલયો બનાવવા બાબત

* ૨૪૧૭૬ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા શૌચાલયો બનાવવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ કેટલા શૌચાલયો બનાવવાના બાકી છે અને તે કેટલા સમયમાં બનાવવામાં આવશે?

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વલસાડ જિલ્લામાં તાલુકાવાર નીચે દર્શાવ્યા મુજબ શૌચાલયો બનાવવામાં આવ્યા.

| અ.નં. | તાલુકા | તા.૧–૨–૨૦૧૪ થી ૩૧–૧–૨૦૧૫ | તા.૧–૨–૨૦૧૫ થી ૩૧–૧–૨૦૧૬ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | વલસાડ | ૯૪૯ | ૪૬૨૧ | ૫૫૭૦ |
| ૨ | પારડી | ૧૫૪૮ | ૬૯૧૫ | ૮૪૬૩ |
| ૩ | ઉંમરગામ | ૧૫૨૫ | ૪૩૩૯ | ૫૮૬૪ |
| ૪ | ધરમપુર | ૨૦૭૩ | ૩૩૧૯ | ૫૩૯૨ |
| ૫ | કપરાડા | ૭૧૩ | ૧૧૭૧ | ૧૮૮૪ |
| | કુલ | ૬૮૦૮ | ૨૦૩૬૫ | ૨૭૧૭૩ |

(૨) અને તે અન્વયે ઉક્ત સ્થિતિએ નીચે દર્શાવ્યા મુજબના શૌચાલયો બાકી છે અને તે સત્વરે બનાવવામાં આવશે.

| અ.નં. | તાલુકાનું નામ | બનાવવાના બાકી શૌચાલયની સંખ્યા |
|---|---|---|
| ૧ | વલસાડ | ૧૯૫૩૫ |
| ૨ | પારડી | ૬૫૪૯ |
| ૩ | ઉંમરગામ | ૨૨૮૯૭ |
| ૪ | ધરમપુર | ૬૬૭૫ |
| ૫ | કપરાડા | ૧૪૬૩૫ |
| | કુલ | ૭૦૨૯૧ |

### ડીસા તાલુકામાં ગ્રામસભાઓ યોજવા બાબત

* ૨૨૬૮૮ શ્રી ગોવાભાઈ રબારી (ડીસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ડીસા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી ગ્રામસભાઓ યોજવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તેમા કેટલા પ્રશ્નો કે ફરિયાદ રજૂ થયા અને કેટલા પ્રશ્નો કે ફરીયાદોનો નિકાલ થયો, અને

જવાબ

(૧)

| વર્ષ | ગ્રાસભાઓની સંખ્યા |
|---|---|
| ૨૦૧૪ | ૨૫૦ |
| ૨૦૧૫ | ૨૨૪ |
| કુલ | ૪૭૪ |

(૨)

| વર્ષ | પ્રશ્નો | નિકાલ | બાકી |
|---|---|---|---|
| ૨૦૧૪ | ૮૭ | ૮૫ | ૨ |
| ૨૦૧૫ | ૩૩૧ | ૩૧૦ | ૨૧ |

| | | | |
|---|---|---|---|
| કુલ | ૪૧૮ | ૩૯૫ | ૨૩ |

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેતા પ્રશ્નો/ફરીયોદોનો કેટલા સમયમાં નિકાલ થશે ?

(૩) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ બાકી રહેલ ૨૩ પ્રશ્નોનો હાલની સ્થિતિએ નિકાલ થયેલ હોઈ પ્રશ્ન નથી.

---------

પોઈન્ટ ઓફ ઓર્ડર

પ્રશ્નોત્તરીકાળ દરમ્યાન અભિનંદન આપવા બાબત

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપની ખુરશી પરથી માનનીય અધ્યક્ષશ્રીના કોઇ આદેશ હોય તેનું ઇરાદાપૂર્વક વારંવાર ઉલ્લંઘન થાય એ સમગ્ર ગૃહનું અવામાન છે. આવા માનનીય અધ્યક્ષશ્રીના પણ નિર્ણયો છે. આપના સહિત ભૂતકાળમાં અનેક માનનીય અધ્યક્ષશ્રીઓએ વારંવાર કહ્યું છે કે પ્રશ્નોત્તરીનો કાળ અત્યંત મહત્વનો છે. તેમાં અભિનંદનમાં નહીં પડવું જોઇએ. આપે પણ ભૂતકાળમાં અનેક અવલોકનો કર્યા છે. આ જાણવા છતાં, વારંવાર આપના કહેવા છતાં એક પેટર્ન જ બનાવવાની કે પ્રશ્ન પૂછવા ઉભા થઇએ એટલે પહેલાં અભિનંદનોની વર્ષા અડધી મિનિટ સુધી ચલાવવાની અને પછી પ્રશ્ન પૂછવાનો. આ ગૃહનું અવમાન છે, આપના સ્પષ્ટ આદેશો આ માટેના થાય તેવી આશા રાખું છું.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દ્વારા જે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરવામાં આવ્યો છે તેમાં એ વાત સાચી છે કે ભૂતકાળમાં માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયોની અંદર આ પ્રમાણેના ઉલ્લેખો ન કરવા જોઇએ. પણ માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી એ ધ્યાન દોરવા માગું છું કે આ સભાગૃહની અંદર ૧૦ થી ૧૨ જેટલા પ્રશ્નો પ્રશ્નોત્તરીમાં ચર્ચામાં આવતા હોય છે. આ પ્રશ્નોમાં કોઇ એક કે બે પ્રશ્નો એવા હોય છે કે બે પ્રશ્નોની અંદર સભ્યો પોતે પોતાની લાગણી વ્યક્ત કરતા હોય છે. એની પાછળનો એનો કોઇ આશય નથી. અગાઉના માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયમાં એવું છે કે બને તો અભિનંદન અને વિશેષણો ટાળવા. ૧૦ કે ૧૨ પ્રશ્નોમાંથી કયારેક જ આનો ઉલેખ કરવામાં આવે છે એટલે સરકારની સારી વાત સ્વાભાવિક તેમાં જો અભિનંદનના સ્વરૂપમાં રજૂ કરી હોય તો તેનો આ પ્રમાણેનો મુદ્દો ઉપસ્થિત કરવો અયોગ્ય છે.

અધ્યક્ષશ્રી : માનનીય શક્તિસિંહજીએ જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે, માનનીય સંસદીય મંત્રીશ્રી પ્રદીપસિંહે પણ તેમાં પોતાના સૂચન કર્યા છે. ભૂતકાળમાં પણ આ પ્રકારના અનેક રુલીંગ આપવામાં આવ્યા છે કે આ પ્રશ્નકાળ એ સર્વે ધારાસભ્યો માટે ખૂબ જ મહત્વનો સમય છે અને ધારાસભ્યો આ પ્રશ્નકાળ દરમ્યાન પોતાના મતવિસ્તારમાં પ્રજાના જે પ્રશ્નો હોય છે તેનાથી આ ગૃહને વાકેફ કરીને સરકારમાં ધ્યાન દોરતા હોય છે અને સરકાર પણ જે સારા કાર્યો થયા હોય તેની ગૃહ મારફતે ચર્ચા કરીને પ્રજા સુધી પહોંચાડતા હોય છે. અનેક પૂર્વ અધ્યક્ષશ્રીઓએ પણ કહ્યું છે કે સભ્ય જયારે પ્રશ્ન પૂછે ત્યારે એક તો પૂર્વભૂમિકા વગર સીધો પ્રશ્ન પૂછવો જોઇએ અને મંત્રીશ્રી પણ જયારે જવાબ આપતા હોય ત્યારે બને એટલો ટૂંકો તેનો જવાબ આપવાનો હોય છે. પુંજાભાઇએ પણ થોડા દિવસ પહેલાં પ્રશ્ન ઉભો કર્યો હતો અને ત્યારે પણ મેં રુલીંગ આપ્યું હતું. આમ તો આપણાં વિધાનસભાના રુલ્સ એવા છે કે પ્રશ્નોત્તરીનો સમય આપણે એક પ્રશ્ન પાછળ પાંચ મિનિટ ફાળવતા હોઇએ છીએ. કયાંક મહત્વનો પ્રશ્ન હોય તો ભૂતકાળમાં પણ દાખલાઓ બન્યા છે. નર્મદાનો પ્રશ્ન હોય, કોઇ આદિવાસી જિલ્લાને લગતી સમસ્યાના પ્રશ્નો હોય તો આવા પ્રશ્નોમાં આપણે પાંચ મિનિટના બંધનમાં રાખી શકતા નથી અને ધારાસભ્યશ્રીને તક આપતા હોઇએ છીએ. આપણાં બન્ને પક્ષનું વલણ એવું હોવું જોઇએ કે બને તેટલા આપણે ટૂંકા પ્રશ્નો પૂછીએ, ટૂંકા જવાબો આપીએ. આવકાર કે પૂર્વભૂમિકા આપણે બધાએ ન બાંધવી જોઇએ. એટલે આ પ્રકારનું બન્ને પક્ષે ધ્યાન રાખવામાં આવે એવી આજના તબક્કે હું તાકીદ કરું છું.

અધ્યક્ષશ્રીની જાહેરાત

મૂળ પ્રશ્નને આનુષાંગિક પૂરક પ્રશ્ન ન હોવા અંગે

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે પ્રશ્નોત્તરીકાળ દરમ્યાન પ્રશ્ન ક્રમાંક-૧નો પૂરક પ્રશ્ન પૂછતી વખતે પ્રશ્નના પ્રભારી સભ્યે પ્રશ્ન પૂછતી વખતે સુજલામ્ સુફલામ્ યોજના સંબંધે રચાયેલી જસ્ટિસ એમ.બી. શાહ તપાસ પંચનો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવા સંબંધે સરકારે કરેલ કાર્યવાહીને લગતો પૂરક પ્રશ્ન પૂછયો હતો ક્ત પૂરક પ્રશ્નનો જવાબ આપતા માનનીય મંત્રીશ્રી નાનુભાઇ વાનાણીએ જણાવ્યું હતું કે, મૂળ પ્રશ્ન સુઝલામ્-સુફલામ્ યોજના અંતર્ગત પાટણ-રિદ્રોલ ઉદ્વહન સિંચાઇ યોજનાને લગતો છે. જેમાં ભ્રષ્ટાચાર સંબંધે કોઇ ફરિયાદ મળેલ નથી. માનનીય મંત્રીશ્રીના આ જવાબ અંગે અસંતોષ વ્યક્ત કરી વિરોધપક્ષના ગૃહમાં હાજર રહેલા તમામ સભ્યોએ દેખાવો કરી, સૂત્રોચ્ચાર કરી ગૃહની કાર્યવાહીમાં અવરોધ ઉભો કર્યો હતો. આ તબક્કે અધ્યક્ષસ્થાનેથી મેં પણ વિરોધપક્ષને આવી પ્રવૃત્તિ ન કરવા વિનંતી કરી હતી અને જણાવ્યું હતું કે, માનનીય સભ્યશ્રી બલવંતસિંહનો પ્રશ્ન છે એ મૂળ પ્રશ્નની ક્ષેત્ર મર્યાદામાં તેમણે પૂછેલ પ્રશ્ન આવતો નથી. તેમ છતાં વિરોધપક્ષ તરફથી સૂત્રોચ્ચાર અને દેખાવો કરવાનું સતત ચાલુ રાખી જસ્ટીસ એમ.બી.શાહ તપાસ પંચનો અહેવાલ ગૃહના મેજ ઉપર મૂકવાની રજૂઆત કરી અને તેમ કરીને ગૃહના સૌ સભ્યો માટે ખૂબ જ અગત્યનો પ્રશ્ન કલાકનો દૂર્વ્યય કરવાનો પ્રયત્ન થયો હતો. તે સંબંધે પ્રશ્નોત્તરી બાદ માનનીય મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાએ પ્રશ્ન કાળ દરમિયાન ખલેલ પહોંચાડવાના વિરોધપક્ષના આ કૃત્યનો ગૃહના નિયમો અને પરંપરાને યોગ્ય ન હતું તે સંબંધે નિર્ણય આપવા પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો. ઉક્ત મુદ્દા સંબંધમાં માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ તથા માનનીય સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. તે સમયે મારો નિર્ણય મેં બાકી રાખ્યો હતો અને બાદમાં નિર્ણય આપવાનું જણાવ્યું હતું. આ બાબતમાં મેં તથા મારા પુરોગામી અધ્યક્ષોએ અગાઉ પણ નિર્ણયો આપ્યા

હતા કે પ્રશ્નકાળ એ આપણા સૌના માટે કિંમતી સમય છે. આ કાળ દરમિયાન પ્રજાના પ્રશ્નોને વાચા આપવાનું આપણું ધ્યેય હોવું જોઇએ અને તે કારણસર પ્રશ્નકાળ દરમિયાન આ ગૃહમાં પરંપરા રહી છે કે કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર પણ આપણે ઉઠાવવા દેતા નથી. અગાઉના નિર્ણયોમાં મેં જણાવ્યું હતું કે ગૃહના બન્ને પક્ષના સભ્યશ્રીઓએ ખૂબ ટૂંકમાં અને મૂળ પ્રશ્નમાંથી ઉદ્ભવતા પૂરક પ્રશ્ન પૂછવા જોઇએ. જેથી પ્રશ્નકાળનો સમય વેડફાય નહીં. આપણા નિયમ– ૮૯માં પણ પૂરક પ્રશ્ન મૂળ પ્રશ્નને સુસંગત અને તેની ક્ષેત્ર મર્યાદામાં રહી પૂછી શકાય તેવી જોગવાઇ કરવામાં આવી છે અને મંત્રીશ્રીએ પણ પ્રત્યુત્તર તે જ પ્રમાણે આપવાનો રહેશે. તેમ છતાં આજે માનનીય સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે મૂળ પ્રશ્નને અસંગત અને તેની ક્ષેત્ર મર્યાદા બહાર જઇને પૂરક પ્રશ્ન પૂછ્યો હતો અને મંત્રીશ્રીએ પણ તે સમયે જણાવ્યું હતું કે તેમણે પૂછેલ પ્રશ્ન મૂળ પ્રશ્ન સાથે સુસંગત નથી. તેમ છતાં વિરોધપક્ષના સભ્યશ્રીઓ તરફથી સતત સૂત્રોચ્ચાર અને દેખાવો કરીને અત્યંત મહત્ત્વના પ્રશ્નકાળને અવરોધવાનો પ્રયાસ કર્યો હતો. તે કોઇપણ રીતે યોગ્ય ન હતું. જે રીતે વિરોધપક્ષની પાછલી હરોળના સભ્યો સૂત્રો લખેલા કાગળોનું નિદર્શન કરતા હતા તે પરથી સ્પષ્ટ જણાઇ આવે છે કે તેમનું આ કૃત્ય પૂર્વ આયોજીત હતું. આપ સૌ પ્રજાના પ્રતિનિધિ છો. પ્રજાની વેદનાને અને પ્રજાના પ્રશ્નોને ઉકેલવા માટે આપણે સૌ અહીંયાં આવીએ છીએ ત્યારે અગત્યના માનવ કલાકો અને ગૌરવવંતી ગુજરાતની ગૌરવશાળી પ્રતિભાને વિશેષ પ્રકાશિત કરી શકીએ એવી પરંપરા સ્થાપિત કરવા અને આવનારી પેઢી માટે લોકશાહીના મૂલ્યોનું જતન કરનારી આદર્શ પરંપરા સ્થાપિત થાય એ જોવાની આપણી સૌની પવિત્ર ફરજ છે. લોકશાહીમાં આપણે સૌ રક્ષક બની આ ગૃહની ગરિમાને વધારીશું એ આપણા સૌના માટે ખૂબ સારી બાબત છે. જેથી ભવિષ્યમાં આવી કોઇ ઘટનાનું પુનરાવર્તન ન થાય તે અંગે કાળજી રાખવા સૌ સભ્યશ્રીઓને જણાવું છું અને માનનીય મંત્રીશ્રીનો પોઇન્ટ ઓફ ઓર્ડર ગ્રાહ્ય રાખું છું.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦–૧૧નો વાર્ષિક અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી વતી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦–૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

ઓડિટ અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦–૧૧નો વાર્ષિક અહેવાલ

પ્રો વસુબેન ન. ત્રિવેદી (રાજ્યકક્ષાના મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦–૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

ઓડિટ અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ

શ્રી ગોવિંદભાઇ પટેલ ( રાજ્યકક્ષાના ઉર્જા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

ઓડિટ અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ

શ્રી ગોવિંદભાઇ પટેલ (રાજ્યકક્ષાના ઉર્જા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૪–૧૫નોવાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

ઓડિટ અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

પોઇન્ટ ઓફ ઓર્ડર

બજેટ રજૂ થયા બાદ તાકિદે ઓડિટ અહેવાલો રજૂ કરવા અંગે

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ(અબડાસા) : માનીય અધ્યક્ષશ્રી, હું આપનું માનનીય અધ્યક્ષશ્રીઓના અગત્યના નિર્ણયો ૧૯૬૦ થી ૧૯૮૪ના નિર્ણય ક્રમાંક–૩૨, પાના નં. ૨૯ તરફ ધ્યાન દોરવા માગું છું. આજે ૧૨ ઓડિટ અહેવાલો વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવી રહ્યા છે. ૧૭મી માર્ચ ૧૯૭૦ના રોજ નાણામંત્રીશ્રી જસવંત મહેતાએ ૧૯૬૮–૬૯ના સરકારના હિસાબો અને વિનિયોગ હિસાબો તેમજ તેના પરનો ઓડિટ રિપોર્ટ વિધાનસભાના મેજ ઉપર મૂકવા માટે રજા માગી ત્યારે શ્રી મનોહરસિંહ જાડેજાએ, મંત્રીશ્રીએ જવાબદારી સ્વીકારી હોવા છતાં માગણીઓ ઉપરની ચર્ચા પહેલાં ઓડિટ રિપોર્ટ આપવામાં આવ્યો નથી તેવો મુદ્દો ઉપસ્થિત કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ નીચે મુજબ નિર્ણય આપ્યો, ''એટલે સૂચન કરી શકાય કે મંત્રીશ્રી બજેટ રજૂ કરે ત્યાર પછી આ રિપોર્ટ ગૃહ આગળ રજૂ કરે એવી જાતનો રિવાજ રાખવો જોઇએ. બજેટ રજૂ થયા પછી એક અઠવાડિયામાં.'' સામાન્ય ચર્ચાઓ પૂરી થઇ ગઇ, એક અઠવાડિયું પૂરું થઇ ગયું અને બીજા અઠવાડિયામાં આપણે માગણીઓ પરની ચર્ચાઓ અને એમાં પણ

## ફાલ્ગુન ૨૧, ૧૯૩૭ શાકે

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

મહત્ત્વની માગણીઓ પરની ચર્ચાઓ પૂરી થયા પછી એકાદ ઓડિટ અહેવાલ નહિ, ૧૨ ઓડિટ અહેવાલો અહીંયા રજૂ થયા છે ત્યારે ભૂતકાળના નિર્ણયો, કારણ કે સભ્યશ્રીઓને આમાંથી વાંચીને વાત કરવાની કોઇ તક મળી શકે, સત્તાધારી પક્ષના સભ્યો જ્યારે વાત કરવાના હોય તો એમાંથી કહી શકે અને અમારે પણ રિપોર્ટ વિશે કાંઇ ટીકાત્મક કહેવું હોય તો કહી શકાય એટલા માટે ભૂતકાળમાં નિર્ણયો હતા કે બજેટ રજૂ થયા પછી એ જ અઠવાડિયામાં ઓડિટ અહેવાલો રજૂ થવા જોઇએ. આજે ૧૨ ઓડિટ અહેવાલો છે.

અધ્યક્ષશ્રી : માનનીય શક્તિસિંહે ઓડિટ અહેવાલો રજૂ કરવાની વાત ગૃહ સમક્ષ રજૂ કરી છે પરંતુ માનનીય શક્તિસિંહે જે ઉદાહરણ ટાંક્યું છે એ ૧૯૬૦ થી ૧૯૮૪ના પાન નં. ૨૯ના ૩૨ મા ક્રમે છે. ત્યાર પછીના ૨૦૦૮ થી ૨૦૧૨ ની દરમ્યાનના આવા જ પ્રકારનો પ્રશ્ન આ ગૃહમાં ઉપસ્થિત થયો. એ વખતે પણ અધ્યક્ષશ્રીઓએ નિર્ણય આપેલ છે કે, અંદાજપત્ર રજૂ થયા બાદ એક અઠવાડિયામાં મૂકવાનું સૂચન છે. કોઇ વિધાનસભાના નિયમો કે બંધારણમાં એનો ઉલ્લેખ નથી. એટલે આપણું તો સૂચન જ છે. પરંતુ બને એટલા વહેલા રિપોર્ટો મૂકાય. નેક્સ્ટ.

### સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

### ૨૦૧૪-૧૫નો ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી ગોવિંદભાઇ પટેલ ( રા.ક.ના ઊર્જા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૪-૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

### ૨૦૧૪-૧૫નો ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગનો વાર્ષિક અહેવાલ

શ્રી રમણલાલ વોરા ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગનો સન ૨૦૧૪-૧૫નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

### સન ૨૦૧૩-૧૪નો ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના વાર્ષિક હિસાબ, ઓડિટ રિમાર્કસ તથા અહેવાલ

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા ( રા.ક.ના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના સન ૨૦૧૩-૧૪ના વાર્ષિક હિસાબો અને તેના ઉપરના ઓડિટ રિમાર્કસ તથા આ અહેવાલ સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક હિસાબો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

### ૨૦૧૬-૧૭નું ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનું અંદાજપત્ર તથા સુધારેલ અંદાજપત્ર

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા (રા.ક.ના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનું સન ૨૦૧૬-૧૭ ના વર્ષનું અંદાજપત્ર અને સન ૨૦૧૫-૧૬ ના વર્ષનું સુધારેલ અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અંદાજપત્ર તથા સુધારેલું અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

### ૨૦૧૩-૧૪નો ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડનો વાર્ષિક વહિવટી અહેવાલ તથા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર ( રા.ક.ના શ્રમ અને રોજગાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત શ્રમ યોગી કલ્યાણ બોર્ડનો સન ૨૦૧૩-૧૪ ના વર્ષનો વાર્ષિક વહિવટી અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક વહિવટી અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

### ૨૦૧૧-૧૨નો નવસારી કૃષિ યુનિવર્સિટીનો ઓડિટ અહેવાલ તથા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

શ્રી જશાભાઇ ભા. બારડ (રા.ક.ના કૃષિ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નવસારી કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૧-૧૨નો ઓડિટ અહેવાલ અને તેના ઉપર લેવાયેલા પગલાનું નિવેદન તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

### ૨૦૧૦-૧૧નો આણંદ કૃષિ યુનિવર્સિટીનો ઓડિટ અહેવાલ તથા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

શ્રી જશાભાઇ ભા. બારડ (રા.ક.ના કૃષિ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આણંદ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૦-૧૧નો ઓડિટ અહેવાલ અને તેના ઉપર લેવાયેલા પગલાનું નિવેદન તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

તા. ૧૧મી માર્ચ, ૨૦૧૬

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

ગુજરાત જાહેર સેવા આયોગનો વાર્ષિક અહેવાલ તથા સ્પષ્ટીકરણાત્મક યાદી

શ્રી રમણલાલ વોરા ( સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત જાહેર સેવા આયોગનો વાર્ષિક ઓડિટ અહેવાલ અને આયોગની સલાહના અસ્વીકારના કિસ્સાઓ માટેની સ્પષ્ટીકરણાત્મક યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ તથા સ્પષ્ટીકરણાત્મક યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

૨૦૧૩ના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમનું જાહેરનામું

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સન ૨૦૧૩ના ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ અન્વયેના તા.૧૯/૮/૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક–જીએચ/વી/૧૫૭ ઓફ ૨૦૧૪/પીઆરસીએચ–૧૦૨૦૧૩–૩૮૨–એલ(પાર્ટ–૨) સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

જાહેરનામું સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

માગણી ક્રમાંક–૧૦૧

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી આવાસનને લગતી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૫,૯૪,૩૭,૭૩,૦૦૦/–ની માગણી ક્રમાંક–૧૦૧ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૧૦૧ રજૂ કરવામાં આવી.

શ્રી પૂનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરવામાં આવી.

શ્રીમતી કામિનીબા ભૂ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરવામાં આવી.

શ્રી મિતેશભાઇ ક. ગરાસિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરવામાં આવી.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરવામાં આવી.

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરવામાં આવી.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

માગણી ક્રમાંક.૧૦૨

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસને લગતી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ .૮૩,૩૮,૯૪,૭૫,૦૦૦/–ની તથા મૂડી ખર્ચ માટે રૂ. ૭,૨૭,૦૧,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૧૦૨ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૧૦૨ રજૂ કરવામાં આવી.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરવામાં આવી.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી અનિલભાઇ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૭ રજૂ કરું છું.

ફાલ્ગુન ૨૧, ૧૯૩૭ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી ભોળાભાઇ ભી. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરવામાં આવી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરવામાં આવી.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

માગણી ક્રમાંક.૯૨

શ્રી રમણલાલ વોરા ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાજીક સુરક્ષા અને કલ્યાણને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૪,૬૫,૪૬,૮૮,૦૦૦/– અને મૂડી ખર્ચ માટે રૂ. ૬૩,૫૬,૮૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૯૨ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૯૨ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી મોહમદજાવેદ અ. પીરજાદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૫ રજૂ કરવામાં આવી.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૭ રજૂ કરવામાં આવી.

માગણી નં. ૯૫

શ્રી રમણલાલ વોરા ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જાતિ પેટા યોજના સેવાને લગતી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૩૩,૨૫,૩૫,૧૪,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ. ૧૦,૬૫,૭૯,૩૦,૦૦૦/– ની માગણી ક્રમાંક – ૯૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંકઃ ૯૫ રજૂ કરવામાં આવી .

શ્રી નિરંજનભાઇ પ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૯ રજૂ કરવામાં આવી.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૧ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૨ રજૂ કરવામાં આવી.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૪ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૫ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૮ રજૂ કરવામાં આવી.

## તા. ૧૧મી માર્ચ, ૨૦૧૬
## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૯ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫૦ રજૂ કરવામાં આવી.

સન ૨૦૧૬-૨૦૧૭ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી શુક્રવાર, તા. ૧૧-૦૩-૨૦૧૬ (ત્રીજા દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

| અનુ. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ<br>માંગણી નં ૧૦૧ | | |
| ૧ | ૨૨૧૬–આવાસન<br>૦૨– શહેરીગૃહ નિર્માણ<br>૧૦૩–ગૃહ નિર્માણ......<br>સહાય<br>રૂ. ૩૭૪૯૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬<br>પાના નં. ૧૯ | ૧૦૦ | ગૃહ નિર્માણ બોર્ડને સહાય આપવા છતાં આવાસો બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પૂનમભાઇ પરમાર |
| ૨ | ,, ,, ,, | ૧૦૦ | ગૃહ નિર્માણ બોર્ડની ફાજલ જમીનો ઉપર આવાસો બનાવવા બાબતે તંત્રની ઉદાસીનતા | શ્રીમતી કામીનીબા રાઠોડ |
| ૩ | ૨૨૧૬–આવાસન<br>૮૦– સામાન્ય<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૫૩૪૯૨,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬<br>પાના નં. ૩૧ અને ૩૨ | ૧૦૦ | ગુજરાત હાઉસીંગ બોર્ડની નબળી કામગીરીને ચેતનવંતી બનાવવામાં તંત્રની નિષ્ફળતા | ર્ડા. મિતેશભાઇ ગરાસીયા |
| ૪ | ,, ,, ,, | ૧૦૦ | ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા બનાવાતા આવાસો મધ્યમ વર્ગને પોષાય તેવા બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમિત ચાવડા<br>)રાજેન્દ્રસિંહ ઠાકોર) |
| ૫ | ,, ,, ,, | ૧૦૦ | હાઉસીંગ બોર્ડના આવાસોની મરામત કામગીરી સમયાંતરે હાથ ધરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નટવરસિંહ ઠાકોર<br>(ગેંદાલભાઇ ડામોર) |
| ૬ | ,, ,, ,, | ૧૦૦ | શહેરોમાં ગરીબો માટેના આવાસો બનાવવામાં થતો વ્યાપક વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ધારશીભાઇ ખાનપુરા<br>(ચંદ્રીકાબેન બારીયા) |
| | | માગણી નં ૧૦૨ | | |
| ૭ | ૨૨૧૭– શહેરી વિકાસ<br>૦૩– નાના... વિકાસ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૪૮,૩૦,૨૧,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬<br>પાના નં. ૩૫ થી ૪૧ | ૧૦૦ | ટી.પી. સ્કીમોની મંજૂરીની જાણ સૌપ્રથમ બીલ્ડરોને થઇ જતા બીલ્ડરો દ્વારા થતી ગેરરીતિઓ અટકાવવામાંતંત્રની નિષ્ફળતા | શ્રી મહેશકુમાર પટેલ |
| ૮ | ૨૨૧૭– શહેરી વિકાસ<br>૦૩– નાના... વિકાસ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૪૮,૩૦,૨૧,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬<br>પાના નં. ૩૫ થી ૪૧ | ૧૦૦ | ટી.પી. સ્કીમો હેઠળ ગરીબ અને મધ્યમ વર્ગના કુટુંબોના હયાત મકાનો દબાણમાં જવાથી તેઓને થતા પારાવાર નુકશાનને અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી આનંદભાઇ ચૌધરી |
| ૯ | ,, ,, ,, | ૧૦૦ | ટી.પી. સ્કીમોની મંજૂરીઓમાં થતો વ્યાપક વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૧૦ | ,, ,, ,, | ૧૦૦ | ટી.પી. સ્કીમોને મંજૂરી અપાયા પછી તેના અમલમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પ્રવિણભાઇ રાઠોડ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧ | ૨૨૧૭ –શહેરી વિકાસ<br>૦૩–નાના...વિકાસ<br>૧૯૧–<br>મહાનગરપાલિકા...સહાય રૂ. ૨૫,૪૧,૬૦,૮૯,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬<br>પાના નં. ૪૫ થી ૫૨ | ૧૦૦ | મ્યુનિસિપલ કોર્પોરેશનને પીવાના પાણી માટે સહાય આપવા છતાં જનતાને પૂરતૂં પીવાનું પાણી પૂરુ પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| ૧૨ | ‘’ ‘’ ‘’ | ૧૦૦ | મહાનગરપાલિકાને સહાયરૂપે અપાતી રકમોનો પ્રજાલક્ષી કામોમાં ઉપયોગ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | ર્ડા. અનિલ જોષીયારા |
| ૧૩ | ‘’ ‘’ ‘’ | ૧૦૦ | કરોડો રૂપિયાના ખર્ચે બનાવેલ ગરીબ આવાસોની ગુણવત્તાની ચકાસણી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશ ધાનાણી |
| ૧૪ | ‘’ ‘’ ‘’ | ૧૦૦ | ઘરવિહોણા લોકોના ઝૂંપડાઓ તોડી નાંખતા પહેલાં તેઓને વૈકલ્પિક વ્યવસ્થા પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઇ પણદા |
| ૧૫ | ‘’ ‘’ ‘’ | ૧૦૦ | ગરીબોને આવાસ આપવાની યોજના અંતર્ગત ગરીબોના ઝૂંપડા તોડી નાંખી તેની વૈકલ્પિક વ્યવસ્થા કર્યા સિવાય તેઓને દર મહીને ભાડા પેટે મામુલી રકમ ચુકવાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| ૧૬ | ૨૨૧૭ –શહેરી વિકાસ<br>૦૩–નાના અને મધ્યમ... વિકાસ<br>૧૯૨–<br>મહાનગરપાલિકા...સહાય<br>૧૧–જકાત નાબુદી..... અનુદાન રૂ. ૩,૮૮,૧૪,૨૧,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬<br>પાના નં. ૫૩થી ૫૬ | ૧૦૦ | જકાત નાબૂદીની સામે અપાતી વળતરની રકમ નગરપાલિકાઓને સમયસર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઇ ગામીત |
| ૧૭ | ‘’ ‘’ ‘’ | ૧૦૦ | જકાત નાબૂદીના વળતરની રકમમાં સમયાંતરે વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરૂભાઇ ભીલ |
| ૧૮ | ૨૨૧૭ –શહેરી વિકાસ<br>૮૦–સામાન્ય<br>૦૦૧ –નિર્દેશ અને વહીવટ<br>૪૭ –નગરપાલિકા નિયામક<br>૦૧–UDP..... કચેરી<br>રૂ. ૪,૧૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬<br>પાના નં. ૬૪ અને ૬૫ | ૧૦૦ | નગરપાલિકા નિયામકની કચેરીના વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઇ વાજા |
| ૧૯ | ‘’ ‘’ ‘’ | ૧૦૦ | પક્ષાંતર ધારાના અમલ અર્થે સત્વરે નિર્ણયો લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભોળાભાઇ ગોહેલ |
| ૨૦ | ‘’ ‘’ ‘’ | ૧૦૦ | નગરપાલિકાઓને સમયસર ગ્રાન્ટ ચૂકવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રાઘવજી પટેલ |
| ૨૧ | ૨૨૧૭ –શહેરી વિકાસ<br>૮૦ –સામાન્ય<br>૦૦૧ –નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૮,૬૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬<br>પાના નં. ૬૪ અને ૬૫ | ૧૦૦ | નગરપાલિકાઓ દ્વારા મંજૂરી વગર થતા ગેરકાયદેસર બાંધકામો અંગે થતી લેખિત ફરિયાદો પર પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઇ વંશ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨ | ,, ,, ,, | ૧૦૦ | નગરપાલિકાઓ દ્વારા થતી ગેરકાયદેસર રીતે થતી કર્મચારીઓની ભરતી રોકવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કરમશીભાઇ પટેલ |
| ૨૩ | ,, ,, ,, | ૧૦૦ | વિકાસના કામો માટે ફળવાયેલ રકમનું મોનીટરીંગ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જોઇતાભાઇ પટેલ |
| ૨૪ | ,, ,, ,, | ૧૦૦ | પક્ષાંતર વિરોધી કાયદા હેઠળ થયેલા કેસોનો ઝડપથી નિકાલ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગોવાભાઇ રબારી |
| ૨૫ | ,, ,, ,, | ૧૦૦ | નગરપાલિકાઓને વિકાસ સહાય અર્થે ફળવાતી રકમોનો થતો દુરુપયોગ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. તેજશ્રીબેન પટેલ |
| સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ<br>માગણી નં ૯૨ | | | | |
| ૨૬ | ૨૨૨૫ –અનુસૂચિત... કલ્યાણ<br>૦૩ –પછાત વર્ગોનું કલ્યાણ<br>૦૦૧ –નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૮4૬14004000<br>અં. પ્ર. નં. ૨૪ (ભાગ–૧ અને ૨)<br>પાના નં . ૧૦ થી ૧૪ (ભાગ–૧) | ૧૦૦ | સરકારી હોસ્ટેલના વિદ્યાર્થીઓના ભોજનમાંથી નીકળતી મરેલી– જીવતી જીવાતો જેવી ગંભીર બાબત માટે જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇન્દ્રનીલ રાજ્યગુરૂ |
| ૨૭ | ,, ,, ,, | ૧૦૦ | સરકારી હોસ્ટેલોમાં વિદ્યાર્થીઓની રહેઠાણની અગવડતા અને ભોજનની અનિયમિતતા દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પ્રહલાદભાઇ પટેલ |
| ૨૮ | ,, ,, ,, | ૧૦૦ | સરકારી હોસ્ટેલોના વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલી દૂર કરી, તેમની વ્યાજબી માંગણીઓનો સંતોષકારક ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી છનાભાઇ ચૌધરી |
| ૨૯ | ,, ,, ,, | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની આશ્રમશાળાઓમાંવિદ્યાર્થીઓને શુધ્ધ અને સાત્વિક ભોજન પૂરું પાડવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મેરામણભાઇ ગોરીયા |
| ૩૦ | ૨૨૨૫–અનુસૂચિત ....કલ્યાણ<br>૦૩– પછાતવર્ગોનું કલ્યાણ<br>૨૭૭– શિક્ષણ<br>અં.પ્ર.નં.૨૪ (ભાગ–૧ અને ૨)<br>રૂ.૭,૯૨,૯૩,૮૧,૦૦૦<br>પાનાનં.૨૫ થી ૪૫ )ભાગ–૧) | ૧૦૦ | લઘુમતીઓના ઉત્થાન માટે આપવામાં આવતી સહાયની રકમ પૂરેપૂરી ખર્ચકરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મહંમદજાવીદ પીરજાદા |
| ૩૧ | ,, ,, ,, | ૧૦૦ | પછાત વર્ગોના બાળકો માટે ચાલતી શાળાઓમાં જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હર્ષદકુમાર રીબડીયા |
| ૩૨ | ૨૨૩૫– સામાજિક .....કલ્યાણ<br>૦૨ – સમાજ કલ્યાણ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧– SCW- )૧)<br>સમાજ...કચેરી<br>રૂ. ૫,૨૫,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (ભાગ–૧ અને ૨)<br>પાના નં.૬૫ અને ૬૬ (ભાગ–૧) | ૧૦૦ | નારી સંરક્ષણ ગૃહમાં અપૂરતા સ્ટાફને કારણે પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૩૩ | ,, ,, ,, | ૧૦૦ | નારીગૃહોની મહીલાઓની સુરક્ષામાં વધારો કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જીતુભાઇ ચૌધરી |
| ૩૪ | ,, ,, ,, | ૧૦૦ | વિકલાંગોના કલ્યાણ માટેની યોજનાઓનો વ્યાપ | પ્રો. હીરાભાઇ પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | વધારી વિકલાંગોને વધુમાં વધુ લાભો મળે તેવુ આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૫ | ,, ,, ,, | ૧૦૦ | વૃધ્ધો અને અશકતો માટેના આશ્રમ ગૃહોમાં પૂરતી સુવિધાઓ આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમિતભાઇ ચૌધરી |
| ૩૬ | ૨૨૩૫ –સામાજિક.... કલ્યાણ<br>૧૦૨– બાળ કલ્યાણ<br>૦૧–SCW–૩બાળ...... કાર્યક્રમ<br>રૂ.૧૧૪૦૦૪૦૦૦<br>અં. પ્ર. નં. ૨૪ (ભાગ–૧ અને ૨)<br>પાના નં . ૭૫–)ભાગ–૧) | ૧૦૦ | બાળમજૂરોનું પુનઃસ્થાપન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૩૭ | ૨૨૩૫ –સામાજિક.... કલ્યાણ<br>૦૨– સમાજ કલ્યાણ<br>૮૦૦– અન્ય ખર્ચ<br>૦૧–SCW–૨૩ભિક્ષા..... કાર્યક્રમ<br>રૂ.૩૪૭૬૪૨૦૪૦૦૦<br>અં. પ્ર. નં. ૨૪ (ભાગ–૧ અને ૨)<br>પાના નં . ૯૧ અને ૯૨ (ભાગ–૧) | ૧૦૦ | ભીક્ષા નાબૂદી કાર્યક્રમ અન્વયે ભીક્ષુકોના પુનઃસ્થાપન અંગે હાથ ધરાયેલ કામગીરી અને કેટલા ભીક્ષુકોને તેનો લાભ અપાયો તેની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રામસિંહ પરમાર |
| ૩૮ | ,, ,, ,, | ૧૦૦ | ભીક્ષા નાબૂદી કાર્યક્રમ પછી પણ ભીક્ષુકોની વધતી જતી સંખ્યાને ઘટાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઇશ્વરભાઇ પટેલ |
| | | | માગણી નં ૯૫ | |
| ૩૯ | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ<br>૦૨– માધ્યમિક શિક્ષણ<br>૧૦૬–પાઠયપુસ્તકો<br>રૂ.૬૪૦૦૪૦૦૪૦૦૦<br>અં. પ્ર. નં. ૨૪ (ભાગ–૧ અને ૨)<br>પાના નં . ૨૫)ભાગ–૨) | ૧૦૦ | માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા અનૂસૂચિત જાતિના વિદ્યાર્થીઓને સમયસર પાઠયપુસ્તકો પૂરા પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજન પટેલ |
| ૪૦ | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ<br>૦૨– માધ્યમિક શિક્ષણ<br>૦૨–EDN–૧૯સરકારી ...શાળાઓ<br>રૂ.૬૪૦૮૪૭૦૪૦૦૦<br>અં. પ્ર. નં. ૨૪ (ભાગ–૧ અને ૨)<br>પાના નં . ૨૬)ભાગ–૨) | ૧૦૦ | સરકારી માધ્યમિક શાળાઓના મંજૂર મહેકમમાં ખાલી પડેલ જગ્યાઓ ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મંગળભાઇ ગાવિત |
| ૪૧ | ,, ,, ,, | ૧૦૦ | સરકારી માધ્યમિક શાળાઓમાં પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગૌતમભાઇ ચૌહાણ |
| ૪૨ | ૨૨૧૫ –પાણી......સ્વચ્છતા<br>૦૧– પાણી પુરવઠો<br>૧૦૨– ગ્રામીણ...... કાર્યક્રમ<br>રૂ.૨૫૪૦૦૪૦૦૪૦૦૦<br>અં. પ્ર. નં. ૨૪ (ભાગ–૧ અને ૨)<br>પાના નં . ૭૨)ભાગ–૨) | ૧૦૦ | ગ્રામ્ય વિસ્તારોમાં પીવાનું પાણી પુરૂ પાડવામાં અનુસૂચિત જાતિના લોકો સાથે રખાતો ભેદભાવ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કાન્તીભાઇ ખરાડી |
| ૪૩ | ૨૨૧૬ –આવાસન<br>૦૩– ગ્રામીણ આવાસન<br>૧૦૨– ભૂમિહીન માટે....જોગવાઇ<br>રૂ.૨૦૪૦૦૪૦૦૦ | ૧૦૦ | અનુસૂચિત જાતિના ભૂમિહિન વ્યકિતઓને ઘરથાળના પ્લોટની ફાળવણીમાં થતો ભેદભાવ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિન કોટવાલ |

| | | | | |
|---|---|---|---|---|
| | અં. પ્ર. નં. ૨૪ (ભાગ-૧ અને ૨)<br>પાના નં . ૮૧)ભાગ-૨) | | | |
| ૪૪ | ૨૨૨૫ –<br>અનુસૂચિત....કલ્યાણ<br>૦૧- અનુ..... કલ્યાણ<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>રૂ.૯4૫૪4૦૦4૦૦૦<br>અં. પ્ર. નં. ૨૪ (ભાગ-૧ અને ૨)<br>પાના નં . ૯૬ થી ૧૦૬)ભાગ-૨) | ૧૦૦ | ડૉ. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજનામાં સફાઇ કામદારોને આવાસો સત્વરે ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રમેશભાઇ ચાવડા |
| ૪૫ | vv cc vv | ૧૦૦ | સફાઇ કામદારોની વ્યાજબી માંગણીઓનો સત્વરે ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૪૬ | vv cc vv | ૧૦૦ | સફાઇ કામદારોને કોન્ટ્રાકટ બેઝ નિમણૂંક આપી4 તે દ્વારા તેમનું આર્થિક શોષણ થતું અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધમેન્દ્રસિંહ જાડેજા |
| ૪૭ | vv cc vv | ૧૦૦ | સફાઇ કામદારોના સ્વાસ્થ્યની સમયાંતરે તપાસ કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી સી.કે. રાઉલજી |
| ૪૮ | ૨૨૨૫ –<br>અનુસૂચિત....કલ્યાણ<br>૦૧- અનુ..... કલ્યાણ<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>રૂ.૯4૫૪4૦૦4૦૦૦<br>અં .પ્ર. નં. ૨૪ (ભાગ-૧ અને ૨)<br>પાના નં . ૯૬ થી ૧૦૬)ભાગ-૨) | ૧૦૦ | અનુસૂચિત જાતિના લોકો માટેની વિવિધ યોજનાઓના લાભો તેઓને સરળતાથી મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર |
| ૪૯ | vv cc vv | ૧૦૦ | સફાઇ કામદારોને સફાઇકામ કરતી વખતે હાથ મોજા અને બૂટ આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મણીલાલ વાઘેલા |
| ૫૦ | ૨૨૨૫ –<br>અનુસૂચિત....કલ્યાણ<br>૦૧- અનુ..... કલ્યાણ<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>રૂ.૯4૫૪4૦૦4૦૦૦<br>અં. પ્ર. નં. ૨૪ (ભાગ-૧ અને ૨)<br>પાના નં . ૯૬ થી ૧૦૬)ભાગ-૨) | ૧૦૦ | ગટરોમાં ઉતરીને કરાતા સફાઇ કામો મશીનથી જ થાય તેવી કાર્યવાહી હાથ ધરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (જવાહરભાઇ ચાવડા ) |

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને રજૂ થયેલ કાપદરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી ગ્યાસુદીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણી ઉપર તેમજ શહેરી વિકાસની માગણી જે મંત્રીશ્રી લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા આ સન્માનનીય ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું. રાજ્યના બજેટમાંથી પ્રતિબિંબિત થાય છે કે રાજ્યને સરકાર કઇ દિશામાં લઇ જવા માગે છે અને રાજ્યના જે સમાજના દરેક વર્ગો છે એમના વિકાસ અને એમના ઉત્થાન માટે સરકારની શું ભવિષ્યની યોજના છે. મારે બહુ દુઃખ સાથે કહેવું પડે છે કે ૨૦૧૪-૧૫ની અંદર લઘુમતી સમાજના વર્ગો માટે કલ્યાણકારી યોજનાઓ માટે, શિક્ષા માટે ૧૧૦ કરોડ રૂપિયાની વર્ષાન્તે જે ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી એમાંથી ફકત ૭૩,૭૧,૦૦,૦૦૦/- રૂપિયાનો જ ખર્ચ કરવામાં આવે છે અને એની અંદર ૩૬.૪૯ કરોડ

રૂપિયા વાપરવામાં આવ્યા નથી. ૬૫ લાખની વસતિ ધરાવતો સમાજ અને એની સામે તમે જુઓ તો એના વિકાસ માટે, એના શિક્ષણ માટે ખર્ચની જે જોગવાઇ છે એ ઘણી જ અપૂરતી છે. આટલી અપૂરતી ફાળવણી છતાં એનો પૂરો ખર્ચ સરકાર કરી શકી નથી. લઘુમતી સમાજના કલ્યાણ માટે ૯૮૭૪ કરોડની જોગવાઇ ૨૦૧૬-૧૭ ના બજેટની અંદર કરવામાં આવી છે એટલે આપણે જોઇએ તો પહેલા કરતાં આની અંદર ઘટાડો કરવામાં આવ્યો છે. ૨૦૧૫-૧૬ની અંદર ૧૦૫ કરોડ રૂપિયાનો ખર્ચનો અંદાજ કરવામાં આવ્યો છે જયારે ૧૧૮ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી હતી એમાંથી સરકાર પૂરો ખર્ચ કરી શકી નથી. પરિસ્થિતિ એવી છે કે આ વખતે રાજયના ૭૦ લાખ લઘુમતી સમાજ માટે સમાજ કલ્યાણ વિભાગના બજેટમાંથી ૬.૩૭ ટકા જ બજેટનો ખર્ચ કરવાનો અંદાજ ધારવામાં આવ્યો છે.

(માનનીય ઉપાધ્યક્ષશ્રી, આત્મારામભાઇ પરમાર અધ્યક્ષ સ્થાને)

સૌનો સાથ સૌનો વિકાસની વાત કરનારી આ સરકાર લઘુમતી સમાજના વિકાસ માટે જયારે પૂરતા નાણા પણ ફાળવતી ન હોય અને એ નાણા ફાળવ્યા પછી એનો પૂરતો ઉપયોગ પણ ન કરતી હોય એનાથી પ્રતિબિંબિત થાય છે કે આ સરકાર લઘુમતી સમાજ પ્રત્યે કેવું વર્તન રાખવા માગે છે. વાત થતી હતી સદભાવનાની, વાત થતી હતી સૌનો સાથ સૌના વિકાસની વડાપ્રધાનના પંદર મુદ્દાના કાર્યક્રમને આજે સાત-આઠ વર્ષ થઇ ગયા છતાં હજુ સુધી રાજયની અંદર અમલ કરવામાં આવ્યો નથી. જિલ્લાવાર એની અંદર કમિટીઓ બનાવવામાં નથી આવી અને દુઃખ સાથે કહેવું પડે છે કે આજે દેશની અંદર પણ એન.ડી.એ. સરકાર આવી એ સરકારે છેલ્લા એક વર્ષમાં ૧૫ મુદ્દાના કાર્યક્રમ માટે એક પણ મિટિંગ કરી નથી એટલે એ સાબિત કરે છે કે આ સરકાર લઘુમતી સમાજ સાથે કેવું ભેદભાવર્યું વર્તન કરવા માગે છે. ૧૫ મુદ્દાના કાર્યક્રમની અંદર લઘુમતી સમાજના શિક્ષણ માટે, લઘુમતી સમાજની સુરક્ષા માટે, લઘુમતી સમાજના જે વિસ્તારના વિકાસ માટેના તમામ પ્રકારના આયોજન છે. જો ઇમાનદારીપૂર્વક સરકાર ૧૫ મુદા માટે આટલું કાર્ય કરે તો હું માનું છું કે લઘુમતી સમાજની ઘણી મોટી સમસ્યાઓ આ રાજયમાંથી દૂર થાય તેમ છે. માઇનોરિટી ફાઇનાન્સ કોર્પોરેશનની વાત કરું. માઇનોરિટી ફાઇનાન્સ કોર્પોરેશન એ મૃતપ્રાય હાલતમાં છે. એમાં બે-બે વર્ષથી લોકોએ અરજીઓ કરી છે. એમની અરજીઓ મંજૂર કરવામાં આવતી નથી. તેમને પૂરતા પ્રમાણમાં મદદ કરવામાં આવતી નથી. *(××)વકફ બોર્ડની જવાબદારી છે કે રાજ્યની તમામ વકફ બોર્ડની પ્રોપર્ટી છે..

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી નીતિનભાઇ ર. પટેલ : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આ *(××) તે રેકર્ડ ઉપર આવા શબ્દો ન આવવા જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : આ શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : એટલે ૨૬ પ્રોપર્ટી વકફ બોર્ડે ગેરકાયદેસર રીતે વેચી નાખી છે. એન.ડી.એ. સરકારના લઘુમતી બાબતોના મંત્રી શ્રીમતી નઝમા હેપતુલ્લાએ મુખ્યમંત્રીશ્રીને બે-બે વખત પત્ર લખ્યા છે કે આની નિષ્પક્ષ તપાસ થવી જોઇએ. અને જે કોઇ ગુનેગાર હોય તેની સામે પગલાં લેવાં જોઇએ. બે મહિના થયા છતા હજુ સુધી આ બાબતે કોઇ જ પગલાં લેવામાં આવ્યાં નથી. વકફ બોર્ડનું કામ રાજયની ધર્માદાની પ્રોપર્ટી છે તેની સારસંભાળ અને તેનું સંચાલન કરવાનું છે. રાજ્ય સરકાર એક પણ રૂપિયો ગ્રાન્ટ ફાળવતી નથી, તેના કારણે ગુજરાતનાં જે કબ્રસ્તાનો છે, મદરેસાઓ છે, જે મસ્જિદો છે, જે પણ ધર્માદા ટ્રસ્ટની પ્રોપર્ટી છે તેની સારસંભાળ માટે વકફ બોર્ડ કામ કરી શકતું નથી. આપણે કહીએ કે આપણા વડાપ્રધાનશ્રી કહેતા હતા કે મારે લઘુમતી સમાજના, મુસ્લીમ સમાજના એક હાથમાં કુરાન અને બીજા હાથમાં કોમ્પ્યુટર જોવું છે. તમે વડાપ્રધાનશ્રીની સૂચનાનો અમલ કરવા માગતા હોય તો ભાજપ શાસિત રાજ્યો છે, મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર તમામ જગ્યાઓ ઉપર મદરેસા બોર્ડની રચના કરવામાં આવી છે. ગુજરાતની અંદર મદરેસા બોર્ડની રચના કરવામાં આવી નથી. આપણે ઘણી વખત વાત કરીએ છીએ કે મદરેસા બોર્ડની અંદર ધાર્મિક શિક્ષણ આપવામાં આવે છે. જો મદરેસા બોર્ડની રચના થાય તો તેમાં ભણતા લોકો આધુનિક શિક્ષણ મેળવી શકે એની સાથે સાથે કોમ્પ્યૂટર અને તમામ શિક્ષણ મેળવી શકે અને સમાજના મુખ્ય પ્રવાહમાં ભળી શકે. જૈન સમાજની વાત કરું તો જૈન સમાજને લઘુમતીનો દરજ્જો આપવાની વાત હતી. ૮-૮ મહિના થઇ ગયા, એમાં કમિટીનો રિપોર્ટ મુકવામાં આવેલ છે, છતા કયા કારણો છે કે જૈન સમાજને લઘુમતી સમાજનો દરજ્જો નથી અપાતો. લઘુમતી સમાજને લાભો મળી શકે તેમ છે છતા તેનાથી વંચિત રાખવામાં આવે છે. હું કહેવા માગું છું કે ગુજરાતની અંદર લઘુમતી પંચની રચના કરવી જોઇએ. વારેઘડિયે લઘુમતી સમાજની અંદર અત્યાચાર કે કોઇ બનાવ બનતા હોય, એમની પરેશાની હોય તો તે લઘુમતી પંચ હોય તો તેની સમક્ષ એમની વાત મૂકી શકે. પોતાના પ્રશ્નને વાંચા આપી શકે. રાજ્યની અંદર લઘુમતી પંચની રચના કરવામાં આવી નથી. રાજ્ય જો ખરેખર લઘુમતી સમાજ માટેનો વિચાર કરતા હોય, ચિંતા હોય તો જ્યારે કેન્દ્રની અંદર લઘુમતી મંત્રાલય હોય તો રાજયની અંદર લઘુમતી મંત્રાલય કેમ ન હોય? રાજ્યની અંદર લઘુમતી મંત્રાલય બનાવવામાં આવે. એમાં જરૂર નથી કે એની અંદર મુસ્લીમ સમાજના જ વ્યક્તિ હોય. એમાં તમારી પાર્ટીના અધ્યક્ષ વિજયભાઇ રૂપાણી એમને પણ મંત્રાલય આપી શકો છો અને નિર્મલાબેન વાઘવાણીને પણ આ મંત્રાલય આપી શકો છો. જે મુખ્યમંત્રી ગૃહ યોજના છે એના માટે કહું છું કે જે યોજનામાં જે કઇ બાંધકામો થાય અને ગરીબોને મકાનો મળે છે, પરંતુ આપણા ગુજરાતનું વાતાવરણને આપણે સમજી શકીએ છીએ. પરિસ્થિતિ જે રીતે નિર્માણ થઇ છે તેમાં હિન્દુ-મુસ્લીમ એક જગ્યાએ વધારે સમય રહી શકતા નથી. એટલે લઘુમતી સમાજ આ યોજનાનો લાભ લઇ શકતો નથી. મારી વિનંતી છે કે સમાજ

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

કલ્યાણ મંત્રીશ્રી શહેરી વિકાસ મંત્રીશ્રીને વિનંતી કરે અને એવી જગ્યા સિલેક્ટ કરવામાં આવે કે જ્યાં દલિતોની વસતિ હોય, જ્યાં માઇનોરિટી સમાજની વસતિ હોય તો તેવી જગ્યા સિલેક્ટ કરી મકાનો બનાવવામાં આવે, જેનાથી આ મુખ્યમંત્રી ગૃહ યોજનાનો લાભ મળી શકે. ખુશ્બુ ગુજરાતની વાત કરું. ખુશ્બુ ગુજરાતની અમને પણ મળે. આ પ્રવાસનનો વિભાગ છે, પરંતુ વિનંતી કરવા માગું છું કે અમદાવાદની અંદર હઝરત સાહેબની દરગાહ છે. અમદાવાદ જિલ્લાની અંદર ભડિયાદ છે અને કચ્છની અંદર હાજીપીરની દરગાહ છે. જો એના માટે પણ આપણે કોઇ ભંડોળ ફાળવીએ કારણ કે હિંદુ મુસ્લિમ તમામ લોકો ત્યાં આસ્થાના લીધે આવતા હોય છે. એટલે થોડી ખુશ્બુ અમને પણ આપો તેવી વિનંતી કરવા માગુ છું. હું વાત કરું પ્રિમેટ્રિક સ્કોલરશિપની તો પહેલાં અહીં આપણે હાઇકોર્ટ જવું પડયું, પછી સુપ્રિમમાં ગયા. સુપ્રિમમાં આપણે સ્ટે લેવા ગયા છતાં તે યોજનાનો અમલ થયો. સુપ્રિમના આદેશ પછી તે યોજનાનો અમલ શરૂ થયો. પરંતુ જયારથી એન.ડી.એ.ની સરકાર કેન્દ્રમાં બેઠી છે ત્યારથી લઘુમતીની જે યોજનાઓ છે તેની ઉપર કાપ મૂકવામાં આવી રહ્યો છે. સવા બે લાખ લોકોએ અહીં પ્રિમેટ્રિક સ્કોલરશીપ માટે ફોર્મ ભર્યા હતા તેમાંથી ફકત ૯૬ હજાર લોકોના ફોર્મ મંજૂર કરવામાં આવ્યા છે. સવા લાખ લોકોના ફોર્મ મંજૂર થયા નથી. હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું કે તમે કેન્દ્ર સરકારમાં રજૂઆત કરી લઘુમતી સમાજના લોકોને પૂરતા પ્રમાણમાં એટલે કે જેટલા વિદ્યાર્થીઓ છે તેટલી સ્કોલરશીપ મળે. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી કહેવા માગુ છું કે ઉર્દૂ ભાષાને *(×××) એસ.એસ.સી.ના પેપરની અંદર....

ઉપાધ્યક્ષશ્રી : હું આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : એસ.એસ.સી.ના પેપર ગુજરાતીમાં પૂછવામાં આવે છે. આપ સમજી શકો છો કે ઉર્દૂની એકઝામ થતી હોય, ઉર્દૂ અભ્યાસક્રમ હોય તો તેનું પેપર ઉર્દૂમાં હોય કે ગુજરાતીમાં હોય? તે આ ગુજરાતમાં જ થઇ શકે છે. ગુજરાતની અંદર એક જ ઉર્દૂ પી.ટી.સી. કોલેજ છે. તેની અંદર ત્યાં જુઓ તો કોઇ અધ્યાપકો કે ટયુટર જોવા નહીં મળે. મારી વિનંતી છે કે ઉર્દૂ પી.ટી.સી. કોલેજની અંદર તાત્કાલિક ત્યાં ભરતી કરવામાં આવે. બીજું કે ગુજરાતમાં અમદાવાદમાં એક જ ઉર્દૂ માધ્યમિક શાળા છે. હું વિનંતી કરું છું કે ગુજરાતની અંદર જરૂરિયાત મુજબની ઉર્દૂ માધ્યમિક શાળાઓ માટે સરકાર આયોજન કરે. ખાસ કરીને કહું કે લઘુમતિ સમાજની અંદર શિક્ષણનો વ્યાપ વધે તેના માટે મંત્રીશ્રી અમારી ઉપર વધારે ધ્યાન આપો. આપને કહેવા માગુ છું કે, અત્યારે દેશની અંદર અસહિષ્ણુતાની વાતો ચાલે છે. દેશ તો સહિષ્ણુ છે. પરંતુ કેટલાક રાજકીય લોકો પોતાની રાજકીય ખીચડી પકવવા માટે દેશની અંદર અસહિષ્ણુતા ફેલાવી રહ્યા છે. આપણા પ્રવાસી વડાપ્રધાન વિદેશોમાં ફરી દેશને મહાસત્તા બનાવવાની વાત કરે છે. પરંતુ એમના જ મંત્રીઓ અને એમના જ સાંસદો દેશને શરમાવે એવા, દેશ વેરવિખેર થાય, દેશની અંદર કોમવાદ ઉભો થાય, દેશની અંદર ધ્રુવીકરણની રાજનીતિ કરવા માટે કેટલાક મંત્રીઓ કે જેમના માથે દેશના લોકોને એક રાખવાની, ભલાઇ કરવાની જવાબદારી છે તે જ લોકો પોતાની જવાબદારી ભૂલીને આજે દેશની અંદર એ રીતે ઝેર ફેલાવી રહ્યા છે કે સમગ્ર વિશ્વમાં દેશ બદનામ થઇ રહ્યો છે. આપણો દેશ મહાસત્તા બનવા જઇ રહ્યો છે.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર-પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નં.૧૦૨ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો વ્યક્ત કરું છું. ગુજરાત રાજયની ૬.૦૪ કરોડની વસતિ છે તેમાંથી ૧.૫૭ કરોડ વસતિ એટલે કે ૪૨.૫૮ ટકા વસતિ શહેરોમાં રહે છે. આઠ મહાનગરપલિકા અને ૧૫૯ નગરપાલિકાઓમાં વસે છે. આવતા દિવસોમાં ૨૦૨૦ સુધીમાં આ આંકડો કદાચ ૫૦ ટકા સુધી પણ પહોંચી જાય. આખા દેશની અંદર સૌથી વધારે શહેરીકરણ થઇ રહેલું કોઇ રાજય હોય તો તે ગુજરાત છે. મારે એક વાત આપના ધ્યાન પર મૂકવી છે કે એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે જેણે સર્વે કરાવ્યો અને વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું અને વિસ્તરતું શહેર તે કોઇ હોય તો તે ગુજરાતનું સુરત શહેર છે. ભાવનગરની અંદર ૧૯૮૨માં મહાનગરપાલિકા બની. તે પહેલાં નગરપાલિકા હતી. આપ જાણો છો મેં બે ટર્મ સુધી કોર્પોરેશનમાં એક નગરસેવિકા તરીકે કામ કર્યુ છે. એક વખત ડેપ્યુટી મેયર અને એક વખત પ્રથમ મહિલા મેયર તરીકે કામ કર્યુ છે. તે સમયમાં ૧૯૯૫-૨૦૦૦ના સમયમાં કોઇ સરકારે મહાનગરપાલિકાને એક રાતી કાણી પાઇ આપેલી નહીં. અમે તે વખતે મેયર તરીકે વિકાસ કરવા ઝંખતા હતા. પરંતુ અમને એવું થતું હતું કે આના કરતાં નગરપાલિકા હતી તે સારું હતું, નગરપાલિકાને સરકાર પૈસા આપતી હતી. મહાનગરપાલિકાને સરકાર પૈસા ન્હોતી આપતી. ૨૦૦૧ પછી ગુજરાતની અંદર મહાનગરપાલિકાઓને વિકાસના કામ માટે ૨૦૦૫નું વર્ષ શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવાનું નકકી કર્યુ અને વિકાસ માટે નાણાંની જોગવાઇ કરવામાં આવી. ૨૦૦૯-૧૦નું વર્ષ આપણે સ્વર્ણિમ જયંતિ વર્ષ તરીકે ઉજવ્યું ત્યારે મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પ્રથમ તબકકામાં એટલે કે ૨૦૦૯ થી ૨૦૧૨ માં ૭ હજાર કરોડ રૂપિયા આ શહેરોના વિકાસ માટે ફાળવ્યા. પ્રથમ તબક્કામાં એટલે કે ૨૦૦૯ થી ૨૦૧૨માં ૭ હજાર કરોડ રૂપિયા આ શહેરોના વિકાસ માટે ફાળવ્યા હતા અને બીજા તબક્કામાં ૨૦૧૩ થી ૨૦૧૬ની વચ્ચે ૧૫ હજાર કરોડ રૂપિયા આ શહેરી વિકાસ માટે ફાળવવામાં આવ્યા. પતન બહોત આસાન હે ઉત્થાન કઠિન હે, ધ્વંશ બહોત આસાન હે વિકાસ કઠિન હે. વિકાસ કર્યો હોય તો એ ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યો છે. ૨૦૦૧ થી ૨૦૧૬ના ૧૫ વર્ષના મારા ભાવનગરની જો વાત કરું તો મારા ભાવનગરની અંદર કેટલા વિકાસના કામો થયા? રસ્તાઓ જેમાં નવા બનાવવાના, વાઇડનિંગ કરવાના, રી-સર્ફેસિંગ કરવાના ૨૨૦ કિલો મીટરના રસ્તાઓ ૨૧૮.૮૪ કરોડ રૂપિયાના ખર્ચે કરવામાં આવ્યા. પાણીની વાત કરું તો ભારતીય જનતા પાર્ટી અગાઉના જનસંઘમાં હતાં ત્યારે નગિનભાઇ શાહે પાણીની લાઇન નાંખેલી અને બીજી વખત પૅરેલલ પાણીની લાઇન આ ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા ભાવનગરમાં નાંખવામાં આવી. આમ, ફિલ્ટર પાણી ભાવનગર શહેરમાં ઘર ઘર સુધી પૂરતા પ્રમાણમાં

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પહોંચાડવા માટે નવી પાણીની લાઇન નાંખવા ૭૮.૬૪ કરોડની નાણાકીય સહાય સરકાર તરફથી મળી છે. ખાનગી સોસાયટીઓમાં ક્યારેય વિકાસ નહોતો થતો, રઝળતી, રખડતી અને બિન વિકસીત ખાનગી સોસાયટીઓ હતી એની અંદર પણ સુવિધાઓ આપવા માટે ૧૫.૩૭ કરોડની અમને સહાય આપવામાં આવી છે. આગવી ઓળખની અંદર ૧૮ કરોડ રૂપિયા અને મુખ્ય મંત્રી ગૃહ યોજનાની અંદર ૧૫૦૬ ઇ.ડબલ્યુ.એસ. આવાસો માટે ૮૯.૧૪ કરોડ રૂપિયાની સહાય આપવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, મારું ભાવનગર એક કલાનગરી કહેવાય છે, આ કલાનગરી માટે અગાઉ કોઇ સરકારે કાંઇ વિચારેલું નહીં પરંતુ અત્યારની સરકારે અમને જે નાણાકીય સહાય આપી એના કારણે અમે આર્ટ ગેલેરી, ઓડિટોરિયમ અને અનેકવિધ આયોજનો એમાંથી કરી શક્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, નવી સ્લમ રિહેબિલિટેશન પોલિસી જે આપવામાં આવી છે, શહેરોની અંદર ઝૂંપડપટ્ટીની જગ્યાએ જ્યાં ઝૂંપડું ત્યાં ઘર આપવાની વાત એમાં માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે, મારા મત વિસ્તારમાં ૧૯૯૫ પહેલા બનેલા વર્ધમાનનગર અને આદર્શનગરના મકાનો અતિ જર્જરીત અને ભયજનક પરિસ્થિતિમાં હતાં એ મકાનોને રિહેબિલિટેશનની જે આ નવી પોલિસી આવી છે એને કરણે એમને આવાસ મળવાના છે અને એનું મને ગૌરવ છે. આ નવા વર્ષમાં જે આયોજનો કર્યા છે અને નવું જે બજેટ છે એની અંદર અનેકવિધ કામો ભાવનગરને આપેલા છે. એ ભાવનગર–અમદાવાદનો ચાર માર્ગીય રસ્તો હોય, નાળા બ્યુટિફિકેશન હોય, આઉટર રીંગ રોડ હોય, ૭ ફ્લાય ઓવર બ્રિજમાં ભાવનગરને પણ સમાવવામાં આવ્યું છે, ઇન્ટરનેશનલ આર્ટ અને કલ્ચરલ માટેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે, આર.ટી.ઓ.થી નારીનો સીકસ લેન રોડ પણ આપવામાં આવ્યો છે. આ તો મેં શહેરી વિકાસની વાત કરી, બજેટની અંદર એક નહીં અનેક પાના ઉપર ભાવનગરને આયોજનમાં સમાવવામાં આવ્યું છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાત રાજયમાં અમારો ઓ.બી.સી. સમાજ એટલે કે જુદી જુદી જ્ઞાતિઓ સાથેનો ૧૪૭ જ્ઞાતિઓનો સામજ છે. આ ગુજરાતનું જે બજેટ અને બક્ષીપંચ માટેનું જે બજેટ છે એ જો જોવામાં આવે તો બિલકૂલ બક્ષીપંચ સમાજની જ્ઞાતિઓને બાજુએ રાખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા ખરેખર આ ગૃહનું ધ્યાન દોરવું છે કે, ઠાકોર–કોળી વિકાસ નિગમ ઘણાં સમયથી ગુજરાત રાજયમાં કાર્યરત છે. ૧૦ કરોડ રૂપિયા એના વિકાસ માટે ફાળવવામાં આવ્યા છે. ક્યાં ગુજરાતનું આવડું મોટું બજેટ અને ક્યાં આ બે સમાજ માટે ૧૦ કરોડ રૂપિયા? અને ૧૦ કરોડ રૂપિયા શેના માટે વપરાય છે? ત્યાંના પગારમાં ખર્ચ પડે છે, ત્યાંની ઓફિસનો ખર્ચો પડે છે. જો અમારા ઓ.બી.સી.ના દીકરા–દીકરીને ડોકટર બનવું હોય તો એને માટે ૧૦ લાખ રૂપિયાની જાહેરાત કરી છે ત્રણથી સાડા ત્રણ ટકા વ્યાજ સાથેની અને એ પણ પાછા લેવાની શરતે. અમારા ઓ.બી.સી.ના કોઇ દીકરા–દીકરીને પરદેશ જવું હોય તો એને ૨૦ લાખ રૂપિયાની જાહેરાત કરી છે. આજે ૧૦ કરોડ રૂપિયા તમે જે ફાળવ્યા છે તેનો પગાર કરવાનો છે ? ઓફિસની સરભરા કરવાની છે ? કે અમારા સમાજનો કોઇ દીકરો કે દીકરી ડોકટર બને તેને લોન આપવાની છે ? કે વિદેશ જવા માટે ૨૦ લાખ રૂપિયાની ગ્રાન્ટ આપવાની છે ? જુઓ તો ખરાં આવડુ મોટું ગુજરાત અને ગુજરાતની અંદર ૫૦ થી ૫૪ ટકા વસતિ તે ઓ.બી.સી.સમાજની હોય ત્યારે તેની ઘોર ઉપેક્ષા કરવામાં આવે છે તેના દાખલા મારે તમારી સમક્ષ મૂકવા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા નાગરજી, મારા કેશાજી જયારે વાત કરતા હતા ત્યારે મને નવાઇ લાગતી હતી કે કોંગ્રેસે શું કર્યુ ? જો કોંગ્રેસે તમને ભણાવ્યા ના હોત તો તમે આ ગૃહમાં આવી શકયા ના હોત. વસતિના ધોરણે જો ગણવામાં આવે તો મારે નીતિનભાઇનું પણ ધ્યાન દોરવુ છે કે, જો વસતિના ધોરણે મંત્રી મંડળમાં અમારા બક્ષીપંચના આગેવાનોનો સમાવેશ કરવામાં આવે તો આગળની હરોળમાં કેટલા બક્ષીપંચના સભ્યશ્રીઓ આમાંથી અહીંયા બેઠા હોય તેનો વિચાર તો તમે કરો. ખાતાની ફાળવણી પણ બક્ષીપંચના ધોરણે થતી નથી. બક્ષીપંચનો માણસ કયાંક સારી જગ્યાએ બેઠો હોય તો અમારા બક્ષીપંચની ખબર રાખે. બક્ષીપંચના સમાજના દીકરા કે દીકરી ભણે છે કે નહીં તેની ખબર રાખે. બક્ષીપંચના સમાજના આર્થિક વિકાસની ખબર રાખે એવી જગ્યાએ કોઇક અમારા સમાજનો કે અમારા બક્ષીપંચ સમાજનો કોઇ સારો મંત્રી તો મૂકો.

માનનીય અધ્યક્ષશ્રી, સારી કોઇ જગ્યાએ અમારા બક્ષીપંચના અધિકારીઓ પણ મૂકો તો બક્ષીપંચના દીકરા–દીકરીઓની થોડી ખબર રાખે. મારે આપના દ્વારા ગૃહનું ધ્યાન દોરવું છે કે, ઓ.બી.સી.માં ભરતીમાં પણ ઘણી બેકલોગની જગ્યાઓ ખાલી છે તે વહેલામાં વહેલી તકે બેકલોગની જગ્યાઓ ભરે અને ઓ.બી.સી. સમાજના દીકરા–દીકરીઓને ન્યાય મળે એવો પ્રયત્ન આપના તરફથી કરવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજુ એક ધ્યાન દોરવું છે કે, આર.એસ.એસ.ના એક આગેવાન દ્વારા એવું બોલવામાં આવ્યું કે અમે અનામતની સમીક્ષા કરવાના છીએ. અનામત એ કેન્સર સમાન છે ત્યારે મારે આપનું ધ્યાન દોરવું છે કે, આ રાજયની અંદર જી.પી.એસ.સી.માં ઘણા બધા બક્ષીપંચના વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓને મોટો અન્યાય કરવામાં આવે છે. મારે એક દાખલો આપવો છે કે, જી.પી.એસ.સી. જયારે પરીક્ષાએ લેવાય છે દા.ત. ૪૦૦ માર્કસનું પેપર હોય તેમાં ઓ.બી.સી.નો વિદ્યાર્થી કે વિદ્યાર્થીની ૪૦૦માંથી ૩૭૫ માર્કસ લાવ્યો હોય અને તે આગળ લાઇનમાં આવતો હોય ત્યારે એની ઓરલ પરીક્ષા લેવામાં આવે છે. ઓરલ પરીક્ષા ૧૦૦ માર્કસની લેવાતી હોય જે હોંશિયાર વિદ્યાર્થી ૪૦૦માંથી ૩૭૫ માર્કસ લાવ્યો હોય તેને પાસીંગ માર્કસ આપવામાં આવે છે અને જનરલ કેટેગરીનો જે વિદ્યાર્થી હોય તેને ૧૦૦માંથી ૮૦ કે ૮૫ માર્કસ આપી અને બક્ષીપંચના વિદ્યાર્થીઓને મોટો અન્યાય કરી અને કઇ રીતે તેને નોકરીમાંથી વંચિત રાખવા, કઇ રીતે ૨૭ ટકાથી વધારે તે નોકરીમાં આગળ ના જાય તેની જી.પી.એસ.સી.દ્વારા ખબર રાખવામાં આવે છે. મારે સરકારનું ધ્યાન દોરવું છે કે, જો કદાચ હું આમાં કયાંક ખોટો હોઉં તો

જી.પી.એસ.સી.ના પાછલા દસ વર્ષના આંકડા આ વિદ્યાર્થીઓના તમે જાહેર કરો કે કેટલા બક્ષીપંચના વિદ્યાર્થીઓને અન્યાય થયો છે. બક્ષીપંચના નામે મતો લેવાય છે, બક્ષીપંચના નામે સરકારમાં બહુમતિ મેળવવી અને તમારે સરકારમાં સત્તા મેળવવી છે પણ બક્ષીપંચની ખબર રાખવી નથી. બક્ષીપંચના સભ્યોની ખબર રાખવી નથી. બક્ષીપંચના વિદ્યાર્થીઓને વધારે નોકરી મળે તેની ખબર રાખવી નથી. મારે તમારું ધ્યાન દોરવું છે કે, આપણાં તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન પણ એવું બોલેલાં કે ખરેખર જી.પી.એસ.સી.માંથી ઓરલ પરીક્ષા રદ કરવી જોઇએ. જે વિદ્યાર્થીઓએ લેખિત પરીક્ષામાં વધારે ગુણ મેળવ્યા હોય તેમને સીધી નોકરી મળે, ઓરલમાં જેને અન્યાય થાય છે તેને અન્યાય ના થાય એવુ પણ આપણાં હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીસાહેબ બોલેલાં તો તેનું માન તો તમે રાખો ? તેની વાત તો તમે સાંભળો ? મારે આપનું ધ્યાન દોરવું છે કે ગુજરાત રાજયની અંદર બજેટમાં ઓ.બી.સી. ની ઉપેક્ષા કરવામાં આવી છે મેં કહ્યું તેમ મશ્કરી સમાન, મેં કહ્યું તેમ ઠાકોર સમાજ, કોળી વિકાસ નિગમમાં ૧૦ કરોડ રૂપિયા ફાળવી અને મશ્કરી સમાન જે વાત તમે કરી છે તેમાં વધારો કરો. સાગર ખેડૂતને હજાર કરોડ રૂપિયા તમે આપો છો તેની જગ્યાએ પંદરસો કરોડ આપો તેમાં અમને વાંધો હોઇ શકે નહીં. આ રાજયની અંદર આવડી મોટી બક્ષીપંચની વસતિ હોય, પણ આટલી મોટી વસતિ આ રાજયની અંદર બક્ષીપંચની હોય તો તમે કેમ ૨૫૦૦ કરોડ રૂપિયા એમના નિગમમાં ના આપો? મારે આપશ્રી દ્વારા આ સરકારનું અને માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે, આવા નિગમોમાં ૨૫૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરો. મારે બીજી પણ એક વાત કરવી છે કે, આજે માનનીય મંત્રીશ્રી રમણભાઇ વોરા જવાબ આપવાના છે ત્યારે હું એમને વિનંતી કરું છું કે, અમારા કલોલ તાલુકાના અમારા દલિત સમાજના આગેવાનોએ એક જમીન શૈક્ષણિક હેતુ માટે રાખી છે, એ નવી શરતની જમીન છે. એમનાં બાળકોને ભણાવવા માટે શૈક્ષણિક સંસ્થા કરવા જઇ રહ્યા છે ત્યારે એમને પ્રિમિયમમાંથી માફી મળે અને એ સમાજનાં બાળકો ત્યાં ભણી શકે અને એ માટે આ સંસ્થા બની શકે એવી એક વ્યવસ્થા ઉભી થાય એવી હું આપશ્રી દ્વારા વિનંતી કરું છું.

અમારા સમાજના આલમપુર ગામમાં અમારા સમાજના દીકરા-દીકરીઓ ભણે છે, ત્યાં અમારા સમાજની એક સ્કૂલ આવેલી છે, તો એ સ્કૂલ ગ્રાન્ટેબલ થાય એવી હું વિનંતી કરું છું.

જયારે માનનીય નીતિનભાઇ અહીં બેઠા છે ત્યારે હું એમને બીજી વિનંતી કરવા માટે જઇ રહ્યો છું કે, નગરપાલિકાની અંદર સમગ્ર ગુજરાત રાજયની અંદર તમામે તમામ મતદારો પણ નગરપાલિકાની અંદર હોય છે, ધારાસભ્યશ્રીઓને ત્યાં નગરપાલિકાની અંદર મિટીંગમાં બોલાવવામાં આવતા નથી. વિકાસનું કોઇ કામ હોય કે બીજી કોઇ વાત હોય તો ધારાસભ્યને આમંત્રિત મહેમાન તરીકે ત્યાં બોલાવે અને એ જે મતદારો છે એ મતદારોના ન્યાય માટે ધારાસભ્યશ્રી પણ એમની એક રજૂઆત કરી શકે.

ગુજરાત રાજયની અંદર અમારા વિસ્તારની અંદર ૬૭ ગામો ઔડામાં લીધાં છે, ત્યારે મારી વિનંતી છે કે, જે ચાલીસ ટકા કપાત ટી.પી. સ્કીમના નામે એ.પી.ના નામે છે એ કપાત ઓછી કરો તો ખેડૂતોની જમીન ઓછી કપાત થશે. રોડ- રસ્તાના નામે ચાલીસ ટકા કપાત લેવામાં આવે છે. કોઇ ખેડૂતને દસ વીઘા જમીન હોય તો એની પાસે છ વીઘા જમીન રહેશે, ચાર વીઘા જમીન કપાતના નામે જવાની છે, અને જયારે આ કપાતના નામે આ જમીન જશે ત્યારે એનો માલિક છ વીઘાનો થશે. મારું કહેવું એ છે કે અમદાવાદની અંદર અમદાવાદની આજુબાજુ વિકાસ માટે જેટલી જરૂરિયાત હોય એટલાં ગામોનો તમે સમાવેશ કરો, અને જે વિસ્તારમાં વિકાસની જરૂરિયાત ના હોય એવાં ગામોને તમે છૂટાં કરો, એવું આ તબક્કે સરકારનું ધ્યાન દોરું છું અને વિનંતી પણ કરું છું. જે ગામની અંદર ગૌચરની જમીન છે, એ પણ સરકાર પાસે જશે. સાઇઠ ટકા જમીન સરકાર પાસે જશે અને ચાલીસ ટકા જમીન એ ખેડૂતો પાસે રહેશે અને એ ૬૦ ટકા જમીનનો તમે સરકારમાં બેસી એનો વેપાર કરવાના છો. એના પ્લોટો બનાવીને વેચવાના છો. વિકાસના નામે પ્લોટો વેચી બિલ્ડરોને આપવાના છો.

શ્રી પૂનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી રમણલાલ વોરા આજે અનુસૂચિત જાતિ પેટા યોજનાની માગણી નંબર ૯૫ લઇને આવ્યા છે એના સમર્થનમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું. માનનીય મંત્રીશ્રી રમણલાલ વોરા વિશે પણ મને બોલવાની પાંચ મિનિટ મળી છે તો એક મિનિટ એમાં પણ હું લેવા માગું છું કે, આ ગૃહની અંદર આઝાદીથી અત્યાર સુધી કોંગ્રેસની અને ભાજપની જે સરકારો થઇ એની અંદર અમારા દલિત સમાજ માટે તો એ ગૌરવની વાત છે કે, દલિત મંત્રી તરીકે એકધારું વીસ વર્ષ સુધી આ દલિતોની સેવા કરી હોય તો એ માનનીય મંત્રી શ્રી રમણલાલ વોરા છે એનું સમગ્ર દલિત સમાજ ગૌરવ અનુભવે છે.

દલિતોની, વંચિતોની આંતરડી ઠારવાનું કામ આ રાજય સરકારે કર્યું છે. ભારત રત્ન ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજંયતિની ઉજવણી ખૂબ જ ધામધૂમથી ૧૨૫ કરોડ રૂપિયાની જોગવાઇ સાથે આ રાજય સરકાર કરી રહી છે, અને સમાજ જાગૃત્તિનું એક ભગીરથ કાર્ય આ સરકાર કરી રહી છે. ગરીબ વર્ગો માટે જે નિગમો છે, એના મજબૂતીકરણ માટે ૧૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ આ બજેટમાં કરી છે. જે આ ગૃહના ઇતિહાસમાં પહેલી વખત છે કે, આ બજેટમાં દલિતોના નિગમ માટે ૧૦૦ કરોડની જોગવાઇ કરી છે. બજેટની અંદર બાર સમરસ હોસ્ટેલ બનાવવાની જોગવાઇ છે. ૮૮ આશ્રમશાળાઓમાં ૮૮ શિક્ષકોની ભરતી કરવાની પણ જોગવાઇ છે. ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોમાં ૧૫૦૦ છાત્રોનો વધારો કરવાનું આયોજન આ બજેટમાં કરવામાં આવ્યું છે.

બજેટ રજૂ થયા પછી કોંગ્રેસના અધ્યક્ષ ભરતસિંહ સોલંકીએ પ્રતિક્રિયા આપેલ કે આ બજેટ ગરીબ અને મધ્યમવર્ગ વિરોધી છે. કોંગ્રેસના મિત્રે શાંતિથી આ બજેટ ઉપર નજર કરી હોત તો આ શબ્દો ન બોલ્યા હોત. અમારી સરકાર ગરીબોને બે રૂપિયે કિલો ઘઉં અને ૩ રૂપિયે કિલો ચોખા આપે છે એ વસ્તુ આખા ગુજરાતને સ્પર્શી જાય છે અને ગરીબ અને મધ્યમવર્ગના

મનમાં ફીટ થઇ જાય તેવો વિષય છે. છ કરોડની પ્રજાએ આ બજેટ વખાણ્યું છે ત્યારે ફકત કોંગ્રેસના સભ્યો ન વખાણે એનાથી અમને કોઇ ફેર પડતો નથી.

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવની ચર્ચા વખતે કહેતા હતા કે ગુજરાતમાં દલિતો ઉપર અત્યાચાર વધ્યા છે. દલિતો ઉપર અત્યાચારના અનેક દાખલા કોંગ્રેસના શાસનમાં આ ગૃહની અંદર અપાયેલા છે. બનાસકાંઠામાં સાંબરડા ગામે, ભીમજી અણીયારી, ગોલાણામાં તો છ –છ યુવાનોને એમની શેરીમાં જઇને ગોળીએ માર્યા હતા. આવો કાળો અવસર દલિતોનો લખાયો છે. એટલા માટે ગુજરાતનો દલિત સમાજ કોંગ્રેસથી વિમુખ થયો છે. આ તકે એક મધર ઈન્ડિયાની પંકિત યાદ આવે છે જે દલિતોને લાગુ પડે છે.

‘‘ દુઃખ ભરે દિન બીતે રે ભૈયા,
અબ સુખ આયો રે રંગ જીવનમે નયા લાયો રે.’’

આ ભારતીય જનતા પાર્ટીના ૨૦–૨૦ વર્ષના શાસનમાં દલિતોના જીવનમાં સુખને સુખ જ છે. તમે અત્યારથી ૨૦૧૭ની વાટ જોઇ રહ્યા છો ત્યારે એ ૨૦૧૭ તો શું ૨૦૨૭ સુધી ભૂલી જાવ. હું દલિતોમાં પણ અતિ પછાત જાતિમાંથી આવું છું. આ સભાગૃહમાં કુલ ૧૩ દલિત સભ્યો છે એમાંથી હું એક જ અતિ પછાત જાતિમાંથી આવું છું. આ સમાજ માટે સરકારે ઘણુ કર્યું છે એટલે અમે એના ખૂબ જ ઋણી છીએ અને ભવિષ્યમાં આ સરકારનું ઋણ ભૂલવાના નથી કારણ કે અમારુ કોઇ હાથ પકડનાર નહોતું અમારો હાથ ભારતીય જનતા પાર્ટીની સરકારે પકડયો છે.

શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણી ક્રમાંક ૯૫ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

બંધારણની કલમ ૩૩૮ અન્વયે અનુસૂચિત જાતિ અને જનજાતિનું કમિશન રચવામાં આવ્યું હતું. પાછળથી ૨૦૦૩માં બંધારણમાં સુધારો કરવામાં આવ્યો જે એક કમિશન હતું એના બે કમિશન કરવામાં આવ્યા. એનો અહેવાલ પહેલા વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવતો હતો અને વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો અનુસૂચિત જાતિના કલ્યાણ માટેની સમિતિને મોકલવામાં આવતા હતા. ત્યારપછી એ અહેવાલ ઉપર પગલાં લેવામાં આવતા હતા. પરંતુ છેલ્લા દસ વર્ષથી આ કમિશનના અહેવાલો મેજ ઉપર મૂકવામાં આવતા નથી.

દરેક બજેટ વખતે બધા જ અનુસૂચિત જાતિના ધારાસભ્યોની લાગણી હોય છે કે બંધારણની જોગવાઇ મુજબ કોઇપણ રાજયની તેના વસતિના પ્રમાણેની રકમનું બજેટમાં પ્રોવિઝન કરવું જઇએ. સન ૨૦૧૬–૧૭માં રાજય સરકાર વિકાસના કામો કરવા માટે આયોજન હેઠળ ૮૫૫૫૭.૭૮ કરોડની રકમ મંજૂર કરી છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મણીભાઇ, વિરામનો સમય થયો છે, સભાગૃહ સવારના ૧૧ કલાકે મળશે. વિરામ બાદ આપનુ પ્રવચન ચાલુ રહેશે.

(વિરામ સવારના ૧૦–૩૦ થી ૧૧–૦૦)

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી મણીલાલ વાઘેલાઃ(ક્રમશઃ) માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૬–૧૭માં રાજય સરકારે વિકાસના કામો કરવા માટે આયોજન હેઠળ ૮૫,૫૫૭.૭૮ કરોડની રકમની જોગવાઇ મંજૂર કરી છે. પ્લાનીંગ કમિશનની માર્ગદર્શિકા પ્રમાણે અનુસૂચિત જાતિના વિકાસ માટે ખાસ અંગભૂત યોજના હેઠળ ૭ ટકા વસતિ પ્રમાણે વર્ષ ૨૦૧૬–૧૭માં ૫,૯૮૯ કરોડની જોગવાઇ કરવાપાત્ર થાય છે. પરંતુ ખાસ અંગભૂત યોજના હેઠળ સરકારે રૂ. ૪,૩૯૧ કરોડની જોગવાઇ કરી છે. જે ટકાવારી પ્રમાણે ૫.૧૩ ટકા થાય છે. આમાં કુલ રૂ. ૧૫૯૮ કરોડની રકમ ખાસ અંગભૂત યોજના માટે ઓછી ફાળવવામાં આવી છે. વર્ષ ૨૦૧૫–૧૬માં રૂ. ૩,૯૪૭.૧૭ કરોડની જોગવાઇ સામે રૂ. ૩,૬૬૭.૧૭ કરોડની રકમ ખર્ચ કરવામાં આવશે એવું સુધારેલા અંદાજપત્રમાં સૂચવવામાં આવેલ છે. આમ વર્ષ ૨૦૧૫–૧૬ના અનુસૂચિત જાતિના કલ્યાણ અને વિકાસ માટે રૂ. ૨૮૦ કરોડ જેટલી રકમ ઓછી ખર્ચવામાં આવશે એવું સુધારેલા અંદાજમાં સૂચવવામાં આવેલ છે. રાજય સરકાર પાસે અપેક્ષા રાખીએ કે વર્તમાન અને આગામી સમયમાં અનુસૂચિત જાતિના કલ્યાણ માટે કરવામાં આવેલ નાણાકીય જોગવાઇઓનો સંપૂર્ણ ખર્ચ કરવામાં આવે એવું આપના માધ્યમથી મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગં છું. મેં મુખ્યમંત્રીશ્રીનું અને સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રીશ્રીનું પત્રથી વારંવાર ધ્યાન દોર્યું છે કે જે રીતે આદિજાતિ વિભાગ દ્વારા અનુસૂચિત જનજાતિની કન્યાઓને ફી માફી આપવાની યોજના છે તેના ધોરણે અનુસૂચિત જાતિની કન્યાઓ માટે પાણ આ યોજના લાગુ કરવી જોઇએ. અત્યારે ૨.૫૦ લાખ રૂપિયાની આવક મર્યાદા છે તે દૂર કરીને અનુસૂચિત જનજાતિની કન્યાઓને આવક મર્યાદા સિવાય ફી માફી આપવામાં આવે છે તે જ પ્રમાણે અનુસૂચિત જાતિની કન્યાઓને પણ ઉચ્ચ અભ્યાસ માટે ફીમાંથી મુકિત આપવી જોઇએ. પરમ દિવસે સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગના માનનીય મંત્રીશ્રી માગણીઓ પરની ચર્ચાનો જવાબ આપવા ઉપસ્થિત થયા હતા ત્યારે તેમણે એક સરસ વાત કરેલી કે ‘ અમે તો હેલીના માણસ, માવઠું અમને ન ગમે.’ તો હું એ જ ઉકિતને દોહરાવવા માગું છું કે અનુસૂચિત જાતિ પેટા યોજના અંતર્ગત જે વિદેશ અભ્યાસ લોન અને ડો. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજનામાં છેલ્લા બે ત્રણ વર્ષથી બીજા અને ત્રીજા હપતાની ચૂકવણી કરવામાં વિલંબ થાય છે. વિભાગમાં જયારે રજૂઆત કરવામાં આવે ત્યારે કહે કે ગ્રાન્ટ નથી. ગ્રાન્ટ આવ્યેથી આની ચૂકવણી કરવામાં આવશે. તો

માનનીય મંત્રીશ્રીને એ કહેવા માગું છું કે વિદેશ અભ્યાસ લોન અને ડો. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજનામાં પણ વધારે રકમની ફાળવણી કરવામાં આવે. તેમાં તો ગયા બજેટ વખતે માનનીય મંત્રીશ્રીએ એવું કહેલું કે આવાસ યોજનામાંથી બી.પી.એલ. દૂર કરી આવકના ધોરણ ઉપર આવાસ યોજનામાં ફાળવવામાં આવશે પરંતુ, આજે જિલ્લાઓમાં તપાસ કરીએ તો બી.પી.એલ. યાદીમાં ૨૦ થી ૨૨ કે ૨૫ના સ્કોર સુધીમાં પણ અનુસૂચિત જાતિના આવાસ યોજનાઓથી લાભાર્થીઓ વંચિત છે. એટલે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરીએ કે આ આવાસ યોજનાની ગ્રાન્ટ પૂરેપૂરી ફાળવાય. ડો. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજનાની અને વિદેશ અભ્યાસ લોન જે ઘણાં લાંબા સમયથી ઘણી અરજીઓ પડતર છે અને ગ્રાન્ટના અભાવે કેસ સંપૂર્ણ ચકાસણી થઇને મંજૂર કરેલ હોવા છતાં પણ તેને ચૂકવણું કરવામાં આવતું નથી. તો આ રકમ વધારી સત્વરે આ યોજનાના નાણાકીય સ્ત્રોતો મજૂબતીથી ઉભા થાય અને એ રીતે આવાસ યોજનાનો બધાને લાભ મળે. વિદેશ જતા વિદ્યાર્થીઓને જે ગ્રાન્ટ આપવામાં આવે છે એ રકમ વધારવામાં આવે. છેલ્લા એક દોઢ વર્ષ પહેલા અનુસૂચિત જાતિના છાત્રાલયો માટે સરકારે જાહેરાત આપેલી અને અરજીઓ મંગાવવામાં આવેલી એ અરજીઓ ગમે તે કારણસર મંજૂર કરવામાં આવી નથી. માનનીય મંત્રીશ્રીને ખાસ વિનંતી છે કે આ અરજીઓ મંજૂર કરી અનુસૂચિત જાતિના છાત્રાલયો શરૂ કરવામાં આવે. અનુસૂચિત જાતિ વિભાગ દ્વારા બીજા વિભાગોમાં રકમો મૂકવામાં આવે છે. પરંતુ એ રકમોમાં અનુસૂચિત જાતિનો સબકોડ નહીં હોવાના કારણે એનો પૂરો ઉપયોગ થતો નથી.

શ્રીમતી સંગીતાબહેન રા. પાટીલ(લિંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, ગતિશીલ ગુજરાતના પ્રણેતા શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્ત્વમાં શહેરી વિકાસ મંત્રીશ્રી જે માગણી નં.૧૦૨ લઇને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગ દ્વારા રૂ.૧૧૨૫૬.૮૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. છેલ્લા એક દશકામાં જે રીતે ગુજરાત વિકાસ કરી રહ્યું છે એમાં શહેરોના વિકાસ અને મહાનગરોના વિકાસ અત્યંત વેગવાન બની ગયા છે. ગુજરાતનું વિકાસ મોડલ દેશ અને દુનિયામાં ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. જેનો તમામ શ્રેય અમારી સરકારને જાય છે. મને જણાવતા આનંદ થાય છે કે, સમગ્ર દેશમાં પ્રથમ તબક્કામાં પસંદ કરાયેલા પ્રથમ ૨૦ શહેરોમાં ચોથા ક્રમે હું જે શહેરમાંથી આવું છું તે સુરત શહેરની પસંદગી થઇ છે. આ પસંદગી માટેના ખૂબ ઉંચા માપદંડો ભારત સરકારે નક્કી કર્યા હતા. જેમાં પ્રથમ ૨૦ શહેરોમાં ગુજરાતના બે શહેરોને સ્થાન આપવામાં આવ્યું છે. એક અમદાવાદ છે અને બીજું સુરત શહેર છે. વિકાસની આ પસંદગી માટે રાજ્ય સરકારને, શહેરી વિકાસ વિભાગને, સુરત અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ આ બન્ને શહેરની જનતાને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. પહેલા ગુજરાતની સ્થિતિ કેવી હતી? એક બાજુ વાહનો વધતા હતા, વસતિ વધતી જતી હતી અને ધૂમાડો પણ વધતો જતો હતો, પ્રદૂષણ થતું હતું. ફ્લાય ઓવર બ્રિજની માગણી હોય કે રેલવે બ્રિજની માગણી હોય કે પછી શહેરી પરિવહનની જવાબદારી ઉઠાવવાની હોય આ બધા માટે કોઇ યોજનાઓ ભૂતકાળમાં ન હતી. દુનિયાભરના લોકો ગુજરાત તરફ આકર્ષિત થઇ રહ્યા છે. કેમ કે ગુજરાતના શહેરોમાં વિશાળ રસ્તાઓ, ઓક્સિજન પાર્ક બગીચાઓ, પીવાનું શુદ્ધ પાણી, ભૂગર્ભ ગટર વ્યવસ્થા, ફ્લાય ઓવર બ્રિજ વગેરે અનેક સુવિધાઓની સાથે સાથે ગુજરાતમાં શાંતિ, સલામતી અને સુરક્ષા હોવાના કારણે ગુજરાત વિકાસના શિખરે પહોંચ્યું છે. હું મારા લિંબાયત વિસ્તારની વાત કરું તો મારા સુરતના લિંબાયત વિસ્તારમાં છેલ્લા દસ વર્ષથી રેલવે ઓવર બ્રિજ પાસ થઇ ગયો હતો. પરંતુ રેલવે ઓવર બ્રિજ બનાવવો હોય તો રેલવેની મંજૂરી લેવી પડતી હોય છે. પણ કેન્દ્રમાં કોંગ્રેસનું શાસન હોવાથી અમને રેલવેમાંથી મંજૂરી મળતી ન હોવાના કારણે બ્રિજ મંજૂર થઇ ગયો હોવા છતાં પણ કામ અટકી જતું હતું. પરંતુ જ્યારથી કેન્દ્રમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવવાના કારણે અમને તાત્કાલિક રેલવે ઓવર બ્રિજની મંજૂરી આપવામાં આવી હતી અને મારા લિંબાયત વિસ્તારમાં આજે બ્રિજની કામગીરી પ્રગતિ હેઠળ છે. આ ફર્ક અમારી સરકારનો છે અને જે ફક્તને ફક્ત વિકાસના ધ્યેય સાથે આગળ વધે છે. સુરત શહેરને ઝીરો સ્લમ સીટી બનાવવા માટે સરકારે સ્લમ રીડેવલપમેન્ટ અને સ્લમ અપગ્રેડેશનની વ્યૂહરચના કરી છે. જેના અંતર્ગત સુરત શહેરમાં મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ ૬૪૯.૨૫ કરોડના ખર્ચે એલ.આઇ.જી.ના ૮૭૨૧ અને રૂપિયા ૧૩૯.૯૮ કરોડના ખર્ચે ઇ.ડબલ્યુ.એસ.ના આવાસોની કામગીરી પ્રગતિમાં છે. મારે મારા મૂળ વતન મહારાષ્ટ્રની વાત કરવી છે. અમે જ્યારે વતનમાં જતા હતા ત્યારે મહારાષ્ટ્ર અને ગુજરાતની બોર્ડર ઉપર આવેલ નવાપુર સુધી અમે ગાડીમાં સુઇને શાંતિથી જતા હતા પણ જ્યારે ગુજરાતની બોર્ડર પાસ કરીને મહારાષ્ટ્રમાં દાખલ થઇએ ત્યારે અમને એવો અહેસાસ થાય કે મહારાષ્ટ્ર શરૂ થઇ ગયું. કારણ કે રસ્તામાં એક એક ફુટના ખાડાઓ, એટલો રસ્તો ખરાબ હતો. પણ હમણાં થોડા દિવસો પહેલા હું ગામડે ગઇ હતી ત્યારે જોયું તો ત્યાંના રસ્તાના કામો ચાલુ થઇ ગયા છે. ખાડાઓ ભરાઇ ગયા છે. કેમ કે, ભારતીય જનતા પાર્ટીની સરકાર હવે મહારાષ્ટ્રમાં આવી ગઇ છે. હવે અમારા ગામડાંનો વિકાસ થશે એ કહેવામાં કોઇ અતિશયોક્તિ નથી.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી ગોવાભાઇ હ. રબારી(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી માગણી નં. ૧૦૧, ૧૦૨, ૯૨ અને ૯૫ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી જે માગણીઓ લાવ્યા છે એમાં બક્ષીપંચ, શૈક્ષણિક પછાત વર્ગોની વાત કરું તો આખા ગુજરાત રાજ્યમાં ૫૨ થી ૫૫ ટકા વસતિ છે. ૧૪૬ જાતિઓનો આખો ઓ.બી.સી.નો વર્ગ છે. જે વાર્ષિક આયોજન છે એના ૧.૨૯ ટકા એમને હિસ્સો આપવામાં આવ્યો છે. એમનો કેટલો વિકાસ થશે, એમાંથી કેટલો ઉત્કર્ષ થશે એ આના ઉપરથી સમજી શકાય છે. મને આશા છે કે મંત્રીશ્રી કંઇક કરશે. આંકડા જોઇએ તો કશું જ નથી. આજે વસતિ ગણીએ તો ૬૦ ટકા છે. કારણ કે આ જાતિના લોકો જ વસતિ ટકાવી રહ્યા છે. વસતિના ધોરણે બજેટમાં આંકડા નહીં સુધારે તો આ વર્ષે બહુ મોટી મુસીબત થશે. ભારતના બંધારણ પ્રમાણે નબળા વર્ગોના તમામ લોકોને આર્થિક વિકાસમાં તથા શૈક્ષણિક વિકાસના હેતુઓની અભિવૃદ્ધિ અંગે

વિશેષ કાળજી લેશે એમ પણ કહેલું છે. પણ કંઇ કાળજી લીધી છે એવું બજેટમાં દેખાતું નથી. ઓ.બી.સી. વર્ગ આજે પણ ગામડાંમાં ૫૦ ટકા અભણ છે. ભલે અહીંયા આંકડામાં ગમે તે કહેતા હોય પણ આજે પણ મોટો વર્ગ મજૂરી કરે છે, ખેત મજૂર વર્ગ ગામડાંમાં ખેતીમાંથી મજૂરી મેળવે છે અને એમાં સરકારનો કોઇ હિસ્સો નથી કે રોજી મળે. આવકના આંકડા રાખ્યા છે. હમણાં બજેટમાં કંઇક યુવાનો માટે જાહેરાતો થઇ અને એમાં ૬ લાખની આવકની મર્યાદા રાખી છે. આ ઓ.બી.સી., એસ.સી. અને એસ.ટી.નો વર્ગ એકદમ કચડાયેલો વર્ગ છે. એને લાભ મેળવવા માટે ૪૮ હજાર અને શહેરમાં ૬૮ હજારની આવકની મર્યાદા છે. પતિ–પત્ની બન્ને મજૂરી કરે અને આમ તો ૩૦૦ રૂપિયા વેતન છે પણ ૧૦૦ રૂપિયા લાવે તો પણ બન્નેના મહિને ૬ હજાર આવક થઇ જાય અને વર્ષે ૪૮ હજારની મર્યાદા પૂરી થઇ જાય. પછી નાછૂટકે ખોટા આવકના દાખલા લાવવા પડે અને અધિકારીઓએ ખોટા દાખલા આપવા પડે. આપના લેવલે આ મર્યાદા સુધારી દો અને ૬ લાખ કરો. એસ.ટી., એસ.સી. અને ઓ.બી.સી.ના લોકોએ યોજનામાં લાભ માટે ૬ લાખની આવકની મર્યાદા હોવી જોઇએ અને તો જ લોકો લાભ લઇ શકે. આ બધા માટે એમના તમામ વિભાગોમાં તમામ જગ્યાઓ ખાલી હશે એની કોઇ ચિંતા નથી કરી. કારણ કે અહીં સુધી એ આવી શકે તેમ નથી. મંત્રી ભલે સમાજના હોય પણ બીજી જમાતવાળા ધકેલીને પાછા કાઢે. ત્યાં સુધી જવા દે તો સાચી વાતનો ખ્યાલ આવેને? એટલે ગરીબ વર્ગની આ જે પરિસ્થિતિ છે એના માટે ચિંતા કરવી જોઇએ. બજેટમાં આવી કોઇ ચિંતા કરી નથી. મને લાગે છે કે મંત્રીશ્રી ટકાવારી પ્રમાણે કબૂલ કરશે. ઓ.બી.સી.ના જે બોર્ડ બનાવ્યા છે, ઠાકોર કોળી સમાજ બોર્ડ અને ગોપાલક બોર્ડ, જે ગોપાલકો ઢોર–ઢાંખર ચરાવે એમના ઉત્કર્ષ માટે. ૨૦૧૫–૧૬ની ફાળવણી કરી છે એમાં ઠાકોર સમાજના બોર્ડ માટે ૨.૭૫ કરોડ છે. ૨ કરોડ ૭૫ લાખમાં એનો પગાર પણ પૂરો નથી થતો. આ વસતિનો ક્યો ઉત્કર્ષ થઇ જશે? ગૌપાલક બોર્ડની વાત કરું. ૨૦૧૫–૧૬ની અંદર ૨ કરોડ ૭૫ લાખ. મને લાગે છે કે પૂરો સ્ટાફ રાખે તો એનો પગાર પણ ૩ કરોડ થાય. પૂરા પગાર જેટલી પણ ફાળવણી નથી. બે બોર્ડના મોટા બોર્ડ લગાવી દીધા છે. તમામ જગ્યાએ આ જાતિઓના સંમેલન બોલાવવાના અને કહેવાનું કે તમારું બોર્ડ, નિગમ, કરોડનો ફાયદો, આ તે. એમાં પેલી બધી યોજના ગણાવી દે એસ.સી., એસ.ટી. અને બીજી કંઇ યોજનાઓ, જેમાં કરોડોના આંકડાના ભાષણ થઇ જાય. હવે આ બોર્ડની તમારી જોગવાઇ. હવે આમાં પગાર જ પૂરો નથી થતો તો કયો લાભ મળશે અને એમાંથી શું લેવાના છે? અમારાં આર.એમ.પટેલ સાહેબ ઊભા થઇને બોલે તો અમને ખૂબ ખૂશી થાય. એક આઇ.એ.એસ. અધિકારી છે, બધો અભ્યાસ છે પણ હું ધીરે રહીને મનમાં વિચારું છું કે આર.એમ.પટેલ સાહેબનો આત્મા નથી બોલતો. જ્યાં બેઠાં છે ત્યાંથી બોલવું પડે એટલે બોલે બાકી એમનો આત્મા તો આ ના કહી શકે. કારણ કે કાંઇ અંદર છે જ નહિ. એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. જુઓ તો ખાલી કાગળના ઘોડા જ છે અને આજે આ વર્ષ ત્યાં ને ત્યાં જ છે એમાં કાંઇ ખોટું નથી. હમણાં બહેને કહ્યું એ સાચી વાત છે કે મહારાષ્ટ્રમાં જતાં હતાં અને રોડ ખખડધજ ૧૫ વર્ષ પહેલા હતા. હવે એમને ખબર નથી કે ૨૫ વર્ષથી આપ જ છો. ખાડા તમારા વખતના જ છે નીતિનભાઇ. (ઘોંઘાટ) અમારાં વખતમાં તો સમગ્ર ગુજરાતમાં અને આખા દેશની અંદર ફર્સ્ટ નંબરના રસ્તા હતા પણ એ આપના વખતનું છે કાંઇ વાંધો નહિ, હશે! એમાં મારે નથી પડવું. એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. વર્ગો છે. જે મજૂર વર્ગ છે. તમે મોટા મોટા ખેડૂતો છો, ઉદ્યોગપતિઓ છો, તમારા ઘરની મજૂરી, તમારા ખેતરોની મજૂરી, તમારી ફેક્ટરીઓની મજૂરી, તમારું રખવાળું, તમારી ચોકિયાત આ બધું જ કરે છે. એ દિવસે જ્યારે એમાં ભડકો બળશે ત્યારે એ બધા વર્ગને જીવવું ભારે થશે. કારણ કે ભરેલી આગ પડી છે અને એના પણ બાળકો તમારા સુખી માણસોની હરોળમાં ભણે–ગણે અને ઉપર જાય. આજે શિક્ષણની અંદર બે ભાગ પડી ગયા છે. એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. ના જ બાળકો જ માત્ર સરકારી સંસ્થાઓમાં ભણે છે. બાકીના બધા પ્રાઇવેટ સ્કુલોમાં સારું અને ઉચ્ચ શિક્ષણ આપે છે ત્યાં મોટી મોટી ફી આપીને ભણાવે છે અને આ વર્ગ ત્યાં ને ત્યાં જ છે. તેની કોઇ કાળજી ઇરાદાપૂર્વક લેવામાં આવતી નથી કે આ ત્યાં ને ત્યાં જ મજૂરી કરે, અમારે ત્યાં જ કામ કરે એવી પણ ક્યાંક લાગી આવે છે તો આ તમામે તમામની થોડીક તો દયા રાખવી જોઇએને નીતિનભાઇ પટેલ સાહેબ? આમાં થોડું કરો. એકલા ઉપર મત જાવ. આ તમારે ત્યાં કોઇ મજૂર જ નહિ રહે. તમે આ બજેટમાં એટલુંય કર્યું કે આ ગરીબ માણસના વેતનમાં વધારો કરીને ૩૦૦ રૂપિયા કરીએ. આજે પણ ૧૦૦ રૂપિયા છે, ૧૧૦, ૫૭ અને ૬૨. અરે, આજે ગાંધીનગરમાં જમવા જાવ તો ૩૦૦ રૂપિયાની એક ટાઇમ જમવાની થાળીના છે. કમસેકમ આખો દિવસ મજૂરી કરે છે એનું વેતન તો ૩૦૦ રૂપિયા કરી આપો તો ય ઘણું છે.

અધ્યક્ષશ્રી : ગોવાભાઇ શ્રમ અને રોજગાર વિભાગ પર બોલજો.

શ્રી ગોવાભાઇ હ. રબારી : જી. આ તો સાહેબ રોજગારની વ્યાખ્યા છે. મારી એક અંદરની વેદના છે કે આ ગરીબ માણસો માટે કાંઇકને કાંઇક તમારે કરવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, જે બેંકેબલ યોજનાઓ છે. એસ.સી. હોય કે ઓ.બી.સી. હોય એમને બેંકેબલ યોજનામાં વ્યાજ ના હોવું જોઇએ. બાજપાયી યોજનામાં જે રાષ્ટ્રીયકૃત બેંકો છે એમાં તમે મિટિંગ ભરીને પૂછો કે, કેટલા કેસો કર્યા છે? તમારે ત્યાંથી કેટલા પાછા મોકલ્યાં છે? નાછૂટકે ક્યાંક પાંચ–પચ્ચીસ કેસ લે બાકી નહિ લેવાના. તું તો નથી આપવાનો. અરે, ભારત સરકારે તેમની જવાબદારી લીધી છે. ભારત સરકારની યોજના છે. એના પૈસાની જવાબદારી ભારત સરકારની છે તો પણ કેમ નથી લેતા? એનું કોઇ ઉપરાણું લેવાવાળો નથી. કારણ કે એ ગરીબ વર્ગનો માણસ છે. મારે આ વિષયમાં કહેવું પડે કે માત્ર એક ટકો વ્યાજની વાત કરી. હું એમ કહું છું કે આ ત્રણે ત્રણ વર્ગ – એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. વર્ગને ૧૦% લાભ પણ મળવાનો નથી. કારણ કે કોઇ ધિરાણ જ નહિ આપે, શાનો લાભ મળે? ત્યાંને ત્યાં જ સબડશે અને ભાષણ અને માત્ર વસતિ ભેગી કરવામાં આ ત્રણેય વર્ગ ટ્રેકટરો ભરી ભરીને આવશે. લાભ થાશે, લાભ થાશે. બાકી વાસ્તવિકતામાં એની કોઇ ચિંતા કરતું નથી.

અધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટનો સમય છે.

## તા. ૧૧મી માર્ચ, ૨૦૧૬
## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, જે છોકરાઓ એસ.સી. હોય કે ઓ.બી.સી. હોય, બહાર જે ભણવા જાય છે એના માટે જે લોનની સુવિધા છે. ખરેખર એ લોન વગર વ્યાજની હોવી જોઇએ અને ૫૦% માં સબસિડી હોવી જોઇએ કે જેથી દરેક બાળક ત્યાં જઇ શકે. જે ગરીબ છે જેણે લાખ રૂપિયા જોયા નથી કે મારાં છોકરાં માટે ૧૫ લાખ રૂપિયાની લોન શંકરભાઇ પાસે લઇશ અને નહિ તો એ ભણશે ક્યાંથી? ના મળશે તો શું થશે? એમ કરીને એ વિચાર માંડી વાળે છે. ૫૦% માં સબસિડી અને વગર વ્યાજની કરો તો એને કંઇક લાભ મળે.

માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યાર્થીઓ માટે સરકારી સ્કુલોમાં જે ભણે છે. આજે ગામે ગામ એમને જવા માટે બસોની આપણે વ્યવસ્થા કરીએ છીએ. રોડથી બે–ત્રણ કિલોમીટર ગામ હોય તો છોકરો ચાલતો આવે પણ બસવાળો હાઇવેથી બસ નીચે નથી ઉતારતો. જે પહેલાં તમામે તમામ કાચા રસ્તાઓ હતા તો પણ ગામડાંની અંદર બસ જતી હતી એમાં બેસીને આ ગરીબ વર્ગના માણસો ભણી શકતા હતા. એ આજે નામો નિશાન મટી ગયું અને પ્રાઇવેટ જીપડા ગોતવા પડે અને એમ કરીને નિશાળે અથવા વહેલો ઉઠીને બીચારાને બે કલાક વાંચવા માટે પણ ના મળે, એને ચાલવામાં જાય, આવવા અને જવામાં ચાર કલાક તો જતા રહે. આ પરિસ્થિત ગરીબોની છે એના માટે કાંઇક ને કાંઇક તો વિચારો. બીજા બધા તો ઠીક છે પણ તમે એસ.સી. છો, તમે બક્ષી છો, કાંઇક તો વિચારો ?

માનનીય અધ્યક્ષશ્રી, જે ઓ.બી.સી., એસ.સી. માટે અને દરેક માટે જે "મા કાર્ડ" કાઢ્યા છે એ ખૂબ સારા છે, એને આવકારું છું કે, ગરીબો માટે જે પાંચ– છ મોટા રોગ છે એના માટે થાય તો સારું છે. આરોગ્ય વિશે નથી બોલતો પણ એસ.ટી., એસ.સી. અને ઓ.બી.સી.નો વર્ગ છે એને જે મોટો રોગ એક ટકો થાય છે, નવાણું ટકા કોઇને મેલેરિયા થઇ ગયો, ટાઇફોઇડ થઇ ગયો, નાનું મોટું ઓપરેશન આવ્યું, પાંચ– દસ હજારનું તો પહેલાં ત્રીસ હજાર રૂપિયા બી.પી.એલ...

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે. માનનીય અરવિંદભાઇ.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની માગણી નંબર–૧૦૧ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો અને તેને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતની પ્રજાને આપના માધ્યમથી હું ખૂબ ખૂબ અભિનંદન આપવા માગુ છું. અભિનંદન એટલા માટે કે, છેલ્લા વીસ વર્ષની અંદર કોઇએ જો વિકાસ કર્યો હોય તો એ ભારતીય જનતા પાર્ટીએ કર્યો છે. છેલ્લા વીસ વર્ષની અંદર શહેરમાં રહેતા ગરીબ અને મધ્યમ વર્ગની પ્રજા માટે કોઇએ જો, વિકાસની વાત, એમની સગવડ માટેની વાત, એમની જીવાદોરી માટેની વાત અને એમને રહેવા માટેના મકાનની વાત એમાં જો કોઇ આયોજન કરવામાં આવ્યું હોય તો એ માત્રને માત્ર ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૧થી વાત કરું તો, ૨૦૦૧માં આ સભાગૃહની અંદર આ દેશના હાલના વડાપ્રધાન અને તે વખતના તત્કાલિન માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ રાજ્યની અંદર ૨૦૦૧ પછી શહેરી વિસ્તારમાં રહેતા ગરીબ અને મધ્યમવર્ગની પ્રજા માટે ખૂબ યોજનાઓ મૂકી છે. એ યોજના એક નહીં પણ અનેક યોજનાઓ એમણે અમલમાં મૂકી. સૌથી પહેલી તો શહેરી વિસ્તારમાં રહેતા શહેરી ફેરિયાઓને ઓળખ કાર્ડ આપવાની યોજના, ઘર વિહોણા શહેરીજનો માટે આશ્રયની યોજના, શહેરી આજીવિકા મીશનની યોજના, કૌશલ્ય તાલીમ મારફતે રોજગારીની યોજના, મહાત્મા ગાંધી સ્વચ્છતા મીશન એટલે કે, સ્વચ્છ ભારત મીશનની યોજના, સ્વરોજગારી યોજના, સામાજિક અને સંસ્થાકીય યોજના, ક્ષમતા નિર્માણ અને તાલીમ યોજના, ઉમ્મીદ યોજના, સ્માર્ટ સિટી યોજના, મેટ્રો રેલ યોજના, રાષ્ટ્રીય વિરાસત અને શહેરી વિકાસ વર્ધન યોજના, શહેરી સર્વાંગી પરિવર્તન અને નવીનીકરણ યોજના, રાષ્ટ્રીય નદી શુદ્ધીકરણની યોજના, અગ્નિશમન યોજના અને ટાઉન પ્લાનીંગની યોજનાઓ અમલમાં મૂકી.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૦માં આ રાજ્યને પચાસ વર્ષ પૂર્ણ થતા હતા. તે વખતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતની અંદર સ્વર્ણિમ જયંતી ઉજવવાનું નક્કી કર્યું, એનું આયોજન કરવામાં આવ્યું. એના ઉદ્દેશ્ય સાથે પચાસ મુદાના અમલીકરણ સમિતિની રચના કરવામાં આવી અને એ વર્ષે જ શહેરી વિસ્તારોની અંદર તમામે તમામ વર્ગના માણસોને સુખાકારીની સગવડો પ્રાપ્ત થાય અને શહેરી વિસ્તારમાં જે કાંઇ મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગની પ્રજાજનો રહે એમને સુખાકારીની તમામ સગવડતાઓ ઉપલબ્ધ થાય એમાં આ યોજનાઓમાં અમલ કરવામાં આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, હું આ સભાગૃહમાં જે વિસ્તારમાંથી એટલે કે, અમદાવાદ વિસ્તારમાંથી આ સભાગૃહમાં પ્રતિનિધિત્વ કરું છું, એ વિસ્તારની જો ખાલી વાત કરું તો છેલ્લા પાંચ–સાત વર્ષની અંદર શહેરની અંદર જન ભાગીદારીની યોજના

અધ્યક્ષશ્રી : આપની પાસે એક મિનિટનો સમય છે.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલઃ એટલે કે સોસાયટીની અંદર આર.સી.સી. રોડ, પીવાનું પાણી, રસ્તા, લાઇટ આ બધી સગવડો માટે ૭૦–૨૦–૧૦ ની યોજના મૂકવામાં આવી. આજે આ સભાગૃહની અંદર કહેતા આનંદ અનુભવુ છું. મારા એકલા વિસ્તારની અંદર ખાલી સાબરમતી વિસ્તારની વાત કરું તો છેલ્લા ચાર વર્ષની અંદર ૩૬૦ જેટલી સોસાયટીઓની અંદર આ યોજનાનો પૂરેપૂરો લાભ મળ્યો અને એના આધારે તમામેતમામ સુવિધાઓ સાથે આ યોજના આજે ખૂબ ઉપયોગી સાબિત થઇ છે. એવી જ યોજના ૨૦૧૩ની સાલમાં મુખ્યમંત્રી આવાસ યોજનાનું પણ આયોજન કર્યું અને એમાં જે તે વખતે ૨૦૧૨માં જયારે આ રાજય સરકારની ચૂંટણી આવી ત્યારે વિપક્ષના મિત્રોએ એક એવી જાહેરાત કરી.

ફાલ્ગુન ૨૧, ૧૯૩૭ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

શ્રી ભોળાભાઇ ભી. ગોહિલ(જસદણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નં. ૯૨ લઇને આવ્યા છે સામાજિક સુરક્ષા અને કલ્યાણ વિભાગ એમાં મારા મંતવ્યો રજૂ કરું છું. આ વિભાગમાં ગુજરાત રાજયની કુલ ૧૪૬ જાતિઓનો સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગમાં સમાવેશ કરેલો છે. જે કુલ વસતિના આશરે પર ટકા જેટલી વસતિ થાય છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉત્કર્ષ માટેની જાહેરાતો છે એ ઘણી થાય છે પણ જિલ્લા કક્ષાએ સમાજ કલ્યાણ અધિકારી એની નીચેની જે સમાજ નિરીક્ષક તરીકેની જગ્યાઓ છે એ ખાલી છે એના પરિણામ સ્વરૂપે દરેક તાલુકા કક્ષાએ જે સમાજ નિરીક્ષકોએ ઓ.બી.સી. સમાજના નાની મોટી યોજનાઓના જે લાભ મેળવવાના હોય એ લાભ પૂરતા પ્રમાણમાં મળતા નથી. આ ભારતીય જનતા પક્ષની સરકાર આવ્યા પછી ગરીબ કલ્યાણ મેળાઓની જાહેરાત થાય છે. આ ગરીબ કલ્યાણ મેળાની અંદર પણ આ અધિકારીઓની તાલુકા કક્ષાએ ભરતી નહીં હોવાને કારણે એમાં પણ જાહેરાત થાય છે કે વચેટીયાઓને નાબૂદ કરીશું પણ દરેક તાલુકા કક્ષાએ પણ આ ભારતીય જનતા પક્ષના અમુક કાર્યકરો દ્વારા સમાજ કલ્યાણ વિભાગમાંથી સીધેસીધા ફોર્મ લઇ આવીને માત્ર દર વખતે જે ગામની અંદર જે ફોર્મ મળવાના હોય એ વારંવાર એ જ ગામના લાભાર્થીઓ છે એ લાભ મેળવે છે. અમુક ગામની અંદર છેલ્લા બે વર્ષની અંદર એક પણ લાભાર્થી આ ગરીબ કલ્યાણ મેળાનો લાભ મેળવી શકયા નથી તો માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આવી તપાસ કરીને દરેક ગામની અંદર કયાંક ને કયાંક લાભાર્થીઓને નાનોમોટો લાભ મળે એવી વ્યવસ્થા કરવા વિનંતી. માનનીય મંત્રીશ્રીએ આ વખતના બજેટમાં અમરેલી જિલ્લાના બાબરા તાલુકા ખાતે સુવિધાયુકત આદર્શ નિવાસી શાળાના બાંધકામ માટે જોગવાઇ કરી છે પણ રાજકોટ જિલ્લાના જસદણ-વીંછીયા તાલુકાની અંદર ૮૦ થી ૮૫ ટકા ઓ.બી.સી. સમાજની વસતિ છે તો માનનીય મંત્રીશ્રીને વિનંતી કે અમારા જસદણ-વીંછીયા તાલુકામાં પણ આદર્શ નિવાસી શાળા ભવિષ્યના આયોજનમાં લેવાય એવી હું આ તકે વિનંતી કરું છું. જસદણ શહેરની અંદર પણ દલિત સમાજના છાત્રાલય માટે અમારા રાજયસભાના સાંસદ શંભુજી ઠાકોર અને અમારા એ વિસ્તારના સાંસદ દ્વારા પણ ત્યાં દલિત છાત્રાલયના બાંધકામ માટે જોગવાઇની જાહેરાત કરી છે એની ગ્રાન્ટ આપવાના છે ત્યારે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું કે અમારે ત્યાં દલિત છાત્રાલય માટે પણ આવતા દિવસોમાં જોગવાઇ થાય. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના મેડિકલ અને એન્જીનીયરીંગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આપવામાં આવતી ભોજન બિલ રાહત માસિક રૂપિયા હજારથી વધારીને આ વખતે રૂપિયા ૧૨૦૦ કરવામાં આવી. આ મોંઘવારીના સમય પ્રમાણે એ અપૂરતી કહેવાય.

શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, ગતિશીલ ગુજરાતના પ્રણેતા માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલના નેતૃત્વવાળી સરકારમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી રમણભાઇ વોરા સાહેબ જે માગણી લઇને આવ્યા છે એના વિશે મારા વિચારો રજૂ કરવા અને સમર્થન આપવા માટે ઊભો થયો છું.

રાજ્ય સરકારે બક્ષીપંચની ભલમામણોનો તા. ૧-૪-૧૯૭૮ થી સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગોના ઉત્કર્ષ માટેની યોજના હતી એનો અમલ કર્યો છે. આર્થિક રીતે પછાત વર્ગની કન્યાઓ શિક્ષણમાં ખૂબ જ પછાત હતી. શિક્ષણનું પ્રમાણ તેમનામાં નહિવત હતું. ભારતીય જનતા પાર્ટીની સરકારે અગાઉની સરકારમાં સાઇકલ આપવાની કોઇ યોજના અમલમાં નહોતી, પરંતુ વર્તમાન સરકારે કન્યા કેળવણીને પ્રોત્સાહન મળે, એને ઉત્તેજન આપવાના હેતુથી વર્ષ ૧૯૯૯ થી ૨૦૦૦ થી ધોરણ-૮ ની કન્યાઓને સાઇકલ આપવાની યોજના અમલમાં મૂકી છે. ૨૦૧૩-૧૪ ના વર્ષની અંદર પણ ધોરણ-૯ માં ભણતી આ સમાજની કન્યાઓને સાઇકલ વિનામૂલ્યે આપવામાં આવે છે. વર્તમાન સરકારના સમયમાં ૪.૪૭ લાખ દીકરીઓને ૯૯.૮૨ કરોડની સાઇકલ સહાય આપવામાં આવી છે. ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયના ગૃહપતિ અને ગૃહમાતાને આપવામાં આવતું વેતન માસિક રૂપિયા ૧,૦૦૦ થી ૨૭૦૦ નો વધારો કરીને માસિક રૂપિયા ૪૫૦૦ થી ૫૫૦૦ કરવામાં આવેલ છે. ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયના રસોઇયા અને ચોકીદારોને આપવામાં આવતું વેતન ૧,૦૦૦ થી વધારીને ૧૩૦૦ નો વધારો કરીને માસિક રૂપિયા ૨૫૦૦ થી ૩૦૦૦ સુધી કરવામાં આવેલ છે. ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલય અને આશ્રમશાળાના વિદ્યાર્થીઓના નિભાવ ભથ્થામાં માસિક રૂપિયા ૧,૦૦૦ થી વધારીને ૧૫૦૦ કરવામાં આવ્યો છે. વર્ષ-૨૦૧૪ થી ધોરણ ૧૨ માં ૭૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ટેબ્લેટ આપવાની યોજના અમલમાં મૂકી છે. અને ટેબ્લેટે ૯૦૦૦ની સહાય આપવાની નવી યોજના શરૂ કરી છે. વર્ષ-૨૦૧૪-૧૫ થી ધોરણ ૧૦ માં ૭૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવનાર સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓને નીટ,જી અને ગુજકેટની પરીક્ષાની તૈયારી માટે કોચિંગ માટે રૂપિયા ૨૦,૦૦૦ સુધીની સહાય આપવાની યોજના અમલમાં મૂકી છે. વર્ષ ૨૦૧૪-૧૫ થી ખ્યાતનામ સ્કૂલોમાં પ્રવેશ મેળવનાર વિચરતી વિમુક્તિ જાતિના વિદ્યાર્થીઓને રૂપિયા ૪૦,૦૦૦ પ્રોત્સાહક સહાય આપવાની નવી યોજના અમલમાં મૂકી છે. વિચરતી અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે જવું હોય તો ૧૫ લાખની સહાય ૪ ટકાના દરે આપવામાં આવે છે. આ સમાજના વિદ્યાર્થીઓને પાઇલોટની તાલીમ લેવાની હોય તો ૨૫ લાખ રૂપિયા સુધીની સહાય ૪ ટકાના દરે આપવામાં આવે છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિદ્યાર્થીઓને સબસિડી આપવાની વિવિધ યોજના દાખલ કરી છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માનનીય મંત્રીશ્રી રમણભાઇ તેમના વિભાગની માગણી નંબર ૯૫ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. ગરીબ, શોષિત, પીડિત સમાજના ઉત્થાન માટે તેમનું પોતાનું તેમજ તેના આખા જ કુટુંબનું જીવન ન્યોચ્છાવર કર્યુ હોય તેવા બંધારણના ઘડવૈયા ડો.બાબાસાહેબ આંબેડકરને યાદ ન કરીએ તો કેમ ચાલે? ‘‘અગર ભીમ દલિતો મેં પૈદા ન હોતા તો દલિતો કા

ગુજારા ન હોતા, ડૂબ જાતી દલિતોકી નૈયા અગર ભીમ તેરા સહારા ન હોતા.'' ભારતીય જનસંઘની સ્થાપના બાદ પંડિત દિનદયાલજીએ કહ્યું છે કે દરેક સમાજમાં આખરી પગથિયે બેઠેલ વ્યક્તિ અમારું પ્રથમ લક્ષ્ય છે. આથી આપણે તેમને ભગવાન માનવાના છે અને તેમની પૂજા કરવાની છે. આ આપણો સામાજિક અને માનવધર્મ છે. ''ચલો જલાયે દીપ વહાં જહાં અભી ભી અંધેરા હૈ.'' અંધેરા ઉલેચવાનું કામ આપણી આ ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે. આ વિભાગનું નામ પહેલાં સમાજ સુરક્ષા હતું. આ નામ બદલીને ભારતીય જનતા પાર્ટીની સરકારે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ નામ આપ્યું છે. આ સરકારની અંદર સામાજિક ન્યાયની સાથે સમાજની સુરક્ષા અને તેમના અધિકારો છીનવાઇ ન જાય તેના માટેની કામગીરી બિરદાવવા લાયક છે. અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની યોજનાઓ જોઇએ તો શૈક્ષણિક યોજનાઓ, આર્થિક ઉત્કર્ષ માટેની યોજનાઓ, આરોગ્યની યોજનાઓ, આવાસ માટેની યોજનાઓનો સમાવેશ થાય છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે અનુસૂચિત જાતિના વર્ગને ભણાવવાના છે. આ દલિતોને પણ ભણવું છે. કેમ કે ભણવા સિવાય બીજો કોઇ વિકલ્પ નથી. તે એટલા માટે કે જમીનદાર નથી, મિલ માલિકો નથી, ઉદ્યોગપતિ કે વેપારી નથી. એટલે દલિતો માટે શિક્ષણ એ સંજીવની છે, તે જ તેને જીવાડી શકશે અને તે જ તેને ઉગારી શકશે. રાજય સરકારની ઉમદા શિક્ષણ યોજનાઓના લાભો થકી દલિત, પીડિત, શોષિત સમાજ આજે ભણતો થયો છે. હમણાં જ સાત તારીખે સોમવારે આપણે બધા જ મહાશિવરાત્રિનો તહેવાર ઉજવીને આવીએ છીએ. દેવોના દેવ મહાદેવના આખા કુટુંબની પૂજા થાય છે. શિવની પૂજા થાય, ડમરૂની પૂજા થાય, લાભની પૂજા થાય, નાગની પૂજા થાય, ગણેશની પૂજા થાય, કાર્તિકની પૂજા થાય એમ તેના બધા જ કુટુંબની પૂજા થતી હોય છે ત્યારે આપણા બંધારણના ઘડવૈયા ડો.બાબાસાહેબ આંબેડકરના આખા પરિવારના નામ સાથેની ઉત્થાન માટેની યોજનાઓ લઇ આ સરકાર આવી છે. જેવી કે આંબેડકર આવાસ યોજના, આંબેડકર છાત્રાલયો, આંબેડકર વિદેશ અભ્યાસ લોન, ડો.બાબાસાહેબ આંબેડકર એવોર્ડ, સુબેદાર રામજી આંબેડકર ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો, રમાબાઇ સાતફેરા સમૂહ લગ્ન. કુમાર રત્ન ભીમરાવ આંબેડકર સહાય યોજના, સાહેબ મારે જયોત બનીને જલવું છે, મારે તેલ બનીને બળવું છે. ગરીબોના છેવાડાના લક્ષ્ય સામે મારે અડગ થઇને લડવું છે. ડો.બાબાસાહેબ આંબેડકર પહેલીવાર કાલુપુર રેલવે સ્ટેશને આવ્યા હતા ત્યારે બાબાસાહેબ આંબેડકર પાછા જાઓ અને હાથમાં કાળા વાવટા લઇ ફરકાવવાનું કામ આ કોંગ્રેસના મિત્રોએ કર્યુ હતું. કોંગ્રેસના શાસનકાળ દરમ્યાન દલિતોના વિકાસ માટે અને સમાજના વિકાસ અને કલ્યાણ માટે કશું જ કર્યુ નથી. માત્રને માત્ર વાતો કરી કાગળો બનાવ્યા છે. આજે દલિત સમાજનું ઉત્થાન થઇ રહ્યું છે, આ દલિતોના ઉત્થાન માટેની ભાગીદાર ભાજપ સરકાર છે. તેમણે તો દલિત સમાજનો મતબેંક તરીકે જ ઉપયોગ કર્યો છે.

શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા બાબતની માગણી નંબર ૯૨, ૯૫ અને ૯૬ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર વિશ્વ, સમગ્ર દેશ અને આપણું રાજય ભારત રત્ન અને વિશ્વ વિભૂતિ ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતી આજે ઉજવી રહ્યું છે. ડો.બાબાસાહેબ આંબેડકરને આ દેશનું બંધારણ લખવાનો અવસર મળ્યો એ અવસરને પરિવર્તનમાં કેવી રીતે પલટાવવો એ આજના માટે ખૂબ મોટો સવાલ છે. ૧૬૬ દિવસે આ બંધારણ તૈયાર થયું હતું અને ૩૦૮ સભ્યોએ આ બંધારણમાં સહી કરી હતી અને ૨ વરસ, ૧૧ માસ અને ૧૮ દિવસે આ બંધારણ અમલમાં આવ્યું હતું. ડો.બાબાસાહેબ આંબેડકરે ખૂબ સારી વાત કરી હતી કે, બંધારણ મેં લખ્યું છે એટલે સારું નથી પણ આ બંધારણનો અમલ કરનારો જો બંધારણનો અમલ સાચી રીતે કરશે તો મારું આ બંધારણ સાર્થક થશે. અનામત આપી, એસ.સી.ને ૭ ટકા અને એસ.ટી.ને ૧૪ ટકા અનામત આપી કયા કારણોસર? સમાજના અન્ય વર્ગો સાથે આ સમાજ જોડાઇ શકે, સમાજ સમાન બની શકે માટે ડો.બાબાસાહેબ આંબેડકર, મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઇ પટેલ, જવાહરલાલ નહેરુ, મૌલાના અબ્દુલ કલામ આઝાદ આ તમામ આપણા રાષ્ટ્રીય નેતાઓએ અને રાષ્ટ્ર ભક્તોએ આઝાદી પછી દેશને અનામત આપી. બંધારણમાં કહ્યું છે કે, સમાનતાનો હક મળવો જોઇએ, સરકાર કોઇની પણ હોય એ કોંગ્રેસની હોય, ભાજપની હોય કે અન્ય પક્ષોની હોય, ધારાસભ્ય તરીકે કોઇ હું જીતું, બીજો જીતે કે ત્રીજો જીતે, નોકરીમાં કોઇને અધિકાર મળતો હોય, અનામતના ભાગરૂપે સ્કૂલોમાં ભણવાથી માંડીને કોલેજો સુધીમાં એ શિષ્યવૃત્તિ મળતી હોય તો કે અન્ય ગ્રાન્ટો મળતી હોય તો એ દેન ડો.બાબાસાહેબ આંબેડકરની છે અને જો કોઇ એમ કહેતું હોય કે અમે આપીએ છીએ તો મારે એ વ્યક્તિઓને કહેવું છે કે આ ડો.બાબાસાહેબ આંબેડકરે આપ્યું છે, આ કોઇ રાજકીય પાર્ટીએ નથી આપ્યું. સમય બદલાયો કદાચ ૧૯૬૦માં શિષ્યવૃત્તિ ૩૦ રૂપિયા હશે, ૧૯૮૫માં ૧૦૦ રૂપિયા હશે, અત્યારે ૫૦૦ રૂપિયા આપતા હશે! પણ સમય બદલાયો અને મોંઘવારી વધી, લોકોની જરૂરિયાત વધી માટે એમાં દિન–પ્રતિદિન વધારો થયો છે. ૧૯૬૦માં કદાચ આ વિભાગનું બજેટ ખૂબ ઓછું હશે અને આજે ખૂબ વધુ છે કારણ કે વસતિ વધી, સવલતો વધી, લોકોને આપવા માટેના દ્વારો ખુલ્યા છે. અલગ અલગ વિવિધ યોજનાઓ કેન્દ્ર સરકારની હોય, ગુજરાત સરકારની હોય, વિવિધ એન.જી.ઓ.એ આપેલી યોજનાઓ હોય સરકાર એનો અમલ કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી રમણભાઇ વોરા સાહેબ બજેટ લઇને આવ્યા છે ત્યારે મારે આજે સમાનતાની વાત કરવી છે. ૭ ટકા લેખે બજેટ જે મળવું જોઇએ, આ રાજયની ૪૦ ટકા વસતિને ૭ ટકા લેખે જે બજેટ મળવું જોઇએ એ બજેટ ફકત ૫.૬૫ ટકા જ મળે છે. છેલ્લા ઘણાં વર્ષોથી આ અન્યાય થઇ રહ્યો છે. ૨૦૦૨ થી ૨૦૧૪ સુધીમાં ૧૪,૮૦૫ કરોડ રૂપિયાની ગ્રાન્ટ આ વિભાગમાં ફાળવવામાં આવી અને ૧૧,૧૧૫ કરોડ રૂપિયાનો ખર્ચ થયો એટલે કે ૩૬૮૯ કરોડની ગ્રાન્ટ વણવપરાયેલી પડી રહી. એક તો ૫.૬૫ ટકા જ ગ્રાન્ટ આપીને ૧.૫૦ ટકા ગ્રાન્ટ ઓછી આપો છો અને સામે ૩૬૮૯ કરોડની ગ્રાન્ટ વણવપરાયેલી પડી રહી છે આ દલિત સમાજ સાથે અન્યાય છે અને તેના કારણસર જે પરિસ્થિતિ પેદા થાય છે સરકાર શાસક પક્ષના મિત્રો કાયમ કોંગ્રેસ

માટે એમ કહે છે, ટીકા કરે છે, તમે વિરોધ કરો છો, તમે સરકાર જે કરે છે તેમાં ટેકો કેમ નથી આપતાં? ત્યારે મારે આજે આ ગૃહના ૧૮૧ માનનીય સભ્યશ્રીઓને કહેવુ છે કે, દલિત સમાજની માના પેટે જન્મેલો આ દીકરો જેના હક્કથી, બાબાસાહેબના હક્કથી આજે ધારાસભ્ય તરીકે જયારે બોલુ છું ત્યારે, આ વિધાનસભા ગૃહમાં બોલુ છું ત્યારે ગામડાંમાં બેઠેલો તે દલિત કે જેનો અવાજ રજૂ કરવા માટે આ વિધાનસભામાં હું આવ્યો છું ત્યારે મારે મિત્રોને કહેવું છે કે, કોંગ્રેસ વિરોધ કરે છે તમે કહો છો ત્યારે મને આ વાતનો જવાબ આપો કે આજે આઝાદીના આટલા આટલા વર્ષો થયા પછી ડો.બાબાસાહેબ આંબેડકરે બંધારણ બનાવ્યા પછી પણ આ ગુજરાત રાજયની અંદર જે પરિસ્થિતિ છે તે ખૂબ દયાવાન પરિસ્થિતિ છે અને એટલા માટે કહુ છું કે સમાનતાનો હક્ક કરી ડો.બાબાસાહેબ આંબેડકરે એમ કહ્યું હતું કે, ''જન્મ મળે, કઇ જાતિમાં મારો જન્મ થાય એ મારા હાથની વાત નથી પણ મારુ મૃત્યુ કયા ધર્મમાં થશે તે મારા હાથની વાત છે.''

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત સરકાર સૌનો સાથ અને સૌનો વિકાસની વાત લઇને નીકળી છે ત્યારે મારે આ સભાગૃહની અંદર મુખ્યમંત્રીશ્રીને પૂછવું છે કે, છેલ્લા પાંચ વર્ષની અંદર આ ગુજરાત રાજયની અંદર તે વખતના તત્કાલિન મુખ્યમંત્રી માનનીયશ્રી નરેન્દ્રભાઇ મોદી અને હાલના વડાપ્રધાન જેઓ પણ આ રાજયના મુખ્યમંત્રી હતા તેમના સમયગાળાથી માંડીને આજે આનંદીબહેન પટેલના સમયગાળા સુધી છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતના આઠ જિલ્લાઓમાં ૧૩ મંદિરોમાં તમે દલિતોને પ્રવેશ નથી આપતા અને સૌનો સાથ અને સૌનો વિકાસની વાત કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા પાંચ વર્ષની અંદર આ ગુજરાત રાજયની અંદર ૧૧૮ વ્યકિતઓના ખૂન થયેલા છે અને ૧૧૬ ગામની અંદર દલિતો અત્યાચારના ભોગ બનેલા છે, ૨૭ ગામોની અંદર આજે પણ પોલીસ રક્ષણની હેઠળ લોકો જીવી રહ્યાં છે અને ૭૭ ગામોમાં ગુજરાતમાં દલિત સમાજે હિજરત કરવી પડી છે. મારે કહેવુ છે કે, સરકાર એટ્રોસિટીનો કાયદો લાવી ત્યારે આ કાયદાની અંદર જો સરકારની નીતિ સાફ હોય તો તેનો અમલ થવો જોઇએ અને આ કોર્ટોમાં કેસો પેન્ડીંગ પડેલા છે તેને ફાસ્ટ કરવા જોઇએ. આજે પરિસ્થિતિ એવી છે કે, ૯૫૨૬ કેસો છે અને સજા ફકત ૨૯ લોકોને થઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, સજાનું પ્રમાણ ફકત ૩ ટકા અને પેન્ડીંગ કેસોનું ભારણ ૭૭ ટકા જેવુ થઇ રહ્યું છે. મારે વિનંતી કરવી છે કે, ડો.બાબાસાહેબ આંબેડકરની વાત લઇને આપણે નીકળીએ અને જયારે ૧૨૫મી જન્મ જયંતી આપ ઉજવી રહ્યા છો ત્યારે મારે આપને પૂછવું છે કે જે ગુજરાતની અંદર દલિતોને મંદિરની અંદર પ્રવેશ ના આપવામાં આવતો હોય એ ભારતીય જનતા પાર્ટીને ડો.બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતી ઉજવવાનો કોઇ નૈતિક અધિકાર બનતો નથી. એટલા માટે મારે કહેવું છે,

" मतकर गुरुर अपनी बुलन्दीयों पर ,
हमने तो उगते हुए सूरज को भी देखा है,
और हमने डूबते हुए सूरज को भी देखा है ,
हमने तो उस पूनम के चान्द को अमावस भी बनते हुए देखा है,
हमने तो ज्वालामुखी को फटते हुए देखकर उसके लावो को भी देखा है,
उसके लावों से बन रही उस पथ्थर को भी देखा है,
उस पथ्थरों को खाक बनते भी देखा है,
और उस खाक को बरसात के अंदर मुरदा बनते हुए भी देखा है ॥"

શ્રી શંકરભાઇ લ. ચૌધરી (રાજયકક્ષાના માનનીય શહેરી આવાસન મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની માગણી ક્રમાંક-૧૦૧ના અનુસંધાને રૂપિયા ૫૯૪ કરોડ ૩૭ લાખ ૭૩ હજારની માગણી જે અમે લાવ્યા છીએ તે માગણીની અંદર આખુ ગૃહ એકમત બની આ ગરીબોનુ અને ખાસ કરીને માનનીય શકિતસિંહજીભાઇ જે કહેતા હોય છે કે, હેવ એન્ડ હેવ નોટ. આ હેવ એન્ડ હેવ નોટ વચ્ચેની ગેપ પૂરવા માટેની આ માગણી છે ત્યારે તેને સર્વાનુમતે બધા મંજૂર કરે તેવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય વિસ્તારમાંથી અને અલગ અલગ વિસ્તારોની અંદરથી રાજયના બાકીના વિસ્તારોની અંદરથી પણ મજૂરી કરવા માટે અને ખાસ કરીને પોતાના ધંધા રોજગાર માટે શહેરી વિસ્તારની અંદર લોકો આવતા હોય છે. આની સંખ્યા દિન પ્રતિદિન વધતી ગઇ. સારું શિક્ષણ શહેરની અંદર મળશે, રોજગારીની તકો વધારે અહીંયાં ઉપલબ્ધ થશે તો આના કારણે શહેરોની સંખ્યા વધી પણ સાથે સાથે કેટલીક સમસ્યાઓ પણ બની. મોટા ભાગે ઝૂંપડપટ્ટીઓની અંદર જે પણ જગ્યાએ આપણે જતા હોઇએ ત્યારે લોકો ત્યાં આગળ રહેતા હોય, તો આ લોકોને સારી સુવિધા મળી રહે તે માટે ચિંતા રાજય સરકારે કરીને આ વખતે બજેટમાં જે વ્યવસ્થા કરી છે અને એની માગણી હું અહીંયાં રજૂ કરી રહ્યો છું.

દેશના પ્રધાન મંત્રીશ્રીએ જે નિર્ણય કર્યો કે ૨૦૨૨ સુધીમાં ઝૂંપડપટ્ટીની અંદર જે લોકો રહેતા હોય એવા તમામ લોકોને પાકુ મકાન આપવા માટેનો, આ સ્વપ્ન પૂરું કરવા માટે ગુજરાતમાં અમારો વિભાગ કટિબધ્ધ બન્યો છે. ઝૂંપડપટ્ટીમાં રહેતા માણસને વિનામૂલ્યે પોતાનું મકાન બને એ માટેની અમે આ જોગવાઇ કરી અને આની અંદર અલગ અલગ જે યોજનાઓ હતી, પ્રધાન મંત્રી આવાસ યોજના, મુખ્ય મંત્રી આવાસ યોજના આ બધાને ભેગી કરી, અને ભેગા કરીને એમાંથી અલગ અલગ જે યોજનાઓ હતી એનું

સરળીકરણ કરીને માત્ર સરકાર જ બનાવી આપે એવું નહીં પણ જયાં જરૂર પડી ત્યાં જન ભાગીદારી કરીને એની વ્યવસ્થા આખી ઉભી કરી છે. આજે જ નહીં પરંતુ આવતા સમયની અંદર આ સમસ્યાનો ઉકેલ કાયમી થાય એ માટે ટી.પી. બનાવતા હોય તો તેની અંદર પણ અમે મોટા પ્રમાણમાં એની લેન્ડની પણ જોગવાઇ કરી છે. હમણાં અમદાવાદની ફરતે ૭૫ કિલોમીટરનો જે રીંગ રોડ બન્યો, તેમાં એક કિલોમીટર પહોળો એટલે લગભગ ૭૫ ચોરસ કિલોમીટર જેટલી લેન્ડ આ આવાસો માટે એફોર્ડેબલ અને ખાસ કરીને ગરીબ જે કહેવાય તેવા વર્ગો માટે રિઝર્વ પણ રાખી છે અને જે નવી ટી.પી. બનાવવા જઇ રહ્યા છીએ તેની અંદર પણ ઇ.ડબલ્યુ. એસ. અને એલ.આઇ.જી.ના મકાનો માટેની જમીન અનામત રાખવા માટેની વ્યવસ્થા કરી છે એટલે થાગડથીગડ કરવાની જગ્યાએ કાયમી એનો ઉકેલ થાય તે માટેનું એક મહત્વાકાંક્ષી કામ હાથ ઉપર લીધું છે. અમે કેટલીક બાબતોની અંદર નવા નવા જે સુધારા કર્યા છે, અને એ સંવેદના સાથે કામ હાથ ઉપર લીધું છે, માત્ર મકાન જ આપીએ એટલા પૂરતું નહીં, પણ મકાનની સાથે કેટલીક સંવેદનાઓ પણ જોડાયેલી હોય છે. મકાન એ ઠંડી, ગરમી અથવા વરસાદને કારણે રક્ષણ આપે છે તેવું નથી, પરંતુ એક સ્વાભિમાન અને સ્વમાન પણ આપતું હોય છે. કેટલીક હેબીટોની અંદર લીવીંગ હેબીટની અંદર પણ ચેઇન્જ આવતો હોય છે, એટલે એને સારું સુવિધાપૂર્ણ વાતાવરણ અને મકાન મળી રહે તો માણસ નવા વિચારોથી પોતે આગળ વધવાનો પણ પ્રયત્ન કરતો હોય છે. જેની પાસે મકાન નથી હોતું એવા લોકોની વેદના શું હોય છે? આપણે માનીએ કે ત્યાં મકાન નથી અને ઝૂંપડપટ્ટીમાં રહે છે એટલા પૂરતું નહીં પરંતુ સામાજિક સમસ્યાઓ પણ હોય છે અને માનસિક પણ સમસ્યાઓ હોય છે. બાળક ગરીબનું જે ઝૂંપડપટ્ટીમાં રહેતું હોય અને તે અભ્યાસ માટે સ્કૂલમાં ગયું, બાજુવાળા તેના મિત્રો તેને પૂછતા હોય કે, તું ક્યાં રહે છે? તારું મકાન કેવું છે? ભાડાના મકાનમાં રહે છે? ઝૂંપડામાં રહે છે? તો માનસિક રીતે ખૂબ મોટી લઘુતાગ્રંથીની ત્યાંથી શરૂઆત થતી હોય છે. એટલે ઉંચા સ્વપ્નો જોવાનાં ત્યાંથી બંધ થઇ જતાં હોય છે. દીકરા– દીકરીના સગપણનો પ્રશ્ન આવતો હોય અને ત્યારે ભાડાના મકાનમાં રહેતા હોય અથવા તો સામાન્ય આવાસમાં રહેતા હોય ત્યારે આ એક મોટી સામાજિક સમસ્યા છે. એટલે હું માનું છું કે, હેવ અને હેવ નોટ વચ્ચેની ગેપ પૂરવા માટે બાકીના જેટલા આયામો છે, જે રોજગારી, શિક્ષણ છે તે જ પ્રમાણે આવાસનું કામ પણ એટલું જ અતિ મહત્વનું છે. જે માણસ આજે ઝૂંપડામાં રહેતો હોય આવતી કાલે પાકા મકાનમાં જો રહેવા માટે જાય તો એની લીવીંગ હેબીટની સાથે સાથે બાકીનું પણ ઘણું બધું બદલાતું હોય છે અને આ બાબતને આગળ કરીને રાજય સરકાર એ ગરીબો માટે, મધ્યમ વર્ગ માટે એક મોટા અભિયાન તરીકે શહેરી વિસ્તારોની અંદર ઝૂંપડપટ્ટી મુક્ત આ વિસ્તારો કરવા માટે અને ખાસ કરીને આવા લોકોને પાકું મકાન પોતાનું મળી રહે એ માટે એક અભિયાન રાજય સરકારે હાથ ઉપર લીધું છે. અમે અત્યાર સુધીમાં કામો હાથ ઉપર લીધા છે એમાં ઘણી બધી પ્રગતિ પણ આવી છે. રાજયની અંદર જુદા જુદા આવસો માટેની યોજનાઓ જેમાં ૩,૧૭,૪૫૬ જેટલા આવાસો માટે ૬૭૫ જેટલા પ્રોજેકટો મંજૂર કર્યા છે. જે પૈકી ૧,૩૭,૦૬૯ જેટલા આવાસો પૂર્ણ કર્યા છે. મંજૂર આવાસો પૈકી ૪૩.૧૮ ટકા જેટલા આવાસો પૂર્ણ કર્યા છે. ૧,૫૦,૩૦૮ આવાસોની ફાળવણી કરી છે અને એ ઉપરાંત વિવિધ તબક્કા ઉપર ૧,૫૦,૯૬૨ જેટલાનું કામ પ્રગતિ હેઠળ છે જે સન ૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન પણ કરી લીધું છે.

આવાસોની પ્રગતિની અંદર અમે જોઇએ તો અલગ અલગ યોજનાઓ છે તેમાં બૈઝિક સર્વિસ ફોર અર્બન પુઅર તેમાં મંજૂર ૧,૧૧,૩૧૨, પૂર્ણ આવાસો ૧,૦૩૭૫૨ અને ફાળવણી ૮૯,૫૫૧ મકાનોની થઇ છે જયારે ૭૫૧૨ જેટલા મકાનો અત્યારે પ્રગતિ હેઠળ છે. આઇ.એચ.એસ.ડી.પી. યોજના અંતર્ગત મંજૂર આવાસો ૨૦,૦૭૧ પૂર્ણ કામગીરી ૧૧,૧૨૩ અને ફાળવણી ૮૬૩૩ની થઇ છે. પ્રગતિ હેઠળ ૬૩૬૪ જેટલા છે. આર.એ.વાય. યોજના અંતર્ગત મંજૂર ૧૩,૧૨૧, જયારે કામગીરી પૂર્ણ ૬૮૫૧ અને પ્રગતિ હેઠળ ૧૦૦૮ જેટલા છે અને એમાંથી ૫૨૭ મકાનોની ફાળવણી પણ અમે કરી દીધી છે.

આમ વિવિધ યોજનાઓ અંતર્ગત જોઇએ તો યુદ્ધના ધોરણે ગરીબોને મધ્યમવર્ગને એફોર્ડેબલ હાઉસ મળે, ગરીબ વ્યકિત છે તો એને પોતાનું મકાન મળે એ માટે અનેક સુધારાઓ પણ અમે હાથ ઉપર લીધા છે. કેટલીક બાબતોમાં સુધારા પણ કર્યા છે. નવી એક એફોર્ડેબલ પોલિસી સાથે સાથે ૨૫–૫૦ વર્ષ પહેલા ગવર્નમેન્ટની જે કોલોનીઓ હતી ખાસ કરીને હાઉસીંગ બોર્ડની હોય, કોર્પોરેશન કે બાકીની ઓથોરિટીની હોય એ મકાનો જૂના થઇ ગયા હોય એ જૂના થઇ ગયેલા મકાનની અંદર માણસને રહેવું અઘરું થઇ જાય તેમ હતું તે ન બદલાવી શકે અને ઉપરથી પાણી પડતું હોય આવી સ્થિતિ એની થયેલી હતી. તો તેનો કાયમી ઉકેલ માટે રી ડેવલપમેન્ટ પોલિસી લાવ્યા એના નીચે એ જગ્યા ઉપર એ વ્યકિતઓને જે મકાન હતુ એના કરતાં ૧૪૦ ટકા વધારે મોટું એટલે જે મકાન હોય એનાથી ૧૪૦ ટકા મોટું મકાન અને તે પણ વિનામૂલ્યે પાકું નવુ મકાન મળે તેવી અમે પોલિસીના ભાગરૂપે આપવાનું આયોજન કર્યું છે. જેમાં જે તે લાભાર્થી રહેતો હોય એને એક પણ રૂપિયાનો વધારાનો ખર્ચ કરવાનો આવશે નહિ અને આવા લાખોની સંખ્યામાં મકાનો છે એના ફ્યુચરની અંદર ૨૦ વર્ષ કરતાં વધારે સમય થશે અથવા જર્જરીત હાલમાં આવી બિલ્ડિંગો હશે એને લાભ મળશે. આ પોર્સનની સાથે જૂના જેમને મકાન આપ્યા છે એમનુ પણ સારુ લીવીંગ સ્ટાન્ડર્ડ ત્યાં આગળ થાય, એ માટેનો પ્રયત્ન પણ હાથ ઉપર લીધો છે. અમે કોલોનીઓ બનાવીએ છીએ એમાં ગુણવત્તાની બાબતમાં કોઇપણ બાંધછોડ નહિ. પહેલા મકાનની બાબત આવતી હોય એટલે સરકારી મકાન રહેવા લાયક ન હોય તેવું હતું અને અલગ અલગ એના નામો પણ આપતા હતા. કોઇ જોખમ નગર કહેતા કોઇ બાકીના શબ્દોમાં બોલતા હતા. અત્યારે સરકારે બનાવેલી આપણી હાઉસીંગની સ્કીમો હોય કે પીપી મોડ ઉપર બનાવેલા આવાસો હોય તે જઇને જૂઓ તો કોઇ બિલ્ડર પ્રાઇવેટમાં બનાવતા હોય એના કરતાં પણ સારા કહી શકાય તે પ્રમાણેની સારી ગુણવત્તાવાળા મકાનો ગરીબોને બનાવીને આપવાની શરુઆત આ ગુજરાતની સરકારે અમારા વિભાગે કરી છે. એટલે માત્ર મકાન આપી દેવુ પૂરતું નહિ પરંતુ તેને

પૂરતી સુવિધાવાળુ સ્લમની અંદર હોય તો એને કોમ્યુનિટી હોલની વ્યવસ્થા કરીએ છીએ. બાકીની નાની હોસ્પિટલ કે એના માટે નાનું દવાખાનું કે ડિસ્પેન્સરી ચલાવવા માટેની વ્યવસ્થા પણ અમે કરી છે.

એટલે ઈન્ફ્રાસ્ટ્રક્ચર એટલે ખાલી મકાન બનાવી નાખ્યું, રોડ ન હોય, વીજળીનું કનેકશન કે ગટરની વ્યવસ્થા ન હોય એવું નહીં, સંપૂર્ણ સુવિધા સાથે પહેલા જ દિવસથી પ્લાનીંગ કરીને અને આવનારા સમયમાં પણ તેની મેન્ટેનન્સની વ્યવસ્થા પણ સાથે સાથે જ થાય તેનું પણ આયોજન આ બધી યોજનાઓમાં અમે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, E.W.S.ની અમારી યોજના ઈકોનોમિકલ વિકર ક્લાસ, તેનાથી ઉપરનું અમારું L.I.G., H.I.G. આ ટાઈપના અલગ અલગ પાર્ટ હતા. આ વખતે અમે થોડા ફેરફાર કરીને L.I.G. ની સામે E.W.S.–1 અને E.W.S.–2 કર્યું છે. તેના કારણે લાભાર્થીને જે આવકની મર્યાદા હતી તેમાં થોડી છૂટછાટ મળશે. E.W.S. માં આવકની મર્યાદા જે પહેલાં એક લાખની રાખેલી હતી તેની જગ્યાએ હવે આવકની મર્યાદામાં ત્રણ લાખ જેટલો સુધારો કર્યો છે એટલે માત્ર ગરીબ જ નહીં, ગરીબીથી બિલકૂલ મિડલ ક્લાસ, લોઅર મિડલ ક્લાસ અને તેવા વ્યક્તિ પણ ગુજરાતની પ્રગતિ જે પ્રમાણે થઈ રહી છે તે પ્રમાણે લાખ રૂપિયાની આવક એ સામાન્ય લાગે. તો તેના કરતા વધારે દોઢ લાખ, બે લાખ, ત્રણ લાખ રૂપિયા સુધીની ઈન્કમ હશે તો એવા લોકોને પણ આ લાભ મળી શકશે. L.I.G.–1 કેટેગરીના બદલે E.W.S.–2 કેટેગરીમાં સુવિધા વાળું મકાન મળશે અને તેમાં કેન્દ્ર સરકાર અને રાજય સરકાર બન્નેનો હિસ્સો સાથે જોઈન્ટ કરીને E.W.S. માં જે લાભ મળતો હતો તેની કિંમત ૭.૫૦ લાખ હતી એ હવે ૫.૫૦ લાખ થશે. મકાનની કિંમત બાકી જગ્યાએ વધતી હોય, અહીં તેની કિંમત ઘટીને ૫.૫૦ લાખની મળશે. L.I.G.માટેની માસિક આવક મર્યાદા હતી તે વધારીને હવે ૫૦,૦૦૦ એટલે રૂ. ૬,૦૦,૦૦૦ જેટલી આવકવાળા લોકોને પણ આનો લાભ મળશે. એટલે એક મોટા વર્ગને મિડલ ક્લાસ, લોઅર મિડલ ક્લાસને પણ આનો લાભ મળશે. આના માટે અલગ અલગ કોરપોરેશનમાં, નગરપાલિકાઓમાં અમે એક અભિયાન તરીકે આ આખી યોજનાને હાથ ઉપર લીધી છે. ખાનગી જમીનમાં અથવા તો સરકારી જમીનમાં. સરકારી જમીનમાં જે લોકો ખાસ કરીને ઝૂંપડપટ્ટી બનાવીને બેઠાં હોય તેવા લોકોને જો ત્યાં નદી–નાળા હોય તો ત્યાં કયારેક પૂર આવતું હોય તેની સમસ્યાઓ, આપણે છાપમાં વાંચતા હોઈએ છીએ કે આટલા ઝૂંપડાવાળાઓને તકલીફ પડી. તેમને માઈગ્રેટ કરવા પડ્યા. તેમનું જીવન જ ત્યાં રહેલું છે. તો તેમને એક પણ રૂપિયો ખર્ચ કર્યા સિવાય બીજી સારી જગ્યા ઉપર મકાન આપી શકાય તે માટેનો સરવે રાજયમાં અમે હાથ ઉપર લઈ લીધો છે. આ અભિયાન હાથ ઉપર લીધું છે તેમાં ૨૦૨૨ સુધીમાં રાજયની અંદર શહેરી વિસ્તારોમાં કોઈ ઝૂંપડપટ્ટીમાં ન રહે. તેને એક પોતાનું પાકું મકાન હોય, એ પણ સ્વાભિમાનપૂર્વક જીવતો થાય તે પ્રમાણેનું પ્લાનીંગ હાથ ઉપર લીધું છે. બીજું, આ ગેપ દૂર કરવા માટેનું પ્લાનીંગ પણ અમે T.P.માં લીધું છે. એક વ્યક્તિ હોય જેની પાસે પાંચ કે છ બેડરૂમનું મકાન હોય. એ પછી મોટા ભાગે બંગલાવાળા સુખી સંપન્ન લોકો જ ત્યાં રહેતા હોય. પછી નોકર, ડ્રાઈવર એ બધા કયાંથી આવે, તો ૧૦–૨૦ કિલોમીટર દૂરથી આવતા હોય. તો નવા પ્લાનીંગમાં આ પ્રમાણે E.W.S.માં બાકીના પ્લાનીંગની સાથે સાથે આવી વ્યવસ્થા ઉભી કરવા અમે જઈ રહ્યા છીએ. નવા T.P. બની રહ્યા છે તેમાં એક આવો પણ પાર્ટ હોય કે સુખી–સંપન્ન લોકો તો રહેતા હોય પરંતુ તેને પૈરેલલ કામમાં મદદ કરવા માટે અથવા તો એકબીજાંને પૂરક થઈ શકે તે માટે આ પાર્ટ પણ હોય, એટલે શહેરી વિસ્તારના ડેવલપમેન્ટમાં એક આવું કામ પણ હાથ ઉપર લીધું છે. હું માનું છું કે આના ખૂબ સારા પરિણામ આવનારા સમયમાં રાજ્યને મળશે.

અધ્યક્ષશ્રી : આપની પાસે પાંચ મિનિટનો સમય છે.

શ્રી શંકરભાઈ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મારી ચાર મિનિટનો સમય માનનીય મંત્રીશ્રી બોલવાના છે તેમાં આપું છું. મને લાગે છે કે મારો જે મુખ્ય ઉદ્દેશ છે તેમાં ગરીબો માટે, જેને જરૂરિયાત છે તેવા લોકો માટે આવનારા સમયમાં બહુ મોટી સમસ્યા ઉભી ન થાય, નહીં તો ગરીબ ગરીબ જ રહેતો હોય છે, સુખી સુખી જ રહે. વચ્ચેની જે ગેપ હોય છે તે પૂરાતી હોતી નથી. તો આ ગેપ પૂરવાનું કામ અને સુવિધા આપવાનું કામ અમે હાથ ઉપર લીધું છે ત્યારે મારી ગૃહને વિનંતી છે કે મારી તમામ માગણીઓ માન્ય રાખે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ મંત્રીશ્રીએ ગરીબોના વિકાસ અને આવાસની ચિંતા કરી છે એને હું આવકારું છું. એન.એ.કન્સ્ટ્રક્શને એક ફ્રોડ કર્યો છે. ગરીબ વ્યક્તિઓને એક બેડરૂમ વાળું મકાન આપવાનું છે. ગરીબ માણસોની ચિંતા છે એટલે કોઈ રાજકીય અવલોકન વગર કહું છું. એમાં લોકો એટલા માટે ભરમાયા કે આપના શહેરી વિકાસ વિભાગના સચિવશ્રીની સહી સાથેનો એમની પાસે કાગળ હતો અને અમારા એમની સાથે એમ.ઓ.યુ. થયા છે તેવી વાત તેઓ કરતા હતા. બે કેબિનેટ મંત્રીશ્રીઓ જાણતા નહીં હોય એટલે તેઓ એના ખાતમુહૂર્તમાં ગયા. પરિણામે ગરીબ માણસોએ પૈસા રોક્યા છે. શહેરી વિકાસ વિભાગ ફરિયાદી બને. ગરીબ માણસની એક એક ફરિયાદ પોલીસ સ્ટેશન લેતું નથી, બે જણાની લે અને બે જણાની ન લે. એના બદલે આપણો વિભાગ ફરિયાદી બને. કેમ કે આપના વિભાગ સાથે પણ ફ્રોડ થયો છે. આપના વિભાગના સચિવના પ્રમાણપત્રના કારણે લોકોએ પૈસા રોક્યા છે. ક્રિમિનલ કેસ આપ કરો અને એમના પૈસા વસૂલ થાય એવી કાર્યવાહી કરવા માગો છો કે કેમ? આ એક મારો પ્રશ્ન છે અને બીજો પ્રશ્ન એ છે કે જેમને બંધ મિલોની જમીનો મળી, એનો એફટી મળી ગયો. ફાઈનલ પ્લોટ મળી ગયો પછી એમાં કપાત વધારાની કરવાની હોય તો મને લાગે છે કે એ શક્ય ન બને અને કરો તો એને જમીન સંપાદન ગણીને વળતર આપવું જોઈએ. આ જમીન સંપાદન કરવાના છો કે એમને એમ લઈ લેવાના છો?

## તા. ૧૧મી માર્ચ, ૨૦૧૬

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, બીજા નંબરનો એમનો પ્રશ્ન ટીપી સાથે જોડાયેલ છે એટલે માનનીય મંત્રીશ્રી જવાબ આપશે. હું પહેલા વિષયની અંદર વાત કરું છું. એમાં નિયમાનુસાર કાર્યવાહી કરવા માટે એક વખત મિટિંગ બોલાવી આખો વિષય સમજીને જરૂર પડે તો કોઇ સામાન્ય માણસ સાથે છેતરપિંડી કરતું હોય તો સરકાર ચલાવી લેવા માગતી નથી. પોઝિટીવલી મિટિંગ કરીને એમાં શું રસ્તો નિકળે છે એની ટેકનીકલ સલાહ લઇને કોઇ રસ્તો કાઢીશું.

શ્રી રમણલાલ વોરા ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશ અને ગુજરાત ડો.બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ ઉજવી રહ્યું છે ત્યારે ડો.બાબાસાહેબ આંબેડકરને શ્રદ્ધા સુમન સાથે મારા વિભાગની હું વાત કરવા માગું છું. આ વિભાગમાં નાના માણસોની વાત છે, ગરીબ માણસોની વાત છે, માણસને માણસ તરીકે જીવવાની વાત છે અને એટલા માટે આમાં કોઇપણ રાજકીય ટીકા-ટીપ્પણ સિવાય આજે આ વાત ડો.બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિએ કરવા માગું છું.

'' સિર્ફ હંગામા ખડા કરના મેરા કામ નહીં, હમારી તો કોશિશ હૈ, હર સુરત બદલની હૈ,
મૈંરે સિનેમેં નહીં તો તેરે સિને મેં હી સહી, લેકીન હો કહીં ભી આગ, કોઇ આગ જલની ચાહિયે''

માનનીય અધ્યક્ષશ્રી, ગરીબો માટેની ચિંતા આ ગૃહમાં બેઠેલા તમામ સભ્યો આપણે ભેગા મળીને કરીએ એવી અપેક્ષા રાખું છું. મારા વિભાગનું ગઇ વખતે ૨૦૧૫-૧૬નું બજેટ હતું એમાં રૂ.૪૭૪.૮૩ કરોડનો વધારો કરીને રૂ.૨૭૩૦.૪૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે અને વિશેષ કરીને આ વિભાગની અંદર શિક્ષણ માટેની કાળજી લઇને ડો.બાબાસાહેબ આંબેડકરે શિક્ષિત બનોનો નારો આપ્યો છે ત્યારે ૮૧.૫૪ ટકા આખા બજેટની ફાળવણીમાં શિક્ષણ માટે ફાળવ્યા છે. આ ફાળવણીમાં અનુસૂચિત જાતિ પણ આવી જાય, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો પણ આવી જાય, લઘુમતીઓ પણ આવે. એની સાથે આર્થિક ઉત્થાનની વાતો છે અને આરોગ્ય વિષયક પણ જોગવાઇ કરવામાં આવી છે. આ વખતના બજેટમાં નવી બાબતો મૂકી છે એનો માત્ર એક-બે લીટીમાં ઉલ્લેખ કરીશ. બધી વાત કરવી નથી. મેડિકલ અને એન્જિનિયરીંગમાં જે વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા, એને અત્યાર સુધી ૧ હજાર રૂપિયા આપવામાં આવતા હતા. આપણે બધા જાણીએ છીએ તેમ માનનીય મુખ્યમંત્રીશ્રીની યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત આ હોસ્ટેલના વિદ્યાર્થીઓને ૧૨૦૦ રૂપિયા આપવાની જાહેરાત કરી છે ત્યારે એનો લાભ આ મારા વિભાગને સીધેસીધો મળવાનો છે. એટલા માટે એક હજારના બદલે ૧૨૦૦ રૂપિયા ભોજન બિલ સહાયમાં અમે કરીએ છીએ. અમારા જે છાત્રાલયો છે, અનુસૂચિત જાતિ અને બક્ષીપંચના એ બન્ને છાત્રાલયોની સાથોસાથ એમાં જે સારા છાત્રાલયો ચાલે છે, જ્યાં વિદ્યાર્થીઓની પૂરતી સંખ્યા મળે, એમને અભ્યાસ કરવાની જાણકારી મળે એટલા માટે અનુક્રમે ૧૫૦૦ અને ૩૦૦૦ એમ કુલ મળીને ૪૫૦૦ વિદ્યાર્થીઓને વધારે લાભ મળે એના માટેની જોગવાઇ કરવામાં આવી છે. અમારા વિભાગની વિકસતિ જાતિના ૧૮૮ ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળા અને અનુસૂચિત જાતિની ૮૮ ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓમાં ધોરણ-૮ જે ઉમેરાયું એના ૨૭૬ વધારાના નવા શિક્ષકોની નિમણૂંક કરવા માટે, નવા શિક્ષકો આપવા માટેની જાહેરાત કરીએ છીએ અને એની સાથે સાથે આ તમામ છાત્રાલયોને સ્માર્ટ સ્કૂલ ઇ-લર્નિંગ પ્રોજેક્ટથી અદ્યતન થાય એના માટેની વ્યવસ્થા આ બજેટમાં ૨૦.૭૦ કરોડના ખર્ચે સ્માર્ટ સ્કૂલ ઇ-લર્નિંગ સ્કૂલ થાય અને વિદ્યાર્થીઓને લાભ મળે એના માટેની વાત કરી છે. આપણે બધા જાણીએ છીએ તેમ એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. ત્રણેય વર્ગના વિદ્યાર્થીઓ એકીસાથે ભણી શકે એના માટેની ૫ સમરસ હોસ્ટેલો આ રાજ્ય સરકારે કરી છે અને નવા શૈક્ષણિક સત્રથી અમે જ્યારે કરવા જઇ રહ્યા છીએ ત્યારે એના મહેકમ માટે, એના નિભાવ માટે ૪૫.૫૪ કરોડની જોગવાઇ કરી છે. જ્યારે આ નવા શૈક્ષણિક સત્રથી કરવા જઇ રહ્યા છીએ. બાંધકામ માટે તો ૬૬૪ કરોડના ખર્ચે અમે ગયા વખતના બજેટમાં માગણીઓ મૂકેલી, કામ ચાલુ છે અને મેં કહ્યું એમ આગામી સત્રથી ચાલુ કરીશું પણ એનું રીકરીંગ ખર્ચ ૪૫.૫૪ કરોડથી કરીશું. એ સાથે સાથે ઘણા બધા મિત્રોએ બોર્ડ નિગમોની વાત કરી છે. ગયા વખતે રાજ્ય સરકારના અમારા વિભાગમાં અનુસૂચિત જાતિ અને સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના નિગમોની અંદર એ નિગમોની સ્થાપના થયા પછી પહેલી વખત ગયા વર્ષે ૫૦ કરોડ રૂપિયાની શેરમૂડી આ રાજ્ય સરકાર તરફથી આપવામાં આવી હતી. આ વર્ષે ફરીથી બીજા ૫૦ કરોડ રૂપિયા આ બોર્ડ નિગમોને શેરમૂડી પેટે મળે અને જ્યારે હું આ ૧૦૦ કરોડ શેરમૂડીની વાત કરું છું ત્યારે આપણે બધા જાણીએ છીએ તેમ આ શેરમૂડી આપવાના કારણે કેન્દ્ર સરકારમાંથી લોન આના કારણે અનેકગણી મળતી હોય છે. આપ બધા જાણો છો એટલે વિગતે વાત કરતો નથી. સરકારી કુમાર છાત્રાલયના નવા બાંધકામો ગોંડલ, રાજકોટ, માંડવી, કચ્છ, વલ્લભ વિદ્યાનગર ખાતે ૧૦ કરોડના ખર્ચે કરવાના છીએ. અન્ય છાત્રાલય મહુવા, ભાવનગર, વિદ્યાનગર , આણંદ ખાતે કરવાના છીએ. આદર્શ નિવાસી શાળાના બાંધકામો માટે પણ ૪ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. મારા વિભાગની અંદર સમાજ જીવનમાં શ્રેષ્ઠત્તમ કામ કરવાવાળા શ્રેષ્ઠીઓને અને એમની સંસ્થાઓને વિવિધ પ્રકારના એવોર્ડ આપવામાં આવે છે. ડો. બાબાસાહેબ આંબેડકર એવોર્ડ, મહાત્મા ગાંધી એવોર્ડ, સંત કબીર એવોર્ડ, સાવિત્રીબાઇ ફુલે એવોર્ડ, દાસી જીવન એવોર્ડ અને આ બધા જ એવોર્ડની અત્યાર સુધી જેટલી પણ પ્રવર્તમાન હાલમાં જે મર્યાદા હતી, ડો. બાબા સાહેબ આંબેડકરનો એક લાખનો એવોર્ડ આપતા હતા, હવેથી આ બધી જ યોજનામાં બમણો કરીને ડો. બાબા સાહેબ આંબેડકર એવોર્ડ માટે બે લાખ રૂપિયા, મહાત્મા ગાંધી એવોર્ડ માટે બે લાખ રૂપિયા, સંત કબીર એવોર્ડ માટે ૫૦ હજારથી વધારીને એક લાખ રૂપિયા, સાવિત્રીબાઇ ફુલે એવોર્ડના ૫૦ હજારથી વધારી એક લાખ રૂપિયા, મહાત્મા ફુલે એવોર્ડમાં ૨૫ હજારથી વધારી ૫૦ હજાર રૂપિયા, દાસી જીવણ એવોર્ડ માટે ૨૫ હજારથી વધારીને ૫૦ હજાર કરવામાં આવ્યા છે. ડો. બાબાસાહેબ ફાઉન્ડેશન રાણીપ ખાતે નવું મ્યુઝિયમ અને પુસ્તકાલય માટે એના પ્રથમ ચરણમાં, કારણ કે એની જેમ જેમ જરૂરિયાત ઊભી થાય એ પ્રમાણે અમે કરવા માગીએ છીએ. એટલા માટે પ્રથમ ચરણમાં ૨૦૧.૨૦ લાખની જોગવાઇ આ વખતના બજેટમાં

કરવામાં આવી છે. બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિની વાત કરીએ છીએ ત્યારે બાબા સાહેબ આંબેડકરના વિચારો, એમનું જીવન, કવન અને એની સાથે સાથે એમાં સંકળાયેલા જે પણ અધિકારી, કર્મચારીઓ છે એમને પુરતા પ્રમાણનું માર્ગદર્શન મળે, એના માટે દરેક યુનિવર્સિટીમાં આ બાબા સાહેબ આંબેડકરના વિચારો પહોંચે. એટલે પહેલા વર્ષે પાંચ જેટલી યુનિવર્સિટીમાં બાબા સાહેબ આંબેડકર ચેર અમે શરૂ કરીએ રહ્યાં છીએ અને આના માટે ૧ કરોડ ૭૫ લાખ રૂપિયાની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૨૫ મી જન્મજયંતિની વાત કરીએ છીએ ત્યારે બોર્ડ–નિગમોની પણ આગળ થોડી વાત કરીશું. એ પહેલા પણ એ વાત કરી દઉં કે, બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે જે પણ લોકોએ અમારાં બોર્ડ–કોર્પોરેશનોમાંથી ધિરાણ લીધું છે એ ધિરાણની મુદ્દલ, એની પ્રિન્સિપલ એમાઉન્ટ માત્ર ભરવાની રહેશે, એનું વ્યાજ અને દંડનીય વ્યાજ અમે માફ કરીએ છીએ અને આ રકમ આ વન ટાઇમ સેટલમેન્ટ માટે માત્ર અનુસૂચિત જાતિના બોર્ડ–નિગમો માટેની ૮૨ કરોડ રૂપિયાની રકમ આ રાજ્ય સરકાર આ ૧૨૫મી જન્મજયંતિની નિમિત્તે માફ કરે છે, એની સાથે સાથે બક્ષીપંચના બોર્ડ–નિગમોની અંદર પણ આ વન ટાઇમ સેટલમેન્ટની યોજના આપીને વ્યાજ અને દંડનીય વ્યાજ અમે માફ કરીએ છીએ.

મિત્રો, આ અગાઉ પણ વાત થઇ છે કે, ડો. બાબા સાહેબ આંબેડકરની આ ૧૨૫ મી જન્મજયંતિ તો દેવની મોરી, શામળાજી – અરવલ્લી જિલ્લા પાસે ૧૮ કરોડ રૂપિયાના ખર્ચે અમે એક નવું સંકૂલ કરી રહ્યાં છીએ. આ દેશના લોકલાડીલા વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદીનું સ્વપ્ન હતું કે એક બૌધ સરકીટ થાય. એટલા માટે જેમ ભાઇશ્રી શૈલેષભાઇએ કહ્યું એ પ્રમાણે ડો. બાબા સાહેબ આંબેડકર ૧૩મી ઓક્ટોબર ૧૯૩૫ના દિવસે નાસિકની ધરતી ઉપરથી એવું કહ્યું કે, ''ક્યાં જન્મવાનું છે એ મારા હાથમાં નથી. પરંતુ હું જ્યારે મરીશ ત્યારે આ ધર્મમાં નહિ હોઉં'' અને મિત્રો ૨૦ વર્ષ પછી ૧૪મી ઓકટોબર ૧૯૫૬ના દિવસે નાગપુરની પવિત્ર દિક્ષાંતભૂમિ પર ડો. બાબા સાહેબ આંબેડકરે બૌધ ધર્મ અંગીકાર કર્યો. આ જ દેશની ધરતી પર જન્મેલો મધ્યમ માર્ગી બૌધ ધર્મ ડો. બાબા સાહેબ આંબેડકરે સ્વીકાર્યો અને એટલા માટે એમની પણ જે લાગણી હતી અને મારી પણ વાત છે કે મિત્રો, ડો. બાબા સાહેબ આંબેડકરને આ પગલું લેવાની જરૂરિયાત શું કરવાને ઊભી થઇ? જાતિ વિહીન સમાજ રચનાની વાત ડો. બાબા સાહેબ આંબેડકરે કરી હતી એ આજે પણ એટલી જ પ્રસ્તૃત છે અને એટલા માટે આ ૧૮ કરોડ રૂપિયાના ખર્ચે અમે દેવની મોરી પાસે કામ કરી રહ્યાં છીએ. ડો. બાબા સાહેબ આંબેડકરે એમના જીવનમાં, એમના શિક્ષણકાળમાં માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક, તેમણે પોતાનો વકીલાતનો વ્યવસાય, એમણે કરાર પ્રમાણે સર સયાજીરાવ ગાયકવાડની નોકરી અને આ બધું કર્યાં પછી જ્યારે ડો. બાબા સાહેબ આંબેડકરે સર સયાજીરાવ ગાયકવાડની ધરતી પરથી નોકરી છોડવાનો વારો આવ્યો ત્યારે ડો. બાબા સાહેબ આંબેડકરને વિચાર આવ્યો કે, હું આટલો સક્ષમ હોવા છતાંય જો આ સ્થિતિ ફક્ત જાતિના કારણે થતી હોય તો એમણે વડોદરાની ભૂમિ પર સંકલ્પ કર્યો કે, હવેનું મારું સમગ્ર જીવન હું આ સમાજ માટે અને આ રાષ્ટ્રના માટે સમર્પિત કરું છું અને એ સંકલ્પ વડોદરાની ભૂમિ પર કર્યો. એ ભૂમિ પર ૧૧ કરોડના ખર્ચે નવું સંકુલ કરીને એક મ્યુઝિયમ આ રાજ્ય સરકાર કરવા માગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગની જે નિયમિત ચાલતી બાબતો છે. શિષ્યવૃત્તિ ૪૦૦ રૂપિયા હતી, ૭૫૦ રૂપિયા કરીએ છીએ. સાડા સાત લાખ વિદ્યાર્થીઓને એનો લાભ મળવાનો છે. એજ રીતે વિકસતિ જાતિ અને અનુસૂચિત જાતિ અને સમાજ કલ્યાણ નિરીક્ષકોની જગ્યા ભરવાની છે. આગામી દિવસોમાં ૩૦ કારકુનની જગ્યા ભરવાની બાકી છે એ પણ આ બજેટમાં ભરવા માગીએ છીએ. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને મિત્રો અમે વિદેશ અભ્યાસની લોન આપીએ છીએ. એ લોનની અંદર પણ આ વખતે મણીભાઇએ કહ્યું હતું અને અન્ય મિત્રોએ પણ કહ્યું હતું. મને પહેલા લેખિત પણ ઘણાં બધા મિત્રો આપી ગયા છે. ગયા વર્ષની બજેટ જોગવાઇ ૧૭.૫૦ હતી. એમાં વધારો કરીને ૨૧.૭૫ કરવામાં આવી છે અને અમારી પાસેની બાકી જે પડતર અરજી રહે છે, આપણે બધા જાણીએ છીએ તેમ ૩૧મી માર્ચ સુધી આ પૂરું કરવાનું છે. આ તમામ અરજીઓ સાત દિવસની અંદર અમે પૂરી કરવા માગીએ છીએ. જેના કારણે આ ગરીબ વિદ્યાર્થીઓને વિદેશ જવા માટે અને એમાં જ્યારે આ વિદેશ અભ્યાસની વાત કરું છું ત્યારે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને અનુસૂચિત જાતિ, બંનેની જ્યારે યોજના છે ત્યારે આની વાત હું કરું છું.

એજ પ્રમાણે જે અતિ પછાત વર્ગના સમૂહો છે. અનુસૂચિત જાતિમાં પણ છે અને એ પ્રમાણે બક્ષીપંચની અંદર, ઓ.બી.સી.ની અંદર પણ વિચરતી અને વિમુક્ત જાતિઓ જે અતિ પછાત છે, વાદી છે, મદારી છે, વણઝારા છે, જે ઓછી સંખ્યા છે અને સમાજ જીવનમાં હજી સુધી એમને કશું નથી મળ્યું એમ કહીએ તો પણ ચાલે અને એના માટે નિગમ બનાવ્યું છે અને એ નિગમની અંદર પણ જેને એન.ટી.ડી.એન્ડ ટી.આપણે કહીએ છીએ એ નવા નિગમ માટે પણ દસ કરોડ રૂપિયાની ફાળવણી અમે કરી છે.

સમૂહ લગ્ન માટે, માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઇના મામેરા પેટે દસ હજાર રૂપિયા આપીએ છીએ પરંતુ એ કન્યા જો સમૂહ લગ્નની અંદર જો લગ્ન કરે તો મા–સવિતાબાઇ આંબેડકરના નામે સાત ફેરા સમૂહ લગ્નની યોજના છે, તો કુંવરબાઇના મામેરા પેટે એને દસ હજાર રૂપિયા મળે, સમૂહ લગ્નમાં જાય તો બીજા દસ હજાર રૂપિયા મળે, એટલે વીસ હજાર રૂપિયાની રકમ મળે. પહેલાં અત્યાર સુધી માત્ર એક દીકરી પૂરતી આ યોજના મર્યાદિત હતી, આ હવે બે દીકરીઓને લાભ મળે એના માટેની પણ આ બજેટમાં જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓની જ્યારે વાત કરીએ છીએ ત્યારે અનુસૂચિત જાતિના ૫,૩૩,૩૩૩ વિદ્યાર્થીઓ અને વિકસતી જાતિના ૪૩,૩૬,૦૦૦ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચૂકવવા પેટે ૩૬૨.૫૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે.

દીકરીઓને સાયકલ આપીએ છીએ. પહેલાં અંતરની મર્યાદા હતી, અંતરની મર્યાદા કાઢવાના કારણે પહેલાં જે સાયકલો મળતી હતી એના કરતાં નવ ગણી વધારે સાયકલો આજે મળવા માંડી છે અને એટલા માટે આ સરસ્વતી સાધના યોજના અન્વયે અનુસૂચિત જાતિની ૨૪,૦૦૦ અને વિકસતી જાતિની ૧,૪૫,૦૦૦ કન્યાઓને વિનામૂલ્યે સાયકલો આપવા માટે ૫૧ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જાણીએ છીએ તેમ મુખ્યમંત્રીશ્રી સ્વાવલંબન યોજનામાં જે જાહેરાતો થઇ છે, અગાઉ વાતો પણ થઇ છે. એનો લાભ સીધેસીધો આ વર્ગોને પણ મળવાનો છે અને એટલા માટે ગણવેશ માટેની જ્યારે વાત કરું ત્યારે અનુસૂચિત જાતિના લગભગ પાંચ લાખ વિદ્યાર્થીઓ અને વિકસતી જાતિના ઓગણ પચાસ લાખ વિદ્યાર્થીઓને કુલ ૧૪૬.૭૫ કરોડ રૂપિયા આ ગણવેશ સહાય માટેની જોગવાઇ આ રાજ્ય સરકારે કરી છે.

જ્યારે વિદેશ અભ્યાસની હું વાત કરું છું ત્યારે આ સન્માનનીય ગૃહને મારે કહેવું છે કે, અત્યાર સુધીમાં અનુસૂચિત જાતિના ૮૫૯ વિદ્યાર્થીઓ વિદેશની ધરતી પર સાત સમંદર પાર અભ્યાસ કરી રહ્યા છે. વિકસતી જાતિની અંદર આજે પણ જેટલા પ્રમાણમાં જોઇએ એ પ્રમાણમાં મળતું નથી. કારણ કે, ૧૪૬ જ્ઞાતિ છે, મેં કહ્યું એ પ્રમાણે ૪૦ એન.ટી.ડી.એન્ડ ટી. છે, ૫૧૦ની સંખ્યા છે, આ ૧,૩૬૯ વિદ્યાર્થીઓ મિત્રો જ્યારે કરી રહ્યા છે ત્યારે ફરીથી નવા વર્ષે અનુસૂચિત જાતિના ૧૪૫ વિદ્યાર્થી મેં અગાઉ આંકડો આપ્યો છે અને વિકસતી જાતિના ૧૦૦ વિદ્યાર્થીઓ વિદેશમાં જાય એના માટેની ૩૬.૯૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

પાયલોટની તાલીમ માટે અત્યાર સુધીમાં ૧૧૦ લોકો કોમર્શીયલ પાયલોટ થયા છે, આ યોજના ચાલુ છે અને આ યોજનાની અંદર પણ ૩ કરોડ,૨૫ લાખની જોગવાઇ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, તમામ વિદ્યાર્થીઓને સમાન તક મળે એટલા માટે સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની અંદર જે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ખાનગી ટ્યુશન, એને સહયોગ કરવા માટે ૧,૦૫૮ વિદ્યાર્થીઓને ત્રીસ હજાર રૂપિયા લેખે ૩ કરોડ, ૭ લાખ લાખ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે.

ડો.બાબાસાહેબ આંબેડકર યોજના અને પંડિત દિનદયાળ આવાસ યોજના જેની અહીંયા ગૃહમાં ચર્ચા થઇ છે. અનુસૂચિત જાતિના ૪,૭૫૦ આવાસો બાંધવામાં આવશે અને વિકસતી જાતિ માટે પંડિત દિનદયાળ આવાસ યોજનામાં આ યોજના અંતર્ગત ૧૦,૦૦૦ લાભાર્થીઓના મકાનો બાંધવામાં આવશે, ૯૩.૨૫ કરોડ રૂપિયાની જોગવાઇ આમાં કરવામાં આવી છે. આંતર જ્ઞાતિય સમૂહ લગ્નો, સામાજિક સમરસતાને ધ્યાનમાં રાખીને આ યોજના રાજય સરકાર ચલાવે છે. પચાસ હજાર રૂપિયા આપણે સહાય કરીએ છીએ. આગામી સમયમાં એક હજાર યુગલોને આનો લાભ મળે એ પ્રકારની પાંચ કરોડ રૂપિયાની જોગવાઇ એમાં પણ કરી છે. સંત શિરોમણી રવિદાસ કૌશલ્ય વર્ધન તાલીમ યોજના આ યોજનામાં તાલીમનો લાભ મળે એ માટે ૨૬.૫૦ કરોડની યોજના આ રાજય સરકારે મૂકી છે. બોર્ડ નિગમની હું વાત કરું છું ત્યારે મેં કહ્યું એ પ્રમાણે ગુજરાત પછાત વર્ગ નિગમ, ગુજરાત અલ્પસંખ્યક અને નાણા વિકાસ નિગમ, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગુજરાત અનુસૂચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ અને ગુજરાત વિચરતી વિમુકત જાતિ નિગમ મેં કહ્યું એ પ્રમાણે ફરીથી ગયા વર્ષે ૫૦ કરોડ, આ વર્ષે બીજા ૫૦ કરોડ એમ સો કરોડની જોગવાઇ આ તમામ નિગમોમાં આપવાના છીએ. અમે થોડાક જે ફેરફારો કર્યા છે અને લાગે છે કે ફેરફારો જરૂરી છે અને એટલા માટે રાજય સરકારે નીતિ વિષયક નિર્ણય લીધો છે. જયારે શિષ્યવૃત્તિની વાત આવે ત્યારે વર્ષના અંતે મળે, કયારેક વર્ષ પછી મળે આવું થતું. આજે પણ કદાચ કયાંક થતું હશે અને આવું ન થાય એટલા માટે રાજય સરકારે નીતિ વિષયક નિર્ણય લીધો છે કે જયારે નવું શૈક્ષણિક સત્ર ચાલુ થાય અને એ શૈક્ષણિક સત્ર વખતે જયારે કન્યા કેળવણી, શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ થાય એ જ વખતે સમગ્ર રાજયમાં જે જે અધિકારીઓ, પદાધિકારીઓ થકી જે શિષ્યવૃત્તિ મળવાની છે તે એ જ વખતે ચૂકવાય. એ જ પ્રમાણે મેડિકલ અને એન્જીનિયરીંગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને માસિક ભોજન બિલ પહેલા ૬૦૦ રૂપિયા આપતા હતા, આ વખતે બીજા ૪૦૦ નો વધારો કરીને ૧૦૦૦ રૂપિયા ભોજન બિલ, મેં હોસ્ટેલની ૧૨૦૦ રૂપિયા અગાઉ વાત કરી હતી એમાં ૬૦૦ માં ૪૦૦ વધાર્યા એટલે ૧૦૦૦ થયા મુખ્યમંત્રી સ્વાવલંબન યોજનાનો લાભ મળ્યો એટલે ૧૨૦૦ રૂપિયા થયા એનો લાભ પણ મળશે. એ જ પ્રમાણે વિકસતી જાતિની બન્નેની કન્યાઓને પણ શિષ્યવૃત્તિનો લાભ મળશે. ધોરણ–૧૨ માં ૭૦ ટકાથી વધારે ગુણ મેળવનાર અનુસૂચિત જાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને ૭૦ ટકાથી વધારે મળે એ બધાને વિના મૂલ્યે ટેબ્લેટ આપવાની જાહેરાત કરી હતી. આ ટેબ્લેટ આપવાની અમે શરૂઆત કરી હતી અને આ યોજના ચાલુ રહેશે. ધોરણ–૧૨ માં વિજ્ઞાન પ્રવાહમાં મેડિકલ અને એન્જીનીયરીંગની અંદર પ્રવેશ મેળવવા માટે પૂર્વ તાલીમ માટે આ રાજય સરકાર પહેલા ૨૫૦૦૦ આપતી હતી હવેથી ૩૦૦૦૦ રૂપિયા આપીને મેડિકલ એન્જીનીયરીંગમાં આ સમાજના વિદ્યાર્થીઓ પણ જઇ શકે એના માટેની રાજય સરકારે વ્યવસ્થા કરી છે. એ સાથેસાથે ધોરણ–૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં ગુજકેટ, જીસેટ, પીએમટી, સ્લેટ, નેટ આ પૂર્વ પરીક્ષા તાલીમો માટે પણ ૨૦૦૦૦ રૂપિયાની સહાય આ રાજય સરકારે કરી છે. ગ્રાન્ટ ઈન એઇડ છાત્રાલયો પણ ૧૫૦૦ ચાલે છે તમે બધા જાણો છો તેમ. એક સૌથી વધારે મહત્વની બાબત જે આવકના દાખલાઓ હતા. શૈક્ષણિક સત્ર ચાલુ થાય, લાઇનો લાગે, બધાને એક સાથે જોઇએ અને આવું ન થાય એટલા માટે આ બંને સમાજના જે પણ વિદ્યાર્થીઓ છે એ ધોરણ–૧૦ અને ૧૨ની પરીક્ષા જયારે પાસ કરે ત્યારે એને આવકના દાખલા સમયસર મળે અને એની સાથેસાથે હવે એની મર્યાદા ત્રણ વર્ષ સુધીની છે. એની આવકમાં ઉતાર ચઢાવ આવશે પણ જે થાય તે એક વખત લીધેલું પ્રમાણપત્ર ત્રણ વર્ષ સુધી ચાલશે અને એના કારણે મને લાગે છે કે એસ.ટી.,

એસ.સી. અને ઓ.બી.સી.ના તમામ વિદ્યાર્થીઓને એનો સારો એવો લાભ મળશે. મેં અગાઉ વિચરતી અને વિમુકત જાતિની પણ વાત કરી છે એ સાથેસાથે જે જે સભ્યશ્રીઓએ થોડીક વાત કરી છે એની પણ મારે વાત કરવી છે. સામાન્ય રીતે ૨–૩ બાબતો થઇ. ઓ.બી.સી.ની વસતિ પર ટકા છે વસતિના પ્રમાણમાં થવું જોઇએ. બંધારણ પ્રમાણે એસ.ટી. સાત ટકા પ્રમાણે થવું જોઇએ. આદિવાસી ૧૫ ટકા પ્રમાણે થવું જોઇએ વાત સાચી. આ બધી જગ્યાએ બધા ધોરણો જળવાતા નથી. આપણે ગૃહમાં બેઠેલા બધા સભ્યો સમજીને ચાલીએ. જો આમ કરીએ તો રાજય સરકારની કોઇ યોજના અમલમાં ન આવે. બંધારણની વાત છે ત્યારે, અનુસૂચિત જાતિની વાત છે, ત્યારે ટીકા–ટિપ્પણ મારે નથી કરવી. મારે આંકડા આપવા છે. છઠ્ઠી પંચવર્ષીય યોજનાની વાત કરું ૧૯૮૦ થી ૧૯૮૫ દરમિયાન. ખાસ અંગભૂત યોજનામાં જોગવાઇ ૩.૭૦ ટકા. સાતમી પંચવર્ષિય યોજના ૧૯૮૫ થી ૧૯૯૦ જોગવાઇ ૨.૮૬ ટકા. ૧૯૯૨ થી ૧૯૯૭ જોગવાઇ ૨.૯૭ ટકા. હું જ્યારે વાત કરું છું ત્યારે આ બધી સરકારોની તમને ખબર છે એટલે મારે ટીકા–ટિપ્પણ કરવી નથી.   આ વખતે જેમ શૈલેષભાઇ કહે તે પ્રમાણે ૫.૬૫ ટકા.(અંતરાય) મારે જે કહેવું છે તે માત્ર તમે જોગવાઇ કરો તેટલાથી કામ નથી થતું. આ રાજય સરકારના વિભાગની વાત કરું છું ત્યારે જે જોગવાઇ કરી તે વર્ગ માટેની જોગવાઇ છે કે કેમ તેની ચકાસણી કરીએ છીએ? ઘણી વખત એવું થાય કે જોગવાઇ કરી એમાં એને લાભ જ ન મળતો હોય એવું ભૂતકાળમાં થયેલ છે અને સ્વીકારવું પડે. મેં એની ચિંતા કરી છે કે જે જોગવાઇ કરી છે એ વર્ગને લાભ મળે છે કે કેમ? અને જે જોગવાઇ કરી છે એનો પૂરતો તમે ખર્ચ કરો છો કે નહિ, એનું અમલીકરણ કરો છો કે નહિ, એના માટેની ચિંતા કરી છે. બેકલોગની વાત થઇ હતી. બેકલોગની છેલ્લી સ્થિતિ ૩૧મી સુધીની નથી. મારી પાસે જે સ્થિતિ છે તે એસ.સી.નો બેકલોગ ૭૧ અને એસ.ઇ.બી.સી.નો બેકલોગ ૩૪૯. અને આ સભાગૃહને હું કહી શકું બેકલોગની જગ્યાઓ આ રાજય સરકાર નિર્મૂળ કરીને જેટલું રિઝર્વેશન બંધારણમાં છે, જે જોગવાઇ બંધારણમાં કરી છે, તે પ્રકારનું  રિઝર્વેશન આ રાજ્ય સરકાર આપશે. ડૉ.બાબાસાહેબ આંબેડકરની વાત કરતો હતો, ત્યારે દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદીનો આભાર એટલા માટે માનવો છે કે જ્યારે ૧૨૫મી જન્મ જયંતી ગુજરાત ઉજવી રહ્યું છે, ત્યારે ૨૦૧૦ માં આદરણીય નરેન્દ્રભાઇ મોદી આપણા તત્કાલિન મુખ્યમંત્રી હતા, ત્યારે સુરેન્દ્રનગરની ધરતી ઉપર સ્વર્ણિમ વર્ષ નિમિત્તે બંધારણીય સન્માન યાત્રાનો કાર્યક્રમ હાથીની અંબાડી ઉપર  કર્યો હતો.  જ્યારે ૧૨૫મી જન્મ જયંતી ઉજવી રહ્યા છીએ, ત્યારે દિલ્હી સરકારે નવી દિલ્હી જનપથ રોડ ઉપર ૨૦૦ કરોડના ખર્ચે ડૉ.બાબાસાહેબ આંબેડકરનું આંતરરાષ્ટ્રીય સ્મારક બનાવવાનો શિલાન્યાસ વિધિ કર્યો છે. ડૉ.બાબાસાહેબ આંબેડકર જે બંગલામાં રહેતા હતા જ્યાં તેમનું પરિનિર્વાણ થયું, જ્યાં એમણે છેલ્લા શ્વાસ છોડ્યા, ૨૬, અલીપુર, નવી દિલ્હી એને નવેસરથી નિર્માણ કરવાનો સંકલ્પ કેન્દ્ર સરકારે કર્યો છે. ૧૨૫ રૂપિયાનો ચલણી સિક્કો બહાર પાડ્યો છે. ડૉ.બાબાસાહેબ આંબેડકરની જ્યાં અંતિમ વિધિ થઇ તે દાદરની ચૈત્ય ભૂમિ મુંબઇ ખાતે અને મુંબઇની ઇન્દુ મિલની આ જમીન હતી. આ ૨૩ એકર જમીનની અંદર  ૫૦૦ કરોડના ખર્ચે ભવ્ય સ્મારક બનાવવા માટેની ઘોષણા આદરણીય પ્રધાનમંત્રીએ કરી છે. ડૉ.બાબાસાહેબ આંબેડકરનો જન્મ મહુ મધ્યપ્રદેશની ધરતી ઉપર થયો. આ મધ્યપ્રદેશની ધરતી ઉપર ત્યાં ફરી પાછા ૨૩ એકર જમીનની અંદર સ્ટડી સેન્ટર ચાલતું હતું. ડો.બી.આર. આંબેડકર યુનિવર્સિટી ઓફ સોશ્યલ સાયન્સ. ડો.બાબાસાહેબ આંબેડકરના નામે નવી યુનિવર્સિટી કરવાનો સંકલ્પ કર્યો છે. બાબાસાહેબ આંબેડકર સ્કૂલ ઓફ ઇન્ટરનેશનલ  લંડનમાં જયાં ભણતા હતા, આપણે બધા જાણીએ છીએ કે તે મકાન મહારાષ્ટ્ર સરકારે ૪૦ કરોડના ખર્ચે ખરીદી લીધું છે. હવે અહીંથી જે વિદ્યાર્થીઓ ત્યાં જશે તે બધા લોકોને તેનો લાભ મળશે. મારા ત્રણેય વિભાગની જે માગણીઓ લઇને આવ્યો છું અને મેં કહ્યું છે તે પ્રમાણે કોઇપણ પ્રકારના પોલિટીકલ ઓબ્જર્વેશન સિવાય જયારે મેં વાત કરી છે ત્યારે અને આપણા બધાની વાત છે ત્યારે મને લાગે છે કે આ માગણીઓને સર્વાનુમતે સ્વીકારી આપે મૂકેલી કાપદરખાસ્તો પાછી ખેંચો એટલી વિનંતી સાથે આભાર.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એક તો માનનીય મંત્રીશ્રીનો આભાર માનું છું કે, ધોરણ–૧૦ પછી કાસ્ટ સર્ટિફિકેટ આપવાની મેં રજુઆત કરી હતી તે રજુઆતને ધ્યાનમાં લઇને આપે નિર્ણય કર્યો છે તે બદલ અભિનંદન આપું છું. એટલું જ જાણવું છે કે ભારત સરકાર યુ.જી.સી. દ્વારા ગુજરાતની જેટલી યુનિવર્સિટીઓ છે તેને પરિપત્ર ભારત સરકારનો હોવા છતાં છેલ્લા ચાર–પાંચ વર્ષથી ગુજરાતની તમામ યુનિવર્સિટીઓ અનામતનો અમલ કરવો જોઇએ તે અમલ કરતી નથી. જેના લીધે સેનેટની ચૂંટણી હોય, સિન્ડીકેટની ચૂંટણી હોય, કાઉન્સિલની ચૂંટણી હોય કે સિલેકશન કમિટિની ચૂંટણી હોય તેમાં તેનો લાભ મળતો નથી. આમ તો આ પ્રશ્ન શિક્ષણ વિભાગનો છે પણ અમલવારી એસ.સી. વિભાગ દ્વારા થાય છે એટલે આપ આનો અમલ કરો તેવી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

શ્રી રમણલાલ  વોરા : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે જે છેલ્લી માહિતી છે તે પ્રમાણે તેનો એકટ બન્યો નથી. પરંતુ એકટ બનશે, રાજ્ય સરકારે તેની શરૂઆત કરી દીધી છે. ગુજરાત યુનિવર્સિટીથી શરૂઆત થઇ ચૂકી છે. એકટ જયારે બનશે ત્યારે રાજય સરકાર તેનો અમલ કરશે.

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે આદિજાતિ કન્યાઓને ઉચ્ચ શિક્ષણમાં ફી માફી આપવામાં આવે છે તે જ ધોરણે અનુસૂચિત જાતિની કન્યાઓને ફી માફી આપવા માગો છો કે કેમ?

શ્રી રમણલાલ  વોરા : માનનીય અધ્યક્ષશ્રી, ઉચ્ચ શિક્ષણની અંદર અત્યાર સુધીમાં જે લોકો અભ્યાસ કરતા હતા તેની વાર્ષિક આવક મર્યાદા ૨ લાખ ૫૦ હજાર રૂપિયા હતી. આપણે બધા જાણીએ છીએ તેમ મુખ્યમંત્રીશ્રી સ્વાવલંબન યોજના શરૂ થઇ ત્યારે તેની આવક મર્યાદા ૪.૫૦ લાખ રૂપિયા થઇ. આ વખતે જાહેરાત કરી છે તે પ્રમાણે ૬ લાખ રૂપિયાની આવક મર્યાદા કરી છે.

પરંતુ જે પ્રમાણે કહ્યું તેમ અમારી જે યોજનાઓ ચાલે છે આ ગરીબો માટેની યોજના છે એટલે એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. બધું સમાંતર ધોરણે ચાલે તે જોવું એટલું જ જરૂરી છે. જયારે સમય અને સંજોગ થશે ત્યારે સરકારનું મન તેના માટે ખુલ્લું છે.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગુ છું કે, એસ.સી., એસ.ટી., ને વિદેશ અભ્યાસ માટે જે લોન આપવામાં આવે છે તેમ ઓ.બી.સી. વર્ગના વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ કરવા જવા માટે કોઇ લોન સહાય આપવા માગો છો કે કેમ? બીજું કે પાઇલોટની ટ્રેનિંગ માટે આ વર્ગને આપ સહાય કરવા માગો છો કે કેમ?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, હાજી, વિદેશ અભ્યાસ માટે ઓ.બી.સી.ના વિદ્યાર્થીઓને ૧૫ લાખ રૂપિયા આપીએ છીએ. કોમર્શિયલ પાઇલોટ માટે ૨૫ લાખ રૂપિયા આપીએ છીએ. યોજના ચાલુ છે, કાર્યરત છે અને મેં કહ્યું તે પ્રમાણે ઓ.બી.સી.ના ૫૧૦ વિદ્યાર્થીઓ વિદેશ ભણવા જઇ ચૂક્યા છે.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસે જાણવું છે કે ગોપાલક વિકાસ બોર્ડ હોય, ઠાકોર કોળી વિકાસ બોર્ડ છે તેમાં ગુજરાત સરકારે આ વખતે કેટલી જોગવાઇ કરી છે, બીજું કે જે પશુપાલકો અને માલધારીઓ જંગલમાં ઢોર લઇને ફરે છે તેમને વિચરતી જાતિમાં સમાવેશ કરવા માગો છો કે કેમ?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, તમે જે કહેશો તે વાત માનીશું, સ્વીકારીશું પણ ભેલાણ ન થાય તે પણ આપણે જોવું જોઇએ. મારા પ્રભારી જિલ્લાના ધારાસભ્યશ્રી છે. તેમાં કહું તો ૨૦૧૬-૧૭ની અંદર ગુજરાત પછાત વર્ગ નિગમમાં ૫.૫૦ કરોડની જોગવાઇ, ગોપાલક વિકાસ નિગમમાં ૧.૩૫ કરોડની જોગવાઇ, ઠાકોર અને કોળી વિકાસ નિગમમાં ૨.૫૦ કરોડની જોગવાઇ કરી છે. તેની જરૂરિયાત મુજબ જેને જે હશે તે પ્રકારે શેરમૂડી ફાળવી આપવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકવા માગુ છું કેમ કે, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિની આપણે શરૂઆત કરી આ પહેલા વર્ષે ૨૦૧૪-૧૫માં એની ૧૦ કરોડની શેરમૂડી સાથે આપણે શરૂઆત કરી. કોઇ પણ નિગમની જ્યારે એની શરૂઆત થાય ત્યારે એની ૧૦ કરોડની શેરમૂડી તો હોય જ મેં કહ્યું એ પ્રમાણે, આ નિગમો જ્યારે બન્યા પછી ગયા વર્ષે એટલે ગયા બજેટમા ૫૦ કરોડ રૂપિયાની શેરમૂડી અને આ વર્ષે નવી બીજી ૫૦ કરોડ રૂપિયાની શેરમૂડી એટલે ૧૦૦ કરોડ રૂપિયાની શેરમૂડી ઈતિહાસમાં પહેલી વખતે આપવામાં આવી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયનો શહેરી વિકાસ વિભાગ એ ગુજરાત રાજયની અત્યારે ૬ થી ૬.૨૫ કરોડની વસતિ છે એમાંથી લગભગ ૪૩ ટકા વસતિ છે એ રાજયના ૮ મહાનગરપાલિકા અને ૧૬૨ નગરપાલિકામાં વસે છે એમની સુખ-સુવિધા, સગવડ, પીવાનું પાણી, રસ્તા, સ્વચ્છ અને સુંદર ભવ્ય શહેર અને લોકોને ત્યાં રહેવાનો આનંદ થાય, સંતોષ થાય, એ પ્રમાણેની જરૂરિયાત પૂર્ણ કરવા માટે મહાનગરપાલિકાઓને અને નગરપાલિકાઓને સરકાર જ્યારે મદદ કરતી હોય અને વિવિધ યોજનાઓના સ્વરૂપમાં શહેરના લોકોને જ્યારે સગવડ આપવા માટે રાજય સરકાર પોતાના બજેટમાંથી જોગવાઇ કરતી હોય એ પ્રમાણેનું વિકાસલક્ષી બજેટ નાગરિકોની સુવિધા માટેનું, આરોગ્ય માટેનું, શિક્ષણ માટેનું એવું બજેટ આજે અમે રજૂ કર્યું છે. એના ઉપર લગભગ ૫ સભ્યશ્રીઓએ શહેરી વિકાસ વિભાગમાં પોતાના મંતવ્યો રજૂ કર્યા છે અને અમારા સાથી મંત્રીશ્રી શંકરભાઇ ચૌધરી જે ગુજરાતના ગરીબોને, મધ્યમ વર્ગને, જરૂરિયાતવાળા લોકોને, અત્યારે એક ઘર હોય અને ઘરમાં રહેનારાઓની સંખ્યા વધી હોય, છોકરાના લગ્ન થયા હોય અને નવું ઘર બનાવવાની સમય પ્રમાણે જરૂર પડે, વધતી જતી વસતિને મકાનોની જરૂરિયાત પડે, ઝૂંપડપટ્ટીની જગ્યાએ સારા મકાનો બને, ગરીબોને માટે પણ સ્વચ્છ અને સુંદર મકાનો મળે એ માટેની જે જોગવાઇ એમણે હાઉસીંગ બોર્ડ તરફથી મૂકી છે એના વિશે પણ એમણે ખૂબ સુંદર રીતે જ્યારે માહિતી આપી અને અબજો રૂપિયાનું બજેટ જે ભૂતકાળમાં કદી ગરીબો માટે, મધ્યમ વર્ગ માટે ઘર આપવા માટે નહોતું વપરાતું એ કામ અમારા મંત્રીશ્રીએ જ્યારે ખૂબ વિવરણપૂર્વક અહીંયા મૂક્યું છે એ બંને વિભાગોની માગણી અમે રજૂ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના લગભગ ૨.૬૦ કરોડ લોકો જ્યારે શહેરોમાં વસતા હોય ત્યારે ભૂતકાળ સામે જો જોઇએ તો ભૂતકાળમાં પણ શહેરો હતા, નગરપાલિકાઓ હતી, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોય, ભાવનગર, જામનગર જેવા શહેરો હતા પણ અગાઉ અમારા સાથી સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે ભૂતકાળની સરકારો એટલે કે જ્યાં સુધી રાજયમાં ભારતીય જનતા પાર્ટીની સરકારો ન આવી ત્યાં સુધી કોઇ પણ જાતની ગ્રાન્ટ મહાનગરપાલિકાઓને રાજય સરકાર તરફથી મળતી ન હતી અને નગરપાલિકાઓને પણ ખૂબ મર્યાદિત રકમ રાજય સરકાર તરફથી મળતી હતી. હું તો નગરપાલિકામાં લગભગ ૨૦ વરસ સભ્ય રહ્યો છું, વિવિધ કમિટીઓમાં ચેરમેન, પ્રમુખ આ બધી જવાબદારી મેં ૨૦ વરસ સુધી સંભાળી છે. હું જ્યારે નગરપાલિકામાં હતો ત્યારે લગભગ બધી કોંગ્રેસની સરકારો હતી. એ વખતે અમે બધાય ને આપણે બધાએ જોયેલું છે કે, બધી જ નગરપાલિકાઓમાં મોટા ભાગે પીવાના પાણીના, વીજળીના કનેકશનો કપાઇ ગયા હોય, સફાઇ કામદારો હડતાલ ઉપર ઉતર્યા હોય, મને તો સાહેબ એવી પણ ખબર છે કે નગરપાલિકાનું પાણીનું ટેન્કર હોય, સફાઇની કામગીરી માટેનું ટ્રેક્ટર હોય એને ગામમાં એક પેટ્રોલ પંપ હોય અને તે પણ ડિઝલ આપે નહીં. કેમ ના આપે ? તો કહે નગરપાલિકાના બે હજાર રૂપિયા, પાંચ હજાર રૂપિયાનું બિલ ચડી ગયુ છે અને તે ભરી શકતા નથી માટે હું ડિઝલ નહીં આપું એવી સ્થિતિ કોંગ્રેસની સરકારો વખતે આ ગુજરાતના શહેરી વિસ્તારોની હતી. પણ સાહેબ ગુજરાતનું સદનસીબ છે કે ૧૯૯૫ પછી ગુજરાતના જે વિકાસના દ્વાર ખૂલ્યા અને ભારતીય જનતા પક્ષની સરકાર આવી. પછી તે ગામડાં હોય કે શહેર હોય, ખેડૂત હોય કે વેપારી હોય, કામદાર હોય કે વિદ્યાર્થી હોય દરેક વર્ગોને અનેક પ્રકારની યોજનાઓનો લાભ આપવાની અમે જે શરૂઆત કરી ત્યારે સ્વભાવિક છે કે શહેરના નાગરિકોને પણ સરકાર દ્વારા કરવેરાની આવક થતી હોય છે.

ફાલ્ગુન ૨૧, ૧૯૩૭ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, શહેરોમાં ધંધા, રોજગાર, વેપાર, ઉદ્યોગ આ બધુજ ચાલતુ હોય. એ નાગરિકો જે ટેકસ ભરે તે રાજય સરકારની તિજોરીમાં જમા થતો હોય અને તેનો લાભ જો શહેરી વિસ્તારના નાગરિકોને સરકારના બજેટની યોજનાઓનો ના મળે તો સરકાર માટે તે યોગ્ય નહોતું. મેં કહ્યું તે પ્રમાણે અમે શરૂઆત કરી આજે જે બજેટ અમે રજૂ કર્યુ છે તે બજેટની વિગત આપુ તે પહેલાં ભૂતકાળ તરફ મારે બજેટની રકમ આપના સૌના ધ્યાન ઉપર મૂકવી છે. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૪-૯૫ એટલે ગુજરાત કોંગ્રેસ શાસનના અંતિમ દિવસો, છેલ્લા પછી રર વર્ષ સુધી હજુ તો અહીંયા બેઠા છે અને આવનારા સમયમાં ત્યાં બેસે એવી આપણે અપેક્ષા રાખીએ છીએ. પણ તે વખતે જે બજેટ હતુ ગુજરાતના શહેરી વિકાસ વિભાગનું ૧૬૭ કરોડ ૬૬ લાખ રૂપિયા. પછી વચમાં થોડો સમય કોંગ્રેસની બારી ખુલી, તાજી હવા લેવાનો સમય મળ્યો, કેટલાકને મંત્રી થવુ હતું તો મંત્રી થવાનો પણ લાભ મળ્યો. એ રાજપા શાસન આવ્યુ અને તે શાસનની અંદર પણ જે બજેટ હતુ એ લગભગ ર૪૧ કરોડ ૩૧ લાખ રૂપિયાનું હતુ. માનનીય અધ્યક્ષશ્રી, શહેરોની વસતિ વધી, જરૂરિયાત વધી, સરકારની આવક વધી, સરકારની પારદર્શક પ્રમાણિકતાથી વહીવટ કરવાના કારણે ભૂતકાળમાં જે પૈસા ગુજરાતની પ્રજાના ભ્રષ્ટાચારમાં, કૌભાંડોમાં જતા હતા તે અટકયા. નરેન્દ્રભાઇ મોદીએ સરકારની બધીજ તિજોરીઓને ચારેબાજુથી પેક કરી અને તેનો જે લાભ મળ્યો પ્રજાને ૩૦૦-૩૫૦ કરોડના બજેટમાંથી આજે મને આનંદ છે કે અમારુ શહેરી વિકાસ વિભાગનું બજેટ ૭૨૫૦ કરોડ રૂપિયા સુધી આપણે પહોંચાડયુ છે. હવે આ ૭૨૫૦ કરોડ રૂપિયા પાછી કોર્પોરેશન, નગરપાલિકાઓની પોતાની આવક તો ખરી અને મેં જેમ અગાઉ એક પ્રશ્નના જવાબમાં કહ્યુ હતું કે ભારત સરકારે હવે નાણાં પંચની નવી જોગવાઇઓનો, ભલામણોનો સ્વીકાર કર્યો તે પ્રમાણે ભારત સરકાર તરફથી પણ માનનીય નરેન્દ્રભાઇ મોદીની કેન્દ્રની એન.ડી.એ.સરકાર તરફથી હવે જે નગરપાલિકાઓને અને મહાનગરપાલિકાઓને મોટા પ્રમાણમાં ફંડ મળવાનું છે તે જુદુ. આ બધાનો સરવાળો કરી ગુજરાતની અઢીથી ત્રણ કરોડની જનતાને લાભ આપવા માટે અમે સતત પ્રયત્ન કરી રહ્યાં છીએ. આપણે એમને એમ બજેટ નથી ફાળવતા આપણું બજેટ જરૂરિયાત પ્રમાણે, યોજના પ્રમાણે, દરેક શહેરને લાભ મળે તે પ્રમાણે આપણે ફાળવણી કરીએ છીએ. અગાઉ અમે જયારે માનનીય નરેન્દ્રભાઇ મોદી મુખ્યમંત્રી હતા ૨૦૧૦માં આપણે ગુજરાતની પચાસ વર્ષની સ્વર્ણીમ જયંતી ઉજવતા હતા તે વખતે નરેન્દ્રભાઇએ મને યાદ છે સાહેબ કે કેબિનેટમાં અમે બધાએ ચર્ચા કરી કે સ્વર્ણીમ વર્ષની ઉજવણી કેવી રીતે કરવી ? તો બધા મંત્રીશ્રીઓએ પોત-પોતાના વિચારો વ્યકત કર્યા અને સાહેબે જે વિચાર આપ્યો તે કોઇ પણ દીર્ઘ દ્રષ્ટિવાળા નેતા જ આવુ કામ કરી શકે. તેમણે તે વખતે કહ્યું કે ખાલી સમારંભોથી નહીં, રેલીઓ ભાષણોથી નહીં પણ ગુજરાતની પ્રજાને વિકાસનો લાભ મળે, પણ ગુજરાતની પ્રજાને વિકાસનો લાભ મળે એ રીતે આપણે સ્વર્ણિમ જયંતી વર્ષની ઉજવણી કરવી છે, અને એ વખતે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ૭૦૦૦ કરોડ રૂપિયાની યોજના સ્વર્ણિમ જયંતી મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના જે મંજૂર કરી, એનો લાભ નગરપાલિકાઓને આપણે આપવાની શરૂઆત કરી અને એનો ખૂબ ફાયદો થયો. શહેરોમાં વિકાસ થયો, ઇન્ફ્રાસ્ટ્રક્ચર વધ્યું, રસ્તા બન્યા, બાગ બગીચા બન્યા, પીવાના પાણીની વ્યવસ્થાઓ વધી, સ્વચ્છતા વધી એને ધ્યાનમાં રાખીને ફરીથી સ્વર્ણિમ જયંતી મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજનામાં ૧૫૦૦૦ કરોડ રૂપિયાની ૨૦૧૨-૧૩ થી અમારા મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેનની શરૂઆતથી આ ૧૫૦૦૦ કરોડ રૂપિયા ગુજરાત સરકારના બજેટમાંથી નગરપાલિકાઓને આપવાની શરૂઆત કરી દીધી છે. આપણે બધા રહીએ છીએ, જન્મ્યા છીએ એ ગામડાંમાં, શહેરોમાં, નાના નગરોમાં શું સ્થિતિ હતી અને અત્યારે શું સ્થિતિ છે, શું જરૂરિયાત છે, શું ખૂટે છે એ આપણે બધા જાણીએ છીએ. હું મારા અનુભવથી જો વાત કરું તો, સમગ્ર ઉત્તર ગુજરાત વિસ્તાર, સૌરાષ્ટ્ર વિસ્તાર, કચ્છ વિસ્તાર પીવાના પાણીની નગરપાલિકામાં ખૂબ તકલીફ હતી, ટ્યુબવેલના પાણી પીવા પડતા હતા, ૫૦-૫૦- ૭૦-૭૦ હોર્સ પાવરની ટ્યુબવેલની મોટરો ચલાવીએ અને ફલોરાઇડવાળું પાણી ગુજરાતની જનતાને પીવું પડતું હતું અને એના કારણે હાડકાના રોગના પ્રશ્નો થાય એ આપણે જાણીએ છીએ. પહેલું કામ અમારી સરકારે કર્યું હોય કે, ગુજરાતની તમામ નગરપાલિકાઓમાં, તમામ મહાનગરોમાં નર્મદાની યોજનાનું કામ પણ અમે સાથે સાથે આગળ જે વધાર્યું હતું, કેનાલોનું નેટવર્ક બન્યું, પીવાનું સ્વચ્છ ફીલ્ટર કરેલું, કલોરીનેશન કરેલું પાણી નર્મદાના મૂળ પ્લાનિંગમાં પણ છે કે નવ હજાર ગામોને, લગભગ ૧૫૩ જેટલી નગરપાલિકાઓને પહોંચાડવું, એ કામ માટે નગરપાલિકાને પૈસા કોણ આપે? એક લાખનો બે લાખનો ત્રણ લાખનો એ જમાનામાં ટ્યુબવેલ થતો હતો એ કરવા માટે પૈસા નહતા. ટ્રેકટરમાં ડીઝલ ભરાવા માટેના પૈસા ન હતા. સ્ટ્રીટ લાઇટનું કનેકશન ચાલુ રહે એ માટેના પૈસા ન હતા, આ બધુ કોણ કરે? હજારો કરોડ રૂપિયાનું કામ, પણ એ કામ અમારી ભારતીય જનતા પાર્ટીની માનનીય નરેન્દ્રભાઇની અને અત્યારે માનનીય આનંદીબહેનની સરકારોએ ઉપાડયું એના કારણે આજે તમામ નગરપાલિકાઓમાં પીવાનું સ્વચ્છ મેં કહ્યું એ પ્રમાણેનું નર્મદાનું પીવાનું શુધ્ધ પાણી પહોંચાડવા માટે અમારી સરકારોએ કામ ઉપાડ્યાં છે, અને કોઇ નગરપાલિકા બાકી નહીં હોય કે, જયાં પીવાના પાણીની મેઇન પાઇપલાઇન, પછી એને ફીલ્ટર માટેની વ્યવસ્થા, પ્લાન્ટ અને પછી એને શહેરમાં વિતરણ કરવા માટે ભૂગર્ભ સંપ અને એના માટેની ઓવરહેડ ટેન્ક, શહેરની અંદર પાઇપલાઇનો બિછાવવા માટેનું પાઇપલાઇનોનું નેટવર્ક આ બધુ કામ કરવા માટે અમારી સરકારે, અમારા શહેરી વિકાસ વિભાગે દરેક નગરપાલિકાઓને મોટા પ્રમાણમાં ગ્રાન્ટો આપી એના કારણે આજે હું એમ કહી શકું કે, ગુજરાતની છ કરોડ જનતામાંથી લગભગ ચાર કરોડ જનતાને નર્મદાનું શુધ્ધ પીવાનું પાણી આપણે પહોંચાડીએ છીએ. કોઇને એમ થાય કે બે કરોડ જનતા કેમ બાકી ? તો એનો પણ હું જવાબ આપી દઉં કે, સુરત અને એ બાજુના દક્ષિણ ગુજરાતના જે વિસ્તારો છે એને ઉકાઇ મારફત મોટા પ્રમાણમાં પાણી મળે છે ત્યારે ગુજરાતને શુધ્ધ પીવાનું પાણી મળે તો એનાથી શું ફાયદો થયો તો આપણે બધા જાણીએ છીએ અને ડોકટરો પણ જાણે છે કે, અશુધ્ધ પાણી પીવાથી હાડકાંના રોગ અને બીજા પ્રકારના રોગચાળા, ઝાડા -ઉલટી આ બધા જ રોગો થતા હતા એ ના થાય એ માટે આ પાણી અમે જે પહોંચાડ્યું, (અંતરાય) ફલોરાઇડ મુકત પાણી પહોંચાડ્યું અને માનનીય જોષીયારાજી તમે

તો ડોક્ટર છો, તમારે તો ઇશારામાં સમજી લેવાનું હોય. વચ્ચે તમે પ્રશ્નો ના પૂછશો. એ સ્વચ્છ પાણીનો વપરાશ થાય અને માનનીય શક્તિસિંહજી, તમે ભાવનગરના પ્રતિનિધિ હતા. માનનીય વિભાવરી બહેને સવારે જ કહ્યું કે, એક જ પાઇપલાઇન હતી, મારા વખતમાં મેં અને માનનીય સૌરભભાઇએ શેત્રુંજીમાંથી બીજી પાઇપલાઇન ભાવનગરને આપી. વાત શું કરો છો તમે? વાત શું કરો છો, ના પાડવાને કોઇ કારણ જ નથી, કોઇ સવાલ જ નથી. અમે નક્કર સત્ય હકીકતોથી બોલીએ છીએ. અમે તમારી જેમ ભૂતકાળમાં ગરબડ કરી તેવું નથી કરતા. સાહેબ પીવાનું પાણી આપ્યું,તો પાણીના નિકાલ માટે ભૂગર્ભ ગટર જોઇએ તો એ ગટર યોજનાનું કામ આખા રાજયની તમામ નગરપલિકાઓનું મંજૂર કર્યું છે એ પ્રમાણે બધું જ કામ ચાલી રહ્યું છે.

સ્વચ્છતા સૌથી વધારે જરૂરી છે, કાલે સંકલ્પ આવ્યો, માનનીય સભ્યશ્રી નિરંજનભાઇએ કહ્યું કે સ્વચ્છતા માટે આટલું આટલું સરકાર કરે પણ નગારિકોએ પણ કરવું પડે. આઝાદીના આટલા વર્ષો પછી પણ આપણા દેશ તરીકે થોડુંક કલંક જેવું હતું, દુઃખદ હતું કે આપણે ત્યાં સ્વચ્છતાનો અભાવ હતો એ હોય એટલે રોગચાળો થાય અમારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવ્યા અને મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન ચાલુ કર્યું એનું કામ અમારી સરકારે ગુજરાતમાં મોટા પ્રમાણમાં ઉપાડયું છે.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ, આપ બે મિનિટમાં પૂરુ કરો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : મેં કોઇ રાજકીય વાત કરી નથી બધી હકીકત છે એ કહી છે. આમાં ભાજપ કોંગ્રેસ બોલ્યો જ નથી, વોટ આપ્યા એવું પણ બોલ્યો નથી. મને ડિસ્ટર્બ કરે છે. સમય વધારવો પડશે કારણ કે ૭૨૦૦ કરોડનું બજેટ છે કોઇ નાનુ બજેટ નથી. મને આનંદ છે આપણને બધાને ગુજરાતીઓને ગૌરવ થાય કે ભારત સરકારે દેશના ટોપ ટેન સ્વચ્છ શહેરો થર્ડ પાર્ટી દ્વારા ઇન્સ્પેકશન સર્વે વગેરે કરાવીને મંજૂર કર્યા એમાં આપણું સુરત અને રાજકોટ અને વડોદરા પસંદગી પામ્યા છે એ આપણા માટે ગૌરવ અને આનંદની વાત છે. અને વડાપ્રધાનશ્રીએ આપણને સ્માર્ટ સિટીમાં ગુજરાતના બે મોટા શહેરો જયાં એક કરોડ જેટલી વસતિ વસે છે એ અમદાવાદ અને સુરતને મંજૂર કર્યા છે અને એ પ્રમાણેનો પ્રોજેકટ આપણે મોકલી આપ્યો છે એ પ્રોજેકટ પણ ભારત સરકારે મંજૂર કર્યો છે. એટલે એ કામ પણ અમે કરી રહ્યા છીએ. અત્યારે સમયની મર્યાદા છે ઘણા લોકો ઉતાવળ કરે છે, કારણ કે ભૂતકાળ યાદ આવે, કશું કર્યું ન હોય અને હવે સારુ સારુ થતું હોય, સારુ સાંભળવાનું હોય, સારો ઉપયોગ કરવાનો હોય ત્યારે ઘણા લોકોને એમ થાય કે અમે કર્યું નથી તો અમારે શા માટે સાંભળવું? તો વધારે સમય નહિ લઉં પણ અહીંયા બેઠેલા તમામ લોકો ગુજરાતની છ કરોડની જનતા, શહેરોમાં રહેતા લોકો અમારી વિકાસ, અમારી પ્રગતિ પ્રજાલક્ષી કામગીરીને હમણાં તાજેતરમાં મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓની ચૂંટણી ગઇ એમાં અમારા કામને અમારી દૃષ્ટિને લોકોએ સમર્થન આપીને ભારતીય જનતા પક્ષની તમામ જગ્યાએ જંગી બહુમતી અપાવી છે એ અમારા કામ પ્રત્યે પ્રજાનો વિશ્વાસ એને વધુ આગળ વધારવા આ બજેટ દ્વારા અમે કામ કરીશું એવું હાઉસને અને ગૃહના સભ્યશ્રીઓને ખાતરી આપું છું.

શ્રી પંકજ દેસાઇ ( મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માગણીઓ ઉપરની ચર્ચા પૂરી થાય અને મતદાન થાય ત્યાં સુધી ગૃહનો સમય લંબાવવા માટે હું પ્રસ્તાવ રજૂ કરુ છું.

અધ્યક્ષશ્રી : સૌ સંમત છે? (થોડીવાર બાદ) સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, બે માનનીય મંત્રીશ્રીઓએ માગણી ઉપર વાત કરી અને ત્રીજા મંત્રીશ્રીએ રાજકીય ભાષણ આપ્યા પછી મારો પ્રશ્ન એ છે. એક પ્રશ્ન શંકરભાઇને કર્યો હતો મને હતું કે માનનીય મંત્રીશ્રી પોતાના પ્રવચનમાં જવાબ આપશે પણ આપ્યો નથી મંત્રીશ્રીને ખ્યાલ છે એટલે એ પ્રશ્નનો જવાબ આપે. બીજો પ્રશ્ન એ છે કે દરેક નગરપાલિકા અને મહાનગરપાલિકા એની પાસે સૌથી મોટુ આવકનું સાધન ઓકટ્રોય હતું. એના લીધે આવક આવતી હતી અને રહેતી હતી અને વપરાતી હતી. તકલીફ લગભગ નહોતી પડતી. આપ કહો છો માનનીય મંત્રીશ્રીની વાતને નકારી ન શકું એમના જેવા વહીવટકર્તા હોય ત્યાં કોઇ ઉછીનુ ડીઝલ ન દે એવું બને બાકી ગુજરાતમાં તકલીફ નહોતી. બાકી ગુજરાતમાં તકલીફ નહોતી. કારણ કે ઓક્ટ્રોયની આવક હતી અને ઓક્ટ્રોયની આવકમાં નગરપાલિકા, મહાનગરપાલિકા ચાલતી હતી. મારે એ જાણવું છે કે આપે વેટ લાવ્યા પછી નગરપાલિકાઓને એક બાંયધરી આપી હતી, કે હવે ઓકટ્રોય તમે લઇ શકવાના નથી તો અમે ઓક્ટ્રોયના બદલે સબસીડાઇઝ કરીને તમને દર વર્ષે વધારો આપીને તમારી આવકમાં તકલીફ ન પડે એવી વ્યવસ્થા ગોઠવીશું. જે મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડનો રિપોર્ટ સબમિટ થયો તેમાં પણ આવ્યું કે આપ એ જાળવી શક્યા નહીં. જે પૈસા આપવાના હતા, રાજય સરકારની જવાબદારી હતી. આપનું કમિટમેન્ટ હતું એ નહોતું થઇ શક્યું તો એ કરશો? આપ કરવા માગો છો કે કેમ? કેટલી રકમ કયાં સુધીમાં કરશો અને પહેલો પ્રશ્ન જે મેં માનનીય શંકરભાઇને પૂછ્યો હતો એ પ્રશ્નનો જવાબ, આ બન્ને જવાબોની આપની પાસે અપેક્ષા છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, વચલી વાતનો પહેલો જવાબ આપું. નગરપાલિકાનો મારા શાસનનો. મેં મારો અનુભવ કહ્યો. હું ગુજરાત નગરપાલિકા પરિષદનો ઉપપ્રમુખ હતો. તમારા પક્ષના આણંદના બાબુભાઇ પ્રમુખ હતા. સુભાષ શેલત કોંગ્રેસના ધારાસભ્ય હતા. ઉમરેઠના પ્રમુખ હતા. મારા સાથી હતા. (અંતરાય) સાંભળો, સાંભળો. હજુ ઘણું બાકી છે. તમે બોલીને છટકી જાવ..તમે વકીલ છો તો હું વગર ડિગ્રીનો વકીલ છું. એમાં ચિંતા નહીં કરો. દલીલ કરવા માટે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં ભૂતકાળમાં માનનીય અધ્યક્ષશ્રીએ પણ એક ટકોર કરેલી મને વાંધો નથી. મારો તો એક પ્રતિષ્ઠિત વ્યવસાય છે અને હું લાંબો સમય ઘણા વિભાગમાં મંત્રી રહ્યા પછી પણ આવકના સાધન માટે વકીલાત કરું છું મને વાંધો નથી, પરંતુ આ પ્રથાને અધ્યક્ષશ્રીઓએ ભૂતકાળમાં રોકી છે. સભ્યોના વ્યવસાય વિશે, કારણ કે કેટલાક એવા હશે કે જેના વ્યવસાય કહેવાથી તકલીફ થશે. મને તો વાંધો નથી મારો વ્યવસાય કહેવાય. એટલે આ પ્રથા બંધ કરાવેલી છે તો આ પ્રથા શરૂ ન થાય તેમાં ગૃહનું ગૌરવ જળવાય. એટલા માટે આપના નિર્ણયની અપેક્ષા છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં દલીલની રીતે કહ્યું છે. વ્યવસાયના ટીકાત્મક પાસા વિષે નથી કહ્યું. તમે સુંદર દલીલો કરો, તમે મારું કહ્યું તો મારે ખુલાસો તો કરવો પડે ને? વન વે તો હું કશું જવા ન દઉં. એટલે સાહેબ, મેં અનુભવ કહ્યો એ નગરપાલિકાવતી કહ્યો અને આપે કડીનું કહ્યું, તો મને આનંદ છે કે કડી નગરપાલિકાને ગુજરાત સરકારે સર્વશ્રેષ્ઠ નગરપાલિકા તરીકે ૭૫ લાખ રુપિયાનું પહેલાં નંબરની નગરપાલિકા તરીકેનું ઇનામ આપેલું છે અને આપને મારું કડી જોવા માટે આમંત્રણ છે. મારા મહેમાન બનો. આપણે સાથે ફરીને બધું જોઇશું. (અંતરાય) જમાડીશું, બધાને મારું આમંત્રણ છે. એક સમય નક્કી કરી દઇએ.

બીજું, આપે ટી.પી.નું કહ્યું. ટી.પી. બનાવવાની કામગીરી નગરપાલિકા, કોરપોરેશન અને ઓથોરિટી કરતી હોય છે. ક્યાં કેટલી કપાત કરવી એ જરૂરિયાત પ્રમાણે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ નક્કી કરતી હોય છે. એ ટી.પી.ને મંજૂરી આપવાનું કામ, પ્રોસેસ કરવાનું કામ સરકાર કરે છે. એટલે આપે જે પ્રશ્ન પૂછ્યો છે, અમદાવાદની કોઇ બંધ મિલનો કે ત્યાં કેટલી કપાત વગેરે. એ અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનને અધિકાર છે કે ત્યાં આગળ જરૂરિયાત પ્રમાણે કેટલી કપાત કરવી અને કપાત કરેલી જમીનનું કયા ઉપયોગ માટે પ્લાનીંગ મૂકવું એ એમનો અધિકાર છે એટલે અહીંયાથી તેની હું સ્પષ્ટતા નહીં કરી શકું.

ત્રીજું, આપે કહ્યું ઓક્ટ્રોયનું. ઓક્ટ્રોય નાબૂદી એ અમારી સરકારનું ગુજરાતની પ્રજા માટે એક મોટામાં મોટું કામ છે. ભૂતકાળમાં આખા ગુજરાતમાં ટ્રાન્સપોર્ટરોની હડતાળ પડે, વેપારીઓની હડતાળ પડે. ઓક્ટ્રોયના ગંભીર પ્રશ્નો હતા. ઓક્ટ્રોયનાકે લાંબી લાઇનો લાગે આ બધું ટાળવા માટે અમારી ભારતીય જનતા પક્ષની સરકારે પહેલાં નગરપાલિકાઓમાં ઓક્ટ્રોય નાબૂદ કરી. તેની સામે વૈકલ્પિક ગ્રાન્ટ આપવાની વ્યવસ્થા કરી. એ પછી માનનીય નરેન્દ્રભાઇ આવ્યા, એમણે મહાનગરપાલિકાઓની ઓક્ટ્રોય પણ નાબૂદ કરી. તેની સામે નક્કી કરેલી ફોર્મ્યુલા પ્રમાણે તેમને આપણે વળતર આપીએ છીએ. અમુક સમયે તેમાં આપણી સરકાર દ્વારા વધારો પણ કરવામાં આવે છે. ભૂતકાળમાં પણ મારી જાણકારી પ્રમાણે લગભગ બે વખત ઓક્ટ્રોયની ફોર્મ્યુલાથી ઉપર જઇને વધારે બે વખત રાજય સરકારે નગરપાલિકાઓને અને મહાનગરપાલિકાઓને ઓક્ટ્રોયનો વધારો આપ્યો છે એટલે હાલ એ પ્રશ્ન રહેતો નથી.

કાપદરખાસ્ત ક્રમાંક –૧, ૨, ૩, ૫, ૬, ૭, ૮, ૯, ૧૧, ૧૨, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૧, ૨૨, ૨૪, ૨૫, ૨૭, ૩૦, ૩૧, ૩૪, ૩૫, ૩૭, ૩૯, ૪૧, ૪૨, ૪૪, ૪૫, ૪૮, ૪૯ અને ૫૦ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક– ૯૨, ૯૫, ૧૦૧ અને ૧૦૨ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

**સભાગૃહનું કામકાજ બપોરના ૧–૦૬ વાગ્યે પૂરું થતાં સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તારીખ ૧૪મી માર્ચ ૨૦૧૬ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

## તા. ૧૪મી માર્ચ, ૨૦૧૬
## તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા
સોમવાર, તા. ૧૪મી માર્ચ, ૨૦૧૬
ફાલ્ગુન ૨૪, ૧૯૩૭ શાકે
સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.
અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને

### તારાંકિત પ્રશ્નો

અમદાવાદ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા પેકેટ સ્વરૂપે ઉત્પાદન કરતા એકમોની તપાસ

* ૨૩૨૧૧ શ્રી બાબુભાઈ પટેલ(દસક્રોઈ) **:** માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પેકેટ સ્વરૂપે ઉત્પાદન કરતા કેટલા ઉત્પાદક એકમોની સામે તપાસ કરવામાં આવી, | (૧) ૫૩૦. |
| (૨) તે પેટે કેટલા એકમોના કેસ માંડવાળ કરવામાં આવ્યા, અને | (૨) ૩૪. |
| (૩) તે પેટે કેટલી માંડવાળ ફી વસુલ કરવામાં આવી? | (૩) રૂ. ૪૮૦૦૦/-. |

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પેકેજ કોમોડીટી રૂલ્સ ૨૦૧૧ મુજબ સીલબંધ પેકેજ ઉપર ગ્રાહકોની સરળતા માટે કઇ ઉપયોગી વિગતો લખવી જરૂરી છે? પેકેજ કોમોડીટી રૂલ્સના ભંગ બદલ થયેલ કેસ માંડવાળ શા માટે કરવામાં આવે છે તથા તેના ધોરણો શું છે?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, પેકેજ કોમોડીટી રૂલ્સ ૨૦૧૧ મુજબ સીલબંધ પેકેજ ઉપર આ પ્રમાણેની વિગતો છાપવી જરૂરી છે. ઉત્પાદક અથવા પેકરનું પૂરેપૂરું નામ, કસ્ટમર કેર નંબર, નેટ વજન, જથ્થો, પેકીંગનો મહિનો તથા વર્ષ, વસ્તુનું નામ અને મહત્તમ વેચાણ કિંમત એ બધા કરવેરા સહિત દર્શાવવી જરૂરી છે. એના ભંગ બદલ કેસ કરવામાં આવે છે. કોઇપણ વેપારી કે એકમો દ્વારા એ બાબતોનો ભંગ થાય તો ગુન્હો બને છે અને એ માંડવાળ કરવાની સંમતિ આપે તો કાયદાની જોગવાઇ મુજબ સરકારશ્રી દ્વારા નક્કી કરેલ ફી વસૂલ કરવાના ધોરણો છે એ મુજબ કેસ માંડવાળ કરવામાં આવે છે. એના ધોરણોનું ખૂબ મોટું લિસ્ટ છે. તબક્કાવાર જુદા જુદા નોટિફિકેશન થયા છે એ પ્રમાણે એની જુદા જુદા ધોરણવાર ફી વસૂલ કરવામાં આવે છે.

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, પેકેજ કોમોડીટી રૂલ્સના તપાસણીના ધારા ધોરણો શું છે? હાઇવે ઉપરની હોટલો, મોટેલો અને યાત્રાધામોમાં એના ઉપર છાપેલા ભાવ કરતાં વધુ કિંમત લીધી હોય તેવા કેસમાં છેલ્લા બે વર્ષની અંદર શું કાર્યવાહી કરવામાં આવી?

શ્રી છત્રસિંહ પૂં. મોરી: માનનીય અધ્યક્ષશ્રી, આ કોમોડીટી રૂલ્સમાં તપાસણી કરવા માટે નાયબ નિયંત્રકશ્રી, મદદનીશ નિયંત્રકશ્રી તથા નિરીક્ષકોને જુદી જુદી કક્ષાએ માસવાર લક્ષ્યાંક આપવામાં આવે છે. આ લક્ષ્યાંક પ્રમાણે તપાસણી પૂર્ણ કરવાનું રાજ્ય સરકારે નક્કી કર્યું છે. રાજ્ય સરકાર દ્વારા જુદા જુદા એકમોની તપાસ કરવામાં આવે છે. ગ્રાહકોની ફરિયાદ મળે તો જે તે સ્થળની તપાસણી કરવામાં આવે છે અને હાઇવે પરની હોટલો, મોટેલો અને યાત્રાધામોમાં છેલ્લા બે વર્ષમાં ૧૬૯ સ્થળોની મૂલાકાત લેવામાં આવી છે અને ૯ એકમોની ગેરરીતિ ધ્યાનમાં આવી છે અને રૂ.૪૨,૦૦૦/- ની ફી વસૂલ કરવામાં આવી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે પેકેજ હોય છે એના ઉપર મેન્યુફેક્ચરીંગ ડેઇટ અને મન્થ લખેલો હોય છે. હમણાં મિડિયા માધ્યમથી અને સોશિયલ મિડિયાના માધ્યમથી એવું ધ્યાનમાં આવ્યું છે કે *(×××)(અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી શૈલેષભાઇ, આ પ્રશ્નને રિલેવન્ટ પ્રશ્ન હોય એ જ પૂછો. હું રેકર્ડ ઉપર જોઇને કાઢી નાખીશ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, પતંજલિ કંપની બાબતમાં મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે પતંજલિ કંપનીના ખરા માલિક કોણ છે? એણે જે પેકેટ બહાર પાડ્યા એમાં અત્યારે માર્ચ મહિનો ચાલે છે તેમ છતાં ઓગષ્ટ ૨૦૧૬ની મેન્યુફેક્ચરિંગ ડેઇટ લએલી આવે છે તો આ પતંજલિ કંપની સામે (અંતરાય) હું નીચે વાંચીને બોલું છું. મારે એટલું જ જાણવું છે કે આ કંપની સામે શું પગલાં લીધા છે?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : પહેલા તો આ રીલેવન્ટ પ્રશ્ન જ નથી એટલે જવાબ આપવાનો સવાલ નથી. અલગ નોટિસ આપશે તો જવાબ આપીશ.

અધ્યક્ષશ્રી : જિલ્લા પૂરતો સિમિત પ્રશ્ન છે.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

## તારાંકિત પ્રશ્નો

ડો. નિર્મલાબહેન સુ. વાધવાણી : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગ્રાહક ફરિયાદ કરી શકે તે માટે ટોલ ફ્રી નંબ જેવી વ્યવસ્થા છે કે કેમ? અને ગ્રાહક છેતરાય નહીં તે માટે રાજ્યમાં વિવિધ સ્થળો ખાતે હોર્ડીંગ્ઝ દ્વારા માહિતી આપવામાં આવે છે કે કેમ?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : કોઇપણ ગ્રાહકે કોઇપણ ફરિયાદ કરવી હોય તો મેં અગાઉ પણ જાણ કરી હતી, ફરીવાર સન્માનનીય ગૃહ સમક્ષ માહિતી આપું છું કે એના માટે ટોલ ફ્રી નંબર ૧૮૦૦૨૩૨૦૨૨૨ છે. આ ગ્રાહકોની ફરિયાદ માટેનો ટોલ ફ્રી નંબર છે અને કોઇપણ ગ્રાહક છેતરાય નહીં એના માટે રાજ્ય સરકારે એના પ્રચાર અને પ્રસાર માટે વિવિધ જગ્યાઓ જેવી કે બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન, એ.પી.એમ.સી. માર્કેટ જેવા સ્થળો ઉપર હોર્ડીંગ્ઝ લગાવ્યા છે.

### અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને પાયલોટની તાલીમ

* ૨૩૧૫૬ શ્રી જગદીશભાઇ પંચાલ (નિકોલ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં અનુસૂચિત જનજાતિના યુવાનોને કોમર્શિયલ પાયલોટની તાલીમ માટે લોન આપવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૨) એક. |
| (૩) ઉક્ત સ્થિતિએ લાભાર્થી દીઠ કેટલી લોન આપવામાં આવે છે? | (૩) રૂ. ૨૫.૦૦ લાખ. |

શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, પંડિત દીનદયાલ ઉપાધ્યાયજીની વિચારધારાને વરેલી અંત્યોદય અને છેવાડાના માણસની ચિંતા કરનારી આ ભારતીય જનતા પાર્ટીની સરકારના મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાજ્યમાં અનુસૂચિત જનજાતિના યુવાનોને કોમર્શિયલ પાઇલટની તાલીમ આપવા માટે લોન આપવાની યોજના ક્યારથી અમલમાં આવી? આમાં કેટલી લોન આપવામાં આવે છે અને એમાં કોઇ વધારો કરવામાં આવ્યો છે કે કેમ?

શ્રી કાંતિભાઇ રે. ગામીત : રાજ્યમાં અનુસૂચિત જનજાતિના યુવાનોને કોમર્શિયલ પાઇલટની તાલીમ માટે લોન આપવાની શરૂઆત ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળ આદિજાતિ વિકાસ પ્રભાગના તા. ૧–૭–૧૯૯૨ના ઠરાવથી અમલમાં આવેલ છે. આ યોજના અંતર્ગત હાલ રૂપિયા ૨૫ લાખની મર્યાદામાં લોન આપવામાં આવે છે. કોમર્શિયલ પાઇલટની તાલીમ માટે લોન આપવાની યોજનાની શરૂઆતમાં રૂપિયા બે લાખની મર્યાદામાં આ લોન આપવામાં આવતી હતી. ત્યારબાદ વર્ષ ૧૯૯૮માં આ રકમ બમણી કરીને રૂપિયા ચાર લાખ કરવામાં આવી અને વર્ષ ૨૦૦૮માં રૂપિયા ૧૫ લાખ અને વર્ષ ૨૦૧૨માં ૨૦ લાખ કરવામાં આવી અને છેલ્લે ૨૦૧૪માં રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી અને ગતિશીલ ગુજરાતના પ્રણેતા શ્રીમતી આનંદીબેન પટેલના રાહબર હેઠળ આ લોનમાં વધારો કરીને રૂપિયા ૨૫ લાખની લોન મંજૂર કરવામાં આવે છે.

શ્રી અનિલભાઇ જોષીયારા : આખા રાજ્યમાંથી છેલ્લા બે વર્ષમાં એક જ કેસ નોંધાયો છે. મારે જાણવું છે કે આપણે ઇલેક્ટ્રોનિક મિડિયા અને પ્રિન્ટ મિડિયાની જાહેરાત પાછળ એટલો બધો ખર્ચ કરીએ છીએ છતાં યોજના કરતાં એની જાહેરાત પાછળ ખર્ચ વધારે છે તો મારે જાણવું છે કે છેલ્લા બે વર્ષમાં આની જાહેરાત પાછળ ઇલેક્ટ્રોનિક મિડિયા અને પ્રિન્ટ મિડિયામાં કેટલો ખર્ચ થયો અને કેટલી અરજીઓ આવી.

શ્રી મંગુભાઇ છ. પટેલ : ઇલેક્ટ્રોનિક મિડિયામાં કોઇ જાહેરાત અપાતી નથી પણ સ્થાનિક પેપરમાં જાહેરાતો આપીએ છીએ અને એ પ્રમાણે જે અરજીઓ આવે છે એ બે વર્ષમાં એક જ અરજી આવેલી છે. તે પહેલાં કુલ ૨૧ જેટલી અરજીઓ આવેલી છે અને ૧૭ જેટલા લોકોને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ જે લોન આપવામાં આવે છે એ કેટલા સમયમાં પરત ભરવાની હોય છે અને ન ભરે તો શું કાર્યવાહી કરવામાં આવે છે?

શ્રી કાંતિભાઇ રે. ગામીત : અનુસૂચિત જનજાતિના યુવાનોને કોમર્શિયલ પાઇલટની તાલીમ યોજના હેઠળ લોનની ચૂકવણી થયેથી એક વર્ષ બાદ ૧૦ વર્ષમાં મુદ્દલ અને બે વર્ષમાં વ્યાજ મળી કુલ ૧૨ વર્ષમાં લોન ભરપાઇ કરવાની રહે છે. અને આ લોન સમયસર નહીં ભરનાર સામે અઢી ટકા દંડનીય વ્યાજ લેવાની જોગવાઇ કરવામાં આવેલ છે તેમજ લોન મંજૂરીના હુકમની શરતોનો કોઇ ભંગ કરવામાં આવે તો લોનની રકમ વ્યાજ સાથે પરત લેવાની જોગવાઇ કરવામાં આવી છે.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને હું એ પૂછવા માગુ છું કે, માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે, ૧૯૯૮ પહેલાં આદિવાસીને પાયલોટ બનાવવા માટે આપણે બે લાખ રૂપિયા આપતા હતા. ૧૯૯૮માં આપણે ૪ લાખ રૂપિયા કર્યા, ૨૦૦૮માં આપણે ૧૫ લાખ રૂપિયા કર્યા, ૨૦૧૫માં ૨૦ લાખ રૂપિયા કર્યા અને અત્યારે આપણે ૨૫ લાખ રૂપિયા કર્યા એમ કહીએ છીએ. પણ મારે કહેવું છે કે, આપણે બધા માટે રકમો ઘણી વધારી, ચાર લાખના પચીસ લાખ કર્યા પણ એની સામે બધી જગ્યાએ અને ગૃહમાં પણ કહીએ છીએ કે, અમે આદિવાસીઓને પાયલોટ બનાવી દીધા પણ એની સામે આજે છેલ્લા બે વર્ષમાં અત્યારે એ એક જ પાયલોટ માટેની ટ્રેનીંગ લે છે. તો મારે મંત્રીશ્રીને પૂછવું છે કે, આના પહેલાં આદિવાસીઓ

પાયલોટ કેટલા થયા અને એમને રોજગારી માટે કઇ જગ્યાએ નોકરી મેળવે છે અને આ છેલ્લે એક આદિવાસી ભાઇ પાયલોટ માટે જે કાંઇ કોમર્શીયલ માટે ટ્રેનીંગ લે છે, એ પાસ થઇ જાય એના પછી એની રોજગારી માટે તમે શું વ્યવસ્થા કરવાના છો ?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકારનું કામ છે એને તાલીમ આપવાનું છતાં પણ મારે માનનીય ધારાસભ્યશ્રીને જણાવવું છે કે, બે જણા પાયલોટ બની ગયા છે, બાકીના જે છે એ અન્ડર ટ્રેનીંગ છે.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિના જે યુવાનોને કોમર્શીયલ પાયલોટની ટ્રેનીંગ આપવામાં આવે છે અને આ બધા જે રીતે વાત કરે છે તો હું માનું છું કે, આ લોન લેવાની પદ્ધતિ શું છે ? જો એ લોકોને ખબર પડે તો વધારે એ લોકો આવશે, તો આ લોન મેળવવા માટેની પદ્ધતિ શું છે એ જણાવશો.

શ્રી કાંતિભાઇ રે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જનજાતિના યુવાનોને કોમર્શીયલ પાયલોટની તાલીમ યોજના હેઠળ લોન માટે ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ દ્વારા આ યોજના અંગે બહોળી પ્રસિદ્ધિ ધરાવતા દૈનિકપત્રમાં જાહેરાત આપવામાં આવે છે. સંબંધિત પ્રાયોજના વહીવટદારશ્રીને અને બિનઆદિજાતિ વિસ્તારમાં મદદનીશ કમિશ્નરશ્રીને, નિયત નમૂનામાં જરૂરી આધારા પુરાવા સહ અરજી કરવાની હોય છે. જેની ચકાસણી બાદ પ્રાયોજના વહીવટદારશ્રી પોતાની ભલામણ સહ દરખાસ્ત આદિવાસી વિકાસ નિગમને મોકલી આપે છે. નિગમના કાર્યપાલક ઇજનેરશ્રી અને ચેરમેનશ્રીની મંજૂરી મળ્યેથી લોન મંજૂરીનો હુકમ ઇન્ટરનલ ઓડિટર દ્વારા ઓડિટ થયા બાદ ઇસ્યુ કરવામાં આવે છે. મંજૂરીની શરતો મુજબ લાભાર્થી તરફથી તરત જ ગીરોખત અને રેવન્યુ રેકર્ડમાં બોજાની નોંધ પડાવીને અને તેની નકલ રજૂ થયેથી લોનની ચૂકવણી કરવામાં આવે છે.

વલસાડ જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે લોન

* ૨૪૧૭૭ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટેની યોજના અન્વયે તાલુકાવાર કેટલા વિદ્યાર્થીઓને છેલ્લા બે વર્ષમાં લોન આપવામાં આવી, અને

(૨) તે અન્વયે કેટલી રકમ ચુકવવામાં આવી?

જવાબ

(૧)

| ક્રમ | તાલુકા | વિદ્યાર્થી |
|---|---|---|
| ૧. | વલસાડ | ૩ |
| ૨. | ધરમપુર | ૧ |
| ૩. | કપરાડા | ૨ |
| ૪. | પારડી | ૧ |
| ૫. | ઉમરગામ | – |
| ૬. | વાપી | – |

(૨) રૂ. ૮૮.૮૦ લાખ.

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આદિજાતિના વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટેની લોનની યોજના ક્યારે શરૂ કરવામાં આવી અને આ યોજના હેઠળ ક્યા ક્યા અભ્યાસક્રમોમાં કેટલી લોન આપવામાં આવે છે અને એનું વ્યાજ કેટલું વસુલવામાં આવે છે?

શ્રી કાંતિભાઇ રે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, વિદેશ અભ્યાસ માટે લોન આપવાની યોજના સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૭–૧૧–૨૦૦૦ના ઠરાવથી અમલમાં આવેલ છે. સરકારમાન્ય ઉચ્ચ અભ્યાસક્રમો જેવા કે, એમ.બી.બી.એસ., ડિગ્રી અને ડિપ્લોમા ઇજનેર કોર્ષ, એમ.બી.એ. હોસ્પિટલ મેનેજમેન્ટ, ફાર્મસી, મલ્ટી મિડિયા, ઇન્ફર્મેશન એન્ડ ટેકનોલોજી, ઇન્ટર નેશનલ બિઝનેશ મેનેજમેન્ટ, બી.બી.એ.ઓનર્સ, બી.બી.એ., બાયો ટેકનોલોજી જેવા કોર્ષીસો માટે લોન આપવામાં આવે છે.

શ્રી જિતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગુ છું કે, વિદેશ અભ્યાસ કરવા માટે જતા વિદ્યાર્થીઓને લોન લેવા માટેના કયા ક્યા પુરાવાઓ માંગવામાં આવે છે ? અને માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, ચાર ટકા વ્યાજ લેવામાં આવે છે, તો મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આ ટાટાના ભાવે આ આદિવાસીઓનું વ્યાજ લેવામાં આવે એવી હું વિનંતી કરવા માગુ છું.

શ્રી કાંતિભાઇ રે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, વિદેશ અભ્યાસ લોન માટે અરજદાર પાસેથી ધોરણ બાર વિજ્ઞાન પ્રવાહની માર્કશીટની પ્રમાણિત નકલ, શાળા છોડ્યાના અંગેના દાખલાની પ્રમાણિત નકલ, જાતિના દાખલાની પ્રમાણિત નકલ, વાર્ષિક આવકનો દાખલો, લોન લેવા અંગેનું વાલીનું સંમતિપત્રક, તમામ શરતોનું પાલન કરવા અંગેનું લાભાર્થીનું સોગંદનામું, ગીરોખત, બે સદ્ધર જમીનોના જામીનખત, બોજાના નોંધણીની નકલ, વિઝાની નકલ, ૬૦ એડવાન્સ ચેક જેવા દસ્તાવેજો અરજદાર પાસેથી માંગવામાં આવે છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વલસાડ જિલ્લામાં સાત લાભાર્થીઓને વિદેશ અભ્યાસ માટે લોન આપવામાં આવી છે તો તે કયા અભ્યાસક્રમો માટે અને કયા દેશ માટે આપવામાં આવી છે અને એમાં કેટલા કુમાર અને કેટલી કન્યા છે?

શ્રી કાંતિભાઇ રે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ સાત

લાભાર્થીઓને વિદેશ અભ્યાસ માટે લોન આપવામાં આવી છે એમાં ૩ કુમારો અને ૪ કન્યાઓ છે. જેમાં પાંચ એમ.બી.બી.એસ. વિદ્યાર્થીઓ પૈકી બે કુમાર એમ.બી.બી.એસ. અભ્યાસ માટે ચીન ખાતે અને ત્રણ કન્યા એમ.બી.બી.એસ. માટે રશિયા ખાતે અભ્યાસ કરે છે. એક કન્યા એન્જીનીયરીંગ માટે યુ.કે. અને એક કન્યા ફાર્મસી ટેકનીશીયન માટે કેનેડા ખાતે અભ્યાસ કરે છે.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે સાત અરજી મંજૂર કરી એમાં જે તે વખતે કેટલા વિદ્યાર્થીઓની આ લોન લેવા માટે આપણી પાસે અરજીઓ આવેલ હતી? એમાં સાત મંજૂર કરી છે તો બીજી નામંજૂર કરી છે એ શા માટે નામંજૂર કરવામાં આવી છે?

શ્રી કાંતિભાઇ રે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધી વલસાડ જિલ્લાની ૨૯ અરજી આવી એ પૈકી ૨૩ અરજી મંજૂર કરવામાં આવી જેમાં કુલ ૨૪૭૮૦ લાખની રકમ ચૂકવેલ છે. ૩ અરજી નામંજૂર કરવામાં આવી છે, ત્રણ અરજી પ્રોસેસમાં છે. અરજી નામંજૂર કરવાના કારણોમાં જમીન મિલકતના આધાર પુરાવા રજૂ ન થવાથી, માન્ય કોર્ષ ન હોવાથી, લાભાર્થીના પિતાને આ અગાઉ કોર્પોરેશનમાંથી લોન આપેલ જેની વસુલાત બાકી હોઇ અરજી દફતરે કરવામાં આવી છે.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વિદેશ અભ્યાસ લોન લેવા માટેના ધારાધોરણ શું છે? આ યોજના અમલમાં આવી એ વખતે કેટલા આપવામાં આવતા હતા અને અત્યારે કેટલા આપવામાં આવે છે?

શ્રી કાંતિભાઇ રે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, વિદેશ અભ્યાસ લોન મેળવવા માટે અરજદાર અનુસૂચિત જનજાતિના હોવા જોઇએ, ધોરણ–૧૨ વિજ્ઞાન પ્રવાહ પાસ હોવા જોઇએ. સરકાર માન્ય સંસ્થામાં પ્રવેશ મેળવેલો હોવો જોઇએ. આ યોજનામાં આવક મર્યાદા રાખવામાં આવી નથી. વર્ષ ૨૦૦૦માં આ યોજનાની શરૂઆત કરવામાં આવી ત્યારે રૂ. પાંચ લાખની મર્યાદામાં લોન આપવામાં આવતી હતી. આ રકમ ૨૦૦૭ માં બમણી કરીને રૂપિયા ૧૦ લાખ કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૪માં ગતિશીલ ગુજરાતના પ્રણેતા અને રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા વન બંધુઓની ચિંતા કરીને આ યોજના હેઠળ રૂ. ૧૫ લાખ જેટલી લોન આપવામાં આવે છે.

બનાસકાંઠા જિલ્લામાં કન્યા હાઇસ્કુલો

* ૨૩૦૩૭ શ્રી ગોવાભાઇ રબારી (ડીસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી કન્યા હાઇસ્કુલો કાર્યરત છે, અને | (૧) |

| તાલુકો | કન્યા હાઇસ્કુલોની સંખ્યા |
|---|---|
| પાલનપુર | ૦૬ |
| વડગામ | ૦૧ |
| દાંતા | ૦૨ |
| દાંતીવાડા | ૦૧ |
| અમીરગઢ | ૦૧ |
| ડીસા | ૦૩ |
| ધાનેરા | ૦૧ |
| થરાદ | ૦૦ |
| વાવ | ૦૦ |
| ભાભર | ૦૧ |
| દિયોદર | ૦૧ |
| કાંકરેજ | ૦૨ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ વસતિના ધોરણે નવી કન્યા હાઇસ્કુલો ખોલવા સરકારે શું આયોજન કરેલ છે? | (૨) હાલમાં સરકારનું કોઈ આયોજન નથી. નવી નોન ગ્રાન્ટેડ કન્યા હાઇસ્કુલ ખોલવા સંચાલક મંડળ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને અરજી કરે અને નિયમોનુસારની જોગવાઇઓ પૂર્ણ થતી હોય તો મંજૂરી આપવામાં આવે છે. |

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, પત્રકમાં જવાબ આપ્યો છે એમાં થોડો સુધારો સૂચવું છું. ખંડ–૧માં દિયોદર તાલુકામાં એક ને બદલે બે વાંચવું. બાકીનો જવાબ છાપ્યા મુજબ.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, સુધારામાં બે વાંચીશું પરંતુ આખા જિલ્લાની અંદર ૧૪ તાલુકાની અંદર ૧૯, એમાં એક તાલુકાની અંદર ૬ છે એટલે પેલામાં તો એક એક પણ ભાગે આવતી નથી. દીકરીઓને ભણાવવાની ખૂબ જરૂર છે. લોકોની મહત્વાકાંક્ષા વધી છે પણ સુવિધા ઉપલબ્ધ ન હોય, જે ગરીબ છે, મજૂર છે, એને તો સરકારી કે ગ્રાન્ટેબલ ન હોય તો એ દીકરીને ભણાવી જ શકવાનો નથી તો મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે બનાસકાંઠામાં ૧૯ કન્યા હાઇસ્કૂલો છે એમાંથી ૨૦૦૨ પછીની કેટલી છે, એના પહેલાની કેટલી છે, એમાં સંખ્યાના પ્રમાણમાં શિક્ષકોની ઘટ કેટલી છે? જે પહેલા ૬૫–૩૫ના રેશિયામાં ચાલતી હતી નિભાવણી ખર્ચ એમાં ૧૯૯૯ પછી જે ૩૫ ટકા નિભાવણી ખર્ચ હતો એ બિલકૂલ બંધ કરી દીધો છે. મકાનનું ભાડુ

વગેરે આપતા હતા એ પણ બંધ કરી દીધું છે. એકબાજુ આપણે કન્યાઓને ભણાવવાનું કહીએ છીએ અને એકબાજુ આ છે એમાંથી બંધ કરીએ છીએ એ નિભાવણી ખર્ચ ચાલુ કરવા માગો છો કે કેમ અને બે તાલુકા પાકિસ્તાન નજીક પડે છે એમને એ બોર્ડરના બે તાલુકામાં એક પણ મહિલા શાળા નથી ત્યાં મહિલાઓની ખૂબ સંખ્યા છે, સગવડ નથી, પ્રાઇવેટ પણ નથી તો આવી જગ્યાએ કંઇ કરવા માગો છો કે કેમ? અને આપે લખ્યું છે કે વગર ગ્રાન્ટની છે તો વગર ગ્રાન્ટની કોઇ માગે તો ગ્રાન્ટેબલ આપવા માગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કન્યાઓના શિક્ષણ માટેની વ્યવસ્થાની વાત કરી. તો આ પ્રશ્ન કન્યા શાળાનો છે, એટલે આપણને કન્યા શાળાઓની સંખ્યા ઓછી લાગે છે. પરંતુ મિશ્ર શાળાઓની અંદર કુમાર અને કન્યાઓ સાથે અભ્યાસ કરતા જ હોય છે. છેલ્લો પ્રશ્ન એમણે કર્યો કે ગ્રાન્ટેડ કરવા માગો છો કે કેમ? તો પ્રોત્સાહક યોજના એ સુધારાઓ સાથે આવવાની છે. અને એમાં કન્યા શાળાઓને પ્રાયોરિટીમાં સ્થાન આપવામાં આવ્યું છે. એટલે હાલમાં જે ખાનગી શાળાઓમાં કન્યાનું પ્રમાણ વધારે હશે એને એમાં પ્રાયોરિટીમાં લઇ પ્રોત્સાહક યોજનામાં સમાવેશ કરવામાં આવશે. ગ્રાન્ટેડ યોજનાની સરકારની અત્યારે નીતિ નથી. સવાલ મહેકમનો આવ્યો તો શાળાની સંખ્યાની વિગત છે. સભ્યશ્રી માગશે તો મહેકમ પૂરું પાડીશ. મારી પાસે વર્ષવાર યાદી નથી.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર સરકારી, બિનસરકારી ગ્રાન્ટેડ અને ખાનગી કન્યા શાળાઓની સંખ્યા કેટલી છે? અને તેમાં અભ્યાસ કરતી કન્યાઓની સંખ્યા કેટલી?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી :તાલુકાવાઇઝ વાંચુ તો થોડીક વાર લાગશે. પણ સભ્યશ્રીએ પૂછ્યું છે. (અંતરાય)કન્યા છાત્રાલય નહિ, પણ કન્યા શાળાની વાત છે. પાલનપુર સરકારી શાળા–૧ અને કન્યાની સંખ્યા ૨૨૩ છે. પાલનપુરની અંદર બિન સરકારી શાળા ૩ અને કન્યાઓની સંખ્યા ૧૬૨૩. ડીસામાં બિન સરકારી ગ્રાન્ટેડ શાળા ૨ અને કન્યાની સંખ્યા ૯૧૫ છે. વડગામમાં શાળા ૧ અને કન્યાની સંખ્યા ૩૮૭ છે. દાંતામાં શાળા ૨ અને કન્યાની સંખ્યા ૮૬૭ છે. ભાંભરમાં શાળા ૧ અને કન્યાની સંખ્યા ૧૩૨ છે. દિયોદરમાં શાળા– ૨ અને કન્યાની સંખ્યા ૧૪૪ છે. કાંકરેજમાં શાળા ૧ અને કન્યાની સંખ્યા ૩૨૮ છે. વાવ માં ઝીરો ટોટલ ૧૧ ગ્રાન્ટેડ શાળાઓ છે અને ૪૩૯૬ કન્યાઓ અભ્યાસ કરે છે. ખાનગી શાળાઓમાં પાલનપુરમાં ૨ શાળા છે અને ૧૩૩ કન્યા છે. ડીસામાં શાળા ૧ અને કન્યા ૧૭૧ છે. દિયોદરમાં શાળા ૧ અને કન્યાની સંખ્યા લખેલ નથી. કાંકરેજમાં શાળા ૧ અને કન્યા ૮ છે. અમીરગઢમાં શાળા ૧ અને કન્યાની સંખ્યા ૧૯૫ છે. દાંતીવાડામાં શાળા ૧ અને કન્યાની સંખ્યા ૧૭૬ છે. ધાનેરામાં શાળા ૧ અને કન્યાની સંખ્યા ૭ છે. એમ ટોટલ શાળા ૮ છે અને કન્યાની સંખ્યા ટોટલ ૬૯૦ છે. બધી ગ્રાન્ટેડ સરકારી ખાનગી ૨૦ શાળામાં ૫૩૦૯ કન્યાઓ અભ્યાસ કરે છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સભ્યશ્રીનો અને અમારા બધાનો હાર્દ છે. થરાદ અને વાવ એમાં એક પાકિસ્તાનની બોર્ડરને અડે છે બહુ છેવાડાના ગામો છે. ગુજરાતના મુખ્યમંત્રી જ્યારે મહિલા હોય અને મહિલા દિન માટે ઉજવણી કરતા હોય ત્યારે આ બહુ છેવાડાના ગામો છે અને છુટાછવાયા લોકો રહેતા હોય છે. તો આ થરાદ અને વાવમાં સ્પેશ્યલ કેસમાં કરવા માગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : સભ્યશ્રીનું સૂચન છે.

### આયોજન પંચની ભલામણ મુજબ ટ્રાયબલ સબ પ્લાન માટે બજેટની જોગવાઈ

*** ૨૪૨૬૫ ડૉ. અનિલભાઈ જોષિયારા (ભિલોડા) :** માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ આયોજન પંચની ભલામણ મુજબ રાજ્ય આયોજનના ૧૭.૫૭ ટકા બજેટ જોગવાઈ ટ્રાયબલ વિસ્તાર પેટા યોજના (ટી.એસ.પી.) માટે અલગથી કરવામાં આવે છે કે કેમ, અને | (૧) ભારત સરકારના પ્લાનીંગ કમિશનની ગાઇડ–લાઇન મુજબ રાજ્યની અનુસુચિત જનજાતિની વસતિના પ્રમાણમાં આદિજાતિ પેટા યોજનામાં જોગવાઈ કરવાની રહે છે. વર્ષ ૨૦૧૫–૧૬માં રાજ્ય આયોજનના ૧૨.૨૨ ટકા જોગવાઈ આદિજાતિ પેટા યોજનામાં કરવામાં આવેલ છે. |
| (૨) આ ટ્રાયબલ વિસ્તાર પેટા યોજના (ટી.એસ.પી.)ની બજેટ જોગવાઈ પ્રમાણે અલગથી અમલીકરણ વિભાગોને કોઈ ગાઈડ લાઈન બહાર પાડવામાં આવેલ છે કે કેમ? | (૨) હા જી. |

શ્રી અનિલભાઇ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રીય આયોજન પંચ કહે છે કે ૧૭.૫૭ ટકા ટોટલ આયોજનની ગ્રાન્ટ હોવી જોઇએ. મારે એટલું જ જાણવું છે કે આખા ગુજરાતનો વિકાસ થતો હોય તો આદિવાસીઓ પણ વિકાસ ઝંખે છે અને એમને એનો શેર મળવો જોઇએ. આ સરકાર ઘણા સમયથી આ શેર આપતી નથી અને ૧૨ ટકા ગ્રાન્ટ ફાળવે છે. આદિવાસીનો વિકાસ દર ઘટ્યો છે. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે પ્લાનિંગ કમિશન કહે છે તે પ્રમાણે ૧૭.૫૭ ટકા પ્રમાણે આપવા માગો છો કે કેમ? માનનીય અધ્યક્ષશ્રી, બીજું કે જે ફાળવેલ ગ્રાન્ટ છે તે ગ્રાન્ટ જુદા જુદા વિભાગોમાં જતી રહે છે અને તે વિભાગો પોતાની રીતે વાપરી નાંખે છે. તે વિભાગો ટ્રાયબલ વિસ્તારમાં તે ગ્રાન્ટ વાપરતા નથી. જેથી અમારી ગ્રાન્ટ જે હોય તે બીજે વપરાઇ જાય છે. તેથી અમારો વિકાસ અટકી જાય છે. એટલે આ ગ્રાન્ટ જુદા જુદા ૨૩ વિભાગોને ફાળવો છો તેનું અલગ ઓડિટ કરવા માગો છો કે કેમ?

ત્રીજું તાલુકા અને જિલ્લા મથકે ટ્રાયબલની ગ્રાન્ટ હોય છે તેના માટે કોઇ અલગ રજીસ્ટર નિભાવવા માગો છો કે કેમ, જેથી તે ગ્રાન્ટ ત્યાં જ વાપરી શકાય?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારના આયોજન પંચ દ્વારા વસતિ પ્રમાણે બજેટ ફાળવવાની પદ્ધતિ છે. મારે આ સભાગૃહના ધ્યાન પર મૂકવું છે કે છેલ્લા ત્રણ વર્ષની વાત કરીએ તો વર્ષ ૨૦૧૪–૧૫માં રાજયનો પ્લાન આઉટલેટ ૭૧૫૦૦ કરોડ હતો તેની સામે ટીએસપી આઉટલેટ ૯૦૩૮.૫૪ લાખનો હતો. વર્ષ ૨૦૧૫–૧૬માં રાજયનો પ્લાન આઉટલેટ ૭૯૨૯૫ કરોડ હતો તેની સામે ટીએસપી આઉટલેટ ૯૬૯૧ કરોડનો છે. જે ગત વર્ષ કરતાં ૬૫૨ કરોડનો વધારો સૂચવે છે. આવતા નાણાંકીય વર્ષમાં એટલે કે ૨૦૧૬માં રાજયનો પ્લાન આઉટલેટ ૮૫૫૫૮ કરોડનો છે તેની સામે ટીએસપી આઉટલેટ ૧૦૨૬૮ કરોડ રૂપિયા છે. અત્યાર સુધીના ઇતિહાસમાં વધારેમાં વધારે ૧૦ હજાર કરોડ ટીએસપીને ફંડ ફાળવ્યું છે, મુખ્યમંત્રી આનંદીબેનને આદિવાસી સમાજ ખૂબ ખૂબ અભિનંદન આપે છે. જોષીયારાજી બહુ જૂના છે અને રાજપામાં મંત્રી પણ હતા. ૧૯૭૪ થી ૧૮૭૮ દરમ્યાન ૯.૪૮ બજેટ હતું. ૧૯૮૦–૮૫માં ૧૧ ટકા હતું, ૧૯૮૫–૯૦માં ૯.૧૨ ટકા બજેટ હતું, તેમના વખતમાં એટલે કે ૧૯૯૨ થી ૧૯૯૭માં ૧૦.૮૫ ટકા હતું. તેના કરતાં આ વખતે વધારે ટકાવારી છે. ગુજરાત પેટર્ન દ્વારા એકેએક જિલ્લામાં અને એકેએક તાલુકામાં આ બજેટની ફાળવણી થાય છે.

અધ્યક્ષશ્રી : માનનીય શબ્દશરણભાઇ, જોષીયારાજી હું આપને તક આપું છું.

શ્રી શબ્દશરણ ભા. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે ટ્રાઇબલ સબ પ્લાન અને વનબંધુ કલ્યાણ યોજના આ સરકારે ચાલુ કરી છે. તો આ યોજના થકી આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે મુખ્યમંત્રી અમલીકરણના ૧૦ મુદ્દા છે તે બધી બાબતોની સમીક્ષા કેવી રીતે થાય છે?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ટીએસપી બજેટની જોગવાઇ છે તેમાં રાજયના વિવિધ વિભાગો વિકાસલક્ષી કામોની અમલવારી બરાબર કરે છે કે કેમ, આ વનબંધુ યોજનાની સમીક્ષા મુખ્યમંત્રીશ્રી દ્વારા, માનનીય મંત્રીશ્રીઓ દ્વારા અને પ્રાયોજના વહીવટદાર દ્વારા થાય છે.

શ્રી અનિલભાઇ જોષીયારા : મારો પ્રશ્ન કલીયર હતો. મારે એટલું જ કહેવું છે કે તમે જુદા જુદા વિભાગોને ગ્રાન્ટ ફાળવો છો તે નીચે પરકોલેટ થતી નથી. ટ્રાઇબલ વિસ્તારના તાલુકાઓમાં આ ગ્રાન્ટ આવતી નથી. અમારે સિંચાઇ કે માર્ગ અને મકાનનું કામ હોય તો ત્યાં તે કામો મળતા નથી એટલા માટે મેં પ્રશ્ન પૂછયો હતો. તમે જે જે વિભાગોને ગ્રાન્ટ ફાળવો છો તેનું અલગ ઓડિટ કરવા માગો છો કે કેમ? અલગ ઓડિટનો કોડ હોવો જોઇએ.

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે તે વિભાગોમાં માનો કે આદિજાતિ વિભાગમાં સો એ સો ટકા આયોજન આદિવાસી માટે થાય છે. વન અને પર્યાવરણ વિભાગની વાત કરું તો બજેટના ૨૮ ટકા જેટલું આયોજન થાય છે. ગુજરાતના જેટલા આદિવાસી જિલ્લાઓ છે તેની વસતિ પ્રમાણે દરેક જિલ્લામાં બજેટ પહોંચે છે. ગુજરાત પેટર્નની વાત કરીએ તો ૧૭.૫૭ ટકાના દરે ૨૭ સેકટર છે તેમાં દરેક સેકટરમાં આયોજન થાય છે.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપની મારફતે જાણવું છે કે, આ ટ્રાયબલ ડિપાર્ટમેન્ટની ગ્રાન્ટ સામાન્ય રીતે ટ્રાયબલ વિસ્તારમાં જ વાપરવી જોઇએ અથવા તો ટ્રાયબલ સમાજના લાભાર્થે જ વાપરવી જોઇએ. મારો આ સંદર્ભમાં એક જ મુદો છે કે, ટ્રાયબલ વિસ્તાર સિવાયના વિસ્તારોમાં કેટલી રકમ વપરાય અને અને ક્યા કયા વિભાગો મારફત વપરાય? અને બીજો મુદો એ છે કે, ટ્રાયબલ વ્યક્તિઓ સિવાયના લાભાર્થીઓ માટે કેટલી રકમ વપરાય?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે બજેટ છે એમાંથી ૯૬ ટકા બજેટ આદિવાસી વિસ્તારમાં વપરાય છે અને ૪ ટકા બજેટ છૂટા–છવાયા આદિવાસીઓ હોય તેના માટે વપરાય છે.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, પંચની ભલામણ મુજબ ૧૭.૫૭ ટકા રકમ આપવાની હોય છે. આપણે આપીએ છીએ ૧૨.૨૨ ટકા રકમ તો ૫ ટકાનો જે ડિફરન્સ છે ત્યારે તમે ઘણી વખત જાહેરાતો કરો છો કે, વનબંધુમાં આટલા આપી દીધા, ફલાણામાં આટલા આપી દીધા તો આ પંચની ભલામણ મુજબ ૧૭.૫૭ ટકા પ્રમાણે ગ્રાન્ટ આપવા માગો છો કે કેમ?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું કે, ૧૭.૫૭ ટકા નથી એ તો ગુજરાત પેટર્નમાં રાજય સરકારે એનો રેશિયો નક્કી કરેલો છે. કેન્દ્રની વસતિ પ્રમાણે વાત છે અને મેં કહ્યું એ પ્રમાણે મારે વારંવાર કહેવું પડે છે કે, ગુજરાત જ્યારે મહારાષ્ટ્રમાંથી છૂટું પડ્યું ત્યારે પહેલું જે વર્ષ હતું ૧૯૬૧નું ત્યારે ફકત ૫૮ કરોડ રૂપિયા આદિવાસીનું બજેટ હતું. તમે અત્યાર સુધીની વાત કરો તો મેં કહ્યું આ વર્ષનું બજેટ ૧૦,૨૪૭ કરોડ રૂપિયાનું છે. મારે દેશના વડા પ્રધાનને અભિનંદન આપવા છે કે, વનબંધુ કલ્યાણ યોજના પહેલી વાર ૨૦૦૭માં જ્યારે દાખલ કરી ત્યારે ૧૫૦૦૦ કરોડનું આયોજન હતું એની સામે ૧૭,૨૪૭ કરોડ રૂપિયા વાપર્યા હતા, બીજા પાંચ વર્ષનું જે આયોજન હતું ૪૦,૦૦૦ કરોડની વાત હતી આ વખતે અત્યાર સુધીમાં ૪૨,૨૦૭ કરોડની યોજના બનાવીને આ સરકારે ફાળવ્યા છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રીએ ક્યો જવાબ કેવી રીતે આપવો એના માટે આપણે કોઇ ફરજ નથી પાડી શકતા.

અંકલેશ્વર તાલુકામાં રાહતદરે ચીજવસ્તુઓનું વિતરણ

* ૨૩૧૯૩ શ્રી ઇશ્વરસિંહ પટેલ (અંકલેશ્વર) **:** માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

## તા. ૧૪મી માર્ચ, ૨૦૧૬
## તારાંકિત પ્રશ્નો

પ્રશ્ન

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકામાં તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે કેટલા ઘઉં, ચોખા, ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું તેમજ ખાદ્યતેલનું વિતરણ કરવામાં આવ્યું?

જવાબ

તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકામાં છેલ્લા એક વર્ષમાં રાહતદરે નીચે મુજબની ચીજ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું.

| ક્રમ | જન્સી | વિતરણ કરેલ જથ્થો |
|---|---|---|
| ૧ | ઘઉં | ૫૮૯૧ મે.ટન |
| ૨ | ચોખા | ૧૮૩૨ મે.ટન |
| ૩ | ખાંડ | ૩૨૭ મે.ટન |
| ૪ | આયોડીનયુક્ત મીઠું | ૧૧૫ મે.ટન |
| ૫ | ખાદ્યતેલ (કપાસીયા તેલ) | ૨૬૦૭૬ નંગ પાઉચ (એક લિટર) |

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હાલની સ્થિતિએ રાજય અને ભરૂચ શહેર તથા અંકલેશ્વર તાલુકામાં યોજનાવાર કેટલા કાર્ડ ધારકો છે? અને ભરૂચ જિલ્લામાં યોજનાવાર અને તાલુકાવાર કેટલું વિતરણ થયેલ છે? અને એ.વાય,વાય. બી.પી.એલ. અને એ.પી.એલ. વન રેશન કાર્ડ ધારકોને કયા પ્રમાણે તથા ક્યા ભાવથી આવશ્યક ચીજ વસ્તુઓનું વિતરણ કરવામાં આવે છે?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ભરૂચ શહેર અને જંબૂસર તાલુકામાં યોજનાવાર કાર્ડ ધારકોની સંખ્યા માગી છે ત્યારે અંકલેશ્વરમાં એ.પી.એલ.વન મુજબ ૨૯,૬૩૦, એ.પી.એલ.ટુ ૩૭૬, બી.પી.એલ. ૧૦,૫૫૦, અંત્યોદય ૨૯૧૭ આમ કુલ ૪૩,૪૭૩ અંકલેશ્વર તાલુકામાં કાર્ડ ધારકો છે. ભરૂચ શહેરમાં એ.પી.એલ.વન મુજબ ૧,૫૧,૭૭૫ છે, એ.પી.એલ.ટુ ૪૧૧૦, બી.પી.એલ.માં ૯૯,૮૧૬ છે અને અંત્યોદયમાં ૨૧,૩૨૨ આમ કુલ ૨,૭૭,૧૨૩ કાર્ડ ધારકો છે. એમણે વિતરણનું પૂછ્યું છે ત્યારે અંત્યોદય હેઠળ ભરૂચમાં ૧૦૫૭ મે.ટન, અંકલેશ્વરમાં ૬૫૬ મે.ટન, બી.પી.એલ.ને ૩૨૨૦ મે.ટન અનાજ આપીએ છીએ અને ૧૬૨૦ મે.ટન ઘઉં આપીએ છીએ. સ્પેશ્યલ બી.પી.એલ.માં ૩૩૮૨ મે.ટન ઘઉં આપીએ છીએ અને અંકલેશ્વરમાં ૧૬૯૫ એ.પી.એલ.માં ૨૪૯૫ અને ૧૯૨૦ આમ ઘઉંનો સપ્લાય કરીએ છીએ. ચોખાની અંદર જોઇએ તો અંત્યોદયમાં ૮૯૪ અને અંકલેશ્વરમાં ૫૫૦. બી.પી.એલ.માં ચોખા જે છે તે ૭૫૨ મે.ટન આપીએ છીએ અને અંકલેશ્વરમાં ૩૭૭ ચોખા આપીએ છીએ અને બી.પી.એલ.માં સ્પેશ્યલ ચોખા ૧૩૩૭ અને ૬૬૯ એ.પી.એલ.માં ઘઉં સપ્લાય કરીએ છીએ અને એ.પી.એલ. તમામને આપણે ૩૫૬ મે.ટન અને અંકલેશ્વરમાં ૨૭૬ આમ કુલ સંખ્યા પ્રમાણે આખા જિલ્લાની અંદર જો વાત કરું તો લિસ્ટ લાંબુ છે માટે હું ટેબલ ઉપર મૂકી દઇશ.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે એવુ પૂછયું છે કે કયા ભાવથી આપીએ છીએ ? તો અંત્યોદયને આપણે ૩૫ કિલો અનાજ આપીએ છીએ અને તે ૧૯૯૫થી કેશુભાઇની સરકાર વખતથી આપણે ૨ રૂપિયો કિલો ઘઉં અને ૩ રૂપિયે કિલો ચોખા આપતાં આવ્યા છીએ. તેમાં અંત્યોદયમાં જે ૧૯ કિલો ઘઉં આપીએ છીએ તે ૨ રૂપિયે કિલો આપીએ છીએ અને ચોખા ૧૬ કિલો જે છે તે ૩ રૂપિયે કિલો આપીએ છીએ. ખાંડ જે છે વ્યકિતદીઠ ૩૫૦ ગ્રામ તે આપણે ૧૩ રૂપિયા અને ૫૦ પૈસાના ભાવથી આપીએ છીએ અને આયોડીન મીઠું આપીએ છીએ તે છ વ્યકિત સુધી એક કિલો અને તેથી વધારે હોય તો વધારાનું બે કિલો તેમ એક રૂપિયાના ભાવથી આપીએ છીએ. બી.પી.એલ.માં જે ઘઉં આપીએ છીએ તેમાં પણ ૩૫ કિલો આપીએ છીએ બી.પી.એલ.ને ૧૩ કિલો ઘઉં બે રૂપિયાના ભાવથી અને સ્પેશ્યલ જે વધારાના ઘઉં આપીએ છીએ બીજા ૧૫ કિલો તે ૭ રૂપિયા અને ૩૦ પૈસાના ભાવથી આપીએ છીએ. ચોખા ૩ કિલો તે ૩ રૂપિયાના ભાવથી અને બીજા વધારાના ચોખા સ્પેશ્યલ તે ૭ રૂપિયા અને ૨૦ પૈસાના ભાવથી આપણે આપીએ છીએ.

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ઇ.એફ.પી.એસ. વિતરણ વ્યવસ્થા શું છે ? રાજયમાં ઇ.એફ.પી.એસ.પ્રોજેકટમાં શું કાર્યવાહી કરેલી છે ? અને બીજો પ્રશ્ન મારો એ છે કે, અંત્યોદય અન્ન યોજના હેઠળ એ.એ.વાય હેઠળ રેશનકાર્ડ આપવાનું ધોરણ શું છે ?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, ઇ.એફ.પી.એસ.એટલે દરેક દુકાનદાર અથવા તો નક્કી કરેલા કોઇ મામલતદાર સ્વરાજયને પરમિટ કર્યા હોય એ લોકો કોમ્પ્યુટર, લેપટોપ, પ્રિન્ટર, ફિંગર પ્રિન્ટના ઉપકરણો વસાવીને ફિંગર પ્રિન્ટ મેળવીને તેની રીસીપ્ટ મેળવે છે અને તેના દ્વારા જથ્થાનું વિતરણ કરવામાં આવે છે એટલે તેને ઇ.એફ.પી.એસ.કહેવામાં આવે છે. મને આ ગૃહને જણાવતા આનંદ થશે કે આ ૧–૩–૧૬ની સ્થિતિએ આખા રાજયની અંદર ૧૭૨૬૫ કુલ વાજબી ભાવની દુકાનો છે તેમાંથી ૧૬૮૦૮ એટલે લગભગ ૯૬ ટકા જેટલી દુકાનોને આપણે ઇ.એફ.પી.સી. કરી દીધી છે અને માનનીય સભ્યશ્રીએ જે બીજી વાત કરી છે કે, અંત્યોદય અન્ન યોજના હેઠળ રેશનકાર્ડ આપવાના ધોરણો શું છે ? આમાં કોઇ પણ કેટેગરીમાં આ અંત્યોદયનું એ.એ.વાય રેશનકાર્ડ આપણે આપી શકીએ છીએ. તેમના કોઇ આદિમ કુટુંબના વ્યકિત હોય અથવા તો બીપીએલ ધારકના કોઇ એચ.આઇ.વી.વ્યકિત હોય, રકતપિત કોઇ થઇ ગયો હોય, ૬૦ વર્ષથી વધારે ઉંમર હોય અને વિધવા અથવા બિમાર હોય અથવા તો

એકલી સ્ત્રી અથવા પુરુષ હોય આવા સંજોગોમાં તેને જીવન–નિર્વાહનું સાધન ના હોય અથવા તો સમાજમાં તેનો કોઇ આધાર ના હોય આવા કુટુંબીજનોને આપણે અંત્યોદય કાર્ડ આપીએ છીએ.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, બીપીએલ કાર્ડ ધારકોને ગેસ કીટ આપવામાં આવે છે અને આવા કાર્ડધારકોને ગેસ આપવામાં આવે ત્યારે તેમનું જે બી.પી.એલ. હોય તે એ.પી.એલ.કાર્ડ થઇ જાય છે તો સરકાર એક હાથ આપે છે અને બીજા હાથે તે લઇ લે છે ત્યારે મારે એ જાણવું છે કે, ભરૂચ જિલ્લામાં બી.પી.એલ.પરિવારોને કેટલા ગેસ કનેકશન આપવામાં આવ્યા ? અને આવા કેટલા કાર્ડ બી.પી.એલ.માંથી એ.પી.એલ. કરવામાં આવ્યા ?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, આમાં પ્રશ્ન જે પૂછયો છે તે કેટલુ વિતરણ કર્યુ છે તે બાબતનો પ્રશ્ન છે પહેલા તો સભ્યશ્રીને જાણ કરું બીજો તમારો મુદ્દો છે કે એક હાથે આપીએ છીએ અને બીજા હાથે લઇ લઇએ છીએ. આમાં નિયમો છે કે બી.પી. એલ. રેશનકાર્ડ કોને આપવાનું છે, તો એની આવક મર્યાદા નિયત કરી છે તો એ નિયત આવક મર્યાદામાં આવતા હોય અથવા ઝીરોથી સોળમાં આવતા હોય તો આપણે એને બી.પી.એલ. કાર્ડ આપીએ જ છીએ પછી છૂટા થતા પરિવાર હોય અને આ ક્રાઇટએરિયામાં ના આવતા હોય તો બી.પી. એલ. માં હોય છતાંય અલગ કરવા માગતા હોય તો એ.પી.એલ. કાર્ડ મળે છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, બી.પી. એલ. કાર્ડધારકોને ગેસ કનેક્શન ફાળવ્યા પછી એના એ.પી. એલ. કાર્ડ કરી દેવામાં આવે છે કે કેમ? એટલો જ મારો પ્રશ્ન છે.

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, ગેસકનેક્શન વખતે બી.પી.એલ.ને એ.પી.એલ.માં કન્વર્ટ કરી દઇએ છીએ એવો પ્રશ્ન છે માનનીય સભ્યશ્રીનો, તો કેન્દ્ર સરકારની યોજના જૂદી છે, એ હું માનનીય સભ્યશ્રીના ધ્યાન ઉપર મૂકું છું. તો કોઇ પણ બી.પી.એલ. હોય એને ગેસ કનેક્શન જોઇતું હોય તો આપણા આખાય દેશની અંદર અને આપણા રાજયમાં પણ એને ૧૬૦૦ રૂપિયા સબસિડી કેન્દ્ર સરકાર દ્વારા સીધી જ, કુલ ગેસ કનેક્શનની જે કિંમત હોય એમાંથી બાદ કરીને આપીએ છીએ. એમાં આપવા માટે કોઇ બી.પી.એલ. હોય એનું એ.પી.એલ. કરી દે છે અને, એ.પી.એલ.નું બી.પી.એલ. કરી દે છે એવું કોઇ ગ્રાહકને ગેસ કનેક્શન આપવામાં આપણે કરતા નથી.

રાજ્યનો ૬૬મો જાનકી વન મહોત્સવ

* ૨૩૧૬૦ શ્રી ભુષણ ભટ્ટ (જમાલપુર ખાડિયા) **:** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા સને ૨૦૧૫નો રાજ્યનો ૬૬મો જાનકી વન મહોત્સવ રાજ્યમાં કયાં સ્થળે યોજવામાં આવ્યો હતો, | (૧) નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના મોજે ભિનાર (ખડકાળા) ખાતે. |
| (૨) આ વન મહોત્સવમાં મુખ્યત્વે કયા પ્રકારના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું, અને | (૨) વન મહોત્સવમાં મુખ્યત્વે ચંદન, સિંદુરી, કૈલાસપતિ, બીલીપત્ર, કદમ, બોટલપામ, ટેકોમા, ગુલમહોર, ગરમાળો, ઉમરો, આંબા, બોરસલ્લી, તણછ, હરડે, કુંભિયો વિગેરે |
| (૩) તે પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો હતો? | (૩) કુલ રૂ. ૭૫૦.૮૮ લાખ. |

શ્રી ભૂષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, જાનકી વનના નિર્માણ પાછળ આઇટિમવાર કેટકેટલો ખર્ચ થયેલ છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લાના વાંસદા તાલુકા ખાતે ભિનાર મૂકામે જાનકી વનનું નિર્માણ ૨૦૧૫માં આદરણીય માનનીય મુખ્ય મંત્રીશ્રીના વરદ હસ્તે કરવામાં આવ્યું અને એ વન પાછળ કરેલા ખર્ચની માનનીય સભ્યશ્રીએ માહિતી માગી છે તો એમાં આઇટમવાર ખર્ચ જોઇએ તો એ વિસ્તારની અંદર વાયર ફેન્સીંગની કામગીરી ૭૭,૩૧,૮૫૭/– રૂપિયાની કરવામાં આવી હતી. એના બ્રીજ, સસ્પેશન બ્રીજ, કલ્વર્ટ માટેની કામગીરી ૫૩,૩૩,૯૧૬/– રૂપિયાની ખર્ચે કરવામાં આવી હતી. પાણીના રોકાણ માટે ચેકવોલ બનાવવામાં આવી હતી એના માટે ૮૫,૨૦,૪૦૦/–રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ચેકડેમ માટે ૬૦,૦૦,૯૦૦/– રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. એનો મુખ્ય સુશોભીત એન્ટ્રીગેટ બામ્બુના માધ્યમથી બનાવવામાં આવ્યો છે એના માટે ૨૫,૪૦,૧૩૦/– રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો અને તેની આદિવાસી સંસ્કૃત્તિને અનુરૂપ આદિવાસીઓ માટે એક હાટ બજાર ૯,૦૦,૦૦૦/– રૂપિયાના ખર્ચે કરવામાં આવેલ છે, એક જૂની પૂરાણી વાલ્મીકી ઋષિ એ વિસ્તારમાંથી વિરહ થયા ત્યારે વાલ્મીકી આશ્રમ, ઈન્ટર પ્રીટિશન સેન્ટર ૯૨,૮૪,૭૦૫/–રૂપિયાના ખર્ચે કરવામાં આવેલ છે. સ્ટોન પીચીંગ, કૃત્રિમ જળાશય માટે ૫૦,૨૧,૨૦૨/– રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. એના ઉપર લોન બેસાડવાની કામગીરી પાછળ ૯૮,૦૪,૭૧૩/– રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. વિવિધ પ્રકારના બાર જેટલા વનો બનાવવાની કામગીરી, રોપા વાવવાની કામગીરી અને સાફ સફાઇની કામગીરી ૯૧,૫૨,૫૭૩/– રૂપિયાની કરી છે. જમીન લેવલીંગ, આગળ પાછળના ટેકરાઓ પર પોપ–અપ સાથે ઈરીગેશન સીસ્ટમ પાણીની પાઇપલાઇનની કામગીરી ૪૦,૦૦,૦૬૭/– રૂપિયાની કરવામાં આવી છે. ઇન્ટર પ્રીટિશન સેન્ટરમાં વિવિધ કેનાલ, મ્યુરલ, ડાયરોમા બનાવી, બેસાડવાની કામગીરી વગેરે માટે રૂપિયા

૬૭,૯૮,૦૫૦/-નો ખર્ચ કરવામાં આવ્યો છે. આમ, કુલ ૭,૫૦,૮૮,૨૫૩/- રૂપિયા ખર્ચ કરીને આ જાનકી વન, ઐતિહાસિક વનનું નિર્માણ કરવામાં આવ્યું છે.

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જાનકી વન મારા મત વિસ્તારમાં આવેલું છે તો ત્યાં હાલ પણ પીવાના પાણીની વ્યવસ્થા સહેલાણીઓ માટે નથી તો એ માટે ગુજરાત સરકારે કેટલી ગ્રાન્ટ આપી અને બહારથી કેટલી ગ્રાન્ટ આપવામાં આવી?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, આ જાનકી વનની અંદર પીવાના પાણીની વ્યવસ્થા, શૈ ાચાલયની વ્યવસ્થા, પાર્કિંગની વ્યવસ્થા, બેસવા માટેની વ્યવસ્થા અને એના ઉતારા માટે આપણે બામ્બુના માધ્યમથી કુટિર બનાવીને રાજય સરકારના ખર્ચના માધ્યમથી આ વ્યવસ્થા આપણે એ વિસ્તારમાં કરી છે.

શ્રી પીયૂષભાઇ દિ. દેસાઇ : મારા નવસારી જિલ્લામાં વાંસદા પાસે ભિલાડ આગળ આ જાનકી વન એક ઘરેણું છે એમ કહું તો ખોટું નથી. માનનીય મુખ્યમંત્રીશ્રીએ એનું ઉદઘાટન કર્યું હતું, અત્યારે હજારો પ્રવાસીઓ જોવા માટે આવે છે. માનનીય છનાભાઇએ આમંત્રણ આપવું જોઇએ એની જગ્યાએ હું નવાસારી જિલ્લા તરફથી આપું છું તમામ સભ્યશ્રીઓ જાનકી વન જોવા આવે તો અમે આપનું સ્વાગતા કરીશું. જાનકી વનમાં કેવા પ્રકારના વનોનું નિર્માણ કેરલ છે એના મુખ્ય આકર્ષણો શું છે અને ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ કેટલા પ્રવાસીઓએ જાનકી વનની મુલાકાત લીધી છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : આ જનકી વન ઐતિહાસિક નિર્માણનું મેં કહ્યું એમ આ વિસ્તારનું ઘરેણું છે એમાં વિવિધ પ્રકારના વનો જે અત્યાર સુધી નહોતા એવા બનાવવામાં આવ્યા છે. એમાં ચંદન વનનું નિર્માણ કર્યું છે. નવ ગ્રહો માટેનું નિર્માણ કર્યું છે. આમ્ર વનનું નિર્માણ કર્યું છે અને પહેલી વખત સીંદુરી વનનું નિર્માણ કર્યું છે. પંચવટી વનનનું નિર્માણ કર્યું. દરેક રાશી પ્રમાણે રાશી વનનું નિર્માણ કર્યું છે એ વિસ્તારની અંદર રામ જયારે અવતારી પુરુષ હતા તે વખતે એ વિસ્તારમાં વિરહ કર્યો ત્યારે એના માટે દેવફળનું નિર્માણ કર્યું છે. આપણા ૨૭ નક્ષત્રો પ્રમાણે વિવિધ વિસ્તારના રોપા રોપીને નક્ષત્ર વનનું પણ નિર્માણ કરેલ છે. દસ મોલ વનનું દસ જાતના રોપા રોપીને પણ નિર્માણ કર્યું છે. કાજુ વનનું નિર્માણ કર્યું છે. વડ માટેનું વન કર્યું છે. રામાયણ વન, બિલીપત્ર જેવા મુખ્ય વનોનું નિર્માણ કરેલ છે.

એના મુખ્ય આકર્ષણોની માનનીય સભ્યશ્રીએ વાત કરી તો એક ઐતિહાસિક પૌરાણિક ઉનાઇ માતાજીનું સ્ટેચ્યુ બનાવીને નિર્માણ કર્યું છે. સીતાજી અને રામ એ વિસ્તારમાંથી નીકળ્યા ત્યારે રામ દ્વારા એક તીર મારીને ગરમ પાણી નીકળેલ છે એ લોકોની આસ્થા છે કે એ પાણીમાં નાહવાથી ચામડીના તમામ રોગો મટી જાય છે એ માતાજીનું સ્ટેચ્યુ પણ બનાવેલ છે. નારી શકિત મીનળ પણ બનાવેલ છે. આદિવાસી લોકોના એ વિસ્તારના લોક નૃત્યના વાજીત્રો સહિતનું સ્ટેચ્યુ છે, સીતામાતાની અશોક વાટીકાનું પણ એ વિસ્તારમાં એક આકર્ષણનું કેન્દ્ર બનાવેલ છે. વાલ્મિકી ઋષિ જે વાલીયા લૂંટારામાંથી વાલ્મિકી ઋષિ બન્યા એના માટેનું એક આકર્ષણનું કેન્દ્ર છે. લક્ષ્મણ ઝૂલા એ વિસ્તારમાં આકર્ષણનું કેન્દ્ર છે. બાળકોના રમતગમતના સાધનો, વાંસની વિવિધ બનાવટ અને મેઇન એન્ટ્રી ગેઇટ અને ચા-નાસ્તાની વ્યવસ્થાની સાથે સાથે ગ્રામહાટની વ્યવસ્થા છે. અને અત્યાર સુધી જાનકી વનમાં બે લાખ ૧૨ હજાર ૨૭ જેટલા મુલાકાતીઓએ મુલાકાત લીધી છે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે લોન બેસાડવા માટે ૫૮ લાખ રૂપિયા વાપરેલ છે તો એ કેટલા સ્કેવર ફૂટમાં બેસાડવામાં આવેલ છે અને રોપા કયા કયા પ્રકારના રોપેલ છે.

શ્રી બચુભાઇ મ. ખાબડ : ટોટલ આપણો આખો વિસ્તાર છે એ ૧૫ હેકટર અને ૬૪ એકરમાં કરવામાં આવેલ છે. લોનની પણ કામગીરી વન પ્રમાણે કરેલ છે. અને એની અંદર કુલ ૫૪,૮૪૭ રોપાનું વાવેતર કર્યું છે.

સાબરકાંઠા જિલ્લામાં વન ખાતામાં મનરેગા યોજનામાં નાણાકીય ગેરરિતી

* ૨૪૮૯૮ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) **:** માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં વન ખાતામાં મનરેગા યોજના હેઠળ નાણાકીય ગેરરિતી આચરવાના છેલ્લા બે વર્ષમાં કેટલા કિસ્સા પકડવામાં આવ્યા છે, અને | (૧) ૧ (એક). |
| (૨) તે અન્વયે શું કાર્યવાહી કરવામાં આવી છે? | (૨) જવાબદારો પૈકી બે સહાયક વનપાલોની એડહોક નિમણુંકનો અંત લાવવામાં આવેલ છે. એક નિયમિત વનપાલને ફરજમોકુફી પર ઉતારી આરોપનામું બજાવવામાં આવેલ છે તથા તત્કાલીન પરિક્ષેત્ર વન અધિકારીશ્રીને આરોપનામું બજાવવામાં આવેલ છે. |

શ્રી બચુભાઇ મ. ખાબડ :માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન છાપ્યા મુજબ છે, પરંતુ અત્યારે આ મેટર સબજયુડીશ છે, જો આપ સંમતિ આપતા હોય તો મારી પાસે જવાબ છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન દાખલ થઇ ગયેલ છે. એટલે આપણે ચર્ચા કરવી પડે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી અશ્વિન કોટવાલ : આપની મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે મનરેગાના કામમાં ભ્રષ્ટાચાર થયો છે તો એ કોણે કર્યો છે? વન ખાતાએ આમાં ભ્રષ્ટાચાર કર્યો છે. આ મનરેગાની યોજના એ કોંગ્રેસ લાવી હતી. ગરીબ માણસને ગામની અંદર રોજગારી મળે એ માટે આ યોજના લાવ્યા હતા. મનરેગાની યોજના એ વિશ્વની સૌથી મોટી રોજગારી આપવાની યોજના છે. આ યોજનામાં શું થયું, (અંતરાય) હું પ્રશ્ન ઉપર જ આવું છું. આ રોજગારીની બાબત આવી, મનરેગા યોજનામાં ગુજરાતમાં એક પણ કામ ચાલતું નથી. એટલે મેં પ્રશ્ન પુછ્યો છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન પૂછ્યો એટલે જ કહું છું કે પ્રશ્ન પૂછો હવે.

શ્રી અશ્વિન કોટવાલ : યુવાનોને રોજગારી આપવા માટે શું થયું? મનરેગાના દિવસો કેવી રીતે ગણવામાં આવે? ઇન્દિરા આવાસના મકાનના પાયા ખોદવામાં આવે તો તેની અંદર મનરેગાના દિવસો ગણવામાં આવે. શોષખાડા ખોદવામાં આવે તો પણ તેની અંદર...

અધ્યક્ષશ્રી : અશ્વિનભાઇ,.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રશ્ન ઉપર જ આવું છું.

અધ્યક્ષશ્રી : એ તો તમે ક્યારના કહો છો કે પ્રશ્ન ઉપર આવું છું. હવે સીધા પ્રશ્ન ઉપર આવો.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આ કેસમાં ૨૦૦ કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો છે. એટલે મેં પ્રશ્ન પૂછ્યો છે. આની અંદર સજા કોને કરવામાં આવી છે? પાડાના વાંકે પખાલીને ડામ દેવા જેવી વાત છે.

અધ્યક્ષશ્રી : અશ્વિનભાઇ,.પ્લીઝ.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ઉપર આવી જાઉં છું. આ જે ભ્રષ્ટાચાર થયો..

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીનું માઇક બે મિનિટ બંધ કરો. મારી આપને વિનંતી છે કે આપ આ રીતે અઢી મિનિટથી પ્રશ્નની પૂર્વભૂમિકા જ બાંધી રહ્યા છો, તેના કરતા સીધા પ્રશ્ન પર જ આવી જાવ. (અંતરાય) આમાં જ પાંચ મિનિટ થઇ જશે તો આપનો પ્રશ્ન ઓછો ચર્ચાશે એટલા માટે કહું છું. હવે માઇક ચાલુ કરો. સીધા પ્રશ્ન ઉપર આવો. પ્લીઝ.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન પૂછવાનો એ આશય છે કે આમાં જે ભ્રષ્ટાચાર કર્યો તેમાં જે પગલાં લેવામાં આવ્યા, વનપાલ ઉપર લેવામાં આવ્યા. એમાં જે જવાબદાર માણસો હતા, આર.એફ.ઓ. તેની સામે પગલાં લેવામાં આવ્યા નથી. એ.સી.એફ.ની સામે પણ પગલાં લેવા જોઇતા હતા તેમની સામે પણ પગલાં લેવામાં આવ્યા નથી. ડી.એફ.ઓ.ની સામે પણ પગલાં લેવા જોઇએ એ પગલાં લેવામાં આવ્યા નથી. મારો સીધો પ્રશ્ન એ છે કે નાના માણસને તમે સજા કરવા માગો છો તો આ મોટા લોકો જે રૂપિયા ખાઇ ગયા તેની સામે પગલાં લેવા માગો છો કે કેમ?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ૨૦૧૨-૧૩નો પ્રશ્ન છે. જે તે વખતે ટી.ડી.ઓ. અને આર.એફ.ઓ.એ જે કામ, જોબવર્ક જેને જોબકાર્ડ હતા તેની પાસે કરાવવાનું હતું તેની જગ્યાએ બીજા મજૂરોને પૈસા આપીને, એટલે રોજગારીની કોઇ વાત હોય તો જોબવર્ક જેને કરવાનું હતું તેને નહીં, પણ ખાનગી કોન્ટ્રાક્ટરને આપેલ હતું અને કુલ કામ ફક્ત ૨૯ લાખનું જ છે. તેમાં પણ ૧૨૧૬ રનીંગ મીટરના કામમાંથી ૧૧૮૭ રનીંગ મીટરનું તો કામ થયેલું છે. ખાલી ૩૦ રનીંગ મીટરનું કામ થયેલ નથી એટલી જ વાત છે અને મેં કહ્યું તેમ ફક્ત ૨૯ લાખનું જ આ કામ છે અને તેને માટે જે તે જવાબદાર હતા તેના પર એકશન લેવાયેલા છે.

શ્રી અનિલભાઇ જોષીયારા : મારે મંત્રીશ્રીને પૂછવું છે કે જે તે વખતે આ વિજયનગરમાં પ્રોબ્લેમ થયો છે. વિજયનગર અને મેઘરજ બન્ને જગ્યાએ પ્રોબ્લેમ થયેલો હતો. દરેક જગ્યાએ જે લોકો ખરેખર કામ કરતા હતા તેમને હજી સુધી પૈસા ચૂકવાયા નથી. તો મારી મંત્રીશ્રીને વિનંતી છે કે ત્યાં તપાસ કરાવડાવો. એ લોકોએ શું કર્યું કે રેકર્ડ તો બધો બાળી દીધો છે. જે કંઇ હતું તે બધું જ બાળી દીધું છે. તો મારી મંત્રીશ્રીને વિનંતી છે કે જે લોકોએ કામ કર્યું છે તેમને તમે પૈસા ચૂકવવા માગો છો કે કેમ?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તે પ્રમાણે અન્ય મજૂરો દ્વારા આ કામ થયેલું છે. તેને પૂરેપૂરું પેમેન્ટ થયેલું છે. કોઇ ચોક્કસ રહી ગયા હોય તો અમને નામ આપે. અમે પેમેન્ટ કરાવીશું.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મનરેગા યોજનાને વિશ્વ બેંકે આખા વિશ્વમાં સૌથી વધારે રોજગારી આપનારી યોજનાની ઉપાધી આપી છે. ગુજરાતમાં આ યોજના કઇ રીતે બંધ થઇ જાય? લોકોને રોજગારી કેવી રીતે ન મળી અને તેમાં વધારેમાં વધારે ભ્રષ્ટાચાર થયો છે.

અધ્યક્ષશ્રી : આ સાબરકાંઠા પૂરતો પ્રશ્ન છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ એક સુઆયોજીત કાવતરુ ચાલે છે અને એના વિરોધમાં અમારી આખી પાર્ટીએ આખા ગુજરાતમાં આંદોલન કરવું પડ્યું. મજૂર લોકોનું જીવન ધોરણ સુધરે એના માટે આંદોલન શરૂ કરવામાં આવ્યું છે. મારી એટલી જ વિનંતી છે કે આ સાબરકાંઠા જિલ્લામાં વન વિભાગ દ્વારા છેલ્લા બે વર્ષમાં ભ્રષ્ટાચારના બીજા કેટલા કિસ્સા ધ્યાનમાં આવ્યા અને એની સામે શું કાર્યવાહી કરવામાં આવી?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રોજગારી આપવામાં ગુજરાત પહેલા નંબરે છે. ૧૦૦માંથી ૭૮ ટકાને ગુજરાત સરકાર રોજગારી આપે છે અને એમની આ વાત છે તો એ એમનું સૂચન છે.

### મહેસાણા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં મહેકમ

* ૨૩૦૫૬ શ્રી પ્રહલાદભાઈ પટેલ (વિજાપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |

## તા. ૧૪મી માર્ચ, ૨૦૧૬

## તારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં મંજુર થયેલ સંવર્ગવાર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને તેના કારણો શા છે, અને

(૧)

| ક્રમ | તાલુકો | પ્રાથમિક શિક્ષક | | ઉચ્ચ પ્રાથમિક શિક્ષક | | મુખ્ય શિક્ષક | |
|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર મહેકમ | ખાલી જગ્યા | મંજુર મહેકમ | ખાલી જગ્યા | મંજુર મહેકમ | ખાલી જગ્યા |
| ૧ | મહેસાણા | ૭૯૦ | ૦૦ | ૬૦૪ | ૦૬ | ૯૧ | ૧૮ |
| ૨ | કડી | ૬૬૯ | ૦૦ | ૫૦૦ | ૪૦ | ૭૦ | ૨૬ |
| ૩ | ખેરાલુ | ૩૭૯ | ૦૦ | ૨૮૫ | ૧૯ | ૪૧ | ૧૧ |
| ૪ | વડનગર | ૪૨૧ | ૦૦ | ૩૦૨ | ૦૩ | ૪૭ | ૧૧ |
| ૫ | સતલાસણ | ૨૯૨ | ૦૦ | ૨૦૮ | ૪૩ | ૨૬ | ૧૬ |
| ૬ | વિસનગર | ૪૯૦ | ૦૦ | ૩૬૪ | ૦૧ | ૫૪ | ૧૪ |
| ૭ | વિજાપુર | ૫૬૪ | ૦૦ | ૩૩૯ | ૦૨ | ૪૮ | ૧૭ |
| ૮ | બેચરાજી | ૨૮૦ | ૦૦ | ૨૦૬ | ૨૮ | ૨૭ | ૦૯ |
| ૯ | ઉંઝા | ૨૬૮ | ૦૦ | ૨૧૩ | ૦૧ | ૩૨ | ૦૭ |
| ૧૦ | જોટાણા | ૨૦૩ | ૦૦ | ૧૪૫ | ૧૧ | ૨૦ | ૦૫ |

છેલ્લા એક વર્ષથી ખાલી છે. આ જગ્યાઓ રાજીનામા તથા વયનિવૃત્તિના કારણે ખાલી રહેવા પામેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

(૨) જેમ બને તેમ જલ્દી

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ૨૮૮ જગ્યાઓ છેલ્લા એક વર્ષથી ખાલી છે તેવું જણાવેલ છે. તે જગ્યાઓ શિક્ષકોનું રાજીનામું આપવાથી અને શિક્ષકો વય નિવૃત્તિએ નિવૃત્ત થવાથી ખાલી છે એવું જણાવેલ છે. શિક્ષકોની વય નિવૃત્તિએ પહોંચવાથી કેટલી જગ્યાઓ ખાલી થઇ અને શિક્ષકોએ રાજીનામું આપવાથી કેટલી જગ્યાઓ ખાલી થઇ અને આજે એ જગ્યાઓ ખાલી રહેવાના કારણે વિદ્યાર્થીઓનું ભણતર ન બગડે એ માટે વૈકલ્પિક શું વ્યવસ્થા કરવામાં આવી છે? આ જગ્યાઓ ચોક્કસ કેટલા સમયમાં ભરવામાં આવશે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ સરકારી પ્રાથમિક શાળાઓમાં મહેકમનો પ્રશ્ન પૂછ્યો છે. મને આ સન્માનનીય સભાગૃહને જણાવતાં આનંદ થાય છે અને ગૌરવ પણ થાય છે કે જ્યારે આરટીઇનો કાયદો આવ્યો ત્યારે રાજીનામું આપવાથી હોય, હાજર ન થવાથી હોય કે ન મળવાથી હોય ત્યારે મહેકમ મંજૂર થવા છતાં ક્યાંકને ક્યાંક ઘટ રહે છે. ત્યારે એ જગ્યાઓ ખાલી હોય છે. એટલા માટે આરટીઇના કાયદામાં છૂટછાટ આપી હતી કે મંજૂર મહેકમમાં ૧૦ ટકા ઘટ હોય તો એ ચાલશે. મને જણાવતાં આનંદ થાય છે કે, મહેસાણા જિલ્લામાં મંજૂર મહેકમની અત્યારે આ ઘટ સહિત ૩.૬૧ ટકા જ ઘટ છે. ધોરણ એકથી પાંચમાં એકપણ ઘટ નથી, છ થી આઠમાં ૩૧૬૬ શિક્ષકો છે એમાં ૧૫૪ ઘટ છે એટલે કે ૫ ટકા ઘટ થાય છે અને માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન કર્યો એમાં ૧૩૪ મુખ્ય શિક્ષકોની ઘટ છે. એમાં ૯૬ શિક્ષકોની ઘટમાં પ્રમોશન લાયક ઉમેદવાર નહીં મળવાથી ઘટ છે. ૩૮ શિક્ષકો હાજર થયા પછી રાજીનામું આપવાથી ઘટ છે. આ જગ્યાઓ જેમ બને તેમ જલદી ભરવામાં આવશે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં તાલુકાવાર ધોરણ એક થી પાંચ, ધોરણ છ થી આઠ અને ધોરણ એક થી આઠની કેટલી સરકારી શાળાઓ છે અને આ શાળાઓમાં કુલ કેટલા વિદ્યાર્થીઓ છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ તાલુકાવાઇઝ માહિતી માગી છે. સમય મર્યાદામાં જવાબ આપવાનો પ્રયત્ન કરું છું. સરકારી શાળાઓની વાત છે. એમાં મહેસાણા તાલુકામાં ધોરણ એકથી પાંચની ૩૭ શાળાઓ છે અને ૨૪૯૭૩ વિદ્યાર્થીઓ છે. ધોરણ છ થી આઠની ૧૧૮ શાળાઓ છે અને ૧૭૩૯૪ વિદ્યાર્થીઓ છે. કડી તાલુકામાં ૪૪ શાળાઓ છે અને ૨૧૨૭૯ વિદ્યાર્થીઓ છે. ખેરાલુમાં ૪૧ શાળાઓ છે અને ૧૦૬૨૬ વિદ્યાર્થીઓ છે અને વડનગરમાં ૩૯ શાળાઓ છે અને ૧૨૧૯૬ વિદ્યાર્થીઓ છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો
### (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)
### અમરેલી જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર

* ૨૩૧૫૮ શ્રી વલ્લભભાઈ વઘાસીયા (સાવરકુંડલા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) વર્ષ ૨૦૧૪–૧૫માં ૨૬.૭૪ હેકટર અને વર્ષ ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં ૨૭.૦૦ હેકટર |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) રૂ. ૨૧.૪૫/– લાખ. |

### મધ્યાહન ભોજન યોજનામાં બાળકદીઠ ખર્ચ

* ૨૩૦૫૮ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન યોજના અન્વયે પ્રતિ બાળક દીઠ ભોજનનો ખર્ચ કેટલો આવે છે, | (૧) પ્રાથમિક શાળાના બાળકોને મધ્યાહન ભોજન યોજના માટે ઘઉં/ચોખા વિના મૂલ્યે ભારત સરકાર તરફથી આપવામાં આવે છે. તે ઉપરાંત અન્ય ખર્ચ પેટે સને. ૨૦૧૫–૧૬ માટે ગત વર્ષના ધોરણમાં ૫% પ્રમાણે વધારો કરી તા.૯–૧૨–૨૦૧૫ ના ઠરાવથી નક્કી કર્યા મુજબ એન.જી.ઓ. સંચાલિત શાળાઓ માટે ધોરણ ૧ થી ૫ માટે રૂ.૩.૭૬ અને ધોરણ ૬ થી ૮ માટે રૂ.૫.૬૪ અને અન્ય શાળાઓ માટે તા.૯–૧૨–૨૦૧૫ ના ઠરાવથી નક્કી કર્યા મુજબ ધોરણ ૧ થી ૫ માટે રૂ.૪.૧૭ અને ધોરણ ૬ થી ૮ માટે રૂ.૫.૮૪ લેખે ચૂકવવામાં આવે છે. |
| (૨) તે અન્વયે આ ખર્ચમાં વધારો કરવા રાજ્ય સરકારે શાં પગલા લીધા, અને | (૨) આ ખર્ચમાં ભારત સરકાર દ્વારા નક્કી કર્યા મુજબ રાજ્ય સરકાર દ્વારા ભાવ વધારો કરવામાં આવે છે. |
| (૩) કેટલી રકમનો ક્યારે વાધારો કરેલ છે ? | (૩) ભારત સરકારના તા.૧–૧–૨૦૧૬ ના પત્રથી સને ૨૦૧૫–૧૬ માટે આ ખર્ચમાં ૫% ને બદલે ૭.૫% રકમનો વધારો કરવાનું સુચવેલ છે, જે બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ છે. |

### અમદાવાદ જિલ્લામાં છાપેલી કિંમત કરતા વધારે કિંમત વસુલતા વેપારીઓ સામે કાર્યવાહી

* ૨૩૨૧૩ શ્રી રાકેશ શાહ (એલીસબ્રીજ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પેકેટ ઉપર છાપેલી કિંમત કરતા વધારે કિંમત વસુલ કરવા બાબતે કેટલા વ્યાપારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી, | (૧) ૭૯. |
| (૨) તે પેટે કેટલા એકમોના કેસ માંડવાળ કરવામાં આવ્યા, અને | (૨) ૭૯. |
| (૩) તે પેટે કેટલી માંડવાળ ફી વસુલ કરવામાં આવી ? | (૩) રૂ.૨,૦૪,૦૦૦/–. |

### આણંદ અને વડોદરા જિલ્લામાં ગુણોત્સવ પાછળ થયેલ ખર્ચ

* ૨૪૮૮૮ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને વડોદરા જિલ્લામાં ગુણોત્સવ પાછળ વર્ષવાર જિલ્લાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યા,

(૧)

| જિલ્લો | ગુણોત્સવ પાછળ થયેલ ખર્ચ | |
|---|---|---|
| | વર્ષ ૨૦૧૪–૧૫ | વર્ષ ૨૦૧૫–૧૬ |
| આણંદ | ૩૭,૦૦૦/– | ૪૦,૨૮૨/– |

(૨) તે અન્વયે ગુણોત્સવ દરમ્યાન જિલ્લાવાર શાળાઓમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોની વર્ષવાર શૈક્ષણિક ગુણવત્તામાં મુખ્યત્વે શી ખામીઓ જોવા મળી, અને

(૨) શાળા રીપોર્ટ કાર્ડ મુજબ C અને D ગ્રેડની શાળામાં મુખ્યત્વે વાંચન, ગણન, લેખન અને વિષય વસ્તુ આધારિત ખામીઓ જોવા મળેલ છે.

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષાવાર જિલ્લાવાર કેટલી શાળાને ક્યા ગ્રેડ અપાયા ?

(૩)

| જિલ્લો | વર્ષ | શાળાની સંખ્યા અને ગ્રેડ | | | | |
|---|---|---|---|---|---|---|
| | | એ + | એ | બી | સી | ડી |
| આણંદ | ૨૦૧૪–૧૫ | ૧૦૩ | ૫૮૪ | ૩૫૪ | ૭૮ | ૩૪ |
| | ૨૦૧૫–૧૬ | પરિણામ જાહેર થયેલ નથી. | | | | |
| વડોદરા | | એ + | એ | બી | સી | ડી |
| | ૨૦૧૪–૧૫ | ૨ | ૧૨૭ | ૮૭૩ | ૫૬૩ | ૮૨૪ |
| | ૨૦૧૫–૧૬ | પરિણામ જાહેર થયેલ નથી. | | | | |

### વડોદરા જિલ્લામાં કેરોસીનના લાભાર્થીઓ

* ૨૩૨૦૪ શ્રી બાલકૃષ્ણભાઈ પટેલ (ડભોઇ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ કેરોસીન મેળવતા લાભાર્થીઓ કેટલા છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ગેસ જોડાણ ધરાવતા રેશનકાર્ડ ધારકો કેરોસીન ન મેળવે તે બાબતે રાજ્ય સરકાર શું તકેદારી રાખે છે ?

જવાબ

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ કેરોસીન મેળવતા લાભાર્થીઓ ૩,૫૪,૦૧૨ છે.

(૨) (અ) ગેસ જોડાણ ધરાવતા રેશનકાર્ડ ધારકો કેરોસીન ન મેળવે તે માટે રેશનકાર્ડ ઈસ્યુ કરતી વખતે રેશનકાર્ડમાં ગેસ જોડાણ ધરાવતા હોવા બાબતની નોંધ (ગેસ સ્ટેમ્પીંગ) તાલુકા મામલતદાર કચેરીઓ દ્વારા કરવામાં આવે છે. તેમજ ઓઇલ માર્કેટીંગ કંપનીઓ પાસેથી ગેસ જોડાણની વિગતો મેળવી, ઓનલાઇન સ્ટેમ્પીંગ દ્વારા પણ ગેસ જોડાણ ધરાવતા હોવા છતાં કેરોસીન લાભાર્થીની યાદીમાં નામ હોય તો દુર કરવામાં આવેલ છે.

(બ) ગેસ સ્ટેમ્પીંગ બાબતે રાજ્ય કક્ષાએ દર માસે અગ્રસચિવશ્રી દ્વારા જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓની બેઠકમાં સમીક્ષા કરવામાં આવે છે.

### વડોદરા જિલ્લામાં ડેરી વિકાસ યોજના

* ૨૩૧૫૫ શ્રીમતી મનીષાબેન વકીલ (વડોદરા શહેર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વડોદરા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ગરીબ આદિવાસી કુટુંબોને ગરીબી રેખાથી બહાર લાવવાના હેતુથી ડેરી વિકાસ યોજનાનો અમલ કરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ યોજનામાં મુખ્યત્વે ક્યા પ્રકારની સવલતો લાભાર્થીને આપવામાં આવે છે, અને

(૩) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવેલ છે ?

જવાબ

(૧) હા જી, પરંતુ વર્ષ ૨૦૧૩થી વડોદરા જિલ્લાનું વિભાજન થતા આ યોજનાનો વિસ્તાર છોટાઉદેપુર જિલ્લામાં સમાવેશ થયેલ છે.

(૨) ડેરી વિકાસ યોજના અંતર્ગત લાભાર્થીને દુધાળા પશુઓની સાથે પશુ વિમો, વાસણ કીટ, પશુ ખાણદાણ, પશુ સારવાર, તાલીમ અન પશુ ટ્રાન્સપોર્ટેશન વગેરે સંલગ્ન સહાય પુરી પાડવામાં આવે છે.

(૩) વડોદરા જીલ્લાનું વર્ષ–૨૦૧૩માં વિભાજન થતા છોટાઉદેપુર જિલ્લાના ૮૨૭ લાભાર્થીને લાભ આપવામાં આવેલ છે.

### માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકામાં સંયુક્ત કુટુંબમાંથી છુટા પડેલા કુટુંબોને બીપીએલ કાર્ડ

* ૨૪૭૩૮ શ્રી જવાહર ચાવડા (માણાવદર) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જુનાગઢ જિલ્લાના માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકામાં સન ૨૦૧૪ અને ૨૦૧૫ માં બી.પી.એલ. કાર્ડ ધરાવતા સંયુક્ત કુટુંબમાંથી છુટા પડેલા કેટલા કુટુંબોને એ.પી.એલ. કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા કિસ્સામાં કેટલા કુટુંબોએ બી.પી.એલ. કાર્ડ મેળવવા માટેની માગણી કરી અને કેટલા કિસ્સામાં કેટલા કુટુંબોની બી.પી.એલ. કાર્ડ મેળવવા અંગેની માંગણી મંજુર કરી,

(૩) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ ઉક્ત વર્ષવાર મુળ

જવાબ

(૧) જુનાગઢ જિલ્લાના માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકામાં સન ૨૦૧૪ અને ૨૦૧૫ માં બી.પી.એલ. રેશનકાર્ડ ધરાવતા સંયુક્ત કુટુંબમાંથી છુટા પડેલા નીચે મુજબના કુટુંબોને એ.પી.એલ. રેશનકાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા છે.

| તાલુકાનું નામ | સન ૨૦૧૪ | સન ૨૦૧૫ | કુલ કુટુંબોની સંખ્યા |
|---|---|---|---|
| માણાવદર | ૬૦ | ૫૫૩ | ૬૧૩ |
| વંથલી | ૯૨ | ૩૨૭ | ૪૧૯ |
| મેંદરડા | ૧૦૦ | ૧૭૮ | ૨૭૮ |
| કુલ | ૨૫૨ | ૧૦૫૮ | ૧૩૧૦ |

(૨) ઉક્ત વિગતે મળેલ અરજીઓ પૈકી એક પણ કુટુંબે બી.પી.એલ. રેશનકાર્ડ મેળવવા માટેની માંગણી કરેલ ન હોય, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) બી.પી.એલ. રેશનકાર્ડમાંથી કુટુંબ જ્યારે વિભાજનથી

બી.પી.એલ. કુટુંબમાંથી છુટા પડવા છતાં એ.પી.એલ. કાર્ડ આપવાના શા કારણો છે અને તે માટે કોણ જવાબદાર છે, અને

અલગ પડે ત્યારે વિભાજીત થતાં કુટુંબને નીતિ મુજબ ચકાસણીના અંતે જે કેટેગરીનું રેશનકાર્ડ મળવા પાત્ર હોય તે કેટેગરીનું રેશનકાર્ડ આપવામાં આવે છે. આથી જવાબદારી નક્કી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) બી.પી.એલ. કાર્ડની માંગણી કરનાર ઉપરોક્ત અરજદારોને ક્યાં સુધીમાં બી.પી.એલ. કાર્ડ આપવામાં આવશે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

દશમૂળ યોજના હેઠળ રોપાનું વાવેતર

* ૨૩૧૬૧ શ્રી વલ્લભભાઈ કાકડીયા (ઠક્કરબાપાનગર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.—

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ વન વિભાગ દ્વારા ગુગળ વનસ્પતિના ઘટતા પ્રમાણને પુનઃસ્થાપિત કરવા દશમૂળ યોજના અમલમાં મૂકેલ છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ યોજનામાં ક્યા પ્રકારના રોપાઓનું વાવેતર કરવામાં આવે છે ?

જવાબ

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

કચ્છ જિલ્લામાં રાહતદરે ચીજવસ્તુઓનું વિતરણ

* ૨૩૧૯૧ શ્રી પંકજભાઈ મહેતા (રાપર) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.—

પ્રશ્ન

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧–૧૨–૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે કેટલા ઘઉં, ચોખા, ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું તેમજ ખાદ્યતેલનું વિતરણ કરવામાં આવ્યું,

(૨) ક્યા ભાવે વિતરણ કરવામાં આવ્યું ?

જવાબ

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧–૧૨–૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે નીચે મુજબ ચીજ વસ્તુઓનું વિતરણ કરવામાં આવેલ છે.

| અ.નં. | જન્સી | વિતરણ કરવામાં આવેલ જથ્થો (આંકડા મે.ટનમાં) |
|---|---|---|
| ૧ | ઘઉં | ૭૦૦૬૭ |
| ૨ | ચોખા | ૨૧૭૨૩ |
| ૩ | ખાંડ | ૩૭૭૪ |
| ૪ | આયોડીનયુક્ત મીઠું | ૧૩૫૯ |
| ૫ | કપાસીયા તેલ | ૩૨૪૬૨૫ (૧લીટરના પાઉચ) |

(૨) તા.૩૧–૧૨–૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબના પ્રતિ કિલો/લીટર ના ભાવે વિતરણ કરવામાં આવેલ છે.

| અ. નં. | જન્સી | ભાવ (પ્રતિ કિલો/લીટર રૂ.પૈસા) |
|---|---|---|
| ૧ | એએવાય–બીપીએલ ઘઉં | ૨.૦૦ |
| ૨ | એએવાય–બીપીએલ ચોખા | ૩.૦૦ |
| ૩ | એએવાય–બીપીએલ ખાંડ | ૧૩.૫૦ |
| ૪ | એએવાય–બીપીએલ આયોડીનયુક્ત મીઠું | ૧.૦૦ |
| ૫ | એએવાય–બીપીએલ–કપાસીયા તેલ | ૪૩.૦૦ (પ્રતિ લીટર) |
| ૬ | બીપીએલ સ્પે. ઘઉં (તા.૧–૧–૧૫ થી ૩૦–૪–૧૫) | ૭.૭૦ |
| | (તા.૧–૫–૧૫ થી ૩૧–૧૨–૧૫) | ૭.૩૦ |
| ૭ | બીપીએલ સ્પે. ચોખા | ૭.૨૦ |
| ૮ | એપીએલ ઘઉં | ૭.૭૦ |
| ૯ | એપીએલ ચોખા (તા.૧–૧–૧૫ થી ૩૧–૩–૧૫) | ૧૦.૧૦ |

રાજ્યમાં ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડેન્સીયલ એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુશનલ સોસાયટી સંચાલિત શાળાઓ

* ૨૩૧૭૦ શ્રી સંજય પટેલ (ખંભાત) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.—

પ્રશ્ન

તા.૩૧–૧૨–૧૫ ની સ્થિતિએ રાજ્યમાં સ્ટેટ ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડેન્સીયલ એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુશનલ સોસાયટી સંચાલિત કેટલી શાળાઓ ક્યા જિલ્લામાં કાર્યરત છે ?

જવાબ

| ક્રમ | જિલ્લા | કુલ શાળા |
|---|---|---|
| ૧ | અરવલ્લી | ૩ |

| | | |
|---|---|---|
| ૨ | બનાસકાંઠા | ૯ |
| ૩ | છોટા ઉદેપુર | ૧૯ |
| ૪ | દાહોદ | ૧૩ |
| ૫ | ડાંગ | ૮ |
| ૬ | ગીર સોમનાથ | ૧ |
| ૭ | મહિસાગર | ૫ |
| ૮ | નર્મદા | ૪ |
| ૯ | નવસારી | ૧ |
| ૧૦ | પંચમહાલ | ૩ |
| ૧૧ | સાબરકાંઠા | ૪ |
| ૧૨ | સુરત | ૧ |
| ૧૩ | તાપી | ૬ |
| ૧૪ | વડોદરા | ૨ |
| ૧૫ | વલસાડ | ૬ |
| | કુલ | ૮૫ |

ડાંગ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન હેઠળ સીઝનલ હોસ્ટેલ

* ૨૩૦૬૨ શ્રી મંગળભાઈ ગાવિત (ડાંગ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી  જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન હેઠળ કેટલી સીઝનલ હોસ્ટેલ છે, | (૧) ૧૬૧. |
| (૨) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલા બાળકો વિસ્થાપીતોના છે, અને | (૨) ‘‘શૂન્ય’’. |
| (૩) કેટલા સ્થાનિક બાળકો છે ? | (૩) ૫૪૮૮. |

રાજકોટ જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર

* ૨૩૨૨૬ શ્રીમતી ભાનુબેન બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય વન મંત્રીશ્રી  જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કેટલા હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) વર્ષ ૨૦૧૪–૧૫ માં ૪૭૨.૦૦ હેકટર અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં ૧૦૫૧.૯૩ હેકટર. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ.૫૮૪.૯૬/– લાખ. |

કેશોદ તાલુકામાં રાહતદરે ચીજવસ્તુઓનું વિતરણ

* ૨૩૧૯૨ શ્રી અરવિંદ લાડાણી (કેશોદ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી  જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકામાં તા.૩૧–૧૨–૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે કેટલા ઘઉં, ચોખા, ખાંડ તેમજ આયોડીનયુકત મીઠાનું તેમજ ખાદ્યતેલનું વિતરણ કરવામાં આવ્યું ? | તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકામાં છેલ્લા એક વર્ષમાં રાહતદરે નીચે મુજબની ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું. |

| ક્રમ | જન્સી | વિતરણ કરેલ જથ્થો |
|---|---|---|
| ૧ | ઘઉં | ૫૩૮૧.૨ મે.ટન |
| ૨ | ચોખા | ૧૫૪૬.૦ મે.ટન |
| ૩ | ખાંડ | ૧૮૬.૩ મે.ટન |
| ૪ | આયોડીનયુકત મીઠું | ૧૦૫.૫ મે.ટન |
| ૫ | કપાસીયા તેલ | ૧૮૪૧૫ લીટર |

નવસારી જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં નવા કેસો

* ૨૩૨૦૩ શ્રી પિયુષ દેસાઈ (નવસારી) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી  જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં સને ૨૦૧૫ માં કુલ કેટલા નવા કેસો દાખલ થયા, | (૧) ૧૯૬ કેસો. |
| (૨) તે પૈકી કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો, અને | (૨) ૧૨૪ કેસો. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલા કેસો પડતર છે ? | (૩) ૦૭૨ કેસો. |

### નર્મદા જિલ્લામાં ડેરી વિકાસ યોજના

* ૨૩૧૭૪ શ્રી શબ્દશરણ તડવી (નાંદોદ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ગરીબ આદિવાસી કુટુંબોને ગરીબી રેખાથી બહાર લાવવાના હેતુથી ડેરી વિકાસ યોજનાનો અમલ કરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં મુખ્યત્વે ક્યા પ્રકારની સવલતો લાભાર્થીને આપવામાં આવે છે, અને | (૨) પશુવિમો, વાસણકીટ, પશુ ખાણદાણ, પશુ સારવાર તાલીમ અને પશુ ટ્રાન્સપોર્ટેશન. |
| (૩) તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવેલ છે ? | (૩) ૧૭૭૨ લાભાર્થીઓને. |

### ભરૂચ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તોલમાપના સાધનોની ખરાઈ

* ૨૩૨૦૯ શ્રી દુષ્યંતભાઈ પટેલ (ભરૂચ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વ્યાપારી એકમોના તોલમાપના સાધનોની ખરાઈ કરીને પ્રમાણિત કરવામાં આવ્યા, અને | (૧) ૧૯૨૨૪ |
| (૨) તે પેટે રાજ્યને કેટલી આવક થઈ ? | (૨) રૂ.૨,૨૯,૦૬,૧૬૦/- |

### છોટાઉદેપુર જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીઓ માટે સાયન્સ પ્રવાહની શાળાઓ

* ૨૩૧૮૩ શ્રી જયંતિભાઈ રાઠવા (જેતપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચતર માધ્યમિક સાયન્સ પ્રવાહની કેટલી નિવાસી શાળાઓ કાર્યરત છે, | (૧) ૨ (બે). |
| (૨) તે પૈકી કેટલી કુમાર તથા કન્યાની છે, અને | (૨) ૧ (એક) – કુમાર<br>૧ (એક)– કન્યા |
| (૩) ઉકત સ્થિતિએ તેમાં કેટલા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ છે ? | (૩) ૫૧-વિદ્યાર્થીઓ<br>૧૪-વિદ્યાર્થીનીઓ |

### ભાવનગર જિલ્લામાં વનીકરણ યોજનાઓ

* ૨૩૪૨૧ શ્રી પ્રવિણભાઈ રાઠોડ (પાલીતાણા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ક્યા તાલુકામાં વનીકરણની કઈ યોજનાઓ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી, | (૧) પત્રક સામેલ છે. |
| (૨) તે પૈકી કેટલી યોજનાઓ પૂર્ણ થઈ, અને | (૨) વાવેતરની કામગીરી પૂર્ણ થઈ ગયેલ છે. |
| (૩) ઉકત સ્થિતિએ બાકી રહેલ યોજનાઓ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

| અ. નં. | વર્ષ | યોજનાનું નામ | ભાવનગર જિલ્લામાં તાલુકાવાર અને યોજનાવાર મંજૂર કરેલ રકમ (રૂ.લાખમાં) | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | શિહોર | ઉમરાળા | પાલીતાણા | ગારીયાધાર | મહુવા | તળાજા | જેસર | વલ્લભીપુર | ભાવનગર | ઘોઘા | કુલ |
| ૧ | ૨૦૧૪-૧૫ | ભૂમિ અને ભેજ સંરક્ષણ | ૨૪.૪૬ | ૦ | ૨૯.૫૧ | ૦ | ૦ | ૩૬.૭૬ | ૦ | ૧૩.૦૨ | ૫૧.૯૩ | ૦ | ૧૫૫.૬૮ |
| ૨ | | ૧૩મું નાણાં પંચ | ૬.૨૯ | ૦ | ૮.૮૦ | ૦ | ૦ | ૩.૭૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૮.૮૬ |
| ૩ | | ગુગળ પ્રોજેકટ | ૨.૩૨ | ૦ | ૫.૪૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૭.૭૫ |

## અતારાંકિત પ્રશ્નો

| અ. નં. | વર્ષ | યોજનાનું નામ | ભાવનગર જિલ્લામાં તાલુકાવાર અને યોજનાવાર મંજૂર કરેલ રકમ (રૂ.લાખમાં) | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | શિહોર | ઉમરાળા | પાલીતાણા | ગારીયાધાર | મહુવા | તળાજા | જેસર | વલ્લભીપુર | ભાવનગર | ઘોઘા | કુલ |
| ૪ | | વળતર વનીકરણ | ૦ | ૦ | ૨૧.૮૦ | ૦ | ૦ | ૦ | ૩૪.૫૦ | ૦ | ૦ | ૦ | ૫૬.૩૦ |
| ૫ | | એફ.ડી. એ. | ૦ | ૦ | ૫.૯૫ | ૦ | ૦ | ૨.૯૧ | ૦ | ૩.૦૪ | ૦ | ૦ | ૧૧.૯૦ |
| ૬ | | મેન્ગ્રુવ અને કોરલ રીફ | ૦ | ૦ | ૦ | ૦ | | ૩૦.૮૭ | ૦ | ૦ | ૪૪.૧૦ | ૦ | ૭૪.૯૭ |
| ૭ | | સામાજિક વનીકરણ | ૮૨.૬૨ | ૫૦.૮૬ | ૮૧.૩૭ | ૦ | ૭૧.૭૧ | ૮૫.૧૫ | ૦ | ૨૫.૯૬ | ૬૪.૯૮ | ૫૯.૧૦ | ૫૨૧.૭૫ |
| ૮ | | ખાસ અંગભૂત | ૬.૦૪ | ૫.૯૯ | ૮.૪૯ | ૦ | ૭.૬૪ | ૭.૫૮ | ૦ | ૨.૮૧ | ૨.૮૬ | ૬.૦૬ | ૪૭.૪૭ |
| ૯ | | બગાયત | ૦.૮૦ | ૦.૭૧ | ૦.૬૦ | ૦ | ૦.૮૩ | ૦.૬૮ | ૦ | ૦.૬૦ | ૦.૬૦ | ૦.૮૨ | ૫.૬૪ |
| | | કુલ | ૧૨૨.૫૩ | ૫૭.૫૬ | ૧૬૧.૯૫ | ૦ | ૮૦.૧૮ | ૧૬૭.૭૨ | ૩૪.૫૦ | ૪૫.૪૩ | ૧૬૪.૪૭ | ૬૫.૯૮ | ૯૦૦.૩૨ |
| ૧ | ૨૦૧૫-૧૬ (તા.૩૧/ ૧૨/ ૧૫ની સ્થિતિએ) | ભૂમિ અને ભેજ સંરક્ષણ | ૩૮.૦૫ | ૦ | ૩૪.૯૭ | ૧૯.૦૬ | ૦ | ૧૭.૩૫ | ૦ | ૩૯.૨૭ | ૪૯.૦૭ | ૦ | ૧૯૭.૭૭ |
| ૨ | | એફ.ડી. એ. | ૨.૮૬ | ૦ | ૫.૬૭ | ૦ | ૦ | ૫.૬૭ | ૦ | ૩.૮૦ | ૦ | ૦ | ૧૮.૦૦ |
| ૩ | | કેમ્પા | ૦ | ૦ | ૯.૦૭ | ૦ | ૧૯.૨૫ | ૦ | ૩૦.૨૯ | ૦ | ૦ | ૦ | ૫૮.૬૧ |
| ૪ | | સામાજિક વનીકરણ | ૫૪.૩૭ | ૧૬.૩૫ | ૬૫.૫૮ | ૦ | ૫૮.૭૧ | ૬૨.૦૨ | ૦ | ૧૮.૫૦ | ૪૩.૧૩ | ૩૦.૮૩ | ૩૪૯.૪૯ |
| ૫ | | ખાસ અંગભૂત | ૪.૮૩ | ૩.૭૦ | ૬.૦૭ | ૦ | ૬.૩૦ | ૫.૩૭ | ૦ | ૩.૧૨ | ૫.૩૭ | ૩.૫૭ | ૩૮.૩૩ |
| ૬ | | બગાયત | ૦.૮૦ | ૦.૪૦ | ૦.૮૦ | ૦ | ૧.૨૦ | ૦.૮૦ | ૦ | ૦ | ૦.૮૦ | ૦.૪૦ | ૫.૨૦ |
| | | કુલ | ૧૦૦.૯૧ | ૨૦.૪૫ | ૧૨૨.૧૬ | ૧૯.૦૬ | ૮૫.૪૬ | ૯૧.૨૧ | ૩૦.૨૯ | ૬૪.૬૯ | ૯૮.૩૭ | ૩૪.૮૦ | ૬૬૭.૪૦ |

### ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડેન્સીયલ એજ્યુકેશનલ ઈન્સ્ટીટયુશનલ સોસાયટી સંચાલિત લો લીટરસી ગર્લ્સ શાળાઓ

* ૨૩૧૭૩ શ્રી શિવાભાઈ ગોહિલ (તળાજા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડેન્સીયલ એજ્યુકેશનલ ઈન્સ્ટીટયુશનલ સોસાયટી સંચાલિત કેટલી લો લીટરસી ગર્લ્સ શાળાઓ કાર્યરત છે,

(૨) તે ક્યા જિલ્લામાં છે, અને

(૩) આ શાળામાં અભ્યાસ માટે ક્યા ધોરણમાં પ્રવેશ મળે છે ?

જવાબ

(૧) ૪૩ (તેતાળીસ).

(૨)

| ક્રમ | જિલ્લાનું નામ | શાળાની સંખ્યા |
|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૫ |
| ૨ | છોટાઉદેપુર | ૧૩ |
| ૩ | દાહોદ | ૮ |
| ૪ | ડાંગ | ૧ |
| ૫ | ગીર સોમનાથ | ૧ |
| ૬ | મહીસાગર | ૩ |
| ૭ | નર્મદા | ૧ |
| ૮ | પંચમહાલ | ૨ |
| ૯ | સાબરકાંઠા | ૩ |
| ૧૦ | તાપી | ૩ |
| ૧૧ | વલસાડ | ૩ |

(૩) ધોરણ-૬ (છ).

### દાહોદ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ

* ૨૩૧૭૮ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) દાહોદ જિલ્લામાં ધોરણ-૧ થી ૮ સુધીમાં અભ્યાસ કરતાં આદિજાતિના વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬ માં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે, અને

જવાબ

(૧)

| વર્ષ | વિદ્યાર્થીઓ |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૨,૯૬,૨૩૧ |

| | |
|---|---|
| ૨૦૧૫-૧૬ | ૨,૯૭,૬૫૮ |

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | ખર્ચ |
|---|---|
| ૨૦૧૪-૧૫ | રૂ.૯૪૯.૯૯ લાખ |
| ૨૦૧૫-૧૬ | રૂ.૧૫૯૩.૪૬ લાખ |

રાજકોટ જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર

* ૨૩૧૬૫ શ્રી કાંતીલાલ અમૃતીયા (મોરબી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રાજકોટ જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬ માં તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં કેટલા હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) વર્ષ ૨૦૧૪-૧૫ માં ૪૭૨.૦૦ હેક્ટર અને ૨૦૧૫-૧૬ માં તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં ૧૦૫૧.૯૩ હેક્ટર.

(૨) રૂ.૫૮૪.૯૬/- લાખ.

મહેસાણા જિલ્લામાં પેટ્રોલ પંપ પર દરોડા

* ૨૩૨૦૦ શ્રી રૂષિકેશભાઈ પટેલ (વિસનગર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પેટ્રોલ પંપો પર કેટલા દરોડાઓ પાડવામાં આવ્યા,

(૨) તેમાં કેટલી કિંમતનો કેટલો જથ્થો કબજે લેવામાં આવ્યો, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવારમાં કયા પ્રકારની ગેરરીતિઓ અન્વયે કેટલા પંપો સામે શાં પગલાં લીધા?

જવાબ

(૧) ૩૩ (તેત્રીસ) દરોડા

(૨) તેમાં રૂ. ૧,૧૭,૬૩૩/-ની કિંમતનો ૫૨૫.૫ લીટર ઓઈલનો જથ્થો કબજે લેવામાં આવ્યો.

(૩) ગેરરીતિઓ અને તે અન્વયે લીધેલ પગલા,

| | |
|---|---|
| (૧) | બીલ વગર વેચાણ |
| (૨) | જિલ્લા ઉદ્યોગ કેંદ્રનું પ્રમાણપત્ર મેળવેલ નથી. |
| (૩) | માસિક પત્રક નિભાવેલ નથી.<br>ઉક્ત ગેરરીતિઓ અન્વયે કુલ ૩૨ પંપો સામે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા. |
| (૧) | રૂ. ૮,૫૯૨/-ની કિંમતનો ૪૭.૪ લીટર ઓઈલનો જથ્થો રાજ્યસાત કર્યો. |
| (૨) | રૂ. ૮,૭૭૫/- પરવાના અનામત રાજ્યસાત કરી. |

અમદાવાદ જિલ્લામાં નર્સરી અને પ્લાન્ટેશન

* ૨૩૧૫૯ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા હેક્ટરમાં તાલુકાવાર નર્સરી અને પ્લાન્ટેશન કરવામાં આવ્યા,

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચેની વિગતે તાલુકાવાર નર્સરી અને પ્લાન્ટેશન કરવામાં આવ્યા.

| ક્રમ | તાલુકો | પ્લાન્ટેશન | નર્સરી |
|---|---|---|---|
| | | વાવેતર વિસ્તાર (હે.) | ઉછેરવામાં આવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
| ૧ | સીટી | ૫૧.૦૦ | ૪.૫૫ |
| ૨ | દશક્રોઈ | ૫૧.૦૦ | ૩.૪૧ |
| ૩ | દેત્રોજ | ૪૮.૪૦ | ૩.૬૫ |
| ૪ | ધંધુકા | ૪૨.૦૦ | ૨.૫૫ |
| ૫ | ધોળકા | ૪૧.૦૦ | ૪.૦૬ |
| ૬ | ધોલેરા | ૧૦૦૦.૦૦ | ૭.૫૦ |
| ૭ | બાવળા | ૩૦.૦૦ | ૨.૬૩ |
| ૮ | માંડલ | ૫૦.૦૦ | ૩.૧૧ |
| ૯ | વિરમગામ | ૩૦.૦૦ | ૧.૯૫ |
| ૧૦ | સાણંદ | ૨૯.૦૦ | ૨.૪૪ |

| | | | | |
|---|---|---|---|---|
| | | કુલ | ૧૩૭૨.૪૦ | ૩૫.૮૫ |

(૨) તેમાં મુખ્યત્વે કયા પ્રકારના રોપાઓ ઉછેરવામાં આવ્યા, અને

(૨) તેમાં લીમડા, નીલગીરી, અરડુસો, કરણજી, ગુલમહોર, કાસીદ, પેલ્ટો, સીરસ, ઉમરા ગરમાળો તથા પીલુ વિગેરે પ્રકારના રોપાઓ ઉછેરવામાં આવ્યા.

(૩) તેમાં હેકટર દીઠ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૩) રૂ. ૩૮,૦૦૦/-

અમદાવાદ જિલ્લામાં ઈકો ટુરિઝમ

* ૨૩૨૨૫ શ્રી અરવિંદભાઈ પટેલ (સાબરમતી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ઈકો ટુરિઝમના વિકાસ માટેની યોજના અમલમાં છે કે કેમ,

(૧) હા જી.

(૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના કયા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને

(૨) નળસરોવર પક્ષી અભ્યારણ્ય.

(૩) તે પાછળ તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે?

(૩)

| અ.નં. | વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૪-૧૫ | ૫૬.૦૨ |
| ૨ | ૨૦૧૫-૧૬ (ડિસેમ્બર ૨૦૧૫ અંતિત) | ૮૦.૨૯ |
| | કુલ | ૧૩૬.૩૧ |

રાજ્યમાં રાષ્ટ્રીય ઉદ્યાનો

* ૨૩૨૩૦ શ્રી સુરેશ પટેલ (મણિનગર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કયા પ્રકારના રાષ્ટ્રીય ઉદ્યાનો છે, અને

(૧) ‘‘રાષ્ટ્રીય ઉદ્યાનોના અલગ અલગ પ્રકારો હોતા નથી’’.

(૨) તે કયાં આવેલ છે અને તેમાં મુખ્યત્વે કયા પ્રકારના વન્ય પ્રાણીઓ જોવા મળે છે?

(૨)

| ક્રમ | રાષ્ટ્રીય ઉદ્યાનનું નામ | સ્થળનું નામ | મુખ્ય પ્રાણીઓ |
|---|---|---|---|
| ૧ | ગીર રાષ્ટ્રીય ઉદ્યાન | સાસણ ગીર | સિંહ, દીપડા, ચિતલ, સાંભર |
| ૨ | મરીન રાષ્ટ્રીય ઉદ્યાન | જામનગર | પરવાળા, ડોલ્ફીન, દરિયાઈ જીવો |
| ૩ | કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન | વેળાવદર (જિ. ભાવનગર) | કાળીયાર, વરૂ, પટ્ટાઈઓ, |
| ૪ | વાંસદા રાષ્ટ્રીય ઉદ્યાન | વાંસદા જિ. ડાંગ | દીપડા, ચિતલ, પક્ષીઓ |

આ ઉપરાંત હરણ, નીલગાય, દરિયાઈ કાચબા, શિયાળ જોવા મળે છે.

વડોદરા જિલ્લામાં ઓછું વજન આપતા વ્યાપારી એકમો સામે કાર્યવાહી

* ૨૩૨૧૫ શ્રી જીતેન્દ્ર સુખડીઆ (સયાજીગંજ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) વડોદરા જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વજન કે માપમાં ઓછું આપવા બાબતે કેટલા વ્યાપારી એકમો સામે કાર્યવાહી કરવામાં આવી,

(૧) ૧૩૪૦.

(૨) તે પેટે કેટલા એકમોના કેસ માંડવાળ કરવામાં આવ્યા, અને

(૨) ૧૩૪૦.

(૩) તે પેટે કેટલી માંડવાળ ફી વસુલ કરવામાં આવી?

(૩) રૂ. ૪,૭૭,૬૫૦/-

અમદાવાદ જિલ્લામાં રોપાનું વાવેતર

* ૨૩૧૬૨ ડૉ. નિર્મલાબેન વાધવાણી (નરોડા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની

(૧) વર્ષ ૨૦૧૪માં ૧૩૯૮.૦૭ હેકટર અને ૨૦૧૫માં

સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા હેકટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

૧૩૭૨.૪૦ હેકટર

(૨) તેમાં મુખ્યત્વે કયા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેમા લીંમડા, નીલગીરી, અરડુસો, કણજી, ગુલમહોર, કાસીદ, પેલ્ટો, સીરસ, ઉમરા ગરમાળો, સપ્તપર્ણી, કદમ, ટેબુબીયા, પીપળો, વડ, પીલુ વિગેરે

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૩) વર્ષ ૨૦૧૪માં રૂ. ૭૫૪.૭૩ લાખ અને ૨૦૧૫માં રૂ. ૫૨૭.૨૦ લાખ.

વડોદરા જિલ્લામાં અંત્યોદય કાર્ડ ધારકોને ચીજવસ્તુંઓનું વિતરણ

* ૨૩૨૦૭ શ્રી સતીષભાઈ પટેલ (કરજણ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અંત્યોદય કાર્ડ ધારકોને કઈ ચીજ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું,

(૨) કયા ભાવે વિતરણ કરવામાં આવ્યું, અને

(૩) કેટલું વિતરણ કરવામાં આવ્યું?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં અંત્યોદય કાર્ડ ધારકોને– ઘઉં, ચોખા, ખાંડ, કપાસીયા તેલ (વર્ષમાં બે વાર), આયોડીનયુક્ત મીઠું, કેરોસીનનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબના ભાવે વિતરણ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| ઘઉં પ્રતિ કિલો | રૂ. ૨.૦૦ |
| ચોખા પ્રતિ કિલો | રૂ. ૩.૦૦ |
| ખાંડ પ્રતિ કિલો | રૂ. ૧૩.૫૦ |
| કપાસીયા તેલ પ્રતિ લીટર | રૂ. ૪૩.૦૦ |
| આયોડીનયુક્ત મીઠું પ્રતિ કિલો | રૂ. ૧.૦૦ |
| કેરોસીન પ્રતિ લીટર | રૂ. ૧૪.૬૩ |

(૩) તા. ૧–૧–૧૫ થી ૩૧–૧૨–૧૫ સુધીમાં નીચે મુજબ ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવેલ છે.

| ક્રમ | જન્સી | વિતરણ |
|---|---|---|
| ૧ | ઘઉં | ૬૮૩૫ મે.ટન |
| ૨ | ચોખા | ૫૭૬૬ મે.ટન |
| ૩ | ખાંડ | ૭૦૪ મે.ટન |
| ૪ | કપાસીયા તેલ | ૬૨૦૧૬ લીટર (પાઉચ) |
| ૫ | આયોડીનયુક્ત મીઠું | ૩૦૪ મે.ટન |
| ૬ | કેરોસીન | ૨૯૬૭૨ કિલો લીટર (તમામ નોન ગેસ કાર્ડધારકોને) |

દાંતા તાલુકામાં બિન જંગલ વિષયક પ્રવૃતિઓ

* ૨૩૭૨૫ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં કયા સ્થળે ખાણકામોની બિનજંગલ વિષયક પ્રવૃત્તિઓ (નોન ફોરેસ્ટ્રી એકિટવીટીઝ) ચાલુ છે, અને

(૨) ઉક્ત સ્થિતએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત પ્રવૃત્તિઓ શરૂ કરવા કયાં અધિનિયમન હેઠળ સરકારની મંજૂરી કયારે મળેલ છે?

જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ દાંતા તાલુકાનાં મોજેઃ ખોખરબીલી, જરીવાવ, કોટેશ્વર અને ચીખલા ગામે ખાણકામોની બિન જંગલ પ્રવૃત્તિઓ ચાલુ છે.

(૨) છેલ્લા બે વર્ષમાં સરકારશ્રીની કોઈ મંજૂરી મળેલ નથી.

બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓની ઘટ

* ૨૪૦૮૧ શ્રી ધારશીભાઈ ખાનપુરા (કાંકરેજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ આવેલી છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી શાળાઓમાં કુલ ઓરડાઓની ઘટ છે અને કેટલા ઓરડાઓ જર્જરીત કે બેસવાલાયક નથી તથા આ ખુટતા ઓરડાઓ કયાં સુધીમાં બનાવવામાં આવશે?

જવાબ

(૧) ૨૩૪૬

(૨) ૩૭૭ શાળાઓમાં ૯૩૧ ઓરડાઓની ઘટ છે અને ૨૩૪ શાળાઓમાં ૯૮૨ ઓરડાઓ જર્જરીત કે બેસવાલાયક નથી. ખુટતા ઓરડાઓ જેમ બને તેમ જલ્દીથી બનાવવામાં આવશે.

છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર આશ્રમ શાળામાં શિક્ષકોની જગ્યાઓ

* ૨૪૩૫૪ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

## અતારાંકિત પ્રશ્નો

પ્રશ્ન

(૧) તા. ૧-૨-૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલી આશ્રમ શાળાઓમાં કેટલા શિક્ષકોની જગ્યા કેટલા સમયથી ખાલી છે, અને

જવાબ

(૧)

| તાલુકાનું નામ | આશ્રમશાળાની સંખ્યા | ખાલી જગ્યા | ખાલી જગ્યાઓનો સમયગાળો |
|---|---|---|---|
| છોટાઉદેપુર | ૧૨ | ૧૦ | ત્રણ જગ્યા પાંચ વર્ષથી, પાંચ જગ્યા બે વર્ષથી, બે જગ્યા તાજેતરમાં |
| જેતપુરપાવી | ૦૭ | ૦૩ | એક જગ્યા દશ વર્ષથી (કોર્ટકેસના કારણે) બે જગ્યા પાંચ વર્ષથી |
| કવાંટ | ૦૬ | ૦૨ | બે વર્ષ |
| નસવાડી | ૦૫ | ૦૦ | - |
| સંખેડા | ૦૭ | ૦૮ | બે વર્ષ |
| કુલ | ૩૭ | ૨૩ | - |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ નહી ભરવાના કારણો શા છે અને તે ખાલી જગ્યાઓ ક્યારે ભરાશે?

(૨) ખાલી જગ્યાઓ ભરવાની મંજુરીની બાબત વિચારણા હેઠળ છે. મંજુરી મળતાં બનતી ત્વરાએ.

### અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ

* ૨૪૮૮૪ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક અને માધ્યમિક શાળાનાં શિક્ષકોની ઘટ છે, અને

જવાબ

(૧)

| જિલ્લો | તાલુકો | પ્રાથમિક | સરકારી માધ્યમિક | ગ્રાન્ટેડ માધ્યમિક |
|---|---|---|---|---|
| સાબરકાંઠા | હિંમતનગર | ૦૦ | ૦૦ | ૨૯ |
| | પ્રાંતિજ | ૦૦ | ૦૦ | ૧૮ |
| | તલોદ | ૦૪ | ૦૦ | ૨૫ |
| | ઈડર | ૦૮ | ૦૦ | ૧૬ |
| | વડાલી | ૦૯ | ૦૦ | ૦૫ |
| | વિજયનગર | ૧૬ | ૦૩ | ૦૫ |
| | ખેડબ્રહ્મા | ૨૮ | ૦૦ | ૦૭ |
| | પોશીના | ૧૫૪ | ૧૫ | ૦૪ |
| અરવલ્લી | મોડાસા | ૦૪ | ૦૧ | ૧૧ |
| | માલપુર | ૦૪ | ૦૦ | ૦૫ |
| | મેઘરજ | ૦૯ | ૦૦ | ૧૦ |
| | બાયડ | ૨૩ | ૦૦ | ૧૮ |
| | ધનસુરા | ૨૦ | ૦૦ | ૦૯ |
| | ભિલોડા | ૦૦ | ૦૦ | ૧૯ |

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શિક્ષકોની ઘટ પૂર્ણ કરવા સરકાર દ્વારા ઉકત જિલ્લાઓમાં શું પગલાં ભરવામાં આવ્યા છે ?

(૨) પ્રાથમિકઃ- અરવલ્લી જિલ્લામાં ૦૭ અને સાબરકાંઠા જિલ્લામાં ૯૪ વિદ્યાસહાયકની નિમણૂંક કરવામાં આવી.

સરકારી માધ્યમિક

- નામ.હાઈકોર્ટમાં દાખલ થયેલ એલ.પી.એ. નં.૧૪૩૦/૨૦૧૫ અને ૧૪૩૧/૨૦૧૫ના આખરી ચૂકાદાને આધિન સરકારી માધ્યમિક શાળાઓમાં ભરતી અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ગ્રાન્ટેડ માધ્યમિક

- સરકારી માધ્યમિક શાળાઓમાં નામ.હાઈકોર્ટમાં પીટીશન થયેલ હોઈ, તેના ચૂકાદા બાદ ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં ભરતી અંગે નિયમાનુસાર ભરતીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.
- રાજ્ય સરકારે શિક્ષણ વિભાગના તા.૨૧-૧૨-૨૦૧૫ના ઠરાવથી માનદ્ વેતનથી (પ્રવાસી શિક્ષકોની) નિમણૂંક કરવાની જોગવાઈ કરેલ છે.

## અતારાંકિત પ્રશ્નો

મહિસાગર જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ દૂધ સંજીવની યોજનાના લાભાર્થી બાળકો

* ૨૩૧૫૪ શ્રી રોહિત પટેલ (આણંદ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહિસાગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના ધોરણ ૧ થી ૮ના પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને દૂધ સંજીવનીનો લાભ આપવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં કેટલા બાળકોને લાભ આપવામાં આવેલ છે, અને | (૨) ૫૦૬૧૦ બાળકોને. |
| (૩) તે અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ.૬૦૩.૧૪ લાખ. |

કચ્છ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર

* ૨૩૨૨૪ શ્રી રમેશ મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૪–૨૦૧૫ અને ૨૦૧૫–૨૦૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ અંતિત કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, | (૧) વર્ષ ૨૦૧૪–૧૫ માં ૫૬૧ હેક્ટરમાં અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ અંતિત ૪૪૮ હેક્ટર. |
| (૨) તે પૈકી અંજાર તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) વર્ષ ૨૦૧૪–૧૫ માં ૬૯ હેક્ટર અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ અંતિત ૪૯ હેક્ટર. |
| (૩) તે પાછળ તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) કુલ રૂ.૫૧.૩૮ લાખ. |

નવસારી જિલ્લામાં સ્થળાંતરીત બાળકો માટે સીઝનલ હોસ્ટેલ

* ૨૪૬૮૮ શ્રી છનાભાઈ ચૌધરી (વાંસદા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ નવસારી જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત રાજ્યમાં સ્થળાંતરીત થતાં બાળકો માટે કેટલી સીઝનલ હોસ્ટેલો છેલ્લા બે વર્ષમાં બનાવવામાં આવી, અને | (૧) ''શૂન્ય'' |
| (૨) ઉકત સ્થિતિએ આ હોસ્ટેલમાં કુલ કેટલા બાળકો છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

વનખાતામાં રાખવામાં આવતા ચોકીદારોનો પગાર

* ૨૩૦૦૯ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ વન ખાતામાં ચોકીદારને માસિક કેટલો પગાર ચૂકવવામાં આવે છે, અને | (૧) રૂ.૪૪૪૦–૭૪૪૦ નું પગારધોરણમાં પગાર+ ગ્રેડ પે રૂ.૧૩૦૦/– તથા તે ઉપર મળવાપાત્ર ભથ્થાં. |
| (૨) ઉકત સ્થિતિએ આ દર ક્યારથી અમલમાં છે અને તેમાં છેલ્લે ક્યારે કેટલો વધારો કરવામાં આવેલ છે ? | (૨) તા.૧–૧–૨૦૦૬ થી ઉપર મુજબનો પગાર અમલમાં છે તે અગાઉ રૂ.૨૫૫૦–૩૨૦૦ ના પગાર ધોરણમાં પગાર અને તે ઉપર મળવાપાત્ર ભથ્થાં ચૂકવવામાં આવતા હતા. તા.૧–૧–૨૦૦૬ થી ખંડ (૧) મુજબનો વધારો કરેલ છે. |

રાજ્યમાં રાષ્ટ્રીય ઉદ્યાનો

* ૨૩૨૩૨ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં ક્યા પ્રકારની રાષ્ટ્રીય ઉદ્યાનો છે, અને | (૧) ''રાષ્ટ્રીય ઉદ્યોનોના અલગ અલગ પ્રકારો હોતા નથી.'' |
| (૨) તે ક્યાં આવેલ છે અને તેમાં મુખ્યત્વે ક્યા પ્રકારના વન્ય પ્રાણીઓ જોવા મળે છે ? | (૨) |

| ક્રમ | રાષ્ટ્રીય ઉદ્યાનનું નામ | સ્થળનું નામ | મુખ્ય પ્રાણીઓ |
|---|---|---|---|
| ૧ | ગીર રાષ્ટ્રીય ઉદ્યાન | સાસણ ગીર | સિંહ, દીપડા, ચિતલ, સાંભર |
| ૨ | મરીન રાષ્ટ્રીય ઉદ્યાન | જામનગર | પરવાળા, ડોલ્ફીન, દરિયાઈ જીવો |
| ૩ | કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન | વેળાવદર (જી.ભાવનગર) | કાળીયાર, વરૂ, પક્ષીઓ |

| | | | |
|---|---|---|---|
| ૪ | વાસંદા રાષ્ટ્રીય ઉદ્યાન | વાંસદા, જી.ડાંગ | દીપડા, ચિત્તલ પક્ષીઓ |

આ ઉપરાંત હરણ, નીલગાય, દરિયાઈ કાચબા, શિયાળ જોવા મળે છે.

બનાસકાંઠા જિલ્લામાં વિદ્યાદીપ યોજના હેઠળ સહાય

* ૨૩૨૭૭ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા કેટલા વિદ્યાર્થીઓના મૃત્યુ થયા,

(૧)

| તાલુકો | ૨૦૧૪–૧૫ | | ૨૦૧૫–૧૬ | |
|---|---|---|---|---|
| | પ્રાથમિક | માધ્યમિક | પ્રાથમિક | માધ્યમિક |
| અમીરગઢ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ભાભર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ |
| દાંતા | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૧ |
| દાંતીવાડા | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ડીસા | ૦૭ | ૦૨ | ૧૦ | ૦૧ |
| દિયોદર | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ |
| ધાનેરા | ૦૧ | ૦૦ | ૦૨ | ૦૦ |
| કાંકરેજ | ૦૯ | ૦૦ | ૦૨ | ૦૦ |
| પાલનપુર | ૦૪ | ૦૦ | ૦૩ | ૦૦ |
| થરાદ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |
| વડગામ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ |
| સૂઈગામ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| વાવ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| લાખાણી | ૨૬ | ૦૦ | ૦૦ | ૦૦ |

(૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓના વારસદારોને ''વિદ્યાદીપ'' યોજના હેઠળ કેટલી સહાય ચૂકવવામાં આવી, અને

(૨)

| | વારસદારની સંખ્યા | પ્રાથમિક | વારસદારની સંખ્યા | માધ્યમિક |
|---|---|---|---|---|
| ૨૦૧૪–૧૫ | ૦૪ | ૨,૦૦,૦૦૦ | ૦૨ | ૧,૦૦,૦૦૦ |
| ૨૦૧૫–૧૬ | ૧૨ | ૬,૦૦,૦૦૦ | ૦૪ | ૨,૦૦,૦૦૦ |

(૩) ઉકત સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓના વારસદારોની બાકી છે ?

(૩)

| | પ્રાથમિક | માધ્યમિક |
|---|---|---|
| ૨૦૧૪–૧૫ | ૨૨ | ૦૦ |
| ૨૦૧૫–૧૬ | ૧૧ | ૦૧ |

સુરેન્દ્રનગર જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં નવા કેસો

* ૨૩૨૦૨ શ્રીમતી વર્ષાબેન દોશી (વઢવાણ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં સને ૨૦૧૫ માં કુલ કેટલા નવા કેસો દાખલ થયા,
(૧) ૨૦૪ કેસો.

(૨) તે પૈકી કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો, અને
(૨) ૧૬૪ કેસો.

(૩) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા કેસો પડતર છે ?
(૩) ૦૫૨ કેસો.

જામનગર જિલ્લામાં નવા રેશનકાર્ડની અરજીઓ

* ૨૩૧૯૪ શ્રી ચીમનભાઈ સાપરીયા (જામજોધપુર) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) જામનગર જિલ્લામાં નવા રેશનકાર્ડની કેટલી અરજીઓ તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળી,
(૧) જામનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવા રેશનકાર્ડની કુલ–૫૮૩૦ અરજીઓ મળી.

(૨) મળેલ અરજીઓ પૈકી કેટલા બીપીએલ રેશનકાર્ડ
(૨) મળેલ અરજીઓ પૈકી ૭૯ બીપીએલ રેશનકાર્ડ

આપવામાં આવ્યા, અને

આપવામાં આવ્યા.

(૩) ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને તેના શાં કારણો છે ?

(૩) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કોઈ અરજી પડતર ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

વડોદરા જિલ્લામાં અંત્યોદય યોજના હેઠળ અનાજનું વિતરણ

* ૨૩૧૯૮ શ્રી દિનેશભાઈ પટેલ (પાદરા) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વડોદરા જિલ્લામાં અંત્યોદય યોજનામાં તા.૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા અનાજનું વિતરણ કરવામાં આવ્યું,

(૨) ક્યા ભાવે વિતરણ કરવામાં આવ્યું, અને

(૩) કેટલા લાભાર્થીઓને અનાજ વિતરણ કરવામાં આવ્યું ?

જવાબ

(૧) વડોદરા જિલ્લામાં અંત્યોદય યોજનામાં તા.૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબ અનાજનું વિતરણ કરવામાં આવેલ છે.

(આંકડા મે.ટનમાં)

| | |
|---|---|
| ઘઉં | ૬૮૩૫ |
| ચોખા | ૫૭૬૬ |
| કુલ | ૧૨૬૦૧ |

(૨) ૧. ઘઉં - ૨/- પ્રતિ કિલો
૨. ચોખા - ૩/- પ્રતિ કિલો

(૩) માસિક સરેરાશ ૩૦૨૮૩ અંત્યોદય રેશનકાર્ડ ધારક લાભાર્થીઓને અનાજ વિતરણ કરવામાં આવ્યું.

મહિસાગર જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ

* ૨૩૦૩૩ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ મહિસાગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં બારકોડેડ રેશનકાર્ડ માટે કેટલા ફોર્મ નં.૧ ભરાઇને મળેલ છે,

(૨) તે પૈકી કેટલા બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ થયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા રેશનકાર્ડનું વિતરણ કરવાનું બાકી છે, અને તેના શાં કારણો છે ?

જવાબ

(૧) બારકોડેડ રેશનકાર્ડ માટે ફોર્મ નં.૧ ભરવાની છેલ્લી તા.૩૦-૯-૨૦૧૦ હતી. જેથી તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બારકોડેડ રેશનકાર્ડ માટે ફોર્મ નં.૧ ભરાયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

જામનગર અને જોડિયા તાલુકાની પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક સુવિધાઓ

* ૨૪૭૩૦ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) જામનગર જિલ્લાના જોડિયા અને જામનગર તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ પીવાના પાણી, બ્લેક બોર્ડ, શૌચાલય, વીજ સુવિધા અને રમત ગમતનું મેદાનની સુવિધા ન ધરાવતી તાલુકાવાર કેટલી અને કઇ ખાનગી અને સરકારી પ્રાથમિક શાળાઓ છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ સુવિધા ન હોવાના શા કારણો છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ખુટતી તમામ પ્રાથમિક સુવિધાઓ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?

જવાબ

(૧) પીવાના પાણી, બ્લેક બોર્ડ, શૌચાલય અને વીજ સુવિધા તમામ શાળાઓમાં છે.
- રમત ગમતના મેદાનોની સુવિધા ન ધરાવતી શાળાની યાદી પત્રક મુજબ.

(૨) જમીનના અભાવે.

(૩) જમીનની ઉપલબ્ધી થયેથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

ગાંધીનગર જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે છાત્રાલયો

* ૨૩૧૮૮ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર દક્ષિણ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે કેટલાં સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે ?

જવાબ

(૧) ૧ (એક).

(૨) ૧૫૦ વિદ્યાર્થીનીઓ.

## તા. ૧૭મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

### પાટણ જિલ્લામાં ''રાઇટ ટુ ફુડ'' યોજનાનો અમલ

* ૨૪૨૬૭ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ સરકાર રાષ્ટ્રિય અન્ન સુરક્ષા ધારાનો અમલ કરવા માંગે છે કે કેમ, અને | (૧) ના, જી. સરકારે રાષ્ટ્રિય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ નો તા.૧–૪–૨૦૧૬ થી અમલ કરવાનું નક્કી કરેલ છે. |
| (૨) જો હા, તો પાટણ જિલ્લામાં આ અંગે તા.૩૧–૧૨–૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા પગલા લેવામાં આવ્યા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### અમરેલી જિલ્લામાં અન્ન સુરક્ષા ધારાનો અમલ

* ૨૩૯૪૯ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ કેન્દ્ર સરકારનો અન્ન સુરક્ષા ધારાનો રાજ્ય સરકાર દ્વારા અમલ કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) ના, જી. રાજ્ય સરકારે રાષ્ટ્રિય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ નો અમલ તા.૧–૪–૨૦૧૬ થી કરવાનું નક્કી કરેલ છે. |
| (૨) જો હા, તો તે અન્વયે અમરેલી જિલ્લામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલું અનાજ ક્યા ભાવે ફાળવવામાં આવ્યું ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### બનાસકાંઠા જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ

* ૨૩૧૮૦ શ્રી કેશાજી ચૌહાણ (દિયોદર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લામાં ધોરણ–૧ થી ૮ સુધીમાં અભ્યાસ કરતાં આદિજાતિના વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧)

| વર્ષ | વિદ્યાર્થીઓ |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૬૪,૫૮૩ |
| ૨૦૧૫–૧૬ | ૬૫,૫૩૯. |

(૨)

| વર્ષ | ખર્ચ |
|---|---|
| ૨૦૧૪–૧૫ | રૂ. ૧૯૨.૩૮ લાખ |
| ૨૦૧૫–૧૬ | રૂ. ૩૩૩.૬૦ લાખ. |

### સુરેન્દ્રનગર જિલ્લામાં બી.પી.એલ. કાર્ડ ધારકોને ચીજવસ્તુઓનું વિતરણ

* ૨૩૨૦૬ શ્રી કિરીટસિંહ રાણા (લીંબડી) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બી.પી.એલ. કાર્ડધારકોને કઇ ચીજ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું,

(૨) ક્યા ભાવે વિતરણ કરવામાં આવ્યું, અને

(૩) કેટલું વિતરણ કરવામાં આવ્યું ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં બીપીએલ કાર્ડ ધારકોને – ઘઉં, ચોખા, ખાંડ, કપાસીયા તેલ (વર્ષમાં બે વાર), આયોડીન યુક્ત મીઠું, કેરોસીનનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) તા.૩૧–૧૨–૨–૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબના ભાવે વિતરણ કરવામાં આવેલ છે.

| અ.નં. | જન્સી | ભાવ (પ્રતિ કિલો/લીટર રૂ.પૈસા) |
|---|---|---|
| ૧ | ઘઉં | ૨.૦૦ |
| ૨ | સ્પે. ઘઉં (તા.૧–૧–૧૫ થી ૩૦–૪–૧૫) | ૭.૭૦ |
| | (તા.૧–૫–૧૫ થી ૩૧–૧૨–૧૫) | ૭.૩૦ |
| ૩ | ચોખા | ૩.૦૦ |
| ૪ | સ્પે. ચોખા | ૭.૨૦ |
| ૫ | ખાંડ | ૧૩.૫૦ |
| ૬ | આયોડીન યુક્ત મીઠું | ૧.૦૦ |
| ૭ | કપાસીયા તેલ (વર્ષમાં બે વાર) | ૪૩.૦૦ |
| ૮ | કેરોસીન | ૧૮.૧૯ |

(૩) તા.૧–૧–૧૫ થી ૩૧–૧૨–૧૫ સુધીમાં નીચે મુજબ ચીજ વસ્તુઓનું વિતરણ કરવમાં આવેલ છે.

| ક્રમ | જન્સી | વિતરણ |
|---|---|---|
| ૧ | ઘઉં | ૧૨૪૩૬ મે.ટન |
| ૨ | ઘઉં | ૧૨૬૩૦ મે.ટન |
| ૩ | ચોખા | ૨૮૬૧ મે.ટન |
| ૪ | ચોખા | ૫૨૦૨ મે.ટન |
| ૫ | ખાંડ | ૧૭૮૨ મે.ટન |
| ૬ | કપાસીયા તેલ (નંગ પાઉચ) | ૧૫૭૯૪૦ લીટર |
| ૭ | આયોડીનયુક્ત મીઠું | ૫૭૮ મે.ટન |
| ૮ | કેરોસીન | ૨૩૮૨૩ કિલો–લીટર (તમામ નોન ગેસ કાર્ડધારકોને) |

સુરત જિલ્લામાં કેરોસીનના લાભાર્થીઓ

* ૨૩૨૦૫ શ્રીમતી ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સુરત જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ કેરોસીન મેળવતા લાભાર્થીઓ કેટલા છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ગેસ જોડાણ ધરાવતા રેશનકાર્ડ ધારકો કેરોસીન ન મેળવે તે બાબતે રાજ્ય સરકાર શું તકેદારી રાખે છે ?

જવાબ

(૧) સુરત જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ કેરોસીન મેળવતા લાભાર્થીઓ ૩,૬૯,૭૨૮ છે.

(૨) (અ) ગેસ જોડાણ ધરાવતા રેશનકાર્ડ ધારકો કેરોસીન ન મેળવે તે માટે રેશનકાર્ડ ઇસ્યુ કરતી વખતે રેશનકાર્ડમાં ગેસ જોડાણ ધરાવતા હોવા બાબતની નોંધ (ગેસ સ્ટેમ્પીંગ) તાલુકા મામલતદાર કચેરીઓ દ્વારા કરવામાં આવે છે. તેમજ ઓઇલ માર્કેટીંગ કંપનીઓ પાસેથી ગેસ જોડાણની વિગતો મેળવી, ઓનલાઇન સ્ટેમ્પીંગ દ્વારા પણ ગેસ જોડાણ ધરાવતા હોવા છતાં કેરોસીન લાભાર્થીની યાદીમાં નામ હોય તો દુર કરવામાં આવેલ છે.

(બ) ગેસ સ્ટેમ્પીંગ બાબતે રાજ્ય કક્ષાએ દર માસે અગ્રસચિવશ્રી દ્વારા જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓની બેઠકમાં સમીક્ષા કરવામાં આવે છે.

સોજીત્રા, તારાપુર અને પેટલાદ તાલુકામાં નર્સરી

* ૨૩૦૫૫ શ્રી પુનમભાઈ પરમાર (સોજીત્રા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સોજીત્રા, તારાપુર અને પેટલાદ તાલુકાઓમાં કુલ કેટલી નર્સરી મંજુર કરવામાં આવી અને કેટલી નામંજુર કરવામાં આવી, અને

(૨) મંજુર થયેલ નર્સરીમાં કઇ યોજના હેઠળ કુલ કેટલી સહાય આપવામાં આવી ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સોજીત્રામાં ૨૭, તારાપુરમાં ૨૦ અને પેટલાદમાં ૨૨ મળી કુલ ૬૯ નર્સરી મંજુર કરવામાં આવી છે, અને એકપણ નર્સરી નામંજૂર કરવામાં આવેલ નથી.

(૨) મંજુર થયેલ નર્સરીમાં સામાજીક વનીકરણ યોજના (જનરલ) હેઠળ રૂ.૨૪૭૫૦૦/– અને ખાસ અંગભુત યોજના હેઠળ રૂ.૨૯૪૦૭૫૦/– ની સહાય આપવામાં આવી.

કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને કેરોસીનનો જથ્થો

* ૨૪૧૨૭ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા લીટર કેરોસીનની જરૂરીયાત હતી, અને

(૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલા લીટર કેરોસીનનો જથ્થો રાજ્ય સરકારને ફાળવવામાં આવ્યો ?

જવાબ

(૧) રાજ્ય સરકારશ્રીને નિર્ધારિત કરેલ વિતરણ પ્રમાણ મુજબ વર્ષ–૨૦૧૪ માં રાજ્યની કેરોસીનની કુલ જરૂરિયાત ૭૦,૬૩,૪૯,૦૦૦ લીટર તથા વર્ષ–૨૦૧૫ માં કેરોસીનની કુલ જરૂરિયાત ૭૩,૨૨,૫૮,૦૦૦ લીટર હતી.

(૨) કેન્દ્ર સરકારશ્રી તરફથી વર્ષ–૨૦૧૪ માં ૬૭,૩૪,૧૬,૦૦૦ લીટર તથા વર્ષ–૨૦૧૫ માં ૬૫,૮૭,૦૪,૦૦૦ લીટર કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવ્યો.

વલસાડ જિલ્લામાં ધો–૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહના આદિજાતિના વિદ્યાર્થીઓને ટ્યુશન ફી

* ૨૪૪૩૯ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વલસાડ

જવાબ

(૧) નિયત થયેલ ટ્યુશન ફી ચૂકવવામાં આવે છે.

## અતારાંકિત પ્રશ્નો

જિલ્લામાં ધોરણ–૧૧ અને ધોરણ–૧૨ વિજ્ઞાન પ્રવાહના આદિજાતિ વિદ્યાર્થીઓને ટ્યુશન ફી આપવામાં આવે છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી શાળાના કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની ટ્યુશન ફી ચૂકવવામાં આવેલ છે?

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | શાળાની સંખ્યા | વર્ષ–૨૦૧૪–૧૫ | | વર્ષ ૨૦૧૫–૧૬ (તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતએ | |
|---|---|---|---|---|---|---|
| | | | વિદ્યાર્થીઓની સંખ્યા | ચૂકવેલ ટ્યુશન ફી | વિદ્યાર્થીઓની સંખ્યા | ચૂકવેલ ટ્યુશન ફી |
| ૧. | ધરમપુર | ૨ | ૨૨ | ૬૬૦૦ | ૧૫ | ૪૫૦૦ |
| ૨. | કપરાડા | ૨ | ૯૨ | ૨૭૬૦૦ | ૮૭ | ૨૬૧૦૦ |
| ૩. | વલસાડ | ૧૪ | ૧૨૩ | ૩૬૯૦૦ | ૪૧ | ૧૨૩૦૦ |
| ૪. | પારડી | ૫ | ૬૦ | ૧૮૦૦૦ | ૨૪ | ૭૨૦૦ |
| ૫. | ઉમરગામ | ૨ | ૨૦ | ૬૦૦૦ | ૧૦ | ૩૦૦૦ |
| | કુલ | ૨૫ | ૩૧૭ | ૯૫૧૦૦ | ૧૭૭ | ૫૩૧૦૦ |

### રાજ્યમાં અભ્યારણો

* ૨૩૧૬૭ શ્રી કિશોરસિંહ ચૌહાણ (વેજલપુર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કેટલા અભ્યારણ્યો છે, અને | (૧) ૨૩ |
| (૨) તેમાં મુખ્યત્વે કયા પ્રકારના વન્ય પ્રાણીઓ જોવા મળે છે? | (૨) સિંહ, દિપડા, ઘુડખર, ઘોરાડ, સમુદ્રજીવો, યાયાવર પક્ષીઓ વગેરે તેમજ દુર્લભ જીવ સૃષ્ટિ સહિતના વિવિધ જીવો. |

### ખેડા જિલ્લામાં પંડિત દિનદયાલ ગ્રાહક ભંડારમાં બી.પી.એલ. અને એ.પી.એલ કાર્ડ ધારકોને અનાજનો પુરવઠો

* ૨૪૩૦૩ શ્રી નટવરસિંહ ઠાકોર (મહુધા) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લામાં પંડિત દિનદયાલ ગ્રાહક ભંડારમાં બી.પી.એલ. અને એ.પી.એલ. કાર્ડધારકોને માસિક કેવા પ્રકારના અનાજનો કેટલો પુરવઠો આપવામાં આવે છે, અને

જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લામાં પંડિત દિનદયાલ ગ્રાહક ભંડારમાં કાર્ડ કેટેગરી અનુસાર બી.પી.એલ. અને એ.પી.એલ. કાર્ડધારકોને નીચે મુજબના પ્રમાણે માસિક અનાજનો પુરવઠો આપવામાં આવે છે.

બી.પી.એલ. કાર્ડધારકોઃ–

| ક્રમ | જન્સી | માસિક વિતરણ પ્રમાણ |
|---|---|---|
| ૧ | ઘઉં | પ્રતિ કાર્ડ ૧૩ કિલોગ્રામ |
| | સ્પે. ઘઉં | પ્રતિ કાર્ડ ૧૫ કિલોગ્રામ |
| ૨ | ચોખા | પ્રતિ કાર્ડ ૩ કિલોગ્રામ |
| | સ્પે. ચોખા | પ્રતિ કાર્ડ ૪ કિલોગ્રામ |
| | કુલ | ૩૫ કિલોગ્રામ |

એ.પી.એલ. કાર્ડધારકો

| ક્રમ | જન્સી | માસિક વિતરણ પ્રમાણ |
|---|---|---|
| ૧ | ઘઉં | વ્યક્તિદીઠ ૨.૫૦ કિલોગ્રામ અને કાર્ડદીઠ મહત્તમ ૧૫ કિલોગ્રામ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે અન્વયે અપુરતા પુરવઠાને કારણે ઉક્ત કાર્ડધારકોને પૂરતુ અનાજ મળતું નથી તે નિવારવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શાં પગલાં લીધા? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### અમરેલી જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર

* ૨૩૨૨૭ શ્રી હિરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ | (૧) વર્ષ ૨૦૧૪–૧૫માં ૨૬.૭૪ હેકટર અને વર્ષ ૨૦૧૫– |

નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કેટલા હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં ૨૭.૦૦ હેક્ટર

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨) રૂ. ૨૧.૪૫/–લાખ

પંચમહાલ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ

* ૨૩૧૭૯ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) પંચમહાલ જિલ્લામાં ધોરણ–૧ થી ૮ સુધીમાં અભ્યાસ કરતાં આદિજાતિના વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે, અને

(૧)

| વર્ષ | વિદ્યાર્થીઓ |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૭૦,૨૮૩ |
| ૨૦૧૫–૧૬ | ૭૨,૯૮૭ |

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨)

| વર્ષ | ખર્ચ |
|---|---|
| ૨૦૧૪–૧૫ | રૂ. ૨૧૩.૭૬ લાખ |
| ૨૦૧૫–૧૬ | રૂ. ૩૮૯.૯૫ લાખ |

દાહોદ જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ

* ૨૩૦૫૨ શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી કે નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ કાર્યરત છે, અને

(૧)

| ક્રમ | તાલુકો | સરકારી | | નોન ગ્રાન્ટેડ | |
|---|---|---|---|---|---|
| | | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક |
| ૧ | દાહોદ | ૩ | ૦ | ૧૧ | ૬ |
| ૨ | ગરબાડા | ૨ | ૦ | ૨ | ૧ |
| ૩ | ધાનપુર | ૭ | ૧ | ૪ | ૦ |
| ૪ | લીમખેડા | ૧ | ૦ | ૧૪ | ૪ |
| ૫ | દેવગઢ બારીયા | ૫ | ૦ | ૧૫ | ૧ |
| ૬ | ફતેપુરા | ૪ | ૧ | ૧૦ | ૦ |
| ૭ | ઝાલોદ | ૧ | ૦ | ૩૧ | ૬ |

(૨) તે અન્વયે જે તાલુકાઓમાં ઉક્ત પ્રકારની શાળા કાર્યરત નથી તે તાલુકાઓમાં સરકારે શાળાઓ ફાળવવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરી?

(૨) આ તાલુકાઓમાં સરકારી કે ગ્રાન્ટેડ શાળાઓ હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

સુરત જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીઓ માટે સાયન્સ પ્રવાહની શાળાઓ

* ૨૩૧૮૨ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લિંબાયત) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સુરત જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચતર માધ્યમિક સાયન્સ પ્રવાહની કેટલી નિવાસી શાળાઓ કાર્યરત છે,

(૧) ૩ (ત્રણ)

(૨) તે પૈકી કેટલી કુમાર તથા કન્યાની છે, અને

(૨) ૩ (ત્રણ)– કુમાર
૦ (શૂન્ય)– કન્યા

(૩) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ છે?

(૩) ૧૨૮ વિદ્યાર્થીઓ

અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં મધ્યાહન ભોજન યોજના માટે ઓરડાઓ

* ૨૨૭૦૧ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએઅમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજના હેઠળ ભોજન તૈયાર કરવા માટે ખાસ

(૧) મધ્યાહન ભોજન તૈયાર કરવા માટે ખાસ ઓરડાની સુવિધા આપવાની નીતિ નથી, પરંતુ ભોજન તૈયાર કરવા માટે કિચન–કમ–સ્ટોર બાંધવામાં આવે છે. તા. ૩૧–૧૨–૨૦૧૫ની

ઓરડાઓ નથી, અને

સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં ૩૩ પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજના હેઠળ ભોજન તૈયાર કરવા માટે કિચન–કમ–સ્ટોરની સુવિધા નથી જયારે ગાંધીનગર જિલ્લામાં દરેક શાળાઓમાં કિચન–કમ–સ્ટોરની સુવિધા છે.

(૨) આ ખૂટતા ઓરડાઓ કયાં સુધીમાં બનાવવામાં આવશે.

(૨) જગ્યાની ઉપલબ્ધી થયેથી જેમ બને તેમ ઝડપી.

પંચમહાલ જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં અભ્યાસ કરતી કન્યાઓને નિવાસી સુવિધા

* ૨૩૨૧૭ શ્રીમતી નિમિષાબેન સુથાર (મોરવા હડફ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત રાજ્ય સરકારના ૧૦૦ટકા ભંડોળમાંથી વર્ષ ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કુલ કેટલી કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં ધો.–૯ અને ૧૦ માં અભ્યાસ કરતી કન્યાઓને નિવાસી વ્યવસ્થા પુરી પાડવામાં આવેલ છે?

જવાબ

૦૨ (બે)

સાબરકાંઠા જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય

* ૨૩૨૧૬ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કેટલી કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય કાર્યરત છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલી કન્યાઓ છે?

જવાબ

(૧) ૦૧ (એક)

(૨) ૧૦૦

ગાંધીનગર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનો ડ્રોપ આઉટ રેશીઓ

* ૨૩૩૨૮ શ્રીમતી કામીનીબા રાઠોડ (દહેગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળામાં ધોરણવાર વિદ્યાર્થીઓનો ડ્રોપ આઉટ રેશીઓ કેટલો છે?

જવાબ

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૪–૧૫ ડ્રોપઆઉટ રેશિયો | | |
|---|---|---|---|---|
| | | ૧ થી ૫ | ૬ થી ૮ | ૧ થી ૮ |
| ૧ | દહેગામ | ૦.૬૯ | ૧.૪૭ | ૧.૦૮ |
| ૨ | ગાંધીનગર | ૦.૩૯ | ૦.૦૪ | ૦.૨૨ |
| ૩ | કલોલ | ૦.૫૪ | ૧.૮૬ | ૧.૨૦ |
| ૪ | માણસા | ૦.૬૩ | ૨.૩૪ | ૧.૪૯ |

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૫–૧૬ ડ્રોપઆઉટ રેશિયો | | |
|---|---|---|---|---|
| | | ૧ થી ૫ | ૬ થી ૮ | ૧ થી ૮ |
| ૧ | દહેગામ | ૦.૬૫ | ૧.૪૩ | ૧.૦૪ |
| ૨ | ગાંધીનગર | ૦.૩૫ | ૦.૦૦ | ૦.૧૮ |
| ૩ | કલોલ | ૦.૫૦ | ૧.૮૨ | ૧.૧૬ |

પંચમહાલ જિલ્લામાં ''કુંવરબાઈ મામેરૂ'' યોજનાના લાભાર્થીઓ

* ૨૩૧૭૭ શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કેટલી આદિજાતિ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

જવાબ

(૧)

| વર્ષ | લાભાર્થી કન્યાઓની સંખ્યા |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૨૦૦ |
| ૨૦૧૫–૧૬ | ૮૬<br>––––– |
| કુલ | ૨૮૬ |

(૨) રૂ. ૨૮.૬૦ લાખ

સુરત જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તોલમાપના સાધનો સમય મર્યાદામાં ખરાઈ ન કરતા એકમો સામે કાર્યવાહી

* ૨૩૨૧૦ શ્રી પ્રફુલ પાનશેરીયા (કામરેજ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

અતારાંકિત પ્રશ્નો

(૧) સુરત જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા વ્યાપારી એકમો સામે તોલમાપના સાધનો સમય મર્યાદામાં ખરાઈ ન કરાવવા અન્વયે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી, | (૧) ૧૬૪૩.

(૨) તે પેટે કેટલા એકમોના કેસ માંડવાળ કરવામાં આવ્યા, અને | (૨) ૧૬૪૩.

(૩) તે પેટે કેટલી માંડવાળ ફી વસુલ કરવામાં આવી? | (૩) રૂ. ૪,૬૮,૨૦૦/-.

વલસાડ જિલ્લામાં આદિમ જુથની છ પાયાની સુવિધાઓ

* ૨૩૧૭૬ શ્રી રમણલાલ પાટકર (ઉમરગામ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં બે નાણાંકીય વર્ષમાં વલસાડ જિલ્લામાં આદિમ જૂથની છ પાયાની સુવિધાઓના ઉત્કર્ષ માટે કોઈ પ્રોજેક્ટ અમલમાં મુકવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૨) કુલઃ- ૬૧૬ લાભાર્થીઓ |
| (૩) તે પાછળ વર્ષવાર કુલ કેટલો ખર્ચ થયેલ છે? | (૩) ૨૦૧૪-૧૫માં રૂ. ૨૫૨.૪૬ લાખ<br>૨૦૧૫-૧૬માં રૂ. ૮૬.૩૭ લાખ<br>કુલઃ ૩૩૮.૮૩ લાખ |

કચ્છ જિલ્લામાં છાપેલી કિંમત કરતાં વધારે કિંમત વસુલતા વેપારીઓ સામે કાર્યવાહી

* ૨૩૨૧૪ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પેકેટ ઉપર છાપેલી કિંમત કરતાં વધારે કિંમત વસુલ કરવા બાબતે કેટલા વ્યાપારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી, | (૧) ૩૮. |
| (૨) તે પેટે કેટલા એકમોના કેસ માંડવાળ કરવામાં આવ્યા, અને | (૨) ૩૮. |
| (૩) તે પેટે કેટલી માંડવાળ ફી વસુલ કરવામાં આવી? | (૩) રૂ. ૭૬,૦૦૦/-. |

પાલનપુર તાલુકાનાં અમરાપુર ગામમાં માટીપાળા બાંધવાનું આયોજન

* ૨૪૭૪૮ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર)તા. ૨૩-૩-૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૭૪૬૦(અગ્રતા-૭૮)ના અનુસંધાને : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાનાં મેડાગડા પંચાયતમાં આવતા અમરાપુર ગામના ખેડૂતોની જમીનમાં નજીકના રક્ષિત જંગલ વિસ્તારનું પાણી પૂર રૂપે આવવાથી મોટે પાયે થતું માટીનું ધોવાણ અટકાવવા માટે તા. ૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ માટીપાળા બાંધવાનું આયોજન શક્ય તેટલું જલદી પૂર્ણ કરવામાં આવનાર હતું તે હકીકત સાચી છે, | (૧) હા, જી. પરંતુ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકામાં મેડાગડા પંચાયત નથી પરંતુ પેડાગડા પંચાયત છે. |
| (૨) જો હા, તો તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ આ કામ કયા તબક્કે છે, અને | (૨) જિલ્લા કલેકટર, બનાસકાંઠાને દરખાસ્ત કરવામાં આવેલ છે. |
| (૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે? | (૩) શક્ય તેટલું જલદી. |

વલસાડ જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીઓ માટે સાયન્સ પ્રવાહની શાળાઓ

* ૨૩૧૮૪ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચતર માધ્યમિક સાયન્સ પ્રવાહની કેટલી નિવાસી શાળાઓ કાર્યરત છે, | (૧) ૧ (એક) |

## અતારાંકિત પ્રશ્નો

(૨) તે પૈકી કેટલી કુમાર તથા કન્યાની છે, અને — (૨) ૧ (એક) – કુમાર
૦ (શૂન્ય) – કન્યા

(૩) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ છે? — (૩) ૪૬– વિદ્યાર્થીઓ

### રાજ્યમાં સરકારી હોસ્ટેલ અને આશ્રમ શાળાઓમાં સોલર વોટર હીટીંગ સીસ્ટમો

* ૨૨૮૩૫ શ્રી પૂર્ણેશકુમાર મોદી (સુરત પશ્ચિમ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૫–૧૬માં રાજ્યમાં આદિજાતિ અને વન વિસ્તારોની કેટલી સરકારી હોસ્ટેલ અને આશ્રમ શાળાઓમાં સોલર વોટર હીટીંગ સીસ્ટમો કાર્યરત કરવાનું આયોજન છે કે કેમ, અને | (૧) ૨૨ – (બાવીસ) સરકારી છાત્રાલયોમાં |
| (૨) જો હા, તો તા. ૩૧–૦૧–૨૦૧૬ સુધીમાં તે પૈકી શી કામગીરી થયેલ છે? | (૨) ૨૨ – (બાવીસ) સરકારી છાત્રાલયોમાં કાર્યરત છે. |

### મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના હેઠળ ઉચ્ચ શિક્ષણ માટે સહાય

* ૨૪૪૭૩ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ સન ૨૦૧૫–૧૬ના વર્ષમાં માન. મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના અંતર્ગત કેટલા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી અને ઉક્ત સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓને આ રકમ ચુકવવાની બાકી છે? | ૮૬૩૩ વિદ્યાર્થીઓને રૂ. ૨૮૬૩.૨૮ લાખની સહાયની રકમ ચૂકવવામાં આવેલ છે અને ૧૭૬૬ વિદ્યાર્થીઓને રકમ ચુકવવાની બાકી છે. |

### પંચમહાલ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓની ઘટ

* ૨૩૦૪૪ શ્રી સી.કે.રાઉલજી (ગોધરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ આવેલી છે, અને | (૧) ૧૪૦૩. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી શાળાઓમાં કુલ કેટલા ઓરડાઓની ઘટ છે અને કેટલી શાળાઓમાં કેટલા ઓરડાઓ જર્જરીત છે કે બેસવાલાયક નથી, અને | (૨) ૩૦૬ શાળાઓમાં ૬૧૯ ઓરડાઓની ઘટ છે અને ૨૧૦ શાળાઓમાં ૫૧૧ ઓરડાઓ જર્જરીત છે કે બેસવાલાયક નથી. |
| (૩) આ ખુટતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે? | (૩) જેમ બને તેમ જલ્દી. |

### પાટણ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા

* ૨૩૨૨૩ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પાટણ જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સગવડ છે, અને કેટલી શાળાઓમાં આ સુવિધા આપવાની બાકી છે, અને | (૧) તમામ ૮૦૯ પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સગવડ છે. |
| (૨) ઉક્ત બાકી શાળાઓમાં આ સુવિધા ક્યારે પુરી પાડવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### બનાસકાંઠા જિલ્લામાં આર.ટી.ઈ. હેઠળ વિદ્યાર્થીઓને પ્રવેશ

* ૨૩૦૪૦ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ખાનગી પ્રાથમિક શાળાઓમાં કુલ કેટલા વિદ્યાર્થીઓએ ધોરણ–૧માં પ્રવેશ મેળવેલ છે,

જવાબ

(૧)

| તાલુકો | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ |
|---|---|---|
| અમીરગઢ | ૧૫૧ | ૧૩૩ |
| ભાભર | ૧૫૩ | ૧૫૯ |
| દાંતા | ૪૮૩ | ૫૭૦ |
| દાંતીવાડા | ૧૬૯ | ૧૩૫ |
| ડીસા | ૧૫૧૨ | ૧૭૯૩ |
| દીયોદર | ૧૬૫ | ૧૦૮ |
| ધાનેરા | ૮૫૩ | ૬૭૦ |
| કાંકરેજ | ૨૧૮ | ૨૨૬ |

| | | |
|---|---|---|
| પાલનપુર | ૩૪૬૮ | ૩૩૨૪ |
| થરાદ | ૩૮૭ | ૨૩૪ |
| વડગામ | ૧૦૮૫ | ૯૦૫ |
| વાવ | ૩૬ | ૩૫ |

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો, અને

(૨)

| તાલુકો | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ |
|---|---|---|
| અમીરગઢ | ૧૦ | ૧૦ |
| ભાભર | ૧૦ | ૧૫ |
| દાંતા | ૩૦ | ૪૦ |
| દાંતીવાડા | ૦૮ | ૨૦ |
| ડીસા | ૧૦૬ | ૧૩૦ |
| દીયોદર | ૧૦ | ૩૦ |
| ધાનેરા | ૩૦ | ૩૦ |
| કાંકરેજ | ૧૫ | ૩૦ |
| પાલનપુર | ૬૭ | ૧૫૦ |
| થરાદ | ૨૨ | ૩૦ |
| વડગામ | ૪૫ | ૫૫ |
| વાવ | ૦૫ | ૧૦ |

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તાલુકાવાર કેટલી ખાનગી પ્રાથમિક શાળાઓ રાઈટ ટુ એજ્યુકેશન એક્ટનો અમલ કરતી નથી અને તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) તમામ શાળાઓએ રાઈટ ટુ એજ્યુકેશન એક્ટનો અમલ કરેલ છે. આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### વલસાડ જિલ્લામાં રેશનકાર્ડ વિભાજન

* ૨૩૧૯૬ શ્રી કનુભાઈ દેસાઈ (પારડી) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વલસાડ જિલ્લામાં રેશનકાર્ડના વિભાજન અંગેની કેટલી અરજીઓ તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળી,

(૨) તે પૈકી કેટલા રેશનકાર્ડ આપવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને તેના કારણો શા છે ?

જવાબ

(૧) વલસાડ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રેશનકાર્ડના વિભાજન અંગેની કુલ-૪૬૨૨ અરજીઓ મળી.

(૨) તે પૈકી ૩૧૬૪ રેશનકાર્ડ આપવામાં આવ્યા.

(૩) ઉક્ત સ્થિતિએ કોઈ અરજી પડતર ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### દાહોદ જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ

* ૨૩૧૯૫ શ્રી વિંછીયાભાઈ ભુરીયા (લીમખેડા) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ માટે કેટલા ફોર્મ નં. ૧ ભરાઈને મળેલ હતા,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ થયેલ છે, અને બાકી કેટલા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ રેશનકાર્ડ વિતરણ બાકી રહેવાના કારણો શા છે ?

જવાબ

(૧) બારકોડેડ રેશનકાર્ડ માટે ફોર્મ નં. ૧ ભરવાની છેલ્લી તા. ૩૦-૯-૨૦૧૦ હતી. જેથી તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બારકોડેડ રેશનકાર્ડ માટે ફોર્મ નં. ૧ ભરાયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### મહેસાણા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં પાણી, શૌચાલય વીજ સુવિધાની સગવડો

* ૨૪૦૬૪ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ આવેલ છે,

જવાબ

(૧)

| તાલુકો | શાળાની સંખ્યા |
|---|---|
| બેચરાજી | ૭૬ |
| જોટાણા | ૪૧ |
| કડી | ૧૩૫ |
| ખેરાલુ | ૧૦૦ |
| મહેસાણા | ૧૫૫ |

| | |
|---|---|
| સતલાસણ | ૮૫ |
| ઉંઝા | ૭૦ |
| વડનગર | ૧૦૨ |
| વિજાપુર | ૧૩૦ |
| વિસનગર | ૧૦૯ |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી તાલુકાવાર કેટલી શાળાઓમાં પાણી, શૌચાલય અને વીજ સુવિધા ઉપલબ્ધ છે અને કેટલી શાળાઓમાં નથી, અને

(૨) તમામ શાળાઓમાં પાણી તથા વીજ સુવિધા ઉપલબ્ધ છે. શૌચાલયની સુવિધા ન હોય તેવી વિજાપુર તાલુકાની ૧ અને વડનગર તાલુકાની ૧ પ્રાથમિક શાળા છે.

(૩) ઉક્ત બાકી શાળાઓમાં કેટલા સમયમાં ઉક્ત સગવડો ઉપલબ્ધ કરવામાં આવશે ?

(૩) જેમ બને તેમ જલ્દી.

રાજકોટ જિલ્લામાં ખાદ્યતેલ અંગે દરોડા

* ૨૩૨૦૧ શ્રી પ્રવિણભાઈ માંકડીયા (ધોરાજી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં ખાદ્યતેલ અંગે કેટલા દરોડા પાડવામાં આવ્યા,

(૨) તેમાં કેટલી કિંમતનો કેટલો જથ્થો કબજે લેવામાં આવ્યો, અને

(૩) કેટલી કિંમતનો કેટલો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો ?

જવાબ

(૧) ૧ (એક)

(૨) નીચે મુજબનો જથ્થો કબજે લેવામાં આવ્યો.

| આ.ચી.વ.નું નામ | જથ્થો (કિલોમાં) | કિંમત (રૂ.) |
|---|---|---|
| સીંગતેલ લુઝ | ૨૨૫ | ૩૬,૦૦૦/– |
| તલતેલ | ૪૯૫ | ૮૯,૧૦૦/– |
| કુલ ખાદ્યતેલ | ૭૨૦ | ૧,૨૫,૧૦૦/– |

(૩) નીચે મુજબનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો.

| આ.ચી.વ.નું નામ | જથ્થો (કિલોમાં) | કિંમત (રૂ.) |
|---|---|---|
| સીંગતેલ લુઝ | ૨૨.૫૦૦ | ૩૬૦૦/– |
| તલતેલ | ૪૯.૫૦૦ | ૮૯૧૦/– |
| કુલ ખાદ્યતેલ | ૭૨.૦૦ | ૧૨,૫૧૦/– |

મોરબી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વીજળીની સુવિધા

* ૨૩૨૨૨ શ્રી બાવનજી મેતલીયા (ટંકારા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મોરબી જિલ્લાની કેટલી પ્રાથમિક શાળાઓ વીજ સુવિધાઓ ધરાવે છે, અને કેટલી શાળાઓ વીજ સુવિધાથી વંચિત છે, અને

(૨) ઉક્ત બાકી શાળાઓમાં આ સુવિધા ક્યારે પુરી પાડવામાં આવશે ?

જવાબ

(૧) વીજ સુવિધા ધરાવતી શાળા – ૫૮૭
વીજ સુવિધાથી વંચિત શાળા – ૮

(૨) જેમ બને તેમ જલ્દી.

અમદાવાદ શહેર અને જિલ્લામાં ગુણોત્સવ પાછળ ખર્ચ

* ૨૪૮૯૫ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરીયાપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં ગુણોત્સવ પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યા,

(૨) ગુણોત્સવ દરમ્યાન શાળાઓમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોની શૈક્ષણિક ગુણવત્તામાં મુખ્યત્વે શી ખામીઓ જોવા મળી, અને

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી શાળાને ક્યા ગ્રેડ અપાયા ?

જવાબ

(૧)

| ગુણોત્સવ પાછળ વર્ષવાર થયેલ ખર્ચ | | |
|---|---|---|
| વર્ષ | શહેર | જિલ્લો |
| ૨૦૧૪–૧૫ | ૨૯,૨૧૬/– | ૧,૧૯,૭૮૭/– |
| ૨૦૧૫–૧૬ | ૩૬,૭૫૦/– | ૧,૯૭,૭૩૦/– |

(૨) વિદ્યાર્થીઓમાં વાંચન, લેખન, અને ગણનની ખામીઓ જોવા મળી.
શિક્ષકોની ગુણવત્તામાં કોઈ ખામી જોવા મળી નથી.

(૩)

| વર્ષ | શાળાની સંખ્યા ગ્રેડ | | | | |
|---|---|---|---|---|---|
| | એ + | એ | બી | સી | ડી |
| ૨૦૧૪–૧૫ | ૧૪ | ૪૦૬ | ૫૬૬ | ૧૮૪ | ૧૭૪ |

## અતારાંકિત પ્રશ્નો

| ૨૦૧૫-૧૬ | પરિણામ જાહેર થયેલ નથી. |
|---|---|

### સુરત જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા પેકેટ સ્વરૂપે ઉત્પાદન કરતા એકમોની તપાસ

* ૨૩૨૧૨ શ્રી હર્ષ સંઘવી (મજુરા) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સુરત જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પેકેટ બનાવતા કેટલા ઉત્પાદકોની સામે પેકેટમાં ઓછું વજન આપવા બાબતે શી કાર્યવાહી કરવામાં આવી,

(૨) તે પેટે કેટલા એકમોના કેસ માંડવાળ કરવામાં આવ્યા, અને

(૩) તે પેટે કેટલી માંડવાળ ફી વસુલ કરવામાં આવી?

જવાબ

(૧) ૩૬ એકમો સામે નેટ કન્ટેન્ટ ઓછું આપવા અંગેની તપાસણી કરવામાં આવી.

(૨) તપાસેલ એકમોના પેકેટમાં ઓછા વજન બાબતે કોઈ ગેરરીતિ માલુમ પડેલ ન હોવાથી કઈ એકમ સામે કેસ માંડવાળ કરવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### અરવલ્લી જિલ્લામાં રમતગમતના મેદાનો વગરની પ્રાથમિક શાળાઓ

* ૨૩૦૫૦ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી અને ખાનગી પ્રાથમિક શાળાઓમાં રમત-ગમતના મેદાન નથી,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં રમત-ગમતના મેદાનો બનાવવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેતી સરકારી પ્રાથમિક શાળાઓમાં રમત-ગમતના મેદાનો ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?

જવાબ

(૧)

| રમત-ગમતના મેદાનો વગરની પ્રાથમિક શાળાઓ | | | |
|---|---|---|---|
| ક્રમ | તાલુકો | સરકારી શાળા | ખાનગી શાળા |
| ૧ | મોડાસા | ૪૯ | ૦૭ |
| ૨ | માલપુર | ૨૧ | ૦૨ |
| ૩ | મેઘરજ | ૩૭ | ૦૪ |
| ૪ | બાયડ | ૫૯ | ૦૧ |
| ૫ | ધનસુરા | ૨૦ | ૦૨ |
| ૬ | ભિલોડા | ૪૬ | ૦૫ |

(૨) એક પણ નહિં.

(૩) જમીન ઉપલબ્ધ થયેથી.

### નર્મદા જિલ્લામાં રાહતદરે ચીજવસ્તુઓનું વિતરણ

* ૨૩૧૯૦ શ્રી મોતીલાલ વસાવા (દેડિયાપાડા) : માનનીય અન્ન અને નાગિરક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) નર્મદા જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે કેટલા ઘઉં, ચોખા, ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું તેમજ ખાદ્યતેલનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા ભાવે વિતરણ કરવામાં આવ્યું?

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાહતદરે નીચે મુજબ વિતરણ કરવામાં આવેલ છે.

| અ.નં. | જન્સી | વિતરણ કરવામાં આવેલ જથ્થો (આંકડા મે. ટનમાં) |
|---|---|---|
| ૧ | ઘઉં | ૨૪૦૬૫.૦૦ |
| ૨ | ચોખા | ૧૦૫૪૮.૦૦ |
| ૩ | ખાંડ | ૧૭૯૯.૨૮ |
| ૪ | આયોડીનયુક્ત મીઠું | ૧૧૬૫.૮૯ |
| ૫ | કપાસીયા તેલ | ૧૪૩૨૨૦.૦૦ (૧ લીટરના પાઉચ) |

(૨) તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબના પ્રતિ કિલો/લીટર ના ભાવે વિતરણ કરવામાં આવેલ છે.

| અ.નં. | જન્સી | ભાવ (પ્રતિ કિલો / લીટર રૂ. પૈસા.) |
|---|---|---|
| ૧ | એએવાય-બીપીએલ ઘઉં | ૨.૦૦ |
| ૨ | એએવાય-બીપીએલ ચોખા | ૩.૦૦ |

| | | |
|---|---|---|
| ૩ | એએવાય–બીપીએલ ખાંડ | ૧૩.૫૦ |
| ૪ | એએવાય–બીપીએલ આયોડીનયુક્ત મીઠું | ૧.૦૦ |
| ૫ | એએવાય–બી.પી.એલ. (કપાસીયા તેલ) | ૪૩.૦૦ (પ્રતિ લીટર) |
| ૬ | બીપીએલ સ્પે. ઘઉં (તા. ૧–૧–૧૫ થી ૩૦–૪–૧૫) | ૭.૭૦ |
| | (તા. ૧–૫–૧૫ થી ૩૧–૧૨–૧૫) | ૭.૩૦ |
| ૭ | બીપીએલ સ્પે. ચોખા | ૭.૨૦ |
| ૮ | એપીએલ ઘઉં | ૭.૭૦ |
| ૯ | એપીએલ ચોખા (તા. ૧–૧–૧૫ થી ૩૧–૩–૧૫) | ૧૦.૧૦ |

સુરત જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓ

* ૨૩૧૫૩ શ્રી જનક કાછડિયા (કરંજ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સુરત જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલી નિવાસી શાળાઓ કાર્યરત છે,

(૨) તે પૈકી કેટલી કુમાર તથા કન્યાની છે,

(૩) ઉકત સ્થિતિએ તેમાં કેટલાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે, અને

(૪) આ શાળાના બાળકોને મુખ્યત્વે શું સવલતો આપવામાં આવે છે ?

જવાબ

(૧) ૪ (ચાર).

(૨) ૪ – કુમાર
૦– કન્યા

(૩) ૪૮૫ – વિદ્યાર્થીઓ

(૪) રહેવા જમવા અને અભ્યાસ માટે જરૂરી પાઠ્યપુસ્તકો, સ્ટેશનરી, ગણવેશ તેમજ બુટ મોજા વિગેરે તમામ સુવિધા વિના મુલ્યે પુરી પાડવામાં આવે છે.

વડોદરા જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર

* ૨૩૨૨૮ શ્રી કેતન ઈનામદાર (સાવલી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વડોદરા જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કેટલા હેક્ટરમાં કરવામાં આવેલ છે,

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

જવાબ

(૧) વર્ષ ૨૦૧૪–૧૫માં ૮.૦૦ હેક્ટર અને ૨૦૧૫–૧૬ માં તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં ૧૫.૦૦ હેક્ટર

(૨) રૂ. ૨૨.૯૫/-લાખ.

દાહોદ જિલ્લામાં સરકારી ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક/માધ્યમિક શાળાઓ

* ૨૪૬૫૨ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) દાહોદ જિલ્લામાં સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ આવેલી છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી નવી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી માધ્યમિક શાળાઓની મંજુરી આપવામાં આવી ?

જવાબ

(૧)

| | સરકારી | ગ્રાન્ટેડ | ખાનગી |
|---|---|---|---|
| પ્રાથમિક | ૧૬૫૨ | ૨૪ | ૧૦૪ |
| માધ્યમિક | ૨૪ | ૧૯૬ | ૮૬ |

(૨)

| | વર્ષ–૨૦૧૪ | | | વર્ષ–૨૦૧૫ | | |
|---|---|---|---|---|---|---|
| | સરકારી | ગ્રાન્ટેડ | ખાનગી | સરકારી | ગ્રાન્ટેડ | ખાનગી |
| પ્રાથમિક | ૦૦ | ૦૦ | ૧૮ | ૧૫ | ૦૦ | ૨૧ |
| માધ્યમિક | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૩ |

રાજ્યમાં ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડેન્સીયલ એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુશનલ સોસાયટી સંચાલિત શાળાઓ

* ૨૩૧૬૯ ડૉ. ટી. ડી. માણીયા (બોટાદ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ રાજ્યમાં સ્ટેટ ગુજરાત ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડેન્સીયલ એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુશનલ સોસાયટી સંચાલિત કેટલી શાળાઓ કયા જિલ્લામાં કાર્યરત છે ?

જવાબ

(૧)

| | | |
|---|---|---|
| ૧ | અરવલ્લી | ૩ |
| ૨ | બનાસકાંઠા | ૯ |
| ૩ | છોટા ઉદેપુર | ૧૯ |
| ૪ | દાહોદ | ૧૩ |

| | | |
|---|---|---|
| ૫ | ડાંગ | ૮ |
| ૬ | ગીર સોમનાથ | ૧ |
| ૭ | મહિસાગર | ૫ |
| ૮ | નર્મદા | ૪ |
| ૯ | નવસારી | ૧ |
| ૧૦ | પંચમહાલ | ૩ |
| ૧૧ | સાબરકાંઠા | ૪ |
| ૧૨ | સુરત | ૧ |
| ૧૩ | તાપી | ૬ |
| ૧૪ | વડોદરા | ૨ |
| ૧૫ | વલસાડ | ૬ |
| | કુલ | ૮૫ |

ખંભાલીયા તથા ભાણવડ તાલુકામાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ

* ૨૪૯૦૪ શ્રી મેરામણભાઈ આહિર (ખંભાલીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખંભાલીયા અને ભાણવડ તાલુકાની કઈ પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડાની ઘટ છે, અને | (૧) *પત્રક મુજબ |
| (૨) ઉક્ત ઘટ પુરી કરવા ઓરડાઓ ક્યાં સુધીમાં બાંધવામાં આવનાર છે ? | (૨) જેમ બને તેમ જલ્દી. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

ભાવનગર જિલ્લામાં ઈકો ટુરિઝમ

* ૨૩૧૬૩ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ઈકો ટુરીઝમના વિકાસ માટેની યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના ક્યા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને | (૨) વેળાવદર, હાથબ, કુડા તથા કોળીયાક |
| (૩) તે પાછળ તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) |

| અ.નં. | વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૪–૧૫ | ૨૨.૬૯ |
| ૨ | ૨૦૧૫–૧૬ (ડિસેમ્બર–૨૦૧૫ અંતિત) | ૦૦.૦૦ |
| | કુલ | ૨૨.૬૯ |

બનાસકાંઠા જિલ્લામાં રાહતદરે ચીજવસ્તુઓનું વિતરણ

* ૨૩૧૮૯ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય નાગિરક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે કેટલા ઘઉં, ચોખા, ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું તેમજ ખાદ્યતેલનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાહતદરે નીચે મુજબ વિતરણ કરવામાં આવ્યું. |

| ક્રમ | જન્સી | વિતરણ કરેલ જથ્થો |
|---|---|---|
| ૧ | ઘઉં | ૮૯૪૪૧ મે. ટન |
| ૨ | ચોખા | ૨૯૦૧૬ મે. ટન |
| ૩ | ખાંડ | ૫૦૪૭ મે. ટન |
| ૪ | આયોડીનયુક્ત મીઠું | ૨૯૭૦ મે. ટન |
| ૫ | કપાસીયા તેલ (નંગ પાઉચ એક લીટર) | ૪૦૬૬૩૯ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) કયા ભાવે વિતરણ કરવામાં આવ્યું? | (૨) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબના પ્રતિ કિલો/લીટર ના ભાવે વિતરણ કરવામાં આવેલ છે. |

## તા. ૧૪મી માર્ચ, ૨૦૧૬
## અતારાંકિત પ્રશ્નો

| અ.નં. | જન્સી | ભાવ (પ્રતિ કિલો / લીટર રૂ. પૈસા.) |
|---|---|---|
| ૧ | એએવાય-બીપીએલ ઘઉં | ૨.૦૦ |
| ૨ | એએવાય-બીપીએલ ચોખા | ૩.૦૦ |
| ૩ | એએવાય-બીપીએલ ખાંડ | ૧૩.૫૦ |
| ૪ | એએવાય-બીપીએલ આયોડીનયુક્ત મીઠું | ૧.૦૦ |
| ૫ | એએવાય-બી.પી.એલ. કપાસીયા તેલ | ૪૩.૦૦ (પ્રતિ લીટર) |
| ૬ | બીપીએલ સ્પે. ઘઉં (તા. ૧-૧-૧૫ થી ૩૦-૪-૧૫) | ૭.૭૦ |
| | (તા. ૧-૫-૧૫ થી ૩૧-૧૨-૧૫) | ૭.૩૦ |
| ૭ | બીપીએલ સ્પે. ચોખા | ૭.૨૦ |
| ૮ | એપીએલ ઘઉં | ૭.૭૦ |
| ૯ | એપીએલ ચોખા | ૧૦.૧૦ (તા. ૧-૧-૧૫ થી ૩૧-૩-૧૫) |

### પલસાણા તાલુકામાં અંત્યોદય યોજના હેઠળ અનાજનું વિતરણ

* ૨૩૧૯૯ શ્રી ઈશ્વરભાઈ પરમાર (બારડોલી) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) પલસાણા તાલુકામાં અંત્યોદય યોજનામાં તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા અનાજનું વિતરણ કરવામાં આવ્યું,

(૨) કયા ભાવે વિતરણ કરવામાં આવ્યું, અને

(૩) કેટલા લાભાર્થીઓને અનાજ વિતરણ કરવામાં આવ્યુ?

જવાબ

(૧) પલસાણા તાલુકામાં અંત્યોદય યોજનામાં તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં

| | | |
|---|---|---|
| ૧. | ઘઉં | ૩૬૦ મે. ટન |
| ૨. | ચોખા | ૩૦૬ મે. ટન |
| | કુલ | ૬૬૬ મે. ટન |

અનાજનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં

૧ ઘઉં પ્રતિકિલો રૂ. ૨.૦૦

૨ ચોખા પ્રતિકિલો રૂ. ૩.૦૦ ના ભાવે

વિતરણ કરવામાં આવેલ છે.

(૩) માસિક સરેરાશ ૧૬૪૬ લાભાર્થીઓને વિતરણ કરવામાં આવેલ છે.

### આણંદ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓની ઘટ

* ૨૩૩૦૩ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ આવેલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી શાળાઓમાં કુલ કેટલા કેટલા ઓરડાઓની ઘટ છે અને કેટલી શાળાઓમાં કેટલા ઓરડાઓ જર્જરીત છે કે બેસવાલાયક નથી, અને

(૩) આ ખુટતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

જવાબ

(૧) ૧૦૫૩

(૨) ૨૨૫ શાળાઓમાં ૫૧૦ ઓરડાઓની ઘટ છે અને ૧૭૦ શાળાઓમાં ૬૦૨ ઓરડાઓ જર્જરીત છે કે બેસવાલચક નથી.

(૩) જેમ બને તેમ જલ્દી.

### માંડવી તાલુકામાં જંગલની જમીન ખેડતા ખેડૂતોની અરજીઓ

* ૨૩૭૭૮ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વન અધિકાર અધિનિયમ અન્વયે સુરત જિલ્લાના માંડવી તાલુકામાં

જવાબ

(૧) એક પણ નહીં

જંગલની જમીન ખેડતા કેટલા ખેડૂતોની સનદ મેળવવા કુલ કેટલી અરજીઓ આવી.

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ મંજુર કરી સનદ આપી, અને

(૩) ઉકત સ્થિતિએ બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરી સનદ આપવામાં આવશે?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

મહીસાગર જિલ્લામાં સ્વચ્છતા કીટની ખરીદી

* ૨૩૪૧૨ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાશિનોર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી મહીસાગરએ છેલ્લા એક વર્ષમાં કેટલી સ્વચ્છતા કીટની શા ભાવે ખરીદી કરી,

(૨) ઉકત સ્થિતિએ આ ખરીદી કરવાની સત્તા કોને છે, અને આ ખરીદી કરેલ કીટની હલકા પ્રકારની ગુણવત્તાની શી ચકાસણી કરવામાં આવેલ છે, અને

(૩) જો ઉકત કીટની હલકી કક્ષા કે નબળી ગુણવત્તા હોય તો તેની ખરીદી અન્વયે સરકાર જવાબદાર સામે શા પગલાં લેવા માગે છે ?

જવાબ

(૧) જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી મહીસાગરએ છેલ્લા એક વર્ષમાં સ્વચ્છતા કીટની ખરીદી કરેલ નથી.

(૨) આ ખરીદી કરવાની સત્તા શાળા વ્યવસ્થાપન સમિતિને છે. કીટની ખરીદી થયેલ ન હોઈ ચકાસણી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અમદાવાદ જિલ્લામાં ઈકો ટુરિઝમ

* ૨૩૧૬૪ શ્રી રજનીકાંત પટેલ (અસારવા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ઈકો ટુરિઝમના વિકાસ માટેની યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના કયા સ્થળો પસંદ કરવામાં આવેલ છે. અને

(૩) તે પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે?

જવાબ

(૧) હા, જી.

(૨) નળસરોવર પક્ષી અભ્યારણ્ય

(૩)

| અ. નં. | વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૪–૧૫ | ૫૬.૦૨ |
| ૨ | ૨૦૧૫–૧૬ (ડિસે.૨૦૧૫ અંતિત) | ૮૦.૨૯ |
| | કુલ | ૧૩૬.૩૧ |

નસવાડી તાલુકાના મોઘલા ગામે માધ્યમિક શાળા

* ૨૪૩૩૮ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં નસવાડી તાલુકાના મોઘલા ગામે માધ્યમિક શાળા શરૂ કરવાની મંજૂરી ક્યારે આપવામાં આવી,

(૨) આ શાળાને ગ્રાન્ટેડ કરવા માટે કેટલી વાર દરખાસ્ત સરકારમાં મળી,

(૩) ઉકત સ્થિતિએ આ મળેલ દરખાસ્ત અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ?

જવાબ

(૧) જુન–૨૦૦૨ થી.

(૨) આ શાળાને ગ્રાન્ટેડ કરવા માટે સરકારમાં બે વાર દરખાસ્ત મળી.

(૩) આ શાળાને ગ્રાન્ટેડ કરવાની મંજૂરી આપવામાં આવેલ નથી.

સાબરકાંઠા જિલ્લામાં કોલેજો

* ૨૪૨૯૨ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા(પ્રાંતિજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કેટલી સાયન્સ કોલેજ આવેલ છે, અને

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉકત જિલ્લામાં કેટલી સરકારી સાયન્સ કોલેજો અને કેટલી ખાનગી સાયન્સ કોલેજોને મંજૂરી આપવામાં આવી ?

જવાબ

(૧) ૭ (સાત).

(૨) સરકારી–એકપણ નહી.
ખાનગી–૩ (ત્રણ).

તાપી જિલ્લામાં ડેરી વિકાસ યોજના

## અતારાંકિત પ્રશ્નો

* ૨૩૧૭૫ શ્રી મોહનભાઈ ઢોડીયા (મહુવા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાપી જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ગરીબ આદિવાસી કુંટુંબોને ગરીબી રેખાથી બહાર લાવવાના હેતુ થી ડેરી વિકાસ યોજનાનો અમલ કરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં મુખ્યત્વે કયા પ્રકારની સવલતો લાભાર્થીને આપવામાં આવે છે, અને | (૨) દુધાળા પશુઓની સાથે પશુ વિમો, વાસણ કીટ, પશુ ખાણદાણ, પશુ સારવાર, તાલીમ અને પશુ ટ્રાન્સપોર્ટેશન. |
| (૩) તે અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવેલ છે? | (૩) ૨૬૨૨ લાભાર્થી. |

### રાજ્યમાં ખાદ્ય સુરક્ષા અધિનિયમનો અમલ

* ૨૪૬૩૬ શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમનું ગુજરાત રાજ્યમાં અમલીકરણ તા.૧–૧–૧૬ ની સ્થિતિએ ન થવાના કારણો શા છે, અને<br>(૨) ઉકત અધિનિયમનું રાજ્યમાં અમલીકરણ કયારથી કરવાનું આયોજન છે? | (૧) અને (૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ના અમલ માટે અગ્રતા ધરાવતા કુટુંબોની ઓળખ કરવા સોસીયો ઈકોનોમીક કાસ્ટ સેન્સસ–૨૦૧૧ ના ડેટાનો આધાર લેવાનું સરકારશ્રીએ નક્કી કરેલ હતું. અગ્રતા ધરાવતા કુટુંબોની સોસીયો ઈકોનોમીક કાસ્ટ સેન્સસ–૨૦૧૧ હેઠળ આખરી યાદી જુન–૨૦૧૫ માં પ્રાપ્ત થયેલ, તે આધારે હયાત રેશનકાર્ડ ધારકોનું મેપીંગ કરવા માટે ડોર ટૂ ડોર સર્વેની કામગીરી કરવામાં આવી હતી. તે પછી યાદીઓની પ્રસિધ્ધિ ગ્રામસભામાં કરી ૧ લી એપ્રિલ ૨૦૧૬ થી અમલ કરવાનું નક્કી કરેલ છે. |

### સુરત જિલ્લામાં અંત્યોદય કાર્ડ ધારકોને ચીજવસ્તુઓનું વિતરણ

* ૨૩૨૦૮ શ્રી મુકેશભાઈ પટેલ (ઓલપાડ) : માનનીય અન્ન અને નાગિરક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અંત્યોદય કાર્ડ ધારકોને કઈ ચીજ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું, | (૧) સુરત જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અંત્યોદય કાર્ડ ધારકોને ઘઉં, ચોખા, ખાંડ, કપાસીયા તેલ, ઓયોડીનયુકત મીઠું, કેરોસીનનું વિતરણ કરવામાં આવેલ છે. |
| (૨) કયા ભાવે વિતરણ કરવામાં આવ્યું, અને | (૨) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબ વિતરણ કરવામાં આવેલ છે. |

| ક્રમ | જન્સી | ભાવ રૂ.– પૈસા (પ્રતિકિલો/ લીટર) |
|---|---|---|
| ૧ | ઘઉં | ૨.૦૦ |
| ૨ | ચોખા | ૩.૦૦ |
| ૩ | ખાંડ | ૧૩.૫૦ |
| ૪ | કપાસીયા તેલ (૧ લી. પાઉચ) | ૪૩.૦૦ (પ્રતિ લીટર) |
| ૫ | આયોડીનયુક્ત મીઠું | ૧.૦૦ |
| ૬ | કેરોસીન | ૧૪.૯૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) કેટલું વિતરણ કરવામાં આવ્યું? | (૩) તા. ૧–૧–૧૫ થી ૩૧–૧૨–૧૫ સુધીમાં અંત્યોદય કાર્ડ ધારકોને નીચે મુજબ ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવેલ છે. |

| ક્રમ | જન્સી | વિતરણ (મે.ટન) |
|---|---|---|
| ૧ | ઘઉં | ૭૫૫૯ |
| ૨ | ચોખા | ૬૩૭૯ |
| ૩ | ખાંડ | ૭૦૯ |
| ૪ | કપાસીયા તેલ | ૬૨ |
| ૫ | આયોડીનયુક્ત મીઠું | ૩૦૮ |
| ૬ | કેરોસીન(કિલો લીટર) | ૨૦૪૭ |

### જામનગર શહેર અને જિલ્લામાં આર. ટી. ઈ. હેઠળ વિદ્યાર્થીઓને ધોરણ–૧ માં પ્રવેશ

* ૨૪૨૦૨ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

## અતારાંકિત પ્રશ્નો

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર શહેર અને જિલ્લામાં ખાનગી પ્રાથમિક શાળાઓમાં કુલ કેટલા વિદ્યાર્થીઓએ ધોરણ-૧માં પ્રવેશ મેળવેલ છે,

(૨) તે અન્વયે ઉકત વર્ષવાર રાઈટ ટુ એજ્યુકેશન એકટ હેઠળ કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો, અને

(૩) ઉકત સ્થિતિએ વર્ષવાર કેટલી ખાનગી પ્રાથમિક શાળાઓએ રાઈટ ટુ એજ્યુકેશન એકટનો અમલ કરેલ નથી અને તે અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ?

જવાબ

(૧)

| વર્ષ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ |
|---|---|---|
| શહેર | ૧૫૨૩૫ | ૧૬૦૩૬ |
| ગ્રામ્ય | ૮૩૩૪ | ૧૦૦૨૬ |

(૨)

| વર્ષ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ |
|---|---|---|
| શહેર | ૧૭૮ | ૫૪૯ |
| ગ્રામ્ય | ૨૫૧ | ૪૦૮ |

(૩) તમામ શાળાઓએ રાઈટ ટુ એજ્યુકેશન એકટનો અમલ કરેલ છે.

### ખેડા અને આણંદ જિલ્લામાં સરકારી પ્રથમિક શાળાઓમાં મહેકમ

* ૨૨૯૯૭ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોનું મંજુર મહેકમ કેટલું છે,

(૨) ઉકત સ્થિતિએ તે અન્વયે શિક્ષકોની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉકત સ્થિતિએ શિક્ષકોની ઉકત ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?

જવાબ

(૧)

| ખેડા જિલ્લો | | આણંદ જિલ્લો | |
|---|---|---|---|
| તાલુકો | મંજુર મહેકમ | તાલુકો | મંજુર મહેકમ |
| નડિયાદ | ૧૨૭૦ | આણંદ | ૧૩૪૬ |
| મહુધા | ૫૩૭ | ઉમરેઠ | ૭૨૭ |
| કઠલાલ | ૧૦૦૪ | બોરસદ | ૧૪૦૭ |
| કપડવંજ | ૧૩૦૨ | આંકલાવ | ૬૬૮ |
| ઠાસરા | ૧૪૬૧ | પેટલાદ | ૯૬૬ |
| મહેમદાવાદ | ૧૧૨૧ | સોજીત્રા | ૪૦૪ |
| ખેડા | ૫૦૪ | ખંભાત | ૯૯૮ |
| માતર | ૬૮૪ | તારાપુર | ૩૬૬ |

(૨)

| ખેડા જિલ્લો | | આણંદ જિલ્લો | |
|---|---|---|---|
| તાલુકો | ખાલી જગ્યાઓ | તાલુકો | ખાલી જગ્યાઓ |
| નડિયાદ | ૦૪ | આણંદ | ૧૩ |
| મહુધા | ૪૧ | ઉમરેઠ | ૧૩ |
| કઠલાલ | ૦૫ | બોરસદ | ૩૬ |
| કપડવંજ | ૦૦ | આંકલાવ | ૧૩ |
| ઠાસરા | ૦૬ | પેટલાદ | ૨૦ |
| મહેમદાવાદ | ૨૪ | સોજીત્રા | ૧૧ |
| ખેડા | ૩૬ | ખંભાત | ૬૮ |
| માતર | ૮૧ | તારાપુર | ૧૬ |

(૩) જેમ બને તેમ જલ્દી

### અમરેલી અને જૂનાગઢ જિલ્લામાં વૃક્ષોની ગેરકાયદેસર કાપણી

* ૨૩૬૬૯ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી અને જુનાગઢ જિલ્લામાં કેટલા વૃક્ષો ગેરકાયદેસર રીતે કપાયેલ નોંધાયા/પકડાયા,

જવાબ

(૧)

| અ.નં. | જિલ્લો | ૧-૧-૧૪ થી ૩૧-૧-૧૫ વૃક્ષોની સંખ્યા | ૧-૧-૧૫ થી ૩૧-૧-૧૬ વૃક્ષોની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | અમરેલી | ૭૮ | ૬૬ | ૧૪૪ |
| ૨ | જૂનાગઢ | ૧૯૮ | ૪૪ | ૨૪૨ |
| | કુલ | ૨૭૬ | ૧૧૦ | ૩૮૬ |

(૨) તે અન્વયે કેટલા ઈસમો સામે શી કાર્યવાહી કરી, અને

(૨) ઉપરોક્ત ગુન્હામાં સંડોવાયેલ કુલ ૧૪૫ ઈસમો સામે નિયમોનુસાર કાર્યવાહી કરી રૂ. ૨,૯૫,૨૧૦/- નો દંડ વસુલ કરવામાં આવેલ છે.

(૩) આ કપાયેલા વૃક્ષોની અંદાજીત કિંમત કેટલી છે ?

(૩) રૂ. ૨,૮૧,૮૬૦/-

સુરત જિલ્લામાં ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડેન્સીયલ એજ્યુકેશનલ ઈન્સ્ટીટયુશનલ સોસાયટી સંચાલિત શાળાઓ

* ૨૩૧૮૯ શ્રી કિશોર કાનાણી (વરાછા રોડ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડેન્સીયલ એજ્યુકેશનલ ઈન્સ્ટીટયુશનલ સોસાયટી સંચાલિત સુરત જીલ્લામાં કેટલી શાળાઓ કયા સ્થળે કાર્યરત છે,

(૧) ૧ (એક) શાળા, મુ.મો.તા. તા. બારડોલી ખાતે કાર્યરત છે.

(૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, અને તેઓને મુખ્યત્વે શું સગવડો આપવામાં આવે છે, અને

(૨) ૪૮૦ વિદ્યાર્થીઓને તેઓને મુખ્યત્વે, મફત શિક્ષણ, રહેવા જમવાની સગવડ ઉપરાંત તમામ શૈક્ષણિક સુવિધાઓ, ગણવેશ પાઠ્યપુસ્તકો, સ્ટેશનરી, પરીક્ષા ફી, પ્રવાસ, ભૌતિકસાધનો, રમતગમત તથા, સંગીતના સાધનો, આરોગ્યલક્ષી સુવિધા, વિવિધ પ્રકારની તાલીમ તથા અન્ય દૈનિક જરૂરીયાતોની સુવિધાઓ આપવામાં આવે છે.

(૩) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩) રૂ. ૫૩૭ લાખ.

અમદાવાદ જિલ્લામાં ઈકો ટુરીઝમ

* ૨૩૧૫૭ શ્રી જગરૂપસિંહ રાજપૂત (બાપુનગર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ઈકો ટુરિઝમના વિકાસ માટેની યોજના અમલમાં છે કે કેમ,

(૧) હા જી.

(૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના કયા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને

(૨) નળસરોવર પક્ષી અભ્યારણ્ય.

(૩) તે પાછળ તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે?

(૩)

| અ.નં. | વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૪-૧૫ | ૫૬.૦૨ |
| ૨ | ૨૦૧૫-૧૬ ડિસેમ્બર ૨૦૧૫ અંતિત) | ૮૦.૨૯ |
| | કુલ | ૧૩૬.૩૧ |

રાજ્યમાં અભ્યારણ્યો

* ૨૩૧૬૮ શ્રી જીતેન્દ્ર વાઘાણી (ભાવનગર પશ્ચિમ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કેટલા અભયારણ્યો છે, અને

(૧) ૨૩.

(૨) તેમાં મુખ્યત્વે કયા પ્રકારના વન્ય પ્રાણીઓ જોવા મળે છે ?

(૨) સિંહ, દિપડા, ઘુડખર, ઘોરાડ, સમુદ્રજીવો, યાયાવર પક્ષીઓ વગેરે તેમજ દુર્લભ જીવ સૃષ્ટિ સહિતના વિવિધ જીવો.

ગીર સોમનાથ જિલ્લામાં કેમ્પ કર્યા વગર બદલી

* ૨૪૧૦૦ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં પ્રાથમિક શિક્ષકોની બદલી જે તે જીલ્લા કક્ષાએ કેમ્પ કરીને કરવાની થાય છે તે સાચી છે,

(૧) હા જી.

(૨) જો હા, તો ઉક્ત જોગવાઈ હોવા છતાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, ગીર સોમનાથ દ્વારા કેમ્પ કર્યા વગર તા. ૮–૧–૨૦૧૬ અને તા. ૧૮–૧–૨૦૧૬ના રોજ પ્રાથમિક શિક્ષકોના બદલીના હુકમો કરેલ છે તે સાચી છે, અને

(૨) હા.

(૩) જો હા, તો આ બદલીઓ કરવાના શા કારણો છે અને તે અન્વયે જવાબદાર વ્યક્તિ/વ્યક્તિઓ સામે સરકારે શા પગલાં લીધાં ?

(૩) શિક્ષકોની માંગણી ધ્યાને લઈ બદલી રદ કરવા તા. ૨૪–૨–૧૬થી સૂચના આપેલ છે, જવાબદારને તા. ૨૪–૨–૧૬થી કારણદર્શક નોટીસ આપેલ છે.

### જામનગર જિલ્લામાં ઈકો ટુરીઝમ

* ૨૩૨૩૩ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ઈકો ટુરિઝમના વિકાસ માટેની યોજના અમલમાં છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના કયા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને

(૨) નરારા તથા ખીજડીયા.

(૩) તે પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે?

(૩)

| અ.નં. | વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૪ | ૧૭.૮૭ |
| ૨ | ૨૦૧૫ | ૩૫.૨૯ |
| | કુલ | ૫૩.૧૬ |

### તાપી જિલ્લામાં ચેકડેમ અને વન તલાવડી

* ૨૩૨૨૯ શ્રી રણજીતભાઈ ગીલીટવાલા (સુરત પૂર્વ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તાપી જિલ્લામાં વન વિભાગ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા ચેકડેમ અને વન તલાવડી બનાવવામાં આવેલ છે, અને

(૧) વર્ષ ૨૦૧૪–૧૫ માં ૭ ચેકડેમ અને ૩૧ વનતલાવડી અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ૩ ચેકડેમ અને ૧ વન તલાવડી.

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨) રૂ. ૭૪.૦૬ લાખ.

### મહિસાગર જિલ્લામાં વન બંધુ કલ્યાણ યોજના હેઠળ દૂધ સંજીવની યોજનાના લાભાર્થી બાળકો

* ૨૩૧૮૫ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) મહિસાગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના ધોરણે ૧ થી ૮ના પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને દૂધ સંજીવનીનો લાભ આપવામાં આવે છે, તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં કેટલા બાળકોને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) ૫૦,૬૧૦ બાળકોને.

(૩) તે અન્વયે તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩) રૂ. ૬૦૩.૧૪ લાખ.

### રાજ્યમાં રાષ્ટ્રીય ઉદ્યાનો

* ૨૩૨૩૧ શ્રીમતી વિભાવરીબેન દવે (ભાવનગર પૂર્વ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કયા પ્રકારના રાષ્ટ્રીય ઉદ્યાનો છે, અને

(૧) "રાષ્ટ્રીય ઉદ્યાનોના અલગ અલગ પ્રકારો હોતા નથી."

(૨) તે ક્યાં આવેલ છે અને તેમાં મુખ્યત્વે કયા પ્રકારના વન્ય પ્રાણીઓ જોવા મળે છે,

(૨)

| ક્રમ | રાષ્ટ્રીય ઉદ્યાનનું નામ | સ્થળનું નામ | મુખ્ય પ્રાણીઓ |
|---|---|---|---|
| ૧ | ગીર રાષ્ટ્રીય ઉદ્યાન | સાસણ ગીર | સિંહ, દીપડા, ચિતલ, |

| | | | સાંભર |
|---|---|---|---|
| ૨ | મરીન રાષ્ટ્રીય ઉદ્યાન | જામનગર | પરવાળા, ડોલ્ફીન, દરિયાઇ જીવો |
| ૩ | કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન | વેળાવદર (જી.ભાવનગર) | કાળીયાર, વરૂ, પક્ષીઓ |
| ૪ | વાસંદા રાષ્ટ્રીય ઉદ્યાન | વાંસદા, જી.ડાંગ | દીપડા, ચિતલ, પક્ષીઓ |

આ ઉપરાંત હરણ, નીલગાય, દરિયાઇ કાચબા, શિયાળ જોવા મળે છે.

ભેસાણ તાલુકા ખાતે નવી સરકારી હાઇસ્કુલની મંજુરી

* ૨૩૮૯૮ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાનાં ભેસાણ તાલુકા ખાતે નવી સરકારી હાઇસ્કુલ મંજુર થયેલ છે, તે હાઇસ્કુલના મકાન બાંધકામની કામગીરી ચાલુ કરવામાં આવેલ નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કયા કારણોસર ઉક્ત કામગીરી ચાલુ કરવામાં આવેલ નથી, અને

(૩) કેટલા સમયમાં નવી સરકારી હાઇસ્કૂલનું બાંધકામ શરૂ કરવામાં આવશે અને કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

જવાબ

(૧) રાજ્ય સરકાર દ્વારા ભેસાણ તાલુકા ખાતે નવી સરકારી માધ્યમિક શાળા મંજુર થયેલ નથી.

ભેસાણ તાલુકાના પસવાડા ગામ ખાતે આર.એમ.એસ.એ. અંતર્ગત મંજુર થયેલ શાળાના મકાન બાંધકામની કામગીરી તારીખ ૧૪–૦૯–૨૦૧૫ના રોજ પૂર્ણ થયેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

સુરત જિલ્લામાં વિદ્યાસાધના યોજના હેઠળ સાયકલ સહાય

* ૨૩૧૮૭ શ્રી નરોત્તમભાઈ પટેલ (ઉધના) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સુરત જિલ્લામાં ધોરણ–૯માં અભ્યાસ કરતી કેટલી કન્યાઓને વિદ્યા સાધના યોજના હેઠળ સાયકલનો લાભ આપવામાં એવલ છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧)

| વર્ષ | વિદ્યાર્થીનીઓ |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૩,૧૧૪ |
| ૨૦૧૫–૧૬ | ૩,૨૧૧ |

(૨) રૂ. ૧૭૧.૫૯ લાખ.

ગાંધીનગર જિલ્લામાં રાહતદરે ખાદ્યતેલનું વિતરણ

* ૨૩૧૯૭ શ્રી અશોકભાઈ પટેલ (ગાંધીનગર–ઉત્તર) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં રાહતદરે ખાદ્યતેલના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું,

(૨) કેટલા કુટુંબોને વિતરણ કરવામાં આવ્યું,

(૩) ક્યા ભાવે વિતરણ કરવામાં આવ્યું, અને

(૪) રાજ્ય સરકારે કેટલો બોજ ઉઠાવ્યો અથવા કેટલી સબસીડી ભોગવી ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં વર્ષના બે તહેવારો દરમ્યાન રાહતદરે કપાસીયા તેલના ૧ લીટર પાઉચના કુલ–૧૨૦૬૭૭ પાઉચના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું.

(૨) સરેરાશ ૬૦૩૩૯ લાભાર્થી કુટુંબોને વિતરણ કરવામાં આવ્યું.

(૩) પ્રતિ લીટરના રૂ.૪૩/– ના ભાવે વિતરણ કરવામાં આવ્યું.

(૪) રાજ્ય સરકારે ગાંધીનગર જિલ્લા માટે રૂ. ૩૫,૯૬,૦૯૧/– ની સબસીડીનો બોજ ઉઠાવ્યો.

વલસાડ જિલ્લામાં તાલુકાવાર સામાજિક વનીકરણ યોજના હેઠળ રોપાઓનું વાવેતર

* ૨૪૧૭૮ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યુ, અને

જવાબ

(૧)

| તાલુકો | વાવેતર કરેલ રોપા (લાખમાં) | |
|---|---|---|
| | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ |

| | | |
|---|---|---|
| વલસાડ | ૧.૩૯ | ૦.૬૨ |
| પારડી | ૦.૯૬ | ૦.૫૮ |
| ઉમરગામ | ૦.૯૯ | ૦.૫૮ |
| ધરમપુર | ૦.૬૭ | ૦.૩૦ |
| કપરાડા | ૦.૫૪ | ૦.૨૪ |
| વાપી | ૦.૬૪ | ૦.૦૦ |
| કુલ | ૫.૧૯ | ૨.૩૨ |

(૨) તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

(૨) ૨૦૧૪-૧૫માં ૩.૨૩૨.૯૪ લાખ અને ૨૦૧૫-૧૬માં ૭૪.૪૫ લાખ.

બનાસકાંઠા જિલ્લામાં માધ્યમિક શાળાઓને મંજૂરી

* ૨૩૦૩૮ શ્રી ગોવાભાઈ રબારી (ડીસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ અને કેટલી નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓને મંજૂરી આપાવમાં આવી, અને

જવાબ

(૧)

| તાલુકો | નોન ગ્રાન્ટેડ | |
|---|---|---|
| | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ |
| પાલનપુર | ૦૨ | ૦૧ |
| વડગામ | ૦૨ | ૦૧ |
| દાંતા | ૦૨ | ૦૦ |
| દાંતીવાડા | ૦૦ | ૦૦ |
| અમીરગઢ | ૦૧ | ૦૦ |
| ડીસા | ૦૦ | ૦૨ |
| ધાનેરા | ૦૦ | ૦૧ |
| થરાદ | ૦૦ | ૦૧ |
| વાવ | ૦૦ | ૦૦ |
| ભાભર | ૦૦ | ૦૨ |
| દિયોદર | ૦૦ | ૦૧ |
| કાંકરેજ | ૦૦ | ૦૧ |
| ➢ છેલ્લા બે વર્ષમાં એકપણ ગ્રાન્ટેડ માધ્યમિક શાળાને | | |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી શાળાઓને મંજૂરી આપવાની બાકી છે ?

(૨) ૦૨

ભિલોડા અને મેઘરજ તાલુકામાં દુધાળા પશુઓ

* ૨૪૮૯૨ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકાઓમાં તાલુકાવાર આદિવાસીઓની દુધાળા પશુઓ મેળવવા માટેની યોજનામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ મળી,

જવાબ

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં વનબંધુ કલ્યાણ આદિવાસીઓની દુધાળા પશુઓ મેળવવા માટેની યોજનામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મળેલ અરજીઓ નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | વર્ષ | | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|---|---|
| | | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | કુલ |
| ૧ | ભિલોડા | ૨૫૮ | ૩૬૯ | ૬૨૭ |
| ૨ | મેઘરજ | ૫૪૬ | ૨૫૧ | ૭૯૭ |
| | કુલ | ૮૦૪ | ૬૨૦ | ૧૪૨૪ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ વર્ષવાર મંજૂર કરી સહાય આપવામાં આવી અને તે અન્વયે કેટલો ખર્ચ થયો, અને

(૨)

| તાલુકાનુ નામ | પશુ સહાયની સંખ્યા | ખર્ચ (લાખમાં) |
|---|---|---|

| | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ |
|---|---|---|---|---|
| ભિલોડા | ૨૨૦ | ૨૦૩ | ૭૦.૯૬ | ૪૮.૩૬ |
| મેઘરજ | ૨૨૦ | ૧૮૩ | ૬૯.૫૨ | ૪૧.૦૧ |
| કુલ | ૪૪૦ | ૩૮૬ | ૧૪૦.૪૮ | ૮૯.૩૭ |

(૩) તે પૈકી કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને તેના મુખ્યત્વે કારણો શા છે ?

(૩) તે પૈકી વર્ષ–૨૦૧૪–૧૫ દરમિયાન કુલ ૯૩ અને વર્ષ ૨૦૧૫–૧૬ દરમિયાન કુલ ૧૩૪ અરજીઓ નામંજુર કરવામાં આવી, તેના કારણો નીચે મુજબ છે.

૧. અરજીઓ સાથે ઓળખ અને નિવાસના પુરાવા ન હોવા.
૨. લાભાર્થી ૦ થી ૨૦ના સ્કોરમાં ન આવતા હોય.
૩. એક જ કુટુંબમાંથી બે લાભાર્થી હોવા.
૪. બીપીએલ નંબર ખોટો હોવો.

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ચેકડેમ

* ૨૪૯૦૦ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં રેન્જવાર કેટલા ચેકડેમ બનાવવામાં આવ્યા,

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં રેન્જવાર ચેકડેમની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | રેન્જ | ચેકડેમ |
|---|---|---|
| સાબરકાંઠા | પોશીના | ૩ |
| | આરડીએફ પોશીના | ૧ |
| | આરડીએફ ખેડબ્રહ્મા | ૪ |
| | રાયગઢ | ૧૩ |
| | કુલ | ૨૧ |
| અરવલ્લી | મેઘરજ | ૨૧ |
| | ભિલોડા | ૩ |
| | શામળાજી | ૫ |
| | મોડાસા | ૧ |
| | કુલ | ૩૦ |

(૨) ઉક્ત ચેકડેમો બનાવવાની અંદાજીત રકમ સામે રેન્જવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) રેન્જવાર ખર્ચની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | રેન્જ | અંદાજીત રકમ (રૂ. લાખમાં) | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| સાબરકાંઠા | પોશીના | ૧૧.૮૭ | ૧૧.૮૬ |
| | આરડીએફ પોશીના | ૨.૬૯ | ૨.૬૯ |
| | આરડીએફ ખેડબ્રહ્મા | ૯.૮૬ | ૯.૮૬ |
| | રાયગઢ | ૫૩.૦૧ | ૫૩.૦૧ |
| | કુલ | ૭૭.૪૩ | ૭૭.૪૩ |
| અરવલ્લી | મેઘરજ | ૯૩.૩૩ | ૯૨.૧૯ |
| | ભિલોડા | ૬.૯૬ | ૬.૯૬ |
| | શામળાજી | ૧૧.૪૯ | ૧૧.૪૯ |
| | મોડાસા | ૪.૧૮ | ૪.૧૮ |
| | કુલ | ૧૧૫.૯૬ | ૧૧૪.૮૨ |

(૩) ઉક્ત ચેકડેમો બનાવવાથી કુલ કેટલા પાણીનો સંગ્રહ થયેલ છે ?

(૩) અંદાજે કુલ રૂ. ૩૭૭.૯૦ લાખ લીટર.

વિજાપુર તાલુકામાં રોપાઓનું વાવેતર

* ૨૩૦૫૭ શ્રી પ્રહલાદભાઈ પટેલ (વિજાપુર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિજાપુર તાલુકામાં વર્ષવાર કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યુ, | (૧) વર્ષ ૨૦૧૪માં ૧.૩૫ લાખ અને ૨૦૧૫માં ૧.૦૬ લાખ. |
| (૨) તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ થયો, અને | (૨) વર્ષ ૨૦૧૪માં રૂ. ૬૬.૪૧ લાખ અને ૨૦૧૫માં રૂ. ૩૦.૩૨ લાખ. |
| (૩) તે સ્થિતિએ તે પૈકી કેટલા રોપાઓ જીવીત છે અને રોપાઓના જતન માટે સરકારે શી વ્યવસ્થા કરી છે ? | (૩) વર્ષ ૨૦૧૪માં ૦.૯૭ લાખ અને ૨૦૧૫માં ૧.૦૫ લાખ રોપાઓ જીવીત છે. રોપાઓના જતન માટે નિંદામણ, ગોડકામ અને રક્ષણ તેમજ પિયત વાવેતરને પાણી પીવડાવવાની વ્યવસ્થા કરી છે. |

### વડોદરા જિલ્લામાં સરકારી નર્સરીઓમાં રોપાઓનો ઉછેર

* ૨૪૪૮૯ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સરકારી નર્સરીમાં તાલુકાવાર કેટલા રોપાઓ ઉછેરવામાં આવ્યા, | (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સરકારી નર્સરીમાં તાલુકાવાર નીચેની વિગતે રોપાઓ ઉછેરવામાં આવ્યા. |

આણંદ જિલ્લો

| તાલુકો | સરકારી નર્સરીમાં ઉછેરેલ રોપાની સંખ્યા (લાખમાં) | |
|---|---|---|
| | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ |
| આણંદ | ૫.૬૮ | ૩.૩૭ |
| આંકલાવ | ૪.૧૪ | ૨.૮૮ |
| બોરસદ | ૩.૮૬ | ૨.૪૬ |
| ખંભાત | ૩.૩૫ | ૨.૭૧ |
| પેટલાદ | ૪.૧૩ | ૩.૯૪ |
| સોજીત્રા | ૩.૫૩ | ૩.૫૦ |
| તારાપુર | ૨.૫૬ | ૨.૯૯ |
| ઉમરેઠ | ૩.૫૬ | ૨.૬૪ |
| કુલ | ૩૦.૮૧ | ૨૪.૪૯ |

વડોદરા જિલ્લો

| તાલુકો | સરકારી નર્સરીમાં ઉછેરેલ રોપાની સંખ્યા (લાખમાં) | |
|---|---|---|
| | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ |
| વડોદરા | ૩.૬૩ | ૩.૮૯ |
| સાવલી | ૪.૦૦ | ૪.૮૬ |
| ડ્રેસર | ૦.૮૬ | ૦.૮૫ |
| વાઘોડીયા | ૪.૬૯ | ૩.૬૨ |
| ડભોઈ | ૫.૬૫ | ૭.૦૪ |
| કરજણ | ૬.૨૧ | ૫.૬૭ |
| પાદરા | ૪.૫૦ | ૪.૧૮ |
| શિનોર | ૩.૩૫ | ૨.૬૦ |
| કુલ | ૩૨.૯૯ | ૩૨.૭૧ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) સદર નર્સરીઓમાં મુખ્યત્વે કયા પ્રકારના કેટલા રોપાઓ ઉછેરવામાં આવ્યા, | (૨) સદર નર્સરીઓમાં મુખ્યત્વે નીલગીરી, શરૂ, અરડુસો, બંગાળી બાવળ, ગુલમહોર, ગુંદા, જાંબુ, જામફળ, કણજી, કાસીદ, ખાટી આમલી, કોઠી, લીમડા, મહુડો, પેલ્ટોફોર્મ, સરગવો, પેન્ડુલા, ટેકોમા, રેઈનટ્રી, સાદડ, સપ્તપર્ણી, સેવન, સીતાફળ, બોગનવેલ, વાંસ, સાગ, આંબા, આમળા, વિગેરે પ્રકારના ૧૨૧ લાખ રોપા ઉછેરવામાં આવ્યા. |

## અતારાંકિત પ્રશ્નો

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યુ,

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર નીચેની વિગતે રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું.

આણંદ જિલ્લો

| તાલુકો | વાવેતર કરેલ રોપાની સંખ્યા (લાખમાં) | |
|---|---|---|
| | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ |
| આણંદ | ૧.૧૮ | ૦.૪૬ |
| આંકલાવ | ૦.૮૪ | ૦.૩૨ |
| બોરસદ | ૦.૬૬ | ૦.૩૮ |
| ખંભાત | ૦.૫૫ | ૦.૪૫ |
| પેટલાદ | ૦.૭૮ | ૦.૪૬ |
| સોજીત્રા | ૦.૭૮ | ૦.૩૮ |
| તારાપુર | ૦.૩૧ | ૦.૨૩ |
| ઉમરેઠ | ૦.૯૬ | ૦.૩૬ |
| કુલ | ૬.૦૬ | ૩.૦૪ |

વડોદરા જિલ્લો

| તાલુકો | વાવેતર કરેલ રોપાની સંખ્યા (લાખમાં) | |
|---|---|---|
| | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ |
| વડોદરા | ૦.૫૩ | ૦.૨૯ |
| સાવલી | ૦.૮૦ | ૦.૭૧ |
| ડેસર | ૦.૧૧ | ૦.૦૫ |
| વાઘોડીયા | ૧.૧૭ | ૦.૪૬ |
| ડભોઈ | ૦.૯૦ | ૦.૬૪ |
| કરજણ | ૦.૯૬ | ૦.૪૭ |
| પાદરા | ૦.૯૦ | ૦.૩૮ |
| શિનોર | ૦.૪૦ | ૦.૨૫ |
| કુલ | ૫.૭૭ | ૩.૨૫ |

(૪) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ખર્ચ કરવામાં આવી ?

(૪) તે સ્થિતિએ તે અન્વયે નીચેની વિગતે ખર્ચ કરવામાં આવ્યો.

આણંદ જિલ્લો

| તાલુકો | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | |
|---|---|---|
| | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ |
| આણંદ | ૩૧.૦૨ | ૨૬.૨૮ |
| આંકલાવ | ૨૮.૯૫ | ૧૩.૭૨ |
| બોરસદ | ૨૧.૨૧ | ૯.૬૯ |
| ખંભાત | ૧૧.૩૩ | ૧૫.૬૮ |
| પેટલાદ | ૨૩.૩૧ | ૧૬.૭૮ |
| સોજીત્રા | ૨૧.૩૨ | ૯.૬૯ |
| તારાપુર | ૫.૨૩ | ૮.૪૨ |
| ઉમરેઠ | ૫૩.૪૪ | ૮.૫૯ |
| કુલ | ૧૯૫.૮૧ | ૧૦૮.૮૫ |

વડોદરા જિલ્લો

| તાલુકો | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | |
|---|---|---|
| | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ |
| વડોદરા | ૧૭.૮૦ | ૫.૧૪ |
| સાવલી | ૪૯.૫૮ | ૨૫.૮૬ |
| ડેસર | ૪.૮૬ | ૧.૨૯ |
| વાઘોડીયા | ૭૫.૧૨ | ૧૬.૧૮ |

| | | |
|---|---|---|
| ડભોઈ | ૫૨.૫૯ | ૨૮.૨૯ |
| કરજણ | ૫૨.૯૧ | ૧૪.૨૮ |
| પાદરા | ૪૪.૯૭ | ૧૧.૯૪ |
| શિનોર | ૧૯.૪૪ | ૫.૦૭ |
| કુલ | ૩૧૭.૨૭ | ૧૦૮.૦૫ |

માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકામાં હિંસક પ્રાણીઓના હુમલામાં ઘાયલ વ્યકિતઓને વળતર

* ૨૪૭૩૯ શ્રી જવાહર ચાવડા(માણાવદર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) જુનાગઢ જિલ્લાના માણાવદર, વંથલી, અને મેંદરડા તાલુકામાં સને ૨૦૧૪ અને ૨૦૧૫ના વર્ષમાં વન્ય હિંસક પ્રાણીઓ દ્વારા કેટલા મનુષ્યો અને પાલતુ પ્રાણીઓ પર હુમલા કરવામાં આવ્યા,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૪ | | ૨૦૧૫ | |
|---|---|---|---|---|---|
| | | મનુષ્યો ઉપર હુમલા | પાલતુ પ્રાણીઓ ઉપર હુમલા | મનુષ્યો ઉપર હુમલા | પાલતુ પ્રાણીઓ ઉપર હુમલા |
| ૧ | માણાવદર | – | – | – | – |
| ૨ | વંથલી | ૪ | ૪૩ | ૧ | ૨૪ |
| ૩ | મેંદરડા | ૧૨ | ૫૭ | ૧૧ | ૧૦૧ |
| | કુલ | ૧૬ | ૧૦૦ | ૧૨ | ૧૨૫ |

(૨) તે પૈકી કેટલા મનુષ્યો અને કેટલા પાલતુ પ્રાણીઓ ઘાયલ થયા અને કેટલાના મોત થયા,

(૨)

| | | | ઘાયલ | મોત | ઘાયલ | મોત |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૪ | માણાવદર | – | – | – | – |
| ૨ | | વંથલી | ૩ | ૧ | ૦ | ૪૮ |
| ૩ | | મેંદરડા | ૧૧ | ૧ | ૦ | ૬૦ |
| | | કુલ | ૧૪ | ૨ | ૦ | ૧૦૮ |

| | વર્ષ | તાલુકાનું નામ | મનુષ્યો | | પાલતુ પ્રાણીઓ | |
|---|---|---|---|---|---|---|
| | | | ઘાયલ | મોત | ઘાયલ | મોત |
| ૧ | ૨૦૧૫ | માણાવદર | – | – | – | – |
| ૨ | | વંથલી | ૧ | ૦ | ૦ | ૩૪ |
| ૩ | | મેંદરડા | ૧૩ | ૧ | ૦ | ૧૦૭ |

(૩) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ઉક્ત વર્ષવાર ઈજાગ્રસ્ત અને મૃત્યુ પામેલા મનુષ્ય અને પ્રાણીના કિસ્સામાં રાજ્ય સરકારે કેટલી સહાય ચુકવી અને ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવાની બાકી છે, અને

(૩) (રકમ રૂપિયામાં)

| | વર્ષ | તાલુકાનું નામ | મનુષ્યો ઉપર હુમલાના કેસમાં ચૂકવેલ વળતર | | પાલતુ પ્રાણીઓ ઉપર હુમલાના કેસમાં ચુકવેલ વળતર | |
|---|---|---|---|---|---|---|
| | | | ઘાયલ | મોત | ઘાયલ | મોત |
| ૧ | ૨૦૧૪ | માણાવદર | – | – | – | – |
| ૨ | | વંથલી | ૫૦૦૦ | ૧,૫૦,૦૦૦ | ૦ | ૧,૨૪,૦૦૦ |
| ૩ | | મેંદરડા | ૩૦,૦૦૦ | ૧,૫૦,૦૦૦ | ૦ | ૨,૦૪,૫૦૦ |
| | | કુલ | ૩૫,૦૦૦ | ૩,૦૦,૦૦૦ | ૦ | ૩,૨૮,૫૦૦ |

| | વર્ષ | તાલુકાનું નામ | મનુષ્યો ઉપર હુમલાના કેસમાં ચૂકવેલ વળતર | | પાલતુ પ્રાણીઓ ઉપર હુમલાના કેસમાં ચુકવેલ વળતર | |
|---|---|---|---|---|---|---|
| | | | ઘાયલ | મોત | ઘાયલ | મોત |
| ૧ | ૨૦૧૫ | માણાવદર | – | – | – | – |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨ | | વંથલી | ૨૫૦૦ | ૦ | ૦ | ૬૮,૦૦૦ |
| ૩ | | મેંદરડા | ૨૧,૫૦૦ | ૧,૫૦,૦૦૦ | ૦ | ૩,૮૩,૫૦૦ |
| | | કુલ | ૨૪,૦૦૦ | ૧,૫૦,૦૦૦ | ૦ | ૪,૫૧,૫૦૦ |

ચૂકવવાની બાકી રકમ (રૂપિયામાં)

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૪ | | ૨૦૧૫ | |
|---|---|---|---|---|---|
| | | માનવ ઈજા | માલઢોર મરણ | માનવ ઈજા | માલઢોર મરણ |
| ૧ | માણાવદર | – | – | – | – |
| ૨ | વંથલી | ૨૫૦૦ | ૦ | ૦.૦૦ | ૨૨,૫૦૦ |
| ૩ | મેંદરડા | ૦.૦૦ | ૦ | ૪૦૦૦ | ૫૬,૫૦૦ |
| | કુલ | ૨૫૦૦ | ૦ | ૪૦૦૦ | ૫૬,૫૦૦ |

(૪) ઉક્ત સ્થિતિએ બાકી રહેલી સહાય ક્યાં સુધીમાં ચુકવવામાં આવનાર છે ?

(૪) બાકી રહેલી સહાયના કેસમાં કાર્યવાહી પ્રગતિમાં છે.

ડાંગ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ

* ૨૪૨૪૯ શ્રી મંગળભાઈ ગાંવિત (ડાંગ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬માં સરકારી પ્રાથમિક શાળાઓમાં કેટલા શિક્ષકોની કેટલી ઘટ છે ?

જવાબ

૮૮

ભાવનગર જિલ્લામાં ઔષધિય નર્સરીઓ

* ૨૩૪૨૨ શ્રી પ્રવિણભાઈ રાઠોડ (પાલીતાણા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં ઔષધિય નર્સરીઓની સંખ્યા કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ ઔષધિય નર્સરીઓના ઉછેર પાછળ સરકારે છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કર્યો, અને

(૩) તેમાંથી રાજ્ય સરકારને કેટલી આવક મળી?

જવાબ

(૧) ૧.

(૨) રૂ. ૨.૦૧ લાખ/–.

(૩) રૂ. ૧૯૫૦/–.

દાંતીવાડા તાલુકામાં પ્રાથમિક શાળાઓમાં શૌચાલયોની સુવિધા

* ૨૩૭૨૬ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ધાનેરા તથા દાંતીવાડા તાલુકામાં કેટલી પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ તથા કુમારો માટે અલગ–અલગ શૌચાલયોની સુવિધા નથી, અને

(૨) ઉક્ત તાલુકાઓમાં આ સુવિધાઓ આપવા સરકારે શી કાર્યવાહી કરી અને તે કેટલા સમયમાં પૂર્ણ થશે?

જવાબ

(૧) તમામ શાળાઓમાં કન્યાઓ તથા કુમારો માટે અલગ–અલગ શૌચાલયોની સુવિધા છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

બનાસકાંઠા જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોનું મંજુર મહેકમ

* ૨૪૦૮૨ શ્રી ધારશીભાઈ ખાનપુરા (કાંકરેજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોનું મંજુર મહેકમ કેટલું છે,

જવાબ

(૧)

| ક્રમ | તાલુકો | મંજુર મહેકમ |
|---|---|---|
| ૧ | અમીરગઢ | ૭૩૯ |
| ૨ | ભાભર | ૭૨૭ |
| ૩ | દાંતા | ૧૩૪૮ |
| ૪ | દાંતીવાડા | ૬૯૧ |
| ૫ | ડીસા | ૨૪૨૮ |
| ૬ | દિયોદર | ૧૦૪૯ |
| ૭ | ધાનેરા | ૧૧૭૭ |
| ૮ | કાંકરેજ | ૧૫૯૮ |
| ૯ | પાલનપુર | ૧૪૯૧ |
| ૧૦ | થરાદ | ૧૮૭૨ |
| ૧૧ | વડગામ | ૧૦૨૧ |
| ૧૨ | સુઈગામ | ૪૬૬ |
| ૧૩ | વાવ | ૯૬૪ |

| | | |
|---|---|---|
| ૧૪ | લાખણી | ૧૦૪૫ |

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા શિક્ષકોની ઘટ છે, અને

(૨)

| ક્રમ | તાલુકો | શિક્ષકની ઘટ |
|---|---|---|
| ૧ | અમીરગઢ | ૨૪ |
| ૨ | ભાભર | ૮૦ |
| ૩ | દાંતા | ૬૯ |
| ૪ | દાંતીવાડા | ૩૫ |
| ૫ | ડીસા | ૧૦૪ |
| ૬ | દિયોદર | ૮૭ |
| ૭ | ધાનેરા | ૧૩૩ |
| ૮ | કાંકરેજ | ૭૬ |
| ૯ | પાલનપુર | ૩૮ |
| ૧૦ | થરાદ | ૨૬૦ |
| ૧૧ | વડગામ | ૨૦ |
| ૧૨ | સુઈગામ | ૮૫ |
| ૧૩ | વાવ | ૧૭૫ |
| ૧૪ | લાખણી | ૭૭ |

(૩) ઉક્ત સ્થિતિએ આ ઘટ પૂર્ણ કરવાનું સરકારનું શું આયોજન છે?

(૩) જેમ બને તેમ જલ્દી.

અરવલ્લી જિલ્લામાં રોપાનું વાવેતર

* ૨૪૮૮૬ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા રોપાઓનું વાવેતર થયુ અને તે પાછળ કેટલો ખર્ચ થયો, અને

જવાબ

(૧) તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર વાવેતર તેમજ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | તાલુકો | વાવેલ રોપા (લાખમાં) | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૨૦૧૪–૧૫ | મોડાસા | ૬.૬૩ | ૨૯૪.૩૩ |
| | બાયડ | ૧.૭૨ | ૭૬.૭૮ |
| | ધનસુરા | ૧.૭૫ | ૮૮.૮૯ |
| | માલપુર | ૪.૩૫ | ૨૧૧.૦૯ |
| | ભિલોડા | ૯.૪૩ | ૫૪૯.૦૧ |
| | મેઘરજ | ૧૦.૦૨ | ૭૧૮.૪૭ |
| | કુલ | ૩૩.૯૦ | ૧૯૩૮.૫૭ |
| ૨૦૧૫–૧૬ (તા. ૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ) | મોડાસા | ૫.૮૦ | ૨૧૬.૯૨ |
| | બાયડ | ૧.૧૯ | ૩૨.૪૫ |
| | ધનસુરા | ૧.૦૩ | ૨૫.૧૯ |
| | માલપુર | ૭.૯૯ | ૨૯૮.૭૦ |
| | ભિલોડા | ૮.૫૯ | ૩૪૭.૯૨ |
| | મેઘરજ | ૧૦.૧૬ | ૩૩૯.૫૦ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત રોપાઓ પૈકી કેટલા રોપાઓ હયાત છે?

(૨) હયાત રોપાની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | તાલુકો | હયાત રોપા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૪–૧૫ | મોડાસા | ૪.૮૧ |
| | બાયડ | ૧.૨૮ |
| | ધનસુરા | ૧.૩૦ |
| | માલપુર | ૩.૩૪ |
| | ભિલોડા | ૭.૯૩ |
| | મેઘરજ | ૭.૬૦ |
| | કુલ | ૨૬.૨૬ |

| | | |
|---|---|---|
| ૨૦૧૫-૧૬ (તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ) | મોડાસા | ૫.૧૮ |
| | બાયડ | ૦.૯૭ |
| | ધનસુરા | ૦.૮૩ |
| | માલપુર | ૬.૪૩ |
| | ભિલોડા | ૭.૫૪ |
| | મેઘરજ | ૮.૧૨ |
| | કુલ | ૨૯.૦૭ |

ગીર જંગલમાં ખુલ્લા કુવાઓ

* ૨૩૦૧૦ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ગીર જંગલમાં કેટલા ખુલ્લા જોખમી કુવાઓ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા કુવાઓને ઢાંકવામાં/બંધ કરવામાં આવ્યા, અને

(૩) તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

જવાબ

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

બનાસકાંઠા જિલ્લામાં ચેકડેમ, લીફ્ટ ઈરીગેશન, જુથકુવા અને વન તલાવડીના કામો

* ૨૩૨૭૮ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વન ખાતા દ્વારા બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા ચેકડેમ, લીફ્ટઈરીગેશન, જુથકુવા અને વન તલાવડીના કામ કરવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં લીફ્ટઈરીગેશન અને જુથકુવાની કોઈ કામગીરી કરવામાં આવેલ નથી, પરંતુ ચેકડેમ અને વન તલાવડીની વર્ષવાર અને તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકો | વર્ષ - ૨૦૧૪-૧૫ | |
|---|---|---|
| | ચેકડેમ | વનતલાવડી |
| દાંતા | ૩૧ | ૦ |
| અમીરગઢ | ૧૫ | ૭ |
| દાંતીવાડા | ૦૨ | ૨૮ |
| કુલ | ૪૮ | ૩૫ |

| તાલુકો | વર્ષ ૨૦૧૫-૧૬ (તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ) | |
|---|---|---|
| | ચેકડેમ | વનતલાવડી |
| દાંતા | ૦ | ૦ |
| અમીરગઢ | ૦૩ | ૦ |
| દાંતીવાડા | ૦ | ૧૦ |
| સુઈગામ | ૦ | ૦૧ |

(૨) કુલ રૂ. ૨૧૦.૪૫ લાખ

મહિસાગર જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનો

* ૨૩૦૪૬ શ્રી હીરાભાઈ પટેલ (લૂણાવાડા) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ મહિસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલી વ્યાજબી ભાવની દુકાનો કાર્યરત છે?

જવાબ

તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ મહિસાગર જિલ્લામાં તાલુકાવાર કાર્યરત વાજબી ભાવની દુકાનો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યરત દુકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧ | લુણાવાડા | ૮૩ |
| ૨ | ખાનપુર | ૩૩ |
| ૩ | સંતરામપુર | ૭૫ |
| ૪ | કડાણા | ૪૦ |

| | | |
|---|---|---|
| ૫ | બાલાસિનોર | ૫૪ |
| ૬ | વિરપુર | ૩૮ |
| | કુલ | ૩૨૩ |

મોરબી તાલુકાની પ્રથમિક શાળાઓના આદિજાતિના બાળકોને શિષ્યવૃત્તિ અને ગણવેશ

* ૨૪૭૩૧ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મોરબી જિલ્લાના મોરબી તાલુકાના રામગઢ, કૃષ્ણનગર, કોયલી તથા ધુળકોટ પ્રાથમિક શાળા અને ટંકારા તાલુકાના ગજડી પ્રથામિક શાળામાં સને ૨૦૧૫–૧૬ના વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અનુસૂચિત જનજાતિના કેટલા બાળકો અભ્યાસ કરે છે, | (૧) ૮૧–બાળકો |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ ચૂકવવામાં આવી છે, | (૨) કુલ–૮૧ વિદ્યાર્થીઓને |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓને સહાય ચૂકવવાની બાકી છે અને તેના શાં કારણો છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત બાકી તમામ વિદ્યાર્થીઓને સહાય ક્યાં સુધીમાં ચુકવવામાં આવનાર છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

પાટણ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ

* ૨૪૨૬૯ શ્રી બલવંતસિંહ રાજપુત (સિધ્ધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓની સંખ્યા ઘટ છે, અને કેટલી શાળાઓ જર્જરીત ઓરડાઓવાળી છે, અને

(૧)

| તાલુકો | ૨૦૧૪–૧૫ | | ૨૦૧૫–૧૬ | |
|---|---|---|---|---|
| | ખુટતા ઓરડાવાળી શાળાઓ | જર્જરીત ઓરડાવાળી શાળાઓ | ખુટતા ઓરડાવાળી શાળાઓ | જર્જરીત ઓરડાવાળી શાળાઓ |
| ચાણસ્મા | ૦૯ | ૦૩ | ૦૪ | ૦૭ |
| હારીજ | ૨૧ | ૧૯ | ૨૭ | ૨૬ |
| પાટણ | ૧૬ | ૧૨ | ૨૪ | ૧૯ |
| રાધનપુર | ૩૬ | ૧૬ | ૨૨ | ૨૪ |
| સમી | ૨૯ | ૧૫ | ૧૮ | ૨૨ |
| સાંતલપુર | ૧૪ | ૦૩ | ૦૪ | ૦૩ |
| સરસ્વતી | ૪૪ | ૨૭ | ૩૯ | ૨૦ |
| શંખેશ્વર | ૧૪ | ૦૬ | ૦૯ | ૦૯ |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી પ્રાથમિક શાળાઓમાં વીજ સુવિધા, શૌચાલય અને પીવાના પાણીની સુવિધાઓ નથી?

(૨) તમામ શાળાઓમાં વીજ સુવિધા, શૌચાલય અને પીવાના પાણીની સુવિધાઓ છે.

અમરેલી, કુંકાવાવ અને વડીયા તાલુકામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કામો

* ૨૩૯૫૦ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧મી જાન્યુઆરી–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી, કુંકાવાવ અને વડીયા તાલુકાના કેટલા ગામોમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કુલ કેટલા કામોને, કેટલી રકમના ખર્ચ મંજૂરી આપવામાં આવેલ છે, | (૧) ૨૩ ગામો, ૨૭ કામો, રૂ. ૬૨.૧૩/– લાખ |
| (૨) ઉપરોક્ત મંજુર કામો પૈકી ઉક્ત સ્થિતિએ કામો પૂર્ણ થયા છે કેટલા કામો પ્રગતિ હેઠળ છે અને કેટલા કામો પડતર છે, અને | (૨) ૨૨ કામો પૂર્ણ, ૫–કામો પ્રગતિ હેઠળ અને એક પણ કામ પડતર નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ કામો રહેવાના મુખ્ય કારણો શું છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને અનાજનો જથ્થો

## અતારાંકિત પ્રશ્નો

* ૨૪૧૨૮ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૧૫ની છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા પ્રકારના અનાજના કેટલા જથ્થાની જરૂરિયાત અંગે રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને માંગણી કે દરખાસ્ત કરેલ, અને

(૨) તે પૈકી કયા પ્રકારના અનાજનો કેટલો જથ્થો વર્ષવાર ફાળવવામાં આવ્યો ?

જવાબ

(૧)

- રાજ્ય સરકારે અનાજના જથ્થાની જરૂરીયાત માટે ભારત સરકારને કરેલ દરખાસ્તની વિગત નીચે મુજબ છે.

❖ વર્ષ ૨૦૧૪ :–

- તા. ૧૧–૩–૧૪ના પત્રથી બીપીએલ તથા એપીએલ કેટેગરીમાં ઘઉં તથા ચોખાના વધારાના જથ્થાની ફાળવણી માટે

❖ વર્ષ ૨૦૧૫ :–

- તા. ૯–૩–૧૫ના પત્રથી બીપીએલ તથા એપીએલ કેટેગરીમાં ઘઉં–ચોખાના વધારાના જથ્થાની ફાળવણી માટે
- તા. ૨૩–૩–૧૫ તથા તા. ૧૩–૪–૧૫ના પત્રથી બીપીએલ કેટેગરીમાં ૧૫૫૩૪ મે.ટન ઘઉં તથા એપીએલ કેટેગરીમાં ૩૭૬૬૮ મે.ટન વધારાના જથ્થાની ફાળવણી માટે
- તા. ૨૨–૬–૧૫, તા. ૧૯–૮–૧૫ તથા તા. ૧૮–૯–૧૫ના પત્રથી બીપીએલ તથા એપીએલ કેટેગરીમાં તા. ૩૧–૩–૧૬ સુધી ઘઉં–ચોખાના વધારાના જથ્થાની ફાળવણી માટે
- તા. ૭–૧૧–૧૫ના પત્રથી ભારત સરકારે અગાઉ કરેલ ફાળવણી તા. ૩૧–૩–૧૬ સુધી ચાલુ રાખવા માટે.

(૨)

❖ વર્ષ ૨૦૧૪ :–

- તા. ૧૧–૩–૧૪ની રજુઆત અન્વયે ભારત સરકારે તા. ૩૧–૩–૧૪ના પત્રથી એપ્રિલ–૧૪ થી જુન–૧૪ માટે નીચે મુજબ ઘઉં તથા ચોખાનો વધારાનો જથ્થો ફાળવેલ.

(મે.ટનમાં)

| જન્સી | બીપીએલ | એપીએલ |
|---|---|---|
| ઘઉં | ૨૯૦૮૮ | ૯૯૫૫૫ |
| ચોખા | ૧૧૫૫૩ | – |
| કુલ | ૪૦૬૪૧ | ૯૯૫૫૫ |

- ભારત સરકારના તા. ૭–૭–૧૪ના પત્રથી ઓગસ્ટ–૧૪થી ડિસેમ્બર–૧૪ સુધીના સમયગાળા માટે નીચે મુજબ ચોખાનો વધારાનો જથ્થો ફાળવેલ.

(મે.ટનમાં)

| જન્સી | બીપીએલ | એપીએલ |
|---|---|---|
| ચોખા | ૭૭૬૭૦ | ૧૮૮૩૪૦ |

❖ વર્ષ ૨૦૧૫ :–

- તા. ૯–૩–૧૫, તા. ૨૩–૩–૧૫ તથા તા. ૧૩–૪–૧૫ની રજુઆત અન્વયે ભારત સરકારે તા. ૯–૪–૧૫ તથા તા. ૧૦–૪–૧૫ના પત્રોથી એપ્રિલ–૧૫ થી સપ્ટેમ્બર–૧૫ સુધીના સમયગાળા માટે નીચે મુજબ ઘઉં તથા ચોખાનો વધારાનો જથ્થો ફાળવેલ

(મે.ટનમાં)

| જન્સી | બીપીએલ | એપીએલ |
|---|---|---|
| ઘઉં | ૫૮૧૭૬ | ૧૯૯૧૧૦ |

| | | |
|---|---|---|
| ચોખા | ૨૩૧૦૬ | – |
| કુલ | ૮૧૨૮૨ | ૧૯૯૧૧૦ |

- તા. ૨૨–૬–૧૫, તા. ૧૯–૮–૧૫, તા. ૧૮–૯–૧૫ની રજુઆત અન્વયે ભારત સરકારે તા. ૧૯–૧૦–૧૫ના પત્રથી ઓક્ટોબર–૧૫ થી નવેમ્બર–૧૫ સુધીના સમયગાળા માટે નીચે મુજબ ઘઉં તથા ચોખાનો વધારાનો જથ્થો ફાળવેલ.

(મે.ટનમાં)

| જન્સી | બીપીએલ | એપીએલ |
|---|---|---|
| ઘઉં | ૧૯૩૯૨ | ૬૬૩૭૦ |
| ચોખા | ૭૭૦૨ | – |
| કુલ | ૨૭૦૯૪ | ૬૬૩૭૦ |

❖ તા. ૭–૧૧–૧૫ની રજુઆત અન્વયે ભારત સરકારે તા. ૧૬–૧૧–૧૫ના પત્રથી ડિસેમ્બર–૧૫ માટે નીચે મુજબ ઘઉં તથા ચોખાનો વધારાનો જથ્થો ફાળવેલ.

(મે.ટનમાં)

| જન્સી | બીપીએલ | એપીએલ |
|---|---|---|
| ઘઉં | ૯૬૯૬ | ૩૩૧૮૫ |
| ચોખા | ૩૮૫૧ | – |
| કુલ | ૧૩૫૪૭ | ૩૩૧૮૫ |

### વલસાડ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન હેઠળ ફાળવેલી રકમ

* ૨૪૪૪૦ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર સર્વ શિક્ષા અભિયાન હેઠળ કયા હેતુસર કેટલી રકમ ફાળવવામાં આવી, | (૧) *એનેક્ષર–૧ (અ) તથા (બ) મુજબ |
| (૨) ઉક્ત સ્થિતિએ ફાળવેલ રકમ પૈકી કેટલી રકમનો ખર્ચ કયા હેતુસર કરવામાં આવ્યો, અને | (૨) *એનેક્ષર–૨ (અ) તથા (બ) મુજબ |
| (૩) ઉક્ત સ્થિતિએ ફાળવેલ રકમ જો ખર્ચ કરવામાં ન આવી હોય તો તેના કારણો શું છે ? | (૩) વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ (તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ) ૯૯ ટકા ખર્ચ કરવામાં આવેલ છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

### દાહોદ જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાનપ્રવાહની કોલેજો

* ૨૩૦૫૩ શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર આર્ટસ, કોમર્સ કે વિજ્ઞાનપ્રવાહની કેટલી સરકારી સેલ્ફ ફાયનાન્સ કે ગ્રાન્ટેડ કોલેજ કાર્યરત છે, અને

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | સરકારી | સેલ્ફ ફાયનાન્સ | ગ્રાન્ટેડ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૦ | ૦ | ૧–આર્ટસ અને કોર્મસ ૧ વિજ્ઞાન | ૦૨ |
| ૨ | દેવગઢ બારીયા | ૦ | ૦ | ૧–આર્ટસ અને કોર્મસ | ૦૧ |
| ૩ | ધાનપુર | ૧–આર્ટસ | ૦ | ૦ | ૦૧ |
| ૪ | ફતેપુરા | ૦ | ૦ | ૧–આર્ટસ | ૦૧ |
| ૫ | ગરબાડા | ૦ | ૦ | ૦ | ૦૦ |
| ૬ | લીમખેડા | ૦ | ૦ | ૨–આર્ટસ | ૦૨ |
| ૭ | ઝાલોદ | ૧–વિજ્ઞાન | ૦ | ૧–આર્ટસ અને કોર્મસ | ૦૨ |
| ૮ | સંજેલી | ૦ | ૦ | ૦ | ૦૦ |
| | કુલ | ૦૨ | ૦ | ૦૭ | ૦૯ |

(૨) ઉક્ત સ્થિતિએ જે તાલુકાઓમાં ઉક્ત પ્રકારની કોલેજ

(૨) આસપાસના વિસ્તારમાં પૂરતી કોલેજો હોવાથી કોઈ

નથી તે તાલુકામાં નવી કોલેજ માટે સરકારે શાં પગલાં ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં લીધા ? | પગલાં લીધેલ નથી.

અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં સરકારી ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ

* ૨૩૦૦૬ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં જીલ્લાવાર સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ આવેલી છે, અને

(૧)

| શાળાનો પ્રકાર | જિલ્લો | સરકારી | ગ્રાન્ટેડ | નોન ગ્રાન્ટેડ |
|---|---|---|---|---|
| પ્રાથમિક | અમદાવાદ | ૮૩૧ | ૩૦ | ૧૩૫૮ |
| | ગાંધીનગર | ૬૨૮ | ૮૨ | ૩૦૭ |
| માધ્યમિક | અમદાવાદ | ૨૫ | ૬૨૬ | ૩૫૪ |
| | ગાંધીનગર | ૦૭ | ૧૯૨ | ૧૦૫ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી નવી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની મંજૂરી આપવામાં આવી?

(૨)

| | | જુન–૨૦૧૪થી નવી શરૂ કરવામાં આવેલ શાળાઓ | | | જુન–૨૦૧૫થી નવી શરૂ કરવામાં આવેલ શાળાઓ | | |
|---|---|---|---|---|---|---|---|
| શાળાનો પ્રકાર | જિલ્લો | સરકારી | ખાનગી | ગ્રાન્ટેડ | સરકારી | ખાનગી | ગ્રાન્ટેડ |
| પ્રાથમિક | અમદાવાદ | ૦૦ | ૦૦ | ૧૧૩ | ૦૨ | ૦૦ | ૧૦૬ |
| | ગાંધીનગર | ૦૦ | ૦૦ | ૩૨ | ૦૦ | ૦૦ | ૫૪ |
| માધ્યમિક | અમદાવાદ | ૦૦ | ૧૪ | ૦૦ | ૦૦ | ૨૫ | ૦૦ |
| | ગાંધીનગર | ૦૦ | ૦૫ | ૦૦ | ૦૦ | ૦૭ | ૦૦ |

ગાંધીનગર જિલ્લામાં મધ્યાહ્ન ભોજન

* ૨૩૩૨૯ શ્રીમતી કામીનીબા રાઠોડ (દહેગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં મધ્યાહ્ન ભોજન યોજના તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળામાં કાર્યરત છે, અને

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં મધ્યાહ્ન ભોજન યોજના તાલુકાવાર નીચે જણાવ્યા મુજબની પ્રાથમિક શાળામાં કાર્યરત છે.

| તાલુકાનું નામ | પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|
| ગાંધીનગર (શહેર) | ૩૩ |
| ગાંધીનગર (ગ્રામ્ય) | ૧૫૩ |
| કલોલ | ૧૨૦ |
| માણસા | ૧૦૦ |
| દહેગામ | ૨૨૧ |
| કુલ | ૬૨૭ |

(૨) ઉક્ત સ્થિતિએ યોજનામાં આ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની ગ્રાન્ટ ફાળવણીનું પ્રમાણ કેટલું છે ?

(૨) કેન્દ્ર સરકાર તરફથી ૬૦% અને રાજ્ય સરકાર તરફથી ૪૦% ગ્રાન્ટની ફાળવણીનું પ્રમાણ છે.

બનાસકાંઠા જિલ્લાની કોલેજોમાં ખાલી જગ્યાઓ

* ૨૪૭૪૯ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : તા. ૨૭–૨–૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૪૯૦૩ (અગ્રતા–૧૮૮)ના અનુસંધાને માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લામાં આવેલી સરકારી તથા ગ્રાન્ટેડ વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન અને ઈજનેરી કોલેજોમાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ખાલી હતી તે જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ ભરવામાં આવી છે,

(૧) *સામેલ પત્રક–૧ મુજબ

(૨) કેટલી જગ્યાઓ તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ પણ ખાલી છે અને તે જગ્યાઓ ન ભરવાના શા કારણો છે, અને

(૨) *સામેલ પત્રક–૨ મુજબ

(૩) આ તમામ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં

(૩) અલગ–અલગ સંવર્ગની જગ્યાઓ ભરવા વિવિધ

આવશે ? | સત્તામંડળો તરફથી "ઉમેદવારોની" ભલામણ મળ્યેથી.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

સુરત જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓ

* ૨૩૧૮૧ શ્રી પૂર્ણેશકુમાર મોદી (સુરત પશ્ચિમ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સુરત જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલી નિવાસી શાળાઓ કાર્યરત છે, | (૧) ૪ (ચાર) |
| (૨) તે પૈકી કેટલી કુમાર તથા કન્યાની છે, | (૨) ૪–કુમાર<br>૦–કન્યા |
| (૩) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે, અને | (૩) ૪૮૫–વિદ્યાર્થીઓ |
| (૪) આ શાળાના બાળકોને મુખ્યત્વે શું સવલતો આપવામાં આવે છે ? | (૪) મફત શિક્ષણ તેમજ રહેવા–જમવા અને અભ્યાસ માટે જરૂરી પાઠ્યપુસ્તકો, સ્ટેશનરી, ગણવેશ તેમજ બુટ મોજાં વિગેરે તમામ સુવિધા વિના મૂલ્યે પુરી પાડવામાં આવે છે. |

આણંદ અને વડોદરા શહેર અને જિલ્લામાં રાંધણગેસનો દુર ઉપયોગ

* ૨૪૪૭૫ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આણંદ અને વડોદરા શહેર અને જિલ્લામાં સસ્તા દરના રાંધણ ગેસના બાટલાઓના ગેર કાયદેસર વપરાશ અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલા દરોડા પાડ્યા, | (૧) આણંદ શહેરમાં ૦૯ અને આણંદ જીલ્લામાં ૦૬ તથા વડોદરા શહેરમાં ૦૮ અને વડોદરા જિલ્લામાં ૦૧ દરોડાઓ પાડવામાં આવ્યા છે. |
| (૨) તે અન્વયે સસ્તા દરના રાંધણ ગેસના કેટલા બાટલાઓ પકડાયા, અને | (૨) આણંદ શહેરમાં ૧૭ બાટલા અને<br>આણંદ જિલ્લામાં ૧૩ બાટલા તથા<br>વડોદરા શહેરમાં ૩૧ બાટલા અને<br>વડોદરા જિલ્લામાં ૦૧ બાટલા કબજે કરેલ છે. |
| (૩) તે અન્વયે સરકારે દોષિત કેટલા ઈસમો અને દોષિત ગેસ એજન્સીઓ સામે શા પગલા લીધા ? | (૩) |

| રાજ્યસાતની વિગત | | | | |
|---|---|---|---|---|
| અ.નં. | જિલ્લાનું નામ | દોષિત ઈસમોની સંખ્યા | રાજ્યસાત કરેલ બાટલા | રાજ્યસાત કરેલ બાટલાની કિંમત (રૂ.) |
| (૧) | આણંદ શહેર | ૦૯ | ૧૭ | ૨૬૩૧૭/– |
| (૨) | આણંદ ગ્રામ્ય | ૦૬ | ૧૩ | ૨૦૭૫૦/– |
| (૩) | વડોદરા શહેર | ૦૮ | ૧૭ | ૩૩૧૬૫/– |
| (૪) | વડોદારા ગ્રામ્ય | ૦૧ | ૦૧ | ૨૩૨૫/– |

આણંદ શહેર અને આણંદ જિલ્લામાં તથા વડોદરા શહેર અને વડોદરા જિલ્લામાં કોઈ ગેસ એજન્સી દોષિત જણાયેલ ન હોઈ પગલા લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પંચમહાલ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોનું મહેકમ

* ૨૩૦૪૫ શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પંચમહાલ જીલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોનું મંજુર મહેકમ કેટલું છે, | (૧) |

| તાલુકો | મંજૂર મહેકમ |
|---|---|
| જાંબુઘોડા | ૨૪૦ |
| હાલોલ | ૧૧૨૧ |

| | |
|---|---|
| કાલોલ | ૮૯૯ |
| મોરવા(હ) | ૧૦૩૮ |
| ગોધરા | ૧૯૫૫ |
| શહેરા | ૧૬૦૯ |
| ઘોઘંબા | ૧૨૯૦ |

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે શિક્ષકોની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| તાલુકો | ખાલી જગ્યા |
|---|---|
| જાંબુઘોડા | ૨૧ |
| હાલોલ | ૭૧ |
| કાલોલ | ૫૯ |
| મોરવા(હ) | ૭૪ |
| ગોધરા | ૭૬ |
| શહેરા | ૧૧૮ |
| ઘોઘંબા | ૧૮૯ |

(૩) ઉક્ત સ્થિતિએ શિક્ષકોની ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) જેમ બને તેમ જલ્દી.

બનાસકાંઠા જિલ્લામાં રમતગમતના મેદાનો વગરની પ્રાથમિક શાળાઓ

* ૨૩૦૪૧ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી અને ખાનગી પ્રાથમિક શાળાઓમાં રમત–ગમતના મેદાન નથી,

(૧)

| ક્રમ | તાલુકો | સરકારી શાળા | ખાનગી શાળા |
|---|---|---|---|
| ૧ | અમીરગઢ | ૩૧ | ૧ |
| ૨ | ભાભર | ૩૦ | ૦ |
| ૩ | દાંતા | ૮૯ | ૨ |
| ૪ | દાંતીવાડા | ૨૩ | ૦ |
| ૫ | ડીસા | ૬૯ | ૨ |
| ૬ | દિયોદર | ૫૯ | ૦ |
| ૭ | ધાનેરા | ૨૯ | ૧ |
| ૮ | કાંકરેજ | ૧૦૩ | ૧ |
| ૯ | લાખણી | ૪૦ | ૦ |
| ૧૦ | પાલનપુર | ૩૬ | ૩ |
| ૧૧ | સૂઈગામ | ૨૭ | ૦ |
| ૧૨ | થરાદ | ૬૭ | ૧ |
| ૧૩ | વડગામ | ૧૫ | ૨ |
| ૧૪ | વાવ | ૫૬ | ૧ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં રમત–ગમતના મેદાનો બનાવવામાં આવ્યા, અને

(૨) એક પણ નહીં.

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેતી સરકારી પ્રાથમિક શાળાઓમાં રમત–ગમતના મેદાનો ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

(૩) જમીન ઉપલબ્ધ થયેથી.

મહેસાણા જિલ્લામાં તાલુકાવાર એ.પી.એલ. અને બી.પી.એલ. ને અનાજનો જથ્થો

* ૨૪૦૬૫ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર એ.પી.એલ. અને બી.પી.એલ. કાર્ડ ધારકોની સંખ્યા કેટલી છે,

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર એ.પી.એલ. અને બી.પી.એલ. કાર્ડ ધારકોની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | એ. પી.એલ | બી. પી.એલ. |
|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૮૫,૬૪૬ | ૧૨,૮૯૯ |
| ૨ | બેચરાજી | ૧૭,૬૧૦ | ૪,૧૬૨ |
| ૩ | જોટાણા | ૧૧,૩૯૬ | ૩,૦૧૦ |

| | | | |
|---|---|---|---|
| ૪ | વિસનગર | ૫૪,૧૭૬ | ૭,૨૧૨ |
| ૫ | વિજાપુર | ૫૧,૩૪૭ | ૮,૫૬૦ |
| ૬ | કડી | ૫૯,૦૭૩ | ૭,૯૮૦ |
| ૭ | ઉંઝા | ૩૬,૨૮૨ | ૨,૭૨૪ |
| ૮ | ખેરાલુ | ૨૩,૮૩૪ | ૪,૬૧૨ |
| ૯ | સતલાસણા | ૧૪,૭૯૯ | ૩,૮૩૪ |
| ૧૦ | વડનગર | ૨૭,૯૮૯ | ૩,૫૬૬ |
| | કુલ | ૩૮૨૧૫૨ | ૫૮,૫૫૯ |

(૨) ઉકત એ.પી.એલ. અને બી.પી.એલ. કાર્ડ ધારકોને ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર કેટલો અનાજનો જથ્થો પુરો પાડવામાં આવ્યો, અને

(૨) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર ફાળવેલ અનાજનો જથ્થો નીચે મુજબ છે.

- એ.પી.એલ. કાર્ડધારકોને વર્ષવાર અને તાલુકાવાર અનાજના જથ્થાનું વિતરણ –

(આંકડા મે.ટનમાં)

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧-૨-૧૪ થી ૩૧-૧-૧૫ | તા.૧-૨-૧૫ થી ૩૧-૧-૧૬ |
|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૫૯૮૩ | ૪૭૧૬ |
| ૨ | બેચરાજી | ૧૪૬૯ | ૨૦૧૪ |
| ૩ | જોટાણા | ૪૦૬ | ૧૪૦૦ |
| ૪ | વિસનગર | ૪૨૭૭ | ૩૭૬૪ |
| ૫ | વિજાપુર | ૩૮૫૩ | ૩૬૫૭ |
| ૬ | કડી | ૫૦૮૧ | ૪૮૯૧ |
| ૭ | ઉંઝા | ૩૪૪૫ | ૩૦૦૯ |
| ૮ | ખેરાલુ | ૨૩૧૫ | ૨૧૫૪ |
| ૯ | સતલાસણા | ૧૩૦૭ | ૧૭૬૩ |
| ૧૦ | વડનગર | ૨૨૦૪ | ૨૯૨૬ |
| | કુલ | ૩૦૩૪૦ | ૩૦૨૯૪ |

- બી.પી.એલ. કાર્ડધારકોને વર્ષવાર અને તાલુકાવાર અનાજના જથ્થાનું વિતરણ –

(આંકડા મે.ટનમાં)

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧-૨-૧૪ થી ૩૧-૧-૧૫ | તા.૧-૨-૧૫ થી ૩૧-૧-૧૬ |
|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૩૮૨૪ | ૩૮૨૪ |
| ૨ | બેચરાજી | ૧૮૧૮ | ૧૮૧૮ |
| ૩ | જોટાણા | ૧૫૪૫ | ૧૫૪૫ |
| ૪ | વિસનગર | ૨૫૩૫ | ૨૫૩૫ |
| ૫ | વિજાપુર | ૨૮૩૧ | ૨૮૩૧ |
| ૬ | કડી | ૨૭૪૪ | ૨૪૦૧ |
| ૭ | ઉંઝા | ૧૪૭૧ | ૧૪૭૧ |
| ૮ | ખેરાલુ | ૧૯૧૧ | ૧૯૧૧ |
| ૯ | સતલાસણા | ૧૮૫૧ | ૧૮૫૧ |
| ૧૦ | વડનગર | ૧૫૭૯ | ૧૬૨૨ |
| | કુલ | ૨૨૧૦૯ | ૨૧૮૦૯ |

(૩) ઉકત સ્થિતિએ એ.પી.એલ. અને બી.પી.એલ. કાર્ડ ધારકોને વ્યકિતદીઠ કેટલો અનાજનો જથ્થો આપવામાં આવે છે?

(૩) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ એ.પી.એલ. અને બી.પી.એલ. કાર્ડ ધારકોને નીચેના માસિક પ્રમાણથી જથ્થાનું વિતરણ કરવામાં આવે છે.

- એ.પી.એલ. કાર્ડધારકો

| અનાજ | સમયગાળો | માસિક વિતરણ-પ્રમાણ |
|---|---|---|
| ઘઉં | એપ્રિલ-૧૪ થી ઓગષ્ટ-૧૪ | વ્યકિત દીઠ ૨.૫૦૦ કિલો અને મહત્તમ કાર્ડદીઠ ૧૫ કિલો |
| | સપ્ટેમ્બર-૧૪ થી એપ્રિલ-૧૫ | વ્યકિત દીઠ ૨.૫૦૦ કિલો અને મહત્તમ |

| | | |
|---|---|---|
| | | કાર્ડદીઠ ૧૦ કિલો |
| | મે–૧૫ થી જાન્યુઆરી–૧૬ | વ્યક્તિ દીઠ ૨.૫૦૦ કિલો અને મહત્તમ કાર્ડદીઠ ૧૫ કિલો |
| ચોખા | સપ્ટેમ્બર–૧૪ થી માર્ચ–૧૫ | મહત્તમ કાર્ડદીઠ ૬કિલો |

- બી.પી.એલ. કાર્ડધારકો

| અનાજ | સમયગાળો | માસિક વિતરણ–પ્રમાણ |
|---|---|---|
| ઘઉં | ફેબ્રુઆરી–૧૪ થી જાન્યુઆરી–૧૬ | પ્રતિ કાર્ડ ૧૩ કિલો |
| સ્પે. ઘઉં | ફેબ્રુઆરી–૧૪ | પ્રતિ કાર્ડ ૧૨ કિલો |
| | માર્ચ–૧૪ થી જુન–૧૪ | પ્રતિ કાર્ડ ૧૬ કિલો |
| | જુલાઈ–૧૪ | પ્રતિ કાર્ડ ૧૨ કિલો |
| | ઓગષ્ટ–૧૪ | પ્રતિ કાર્ડ ૧૨ કિલો |
| | સપ્ટેમ્બર–૧૪ | પ્રતિ કાર્ડ ૦૯ કિલો |
| | ઓકટોબર–૧૪ થી માર્ચ–૧૫ | પ્રતિ કાર્ડ ૦૯ કિલો |
| | એપ્રિલ–૧૫ | પ્રતિ કાર્ડ ૧૬ કિલો |
| | મે–૧૫ થી જાન્યુઆરી–૧૬ | પ્રતિ કાર્ડ ૧૫ કિલો |
| ચોખા | ફેબ્રુઆરી–૧૪ થી જાન્યુઆરી–૧૬ | પ્રતિ કાર્ડ ૦૩ કિલો |
| સ્પે. ચોખા | ફેબ્રુઆરી–૧૪ | પ્રતિ કાર્ડ ૦૭ કિલો |
| | માર્ચ–૧૪ થી મે–૧૪ | પ્રતિ કાર્ડ ૦૩ કિલો |
| | જુન–૧૪ થી ઓગષ્ટ–૧૪ | પ્રતિ કાર્ડ ૦૭ કિલો |
| | સપ્ટેમ્બર–૧૪ થી માર્ચ–૧૫ | પ્રતિ કાર્ડ ૧૦ કિલો |
| | એપ્રિલ–૧૫ | પ્રતિ કાર્ડ ૦૩ કિલો |
| | મે–૧૫ થી જાન્યુઆરી–૧૬ | પ્રતિ કાર્ડ ૦૪ કિલો |

### અમદાવાદ શહેરમાં સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં મહેકમ

* ૨૪૮૯૬શ્રી ગ્યાસુદ્દીન શેખ(દરીયાપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં કેટલી સરકારી ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ કાર્યરત છે, અને

જવાબ

(૧)

| શાળાનો પ્રકાર | સરકારી | ગ્રાન્ટેડ | નોન ગ્રાન્ટેડ |
|---|---|---|---|
| માધ્યમિક | ૦૦ | ૨૧૬ | ૮૯ |
| ઉચ્ચત્તર માધ્યમિક | ૦૩ | ૨૭૯ | ૭૨ |

ઉકત ત્રણેય સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ ચાલે છે. એટલે કે, ધોરણ ૯ થી ૧૨ સુધીની શાળા છે જેથી ઉચ્ચત્તર માધ્યમિક શાળા તરીકે દર્શાવેલ છે.

પ્રશ્ન

(૨) ઉકત સ્થિતિએ ઉકત સરકારી શાળાઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે?

જવાબ

(૨)

| | સંવર્ગ | મંજુર મહેકમ | ખાલી જગ્યાઓ | કેટલા સમયથી ખાલી |
|---|---|---|---|---|
| માધ્યમિક વિભાગ | આચાર્ય | ૦૨ | ૦૧ | જુન–૨૦૧૩ થી |
| | મદદનીશ શિક્ષક | ૧૨ | ૦૨ | જુન–૨૦૧૧ થી |
| | શ્રેયાન કારકુન | ૦૧ | ૦૧ | જુન–૨૦૧૩ થી |

| | | | | |
|---|---|---|---|---|
| | જુનિયર કારકુન | ૦૨ | ૦૧ | ઓકટોબર–૨૦૧૪ થી |
| | વર્ગ–૪ | ૦૭ | ૦૨ | એક જગ્યા–જુન– –૨૦૧૪ થી |
| | | | | એક જગ્યા જુલાઈ– ૨૦૧૩ થી |
| ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ | મદદનીશ શિક્ષક | ૧૮ | ૦૫ | એક જગ્યા–જુન– –૨૦૧૧ થી |
| | | | | એક જગ્યા–જુન– –૨૦૧૨ થી |
| | | | | બે જગ્યા નવેમ્બર–૨૦૧૩ થી |
| | | | | એક જગ્યા–સપ્ટેમ્બર –૨૦૧૪ થી |
| | ગ્રંથપાલ | ૦૧ | ૦૧ | ઓકટોબર–૨૦૧૩ થી |

અરવલ્લી જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોનું મંજૂર મહેકમ

* ૨૩૦૫૧ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોનું મંજૂર મહેકમ કેટલું છે,

(૨) ઉકત સ્થિતિએ તે અન્વયે કેટલા શિક્ષકોની ઘટ છે, અને

(૩) ઉકત ઘટતા શિક્ષકોની ક્યાં સુધીમાં ભરતી કરવામાં આવશે ?

જવાબ

(૧)

| ક્રમ | તાલુકો | મંજૂર મહેકમ |
|---|---|---|
| ૧ | મોડાસા | ૧૦૪૬ |
| ૨ | માલપુર | ૬૦૨ |
| ૩ | મેઘરજ | ૧૦૫૧ |
| ૪ | ધનસુરા | ૬૩૮ |
| ૫ | બાયડ | ૧૧૪૯ |
| ૬ | ભિલોડા | ૧૨૦૫ |

(૨)

| ક્રમ | તાલુકો | શિક્ષક ઘટ |
|---|---|---|
| ૧ | મોડાસા | ૦૪ |
| ૨ | માલપુર | ૦૪ |
| ૩ | મેઘરજ | ૦૯ |
| ૪ | ધનસુરા | ૨૦ |
| ૫ | બાયડ | ૨૩ |
| ૬ | ભિલોડા | ૦૦ |

(૩) જેમ બને તેમ જલ્દી.

દાહોદ જિલ્લામાં નાગરીકોને સાક્ષર બનાવવા લીધેલાં પગલાં

* ૨૪૬૫૩ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા નાગરીકો નિરક્ષર છે, અને

જવાબ

(૧)

| ક્રમ | તાલુકો | નિરક્ષરો |
|---|---|---|
| ૧ | દાહોદ | ૨૬૮૭૭ |
| ૨ | ગરબાડા | ૧૦૦૬૬ |
| ૩ | દેવગઢબારીયા | ૨૭૬૧૩ |
| ૪ | ફતેપુરા | ૧૭૫૮૧ |
| ૫ | લીમખેડા | ૫૦૩૪ |

| | | |
|---|---|---|
| ૬ | ધાનપુર | ૧૭૭૮૯ |
| ૭ | ઝાલોદ | ૬૭૮૪૬ |

(૨) ઉકત નિરક્ષરોને સાક્ષર બનાવવા રાજ્ય સરકારે ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં શાં પગલાં લીધાં ?

(૨) દાહોદ જિલ્લામાં તમામ ગ્રામપંચાયત કક્ષાએ સ્વયંસેવકો તથા પ્રેરકોની નિમણૂંક કરવામાં આવેલ છે. ગ્રામ્ય કક્ષાએ કુલ ૮૭૨ સાક્ષરતાના વર્ગો કાર્યરત છે, જેમાં ૮૫૯૮ નિરક્ષરોને જોડવામાં આવેલ છે. નિરક્ષરો પ્રૌઢ શિક્ષણ કેન્દ્રમાં આવે તે માટે પ્રેરકો દ્વારા આંતર વ્યકિતક પ્રચાર કરવામાં આવ્યો.

ખંભાલીયા તથા ભાણવડ તાલુકામાં પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક સુવિધાઓ

* ૨૪૯૦૫ શ્રી મેરામણભાઈ આહિર (ખંભાલીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાલીયા તથા ભાણવડ તાલુકામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પીવાના પાણી, બ્લેક બોર્ડ, શૌચાલય, વીજ સુવિધા અને રમતગમતના મેદાનોની સુવિધા ન ધરાવતી કઈ ખાનગી અને સરકારી પ્રાથમિક શાળાઓ છે, અને

જવાબ

(૧) પીવાના પાણી, બ્લેક બોર્ડ અને શૌચાલયની સુવિધા તમામ શાળાઓમાં છે.

–વીજ સુવિધા અને રમતગમતના મેદાનોની સુવિધા ન ધરાવતી શાળાની યાદી પત્રક મુજબ.

પ ત્ર ક

વીજ સુવિધા ન ધરાવતી શાળાની યાદી

| ક્રમ | તાલુકો | શાળાનું નામ |
|---|---|---|
| ૧ | ભાણવડ | છપીયોનેસ પ્રાથમિક શાળા |
| ૨ | ભાણવડ | ધ્રામીનીનેસ પ્રાથમિક શાળા |
| ૩ | ભાણવડ | કિલેશ્વર પ્રાથમિક શાળા |

રમતગમતના મેદાનની સુવિધા ન ધરાવતી શાળાની યાદી

| ક્રમ | તાલુકો | શાળાનું નામ |
|---|---|---|
| ૧ | જામખંભાળીયા | જુવાનગઢ વાડી શાળા |
| ૨ | જામખંભાળીયા | કાકાબાઈ સિંહણ પ્રાથમિક |
| ૩ | જામખંભાળીયા | બ્રાંચ શાળા–૨ |
| ૪ | જામખંભાળીયા | અજમેપીર ટેકરી પ્રાથમિક શાળા |
| ૫ | જામખંભાળીયા | તાલુકા શાળા–૪ |
| ૬ | જામખંભાળીયા | વાડીનાર વાડી શાળા |

રમતગમતના મેદાનની સુવિધા ન ધરાવતી શાળાની યાદી

| ક્રમ | તાલુકો | શાળાનું નામ |
|---|---|---|
| ૧ | ભાણવડ | આંબલીયારા પ્રાથમિક શાળા |
| ૨ | ભાણવડ | આંબલીયારા વાડી શાળા |
| ૩ | ભાણવડ | નવાપરા પ્રાથમિક શાળા |
| ૪ | ભાણવડ | ભેનકવડ વાડી શાળા |
| ૫ | ભાણવડ | રજવાડ વાડી શાળા |
| ૬ | ભાણવડ | ચાંદવડ પ્રાથમિક શાળા |
| ૭ | ભાણવડ | ધ્રામીનીનેસ પ્રાથમિક શાળા |
| ૮ | ભાણવડ | ફતેપુર વાડી શાળા–૧ |
| ૯ | ભાણવડ | ગડુ પ્રાથમિક શાળા |
| ૧૦ | ભાણવડ | હાથલા વાડી શાળા |
| ૧૧ | ભાણવડ | જસાપર પ્રાથમિક શાળા |
| ૧૨ | ભાણવડ | કપુરડીનેસ પ્રાથમિક શાળા |
| ૧૩ | ભાણવડ | કિલેશ્વર પ્રાથમિક શાળા |
| ૧૪ | ભાણવડ | મેવાસા વાડી શાળા–૨ |
| ૧૫ | ભાણવડ | મોટા કાલાવડ વાડી શાળા–૧ |
| ૧૬ | ભાણવડ | મોટા કાલાવડ વાડી શાળા–૨ |
| ૧૭ | ભાણવડ | મોટા કાલાવડ વાડી શાળા–૩ |
| ૧૮ | ભાણવડ | સેવકદેવળીયા પ્રાથમિક શાળા |

(૨) ઉકત સ્થિતિએ ઉકત શાળાઓમાં ખુટતી તમામ પ્રાથમિક સુવિધાઓ ક્યાં સુધીમાં ઉપલબ્ધ થશે ?

(૨) વીજ સુવિધા જેમ બને તેમ જલ્દી અને રમતગમતના મેદાનની સુવિધા જમીનની ઉપલબ્ધી થયેથી.

ગારીયાધાર, જેસર અને મહુવા તાલુકામાં સરકારી શાળાઓમાં શિક્ષકોનું મહેકમ

* ૨૪૦૪૩ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૧–૨–૨૦૧૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના ગારીયાધાર, જેસર અને મહુવા તાલુકામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોના મંજૂર થયેલ મહેકમ સામે કેટલા પ્રાથમિક શિક્ષકોની જગ્યા ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

જવાબ

(૧)

| તાલુકાનું નામ | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|
| ગારીયાધાર | ૪૫૯ | ૪૧૮ | ૪૧ |
| જેસર | ૪૧૮ | ૩૫૭ | ૬૧ |
| મહુવા | ૧૫૩૬ | ૧૩૨૫ | ૨૧૧ |

(૨) જેમ બને તેમ જલ્દી.

આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોનું મહેકમ

* ૨૩૩૦૪ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોનું મંજૂર મહેકમ કેટલું છે,

(૨) ઉકત સ્થિતિએ તે અન્વયે શિક્ષકોની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉકત સ્થિતિએ ઉકત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

જવાબ

(૧)

| તાલુકો | મંજૂર મહેકમ |
|---|---|
| આણંદ | ૧૩૪૬ |
| ઉમરેઠ | ૭૨૭ |
| બોરસદ | ૧૪૦૭ |
| આંકલાવ | ૬૬૮ |
| પેટલાદ | ૯૬૬ |
| સોજીત્રા | ૪૦૪ |
| ખંભાત | ૯૯૮ |
| તારાપુર | ૩૬૬ |

(૨)

| તાલુકો | ખાલી જગ્યા |
|---|---|
| આણંદ | ૧૩ |
| ઉમરેઠ | ૧૩ |
| બોરસદ | ૩૬ |
| આંકલાવ | ૧૩ |
| પેટલાદ | ૨૦ |
| સોજીત્રા | ૧૧ |
| ખંભાત | ૬૮ |
| તારાપુર | ૧૬ |

(૩) જેમ બને તેમ જલ્દી.

સુરત અને તાપી જિલ્લામાં વન ખાતાના રોજમદારોને છૂટા કરવા બાબત

* ૨૩૭૭૯ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૫–૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત અને તાપી જિલ્લામાં વન ખાતામાં રોજમદાર તરીકે કામ કરતા કેટલા ચોકીદારને છૂટા કરવામાં આવેલ છે અને તેમ કરવાના કારણો શાં છે ?

જવાબ

તા.૫–૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન સુરત જિલ્લામાં શૂન્ય અને તાપી જિલ્લામાં ૧૭ રોજમદાર ચોકીદારને છૂટા કરવામાં આવેલ છે.

ક્ષેત્રિય કામગીરીના પ્રમાણમાં ફેરફાર થવાના કારણે છૂટા કરવામાં આવેલ છે.

મહીસાગર જિલ્લામાં નવી માધ્યમિક શાળાઓ

* ૨૩૪૧૩ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાશિનોર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં વર્ષવાર કેટલી નવી માધ્યમિક શાળાઓ માટે

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં વર્ષવાર નીચે મુજબની માધ્યમિક શાળાઓને

મંજૂરી અપાઈ, અને

મંજૂરી આપવામાં આવેલ છે.

| વર્ષ | નોન ગ્રાન્ટેડ |
|---|---|
| ૨૦૧૩–૧૪ | ૦૩ |
| ૨૦૧૪–૧૫ | ૦૨ |
| કુલ | ૦૫ |

(૨) તે અન્વયે કેટલી માધ્યમિક શાળાઓ ગ્રાન્ટેડ અને કેટલી માધ્યમિક શાળાઓ નોન ગ્રાન્ટેડ છે ?

(૨) મહીસાગર જિલ્લામાં ૦૫ નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ છે. ગ્રાન્ટેડ માધ્યમિક શાળા નથી.

## વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં ભૂંડના ત્રાસથી પાકને બચાવવા કાંટાળા તારની વાડ માટે અરજીઓ

* ૨૪૩૩૯ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં ભૂંડના ત્રાસથી ખેડૂતોના પાકને બચાવવા માટે કાંટાળા તારની વાડ બનાવવા માટે તાલુકાવાર કેટલા ખેડૂતોએ છેલ્લા બે વર્ષમાં અરજીઓ કરી,

જવાબ

(૧)

| અ. નં. | વર્ષ | જિલ્લો | તાલુકાનું નામ | મળેલ અરજીની સંખ્યા | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | વ્યકિતગત | સામૂહિક | |
| ૧ | ૨૦૧૪–૧૫ | વડોદરા | –– | ૦ | ૦ | ૦ |
| | | છોટા ઉદેપુર | છોટા ઉદેપુર | ૦ | ૦ | ૩ |
| | | વડોદરા | નસવાડી | ૩ | ૦ | ૩ |
| | | | કુલ | ૬ | ૦ | ૬ |
| ૨ | ૨૦૧૫–૧૬ તા.૩૧–૧–૧૬ અંતિત | વડોદરા | બોડેલી | ૨ | ૦ | ૨ |
| | | છોટા ઉદેપુર | છોટા ઉદેપુર | ૪ | ૦ | ૪ |
| | | | કવાંટ | ૮ | ૦ | ૮ |

(૨) તે અન્વયે તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૨) એકપણ નહીં.

(૩) તે અન્વયે તાલુકાવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ખેડૂતોના પાકને ભૂંડના ત્રાસથી બચાવવા ઉકત સ્થિતિએ સરકારનું શું આયોજન છે ?

(૪) ૧. સરકારશ્રી દ્વારા વન્યપ્રાણીઓ દ્વારા ખેડૂતોના પાકને થતું નુકશાન અટકાવવા ખેતરની ફરતે લોખંડના કાંટાળા તારની વાડ બનાવવાની યોજના અમલમાં છે. જેમાં કાંટાળા તારની વાડના SOR ના અંદાજ પેટે ૫૦ ટકા અથવા ખરેખર ખર્ચ પૈકી જે ઓછું હોય તે રકમ ખેડૂતને સહાય તરીકે ચૂકવવામાં આવે છે.

૨. રોઝ દ્વારા ખેડૂતના ઉભા પાકને નુકશાન કરવામાં આવતું હોય તેવા વિસ્તારોમાં રોઝને નિકાલ કરવાની કામગીરી અન્વયે વડોદરા જિલ્લાના ૧૪૬ ગ્રામપંચાયતના સરપંચશ્રીને માનદ વન્યપ્રાણી સંરક્ષક તરીકે નિમવામાં આવેલ છે.

## સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં આર.ટી.ઈ. હેઠળ વિદ્યાર્થીઓને ધોરણ–૧ માં પ્રવેશ

* ૨૪૨૯૩ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ખાનગી પ્રાથમિક શાળાઓમાં કુલ કેટલા વિદ્યાર્થીઓને ધોરણ–૧ માં પ્રવેશ આપવામાં આવેલ છે, અને

જવાબ

(૧)

| જિલ્લો | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ |
|---|---|---|
| સાબરકાંઠા | ૫૦૨૧ | ૫૧૫૭ |
| અરવલ્લી | ૩૨૬૯ | ૩૬૩૩ |
| કુલ | ૮૨૯૦ | ૮૭૯૦ |

(૨) તે અન્વયે વર્ષવાર રાઈટ ટુ એજ્યુકેશન એકટ હેઠળ કુલ કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો ?

(૨)

| જિલ્લો | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ |
|---|---|---|
| સાબરકાંઠા | ૧૯૫ | ૫૦૭ |
| અરવલ્લી | ૩૦૬ | ૫૪૭ |
| કુલ | ૫૦૧ | ૧૦૫૪ |

## ભુજની ઈજનેરી કોલેજમાં સંવર્ગવાર જગ્યાઓ

## અતારાંકિત પ્રશ્નો

* ૨૪૬૩૭ શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સરકારી ઈજનેરી કોલેજ ભુજ ખાતે વર્ગ–૧, વર્ગ–૨ તથા વર્ગ–૩ અને વર્ગ–૪ ની તા.૧–૧–૨૦૧૬ની સ્થિતિએ મંજૂર થયેલ જગ્યાઓ કેટલી છે,

(૨) તે પૈકી તા.૧–૧–૨૦૧૬ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

જવાબ

(૧) સરકારી ઈજનેરી કોલેજ, ભુજ

| ક્રમ | સંવર્ગ | મંજૂર મહેકમ |
|---|---|---|
| ૧ | પ્રાધ્યાપક (વર્ગ–૧) | ૧૩ |
| ૨ | સહ પ્રાધ્યાપક (વર્ગ–૧) | ૧૫ |
| ૩ | સહાયક પ્રાધ્યાપક (વર્ગ–૨) | ૧૩૬ |
| ૪ | હિસાબી અધિકારી (વર્ગ–૨) | ૦૧ |
| ૫ | મુખ્ય કારકુન (વર્ગ–૩) | ૦૧ |
| ૬ | સીની.કલાર્ક (વર્ગ–૩) | ૦૧ |
| ૭ | સ્ટોરકીપર (વર્ગ–૩) | ૦૧ |
| ૮ | ગ્રંથપાલ એટેન્ડન્ટ (વર્ગ–૩) | ૦૧ |
| ૯ | પ્રયોગશાળા મદદનીશ (વર્ગ–૩) | ૦૯ |
| ૧૦ | ડ્રાઈવર (વર્ગ–૩) | ૦૧ |
| ૧૧ | વર્ગ–૪ | ૦૫ |

(૨) સરકારી ઈજનેરી કોલેજ, ભુજ

| ક્રમ | સંવર્ગ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| ૧ | પ્રાધ્યાપક (વર્ગ–૧) | ૧૩ |
| ૨ | સહ પ્રાધ્યાપક (વર્ગ–૧) | ૦૩ |
| ૩ | સહાયક પ્રાધ્યાપક (વર્ગ–૨) | ૭૫ |
| ૪ | હિસાબી અધિકારી (વર્ગ–૨) | ૦૧ |
| ૫ | પ્રયોગશાળા મદદનીશ (વર્ગ–૩) | ૦૧ |

(૩) વર્ગ–૧ની અને ૨ની જગ્યાઓ બઢતી અને સીધી ભરતીથી ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગના પરામર્શમાં કાર્યવાહી પ્રગતિમાં છે.

વર્ગ–૩ ની જગ્યાઓ સીધી ભરતીથી ભરવાની મંજૂરી મળ્યેથી તેમજ સીનીયર કલાર્કની જગ્યાઓ ખાતાકીય પરીક્ષા પાસ કરેલ ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવાની કાર્યવાહી પ્રગતિમાં છે.

વર્ગ–૪ સંવર્ગની જગ્યાઓ આવશ્યકતા અનુસાર આઉટ સોર્સીંગ એજન્સી મારફત કરારના ધોરણે ભરવામાં આવે છે.

### જામનગર જિલ્લામાં શિક્ષણાધિકારી અને પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની ખાલી જગ્યાઓ

* ૨૪૨૦૩ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જામનગર જિલ્લા શિક્ષણાધિકારી અને જામનગર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની જગ્યા ખાલી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉકત જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૩) આ જગ્યા ખાલી રહેવાના કારણો શા છે અને ઉકત જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

જવાબ

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### ખેડા જિલ્લામાં વાજબી ભાવની દુકાનો

* ૨૩૯૧૩ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર છેલ્લાં બે વર્ષ દરમિયાન વર્ષવાર કેટલી વાજબી ભાવની દુકાનોની તપાસ કરવામાં આવી,

જવાબ

(૧)

| તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૫ | કુલ |
|---|---|---|---|
| નડીયાદ (શ) | ૧૫ | ૨૪ | ૩૯ |
| નડીયાદ (ગ્રા) | ૧૪ | ૦૯ | ૨૩ |
| વસો | ૦૨ | ૧૯ | ૨૧ |
| માતર | ૨૯ | ૩૯ | ૬૮ |
| ખેડા | ૧૯ | ૪૨ | ૬૧ |
| મહેમદાવાદ | ૧૬ | ૦૯ | ૨૫ |

| | | | |
|---|---|---|---|
| મહુધા | ૩૦ | ૩૨ | ૬૨ |
| કઠલાલ | ૩૩ | ૩૭ | ૭૦ |
| કપડવંજ | ૨૨ | ૨૨ | ૪૪ |
| ઠાસરા | ૧૨ | ૧૨ | ૨૪ |
| ગલતેશ્વર | ૦૧ | ૦૨ | ૦૩ |
| કુલ | ૧૯૩ | ૨૪૭ | ૪૪૦ |

(૨) ઉકત સ્થિતિએ વર્ષવાર ઉકત તપાસ દરમિયાન કેવા પ્રકારની ગેરરીતિ જણાઈ આવી, અને

(૨) વર્ષ ૨૦૧૪ માં જણાઈ આવેલ ગેરરીતિઓ.

(૧) હાજર જથ્થામાં વધ–ઘટ
(૨) કાર્ડધારકોના રેશનકાર્ડમાં ઈ–બીલ કરતા ઓછો જથ્થો નોંધવામાં આવેલ છે.
(૩) રેશનકાર્ડમાં જથ્થાની નોંધ કર્યા સિવાય જથ્થો વગે.
(૪) ફરીયાદ બૂક રાખવામાં આવેલ નથી.
(૫) નામ.સુપ્રિમકોર્ટની સૂચના મુજબની માર્ગદર્શિકા લોકો જોઈ શકે તે રીતે પ્રસિધ્ધ કરેલ નથી.
(૬) ભાવના બોર્ડમાં વિગતો દર્શાવેલ નથી.
(૭) સ્ટોક રજીસ્ટર તપાસણી સમયે રજૂ કરેલ નથી.
(૮) બીપીએલ, અંત્યોદય કાર્ડધારકોની યાદી લોકો જોઈ શકે તે રીતે રાખેલ નથી.
(૯) આ ચી.વ.ના નમુના પ્લાસ્ટીક જારમાં રાખવામાં આવેલ નથી.
(૧૦) ગ્રામ્ય તકેદારીની બેઠક નિયમિત બોલાવવામાં આવતી નથી.

વર્ષ ૨૦૧૫ માં જણાઈ આવેલ ગેરરીતિઓ.

(૧) હાજર જથ્થામાં વધ–ઘટ
(૨) કાર્ડધારકોના રેશનકાર્ડમાં ઈ–બીલ કરતા ઓછો જથ્થો નોંધવામાં આવેલ છે.
(૩) રેશનકાર્ડમાં જથ્થાની નોંધ કર્યા સિવાય જથ્થો વગે.
(૪) ફરીયાદ બૂક રાખવામાં આવેલ નથી.
(૫) નામ.સુપ્રિમકોર્ટની સૂચના મુજબની માર્ગદર્શિકા લોકો જોઈ શકે તે રીતે પ્રસિધ્ધ કરેલ નથી.
(૬) ભાવના બોર્ડમાં વિગતો દર્શાવેલ નથી.
(૭) સ્ટોક રજીસ્ટર તપાસણી સમયે રજૂ કરેલ નથી.
(૮) બીપીએલ, અંત્યોદય કાર્ડધારકોની યાદી લોકો જોઈ શકે તે રીતે રાખેલ નથી.
(૯) આ ચી.વ.ના નમુના પ્લાસ્ટીક જારમાં રાખવામાં આવેલ નથી.
(૧૦) ગ્રામ્ય તકેદારીની બેઠક નિયમિત બોલાવવામાં આવતી નથી.

(૩) તે અન્વયે જવાબદારો સામે શાં પગલાં ભરવામાં આવ્યા?

(૩) જવાબદારો સામે લીધેલ પગલાંની વિગત

- રૂ.૭૩,૭૬૩/– ની કિંમતનો અનાજ, કેરોસીન, ખાંડ, ખાદ્યતેલ, કઠોળનો જથ્થો કબજે લીધો.
- રૂ.૫૪,૯૪૮/– ની કિંમતનો અનાજ, કેરોસીન, ખાંડ, ખાદ્યતેલ, કઠોળનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો.
- રૂ.૮૮,૫૦૦/– પરવાના અનામત.
- રૂ.૩,૩૭,૬૨૬/– દંડ.
- ૧૨ પરવાના મોકુફ.

રાજકોટ અને જૂનાગઢ જિલ્લામાં રસ્તા ઉપર લીલા વૃક્ષો કાપવા બાબત

* ૨૩૬૭૦ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧–૧૬ની સ્થિતિએ રાજકોટ અને જૂનાગઢ

(૧)

જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ક્યા રોડ રસ્તા ઉપરના કેટલા લીલા વૃક્ષો કાપવાની સરકારે મંજૂરી આપી,

| વર્ષ | લીલા વૃક્ષ કાપવાની મંજૂરી આપેલ હોય તે રસ્તાનું નામ | લીલા વૃક્ષ કાપવાની મંજૂરી આપેલ હોય તેની સંખ્યા |
|---|---|---|
| ૨૦૧૪–૧૫ | આટકોટ–ગોંડલ રોડ | ૪૨૬ |
| | કુલ | ૪૨૬ |
| ૨૦૧૫–૧૬ | ઉપલેટા–કોલકી–પાનેલી રોડ | ૭૨૮ |
| | આટકોટ ચોકડીથી જસદણ બાયપાસ | ૧૨૯ |
| | જસદણ બાયપાસ રોડ નોન પ્રોટેક્ટેડ | ૨૦૪ |
| | કુલ | ૧૦૬૧ |
| | એકંદરે કુલ | ૧૪૮૭ |

જૂનાગઢ જિલ્લામાં વૃક્ષ કાપવાની કોઈ મંજૂરી આપેલ નથી.

(૨) તે અન્વયે કેટલા વૃક્ષો કાપવામાં આવ્યા, અને

(૨) ૧૪૮૭.

(૩) તે અન્વયે કેટલા ઘન મીટર લાકડું કપાયું અને તેની કિંમત કેટલી છે ?

(૩) ૧૧૭.૧૩ ઘન મીટર ઈમારતી લાકડું અને ૧૩૩૫૧.૧૧ કિવ. જલાઉ લાકડું, જેની અંદાજિત કિંમત રૂ.૨૯.૯૯/– લાખ.

ગીર, આલેચ અને બરડાના જંગલ વિસ્તારના લોકોને અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્ર આપવા બાબત

* ૨૪૧૦૧ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ગીર, આલેચ અને બરડાના જંગલ વિસ્તારના નેસોમાંથી સ્થળાંતરીત કરી ગયેલા રબારી, ભરવાડ અને ચારણ જાતિઓની અનુસૂચિત જનજાતિ તરીકેની પાત્રતાની ચકાસણી કરી વિગતદર્શક કાર્ડ તથા જાતિ પ્રમાણપત્ર આપવાના બાકી છે તે હકીકત તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ સાચી છે,

(૨) જો હા, તો ગીર સોમનાથ અમરેલી જિલ્લામાં સ્થળાંતરીત થયેલાં કુટુંબોને અનુસૂચિત જનજાતિના વિગતદર્શક કાર્ડ તથા જાતિ પ્રમાણપત્ર આપવા ઉકત સ્થિતિએ છેલ્લે ક્યારે સર્વે કરવામાં આવ્યો કે સર્વેની કામગીરી સોંપવામાં આવી, અને

(૩) તે અન્વયે ઉકત જિલ્લાવાર ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્થળાંતરીત થયેલા કેટલા કુટુંબોને અનુસૂચિત જનજાતિના વિગતદર્શક કાર્ડ તેમજ જાતિ પ્રમાણપત્ર આપવામાં આવ્યા ?

જવાબ

(૧) જાતિ પ્રમાણપત્ર આપવા અનુસૂચિત જનજાતિ તરીકેની પાત્રતાની ચકાસણી હેઠળ છે.

વિગતદર્શક કાર્ડ આપવાની હાલ કોઈ જોગવાઈ નથી.

(૨) છેલ્લે વર્ષ ૧૯૯૩ માં જ.મ.મલકાણ સમિતિ દ્વારા.

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં ૩૭૦ જાતિ પ્રમાણપત્રો આપવામાં આવેલ છે. વિગતદર્શક કાર્ડ આપવાની હાલ કોઈ જોગવાઈ નથી.

જૂનાગઢ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓની ઘટ

* ૨૩૯૦૦ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ આવેલી છે, અને

(૨) ઉકત સ્થિતિએ કેટલી શાળાઓમાં કુલ કેટલા ઓરડાઓની ઘટ છે અને કેટલી શાળાઓમાં કેટલા ઓરડાઓ જર્જરીત છે કે બેસવાલાયક નથી, અને

(૩) આ ખુટતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

જવાબ

(૧) ૭૬૨.

(૨) ૧૬૯ શાળાઓમાં ૪૨૨ ઓરડાઓની ઘટ છે અને ૬૫ શાળાઓમાં ૨૯૦ ઓરડાઓ જર્જરીત છે કે બેસવાલાયક નથી.

(૩) જેમ બને તેમ જલ્દી.

વલસાડ જિલ્લામાં વન અધિકાર કાયદા હેઠળ લાભાર્થીઓને જંગલની જમીન

* ૨૪૧૭૯ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં તાલુકાવાર વન અધિકાર કાયદા હેઠળ કેટલા લાભાર્થીઓને જંગલની જમીનની સનદ આપવામાં આવી, અને

જવાબ

(૧) વન અધિકાર અધિનિયમ હેઠળ સનદ નહીં પરંતુ આદેશપત્ર આપવામાં આવે છે.

| તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૫ |
|---|---|---|
| ધરમપુર | ૨૭૦૪ | ૧૦૮૦ |

| | | |
|---|---|---|
| કપરાડા | ૩૬૫૫ | ૪૭૮ |
| ઉમરગામ | ૮૫ | ૫ |

(૨) ઉકત સ્થિતિએ કેટલા લાભાર્થીઓ બાકી છે, અને તેમને કેટલા સમયમાં આ લાભ આપવામાં આવશે ?

(૨) બાકીના દાવાઓ પુનઃ સમિક્ષા હેઠળ છે. પુનઃ સમિક્ષા આખરી થયેથી નિયમો અનુસાર આપવામાં આવશે.

## બનાસકાંઠા જિલ્લામાં રોપાઓનો ઉછેર

* ૨૩૦૩૯ શ્રી ગોવાભાઈ રબારી (ડીસા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૧૬ની સ્થિતિએ વન વિભાગ દ્વારા બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા રોપા ઉછેરવામાં આવ્યા,

(૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો, અને

(૩) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલા રોપા જીવિત છે ?

જવાબ

(૧)

| તાલુકાનું નામ | ઉછેરવામાં આવેલ રોપા (લાખમાં) | |
|---|---|---|
| | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ (તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ) |
| દાંતા | ૧૭.૧૭ | ૧૫.૬૬ |
| અમીરગઢ | ૧૦.૪૩ | ૯.૨૨ |
| પાલનપુર | ૩.૧૩ | ૨.૯૦ |
| વડગામ | ૧.૯૫ | ૦.૫૦ |
| ડીસા | ૧.૨૯ | ૦.૪૪ |
| દાંતીવાડા | ૩.૫૦ | ૪.૦૬ |
| ધાનેરા | ૧.૨૦ | ૦.૬૦ |
| શિહોરી | ૦.૮૮ | ૦.૭૦ |
| દિયોદર | ૧.૧૫ | ૦.૬૮ |
| ભાભર | ૦.૮૪ | ૦.૭૦ |
| થરાદ | ૦.૯૮ | ૦.૬૦ |
| વાવ | ૨.૪૬ | ૪.૬૨ |

(૨) રૂ.૩૮૨૭.૯૩/– લાખ.

(૩) ૬૫.૯૫ લાખ.

## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં સરકારી કોલેજોમાં જગ્યાઓ

* ૨૪૮૯૩ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં આવેલ સરકારી અને ગ્રાન્ટેડ આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજોમાં સંવર્ગવાર અને કેટેગરીવાર પ્રોફેસરો, આસીસ્ટન્ટ પ્રોફેસર અને એસોસીએટ પ્રોફેસરોની કેટલી જગ્યાઓ ઓપન, ઓ.બી.સી., એસ.ટી. અને એસ.સી. કેટેગરીની મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કેટેગરી પ્રમાણે ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉકત ખાલી જગ્યાઓ ખાલી રહેવાના કારણો શા છે?

જવાબ

(૧) સામેલ *પત્રક–૧,૨,૩ મુજબ.

(૨) સામેલ *પત્રક–૩,૪ અને ૫ મુજબ.

(૩) સરકારી અને અનુદાનિત કોલેજોમાં ભરતી પ્રક્રિયાને અંતે ઓછા ઉમેદવારો ઉપલબ્ધ થવાથી.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

## આણંદ અને વડોદરા જિલ્લામાં તાલુકાવાર સરકારી જમીનમાં રોપાઓનું વાવેતર

* ૨૪૮૯૦ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૧૬ ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી સરકારી જમીનમાં રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું, અને

જવાબ

(૧) તા.૩૧–૧–૧૬ ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે સરકારી જમીનમાં રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું.

| જિલ્લો | વાવેતર વિસ્તાર (હેક્ટરમાં) | |
|---|---|---|
| | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ |

| | | |
|---|---|---|
| આણંદ | ૩૫ | ૧૨ |
| વડોદરા | ૨૧ | ૨૦ |
| કુલ | ૫૬ | ૩૨ |

(૨) તે અન્વયે તાલુકાવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવી ?

(૨) તે અન્વયે આણંદ અને વડોદરા જિલ્લામાં નીચેની વિગતે તાલુકાવાર અને વર્ષવાર ખર્ચ કરવામાં આવ્યો.

આણંદ જિલ્લો

ખર્ચ (રૂ.લાખમાં)

| તાલુકો | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ |
|---|---|---|
| આણંદ | ૧૧.૧૪ | ૧૭.૭૯ |
| આંકલાવ | ૭.૮૧ | ૫.૩૦ |
| બોરસદ | ૦.૦૦ | ૦.૦૦ |
| ખંભાત | ૦.૦૦ | ૦.૦૦ |
| પેટલાદ | ૦.૦૦ | ૦.૦૦ |
| સોજીત્રા | ૧૧.૧૪ | ૦.૦૦ |
| તારાપુર | ૦.૦૦ | ૦.૦૦ |
| ઉમરેઠ | ૩૩.૪૩ | ૦.૦૦ |
| કુલ | ૬૩.૫૨ | ૨૩.૦૯ |

વડોદરા જિલ્લો

ખર્ચ (રૂ.લાખમાં)

| તાલુકો | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ |
|---|---|---|
| વડોદરા | ૦.૦૦ | ૦.૦૦ |
| સાવલી | ૯.૪૨ | ૮.૫૧ |
| ડેસર | ૦.૦૦ | ૦.૦૦ |
| વાઘોડીયા | ૨૮.૩૦ | ૪.૦૭ |
| ડભોઇ | ૯.૪૨ | ૫.૬૭ |
| કરજણ | ૬.૨૮ | ૦.૦૦ |
| પાદરા | ૦.૦૦ | ૦.૦૦ |
| શિનોર | ૬.૨૮ | ૦.૦૦ |
| કુલ | ૫૯.૭૦ | ૧૮.૨૫ |

### માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકાની પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ ઘટાડવાના પગલાઓ

* ૨૪૭૪૦ શ્રી જવાહર ચાવડા (માણાવદર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) જુનાગઢ જિલ્લાના માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકામાં આવેલી સરકારી પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ માં કેટલા વિદ્યાર્થીઓ ડ્રોપ આઉટ થયા,

(૨) વિદ્યાર્થીઓ ડ્રોપ આઉટ થવાના મુખ્યત્વે શા કારણો છે, અને

(૩) ઉપરોક્ત તાલુકાઓમાં ડ્રોપ આઉટ રેશીઓ ઘટાડવા ઉક્ત સમયગાળા દરમ્યાન શા પગલા લેવામાં આવ્યા છે ?

જવાબ

(૧)

| ક્રમ | તાલુકો | ડ્રોપ આઉટ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૩-૧૪ | વર્ષ ૨૦૧૪-૧૫ |
| ૧ | માણાવદર | ૧૮ | ૯ |
| ૨ | વંથલી | ૮ | ૫ |
| ૩ | મેંદરડા | ૦ | ૦ |

(૨) ખેતીકામ, કૌટુંબિક જવાબદારી તથા વાલીના સ્થળાંતરને લીધે.

(૩) સ્પેશ્યલ ટ્રેનીંગ સેન્ટર, સીઝનલ હોસ્ટેલ તથા વાલી સંપર્ક દ્વારા ડ્રોપ આઉટ રેશીયો ઘટાડવા માટે પગલાં ભરેલ છે.

### ડાંગ જિલ્લામાં જંગલ કામદાર સહકારી મંડળીઓના બાકી લેણાં

* ૨૪૨૫૪ શ્રી મંગળભાઈ ગાવિત (ડાંગ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ ડાંગ જિલ્લાની જંગલ કામદાર સહકારી મંડળીઓ પૈકી કેટલી મંડળીઓમાં સરકારી લેણાં બાકી છે, અને

(૨) તે વસુલવા શું કાર્યવાહી કરી ?

જવાબ

(૧) ૯ (નવ).

(૨) તે વસુલવા માટે નોટિસો આપવામાં આવેલ છે.

### અમદાવાદ અને ભાવનગર જિલ્લામાં મંજૂર માધ્યમિક શાળાઓ

* ૨૩૪૨૩ શ્રી પ્રવિણભાઈ રાઠોડ (પાલીતાણા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર અને અમદાવાદ જિલ્લામાં સરકાર દ્વારા કેટલી માધ્યમિક શાળાઓ મંજૂર કરવામાં આવી,

જવાબ

(૧) તા.૩૧-૦૧-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર અને અમદાવાદ જિલ્લામાં વર્ષવાર નીચે મુજબની માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવેલ છે.

| જિલ્લો | વર્ષ | સરકારી | ગ્રાન્ટેડ | નોન ગ્રાન્ટેડ | કુલ |
|---|---|---|---|---|---|
| અમદાવાદ શહેર | ૨૦૧૪-૧૫ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ |
| | ૨૦૧૫-૧૬ | ૦૦ | ૦૦ | ૦૮ | ૦૮ |
| અમદાવાદ ગ્રામ્ય | ૨૦૧૪-૧૫ | ૦૦ | ૦૦ | ૦૫ | ૦૫ |
| | ૨૦૧૫-૧૬ | ૦૦ | ૦૦ | ૧૦ | ૧૦ |
| ભાવનગર | ૨૦૧૪-૧૫ | ૦૦ | ૦૦ | ૦૫ | ૦૫ |
| | ૨૦૧૫-૧૬ | ૦૦ | ૦૦ | ૧૫ | ૧૫ |

(૨) મંજૂર કરેલ માધ્યમિક શાળામાં ઉક્ત સ્થિતિએ કેટલું મહેકમ ખાલી છે, અને

(૨) મંજુર થયેલ નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાની ભરતી સંચાલક મંડળ દ્વારા થાય છે. આથી તે અંગેની માહિતી ઉપલબ્ધ નથી.

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું આયોજન છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

બનાસકાંઠા જિલ્લામાં બી.પી.એલ. પરિવારોને રેશનીંગનો જથ્થો

* ૨૪૦૮૩ શ્રી ધારશીભાઈ ખાનપુરા (કાંકરેજ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા પરિવારોને રેશનીંગનો જથ્થો મળે છે,

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં પાત્રતા ધરાવતા નીચે મુજબના બીપીએલ રેશનકાર્ડ ધારક પરિવારોને જથ્થો મળે છે.

| ક્રમ | તાલુકાનું નામ | બીપીએલ પરિવાર |
|---|---|---|
| ૧ | અમીરગઢ | ૮,૧૩૦ |
| ૨ | કાંકરેજ | ૧૪,૬૬૫ |
| ૩ | ડીસા | ૨૫,૨૧૫ |
| ૪ | થરાદ | ૭,૩૩૭ |
| ૫ | દાંતા | ૧૨,૫૪૭ |
| ૬ | દાંતીવાડા | ૬,૦૭૫ |
| ૭ | દિયોદર | ૬,૯૪૮ |
| ૮ | ધાનેરા | ૧૦,૯૫૯ |
| ૯ | પાલનપુર | ૧૯,૭૪૧ |
| ૧૦ | ભાભર | ૭,૬૫૪ |
| ૧૧ | લાખણી | ૫,૨૭૫ |
| ૧૨ | વડગામ | ૧૫,૪૪૮ |
| ૧૩ | વાવ | ૭,૧૯૦ |
| ૧૪ | સૂઇગામ | ૪,૨૬૫ |
| | કુલ | ૧,૫૧,૪૪૯ |

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા બી.પી.એલ. પરિવારોને રેશનીંગનો જથ્થો મળતો નથી, અને

(૨) જે બીપીએલ રેશનકાર્ડ ધારણ કરતા પરિવાર રેશનીંગનો જથ્થો લેવા જાય છે તે પરિવારોને રેશનીંગના જથ્થાનું વિતરણ કરવામાં આવે છે.

(૩) આ બાકી રહેતા બી.પી.એલ. પરિવારોને કેટલા સમયમાં રેશનીંગનો જથ્થો ફાળવવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

આર.બી.ડી. પામોલીન તેલના જથ્થાનો બફર સ્ટોક

* ૨૩૨૭૯ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આર.બી.ડી. પામોલીન તેલના કેટલા જથ્થાનો બફર સ્ટોક કરવામાં આવ્યો,

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આર.બી.ડી. પામોલીન તેલ નહિ પરંતુ અંત્યોદય અને બી.પી.એલ. રેશનકાર્ડ ધારકોને વિતરણ કરવા ૧૨૩૩૯.૦૬ મે.ટન રીફાઇન્ડ કપાસીયા તેલ ખરીદવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | જથ્થો (મે.ટન) |
|---|---|
| ૨૦૧૪ | ૬૦૭૦.૪૩ |
| ૨૦૧૫ | ૬૨૬૮.૬૩ |

| | |
|---|---|
| કુલ | ૧૨૩૩૯.૦૬ |

(૨) તે પૈકી બનાસકાંઠા જિલ્લામાં કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) બનાસકાંઠા જિલ્લામાં નીચે મુજબની વિગતે રીફાઇન્ડ કપાસીયા તેલના ૧ લીટરના પાઉચ વિતરણ કરવામાં આવ્યું.

| રીફાઇન્ડ કપાસીયા તેલ | વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૫ | છેલ્લા બે વર્ષ દરમ્યાન થયેલ કુલ વિતરણ |
|---|---|---|---|
| ૧ લીટર પાઉચ નંગ | ૩૯૫૧૯૦ | ૪૦૩૨૯૭ | ૭૯૮૪૮૭ |
| મે.ટન | ૩૫૯.૬૨ | ૩૬૭.૦૦ | ૭૨૬.૬૨ |

(૩) તે ક્યા ભાવે કરવામાં આવ્યું ?

(૩) વર્ષ ૨૦૧૪ માં રૂ.૪૮.૦૦ પ્રતિ લીટરના ભાવે તેમજ વર્ષ ૨૦૧૫ માં રૂ.૪૩.૦૦ પ્રતિ લીટરના ભાવે વિતરણ કરવામાં આવ્યું.

### પાટણ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન યોજના માટે ફાળવેલ રકમ

* ૨૪૨૭૦ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ પાટણ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન યોજના અંતર્ગત છેલ્લાં બે વર્ષમાં કેટલી રકમ ફાળવવામાં આવી અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલા વિદ્યાર્થીઓને વર્ષવાર લાભ આપવામાં આવ્યા ?

જવાબ

(૧) રૂ.લાખમાં

| વર્ષ | ફાળવેલ રકમ | ખર્ચ |
|---|---|---|
| ૨૦૧૪-૧૫ | ૪૮૬૯.૯૧ | ૪૪૯૦.૪૪ |
| ૨૦૧૫-૧૬ (૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ) | ૪૮૦૯.૫૧ | ૪૨૦૨.૯૫ |

(૨)

| વર્ષ | વિદ્યાર્થીઓની સંખ્યા (ધો.૧ થી ૮) |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૧૮૩૨૬૦ |
| ૨૦૧૫-૧૬ (૩૧-૧૨-૧૫ સુધી) | ૧૮૧૪૮૪ |

### અમરેલી જિલ્લામાં રાઇટ ટુ એજ્યુકેશન એક્ટનો અમલ

* ૨૩૯૫૧ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-જાન્યુઆરી-૨૦૧૬ ની સ્થિતિએ ''રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ'' ની જોગવાઇ અનુસાર અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન તાલુકાવાર કેટલી શાળાઓમાં પ્રવેશ મેળવવા માટે કુલ કેટલી અરજીઓ મળેલ છે,

જવાબ

(૧)

| તાલુકો | ૨૦૧૪-૧૫ | | ૨૦૧૫-૧૬ | |
|---|---|---|---|---|
| | શાળાની સંખ્યા | મળેલ અરજી | શાળાની સંખ્યા | મળેલ અરજી |
| અમરેલી | ૩૦ | ૨૧૮ | ૧૦ | ૬૪૭ |
| લાઠી | ૦૫ | ૨૧ | ૦૭ | ૫૯ |
| લીલીયા | ૦૧ | ૦૨ | ૦૧ | ૦૪ |
| બાબરા | ૦૫ | ૫૯ | ૦૯ | ૪૯ |
| બગસરા | ૦૮ | ૨૩ | ૦૫ | ૨૨ |
| ધારી | ૧૦ | ૩૦ | ૧૦ | ૨૪ |
| ખાંભા | - | - | ૦૨ | ૦૮ |
| રાજુલા | ૦૮ | ૪૧ | ૦૬ | ૦૯ |
| જાફરાબાદ | ૦૪ | ૦૮ | ૦૬ | ૬૮ |
| સાવરકુંડલા | ૦૬ | ૧૦૧ | ૧૩ | ૧૩૫ |

(૨) તે અન્વયે તાલુકાવાર કેટલી શાળાઓમાં કુલ કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ છે, અને

(૨)

| તાલુકો | ૨૦૧૪-૧૫ | | ૨૦૧૫-૧૬ | |
|---|---|---|---|---|
| | શાળાની સંખ્યા | પ્રવેશ | શાળાની સંખ્યા | પ્રવેશ |
| અમરેલી | ૩૦ | ૨૧૮ | ૧૦ | ૧૬૩ |
| લાઠી | ૦૫ | ૨૧ | ૦૭ | ૬૦ |

| | | | | |
|---|---|---|---|---|
| લીલીયા | ૦૧ | ૦૨ | ૦૧ | ૦૩ |
| બાબરા | ૦૫ | ૫૯ | ૦૯ | ૭૮ |
| બગસરા | ૦૮ | ૨૩ | ૦૫ | ૧૫ |
| ધારી | ૧૦ | ૩૦ | ૧૦ | ૨૩ |
| ખાંભા | – | – | ૦૨ | ૧૧ |
| રાજુલા | ૦૮ | ૪૧ | ૦૬ | ૧૧ |
| જાફરાબાદ | ૦૪ | ૦૮ | ૦૬ | ૭૩ |
| સાવરકુંડલા | ૦૬ | ૧૦૧ | ૧૩ | ૧૧૨ |
| કુલ | ૭૭ | ૫૦૩ | ૬૯ | ૫૪૯ |

(૩) ઉક્ત સ્થિતિએ જો પ્રવેશ આપવામાં આવેલ ના હોય, તો તેના મુખ્ય કારણો શું છે ?

(૩) વર્ષ ૨૦૧૫–૧૬ માં શાળાઓમાં પ્રવેશ આપવા પાત્ર કરતાં વધુ વિદ્યાર્થીઓની અરજીઓ મળેલ હોઇ.

સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત રકમની ફાળવણી

* ૨૪૧૨૯ શ્રી શૈલેષકુમાર પરમાર (દાણીલીમડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ કેટલી રકમની ફાળવણી કરવાની માંગણી કે દરખાસ્ત કરવામાં આવી, અને

(૨) તે પૈકી કેન્દ્ર સરકાર દ્વારા કેટલી રકમની ફાળવણી કરાવમાં આવી ?

જવાબ

(૧) (રૂ.લાખમાં)

| | |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૨૭૩૩૬૮.૪૨ |
| ૨૦૧૫–૧૬ (તા.૩૧–૧૨–૨૦૧૫ સુધી) | ૨૯૩૬૫૮.૬૬ |

(૨)

| વર્ષ | ફાળવેલ રકમ |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૭૮૪૭૫.૪૮ |
| ૨૦૧૫–૧૬ (તા.૩૧–૧૨–૨૦૧૫ સુધી) | ૪૫૧૯૬.૦૧ |

વલસાડ જિલ્લામાં આશ્રમશાળાના પાકા મકાનો

* ૨૪૪૪૧ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર સરકારી ગ્રાન્ટથી કેટલી આશ્રમશાળાઓના મકાનો બનાવવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત દ્વારા ચાલતી કેટલી આશ્રમશાળાઓને પોતાના મકાનો છે, અને કેટલાના પોતાના મકાનો નથી, અને

(૩) ઉક્ત સ્થિતિએ પોતાના મકાન ન ધરાવતી આશ્રમશાળાઓને ક્યારે પોતાના મકાન આપવામાં આવશે ?

જવાબ

(૧) કપરાડા તાલુકામાં ૧ (એક)
ધરમપુર તાલુકામાં ૧ (એક).

(૨) જિલ્લા પંચાયત દ્વારા ચાલતી ૨ (બે) તથા તાલુકા પંચાયત દ્વારા ચાલતી ૨(બે) આશ્રમશાળાઓને પોતાના મકાનો છે. આથી દરેક આશ્રમશાળાઓને પોતાનું મકાન છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

દાહોદ જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો

* ૨૩૦૫૪ શ્રીમતી ચંન્દ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર સસ્તા અનાજની દુકાનોની કેટલી વખત ચકાસણી કરવામાં આવી, અને

જવાબ

(૧)

| તાલુકાનું નામ | તપાસાયેલ વા.ભા.દુ.ની સંખ્યા | વર્ષ દરમ્યાન કેટલીવાર | કુલ તપાસો |
|---|---|---|---|
| દાહોદ | ૪૦ | એકવખત | ૪૦ |
| | ૦૮ | બે વખત | ૧૬ |
| | ૪૮ | | ૫૬ |
| ગરબાડા | ૨૦ | એકવખત | ૨૦ |
| | ૦૩ | બે વખત | ૦૬ |
| કુલ | ૨૩ | | ૨૬ |

| | | | |
|---|---|---|---|
| ઝાલોદ | ૨૮ | એકવખત | ૨૮ |
| | ૦૩ | બે વખત | ૦૬ |
| કુલ | ૩૧ | | ૩૪ |
| ફતેપુરા | ૩૧ | એકવખત | ૩૧ |
| | ૦૨ | બે વખત | ૦૪ |
| કુલ | ૩૩ | | ૩૫ |
| લીમખેડા | ૧૬ | એકવખત | ૧૬ |
| | ૦૧ | બે વખત | ૦૨ |
| કુલ | ૧૭ | | ૧૮ |
| દે.બારીયા | ૪૦ | એકવખત | ૪૦ |
| કુલ | ૪૦ | | ૪૦ |
| સંજેલી | ૨૨ | એકવખત | ૨૨ |
| કુલ | ૨૨ | | ૨૨ |
| ધાનપુર | ૦૬ | એકવખત | ૦૬ |
| એકન્દરે જીલ્લાની કુલ તપાસો | ૨૦૩ | એકવખત | ૨૦૩ |
| | ૧૭ | બે વખત | ૩૪ |
| | ૨૨૦ | | ૨૩૭ |

(૨) તે અન્વયે કયા પ્રકારની કેટલી ગેરરીતિઓ પકડાઈ તથા તે અન્વયે સરકારે શાં પગલાં લીધા ?

(૨) ગેરરીતિઓ અને તે અન્વયે લીધેલ પગલા

૧ જથ્થામાં વધ–ઘટ

૨ કાર્ડધારકોના નિવેદનો લેતાં ઓછો આપેલ જથ્થો

૩ વગે કરેલ જથ્થો

૪ બીપીએલ. એએવાયની યાદી પ્રદર્શીત કરેલ નથી.

૫ રેકર્ડ અધ્યતન લખેલ નથી

૬ રેકર્ડ શીટમાં સભ્યોના પુરા નામ લખેલ ન હોય

ગેરરીતિ જણાયેલ કુલ ૨૨૭ વા.ભા. ની દુકાનો સામે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા

(૧) રૂ. ૧,૫૭.૫૦૦/- પરવાના અનામત રાજ્યસાત

(૨) રૂ.૨૪,૬૨,૦૧૬/- દંડ

(૩) ૧૮ પરવાના મોકુફ

(૪) ૦૪ પરવાના રદ

## ગાંધીનગર જિલ્લાઓની પ્રાથમિક શાળાઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ

* ૨૩૩૩૦ શ્રીમતિ કામીનીબા રાઠોડ (દહેગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ અન્વયે વિષયવાર શિક્ષકોની કેટલી જગ્યા કેટલા સમયથી ખાલી છે,

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર મહેકમ મુજબ ખાલી જગ્યાઓ | | | | |
|---|---|---|---|---|---|---|
| | | ધો. ૧ થી ૫ | ધો.–૬ થી ૮ | | | મુખ્ય શિક્ષક |
| | | | ગણિત વિજ્ઞાન | ભાષા | સામાજીક વિજ્ઞાન | |
| ૧ | ગાંધીનગર | ૦૭ | ૧૯ | ૧૨ | ૧૩ | ૦૪ |
| ૨ | દહેગામ | ૦૬ | ૧૪ | ૧૨ | ૧૮ | ૧૩ |
| ૩ | માણસા | ૦૬ | ૦૪ | ૦૧ | ૦૩ | ૦૮ |
| ૪ | કલોલ | ૧૭ | ૦૭ | ૧૧ | ૦૬ | ૧૪ |

(૨) ઉકત સ્થિતિએ આ ખાલી જગ્યાઓ નહી ભરવાના કારણો શા છે, અને

(૨) ભરતી કેલેન્ડર મુજબ ઓછી ખાલી જગ્યાઓ ભરવાના કારણે.

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૩) જેમ બને તેમ જલ્દી.

## તા. ૧૪મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

બનાસકાંઠા જિલ્લાની શાળાઓમાં ઓરડાઓની અછત

* ૨૪૭૫૦ શ્રી મહેશભાઈ પટેલ (પાલનપુર) તા.૯–૩–૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૬૨૨૦ (અગ્રતા–૬)ના અનુસંધાને : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ ૯૨૨ શાળાઓમાં ઓરડાના અભાવે એક ઓરડા/વર્ગખંડમાં એક કરતાં વધારે ધોરણના બાળકોને બેસાડવામાં આવતા હતા તે પૈકી ૭૯૭ શાળાઓમાં પુરતા ઓરડાની સગવડ તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ઉભી કરવાની બાકી હતી. તે ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૧) ૯૨૨ શાળાઓ પૈકી ૭૦૧ શાળાઓમાં પુરતા ઓરડાની સગવડ ઉભી કરવાની બાકી છે. |
| (૨) આ સુવિધા ઉભી કરવાની બાકી હોય તો તેના શા કારણો છે, અને | (૨) પૂરતા પ્રામાણમાં બજેટની ઉપલબ્ધિ ન હોવાથી. |
| (૩) તે કયાં સુધીમાં ઉભી કરવામાં આવનાર છે ? | (૩) આર.ટી.ઈ. પ્રમાણે તબક્કાવાર જેમ બને તેમ જલ્દીથી. |

મહેસાણા જિલ્લામાં આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ

* ૨૪૦૬૬ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ મેળવવા માટેની તાલુકવાર કેટલી અરજીઓ મળી,

જવાબ

(૧)

| તાલુકો | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ |
|---|---|---|
| | મળેલ અરજી | મળેલ અરજી |
| બેચરાજી | ૧૦ | ૧૭ |
| વિજાપુર | ૮૨ | ૧૬૩ |
| વિસનગર | ૪૬ | ૨૬૦ |
| વડનગર | ૨૦ | ૨૫ |
| સતલાસણા | ૧૦ | ૩૫ |
| કડી | ૩૧ | ૧૦૨ |
| ઉંઝા | ૨૬ | ૬૬ |
| ખેરાલુ | ૧૪ | ૧૫૨ |
| મહેસાણા | ૧૨૫ | ૫૪૫ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને | (૨) ૧૧૭૫. |
| (૩) ઉક્ત સ્થિતિએ મંજૂર અરજીઓ પૈકી કેટલા બાળકોની એડમીશન આપવામાં આવેલ નથી અને તેનાં શાં કારણો છે ? | (૩) મંજૂર કરેલ અરજીઓ પૈકી તમામ બાળકોને પ્રવેશ આપવામાં આવેલ છે. |

મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના હેઠળ વિદ્યાર્થીઓને સહાય

* ૨૪૮૯૭ શ્રી ગ્યાસુદીન શેખ, (દરિયાપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ ૨૦૧૫–૧૬ના વર્ષમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતા કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની સહાય/રાહત આપવામાં આવે અને કેટલાને બાકી છે અને | (૧) ૮૬૩૩ વિદ્યાર્થીઓને રૂ.૨૮૬૩.૨૮ લાખની સહાયની રકમ ચુકવવામાં આવેલ છે અને ૧૭૬૬ વિદ્યાર્થીઓને રકમ ચુકવવાની બાકી છે. |
| (૨) તે અન્વયે ૨૦૧૫–૧૬ના બજેટમાં આ જોગવાઈ કયા હેડે કેટલી રકમની હતી ? | (૨) આકસ્મિક નિધિમાંથી રૂ. ૧ કરોડ અને સુધારેલ અંદાજમાં રૂ.૫૦ કરોડ એમ મળી કુલ રૂ. ૫૧ કરોડની જોગવાઈ, મુખ્ય સદરઃ ૨૨૦૨ સામાન્ય શિક્ષણ. |

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં નિરક્ષરોને સાક્ષર બનાવવા બાબત

* ૨૪૩૦૭ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર કેટલા નાગરિકો નિરક્ષર છે, અને | (૧) ૬૩૬૪૯ – નિરક્ષરો (નવરચિત અરવલ્લી જિલ્લાનો કેન્દ્ર પુરસ્કૃત સાક્ષર ભારત યોજનાના અમલ માટે સાબરકાંઠા જિલ્લામાં સમાવેશ થયેલ હતો.) |
| (૨) ઉક્ત નિરક્ષરોને સાક્ષર બનાવવા રાજ્ય સરકારે છેલ્લાં બે વર્ષમાં શાં પગલાં લીધા ? | (૨) સાબરકાંઠા જિલ્લામાં તમામ ગ્રામપંચાયત કક્ષાએ સ્વયંસેવકો તથા પ્રેરકોની નિમણૂંક કરવામાં આવેલ છે. ગ્રામ્યકક્ષાએ કુલ ૭૯૩ સાક્ષરતાના વર્ગો કાર્યરત છે, જેમાં ૧૧૭૦૦ નિરક્ષરો જોડવામાં આવેલ છે. નિરક્ષરો પ્રૌઢ શિક્ષણ કેન્દ્રમાં આવે તે માટે પ્રેરકો દ્વારા આંતર વ્યક્તિક પ્રચાર કરવામાં આવ્યો. |

ફાલ્ગુન ૨૪, ૧૯૩૭ શાકે

## અતારાંકિત પ્રશ્નો

### માંડવી–ઉકાઈ મુખ્ય રસ્તાથી પીપલવાડા કેવલી રસ્તાને મરામત કરવા બાબત

* ૨૩૭૮૫ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડવી–ઉકાઈ મુખ્ય રસ્તાથી પીપલવાડા કેવલી રસ્તો જર્જરીત હાલતમાં છે તે હકીકત સાચી છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ રસ્તાનું સમારકામ નહીં કરવાના કારણો શા છે અને તે કેટલા સમયમાં ઉક્ત રસ્તાનું મરામત કામ પૂર્ણ કરવામાં આવશે ? | (૨) નાણાકીય ઉપલબ્ધતા ન હોવાના કારણે થઈ શકેલ નથી. ફંડ ઉપલબ્ધિના આધારે કામગીરીનું આયોજન કરવામાં આવશે. |

### મહીસાગર જિલ્લામાં વનીકરણની યોજનાઓ

* ૨૩૪૧૪ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં તાલુકાવાર વનીકરણની કઈ યોજના માટે કેટલી રકમ મંજુર કરી. | (૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં તાલુકાવાર વનીકરણની યોજનાવાર, મંજુર કરેલ રકમની વિગતો સામેલ પત્રક મુજબ છે. |
| (૨) તે અન્વયે કેટલી યોજનાઓ પૂર્ણ થઈ, અને | (૨) તમામ યોજનાઓ પૂર્ણ થયેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ યોજનાઓ ક્યારે પૂર્ણ થશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

મહીસાગર જીલ્લામાં વનીકરણની યોજનાઓ માટે મંજુર કરેલ રકમ (રૂ.લાખમાં)

| યોજનાનું નામ | તાલુકાના નામ | | | | | | | | | | | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | લુણાવાડા | | સંતરામપુર | | કડાણા | | ખાનપુર | | વીરપુર | | બાલાસિનોર | | | |
| | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ તા.૩૧/૧/૨૦૧૬ની સ્થિતિએ | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ તા.૩૧/૧/૨૦૧૬ની સ્થિતિએ | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ તા.૩૧/૧/૨૦૧૬ની સ્થિતિએ | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ તા.૩૧/૧/૨૦૧૬ની સ્થિતિએ | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ તા.૩૧/૧/૨૦૧૬ની સ્થિતિએ | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ તા.૩૧/૧/૨૦૧૬ની સ્થિતિએ | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ તા.૩૧/૧/૨૦૧૬ની સ્થિતિએ |
| સાવયો–બી.આ. | ૭૮.૧૯ | ૩૭.૬૮ | ૭.૨૫ | ૦. | ૧૬.૫૮ | ૧૦.૧૬ | ૨૯.૧૭ | ૧૮.૧૮ | ૬૨.૨૯ | ૩.૦૭ | ૧.૭૭ | ૩.૦૭ | ૧૯૫.૨૫ | ૭૨.૧૬ |
| ભુમિ અને ભેજ સંરક્ષણ યોજના બી.આ. | ૫૩.૮૧ | ૫૪.૮૯ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૬૭.૩૯ | ૪૯.૬૪ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૨૧.૨ | ૧૦૪.૫૩ |
| જી.એફ.ડી.પી. બી.આ. | ૨૧.૪૬ | ૮.૬૮ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૨.૯૧ | ૭.૮૨ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૪૪.૩૭ | ૧૬.૫ |
| સાવયો–આદિવાસી | ૬.૯૧ | ૦. | ૨૬.૫૨ | ૧૧.૪૫ | ૩૮.૯૫ | ૧૮.૦૫ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૭૨.૩૮ | ૨૯.૫ |
| ભુમિ અને ભેજ સંરક્ષણ યોજના આદિવાસી | ૦.૦૦ | ૦.૦૦ | ૨૧૬.૧૬ | ૧૫૫.૭૨ | ૧૨૦.૮૯ | ૭૩.૯ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૩૩૭.૦૫ | ૨૨૯.૬૨ |
| જી.એફ.ડી.પી. આદિવાસી | ૦.૦૦ | ૦.૦૦ | ૧૪૦.૬૯ | ૭૬.૫૫ | ૮૮.૭૯ | ૪૦.૯૨ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૨૯.૪૮ | ૧૧૭.૪૭ |
| ખાસ અંગભૂત | ૯.૫૨ | ૩.૬૭ | ૪.૮૬ | ૮.૫ | ૪.૯૭ | ૩.૬૭ | ૬.૫૫ | ૩.૬૬ | ૨.૬૯ | ૪.૯૧ | ૩.૪૨ | ૪.૯૧ | ૩૨.૦૧ | ૨૯.૩૨ |
| એસ.એમ.સી. | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૫૦.૪૬ | ૧૮.૫૧ | ૫૦.૪૬ | ૧૮.૫૧ | ૧૦૦.૯૨ | ૩૭.૦૨ |
| ૧૩ મું નાણાપંચ | ૫.૯૩ | ૦. | ૩.૩૫ | ૦. | ૨.૩૮ | ૦. | ૮.૩૭ | ૦. | ૫૦.૯૫ | ૦. | ૫૦.૯૫ | ૦. | ૧૨૧.૯૩ | ૦. |
| વળતર વનીકરણ | ૨૯૭.૦૨ | ૧૩૦. | ૦ | ૦ | ૨૦.૬૯ | ૦. | ૨૩.૧૩ | ૦. | ૧૭૩.૦૪ | ૭૫.૫૮ | ૧૨૫.૪૫ | ૪૨.૯૩ | ૬૩૯.૩૩ | ૨૪૮.૫૧ |
| એફ.ડી.એ. | ૦.૧૭ | ૦. | ૨૭.૪૬ | ૨૭.૫ | ૧૮.૨૨ | ૧૬.૯૧ | ૩.૯૮ | ૧.૬૩ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૪૯.૮૩ | ૪૬.૦૪ |
| નેશનલ બામ્બુ મીશન | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૨.૪૭ | ૪.૨૦ | ૩.૫૨ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૪.૨ | ૫.૯૯ |
| કુલ | ૪૭૩.૦૧ | ૨૩૪.૯૨ | ૪૨૬.૨૯ | ૨૭૯.૭૨ | ૩૧૧.૪૭ | ૧૬૬.૦૮ | ૧૬૫.૭ | ૮૪.૪૫ | ૩૩૯.૪૩ | ૧૦૨.૦૭ | ૨૩૨.૦૫ | ૬૯.૪૨ | ૧૯૪૭.૯૫ | ૯૩૬.૬૬ |

## તા. ૧૪મી માર્ચ, ૨૦૧૬

## અધ્યક્ષશ્રીની જાહેરાત

વડોદરા થી ડભોઇ અને બોડેલી ધોરી માર્ગની બન્ને બાજુના વૃક્ષો કાપવા બાબત

* ૨૪૩૪૧ શ્રી ધીરૂભાઇ ભીલ (સંખેડા) : માનનીય વનમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ વડોદરા થી ડભોઇ અને ડભોઇ થી બોડેલી ધોરીમાર્ગની બન્ને બાજુના વૃક્ષો કાપી નાખવામાં આવ્યા છે તે વાત સાચી છે. | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત બન્ને માર્ગની બન્ને બાજુએથી કેટલા વૃક્ષ કેટલા સમયથી કાપવામાં આવ્યા છે.અને | (૨) વડોદરા થી ડભોઇ માર્ગની બન્ને બાજુના ૪૮૩૦ વૃક્ષો જાન્યુઆરી–૨૦૧૫ થી અને ડભોઇ થી બોડેલી માર્ગની બન્ને બાજુના ૧૦૨૩ વૃક્ષો માર્ચ–૨૦૧૫ થી. |
| (૩)ઉકત કાપેલા વૃક્ષો સરકાર કેટલા સમયમાં હરાજીથી વેચવા માંગે છે? | (૩) જેમ બને તેમ વહેલી તકે. |

જામનગર જિલ્લામાં ગુણોત્સવ પાછળ થયેલ ખર્ચ

* ૨૪૨૦૪ શ્રી ધમેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧)તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર જિલ્લામાં ગુણોત્સવ કાર્યક્રમ ક્યારે યોજાયો,અને

(૧)

| વર્ષ | ગુણોત્સવ તારીખ |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૨૦,૨૧,૨૨ નવેમ્બર–૨૦૧૪ |
| ૨૦૧૫–૧૬ | ૭,૮,૯ જાન્યુઆરી–૨૦૧૬ |

(૨) ઉકત સ્થિતિએ વર્ષવાર ગુણોત્સવ કાર્યક્રમમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨)

| વર્ષ | ગુણોત્સવ ખર્ચ |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૧,૦૦,૦૦૦/- |
| ૨૦૧૫–૧૬ | ૨૩૮૫/- |

ખેડા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર શિક્ષકોની નિમણુંક

* ૨૩૯૧૬ શ્રી ગૌતમભાઇ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર શિક્ષકોની નિમણુંક કરવામાં આવી ? | એક પણ નહીં. |

--------

### અધ્યક્ષશ્રીની જાહેરાત

### ગ્રુપ ફોટોગ્રાફ અંગે

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે કે ૧૩મી ગુજરાત વિધાનસભાના સર્વે સભ્યશ્રીઓના એક ગ્રુપ ફોટોગ્રાફનું આયોજન મંગળવાર, તા.૧૫–૩–૨૦૧૬ના રોજ સવારે ૧૧–૦૦ કલાકે ગુજરાત વિધાનસભાના પશ્ચિમ દિશાના મુખ્ય પ્રવેશ દ્વારના પગથિયા પાસે રાખવામાં આવેલ છે તો આ ગ્રુપ ફોટોગ્રાફ વખતે સર્વે સભ્યશ્રીઓ સમયસર હાજર રહે તેવી વિનંતી છે.

### પોઇન્ટ ઓફ ઓર્ડર

### મંત્રીશ્રી દ્વારા જવાબ ન આપવા બાબત

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આજે પ્રશ્નકાળ દરમિયાન દરેક ધારાસભ્ય પોતાની લાગણી, પ્રજાની લાગણી, શું હકીકત છે એ સરકાર પાસે જાણવાની કોશિશ કરતા હોય છે અને મંત્રીશ્રીની પણ ફરજમાં આવે છે કે એ ટેબલ ઉપર મૂકે અથવા જવાબ આપે.

અધ્યક્ષશ્રી : કઇ વાત કરો છો?

શ્રી શૈલેષ મ. પરમાર : પ્રશ્ન નંબર–૧માં ડોકટરે સાબરકાંઠા અંગે પૂછેલ પ્રશ્નમાં પ્રશ્નનું હાર્દ સમજવાના બદલે પ્રશ્નના જવાબ કરતાં વિપરિત જવાબ આપ્યો. શાસક પક્ષના સભ્યો પ્રશ્ન પૂછે ત્યારે ચિઠ્ઠી આપવામાં આવે છે અને એના જવાબો અનુકૂળ આપ્યા અને અમે પૂછેલ પ્રશ્નના વ્યવસ્થિત જવાબ જોઇએ એવા મળ્યા નથી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યકક્ષાના મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં જ્યારે કોઇ પ્રશ્ન પુછવામાં આવે છે ત્યારે કોઇ એક સભ્યશ્રીનો પ્રશ્ન રહેતો નથી. એ શાસક પક્ષનો નથી રહેતો કે વિરોધ પક્ષનો પણ નથી રહેતો. એ સમગ્ર સભાગૃહની પ્રોપર્ટી બની જાય છે. પ્રશ્ન કોણે પૂછયો છે એ અગત્યનું નથી પરંતુ આજની પ્રશ્નોત્તરી દરમિયાન હું ઉલ્લેખ કરવા માગું છું કે માનનીય અશ્વિનભાઇ કોટવાળે પોતાના પ્રશ્નમાં અનેક જુદી જુદી કહેવતો કરીને આ સભાગૃહનો સમય પણ બગાડવા માટેનું કામ કર્યું છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ પાના નં. ૨૯ ના ૭૮માં બહુ સ્પષ્ટ

છે અને એ પ્રમાણે જ આ સભાગૃહનું સંચાલન થયેલ છે ત્યારે માનનીય સભ્યશ્રી શૈલેષભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો છે એ મારી દ્રષ્ટિએ અસ્થાને રહે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : પ્રશ્ન –૫ માં ડો. અનિલભાઇ જોષીયારાજીએ કલીયર પૂછેલ હતું કે જે આદિવાસી સમાજની ગ્રાન્ટ મળી છે એનું ઓડિટ કરાવવા માગો છો કે કેમ? આનો જવાબ જ આપવામાં આવ્યો ન હતો. ત્રણ–ત્રણ વખત એમણે પૂછ્યું હતું.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઊભો કર્યો છે, માનનીય સંસદીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ પણ ચર્ચામાં ભાગ લીધો છે. આપણા વિધાનસભાના નિયમોમાં જે પ્રકારે પ્રશ્ન પૂછવા માટે સભ્યોને અધિકારો મળ્યા છે એ જ પ્રકારે વિધાનસભાના નિયમોમાં મંત્રીશ્રીઓએ પણ કયા પ્રકારના જવાબો આપવા એ એમને અધિકાર મળ્યો છે અને એમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે સભ્યો ઇચ્છે એ પ્રકારનો જવાબ મંત્રીશ્રી આપી શકતા નથી. એ એમનો સ્વતંત્ર અધિકાર છે. આપણી પ્રણાલિકાઓ પણ રહી છે કે જેટલા પણ પ્રશ્નો સભ્યશ્રીએ પૂછયા હોય, શક્ય માહિતી મંત્રીશ્રી પાસે હોય એ આપવામાં આવે છે. એનો મતલબ એ નથી કે કોઇ શાસક પક્ષના સભ્યના જવાબ મળ્યા અને વિપક્ષના સભ્યોના જવાબ ન મળ્યા એવું રહેતું નથી. આથી માનનીય શૈલેષભાઇના પોઇન્ટ ઓફ ઓર્ડરને હું નામંજૂર કરું છું.

## વાહન વ્યવહાર મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪)
### માર્ગ સલામતી નીતિ જાહેર કરવા અંગે

શ્રી વિજયકુમાર ર. રૂપાણી (વાહન વ્યવહાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર માટે માર્ગ સલામતી એ ચિંતાનો વિષય છે. રોડ ઇન્ફ્રાસ્ટ્રકચરમાં સુધારાના કારણે આર્થિક ગતિવિધિઓનો વિકાસ થયેલ છે. પરંતુ તેના કારણે માર્ગ અકસ્માતોની સંખ્યામાં ઉછાળો નોંધાયેલ છે. દરેક દેશ માર્ગ અકસ્માતની સંખ્યા ઘટાડવા માટે પ્રયત્નશીલ છે.

ભારત દેશની વાત કરવામાં આવે તો અહીંયા દર મિનિટે એક અકસ્માત થાય છે અને દર ચાર મિનિટે એક મૃત્યુ અકસ્માતથી થાય છે. અકસ્માતોના કારણે જાન અને માલને થતી હાનિનું આર્થિક સરવૈયું કાઢવામાં આવે તો તે દેશના ૧ થી ૩ ટકા જી.ડી.પી. જેટલું થાય છે. આ સંજોગોમાં માર્ગ સલામતીના પડકારને પહોંચી વળવા માટે રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર દ્વારા પ્રયાસો કરવામાં આવે છે. પરંતુ તેમાં વેગ આવે અને માનવ જિંદગીને રોડ અકસ્માતમાંથી બચાવવાનું સુનિશ્ચિત કરી શકાય તે માટે રાજ્ય માર્ગ સલામતીની નીતિ અમલમાં મુકવા માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે પ્રેરણા આપીને ઉત્સાહિત કરેલ છે.

માર્ગ સલામતીનું કામ–ચાર (ઇ)–એન્ફોર્સમેન્ટ ઓફ લો, એજ્યુકેશન ઓફ રોડ સેફ્ટી, એન્જિનિયરીંગ ઓફ રોડ તથા ઇમરજન્સી કેરની કામગીરી સાથે સંકળાયેલા છે. આ ચાર વિષયો સાથે સંકળાયેલા સરકારી / બિન સરકારી વિભાગો, સંગઠનો, સંસ્થાઓ વચ્ચે સંકલન સધાય તે જરૂરી છે. તેમજ માર્ગ સલામતીના ક્ષેત્રે રાજ્ય સરકારે પોતાના ઇરાદાઓ સ્પષ્ટ કરવા જરૂરી બને છે. આ હેતુ માટે માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ્યમાં માર્ગ સલામતી નીતિ હવે જાહે કરવામાં આવી રહી છે. તેની જાણ કરતાં હું આ માનનીય સભાગૃહ સમક્ષ આનંદની લાગણી વ્યક્ત કરું છું. આ નીતિની મુખ્ય બાબતો નીચે મુજબ છે.

- કાયદાકીય, સંસ્થાકીય અને નાણાકીય ફ્રેમવર્ક મજબૂત કરવું.
- માર્ગ સલામતી શિક્ષણ અને તાલીમ
- સલામત રોડ ઇન્ફ્રાસ્ટ્રકચરની ખાતરી
- વાહનોની સલામતી અંગેની ચકાસણી
- કુશળ ડ્રાયવરો
- રસ્તાના વપરાશકારોની સલામતી
- ટ્રાફિક નિયમોનું કડક પાલન
- રોડ અકસ્માતનો ભોગ બનેલાને તાત્કાલિક તબીબી સારવાર
- માર્ગ સલામતી માહિતીનો ડેટાબેઝ તૈયાર કરવો
- માર્ગ સલામતી સંશોધન.

આ વિષયોને લઇને અને એક રોડ સેફટીની માર્ગ પોલીસી જાહેર કરવામાં આવે છે.

તા. ૧૭મી માર્ચ, ૨૦૧૬

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

ઉદ્યોગ અને ખાણ વિભાગ

માગણી ક્રમાંક. ૭૯

શ્રી ગોવિંદભાઇ પટેલ (ઉદ્યોગ અને ખાણ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગોને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨૧,૩૧,૮૭,૫૩,૦૦૦/- તથા મૂડી ખર્ચ માટે રૂ. ૧,૫૩,૭૭,૪૧,૦૦૦/-ની માગણી ક્રમાંક-૭૯ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૭૯ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજનભાઇ પ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરવામાં આવી.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરવામાં આવી.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક. ૫૦

શ્રી ગોવિંદભાઇ પટેલ ( ખાણ અને ખનિજ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ખાણ અને ખનિજને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨,૧૯,૭૭,૧૩,૦૦૦/- તથા મૂડી ખર્ચ માટે રૂ. ૨,૫૫,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૫૦ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૫૦ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૯ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક-૫૧

શ્રી જયેશકુમાર વિ. રાદડીયા ( પ્રવાસન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રવાસન સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૦૯,૬૧,૬૮,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૪૨૬,૧૦,૦૦૦/-ની માગણી ક્રમાંક – ૫૧ રજૂ કરું છું.

માગણી ક્રમાંક – ૫૧ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી જિતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરું છું.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૮ રજૂ કરવામાં આવી.

ઉર્જા અને પેટ્રો કેમિકલ્સ વિભાગ

માગણી નં. ૧૨

શ્રી ગોવિંદભાઇ પટેલ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું કર વસુલાત ખર્ચ ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ સેવાને લગતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨૦,૮૩,૭૧,૦૦૦/– ની માગણી ક્રમાંક – ૧૨ રજૂ કરું છું.

માગણી ક્રમાંક –૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી પૂનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ જી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૨ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૫ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક – ૧૩

શ્રી ગોવિંદભાઇ પટેલ ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું વીજળીશકિત પરિયોજના સેવાને લગતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૪૯૭૦,૮૨,૩૩,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૨૨,૭૧, ૨૩,૮૫,૦૦૦/– ની માગણી ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

માગણી ક્રમાંક – ૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૬ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૭ રજૂ કરવામાં આવી.

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૮ રજૂ કરવામાં આવી.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૯ રજૂ કરવામાં આવી.

શ્રી ભોળાભાઇ ભી. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૧ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૨ રજૂ કરવામાં આવી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૩ રજૂ કરવામાં આવી.

શ્રી અનિલભાઇ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૪ રજૂ કરવામાં આવી.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૫ રજૂ કરવામાં આવી.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૬ રજૂ કરવામાં આવી.

શ્રી મિતેશભાઇ ક. ગરાસિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૭ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪૮ રજૂ કરવામાં આવી.

## તા. ૧૪મી માર્ચ, ૨૦૧૬
## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

સન ૨૦૧૬-૨૦૧૭ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી સોમવાર, તા. ૧૪-૩-૨૦૧૬)ચોથો દિવસ)
ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્ય શ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | ઉદ્યોગઅને ખાણ વિભાગ<br>માગણી નં ૪૯ | | |
| ૧ | ૨૮૫૧- ગ્રામ... ઉદ્યોગ<br>૦૦૧ -નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧૨,૦૯,૯૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩<br>પાના નં. ૨૬ થી ૨૮ | ૧૦૦ | ગ્રામોદ્યોગનો ઝડપી વિકાસ અને તેના દ્વારા નિર્મિતચીજવસ્તુઓના સરળ વેચાણની વ્યવસ્થા કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨ | ‌‌vv cc vv | ૧૦૦ | કુદરતી આપત્તિઓને કારણે નુકશાન પામેલા લઘુ ઉદ્યોગોને ઝડપી અને સમયસર આર્થિક સહાય આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમિત ચાવડા |
| ૩ | vv cc vv | ૧૦૦ | ઈન્ડેક્ષ-બી દ્વારા વાયબ્રન્ટ સમિટમાં કાર્યરત થયેલા ઉદ્યોગની વિગતો વેબસાઇટ ઉપર દર્શાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૪ | vv cc vv | ૧૦૦ | કુટિર ઉદ્યોગોને પડતી આર્થિક સમસ્યાઓ હલ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી નિરંજન પટેલ |
| ૫ | vv cc vv | ૧૦૦ | રાજ્યના લઘુ અને મધ્યમ ઉદ્યોગોને આર્થિક પેકેજ આપી ચેતનવંતા બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મંગળભાઇ ગાવિત |
| ૬ | vv cc vv | ૧૦૦ | કુટિર અને લઘુ ઉદ્યોગની કચેરીના વહીવટી તંત્રને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રામસિંહ પરમાર |
| ૭ | ૨૮૫૧- ગ્રામ... ઉદ્યોગ<br>૧૦૨ -લઘુ ઉદ્યોગો<br>રૂ.૬,૫૦,૯૬,૩૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩<br>પાના નં. ૨૯ થી ૩૩ | ૧૦૦ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોમાં અરજદારોને પૂરતું માર્ગદર્શન આપવાની વ્યવસ્થા કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કાન્તિભાઇ ખરાડી |
| ૮. | vv cc vv | ૧૦૦ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોની કચેરીઓમાં સંવર્ગવાર કર્મચારીઓની ઘટ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધર્મેન્દ્રસિંહજાડેજા |
| ૯. | ૨૮૫૧- ગ્રામ... ઉદ્યોગો<br>૧૦૫ -ખાદી......ઉદ્યોગો<br>રૂ.૧૯,૫૬,૯૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩<br>પાના નં. ૩૯ | ૧૦૦ | ખાદીના કાપડનું વેચાણ વધારવામાં અને તેને રાહતો આપી ખાદી ઉદ્યોગને પ્રોત્સાહન આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગૌતમભાઇ ચૌહાણ |
| | | માગણી નં. ૫૦ | | |
| ૧૦ | ૨૮૫૩-<br>બિનલોહ......ઉદ્યોગ<br>૦૨ -ખાણો....વિકાસ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૯૮,૧૩,૪૫,૦૦૦ | ૧૦૦ | ખાણ ખનીજની ચોરીના કેસોમાં બાકી રકમ વસૂલવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રહલાદભાઇ પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં. ૧૩<br>પાના નં. ૬૯ અને ૭૦ | | | |
| ૧૧ | vv cc vv | ૧૦૦ | ખાણોમાં થતા નિયમિત ખોદકામનું રોજકામ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી છનાભાઇ ચૌધરી |
| ૧૨ | vv cc vv | ૧૦૦ | ખાણ-ખનીજની ચોરીઓ બાબતે ધારાસભ્યોએ લખેલ પત્રો પરત્વે કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કરમશીભાઇ પટેલ |
| ૧૩ | vv cc vv | ૧૦૦ | નદીઓમાંથતા ગેરકાયદેસર રેતી ખનનને અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ઇન્દ્રનીલ રાજ્યગુરૂ |
| ૧૪ | vv cc vv | ૧૦૦ | રેતી-ખનીજનીથતી વ્યાપક ચોરીઓ રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મણીલાલ વાઘેલા |
| ૧૫ | vv cc vv | ૧૦૦ | રેતી-ખનનના કૌભાંડો મીડીયામાં પર્દાફાશ કરાતા હોવા છતાં તંત્ર દ્વારા તેને રોકવાના તથા જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માનસિંહ ચૌહાણ )મહેન્દ્રસિંહ બારૈયા) |
| ૧૬ | vv cc vv | ૧૦૦ | ખનીજચોરો સામે પોલીસ ફરીયાદ કરી અને તેની ઉપર કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર |
| ૧૭ | vv cc vv | ૧૦૦ | સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ-૨૦૧૨માં થયેલ ખનીજ ચોરીની ફરિયાદ પછી કોર્ટના આદેશનું પાલન ન કરતા જવાબદારો સામે શિક્ષાત્મક પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિન કોટવાલ |
| ૧૮ | vv cc vv | ૧૦૦ | ગાંધીનગર ફલાઇંગ સ્કવોડ દ્વારા જિલ્લાઓમાં નિયમિત રેડ પાડી ચેકીંગ હાથ ધરવાની કાર્યવાહી ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૧૯ | vv cc vv | ૧૦૦ | ભૂસ્તર વિજ્ઞાન-ખનીજ આયુકતની કચેરીમાંથી જ થતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઇશ્વરભાઇ પટેલ |
| ૨૦ | vv cc vv | ૧૦૦ | ખાણ ખનીજની થતી વ્યાપક ચોરીઓ બાબતમાં તપાસ કરી અને તેની કામગીરી સાથે સંકળાયેલા અધિકારીઓની આવકની તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રમેશભાઇ ચાવડા |
| | | માગણી નં. ૫૧ | | |
| ૨૧ | ૩૪૫૨- પ્રવાસન<br>૮૦ -સામાન્ય<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧- પ્રવાસન.....કચેરી<br>રૂ. ૭૧,૬૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩<br>પાના નં. ૮૭ અને ૮૮ | ૧૦૦ | પ્રવાસન વિભાગની હોમ સ્ટે પોલિસીને સફળ બનાવી સ્થાનિકોને રોજી મળે તેવું સક્રિય આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| ૨૨ | vv cc vv | ૧૦૦ | ગુજરાત ટુરીઝમ સંચાલિત કાફેટેરીયા અને હોટલોનો પ્રચાર અને વિકાસ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૨૩ | vv cc vv | ૧૦૦ | પ્રવાસન નિગમ દ્વારા જેમ હાલના વડાપ્રધાનશ્રીના જન્મસ્થળ વડનગરના દર્શન માટે ટુર પેકેજ જાહેર કરેલ છે તેમ મહાત્મા ગાંધી કે સરદાર પટેલ માટે પેકેજ જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિત ચૌધરી |
| ૨૪ | ૩૪૫૨- પ્રવાસન<br>૮૦ -સામાન્ય<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧- પ્રવાસન.....કચેરી<br>રૂ. ૭૧,૬૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩<br>પાના નં. ૮૭-૮૮ | ૧૦૦ | પ્રવાસન પ્રવૃતિઓ પાછળ કરોડો રૂપીયાનો ખર્ચ કરવા છતા પ્રવાસીઓની સંખ્યા વધે તેવુ આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | પ્રો. હીરાભાઇ પટેલ |
| ૨૫ | ૩૪૫૨- પ્રવાસન<br>૮૦ -સામાન્ય<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧- પ્રવાસન.....કચેરી<br>રૂ. ૭૧,૬૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩ | ૧૦૦ | પ્રવાસન વિભાગની વિકાસના કામો પ્રત્યેની ઉદાસીનતાને કારણે પ્રવાસીઓને આકર્ષવામાં સાંપડતી નિષ્ફળતા નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જીતુભાઇ ચૌધરી |

| | | | | |
|---|---|---|---|---|
| | પાના નં. ૮૭-૮૮ | | | |
| ૨૬ | vv cc vv | ૧૦૦ | કચ્છ રણોત્સવમાં ખાનગી કંપનીઓને બદલે આમજનતાને ફાયદો થાય તેવુ કરી ટેન્ડરોમાં થતી ગેરરીતિઓ અટકાવવામાંતંત્રની ઉદાસીનતા. | શ્રી હર્ષદભાઇ રીબડીયા )રાઘવજી પટેલ) |
| ૨૭ | vv cc vv | ૧૦૦ | કચ્છ રણોત્સવમાં તમામ વર્ગના પ્રવાસીઓ તેનો લાભ લઈ શકે એ માટે ભાડાના દરો વ્યાજબી રાખવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેશકુમાર પટેલ |
| ૨૮ | vv cc vv | ૧૦૦ | વિવિધ પ્રવાસન યોજના અંતર્ગત પાયાની સુવિધાઓમાં વધારો કરી પ્રવાસીઓને પાયાની કઈ કઈ સુવિધાઓ પુરી પડાય છે તેમજ તે અન્વયે કેટલા બેરોજગારોને રોજગારી અપાય તેની માહિતી પ્રસિધ્ધ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી આનંદભાઇ ચૌધરી |
| ૨૯ | vv cc vv | ૧૦૦ | રાજ્ય સરકારે તાજેતરમાં જાહેર કરેલ નવી પ્રવાસન નીતિમાં અગાઉની હોમ સ્ટે પોલીસીનો કોઇ ઉલ્લેખ નથી તે અંગે સ્પષ્ટતા કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી વજેસિંગભાઇ પણદા |
| | | ઊર્જાઅને પેટ્રોકેમિકલ્સ વિભાગ<br>માગણી નં ૧૨ | | |
| ૩૦ | ૨૦૪૫- ચીજવસ્તુઓ ... શુલ્ક<br>૧૦૩- વસૂલાત ...શુલ્ક<br>૦૧- વીજળી... નિરીક્ષક<br>રૂ. ૨૦૪૮૩૪૭૧૪૦૦૦<br>અં. પ્રં. નં. ૫<br>પાના નં. ૬અને ૭ | ૧૦૦ | વીજ કંપની ગ્રાહકો પાસેથી પોતાને લેવાની થતી રકમ વસૂલવા માટે વિજ મીટર મુકે છે છતાં વિજ ગ્રાહકો પાસેથી દર માસે મીટર ભાડું વસૂલાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી કામીનીબા રાઠોડ )મેરામણભાઇ ગોરીયા) |
| ૩૧ | vv cc vv | ૧૦૦ | હોટલોને વારંવાર વિજ શુલ્કમાં રાહતો અપાય છે પરંતું મધ્યમવર્ગને ઘરવપરાશના વિજ બીલમાં વિજ શુલ્કમાં રાહતો અપાતી નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનમભાઇ પરમાર )મહમદજાવીદ પીરઝાદા) |
| ૩૨ | vv cc vv | ૧૦૦ | વીજળી નિરીક્ષકની કચેરીમાં અપુરતો સ્ટાફ તેમજ અનિયમિત હાજરી નિવારી કચેરીને ચેતનવંતી બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પ્રવિણભાઇ રાઠોડ )જવાહર ચાવડા) |
| ૩૩ | vv cc vv | ૧૦૦ | વીજ એકટમાં સુધારો કરી વિવિધ કર લેવાને બદલે યુનીટદીઠ વિજળીના વપરાશ ઉપર જ ડયુટી લાગે તેવો સુધારો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર )જોઇતાભાઇ પટેલ) |
| ૩૪ | vv cc vv | ૧૦૦ | રહેણાંકના વીજદરમાં થતા વારંવાર ભાવ વધારાને કારણે વિદ્યુત શુલ્કનું ભારણ વધતુ જાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૩૫ | vv cc vv | ૧૦૦ | વીજ કંપનીઓના વાર્ષિક હિસાબો કેગ દ્વારા ઓડીટ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગોવાભાઇ રબારી )ધારશીભાઇ ખાનપુરા) |
| | | માગણીક્રમાંક- ૧૩ | | |
| ૩૬ | ૨૮૦૧- વીજળી શકિત<br>૮૦- સામાન્ય<br>૧૦૧- વિદ્યુત બોર્ડને સહાય<br>રૂ. ૧૬,૭૩,૮૭,૩૦,૦૦૦<br>અં.પ્ર. નં. ૫<br>પાના નં. ૯ થી ૧૧ | ૧૦૦ | રાજ્યમાં વિદ્યુતના જીવંત તારો તૂટી પડતા થતા મોતનું વળતર આપવામાં તથા તે માટે જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઇ વંશ |
| ૩૭ | vv cc vv | ૧૦૦ | રાજ્યમાં સરપ્લસ વિજળી હોવા છતાં ખેડૂતોને વીજ કનેકશનો અને પૂરતી વીજળી પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |
| ૩૮ | vv cc vv | ૧૦૦ | રાજ્યમાં ખેડૂતોને અપાતી વીજળીની વાર્ષિક માહિતીના અભાવે સરકારી સબસીડીમાં થતો વધારો નિવારવામાં | શ્રી નટવરસિંહ ઠાકોર |

| | | | | |
|---|---|---|---|---|
| | | | તંત્રની નિષ્ફળતા | |
| ૩૯ | vv cc vv | ૧૦૦ | રાજ્યમાં વીજ કનેકશનો સમયસર અપાતા નથી જ્યારે અન્ય રાજ્યોને બારોબાર વિજળી વેચાતી રોકવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગેંદાલભાઇ ડામોર |
| ૪૦ | vv cc vv | ૧૦૦ | જ્યોતિગ્રામ યોજનામાં થતી વીજચોરી સામે પગલા લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પરેશ ધાનાણી |
| ૪૧ | vv cc vv | ૧૦૦ | વિદ્યુત બોર્ડને આર્થિક સહાયો આપવા છતાં બોર્ડ ખોટ કરે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભોળાભાઇ ગોહેલ |
| ૪૨ | vv cc vv | ૧૦૦ | વિદ્યુત બોર્ડને નફો કરતું જણાવી વીજ દરમાં વધારો કરવા જેવી વિરોધાભાસી બાબતનું સત્ય બહાર લાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઇ વાજા |
| ૪૩ | vv cc vv | ૧૦૦ | ખાનગી વીજ કંપનીની સરખામણીમાં રાજ્યની માલિકીની વિજ કંપનીઓનું ઉત્પાદન ઘટતું રોકવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. તેજશ્રીબેન પટેલ |
| ૪૪ | vv cc vv | ૧૦૦ | ડાર્કઝોન વિસ્તારોમાં ખેડૂતોને વિજ જોડાણ લેવા માટે ડ્રીપ ઈરીગેશન સિસ્ટમ ફરજીયાત લેવાનું બંધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનિલ જોષીયારા |
| ૪૫ | vv cc vv | ૧૦૦ | કૃષિ વિષયક વીજ ટ્રાન્સફોર્મરો બળી જતા તેની જગ્યાઓ તાત્કાલિક નવા વીજ ટ્રાન્સફોર્મરો નાખવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરૂભાઇ ભીલ |
| ૪૬ | vv cc vv | ૧૦૦ | વીજ કંપનીઓ દ્વારા દર ત્રણ મહીને એફ.પી.પી.ઓમાં કરાતા ભાવ વધારાના કારણો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| ૪૭ | vv cc vv | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં વારંવાર તૂટી જતા વીજ વાયરોને કારણે જનતાને પડતી હાલાકી નિવારવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. મિતેશભાઇ ગરાસીયા |
| ૪૮ | vv cc vv | ૧૦૦ | ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સતત વિજ પુરવઠો પૂરો પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઇ ગામીત |

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે. માનનીય સભ્યશ્રી બલવંતસિંહ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઉદ્યોગ, ખાણ, ખનિજ, ઉર્જા અને પ્રવાસનની માગણી લઇને આવ્યા છે. એમાં હું મારા સૂચનો કરવા માટે ઉપસ્થિત થયો છું. ખાસ કરીને આજે એક વાતનું દુઃખ લાગે છે કે સમગ્ર ગુજરાતમાં ઉદ્યોગ નીતિ બને જેના કારણે ઉર્જા જેવો મહત્વનો વિભાગ હોય. આપણી પ્રવાસન પોલિસી હોય આજે સિનિયર મંત્રી કહેવાય એ હાજર નથી છતા..

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી નીતિનભાઇ ર. પટેલ : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એટલા માટે છે કે બલવંતસિંહને ખબર છે કે માનનીય મંત્રીશ્રી બીમાર છે એટલે ગૃહમાં આવતા નથી. એમની જગ્યાએ રાજ્યકક્ષાના મંત્રીશ્રી ઉપસ્થિત છે તેઓ જવાબ આપશે. એ મંત્રીશ્રી સક્ષમ છે. સરકારની નીતિ, બજેટ બધી આપને માહિતી મળશે.

અધ્યક્ષશ્રી : માનનીય બલવંતસિંહજી, આમેય વિધાનસભાને મંત્રી મંડળ સામૂહિક રીતે જવાબદાર હોય છે. એના મંત્રીશ્રી બેઠા છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતની અંદર ઔદ્યોગિક નીતિ બને, જેના કારણે સાડા છ કરોડ લોકોને નાના મોટા ફાયદાઓ પહોંચતા હોય અને ગુજરાત કંઇક ઉદ્યોગ નીતિ બનાવે, જેના કારણે ગુજરાત નંબર–૧ ઉપર જાય. વાતો ચોક્કસ થાય. આજે સમગ્ર ભારતમાં કદાચ વાઇબ્રન્ટ ગુજરાતના નામે જુદી જુદી પરિસ્થિતિ નિર્માણ કરીને ૨૦૦૩ થી માંડીને ૨૦૧૫ સુધી ૭ વાઇબ્રન્ટ ગુજરાતમાં આપણે કર્યા છે. વાઇબ્રન્ટ ગુજરાત થાય એના કારણે સમગ્ર લોકોને ફાયદો થાય તો ચોક્કસ આનંદ થાય. કઇક આપણે નવું કરીએ અને એનો લાભ લોકો સુધી પહોંચે. આજે દુઃખ સાથે કહેવું પડે છે કે અત્યાર સુધીમાં ૫૧,૪૩૪ એમ.ઓ.યુ. થયા. ૭ માનું જે રેકર્ડ આપવું જોઇએ તે આપ્યું નથી. મારી પાસે ૬ ના જ આંકડા છે. આજે ૧૮,૫૨૬ માત્ર પ્રોજેક્ટ પ્રગતિ હેઠળ છે. એનો મીનિંગ એવો થયો કે સમગ્ર ગુજરાતની અંદર આપણે વાતો કરીએ અને માત્ર ૫૬ ટકા લોકો પ્રગતિ હેઠળ છે. ૪૪ ટકા લોકોએ પ્રોજેક્ટ પડતા મૂક્યા છે. આવા કરોડો રૂપિયાના ખર્ચો કરીને છતા ૪૪ ટકા પ્રોજેક્ટો પડતા મૂકાયા છે. એના કારણે આજે સ્થિતિ અવી પેદા થઇ છે કે આ સરકાર ગૌચરની જમીન અને ધર્મના નામે આજે વાતો કરે છે, પણ ગાયોના ગૌચર કહેવાય. ૫૬ ટકા લોકોમાં આપણને એમ લાગે કે ૧ કરોડ ૫૬૦૦ લાખ ચો.મીટર જમીન આ ઉદ્યોગપતિઓને આપી દેવામાં આવી. આનાથી આગળ વધીને કહું દર વર્ષે કોઇને વેટનો લાભ આપ્યો હોય, કોઇને લોનનો લાભ આપ્યો હોય અનેક પ્રકારના

લાભો આપીને દર વર્ષે ૧૦,૦૦૦ કરોડ રૂપિયાના લાભો આ ગુજરાત સરકારે ૫૬ ટકા લોકોને આપ્યા છે. છતા જે વખતે વાત કરવામાં આવી હતી કે આટલા બધા લાભો લઇને એમ કહેવામાં આવ્યું હતું કે અમે ૫૨ લાખ લોકોને રોજગારી આપીશું. આજે દુઃખ સાથે કહેવું પડે ૫૨ લાખ લોકોને નહિ, માત્રને માત્ર ૧૦ ટકા લોકોને આમાંથી રોજગારી પ્રાપ્ત થઇ છે તેવી વાસ્તવિક સ્થિતિ ગુજરાતની છે. એનાથી આગળ વધીને એમ કહેવું આટલા મોટા લાભ આપ્યા, આટલા લોકોની વાતો થઇ છતાય ભારતનો જી.ડી.પી. એમાંય મહારાષ્ટ્રમાં કશું આપ્યા વગર ૧૪.૪૨ છે. ગુજરાતનો માત્ર ૭.૩૧ છે. આ વાસ્તવિકતા ગુજરાતની બતાવે છે. આજે ભારતનો કુલ ઇન્ડસ્ટ્રીઝ ઘરગથ્થું ઉત્પાદન એના આંકડા આજે મહારાષ્ટ્રમાં ૧૭.૩૨ અને માત્ર ગુજરાતનો ૮.૮૨ છે. આટલો મોટો લાભ આપ્યો છતા ગુજરાતની સ્થિતિ કયાં છે એ વાસ્તવિકતાથી સમજી શકીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આજે ઉદ્યોગ ક્ષેત્રે જોઇએ તો ૨૦૦૯–૧૦માં ૪૩.૭૦ ટકા હતો. આ સાત વર્ષમાં આપણે ઘણું બધું આપ્યું છતાં તે આજે ૩૯.૧૭ ટકાએ પહોંચ્યો છે. આજે ઉત્પાદન ઘટી રહ્યું છે. ઉત્પાદન જે ૩૦.૬૮ ટકા હતું તે આજે ઘટીને ૨૦.૬૨ ટકા થઇ રહ્યું છે તેવી પરિસ્થિતિ આજે ગુજરાતની અંદર નિર્માણ પામી છે. તેનાથી આગળ વધીને કહું કે ગુજરાતમાં આજે લોકો એમ કહે છે કે ગુજરાત પ્રગતિ કરી રહ્યું છે. ઉદ્યોગ ક્ષેત્રે અમે આગળ છે એમ કહીએ છીએ. મારે દુઃખ સાથે કહેવું પડે, આ મારા કહેલા આંકડા નથી. આ ગુજરાતમાં શું સ્થિતિ ચાલે છે તેની ચર્ચા લોકસભાની અંદર થઇ. લોકસભામાં માનનીય મંત્રીશ્રી ગિરીરાજસિંહે જણાવ્યું કે ગુજરાતમાં આજે ૪૯૩૮૨ માંદા એકમો છે. નાના ઉદ્યોગો, મધ્યમ ઉદ્યોગ માઇક્રો સ્મોલ ઉદ્યોગોમાં ગુજરાત નંબર વન નહીં પણ માંદા એકમોમાં બીજા નંબરે છે તેવું મેં નહીં પણ તેમની સરકારના મંત્રીશ્રીએ લોકસભામાં કહ્યું છે. આજે ગુજરાતની આ વાસ્તવિકતા છે. એકબાજુ પાંચ પચ્ચીસ લોકોને કરોડો અને અબજો રૂપિયા આપીને આગળ વધી રહ્યા છે તેની સામે સ્થિતિ એવી થઇ છે કે ગુજરાતમાં નાના નાના ઉદ્યોગો બંધ થઇ રહ્યા છે. આ સરકારની નીતિ છે, આ ગતિશીલ સરકાર છે? ઉદ્યોગોમાં તો આપણે નંબર વન ન બની શક્યા પણ માંદા ઉદ્યોગો માટે આ જ નીતિ રહી તો નંબર વન ચોકકસ બનશો. તેના માટે કોઇ જવાબદાર હશે તો આ ગુજરાત સરકાર જ જવાબદાર રહેશે તેવી સ્થિતિ ગુજરાતમાં પેદા થવાની છે. આ બધાની અંદર જોવા જેવા ફીગર એ છે, આ સરકારના આંકડા છે અને તેમાં એમ કહેવામાં આવ્યું છે કે વિદેશી રોકાણ અંદર ગુજરાતમાં કેટલા ટકા થાય છે. આજે મહારાષ્ટ્ર સરકારમાં દેશના ૨૯ ટકા વિદેશી રોકાણ થાય છે. જયારે ગુજરાતમાં કેટલા ટકા તો માત્ર પાંચ ટકા જ થાય છે. આજે ઉદ્યોગો બંધ થતા જાય છે તેનું કારણ એ છે કે મોટા મોટા લોકોને મોટા ફાયદા થાય છે જયારે નાના લોકોને એક ટકો ટેક્ષ ભરવો પડે છે. સમગ્ર ભારતમાં ન હોય તેવો વધારાનો એક ટકો ટેક્ષ અહીં છે જેના કારણે નાના નાના ઉદ્યોગો બંધ થઇ ગયા છે. રોજગારીની વાત કરીએ તો દર વર્ષે ચાર પાંચ લાખ બેકારો વધે છે. તેની સામે માત્ર લાખ, દોઢ લાખ, બે લાખ લોકોને રોજગારી આપી શકીએ છીએ. ગુજરાતમાં એકબાજુ બેરોજગારોની સંખ્યા વધતી જાય છે અને દિનપ્રતિદિન કરોડો રૂપિયા આપીને ગુજરાત બેસી ગયું છે. મારી સરકારની વિનંતી છે કે આવા મોટા લોકોને તમે ગમે તેટલા પૈસા આપ્યા હોય તેમાં ચાહે ટાટા હોય, મારૂતિ હોય કે બીજા હોય બધા જ ઉદ્યોગો આજે બંધ હાલતમાં છે. આમાં ગુજરાતને કયાંય ફાયદો નથી. નાના ઉદ્યોગો માટે ગુજરાત સરકાર કંઇ નહીં કરે તો ગુજરાત બેસી જશે તેવી સ્થિતિ ઉભી થઇ છે. આ સરકાર ગાયોના ગૌચર આપવાનું અને ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાનું બંધ કરી ગાયોનું રક્ષણ કરે તેવી મારી વિનંતી છે. ખાસ કરીને પ્રવાસન માટે મારે એક જ વાત કરવી છે. મારી વાત એવી છે કે મોટી મોટી જાહેરાત થાય અને લોકો એમ કહે કે કુછ દિન તો ગુજારો ગુજરાતમે. તેનો ખર્ચ કેટલો? તો સાહેબ ૨૫૮ કરોડ રૂપિયા. આ કુછ દિન ગુજારો ગુજરાતમે તેનો ખર્ચ ૨૫૮ કરોડ રૂપિયા થયો છે. છતાં સ્થિતિ કેવી? ગુજરાતના ૨૦૦૯ના આંકડા કહું ૧ કરોડ ૬૦ લાખ પ્રવાસીઓ. ૨૦૧૩ માં ૭૨ ટકા વધ્યા છે. મહારાષ્ટ્રમાં કોઇ અમિતાભ બચ્ચન નથી, મધ્યપ્રદેશમાં નથી પણ પ્રવાસમાં તેની ટકાવારી જોઇએ તો ત્રણથી ચારગણી વધારે છે. માટે આ ખોટા ખર્ચા બંધ કરી આ ૨૫૮ કરોડ રૂપિયા યુવાનોને, મારી વિધવા બહેનોને ઘર વપરાશ માટે આપ્યા હોત તો ચોકકસ પણે આનંદ થાત. આવું કંઇક કર્યુ હોત તો ચોકકસપણે આનંદ થાત.

માનનીય અધ્યક્ષશ્રી, મારે હવે ઉર્જા વિભાગ વિશે પણ કહેવું છે. ગુજરાતમાં એમ કહેવામાં આવે છે કે, ગુજરાત એક એવું રાજય છે કે જ્યાં વીજળી સરપ્લસ છે, જરાય વીજળી ઘટતી નથી. ઘણી વાર માનનીય મંત્રીશ્રી પણ કહેતા હોય છે ત્યારે મારે કહેવું છે કે, આજે ગુજરાત સરકારના જે આંકડા છે એ પ્રમાણે ૨૦૦૯–૧૦માં ૧૦ ટકા વીજળીની ઘટ હતી એ ઘટીને ૨૦૧૪–૧૫માં ૩.૬૦ ટકા આજે પણ વીજળીની ગુજરાતમાં ઘટ છે. કોઇ ગમે તે વાત કરતું હોય પણ વાસ્તવિકતા આ છે. આથી પણ આગળ વધીને કહું તો ગુજરાત નાના હાઇડ્રો પ્રોજેકટમાં ૧૯માં ક્રમે છે, બાયોમાસ પાવરમાં ૭માં ક્રમે છે, વેસ્ટ પાવરમાં ૮માં ક્રમે છે અને રેવન્યુ કેબલ પાવરમાં ૯માં ક્રમે આપણે છીએ આ વાસ્તવિકતા ગુજરાતની છે. વીજળીમાં ગુજરાતની વાત કરીએ તો કંઇક ચમત્કારીક ગુજરાત છે. ગુજરાતમાં જે વીજળીમાં થઇ રહ્યું છે એની કદાચ કોઇને કલ્પના ન આવે એવું થઇ રહ્યું છે. એક બાજુ પોતાના પ્રોજેકટો છે એ આજે ધીમે ધીમે બંધ થઇ રહ્યા છે. અમે અમારા વખતમાં આ પોજેકટ ૮૦–૯૦ ટકાની ક્ષમતાએ ચલાવતા હતા ત્યારે આજે ઘટીને ૩૩ ટકાની ક્ષમતાએ ચાલે છે. બીજી બાજુ પ્રાઇવેટ લોકો છે એ દિન પ્રતિદિન ચાર ગણા વધારીને ચલાવે છે અને એનો પાવર આજે ગુજરાત સરકાર ખરીદે છે એવી સ્થિતિ પેદા થઇ છે. તમે પંજાબમાં જુઓ, બીજા રાજયોમાં જુઓ તો ત્યાં આગળ પોતાના પ્રોજેકટો કેવી રીતે વધે એના માટેનું આયોજન કરતા હોય છે ત્યારે આપણે ત્યાં સ્થિતિ જુદી છે અને એના માટે મારે કહેવું છે કે, કોઇને ફાયદો આપવા માટે થઇને આપણે ત્યાં વીજળીની ખરીદી થાય છે અને એના કારણે જે કંપનીઓ છે એની પાસેથી આપણે ખરીદીએ છીએ અને એની સાથે જે કરારો કર્યા છે તે કરારો ૨૦ વરસ સુધીના કર્યા છે અને એ કરારોમાં કેવી કેવી ગોઠવણ કરવામાં આવી છે? કદાચ સરકારે આવા લોકોની સામે, જવાબદાર વ્યક્તિઓ સામે પગલાં લેવા જોઇએ. આજે સ્થિતિ એવી છે કે, ચાઇના લાઇટ પાવર કંપની છે એની પાસેથી ૪.૪૦ રૂપિયે આપણે વીજળી લીધી અને એના કરાર કર્યા પછી એની અંદર એક કોલમ

છે એમાં લખવામાં આવ્યું કે, કદાચ આ પાવર પ્લાન્ટ નહીં ચાલે તો એને આપણે ફિકસ કોસ્ટ આપીશું અને બે વર્ષમાં ૮૫૦ કરોડથી પણ વધારે આ સરકારે ફિકસ કોસ્ટ ચૂકવેલ છે. આપણને દુઃખ થાય કે આ કયા પ્રકારના કરાર કરવામાં આવ્યા છે? આ કઇ કંપની છે? એ મારે જાણવું છે. મારે ખાસ કરીને એ જાણવું છે કે, ઘર વપરાશની વીજળી આપવાની હોય તો મોંઘી, નાના ખેડૂતોને વીજળીના લાભ આપવાના હોય તો મોંઘી અને ૨.૨૬ રૂપિયે વીજળી મળતી હોય છતાં આપણે ૨.૮૯ રૂપિયે આ બધા પાસેથી વીજળી લઇએ છીએ. મારે આ સરકારને કહેવું છે કે એનો બોજો કોની ઉપર પડે છે? મારે ગુજરાત સરકારને કહેવું છે કે, આ બધા આંકડા મારી પાસે છે, વીજળીની ખરીદીમાં નુકસાન છે કેમ કે ઉંચા ભાવે લઇએ છીએ અને જે રીતે કરાર કર્યા છે એને લીધે વર્ષે ૧૨ હજાર કરોડ રૂપિયા ગુજરાત સરકારે આપી દીધા છે. મને એ સમજાતું નથી કે એક નર્મદા યોજના છે એમાં તમે જુઓ, કે.જી. બૈઝિનમાં તમે જુઓ ૧૩ થી ૧૪ હજાર કરોડ આપણે ગેસમાં આપી દેતા હોઇએ અને એક બાજુ આવી રીતે ૧૨ હજાર કરોડ રૂપિયા અહીંયા વીજળીમાં આપી દેતા હોઇએ ત્યારે ખેડૂતોના ૪૦૦ કરોડની વાત આવે તો આપવા નથી, ઘર વપરાશમાં રાહત આપવી નથી અને આવા લોકો જે છે એ પૈસા લઇ જતા હોય એ આપણા માટે શરમજનક છે, આમાં ઇન્કવાયરી બેસાડવી જોઇએ. આવા કયા લોકોએ કરાર કર્યા? શા માટે આવા કરાર કર્યા? અને કોના ફાયદા માટે કર્યા એ ચોક્કસપણે તપાસવું જોઇએ. એનાથી આગળ વધીને એક બાજુ સરકાર એમ કહે કે, આપણે ખેડૂતો માટે કંઇક કરીએ છીએ ત્યારે મારે કહેવું છે કે આજે ૫ લાખથી પણ વધારે અરજીઓ પેન્ડીગ છે.

અધ્યક્ષશ્રી : માનનીય બલવંતસિંહજી, આપનો સમય પૂરો થાય છે. માનનીય દુષ્યંતભાઇ.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઉદ્યોગ, ઉર્જા પેટ્રોકેમિકલ્સ, પ્રવાસન ક્ષેત્રની જે માગણી લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું અને તેને સમર્થન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત આ ચાર શબ્દમાં જે અક્ષર છે વિકાસના નકશાની અંદર કંઇક અલગ જ ઉભરી આવે છે. ગુજરાત આ શબ્દનો પ્રયોગ આજે વિશ્વમાં જયાં વિકાસ થતો હોય ત્યાં જો કરવામાં આવે તો આ શબ્દ કયાંય અને કયાંયથી તેની વચ્ચે આવે છે આવે છે અને આવે છે. ગુજરાતનો વિકાસ આજે તે ગુજરાતની ગરિમાની આગવી ઓળખ છે. અહીં બેઠેલાં સભ્યશ્રીઓ આપણી સાથે સંમત થશે કે આપણું સામર્થ્ય અને આપણા પુરુષાર્થનો મિજાજ આજે આપણે દેશ અને દુનિયાને બતાવ્યો છે તે વાત ચોક્કસ છે. છેલ્લા ૧૪ વર્ષની અંદર વિકાસ માટેનું એક જબરજસ્ત પ્લેટફોર્મ ગુજરાતે આપ્યુ છે અને એટલે જ ગુજરાતનો વિકાસ દર આજે આંખે ઉડીને વળગે છે. ગુજરાતના સ્થાપનાકાળથી ૨૧મી સદીના પ્રથમ દસકા અને ત્યાર બાદ અત્યાર સુધી રાજયનો સૌથી વધારે ઔદ્યોગિક વિકાસ આ રાજયમાં થયો છે. ઉદ્યોગનું ગ્રોથ એન્જીન અત્યંત ગતિશીલ છે ત્યારે ગુજરાત સરકારની નેમ પણ છે કે સમાજના તમામ વર્ગના લોકોને લાભ મળવો જોઇએ અને આ પાયાન સિદ્ધાંત સાથે સરકાર કામ કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઔદ્યોગિક મૂડી રોકાણ આકર્ષવા આ તત્કાલિન મુખ્યમંત્રી અને આ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘદ્રષ્ટિથી આપણે વાયબ્રન્ટ ગુજરાતનું આયોજન કર્યુ છે. સાત વાયબ્રન્ટ ગુજરાતના એપીસોડમાં આખા વિશ્વમાંથી લગભગ ૧૨૫ જેટલા દેશ અહીંયા આગળ આવ્યા. આનું કારણ શું હતું ? આનું કારણ એ હતું કે દુનિયા આખીમાં મંદીનું વાતાવરણ હતું પણ એક ગુજરાત એવું રાજય હતું કે જયાં આગળ વિકાસ અને તેની જયોત પ્રજ્વલિત હતી. આજે આપણે તમામ પેપરો જોઇએ તો તેની અંદર તમે આખે આખા સ્ટેટની ફૂલ પેઇજની એડવર્ટાઇઝમેન્ટ હોય પછી એ રાજસ્થાન હોય, એમ.પી.હોય, મહારાષ્ટ્ર હોય, વેસ્ટ બેંગોલ હોય, કર્ણાટક હોય, યુ.પી.,બિહાર, તામિલનાડુ હોય કે અમારા સ્ટેટમાં આવો અને અમારા સ્ટેટમાં ઇન્વેસ્ટ કરો. આ કયારે ખબર પડી ? તે ૧૪ વર્ષ પછી ખ્યાલ આવ્યો કે નરેન્દ્રભાઇ મોદી સાહેબે જે ગુજરાતમાં કર્યુ હતુ એ જ લાઇન, એ જ દિશા ઉપર આપણે જવું જોઇએ અને આ સાત વાયબ્રન્ટ ગુજરાતથી ગુજરાતની અંદર જબરજસ્ત મૂડીરોકાણ થયું છે. વસતિના પ્રમાણમાં જી.ડી.પી.ના યોગદાન સાથે ગુજરાત આજે સૌથી મોટું રાજય છે અને તેનો શ્રેય જો કોઇને આપવો હોય તો આ visionary leader નરેન્દ્રભાઇ મોદી સાહેબને આપવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે આજે ease of doing business ના દરેક પાસા ઉપર વિશેષ ધ્યાન આપ્યું છે. મેં આગળ કહ્યું હતું વર્લ્ડ બેન્કના સર્વેમાં best destination તરીકે ગુજરાત પ્રસ્થાપિત થયુ છે હમણાં જ ગયા અઠવાડિયાની અંદર National Council of Applied Economic Research NCAER તે ફરીથી એકવીસ રાજય પૈકી ગુજરાતને સૌથી best destination તરીકે રેન્ક આપ્યો છે. તેના પેરામીટર્સ કહ્યા, તેના પેરામીટર્સ એ છે કે, labour, infrastructure, economic conditions, political stability good governance and perception of business climate આ સર્ટીફિકેટ આપણે નથી આપ્યું પણ આ સર્ટીફિકેટ એ કોઇ દિલ્હીની સંસ્થાએ આપણા રાજયમાં આપ્યુ છે. ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત MSME એકમોને રોકડ સહાયની યોજના, વ્યાજ સહાયની યોજના માટે વિશેષ પ્રકારની આની અંદર જોગવાઇ કરવામાં આવી છે. રાજય સરકારે નવી ટેક્ષટાઇલ પોલિસી અમલમાં મૂકી ઘણું બધુ આપણાને ટેક્ષટાઇલની અંદર મળ્યું. મારી પાસે આંકડા છે ત્યાં સુધી આપણે 25 lakh spindleના લક્ષ્યાંક સામે અત્યારે આપણી પાસે 14 lakh spindleસ્થાપઇ રહ્યા છે અને આ વર્ષના ગાળામાં ૧૦ લાખ spindle આવવાની સંભાવના છે. તો આ પ્રોત્સાહન યોજના માટે ૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. Dholera Special Investment Region, ૨૨૫૦ હેકટર જગ્યાની અંદર રસ્તા, ડ્રેનેજ અને આંતરમાળાખાકીય સુવિધા માટેની જોગવાઇ કરવામાં આવી છે. મીઠા ઉદ્યોગના વિકાસ અને અગરિયાઓની કલ્યાણકારી યોજના માટે વિશેષ પ્રકારની જોગવાઇ કરવામાં આવી છે, જેથી કરીએ આપણા રાજયની અંદર મીઠા ઉદ્યોગ છે એ વધુ આગળ આવી શકે. માનનીય મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે નાના ઉદ્યોગને પ્રોત્સાહન આપવા યુવાનો માટે રોજગારીની તકો વધારવા જી.આઇ.ડી.સી. મારફતે નાના એકમોને ઓનલાઇન સેવા, સીંગલ વીન્ડો કલીયરન્સ, ઉદાર નીતિ, એસ્ટેટ મેપિંગ જેવા અનેકવિધ નવતર પ્રયોગો કરવામાં

આવ્યા છે. જી.આઇ.ડી.સી. દ્વારા ફાર્મા પાર્ક, પ્લાસ્ટીક પાર્ક, medical device cluster સ્થાપવા ઔદ્યોગિક પાર્ક પણ યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ તમામ સેવાનો લાભ નાના એકમોને સરળતાથી અને ઝડપથી મળી રહે તે માટે એક અલગ સેલની રચના પણ કરવામાં આવી છે. ઉદ્યોગ સેવા વેપાર ક્ષેત્રે નાના નાના રોકાણકારો, ઉદ્યોગકારોને વાજબી ભાવે ધિરાણ મળી રહે તે માટે બાજપાઇ બેંકેબલ યોજના અંતર્ગત માળખાગત સુવિધા માટે સબસિડીમાં સો ટકાનો વધારો કર્યો છે એ અભૂતપૂર્વ નિર્ણય કર્યો છે. Assistance to Mega and Innovative Project હેઠળ ગુજરાત રાજયએ વૈશ્વિક રોકાણ માટે સ્વર્ગ બનાવવા માટેનો એક સૈદ્ધાંતિક નિર્ણય કર્યો છે. રેડીમેડ ગારમેન્ટ્સ ઉદ્યોગના વિકાસ માટે ખાસ જોગવાઇઓ કરવામાં આવી છે. મહિલાઓને મોટી સંખ્યામાં રોજગારી મળે અને મહિલાઓને વિશેષ રાહતો સાથે ખાસ ઔદ્યોગિક પાર્કની રચના કરવામાં આવી છે. મારા ભરૂચને પણ આનો લાભ મળ્યો છે. એ માટે માનનીય નાણા મંત્રીશ્રીને અભિનંદન આપું છું અને આભાર વ્યક્ત કરું છું.

નાના અને મધ્યમ ઉદ્યોગ સાહસિકો માટે તેમણે નાણાકીય ટેકો પૂરો પાડવાના હેતુથી ચૂકવણીની મુદતની મર્યાદામાં વધારો કર્યો છે. આ એક શ્રેષ્ઠ નિર્ણય સરકારે કર્યો છે. ૨૫ જિલ્લામાં હેન્ડલુમ અને હેન્ડી ક્રાફ્ટ વેચાણ પ્રદર્શન અનેક યોજાયા છે, વેચાણ યોજાય છે જેથી કરીને જે નાના નાના કારીગરો છે કે જે હેન્ડીક્રાફટના છે, હેન્ડલુમના છે તેમને પણ ગુજરાત રાજયે એક પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે.

સૌથી અગત્યની બાબત રાજયના આંતરિયાળ આદિવાસી અને પછાત વિસ્તારની અંદર રૂરલ જી.આઇ.ડી.સી. સ્થાપવાનો ખૂબ મહત્વનો નિર્ણય કર્યો છે. રાજયના વિકાસ, આર્થિક વિકાસના મહત્વના એવા લઘુ અને કુટિર ઉદ્યોગને માટે વિશેષ યોજનાઓ જાહેર કરી છે. માનનીય મંત્રીશ્રી અહીંયાં છે અને માનનીય સચિવ છે ત્યારે મારા ભરૂચ જિલ્લાની વાત કરી લઉં કે, મારા ભરૂચ જિલ્લામાં હજુ critical pollutted area માંથી બહાર નથી આવ્યું, અને આખા વિસ્તારને saturated plot તરીકે જયારે જાહેરાત કરી છે ત્યારે adjoining plot ની જે લોકોએ ડીમાન્ડ કરી છે એ ડીમાન્ડ adjoining plot ને જે લોકોએ માગી છે એ લોકોને જ આપવી જોઇએ, એ પ્લોટ્સની હરાજી ના થવી જોઇએ એવી આ તબક્કે એક નાની અને પોઝીટીવ વે ની અંદર હું આપની સાથે વાત કરું છું કારણ કે adjoining plot આ વૈશ્વિક મંદીની અંદર અને આ કોમ્પીટીશનની અંદર ટકી રહેવા પણ એ ઉદ્યોગકારોને બચાવવાનો આપણે જયારે આવો મહત્વપૂર્ણ નિર્ણય હોય તો adjoining plot નો સત્વરે નિર્ણય થાય એવી આ તબકકે હું નાનકડી માગણી મૂકું છું.

કોઇ પણ રાષ્ટ્ર પ્રદેશ કે રાજયના વિકાસની યાત્રામાં યુવાશક્તિ રહેલી છે. આ દેશના વડાપ્રધાન અને તત્કાલિન મુખ્ય મંત્રીશ્રીના શબ્દમાં કહું તો, India has the power of new energy in the form of its youth. જે એનર્જી છે આજે વિશ્વની અંદર ભારત એ સૌથી યુવાન દેશ છે. ૬૫ ટકાની વસતિ યુવાન છે ત્યારે એમનો શબ્દ છે કે Youth of India is not just new age voters, but new age power છે અને Gujarat has always represented the best to what is India today. માનનીય અધ્યક્ષશ્રી, એમણે આગળ કહ્યું છે તે હું સ્વપ્નો નથી જોતો, હું સ્વપ્નોની વાવણી કરું છું. I do not see dreams, I saw dreams in the eyes of my fellow citizens અને if the dream realizes what shall I need, આવા સારા ઉદ્દેશ સાથે જયારે આ દેશના વડાપ્રધાનની ચિંતા હોય ત્યારે માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે પૂજનીય ઇન્દુચાચાની સ્મૃતિમાં વર્ષ ૨૦૧૬-૧૭ને યુવા વિકાસ વર્ષ તરીકે ઉજવવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. વડાપ્રધાનશ્રીની હાકલ make-in India, Start-up India, Start-up India ના સંકલ્પને સાકાર કરવા માટે ગુજરાત રાજયને આર્થિક વિકાસને બળ આપતી નવી ઇન્ડસ્ટ્રીયલ ફ્રેન્ડલી પોલિસી જાહેર કરેલી છે. ગુજરાતના યુવાધન તેમના ઇનોવેટીવ આઇડીયા લઇને આવે અને તેમને આગળ આવીને કંઇક કરવું હોય તે માટે અનેક અનેક યોજના કરવામાં આવી છે. અને ઇનોવેટીવ વિચારોને સાકાર કરવા માટે ગુજરાત Start-up policyની રચના કરવામાં આવી છે. ખાલી પોલિસીની રચના નથી થઇ પણ Start-up પોલિસીના અસરકારક અમલીકરણ માટે પણ વિશેષ જોગવાઇ કરવામાં આવી છે. કોઇ યુવાનને શેડ જોઇતો હોય તો શેડની ફાળવણી, એને ઇડીપીની ટ્રેનિંગ એના માર્કેટીંગ એને સહાય અને એને વેટ નિયમ investment સુધીની સહાય આ યોજનાની અંદર કરવામાં આવી છે. Start-up પ્રોજેકટ લઘુ ઉદ્યોગને પ્રોત્સાહિત કરવા માટે વેન્ચર કેપિટલ ફંડની જોગવાઇ કરવામાં આવી છે.

એથી વિશેષ આગળ વધીને ખાદી ક્ષેત્રના વિકાસ માટે વિવિધ પ્રવૃતિઓ માટે જોગવાઇ કરેલી છે. નવી જાહેર થયેલી કુટિર ઉદ્યોગ નીતિ અન્વયે નાના કારીગરોને વ્યાજબી દરે કાચો માલ મળી રહે તે માટે રો મટિરિયલ બેન્ક ઉભી કરવાનું આયોજન કરવામાં આવેલું છે. આજે આપણે જોઇએ કે આ ભારત દેશની અંદર ઓઇલ પછીનું જો કોઇ સૌથી મોટું ઇમ્પોર્ટ હોય તો એ ઇલેક્ટ્રોનિકસ આઇટમોનું થતું હોય ત્યારે એ ધ્યાને લઇને ગુજરાતના યુવાધન આઇ.ટી. ક્ષેત્રે રોજગારીની વધુ તકો અને તેમાં એમને કંઇક આગળ આવવું હોય તે માટે તે હેતુસર નવી ઇલેક્ટ્રોનિક નીતિ અને નવી આઇ.ટી. પોલિસી હેઠળના પ્રોત્સાહન માટેની જોગવાઇઓ કરવામાં આવી છે. ઉદ્યોગો સાથે ભાગીદારી કરીને પી.પી. પી. મોડલ ઉપર Regional Hi-tech Multi-skill Training Centre સ્થાપવાનું આયોજન કરવાનું છે. આ વર્ષની અંદર આવા ચાર ટ્રેનિંગ સેન્ટરો સ્થાપવાનો અભૂતપૂર્વ નિર્ણય આ સરકારે કરેલો છે. માટીકામના કારીગર હોય, તેમને તાલીમ વેચાણ અને સાધનોની ખરીદી કરવામાં કારીગરોને સહાય કરવાની જોગવાઇ પણ કરવામાં આવી છે. હાથશાળ અને હસ્તકલાના આંતરરાષ્ટ્રીય buyer-seller મીટનું આયોજન કરવામાં આવેલ છે. આ બધા નાના નાના કારીગરો છે.

હમણાં માનનીય સભ્યશ્રી બળવંતસિંહભાઇ બોલતા હતા ઉદ્યોગકારો, ઉદ્યોગકારો પણ મારી આખી વાતમાં તમે જોશો ગયા વર્ષના બજેટમાં પણ જોશો અને આ વર્ષના બજેટમાં પણ જોશો કોઇ મોટા ઉદ્યોગકારની વાત આની અંદર આવતી નથી. આમ ગુજરાતના યુવાનોની પડખે ઉભા રહીને એમને રોજગારી અને રોજગાર વિષયક પરિણામલક્ષી મહત્વનો નિર્ણય કર્યો છે. ગુજરાતનો યુવાન અત્યારે દેશ વિદેશના યુવાનોની સમકક્ષ ઉભો રહે તેવી આપણી સરકારની નેમ છે. ગુજરાત સરકારે ટુરીઝમને જયારે ઉદ્યોગ તરીકે દરજ્જો આપ્યો છે ત્યારે ઇન્ટીગ્રેટેડ ડેસ્ટીનેશન ડેવલપમેન્ટ અંતર્ગત વોટર સ્પોર્ટસ ડેવલપમેન્ટ હમણાં ભરૂચની અંદર એકવેસ્ટીક સ્પોર્ટસની એક રચના કરવામાં આવી છે. ત્યાં ખૂબ સરસ પ્રદર્શન થયું હતું અને એ આખા રાજયની અંદર એનો અમલ કેવી રીતે થાય એ જોવાની દિશામાં સરકાર આગળ છે.

ગ્રીન ઇકો ટુરીઝમ, હેરીટેઝ ટુરીઝમ, મેડીકલ ટુરીઝમના વિકાસને મહત્વના પ્રવાસ સ્થળો માટે આંતરમાળખાકીય સુવિધા કરવામાં આવી છે. અંકલેશ્વર ખાતે એરશીપ બનાવવાનું આયોજન છે તેમાં ખાસ કરીને મેઇન્ટેનન્સ રિપેર ઓવર ઓલ એમ.આર.ઓ. સેન્ટર સ્થાપવાનું આયોજન છે. જેમાં રાજયના અને દેશના હેલિકોપ્ટર અને પ્લેન ત્યાં રિપેરીંગ થઇ શકશે અને એનાથી આ એમ.આર.ઓ. સ્થાપવાથી એવિએશન એન્જિનીયર માટે આ રાજયની અંદર ઘણા બાળકો છે, ઘણા યુવાનો છે જે એવિએશનની અંદર આગળ આવવા માગે છે તો એના માટેની સારામાં સારી તક ઉભી થનારી છે. તેના માટે રોજગારીની તક ઉભી થનારી છે. પાઇલોટની પરીક્ષા માટે ગુજસેલ કોમ્પ્લેક્ષ માટે ડી.જી.સી.એ. પરીક્ષા કેન્દ્ર સ્થાપવાની યોજના છે જે ગુજરાત રાજયમાં પ્રથમ છે અને ભારત સરકાર દ્વારા યોજવામાં આવનાર છે. પી.પી. પી. મોડ ઉપર નવી Centre of Excellence અને સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર ઓફ એરો space સ્થાપવાનું આયોજન કરેલ છે. અને એવિએશન ક્ષેત્રના વિકાસ માટે ગુજરાત રાજયના વિદ્યાર્થીઓ એનું રીલેટેડ એટલે કે એનું સંલગ્ન એજયુકેશન આપવા માટે ગુજસેલ દ્વારા નવા કોર્ષ શરૂ કરવામાં આવનાર છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય એક સરપ્લસ સ્ટેટ છે ત્યારે પાવર ડિસ્ટ્રીબ્યુશન અને રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ માટે વર્લ્ડકલાસ ટેસ્ટીંગ લેબોરેટરી સ્થાપવાનો અભૂતપૂર્વ નિર્ણય લીધો છે. જેથી કરીને આપણે ઇલેક્ટ્રિકલ કોમ્પોનન્ટ્સ અને ઇક્વીપમેન્ટનું ટેસ્ટીંગ અને તેનું ઇવેલ્યુએશન થઇ શકે, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ વીજ ગ્રાહકોને કવોલિટી અને કન્ટીન્યુસ પાવર મળી રહે તે માટે ૨૦૧૬–૧૭ના વર્ષની અંદર રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેલ સ્થાપવાનું નક્કી કરવામાં આવ્યું છે. સૌથી અગત્યનો નિર્ણય છેલ્લા કેટલાય વર્ષોથી એક–એક લાખ ખેડૂતોને જે વીજ જોડાણ આપવાનું છે, આ વર્ષે પણ એક લાખ વધુ કૃષિ વીજ જોડાણો આપવાનો સારો નિર્ણય કર્યો છે. તેમાં પણ આદિજાતિ વિસ્તારના ખેડૂતો અને સાગર વિસ્તારના ખેડૂતોને પણ વીજ જોડાણ આપવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ પરિવારના ૪૨,૦૦૦ નિઃશુલ્ક ઘરગથ્થુ વીજ જોડાણ આપવાની પણ આ માગણીમાં જોગવાઇ કરવામાં આવી છે. સૌથી અગત્યનું રાજ્યની તમામ ગ્રામ પંચાયત અને સ્વૈચ્છિક સંસ્થાઓને વોટર વર્કસની અંદર નિઃશુલ્ક વીજ પુરવઠો આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આદિજાતિ વિસ્તારમાં નવા ૧૦૦ સબસ્ટેશન સ્થાપવાનો નિર્ણય છે. જેથી કરીને ગુણવત્તાસભર વીજ પુરવઠો આપણે ત્યાં પહોંચાડી શકીએ. ૨૭ જેટલા સબસ્ટેશનો સાગરકાંઠા વિસ્તારમાં સ્થાપવાનો સરકારે નિર્ણય કર્યો છે. ૨૪૭૧ કિલોમીટરની નવી લાઇન નાખવાનો પણ આ સ્તરે નિર્ણય કર્યો છે. સારી સારી બાબતો માનનીય સભ્યશ્રીએ જોઇ નથી પણ જે બાબતો ટકોર કરવા જેવી હતી તે એમણે કરી છે. છૂટાછવાયા વિસ્તારની અંદર ૧૫,૦૦૦ જેટલા સોલર ઘરગથ્થુ વીજ જોડાણો આપવાનો નિર્ણય કર્યો છે અને ૩૨૦૦ જેટલા સોલર એગ્રીકલ્ચર પંપ આપવાનો નિર્ણય કર્યો છે. ગુજરાત પાસે જયારે સૌથી લાંબો ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકાંઠો છે તો ટાઇડલ વેવ એટલે કે મોજાં આધારિત વીજળી પેદા કરવાનો સંકલ્પ આ રાજય સરકારે કર્યો છે અને તે માટે કેપિટલ સપોર્ટ એટલે કે મૂડી સહાય આપવાનો નિર્ણય કર્યો છે. જીઓથર્મલ પાઇલોટ પ્રોજેકટને પણ કેપીટલ સપોર્ટ કરવાનો નિર્ણય કર્યો છે. આમ જોવા જઇએ તો નોન કન્વેશ્નલ એનર્જી સોર્સીસમાં સરકારની હંમેશા પ્રાથમિકતા રહી છે અને મને જણાવતા આનંદ થાય છે કે આજે જયારે ૨૪,૬૦૬ મેગાવોટ વીજળી આપણે ઉત્પાદન કરીએ છીએ તેમાં પણ ૫,૦૦૦ મેગાવોટ આપણે બિનપરંપરાગત વીજળી પેદા કરીએ છીએ એટલે મને આ સન્માનનીય ગૃહને કહેતા ગર્વ થાય છે કે ૧૦ મિલિયન ટન કાર્બનડાયોક્સાઇડ reduction and emission આજે આપણે કરી શકયા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, પેટ્રોકેમિકલ્સની વાત કરું તો ગુજરાતનો પેટ્રોકેમિકલ્સમાં ૬૨ ટકા હિસ્સો છે આ દેશમાં. ૫૧ ટકા નેશનલ કેમિકલ ઉત્પાદનમાં આપણો હિસ્સો છે. આ વાત કોઇને દેખાતી નથી. ૬,૬૦૦ જેટલા કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ પ્રોડક્ટસ આપણે ગુજરાતમાં ઉત્પાદન કરીએ છીએ. દેશનું સૌથી વધારે પેટ્રોકેમિકલ્સ આજે આપણે ઉત્પાદન કરી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ખાણ–ખનિજની છેલ્લી વાત કરી લઉં. માનનીય મંત્રીશ્રી બેઠાં છે. ભરુચ જિલ્લાના નર્મદા નદીના કાંઠા છે. તેમાં કબીરવડનો મોટો ટાપુ છે ત્યાં રેતી વધુ જમા થઇ જતી હોય, બીજી જગ્યાએ ભલે રેતી ખનનના પ્રશ્નો હોય પણ ભરૂચ જિલ્લા માટે રેતી એ મોટી સમસ્યા છે. અમારા જિલ્લાની સારામાં સારી જમીનો ધોવાણ થતી જાય છે. એ રેતી નહીં નીકળવાના કારણે આજે મહામૂલી જમીનનું ધોવાણ થાય છે. તો મારી આપને આ તબક્કે વિનંતી છે કે નવો કાયદો આવ્યો છે તે ઇ.સી.નું સર્ટિફિકેટ, Environment Clearance સર્ટિફિકેટ લેવાનું છે તેની પ્રક્રિયા થોડી વહેલી થાય. અમારા જિલ્લામાં રેતીની વધુ લીઝ અપાય છે તે સરળતાથી અપાય, ધોરણો સારા કરીને અપાય જેથી કરીને રેતી નીકળીને ત્યાં મૂળ નદી પોતાના સ્થાન ઉપર રહે તો આવો એક પોઝીટીવ વિચાર જો સરકાર કરશે તો ત્યાં ઘણો મોટો ફાયદો થશે. તો હું આ માગણીને સમર્થન આપું છું. આભાર.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીને કમરની તકલીફ હોવાથી તેમને બેઠા બેઠા બોલવાની પરવાનગી આપવામાં આવે છે.

## તા. ૧૪મી માર્ચ, ૨૦૧૬

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

શ્રી જવાહરભાઇ પે. ચાવડા(માણાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે સભાગૃહમાં અને વિશેષમાં મુખ્યમંત્રીશ્રીને એક માના દર્દ અને વ્યથાની વાત કરવી છે. એક સ્ત્રી હોવાને નાતે એ વાત સારી રીતે સમજી શકશે એવી આશા મને છે. વિશ્વની મોટાભાગની સભ્યતાઓનો વિકાસ નદીના કાંઠે અને નદીના કારણે થયેલો છે. આપણા હિન્દુસ્તાનમાં નદીને માનો દરજ્જો આપવામાં આવ્યો છે. ગંગા મૈયા, જમના મૈયા, સરસ્વતી મૈયા, નર્મદા મૈયા, ભાદર મૈયા અને ઓઝત મૈયા. નદીને જન્મદાતા કહેવાય છે, નદીને પાલનહાર કહેવાય છે. નદીમાં વહેતું પાણી ધરતીપુત્રોને ઘણું ઉપયોગી થાય છે અને નદી જ્યારે સૂકાઇ જાય ત્યારે રેતીની અંદર એના પેટાળમાં વહેણ નીકળે છે તેનાથી ખેડૂતને જીવન મળી જાય છે. મારા વિસ્તારમાં ભાદર, લોલ, ઉબેણ, સાબલી, ઓઝત આ પાંચ નદી નીકળે છે. જેમાંથી આજે હું ઓઝત નદીની વાત કરું છું. પણ આ વાત બધી નદીઓને લાગુ પડે છે. જૂનાગઢ જિલ્લામાં નવ તાલુકા આવેલા છે. આ નવમાંથી સાત તાલુકામાં ઓઝત નદી પસાર થાય છે. ઓઝત નદીમાં અમુક જગ્યાએ ૫૦ ફૂટનો રેતીનો થર આવેલ છે. આ ઓઝત નદીમાં વિસાવદરમાં ખંભાળીયા ગામથી વંથલી તાલુકાના ટીકર ગામ સુધી રેતી ન કાઢવી તેવો અભિપ્રાય ઈરીગેશન ડિપાર્ટમેન્ટ સ્ટેટે આપેલો છે. આ ડિપાર્ટમેન્ટે વારંવાર મામલતદાર, કલેક્ટર અને ખાણ ખનિજ વિભાગને તે કહે છે કે આમાંથી રેતી કાઢવી જોઇએ નહીં. એના પત્રનો એક ભાગ હું વાંચું છું. કોઈપણ પ્રકારનો અભિપ્રાય મેળવ્યા વગર અપાયેલ લીઝ અનઅધિકૃત છે. અપાયેલ લીઝ રદ કરવા માટે અત્રેથી બિનજરૂરી પત્ર વ્યવહારમાં ઉતરવાની અમને ફરજ પડે છે. ઓઝત નદીનો બેઝીન મેપ આ સાથે સામેલ છે. તે જોતાં વિસાવદર તાલુકાના ખંભાળીયાથી શરૂ કરીને વંથલી તાલુકાના ટીકર ગામ સુધી ૪૫ કિ.મી. લંબાઇની ઓઝત નદીમાં મોટા ભાગની લંબાઇમાં જળ સંગ્રહ થતો હોઇ તે વિસ્તારમાં કોઇ લીઝધારક રેતી કે પથ્થરની લીઝ માટે માગણી કરે તો કોઇપણ સંજોગોમાં લીઝ પરમિટ આપી ન શકાય. આવો સ્પષ્ટ અભિપ્રાય આપ્યા પછી પણ, મનાઇ હોવા છતાંપણ વંથલી મામલતદાર, કલેક્ટર જૂનાગઢ અને ખાણ ખનિજ ખાતુ. આ બે અભિપ્રાય ઘોળીને પી ગયા છે. તે ફાઇલ પોઝિટીવ કરીને લીઝ આપી દે છે. જેને આપણે રક્ષણનું કામ સોંપ્યું હતું તે જ ભક્ષક બન્યા. જેને પગી બનાવ્યો હતો તે જ ચોરી કરવા નીકળ્યો. મારા જેવા માણસો જ્યારે આ વસ્તુ રોકવા નીકળે છે ત્યારે મામલતદાર અમારી ઉપર ખોટા કેસ કરે છે. આ બધી વાતો કાયદેસર લીઝની હતી. જે ફક્ત દસ ટકામાં આવે છે. આ દસ ટકાની મંજૂરી હેઠળ નેવું ટકા જગ્યાએ ગેરકાયદેસર લીઝનું ખનન થાય છે. આ માફિયાઓ દ્વારા વંથલી એક તાલુકામાંથી ૧૦૦૦ જેટલા ટ્રેક્ટર પર ડે અને ૩૦૦ જેટલા ડમ્પર રોજ સરકારના ચાર ડિપાર્ટમેન્ટની મીઠી નજર નીચે નીકળે છે. રેવન્યૂ, પોલીસ, આર.ટી.ઓ. અને ખાણ ખનિજ ખાતુ. આમ તો ખાતુ શબ્દ પ્રયોગ વાજબી છે. કારણ કે *(×××). આ ખાતાઓને કારણે પ્રાઇવેટ સરકારી મીટર ચાલુ થઇ ગયા છે.

ઉપાધ્યક્ષશ્રી : આપના એ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : ભલે, આપણા ખાતા કહેવાય નહીં. ચાલો એમ કહીએ. આ બધા પ્રાઇવેટ ટ્રેક્ટરોના કારણે એક ટ્રેક્ટર જે ૨૫૦ માં મળતું હતું તે આજે ૨૫૦૦ રૂપિયામાં મળવા લાગ્યું છે. આ તમામ રેતીના માફિયા અસામાજિક તત્વો છે. મને એક ભાઇએ સલાહ આપી હતી કે જવાહરભાઇ, આ રેતીની ચોરી અટકાવવી એ સરકારનું કામ છે તમે શા માટે માથાકૂટ કરો છો? મેં જવાબ આપ્યો હતો કે આપણે હિન્દુ સંસ્કૃતિ અને ધર્મ પ્રમાણે નદીને મા કહીએ છીએ. સરકાર એની ફરજ ચૂકી જાય પણ હું મારો ધર્મ બજાવી રહ્યો છું. આપણી સંસ્કૃતિ પ્રમાણે બાપની મિલકતના ભાગ પડે પણ મા ની મમતા, વાત્સલ્ય કે ધનના ભાગ પડી શકતા નથી. તેના ઉપર નજર નાખવી પણ ગુનો બને છે. દુઃખની વાત તો એ છે કે સરકાર પોતે જ નિયમો તોડીને લીઝો આપે છે. ગેરકાયદેસર ખનન પ્રવૃત્તિ ચાલવા દે અને તેમાં પણ પાછા પાર્ટનરશીપ કરે. તેનું ધ્યાન રાખવાના બદલે ધંધો કરવો શું તે જ આપણી સંસ્કૃતિ છે? રેતી એ તો નદીની ઓઢણી છે અને આ ચીર હરણ કરનારા દુશાસનને રોકવો પડશે અને તેનું ખનન નહીં પણ રક્ષણ કરવું પડશે. નદીના ગર્ભમાં રહેલી રેતી બેટી બચાવોની જેમ રેતી બચાવો અભિયાન સરકાર શરૂ કરે તેવી મારી પ્રાર્થના છે. હું મારો ધર્મ નિભાવવાનો છું પણ સરકાર પણ પોતાનો ધર્મ નિભાવે તેવી પ્રાર્થના કરું છું. આભાર.

### અધ્યક્ષશ્રીનો નિર્ણય

### અંદાજપત્ર પરની ચર્ચાના પહેલા દિવસે મંત્રીશ્રી દ્વારા ચર્ચામાં ભાગ લેવા બાબત

ઉપાધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે. તા. ૩-૩-૨૦૧૬ના રોજ પોઇન્ટ ઓફ ઓર્ડર અંગેનો એક નિર્ણય આપવાનો છે. તા. ૩જી માર્ચ ૨૦૧૬ના રોજ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના પહેલાં દિવસે માનનીય મંત્રીશ્રી ચર્ચામાં ભાગ લે તે બાબતે પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરીને માનનીય સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, માનનીય મંત્રીશ્રી અંદાજપત્રની સામાન્ય ચર્ચાના પ્રથમ દિવસે ભાગ લઇ શકે નહીં. આ બાબતે તેમણે વિધાનસભા દ્વારા પ્રકાશિત થયેલ પુસ્તક 'જાહેર ખર્ચ પર વિધાનસભાનો અંકુશ' ના પાના નં. ૨૮ નો સંદર્ભ ટાંકી તા. ૨૪મી ફેબ્રુઆરી ૧૯૯૩ના રોજ માનનીય અધ્યક્ષશ્રીએ આપેલ નિર્ણય તરફ ધ્યાન દોરી જણાવ્યું હતું કે, અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના પહેલાં દિવસે મંત્રીશ્રી ભાગ ન લઇ શકે તેવી પરંપરા જાળવવા માટે માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું હતું. આ બાબતે તત્સમયે મેં માનનીય સભ્યશ્રીએ ટાંકેલ સંદર્ભ તેમજ પુરોગામી અધ્યક્ષના નિર્ણયનો અભ્યાસ કરી નિર્ણય આવનારા દિવસોમાં આપીશ તેમ જણાવ્યું હતું.

ઉક્ત બાબતે મારા પૂર્વ અધ્યક્ષશ્રીઓએ આપેલ નિર્ણયો તથા સભ્યશ્રીએ ઉલ્લેખ કરેલ પુસ્તકનો મેં અભ્યાસ કર્યો છે. મારા પુરોગામી અધ્યક્ષશ્રીએ તા. ૨૪-૨-૧૯૯૩ના રોજ આપેલ નિર્ણય અનુસાર અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા કે આભાર પ્રસ્તાવ પરની ચર્ચાના પ્રથમ દિવસે મંત્રીશ્રી ચર્ચામાં ભાગ લે તો તેનાથી કોઇ નિયમનું ઉલંઘન થતું નથી પરંતુ થોડીક વ્યાપક ચર્ચા

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

થયા બાદ મંત્રીશ્રી ચર્ચામાં ભાગ લે તો તે પ્રણાલિકા મુજબ વધારે સારું રહેશે. ૧૯૯૨ પહેલાં, પહેલા દિવસે ક્યારેય કોઇ મંત્રીશ્રી સભ્ય તરીકે ચર્ચામાં દરમિયાનગીરી કરતા ન હતા. પરંતુ બીજા કે ત્રીજા દિવસે સામાન્ય રીતે ચર્ચામાં ભાગ લેતા હોય છે તેવું જોવામાં આવેલ છે. મારા પુરોગામી અધ્યક્ષે તા. ૨૪મી ફેબ્રુઆરી ૧૯૯૩ના દિવસે આપેલ નિર્ણય બાદ પરિસ્થિતિ જોતાં માનનીય મંત્રીશ્રીઓ સભ્ય તરીકે અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા અને આભાર પ્રસ્તાવ પરની ચર્ચા વખતે પ્રથમ દિવસે ચર્ચામાં ભાગ લે છે તેનો અત્યાર સુધી કોઇના પણ દ્વારા વિરોધ કરવામાં આવેલ નથી. ૧૯૯૩ના પછીના વિધાનસભાના રેકોર્ડનો અભ્યાસ કરતાં જણાયું છે કે, ૧૯૯૩, ૧૯૯૪ અને ૧૯૯૫માં પણ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના પ્રથમ દિવસે મંત્રીશ્રીએ ભાગ લીધો હતો. આથી હવે તે પ્રણાલિકા બની ગયેલ છે કે, અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા અને રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ પરની ચર્ચાના પ્રથમ દિવસે કોઇ મંત્રીશ્રી ચર્ચામાં ભાગા લે તેનાથી કોઇ નિયમોનો ભંગ થતો નથી તેમજ સને ૧૯૯૨ પછી પ્રસ્થાપિત થયેલ પ્રેક્ટિસ અનુસાર ચર્ચામાં પ્રથમ દિવસે ભાગ લેવાની પરંપરા પ્રસ્થાપિત થયેલ હોવાથી હું માનનીય સભ્યશ્રીના પોઇન્ટ ઓફ ઓર્ડરનો અસ્વીકાર કરું છું. નેકસ્ટ.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) (ક્રમશઃ)

શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મુખ્યંત્રીશ્રીમતી આનંદીબેનના માર્ગદર્શન હેઠળ માનનીય નાણા મંત્રીશ્રી સૌરભભાઇ જે પ્રજાલક્ષી અને વિકાસને લગતું બજેટ લઇને આવ્યા છે, એમને અભિનંદન આપું છું અને બિરદાવું છું. સન્માનનીય સભાગૃહને જણાવતાં આનંદ થાય છે કે, ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર બંનેએ ખેડૂતો, યુવાનો અને ગરીબો માટે એક સુંદર બજેટ રજૂ કર્યું છે અને સમગ્ર દેશમાં એક સુંદર વાતાવરણ પેદા થયું છે. હું ખાણ ખનિજ ખાતાની માગણી નંબર–૫૦ ઉપર મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂસ્તર વિભાગ અને ખનિજ વિભાગ માટે કુલ ૧૦૪ કરોડ, ૮૯ લાખની જોગવાઇ કરવામાં આવી છે અને ગુજરાત સરકાર જે ટ્રાન્સપરન્ટ વ્યવહાર માટે જાણીતી છે એના માટે ઇ–ટ્રાન્સપોર્ટ અને ખનિજની હેરફેરીની ગેરરીતિ અટકાવવા માટે કચ્છ, ઉદેપુર અને દેવભૂમિ દ્વારકામાં ચેક પોસ્ટો ઉભી કરવા માટે ૧૦ કરોડની જોગવાઇ કરી છે. સરકાર કોઇ પણ જાતની ખનિજ ચોરી અટકાવવા માટે કટિબદ્ધ છે, જે ઉત્તમ પહેલ છે. મુખ્ય ખનીજોની લીઝ હરાજીથી ઇ–ઓકશનથી હાથ ધરવા માટે જીઓલોજીકલ સરવે કરવામાં આવશે અને જીઓલોજીકલ સરવેના હિસાબે આપણને ખનિજ ક્યાં અને કેટલા પ્રમાણમાં છે, એ સરવે માટે ૧૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર સાદી રેતી માટે સમગ્ર દેશમાં સૌ પ્રથમવાર ઇ–ઓકશનથી ૨૭૯ બ્લોકો જાહેર હરાજીથી ફાળવ્યા છે. ભારતના ઇતિહાસમાં એ પહેલી ફાળવણી છે, જ્યારે રેતી માટેના બ્લોક જાહેર ઇ–હરાજીથી ફાળવ્યા છે. રાજ્યમાં ખનિજ સભર વિસ્તારો ઉપલબ્ધ બને એ હેતુ સર સરકાર નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવા માટે કટિબદ્ધ છે અને એ માટે ગત વર્ષ દરમિયાન ૯,૯૨૦ ચોરસ કિલો મીટરમાં શારકામ કામ હાથ ધરવામાં આવ્યું હતું અને સરકાર સુનિશ્ચત યોજના સાથે ખનિજ ઉદ્યોગના વિકાસ માટે હરણફાળ ભરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે અનેક વખત ચર્ચા કરીએ છીએ કે, ખેડૂતોની સારી જમીનોને નુકસાન થઇ રહ્યું છે. જે રીતે અમારા પૂર્વ અને ઘણા બધા ધારાસભ્યશ્રીઓએ આ અંગે પોતાના વિચારો પણ વ્યક્ત કર્યા હતા કે, ખાણ ખોદાઇ જાય પછી જમીનમાં જે મોટા ખાડાઓ હોય છે એમાં પાણી ભરાય અથવા તો માનવ જાત અથવા પશુઓને પણ અનેકગણી મુસીબતો વેઠવી પડે છે. દુનિયાના અનેક ભાગોમાં આવી ખોદાણ થયેલી ખાણોને નવપલ્લવીત કરવા માટે એમાં વૃક્ષોનું રોપણ કરવામાં આવે અથવા તો એનો સુનિશ્ચિત ઉપયોગ કરવામાં આવે છે. આપણા વન અને પર્યાવરણ મંત્રીશ્રી મંગુભાઇ પટેલ પણ અહીંયા હાજર છે ત્યારે આ બધી જે ખાણો છે એનો ઉપયોગ, આપણા સભાગૃહમાં નાશવંત કચરો અને બિન–નાશવંત કચરા માટે પણ એક સંકલ્પ રજૂ કર્યો હતો, આ બધી ખાણોને જો આપણે આવા કચરામાં પૂરેપૂરા લાયનર બનાવીને જો ઉપયોગ કરીએ તો સમગ્ર ગુજરાતની અનેક એકર ખેતીની જમીન બચી શકે એમ છે. આપણા સભાગૃહના સર્વે ભાઇઓ આ બાબતમાં મારી સાથે સંમત થશે. ગુજરાત રાજયના પેટાળમાંથી મળી આવતી ખનીજોના વિકાસ માટે રાજ્ય સરકારને રોયલ્ટીની આવક મળી રહે એ જોવાનું કામ રાજયનો ખનિજ વિભાગ કરે છે. છેક રાજયની સ્થાપના થઇ ત્યારથી ભૂસ્તરશાસ્ત્રીઓ દ્વારા કુદરતના પેટાળમાં લાઇમ સ્ટોન, લિગ્નાઇટ, બોકસાઇટ, ગ્રેનાઇટ જેવી અનેક કિંમતી ખનીજો આવેલી છે તેના પરિણામે રાજયમાં અનેકવિધ ખનિજ આધારિત ઉદ્યોગો વિકસ્યા છે. ઉદ્યોગોના કારણે રાજયમાં રોજગારીની વિપુલ તકો ઉભી થઇ છે અને ખાણ ખનિજ આપણને અનેક રીતે આપણા રોજબરોજના કાર્યમાં ઉપયોગી છે. સૌરાષ્ટ્રમાં, કચ્છમાં લાઇમ સ્ટોન આધારિત સિમેન્ટ પ્લાન્ટો ઉભા થયા છે અને રાજયમાં અંદાજે ૭૦૦૦થી વધારે લિઝો આપવામાં આવી છે તેના માધ્યમથી સરકારને ૮૫૦ કરોડ જેટલી માતબર આવક મળી રહે છે. ગુજરાત સરકાર સ્વચ્છ અને ટ્રાન્સપરન્ટ વહીવટ તેમજ લોકોની હાડમારી ઘટાડવા માટે જાણીતી છે. સૌરભભાઇ પટેલ અને એમના પૂરા ડિપાર્ટમેન્ટે જે ઇગવર્નન્સ દ્વારા લિઝ અરજી કરવાથી માંડીને લિઝના ચલણ ભરવાથી માંડીને રોયલ્ટી પાસ લેવાથી માંડીને જે રીતે એન્યુઅલ રીટર્ન ભરવા માટે પણ ઇગવર્નન્સનો ઉપયોગ કર્યો છે લિઝ ધારકો તેમજ અનેક કોન્ટ્રાકટરોને આના લીધે હાડમારી ઘટી છે અને સમયનો જે બચાવ થયો છે એના લીધે ગુજરાતના વિકાસમાં અનેકગણો વેગ આવ્યો છે. હું ખાણ ખનિજ વિભાગની માગણીને મારું સમર્થન આપું છું અને મારી વાત પૂરી કરું છું.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી એમના વિભાગની ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. મારી વાતની શરૂઆત કરતા

પહેલા તાજેતરમાં ભારત સરકારના બજેટમાં સુવર્ણકારો ઉપર સેન્ટ્રલ એકસાઇઝ ડયૂટી નાખવાને કારણે રાજયમાં અને સમગ્ર દેશના તમામ રાજયની અંદર સુવર્ણકારોએ બે દિવસનો બંધ પાળ્યો અને આ ઉદ્યોગની સાથે જે નાના કારીગરો સંકળાયેલા છે એ કારીગરો આજે છેલ્લા બારબાર, તેરતેર દિવસથી ધંધા રોજગાર વિનાના છે ત્યારે રાજય સરકારને હું વિનંતી કરું છું કે ભારત સરકારના નાણા મંત્રીશ્રીને અને પ્રાઇમ મિનિસ્ટરને સરકાર દ્વારા રજૂઆત કરવામાં આવે અને સુવર્ણકારોને વહેલામાં વહેલી તકે સરકાર બોલાવે, એની સાથે વાર્તાલાપ કરે અને એનો સુખદ અંત આવે એવી ગુજરાતના સુવર્ણકારો વતી હું રાજય સરકારને વિનંતી કરું છું.

આ ગૃહની અંદર કે.જી. બેઝીન ગેસ મેળવવા વિશે બહુ ચર્ચા કરવામાં આવી છે ત્યારે રાજય સરકારને મારે પૂછવું છે કે જયારથી આ ગેસ મેળવવા માટે રાજય સરકારે શરૂઆત કરી છે ત્યારથી લઇને આજ સુધી રાજય સરકારે ૧૩૬૨૦.૩૪ કરોડ જેટલી માતબર રકમનો ખર્ચ કર્યો છતાં પણ આજની તારીખે એક પણ રૂપિયાનો ગેસ મળ્યો નથી. સરકાર આટલી બધી મોટી રકમનો ખર્ચ કરે અને એનું વળતર ન મળે? આ કોના ખર્ચે? અંતે તો છ કરોડ ગુજરાતીના પરસેવાની કમાણી છે અને આ પ્રકારે રાજય સરકારને ખર્ચ કરવાનો કોઇ અધિકાર મળતો નથી એમ હું સ્પષ્ટપણે કહેવા માગું છું. આ ગૃહમાં ટાટા નેનોને જમીન આપવાની કાયમ માટે ચર્ચા કરવામાં આવે છે. સરકારે ટાટા મોટર્સને ૦.૧ ટકાના મામૂલી વ્યાજદરે ૨૦૧૪-૧૫ સુધીમાં ૪૮૦ કરોડ કરતા વધુ રકમની લોન આપી છે. રાજય સરકારે ટાટા મોટર્સ સાથે જયારે એગ્રીમેન્ટ કર્યો કે ઠરાવ કર્યો ત્યારે ઉદ્યોગને પ્રોત્સાહન આપવાના હેતુથી સરકારના તા. ૧-૧-૨૦૦૯ના ઠરાવની શરતો અનુસાર ટાટા મોટર્સ લિમિટેડને પ્રથમ ફેઝમાં દર વર્ષે અંદાજે ૫૦૦૦૦ થી સાડા ત્રણ લાખની નેનો કારનું ઉત્પાદન કરવાનું રહેશે. આ ઠરાવની અંદર સ્પષ્ટપણે જોગવાઇ હોવા છતાં ૨૩-૨-૨૦૧૬ના તારાંકિત પ્રશ્નની અંદર જે પ્રશ્ન તેજશ્રીબેને પૂછ્યો ત્યારે કહેવામાં આવ્યું કે આવી કોઇપણ પ્રકારની શરતો આપવામાં આવી નથી. મારી પાસે ઠરાવની નકલ છે. એ ઠરાવની નકલની અંદર લખ્યું છે કે આ લોન નીચેની શરતોએ ટી.એમ.એલ.ને મંજૂર કરવામાં આવે. જેમાંની તમામ શરતો આખરી અને ટી.એમ.એલ.ને બંધનકર્તા રહેશે. જેમાં ૨,૫૦,૦૦૦ થી લઇને ૩ લાખ સુધીનું વાર્ષિક ઉત્પાદન કરવાનું રહેશે. સરકારે જવાબ આપ્યો ૨૦૧૪ ના વર્ષમાં ૧૮,૯૫૬ નેનો કારનું ઉત્પાદન થયું. ૨૦૧૫ ના વર્ષમાં ૨૩,૬૦૫ નું ઉત્પાદન થયું. કુલ ૪૨,૫૬૧ નેનો કારનું ઉત્પાદન થયું. આટલી તમે ૦.૧ ટકાથી લોન આપી. તમારા ઠરાવમાં જોગવાઇ છે કે આટલું ઉત્પાદન કરવાનું રહેશે. એ શરતે લોન આપી છે, છતા ઉત્પાદન કંપનીએ કર્યું નથી અને આજની તારીખે મારી પાસે વિગતો છે, એ પ્રમાણે ટાટા મોટર્સે ગુજરાતના ૭૦૦ કર્મચારીઓને છૂટા કરી દીધા છે અને બહારના લોકોને રાખ્યા છે. તો સરકાર કોને મદદ કરવા માગે છે? સરકાર પાસે સ્પષ્ટતા માગું છું. આ કારનું ઉત્પાદન કરવાનું હતું અને જે કર્મચારીઓને છૂટા કરવામાં આવ્યા છે તેના માટે સરકાર શું કહેવા માગે છે? તે કહેશે તો ગમશે. ઊર્જા વિભાગમાં રાજ્યના મોટા ઉદ્યોગકારોને આ સરકાર ઉદ્યોગોને વધારેમાં વધારે સારી રીતે મદદ થાય એ પ્રકારની પોલિસી, એ પ્રકારની નીતિઓ કરે, પછી પ્રવાસનની પોલિસી હોય, ઉદ્યોગ નીતિ હોય, અન્ય રાજ્ય સરકારની નીતિ હોય, રાજ્ય સરકાર તમામ વિભાગોની નીતિઓ કરે, એ નીતિઓનું પાલન કરવાની નિયત ક્યાં? નીતિ અને નિયતમાં ઘણો બધો તફાવત છે. આ સરકાર નીતિઓ બનાવે, પણ એને લાગુ કરવા માટે સરકારની નિયત ચોખ્ખી હોવી જોઇએ. તે માટેની સરકારની નિયત સંપૂર્ણપણે સાફ નથી એમ કહું તો પણ ખોટું નથી. ઉદ્યોગોને વીજ શુલ્કમાં માફી આપવામાં આવે છે. ઉદ્યોગોને વીજ શુલ્કમાં માફી આપતા હોય તો ગુજરાતની ૬ કરોડની આમ જનતાને વીજ શુલ્કમાં શા માટે માફી નથી આપતા? સરકારને એ પૂછવા માગું છું. ૪૦૦ અલ્ટ્રા મેગા પાવર પ્લાન્ટ સૌરાષ્ટ્રમાં ગીરસોમનાથ જિલ્લામાં ઉના તાલુકાના ચીખલી ગામે સ્થાપવા માટે રાજ્ય સરકાર કાર્યવાહી કરે છે. ત્યારે રાજ્ય સરકારને પૂછવા માગું છું કે આ ૪૦૦નો અલ્ટ્રા મેગા પાવર પ્લાન્ટની આજે શું કાર્યવાહી છે? કયા સ્ટેજે છે? કેટલા સમયમાં આગળ વધવા માગો છો? કેટલા સમયમાં વહીવટી કાર્યવાહી પૂર્ણ થશે? કયારે કામ શરૂ કરવામાં આવશે? રાજ્ય સરકાર પાસે સ્પષ્ટતા માગું છું. વીજ પાવર ચોરી અને એમાં જે પ્રકારે રાજ્ય સરકાર પાવર ચોરી માટે ગામડાંની અંદર ૧૦-૧૦, ૧૫-૧૫, ૨૦-૨૦ ગાડીઓ એક સાથે મોકલે છે. સપ્ટેમ્બર-૨૦૧૫ માં લાગુ પડેલ નવા સપ્લાય કોડ મુજબ બિન ગ્રાહકના વીજ ચોરીના બિલની અંદર રાજ્ય સરકારે ૪૦૦ થી ૫૦૦ ટકાનો વધારો કર્યો છે. પહેલાં ૨૦૦૦ પાવર ચોરીનું બિલ આવતું હતું અને એની સામે ૧૦,૦૦૦ આવે છે. ગ્રાહક કોઇપણ સંજોગોમાં આ પાવર ચોરીનું બિલ ભરી શકવાનો નથી. રાજ્ય સરકાર ગંભીરતાપૂર્વક વિચારે. એ બિલ ન ભરી શકે તો ભવિષ્યમાં વીજ કનેકશન મળવાનું નથી. આ માટે રાજ્ય સરકાર ગંભીરતાપૂર્વક વિચારે એવી મંત્રીશ્રીને આપના મારફતે વિનંતી કરું છું. બે ભાઇઓ હોય અને એક સરવે નંબર હોય અને ભાઇઓ ભાગની જમીનનો ભાગ પડે અને એક કૂવો હોય અને બીજા ભાઇને જમીન આવે. બીજો ભાઇ અલગ થયા પછી વીજ કનેકશન માગે તો પહેલાં આપવામાં આવતું હતું. અને અત્યારે બંધ કરવામાં આવેલ છે. બંધ કરવાના કારણે બીજો ભાઇ વીજ કનેકશન મેળવી શકતો નથી. એક કૂવાની અંદર એક વીજ કનેકશન એક ભાઇ ધરાવતો હોય અને બીજો ભાઇ અલગ થાય અને જમીનનો ભાગ પડે તો વીજ કનેકશન માગે તો તેને વીજ કનેકશન આપવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, પર્યાવરણની જાળવણી અને ગુજરાતમાં થતી બેફામ ખનિજ ચોરીને અટકાવવા માટે રાજય સરકારની ઇચ્છાશક્તિ હોય તેવું દેખાતું નથી. મારા ગીર સોમનાથ જિલ્લામાં માઇનીંગ લીઝ ૮૫ અને કવોરી લીઝ ૨૫૩ મળી કુલ ૩૩૯ લીઝો આવેલી છે. તેમાં અંબુજા કંપની, જીએસઇસીએલ, સિદ્ધિ જેવી કંપનીઓ છે. આમાં બેફામ વિના રોકટોક ચોરી થાય છતાં રાજય સરકાર દ્વારા પગલાં લેવામાં ન આવે તે ગંભીર બાબત છે. તેનાથી આગળ વધીને ગૃહમાં એક ગંભીર વાતનું ધ્યાન દોરવા માગુ છું કે, સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકાના અરવાલ ગામના સરવે નંબરની અંદર ખેડૂતે લીઝની માગણી કરી નથી, પોતે માગણી નહીં કરવા છતાં તેના નામની લીઝ મંજૂર થઇ ગઇ, તે મંજૂર થઇ ગયા પછી ગાંધીનગર ફલાઇંગ સ્કવોર્ડમાંથી ટીમ તપાસ કરવા માટે ગઇ. તપાસ કર્યા પછી ચોરીનું ૩૯ લાખ રૂપિયાનું બિલ આપવામાં આવ્યું. તેના ઘરે ખનિજ ચોરીની નોટીસ ગઇ ત્યારે

ખબર પડી કે મારા નામે લીઝ અપાઇ ગઇ છે. હકીકતમાં તેણે માગણી કરી જ નથી. માગણી નથી કરી એટલે અરજદાર કોર્ટમાં ગયા, કોર્ટે ડી.વાય.એસ.પી. કક્ષાની તપાસ નીમી. ડી.વાય.એસ.પી.એ. રિપોર્ટ કર્યો કે આ ખોટું રેકર્ડ ઉભું થયું છે અને ખોટા દસ્તાવેજો તૈયાર થયા છે અને લીઝ આપવામાં આવી છે. જે અધિકારીએ આવા ખોટા દસ્તાવેજો કરી લીઝ આપવામાં આવી છે તેની સામે પગલાં લેવામાં આવે. રાજય સરકારે તેની સામે પગલાં લેવાને બદલે, સ્વર્ણિમ સંકુલ-૧માં આ અધિકારી આખા ગુજરાતના ખાણ ખનિજનો વહીવટ કરે છે. આનાથી સરકાર પાસે શું અપેક્ષા રાખવી. સંપૂર્ણ ખોટા રેકર્ડ ઉભા થાય, ખોટા દસ્તાવેજ ઉભા થાય અને ખોટા દસ્તાવેજથી લીઝ મંજૂર થાય.

શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ૨૦૧૬-૧૭ના વર્ષના અનુદાનની માગણી નં.૪૯ લઇને આ ગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે તેને હું આવકારું છું અને મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના લોકલાડીલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને હું અભિનંદન પાઠવું છું . તેમના નેતૃત્વમાં ગુજરાતમાં રાજકીય સ્થિરતા તથા સુશાસને અનુકૂળ બિઝનેશ માટેનું વાતાવરણ ઉભું કર્યુ છે અને ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ રાજય બન્યું છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીને હું લાખ લાખ અભિનંદન પાઠવું છું. ગુજરાત રાજયમાં સમતુલિત ઔદ્યોગિક વિકાસના હેતુથી રાજય સરકારે તારીખ ૧-૧-૨૦૧૫થી અમલમાં આવે તે રીતે નવી ઔદ્યોગિક નીતિની જાહેરાત કરી છે. તે નીતિ અંતર્ગત રાજય સરકારે માઇક્રો, સ્મોલ્સ અને મીડિયમ ઉદ્યોગો માટે પર્યાવરણ, વાતાવરણ, ઔદ્યોગિક ઇન્ફ્રાસ્ટ્રકચર, પ્લાસ્ટિક ઇન્ડસ્ટ્રીઝ, ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રીઝ, એગ્રીકલ્ચર ઇન્ડસ્ટ્રીઝ આ બધા ઉદ્યોગોમાં વધુ રોજગારી પૂરી પાડવા માટે ઉદ્યોગકારોને અનુકૂળ વાતાવરણ અને તાલીમ ઉપલબ્ધ થઇ શકે તેવી સાનુકૂળતા અને વિવિધ યોજનાઓ આ ભારતીય જનતા પાર્ટીએ ઘડી કાઢી છે ત્યારે મને ગર્વ થાય છે કે હું આ પાર્ટીનો એક સભ્ય છું. તેવી જ રીતે કેપીટલ ઇન્વેસ્ટમેન્ટ માટે વ્યાજની સબસિડી, કોઇપણ ઉદ્યોગકારને નવો ઉદ્યોગ નાખવો હોય તેના માટે આ રાજય સરકાર એક સબસિડી આપતી હોય છે. કેપીટલ ઇન્વેસ્ટમેન્ટમાં વાજબી સબસિડી આપતી હોય છે, નવા ઉદ્યોગકારોને કેપીટલ વ્યાજ સહાય પણ આપવામાં આવે છે. કોઇને પેટર્ન રજીસ્ટર કરાવવી હોય ત્યારે, દેશ વિદેશમાં પોતાના ઇન્ડસ્ટ્રીઝનો ગ્રોથ કરવો હોય અને જયારે ફોરેનની કંપનીઓ માલ માગતી હોય ત્યારે આઇએસઓ ૯૦૦૦ અથવા આઇ.એસ.આઇ. સર્ટિફીકેટ માગતી હોય ત્યારે આવા સર્ટિફીકેટ મેળવવા માટે ખૂબ ખર્ચ થાય છે. ત્યારે આવા ઉદ્યોગકારોને પ્રોત્સાહન આપવા માટે રાજય સરકાર આર્થિક સહાય પૂરી પાડે છે. નાના ઉદ્યોગોના સમતુલિત વિકાસ માટે કેપીટલ સબસિડી આપવાનો નવતર અભિગમ આ રાજય સરકારે કર્યો છે ત્યારે ઉદ્યોગમંત્રીને લાખ લાખ અભિનંદન પાઠવું છું. ઔદ્યોગિક વિસ્તારમાં વસાહતો તથા આંતરમાળખાકીય સુવિદ્યાઓ માટે ૨૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ઔદ્યોગિક પાર્ક માટે ૨૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. એપરલ પાર્ક માટે ૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મલ્ટીલેવલ શેડ માટે ૧૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે ૫૯૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મારે વિપક્ષના મિત્રોને કહેવું છે કે છેવાડાના માનવીની ચિંતા કરતી આ ભારતીય જનતા પાર્ટીની સરકાર, માનનીય મુખ્યમંત્રી આનંદીબેનના નેજા હેઠળ ચાલતી સરકાર મીઠા ઉદ્યોગ માટે, અગરીયાઓ માટે અને તેમના કલ્યાણ માટે રૂપિયા ૩૮૩૦ કરોડની જોગવાઇ આ સરકાર કરી રહી છે. ટેકસટાઇલ્સ પોલીસીના સુધારા માટે, મને આનંદ થાય છે કે, હું પણ ટેક્સટાઇલ્સ ઇન્ડસ્ટ્રીઝ સાથે સંકળાયેલો છું અને એક ઉદ્યોગકાર છું ત્યારે ૧૫ હજાર કરોડનું મૂડી રોકાણ છેલ્લા વર્ષોમાં આવ્યું છે અને ૫૦૦ કરોડની જોગવાઇ પણ આ સરકારે કરી છે ત્યારે મને આ સરકારને લાખ લાખ અભિનંદન આપવાનું મન થાય છે. ધોલેરા સર પ્રોજેકટ માટે ૧૮૦૬ કરોડની જોગવાઇ કરવામાં આવે છે, ૨૦૧૭માં વાઇબ્રન્ટ ગુજરાત માટે ૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે, સ્ટાર્ટઅપ મિશનની રચના કરવામાં આવી છે સ્ટાર્ટઅપ પોલીસી માટે ૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મારા સાથી વિપક્ષી મિત્રોને પણ કહેવું છે કે, આનાથી ગુજરાત જે રીતે હરણફાળ ભરી રહ્યું છે અને ગતિશીલ ગુજરાત હરણફાળ ભરીને વાઇબ્રન્ટ ગુજરાતના નામે સમગ્ર દેશમાં જે રીતે પ્રખ્યાત છે ત્યારે મારે લાખ લાખ અભિનંનદન આપવા છે તત્કાલીન મુખ્ય મંત્રીશ્રી અને હાલના આપણા વડા પ્રધાનશ્રી નરેન્દ્ર મોદીની દીર્ઘ દ્રષ્ટિથી સમગ્ર દેશમાં ગુજરાતને વાઇબ્રન્ટ ગુજરાતની નામના મળી છે ત્યારે જુલાઇ ૨૦૧૫ સુધીમાં ૫૭ ટકા પ્રોજેકટોનું અમલીકરણ પૂર્ણ થયેલ છે, ૫૮૬૨ પ્રોજેકટો પૂર્ણ થઇ કાર્યરત થયેલ છે. મને જણાવતા આનંદ થાય છે કે, ૨,૫૫,૪૧૪ કરોડનું રોકાણ પૂર્ણ થયેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે વધુમાં કહેવું છે કે, વાઇબ્રન્ટ ગુજરાતના કારણે ૩૭૮૨ પ્રોજેકટમાં ૯,૦૪,૩૧૬ કરોડના પ્રોજેકટ અમલમાં આવ્યા છે ત્યારે મારે સાથી મિત્રોને કહેવું છે કે, આ બધી બાબતો આપ ધ્યાનમાં લો તો ગુજરાત જે વિકાસ કરી રહ્યું છે, ગુજરાત ગતિશીલ ગુજરાત બન્યું છે એનો પ્રજા સુધી બધાને ખ્યાલ આવે છે.

મહાનગરપાલિકામાં ૧૦ ટકાના ધોરણે ૧૫ લાખની સહાય આપવામાં આવે છે, અન્ય વિસ્તારમાં ૧૫ ટકાના ધોરણે ૨૫ લાખની રોકડ સહાય આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. જે મહાનગરપાલિકા વિસ્તારમાં વ્યાજદર સહાય પેટે ૫ લાખ પ્રતિ વર્ષ અને ૨૫ લાખ સહાય આપવામાં આવે છે, અન્ય વિસ્તારોમાં ૭ ટકા વ્યાજ સહાય અને ૩૦ લાખ સહાય આપવામાં આવે છે. મને જણાવતા આનંદ થાય છે સૌ સાથી મિત્રોને કે, આ ભારતીય જનતા પાર્ટીની રાજય સરકારે અને માનનીય મુખ્ય મંત્રીશ્રીના નેજા હેઠળ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિની મહિલાઓ માટે અને જે લોકો શારીરિક ખોડખાપણવાળા હોય અને જે લોકો ૩૫ વર્ષથી ઓછી વયમર્યાદાવાળા ઉમેદવારો હોય એના માટે પણ ચિંતા કરી છે અને જે ઉદ્યોગોને સહાય આપવાની છે એને માટે પણ ખાસ એક ટકા જેવી વ્યાજ સહાય આપવાનું નક્કી કરેલ છે. ગુજરાતની અંદર હમણા સભ્યશ્રી કહેતા હતા એમ ૨૦૦ કરતા પણ વધારે જી.આઇ.ડી.સી. આવેલી છે અને જી.આઇ.ડી.સી.માં ૬૩ હજાર કરતા પણ વધારે ઇન્ડસ્ટ્રીયલ એકમો આવેલા છે અને એ એકમોને પડતી મુશ્કેલીઓ નિવારવા માટે આ રાજયના મુખ્ય મંત્રીશ્રી ઓન લાઇન ડીસ્કર્સન કરી તાત્કાલિક અમલ કરવા માટે

અધિકારીઓને સૂચના આપે છે અને કોઇ પણ ઉદ્યોગકારને પોતાની ઇન્ડસ્ટ્રીઝમાં એને કોઇ પણ જાતની તકલીફ પડે નહીં એના માટેના નીતિ વિષયક નિર્ણય તાત્કાલીક આ રાજય સરકાર લઇ રહી છે ત્યારે મારે લાખ લાખ અભિનંદન આપવા છે. બીજું જે પ્લોટ સહાય આપવામાં આવે છે તેમાં પ્લોટની ઓન લાઇન અરજી સ્વીકારવામાં આવે છે. પહેલા જે કોંગ્રેસના રાજમાં ગેરરીતિ થતી હતી એ ગેરરીતિ ડામવા માટે ઓન લાઇન અરજી મેળવી અને પ્લોટની ફાળવણી કરવામાં આવે છે અને વહીવટી પારદર્શકતા માટે જી.આઇ.ડી.સી. દ્વારા ગુડ ગવર્નન્સ પ્રોજેકટને પણ અમલી બનાવવામાં આવ્યો છે ત્યારે રાજયાં સૌ પ્રથમ વખત મહિલાઓની સતત ચિંતા કરતા એવા માતૃતુલ્ય મુખ્ય મંત્રીશ્રીએ મહિલા સાહસિકો માટે આણંદ ખાતે મહિલા ઔદ્યોગિક પાર્કની સ્થાપના કરી છે, એવી જ રીતે હાલોલ ખાતે અને ભરૂચના જુનેદ ખાતે પણ મહિલા પાર્કની સ્થાપના કરવામાં આવી છે અને મહિલા ઉદ્યોગકારોને કિંમતમાં અંદાજે ૬૦ ટકા કરતા પણ વધારે ઓછા ભાવે પ્લોટ આપવાની જોગવાઇ કરી છે. આ સાથે મારે કહેવું છે કે, લઘુ ઉદ્યોગ માટે આપણા એ વખતના વડા પ્રધાન શ્રી વાજપાયીજીએ એન.ડી.એ.ની સરકાર હતી ત્યારે MSME મંત્રાલયની અલગ સ્થાપના થયાને આજે ૧૫ વર્ષ પૂર્ણ થયા છે. ૧૯૯૮માં શ્રી અટલબિહારી વાજપેયીજીની સરકારે એ વખતે ખૂબ મહત્વનો નિર્ણય લઇ અને સમગ્ર હિન્દુસ્તાનના લઘુ ઉદ્યોગો માટે MSMEW માટેના ખૂબ અસરકારક પગલાં લીધા હતા અને આજે પણ એજ પગલે જયારે ગુજરાત સરકાર ચાલી રહી છે ત્યારે નાના નાના ઉદ્યોગોને MSMEW ઉદ્યોગોને વેગવંતુ બનાવવા માટે જે રીતે કેન્દ્ર સરકારે મંત્રાલય બનાવ્યું અને તે માટેની નીતિઓ બનાવી તેવી જ નીતિઓ અને તેમાં વિશેષ સુધારાઓ કરી આ ગુજરાત સરકાર પણ તેમાં વધારો કરી રહી છે.

ઉપાઘ્યક્ષશ્રી : માનનીય પંચાલ, આપની પાસે બે મિનિટ છે.

જગદીશભાઇ ઇ. પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, MSME ક્ષેત્રો ઉપર રાજય સરકારે વિશેષ ઘ્યાન આપ્યું છે ત્યારે ઉદ્યોગોની કુલ સંખ્યામાં ૯૯ ટકા લઘુ ઉદ્યોગો છે, રજિસ્ટર્ડ માટે MESમાં ૫ લાખ જેટલા છે અને અન રજિસ્ટર્ડ ૧૦ થી ૧૫ લાખ MSE ની સંખ્યા છે અને મને કહેતા આનંદ થાય છે કે, મારી આ રાજય સરકાર દ્વારા બે કરોડ કરતાં પણ વધારે લોકોને રોજગારી પૂરી પાડવામાં સહાયરૂપ થઇ છે ત્યારે આજે હું મારી જાતને ભાગ્યશાળી સમજુ છું અને ભારતીય જનતા પાર્ટીનો આભાર માનુ છું, માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબનો, અમિતભાઇ શાહ સાહેબનો, આનંદીબહેન પટેલનો કે આજે જયારે હું વિશ્વકર્મા સમાજમાંથી આવુ છું ત્યારે સમગ્ર હિન્દુસ્તાનમાં, સમગ્ર ગુજરાતમાં માત્ર એક વિશ્વકર્મા પંચાલ તરીકે મને જયારે ઉમેદવારી કરવાની તક આપી છે ત્યારે માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ જયારે સંસદમાં પ્રથમ વખત પોતાનું પ્રવચન આપતા હતા ત્યારે કહ્યું હતું કે સમગ્ર હિન્દુસ્તાનની અંદર જે પણ કારીગર કોમ છે એ કારીગર કોમની અંદર વિશ્વકર્મા સમાજ વસેલો છે ત્યારે મારા બીજા સાથી એવા કિશોરભાઇ ચૌહાણને પણ લાખ લાખ અભિનંદન આપુ છું કે અમે કારીગર કોમ વિશ્વકર્માના એક by birth engineer હોય છે, એટલે અમારે એન્જીનીયર થવાની જરૂર નથી પડતી ત્યારે માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીનું જે સ્વપ્ન છે તે સ્વપ્ન મેઇક ઇન ઇન્ડિયા આજે હું સમગ્ર વિશ્વકર્મા સમાજ તરફથી એવુ કહું છું કે આ મેઇક ઇન ઇન્ડિયાનું સ્વપ્ન પણ અમે વિશ્વકર્મા પરિવારના સૌ સભ્યો સાથે મળીને પૂરું કરીશું. લઘુ ઉદ્યોગો માટે જે ચૂકવણી કરવામાં આવે છે તે ત્રણ વર્ષની જે લોન હતી તેને પણ વધારીને આ ઉદ્યોગોને વેગવંતા બનાવવા માટે દસ વર્ષની જોગવાઇ કરવામાં આવી છે. આ સાથે મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું અનુમોદન આપું છું. ધન્યવાદ.

ઉપાઘ્યક્ષશ્રી : પૂનમભાઇ આપની પાસે નવ મિનિટ છે તેમાં ત્રણ મિનિટ વિરામ પહેલાં અને છ મિનિટ વિરામ પછી.

શ્રી પૂનમભાઇ મા. પરમાર(સોજિત્રા) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સરકારના ૨૦૧૬-૧૭ના ઉર્જા વિભાગની માગણીઓ ઉપર બોલવા ઉભો થયો છું ત્યારે હું ગઇ ૨૪ તારીખે વિદ્યુત શુલ્ક ઉપર બોલેલો ત્યારે મેં કહેલું કે કેન્દ્રમાં જયારે આ કોંગ્રેસની સરકાર હતી ત્યારે ૨૪ કલાકના વીજ જોડાણ માત્ર ૫૦ રૂપિયામાં આપતી હતી. આ ૫૦ રૂપિયા બંધ કરી જયારથી ભાજપની સરકાર અહીંયા આવી છે ત્યારથી એમણે દસ લાખ, બાર લાખ, સોળ લાખના ગરીબ અને મધ્યમ ખેડૂતના ઘર-વપરાશના જોડાણની અંદર એસ્ટીમેટ્સ આપ્યા છે. ત્યારે સૌરભભાઇ પટેલ, (અંતરાય) અરે, આજે પુરાવા લઇને આવ્યો છું. સૌરભભાઇ પટેલ જયારે બધા ધારાસભ્યની વાતનો જવાબ આપવા ઉભા થયા ત્યારે તેમણે જવાબ આપેલો કે પૂનમભાઇ, પાંચ લાખ રૂપિયા વીજળીના છેડા જોડવાના હોય તેવો એક તો કવોટેશન પર વપરાશ બતાવો? ઘર-વપરાશમાં કોઇને પાંચ લાખ રૂપિયાનું કવોટેશન આપ્યું હોય તો સરકારે? આમ, પ્રશ્નાર્થ કરેલો. પછી મંત્રીશ્રીએ ટકોર કરેલી કે ઉર્જા ક્ષેત્રના કોઇ વિષય ઉપર તમે બોલો તે પહેલાં બરાબર ઘરેથી અભ્યાસ કરીને આવજો. માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રોટેકશનમાં માનનીય શકિતસિંહજીએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કરેલો. આજે દુઃખની વાત છે કે, આજે સૌરભભાઇ પટેલ બિમાર છે એટલે આવ્યા નથી પણ મારી લાગણી તેઓને ગોવિંદભાઇ પટેલ પહોંચાડે. તેમણે પુરાવાઓ માગ્યા હતા તે પુરાવાઓ હું આજે આપુ છું તે પાંચ લાખ, દસ લાખ નહીં પણ ગરીબ, મધ્યમ વર્ગના માણસોને ૧૬ લાખ ૧૫-૧૬ લાખનો એસ્ટીમેટ. આજે પણ એક ગરીબ માણસ જેનું નામ અમરસિંગ પરમાર છે, ગામ વાવણ, તાલુકો માતર, જી.ઇ.બી. તારાપુર તેઓ જી.ઇ.બી.ઓફિસમાં જતાં મારી ઓફિસે આવ્યા અને આવીને મને કહ્યું કે સાહેબ, મારે મારા મનની વાત કરવી છે. મન કી બાત, તો મેં કહ્યું તારે શું કરવી છે ? તો કહે સાહેબ મારે કરવી છે. તો મેં કહ્યું કહે ભાઇ, આ અમરસિંગ પરમારે એવી વાત કરી કે *(×××)

ઉપાઘ્યક્ષશ્રી : વિરામ બાદ આપનું પ્રવચન ચાલુ રહેશે.

* આ શબ્દો માનનીય ઉપાઘ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

ફાલ્ગુન ૨૪, ૧૯૩૭ શાકે
માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)
(વિરામ બપોરના૨-૩૦ થી ૩-૧૫)

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી પૂનમભાઇ મા. પરમાર : (ક્રમશઃ) માનનીય અધ્યક્ષશ્રી, હું ગરીબ માણસ અમરસિંઘ પરમારની મનકી વાત કરતો હતો એ અધૂરી હતી એ વાત પહેલાં હું કરી લઉં, પછી માગણીઓ ઉપર આવીશ. જયારે આ અમરસિંઘ પરમાર ગરીબ માણસે જયારે મનની વાત કરી ત્યારે મેં એમ કહ્યું કે, *(××× )

ઉપાધ્યક્ષશ્રી : જૂઠી વાત શબ્દ હું રેકર્ડ પરથી દૂર કરું છું.

શ્રી પૂનમભાઇ મા. પરમાર : *(××× ) ત્યારે હું આ ગૃહની અંદર ગુજરાતની પ્રજાનું ધ્યાન દોરું છું કે,

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, હવે એ વાર્તા લાંબી ન ચલાવો.

શ્રી પૂનમભાઇ મા. પરમાર : કોઇ આવી ભૂલ કરે નહીં. માનનીય અધ્યક્ષશ્રી, આ ભાજપની સરકાર *(××× ).

ઉપાધ્યક્ષશ્રી : *(××× ) એ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી પૂનમભાઇ મા. પરમાર : *(××× )

ઉપાધ્યક્ષશ્રી : આ તમામ શબ્દો રેકર્ડ ઉપરથી હું દૂર કરું છું. આપ રેકર્ડ ઉપર રહે એવું બોલો.

શ્રી પૂનમભાઇ મા. પરમાર : હા,જી. અને ખાનગી કંપનીઓ પાસેથી મોંઘી વીજળી ખરીદી પ્રજા પાસેથી નાણાં ભરાવાય છે. સરકાર ખેડૂતોને પૂરતા પ્રમાણમાં અને સસ્તી વીજળી આપવાનું વચન આપીને આ સરકાર ફરી ગઇ છે. ખેતીવાડીના લાખો કનેકશનો આપવાના બાકી છે જેથી કરીને ગુજરાતમાં કૃષિ વિકાસ અટકી ગયો છે. દિવસે દિવસે ખેતીની જમીન ઓછી થતી જાય છે, જેથી ખેત ઉત્પાદન પણ ઘટી ગયું છે, ખેડૂતો કંગાળ થતા જાય છે અને ખેડૂતોને આપઘાત કરવાનો વારો પણ આવે છે. ગુજરાતના ગામડાંમાં વસતિ વધારો થવાથી નવા મકાનો ગામની નજીકના ખેતરોમાં થઇ રહ્યાં છે. પેલા અમરસિંઘ પરમારનું ૬૦૦૦૦નું ઘર અને ૧૬ લાખનો એસ્ટીમેટ, આવા કાળા કાયદાઓના પરિપત્રો આ જી.ઇ.બી. મારફત કાઢ્યા છે તો આ પરિપત્ર પાછા ખેંચે, અને સામાન્ય ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને ઘર વપરાશ માટે વીજળી આપે. ગરીબને ત્યાં એવું કહે કે, મારો છોકરો ભણતો નથી. મેં કહ્યું કે, ભાઇ, શું થયું? તો એ ગરીબ કહે કે, કેરોસીનનો ખડિયો સળગાવું છું તો કેરોસીનની ગંધ આવે છે, એટલે છોકરાં સૂઇ જાય છે અને વાંચતાં નથી. તો હું શું કરું? મારે કયા કૂવામાં પડવું? તો મેં કહ્યું કે, ભાઇ, હું આ સરકારમાં રજૂઆત કરીશ. માનનીય સૌરભભાઇ પટેલને, ઉર્જા મંત્રીશ્રીને રજૂઆત કરીશ અને સાહેબ, મને કહ્યું છે કે આવો દાખલો હોય તો મને લેખિતમાં બતાવજો, તો આજે મેં પૂરાવો આપ્યો છે એટલે એ પૂરાવો હું આપને મોકલું છું. તમે તારીખ વાઇઝ જે પરિપત્રો બહાર પાડ્યા છે એ પાછા ખેંચી લો અને ગરીબ માણસોને ઘર વપરાશ માટે કોંગ્રેસની સરકારમાં જે સરળતાથી વીજળી મળતી હતી એવું કરો. એવી મારી વિનંતી છે. (અંતરાય) ગામતળના દાખલા લેવાનું બંધ કરે. ખેડૂતોને ઘર વપરાશ માટે વીજળી આપવા માટે સરળ નીતિ અપનાવે. (અંતરાય) ગુજરાત વિધાનસભા ગૃહમાં વિચારો વ્યક્ત કરવા એ કોંગ્રેસના ધારાસભ્યશ્રીઓને સંપૂર્ણ સ્વતંત્રતા છે, જયારે *(×××)

શ્રી પરબતભાઇ સ. પટેલ(થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઉદ્યોગ અને ખાણ વિભાગ, પ્રવાસન, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે ત્યારે હું એને સમર્થન આપું છું અને મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું ફકત પ્રવાસન વિશે જ વાત કહેવા માગું છું. પ્રવાસનની વાત કરુ એ પહેલા ભાઇશ્રી પુનમભાઇ હમણાં વીજળી અંગેની વાત કરતા હતા. સહેજ યાદ તો પુનમભાઇ કરો, તમે યાદ નથી રાખતા, સન ૨૦૦૭ પહેલા ગામડાંમાં સાંજે સાત વાગ્યે, ગામડાંમાં નહિ પરંતુ સમગ્ર ગુજરાત રાજયમાં લોડ શેડીંગ લાગી જતુ હતું. સાત વાગ્યે અંધારપટ્ટ આવી જાય, ટી.વી.ના સમાચાર લેવા બેઠા હોઇએ પણ સમાચાર જતાં રહેતા હતા, કોઇ મહેમાન આવ્યો હોય તો એમ કહે કે લાઇટ છે ત્યાં સુધીમાં જમી લો નહિતર લાઇટ જતી રહેશે. આ ફકત ગામડાંની વાત નહિ સમગ્ર રાજયની વાત કરું છું. આપના વખતમાં જયારે કોંગ્રેસનું શાસન હતું ત્યારે હું પણ એમાં હતો. શું દશા હતી એ યાદ કરો. યાદ કરાવવું છે. બધાએ કંઇકનું કંઇક કર્યું છે એટલે જેણે સારુ કર્યું છે એને સારુ કહેવું જોઇએ.

મારે પ્રવાસન વિશે વાત કરવી છે. ભારતીય સંસ્કૃતિ વર્ષોથી, પહેલેથી યાત્રાધામ, પ્રવાસન સ્થળો હોય જયારે અંગ્રેજોનું રાજય ચાલતું હતું ત્યારે આ પ્રવૃતિ ચાલતી હતી. કારણ કે અંગ્રેજો તો ઠંડીના માહોલમાંથી આવ્યા હોય એમને ઉનાળામાં ગરમી લાગતી હોય તો એના માટે અમારા ડીસામાં જૂના ડીસા જયાં હતું જયાં નદીનો પટ હતો ત્યાં પણ એમને રહેવા માટેની સગવડ ઉભી કરવામાં આવતી હતી. જે કંઇ પ્રવાસન સ્થળો છે મારે તો એ કહેવું છે કે ભૂતકાળથી જે કંઇ ચાલ્યુ આવતું હતું, જે આપણી પરંપરા હતી પરંતુ અત્યારના દેશના લોક લાડીલા વડાપ્રધાન અને તત્કાલિન દીર્ઘદ્રષ્ટા મુખ્યમંત્રી કે જેની દ્રષ્ટિથી ગુજરાતને શેમાં ફાયદો થવાનો છે, ગુજરાતને રોજગારી શેમાંથી મળવાની છે અને એના માટે થઇને પ્રવાસન ઉદ્યોગને વેગ આપ્યો છે, પ્રવાસન ને ઉદ્યોગનો દરજ્જો આપ્યો, પ્રવાસન વર્ષ તરીકેની ઉજવણી કરી. મિત્રો મારે તમને કહેવું છે કે કચ્છમાં સફેદ રણ, નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી થયા પછી બન્યું કે પહેલેથી હતું? કોઇની દ્રષ્ટિ પડી નહોતી, કોઇએ જોયું નથી? બધા લોકોને પૂછું કે આ રણ અહીંયા હતું કે નવુ આવ્યું, નરેન્દ્રભાઇ આવ્યા પછી આ રણ થયું છે? કચ્છનું આ સફેદ રણ, વ્હાઇટ ડેઝર્ટનો વિકાસ કેવી રીતે થાય, પ્રવાસનનો વિકાસ કેવી રીતે થાય એની આવા દિર્ઘદ્રષ્ટા મુખ્યમંત્રીએ શરૂઆત કરી. આમ તો ૨૦૦૫ થી રણોત્સવ ચાલુ થયો, પણ ૨૦૦૯ થી મારા પ્રવાસન વિભાગે રણોત્સવની જે શરૂઆત કરાવી, રાજયના મુખ્યમંત્રીથી માંડીને બધાએ રણોત્સવની ઉજવણીમાં ભાગ

લીધો. અને મિત્રો એમને એમ પ્રવાસનનો વિકાસ થતો નથી. રણોત્સવની ઉજવણીના ભાગરૂપે રાજયના મુખ્યમંત્રી, રાજયનું આખું પ્રધાનમંડળ અને સચિવો સાથે ચિંતન શિબિર પણ ત્યાં રાખવામાં આવી. રાત્રે ૪–૦૦ વાગ્યે પરોઢીયે વહેલા ઉઠીને મુખ્યમંત્રીશ્રીની આગેવાની નીચે. ચંદ્રના અજવાળામાં એ સફેદ રણનો નજારો જોવાનો લાહવો જેણે લીધો હોય એને ખબર પડે અને વ્હાઇટ રણ, સફેદ રણનો સમગ્ર વિશ્વમાં પ્રચાર અને પ્રસાર થયો છે અને જેને લીધે આ પ્રવાસન ઉદ્યોગને વેગ મળ્યો છે. એની આજુબાજુના બધા જ ગામો જે અત્યાર સુધી કચ્છના કે બીજા બધા લોકો એમ કહેતા કે પ્રવાસન ઉદ્યોગ હોય જ નહિ અત્યારે કચ્છમાં પ્રવાસનના નામે તમે જોતાં હશો તો થ્રી સ્ટાર ને ફાઇવ સ્ટાર હોટેલોની શરૂઆત થઇ, રોજગારીની તકો પણ એટલી પેદા થઇ અને નરેન્દ્રભાઇ કહેતા એમ સમગ્ર રાજયમાં રોજગારીની તક શાનાથી વધારે મળે એમ છે આ દ્રષ્ટિને નજરમાં રાખીને પ્રવાસન વિભાગને ખૂબ જ વેગ આપ્યો છે. પ્રવાસન એટલે કે રાજયના વિકાસનું એન્જિન કહેવાય અને પ્રવાસનની જે રીતે શરૂઆત કરી તે રીતે આખા રાજયમાં આપણે વાત કરીએ તો ૨૦૧૩–૧૪માં આપણાં પ્રવાસીઓની સંખ્યા લગભગ ૨૮૭ લાખ ૮૮ હજાર હતી. જે ૨૦૧૪–૧૫માં ૩૨૬ લાખ ૯૧ હજારની થઇ. એટલે લગભગ ૩૯ લાખ પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો. ૧૩.૫૬ ટકાનો વધારો થયો. આ આપણાં પ્રવાસનને વેગ મળ્યો છે એ બતાવે છે અને ૨૦૧૬ની સાલમાં લગભગ વિભાગે નક્કી કર્યું છે કે તેને ૧૫ ટકાના લક્ષ્ય સુધી પહોંચાડવાનો છે. આ કામ આપણાં પ્રવાસન વિભાગે કર્યું છે. આપણાં લાડીલા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ પ્રવાસન વિભાગનો દષ્ટિકોણ અપનાવીને જે શરૂઆત કરી હતી એટલા જ વેગથી ગતિશીલ ગુજરાતના વડા આદરણીય શ્રીમતી આનંદીબેન પટેલે એ જ ધબકારાથી ચાલુ રાખ્યું છે. જે નવી પ્રવાસન નીતિ ૨૦૧૫–૨૦૨૦ જાહેર કરી તેમાં જે કંઇ કામો કરવામાં આવ્યા છે, વિકાસ કઇ રીતે થાય? એમને એમ વિકાસ થતો નથી. પ્રવાસન નીતિમાં કેપીટલ સબસિડી આપવાવાળી વાત હોય, વ્યાજમાં સબસિડીવાળી વાત હોય, રજિસ્ટ્રેશન અને સ્ટેમ્પ ડયૂટીમાં પણ માફી આપવાવાળી રાહતની વાત અને આ પ્રવાસનમાં લક્ઝરી ટેક્સ, મનોરંજન કર, વીજ કર આ બધામાં પાંચ વર્ષ માટે ૧૦૦ ટકા કરમુક્તિ આપવી, આ પણ પ્રવાસન નીતિમાં નક્કી કર્યું છે. સાથે સાથે મેગા ટુરિઝમ. મેગા ટુરિઝમ એટલે કે રાજયમાં કોઇ પણ સ્થળે ૫૦ કરોડ કરતા વધારે રકમનું રોકાણ કરવામાં આવે, ૧૫૦ કરતા વધારે લોકોને જેમાંથી રોજગારી મળે તેવા મેગા પ્રોજેક્ટમાં સરકાર વધારેમાં વધારે ૨૦ કરોડ..

ઉપાધ્યક્ષશ્રી : પરબતભાઇ, આપની પાસે એક મિનિટ છે.

શ્રી પરબતભાઇ સ. પટેલ : સાહેબ, એક મિનિટ જ કેમ? શરૂઆત જ કરી છે. ૧૦ મિનિટ આપી છે.

ઉપાધ્યક્ષશ્રી : આઠ મિનિટ છે આપની.

શ્રી પરબતભાઇ સ. પટેલ : ૨૦ કરોડ રૂપિયા સુધીની સબસિડી, જેમાં મનોરંજન કર અને લક્ઝરી ટેક્સમાં સાત વર્ષ સુધીની માફી આપી છે. તો રાજયના વિકાસની જયારે વાત છે ત્યારે મેં શરૂઆતમાં કચ્છના ધોરડોની વાત કરી. અત્યારે કચ્છ તમે જોતા હશો. સવારમાં બળવંતસિંહજી કહેતા હતા, કંઇક જાહેરાતવાળી વાત કરતા હતા. ખૂશ્બુ ગુજરાતની. સમગ્ર દેશ અને દુનિયામાં ગુજરાતના પ્રવાસન માટે જયારે બ્રાન્ડ એમ્બેસેડર તરીકે અમિતાભજીને જાહેર કર્યા હોય, જેના લીધે 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા' અને 'કુછ દિન તો ગુજારો ગુજરાતમેં'.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, આજની માગણીઓ ઉપર મારા વિચારો રજૂ કરું છું. હમણાં પુંજાભાઇએ જે વાત કરી તે વાત અધૂરી હતી, તે વાત હું આગળ વધારું છું. સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકાના ખંભલાવ ગામે સરવે નં. ૪૯૨, સરવે નં. ૫૫૮ની જમીનો ત્યાંના મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી, એમણે નામ નહોતું આપ્યું, હું નામ પણ આપું છું કે •(×××)

ઉપાધ્યક્ષશ્રી : કરમશીભાઇ, જે સભ્ય ગૃહમાં હાજર રહીને બચાવ કરી શકે નહીં એવા સભ્યોનું નામ બોલાય નહીં. આપ જે નામ બોલ્યા છો એ નામ રેકર્ડ ઉપરથી હું દૂર કરું છું. (અંતરાય)

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : *(×××)

ઉપાધ્યક્ષશ્રી : એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું. (અંતરાય)

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ વાંધો નહીં અને બીજી વાત કરું તે વખતે મેં મારા સાણંદ વિસ્તારમાં ચોરી થતી હતી ત્યારે તે વખતના મિસ્ત્રી સાહેબ હતા તેમને ફોન કર્યો કે આ જગ્યાએ ખનન ચોરી થાય છે. અત્યારે હાલ સરકારી અને ગૌચરની જમીનમાંથી ખનિજની ચોરી થાય છે. તમે નહીં માનો. જે તે લીઝ હોલ્ડર હતો એને ફોન કરીને કહી દીધું કે અમે કાલે આવવાના છીએ. એટલે રાત્રે એણે બંધ કરી દીધું. સવારે ભૂસ્તરશાસ્ત્રી અને મારા સ્થાનિક અધિકારી હતા એ તપાસ કરવા ગયા અને મને ફોન કર્યો કે કરમશીભાઇ, અહીં કોઇ લાગુ પડતું નથી. મેં કહ્યું કે તમે ખાડો જુઓ, ખાડા માપો તો ખબર પડે. એ સરકારી અને ગૌચર જમીનો છે. તેમ છતાં એ વખતે પણ તલાટી અને સરપંચ બન્નેએ કરોડો રૂપિયાની માટી વેચી ખાધી છે. મેં માનનીય મંત્રીશ્રીને લેખિતમાં આ ગૃહમાં ૪૩ વખત આપ્યું છે તેમ છતાં તલાટીની બદલી થતી નથી કે સરપંચ ઉપર કોઇપણ

• આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

પ્રકારની કાયદેસરની કાર્યવાહી થતી નથી. તો આવું આ સરકારમાં ચાલતું હોય છે. ગતિશીલ ગુજરાતમાં આવું ન ચાલે. ખરેખર આવા અધિકારીઓ અને કર્મચારીઓ ઉપર કાયદેસરની કાર્યવાહી કરવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, અંબાજીમાં ૨૦૧૨માં સુપ્રીમ કોર્ટનો આદેશ હતો. તેમ છતાં ત્યાંના લીઝ હોલ્ડર હિન્દુસ્તાન માર્બલ કંપનીએ લીઝ મેળવી અને આજની તારીખે એ લીઝ ચાલુ છે. સુપ્રીમ કોર્ટનો હુકમ હોવા છતાં પણ એ ચાલુ છે. આવું બધું ગુજરાત સરકારમાં ચાલતું હોય તો ખનિજ વિભાગના અધિકારીઓના ધ્યાન ઉપર આવતું નહીં હોય? સુપ્રીમ કોર્ટનો મનાઇ હુકમ હોવા છતાં પણ આવા લીઝ હોલ્ડરોની લીઝ રદ કરવામાં આવતી નથી. તા.૩૦-૬-૨૦૦૬થી તા.૩૦-૩-૨૦૦૯ સુધીમાં પોરબંદર જિલ્લામાં ખનિજ ચોરીના ૮૬ કેસો નોંધાયેલા અને જુનાગઢ જિલ્લામાં ખનિજ ચોરીના ૧૧૩ કેસો નોંધાયેલા છે.

ઉપાધ્યક્ષશ્રી : શ્રી કરમશીભાઇ, આ બધી મેટરો સબ જ્યુડીસ છે એટલે એ બધામાંથી બહાર રહો તો સારું.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું તો સરકારના બાકી લેણાંની વાત કરું છું. સરકારની જે દંડની રકમ હતી તે રકમ આજ દિન સુધી વસુલ કરવામાં આવી નથી. એટલે ખરેખર આ સરકારને નુકસાન છે. તો એ વસૂલાત કરવી જોઇએ. ચોરી માટે રૂ.૬૫૮/- કરોડ વસૂલ કરવાના હતા. તે પૈકી જૂનાગઢ જિલ્લાની ચોરી પેટે રૂ.૨૯,૩૩,૩૯,૧૯૧/- અને પોરબંદર જિલ્લામાં ખનિજ ચોરી પેટે દંડની રકમ રૂ. ૫,૭૧,૬૯,૩૬૨/- વસૂલવાની બાકી છે. આટલી બધી સરકારની લેણી રકમ છે એ વસૂલ ન કરે અને બીજી વાતો કરે એ બરાબર નથી. મારા વિસ્તારમાં આઠ- નવ વર્ષ પહેલાં જીઆઇડીસી આવેલી. તેમાં અમારા ખેડૂતોએ આ પ્રોજેક્ટ માટે જમીનો આપેલી એમને એક ટકા પ્રમાણે પ્લોટ આપવાના હતા. મેં ૧૪ જેટલી રજૂઆતો કરી, મેં માનનીય મુખ્યમંત્રીશ્રી અને શ્રી સૌરભભાઇ પટેલ અને ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી, એમ.ડી. એવા જુદા જુદા અધિકારીઓને મારા ખેડૂતો માટે ૧ ટકા પ્લોટની ફાળાવણી માટે રજૂઆત કરી તેમ છતાં આઠ વર્ષ થયા છતાં આજ સુધી એમને પ્લોટ ફાળવેલ નથી. મારી મંત્રીશ્રીને ખાસ વિનંતી છે કે મારા આ ખેડૂતોને એક ટકા પ્રમાણેના પ્લોટ જી.આઇ.ડી.સી.માં ફાળવે. આ જી.આઇ.ડી.સી. વિસ્તારના રસ્તાઓ છે એ એમના કર્મચારીઓ અને અધિકારીઓ જાય છે એ ખૂબ જ સારા બનાવ્યા છે. ગામડાંમાં જે ખેડૂતોની જમીન ગઇ છે એ ગામના એપ્રોચ રોડ ખાડા-ખડિયાવાળા થાય અને ડીસ્કો થાય એવા છે. મારી વિનંતી છે કે ખરેખર આપના જી.આઇ.ડી.સી. વિસ્તારના સારા રસ્તા હોય તો જી.આઇ.ડી.સી.માં જમીન ખેડૂતોએ આપી છે એણે ડીસ્કો કરીને જવાનું?

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૬-૧૭ના વર્ષ માટે અનુદાન માટેની માગણીઓ ખાણ ખનિજ વિભાગની લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની ધરતીના પેટાળમાંથી મળી આવતા કુદરતી ખનિજનો રાજયના વિકાસમાં ઉત્તમ અને મહત્ત્વનો ઉપયોગ થઇ શક્યો છે. રાજયની સરકારને રોયલ્ટીની આવક મળી રહે તે જોવાનું કામ રાજ્યનું ખાણ અને ખનિજ ખાતું કરે છે. કુદરતના પેટાળમાંથી લાઇમ સ્ટોન, લિગ્નાઇટ, બોક્સાઇટ, ગ્રેનાઇટ જેવી કિંમતી ખનિજો શોધી કાઢવામાં આવે છે. જે ખનિજોથી ચાલતા ઉદ્યોગ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં વિકસતા તમે જોઇ શકો છો અને રોજગારીની પણ ઉત્તમ તકો મળી રહી છે. હાલના ગુજરાતના પનોતા પુત્ર અને આ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે ભ્રષ્ટાચારને અટકાવવાના કોઇ કામો થયા હોય તો માનનીય નકેન્દ્રભાઇ મોદીએ ઓન લાઇન ખનિજ લીઝ માટેની પદ્ધતિ દાખલ કરેલ હતી. કોંગ્રેસના રાજમાં પેલી પદ્ધતિ થઇ હતી અને અમે આ પદ્ધતિ અપનાવી લીઝો આપવામાં આવી, હરાજી કરી અને ભ્રષ્ટાચાર અટકાવવાની પદ્ધતિ સમગ્ર દેશમાં, જે રાજ્યમાં અમલીકરણની શરૂઆત કરી હતી એ ગુજરાતમાં જ નહીં સમગ્ર દેશમાં ઓન લાઇન પદ્ધત્તિથી આ કામ કરતાં થયા છે ત્યારે ભ્રષ્ટાચાર અટકેલો છે. પૃથ્વીના પેટાળમાંથી ખનિજો શોધી કાઢવા માટે ડ્રીલિંગ કરી એની કેલોરિફિક વેલ્યુ કેટલી છે એ જાણીને જી.એમ.ડી.સી., જી.આઇ.પી.સી.એલ. સરકારના પ્રયત્નોથી આ ખનિજોને શોધવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીએ કરેલ છે એને હું ધન્યવાદ આપું છું. બીજું સુરત જિલ્લામાં લિગ્નાઇટનો મોટો જથ્થો શોધી કાઢવામાં આવેલ છે. જેનાથી આવતા સમયમાં સરકારને પણ આવક પ્રાપ્ત થવાની છે અને આવતા સમયમાં સરકારને વધુને વધુ આવકો મળશે તે બદલ હું નરેન્દ્રભાઇ મોદીને ધન્યવાદ આપું છું અને માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, મંત્રીશ્રી સૌરભભાઇને ધન્યવાદ આપું છું. હું આ ગૃહમાં મારી વાત કરવા માગું છું કે માનનીય દુષ્યંતભાઇએ જે ભરુચ અને નર્મદામાં રેતી અંગેની એન.ઓ.સી.ની વાત કરી હતી તેમાં હું સ્પષ્ટપણે મારો સૂર પુરાવું છું અને ભરુચ જિલ્લાને આ રેતી માટે સામે બેઠેલા અધિકારીઓને હું કહીશ કે ઝડપથી આ કામ થાય.

માનનીય અધ્યક્ષશ્રી, ભરુચ અને સુરત જિલ્લામાં યુ.સી.જી. પ્રોજેક્ટ લીગ્નાઇટ ખનિજના ૧૦,૪૦૧ મીટર સંશોધનની કામગીરી હાથ ધરવામાં આવી છે. આને કહેવાય છે ગતિશીલ ગુજરાત, આને કહેવાય છે દ્રષ્ટિ, અને આને કહેવાય છે ભારતીય જનતા પાર્ટી. વર્ષ ૨૦૧૬માં બે હજાર લાખ સમારકામ અંગેની ગ્રાન્ટની જોગવાઇ કરવામાં આવેલી છે. ભારતીય જનતા પાર્ટીની પ્રશંસનીય કામગીરી બદલ ભરુચ જિલ્લો અને સુરત જિલ્લા વતી હું એમને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૫-૧૬માં ગુજરાત જીઓ કેમિકલ મેપીંગ પ્રોજેક્ટ માટે ૮૦૦ લાખ ગ્રાન્ટની જોગવાઇ કરેલ છે. લીઝ ધારકોને નાણા અને સમયની બચત થાય, તે માટે ઇ-ગવર્નન્સ, આધુનિક ટેકનોલોજી અમલમાં મૂકી છે. અગાઉના વર્ષોમાં લીઝ ધારકોએ રોયલ્ટીના નાણાં ભરવા માટે જિલ્લા મથકે આવેલ ભૂસ્તર શાસ્ત્રીની કચેરીમાં જઇને ચલણમાં સહી કરાવ્યા બાદ એમને બેન્કમાં જવું પડતું હતું. તેમાં પણ એ કચેરીમાં ભૂસ્તર શાસ્ત્રી હાજર ના હોય, એ બેન્કનો સમય પૂરો થઇ ગયો હોય તો ગ્રાહકોને, લીઝ ધારકોને ધક્કા ખાવા પડતા હતા.

ઉપાધ્યક્ષશ્રી : આપની પાસે એક મિનિટ છે.

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૫માં અંતિમ ૧,૧૩૧, માઇનીંગ લીઝ ૬,૫૦૦, ૬૬ ક્વોરીની મળીને કુલ ૭,૬૯૭ લીઝો આ ગુજરાતમાં અસ્તિત્વ ધરાવે છે. માર્ચ, ૨૦૧૫માં અંતિમ ૮૫૩ કરોડની મહેસૂલી આવકની વસુલાત કરવામાં આવેલી છે. ભાઇ, કરમશીભાઇ જે બોલતા હતા કે, ભ્રષ્ટાચાર થાય છે પણ કરમશીભાઇ આ આવક તમે જોઇ શકો છો અને સમજી શકો છો એટલે કરમશીભાઇ ચશ્મા જરા ચઢાવીએ. (અંતરાય) સ્વતંત્ર ભારતના ઇતિહાસમાં કોંગ્રેસ સરકારે જે નથી કર્યું એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી બતાવેલું છે. સમગ્ર ગુજરાતમાં સર્વાંગી વિકાસના માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલનો હું આભાર વ્યક્ત કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : અરુણસિંહભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી કાન્તિભાઇ ખરાડી.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી(દાંતા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ખાણ-ખનિજ અને પ્રવાસન વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો આ સભાગૃહમાં રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ ચર્ચાઓ થઇ ખાણ-ખનિજ વિશે, બનાસકાંઠાની વાત હું કરતો હોવ ત્યારે આ સરકારની અંદર, આ સરકારના અધિકારીઓ મારફતે દાંતા અને અંબાજી વિસ્તારની અંદર મોટા ભાગે માર્બલની ખનીજો આવેલી છે ત્યારે આ સરકાર માટે ખાણ-ખનિજ વિશે એવું કહીએ તો પણ ખોટું નથી કે, ગુજરાતમાંથી ખાણ-ખનિજ કાઢી અને રાજસ્થાનમાં વેચવામાં આવે અને તેની સાથે સરકારની પણ વસુલાત વગર. આ ભાઇ કહેતા હતા કે, આ સરકારનો વિકાસ, મન કી વાતો, તો દાંતા વિસ્તારની અંદર મોટે ભાગે ખાણ-ખનીજો આવી હોય ત્યારે એ વિસ્તારના એક પણ લાભાર્થીને ખાણ-ખનિજ ફાળવવામાં નથી આવી અને જે લાભાર્થીઓને ખાણ-ખનીજો ફાળવવામાં આવી હોય ત્યારે આ સરકારના *(×××) જે જગ્યાની ફાળવણી કરવામાં આવી હોય તે જગ્યા અને એના સિવાય બીજી જગ્યાએ ખોદકામ કરવામાં આવે.

ઉપાધ્યક્ષશ્રી : *(×××) શબ્દો હું રેકર્ડ પરથી દૂર કરું છું.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : *(×××), હું સાચું કહેવાનો.

ઉપાધ્યક્ષશ્રી : સાચું કહેવાની પણ ભાષા હોય છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો ખૂબ ગંભીર મુદ્દો છે. આપે કહ્યું કે આ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું. કાંતિભાઇ નવા સભ્ય છે. જુનિયર સભ્ય છે. સારા છે એમાં મને કોઇ વાંધો નથી પણ એમણે જે શબ્દ વાપર્યા કે *(×××) એ આપનું અવમાન છે એવું હું માનું છું. આ પ્રમાણે કોઇપણ સભ્ય (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : એવા શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું અને કાંતિભાઇ આપણે કાળજી રાખીએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય કાંતિભાઇ નહીં પણ કોઇપણ સભ્ય આ રીતે કાઢવું હોય તો કાઢી નાખો, રદ કરવું હોય તો રદ કરો એમ કરીને ઉપહાસ થાય એવી રીતે શબ્દો પાછળથી ઘણા સભ્યો વાપરે છે એ યોગ્ય નથી એનો કડક રીતે નિર્ણય કરવો જોઇએ. બહુ હળવાશથી આપની સૂચનાને લેવાય છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આપ બેસો, કરમશીભાઇ, આપ બેસો. જોઇતારાભભાઇ, પ્લીઝ, અહીંયાથી સૂચના આપવામાં આવે એટલે શબ્દો રેકર્ડ ઉપરથી દૂર થાય છે એની કોઇ ટીકાટીપ્પણી કરવાની રહેતી નથી.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, લાભાર્થીને જે જગ્યા ખનિજ માટે આપવામાં આવે એ જગ્યાએ આ અધિકારીઓ મારફતે ખોદકામ કરવામાં નથી આવતું અને બીજી જગ્યાએ ખોદકામ કરવામાં આવે છે અને પોતાના •(×××) અને અધિકારીઓ રાતોરાત કરોડપતિ થતા હોય ત્યારે હું આ સરકારનું ધ્યાન દોરવા માગું છું કે આ ખરેખર ન થવું જોઇએ. એ જ રીતે ઉત્તર ગુજરાત અને દાંતાની અંદર ૭૦ થી ૮૦ ટકા જો ટ્રાયબલ વિસ્તાર હોય અને ખાણ ખનિજની અંદર એવો જી.આર. થયેલો હોય કે સ્થાનિક લોકોને રોજગારી આપવી જોઇએ. આજની તારીખમાં ત્યાં વિસ્તારના લોકો, ગરીબો જે કામ કરતા હોય એનું એક પણ મસ્ટર નિભાવવામાં આવતું નથી અને એને વળતર પણ આપવામાં નથી આવતું અને એમાં એવી જોગવાઇ થયેલી છે કે એ ખાણ ખનિજની અંદર મજૂરો જે કામ કરતા હોય એ મજૂરો ૧૦ વર્ષ સુધી કામ કરે અને ૧૦ વર્ષ પછી એમના જીવન માટે એમાં જોગવાઇ થયેલી છે એનો પણ આ લોકો ઉપયોગ કરતા નથી. બીજી વાત કરું આજે આ મન કી બાત કરે છે. કહેવાય મન કી બાત, ગતિશીલ ગુજરાત અને મેક ઇન ઇન્ડીયા આજની તારીખમાં હું મારા મત વિસ્તારની વાત કરું કે ગરીબ લોકો લૂંટાય છે, વસતિ લૂંટાય છે, દેવસ્થાન પણ અત્યારે લૂંટાય છે. આજે ૧૦ મી તારીખના દિવસે અંબાજીમાં મોટી ચોરી થઇ અને *(×××) જે વખતે મહિનાની અંદર ચાર વખત ભંડારો ખોલવામાં આવે એ વખતે નકકી થયેલું હોય કે આટલા જણા જ ભંડારો ખોલતી વખતે બેસવા જોઇએ. એના સિવાય બીજા ફેરફાર કરીને બેસવા દેતા નથી. (અંતરાય) બહેન, મને વાત તો કરવા દો. (અંતરાય)

શ્રી વસુબહેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ અધિકારી ઉપર આ પ્રકારની આક્ષેપાત્મક વાત કરતા હોય તો એ આક્ષેપો એણે પુરવાર કરવા પડે. ખોટા આક્ષેપો ન કરાય. ખોટા આક્ષેપો ન કરે, સત્ય હકીકત કહે અને બોલ્યા છે (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું. કાંતિભાઇ, ચાલુ રાખો. આપની પાસે એક જ મિનિટ છે.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, અંબાજીની વાત કરતો હતો એ ખરેખર સાચી વાત છે. પુરાવા સાથે છે.

---

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ઉપાધ્યક્ષશ્રી : એક વાર એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કર્યા છે. પુનરાવર્તન ન કરશો. ના, ના.

શ્રી કાંતિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, આ પુરાવાની દેખીતી વાત છે. ૧૨૭૦૦૦ રૂપિયા રોકડા મળ્યા છે અને એની અંદર બે સોનાના બિસ્કીટ મળ્યા છે અને પોતે અધિકારીએ પકડયું છે અને એ પકડયા પછી એ લોકોએ ૨૬ કલાક પછી પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ ફરિયાદ નોંધાવી છે. આજે હું સીનો ઠોકીને ૧૮૨ ધારાસભ્યોને એ વિસ્તારના ધારાસભ્ય તરીકે આમંત્રણ આપું છું કે અંબાજી આવો, દર્શન કરો અને ત્યાંના અમુક મુદ્દાઓ લઇને, ત્યાં કઇ કઇ મુશ્કેલી છે એ જાણવા મળે. ૧૮૨ ધારાસભ્યોને હું આમંત્રણ આપું છું. ૬ કરોડની જનતાને પણ હું આમંત્રણ આપું છું. અંબાજીની અંદર આખો દાંતા તાલુકો નમે છે, ગુજરાત નમે છે, આખું વિશ્વ નમે છે. અંબાજીમાં સવાશેર માટી માટે માણસો આવે છે. રાતદિવસ દોડતા આવે છે, ઉંઘતા આવે છે. પ્રાર્થના થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, આ એક શરમજનક બાબત છે કે આ અધિકારીઓને.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી વલ્લભભાઇ વ. વઘાસિયા(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા વિભાગની માગણી નં. ૧૨, ૧૩ લઇને ઊર્જા મંત્રીશ્રી આવ્યા છે. તેમના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

અહીયા વીજળી વિષે બહુ વાતો થાય છે. અમારા મિત્રોને ખેડૂતો બહુ યાદ આવે છે. ત્યારે મારા ગ્રામ્ય વિસ્તારના ખેડૂતો માટેની વાત કરવી છે. અગાઉ કોંગ્રેસના શાસનમાં સમગ્ર રાજ્યમાં ખેડૂતોને વર્ષે સરેરાશ માત્ર ૧૫,૦૦૦ કનેકશનો આખા ગુજરાતમાં આપવામાં આવતા હતા. જ્યારે આ સરકારમાં ખેડૂતોને વર્ષે સરેરાશ ૧ લાખ કનેકશન આપવામાં આવે છે. ખેડૂતોને નવીન વીજ જોડાણ આપવાનો ખર્ચ કોંગ્રેસના શાસન વખતે બોર્ડને ૮૫,૦૦૦ રૂપિયા થતો હતો. આજે ખેતીવાડી વીજ જોડાણ આપવાનો ખર્ચ સરેરાશ ૧,૭૦,૦૦૦ રૂપિયા થાય છે. કોંગ્રેસના શાસનમાં વધારાની લાઇન માટેનો ચાર્જ લેવામાં આવતો હતો. જ્યારે આ સરકારમાં લાઇનની લંબાઇ ગમે એટલી હોય પરંતુ આજે ખેડૂતો પસેથી એક પણ રૂપિયો લાઇન ચાર્જ લેવામાં આવતો નથી. આ રેકર્ડ ઉપરની વાત છે. ખેડૂતો પાસેથી માત્રને માત્ર સર્વિસ કનેક્શન અને ડિપૅાઝિટ પેટેનાં નાણાં લેવામાં આવે છે. ડિપૅાઝિટનું સરકાર વ્યાજ આપે છે. કોંગ્રેસના શાસનમાં નવીન વીજ જોડાણ માગતા ૫ થી ૧૦ ખેડૂતો વચ્ચે એક જ ટ્રાન્સફોર્મર આપવામાં આવતું હતું. ટ્રાન્સફોર્મર બળી જાય ત્યારે મહિના મહિના સુધી બદલવામાં નહોતા આવતા. આજે અમારી સરકારે ખેડૂતોને માટે કનેકશન દીઠ એક ટ્રાન્સ્ફૅાર્મર આપવામાં આવે છે, જેથી કરીને પૂરતા વોલ્ટેજથી વીજળી મળે. ખેડૂતોની મોટર ન બળે અને પૂરા કન્ટ્રોલથી મોટર ચાલે એટલા માટે આ સરકારની યોજના ખેડૂતો માટે થઇ છે તે માટે ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ખેડૂતોને પૂરા વોલ્ટેજથી વીજળી મળવાના કારણે ખેડૂતોને મોટરનો ખર્ચ બચ્યો છે. અમારા તાલુકા લેવલે તો ઘણા બધા મોટર બાંધવાનો વ્યવસાય સંકેલીને સીટી તરફ લઇ ગયા છે. બીજે ધંધામાં ડાયવર્ટ થઇ ગયા છે. મોટરો બાંધવામાં પહોંચતા નહોતા. વીજ વિતરણ કંપની પ્રવર્તમાન દરે પ્રતિ યુનિટ દીઠ વીજળી પૂરી પાડવા માટે અત્યારે ૫.૫૪ નો ખર્ચ થાય છે. હાલમાં મીટર ટેરિફ મુજબ વીજ બિલ ભરતા કિસાનો પાસેથી માત્ર ૬૦ પૈ. પ્રતિ યુનિટ લેવામાં આવે છે. સામાન્ય યોજના હેઠળ ખેતીવાડીના વીજ જોડાણ સામાન્ય મિટરો દ્વારા આપે છે. એમની પાસેથી ૮૦ પૈ. યુનિટદીઠ લેવામાં આવે છે. ગુજરાત વીજ નિયમન પંચે હોર્સપાવર દીઠ આધારિત વીજ બિલ ભરતા કિસાનો માટે જે વીજ દર જાહેર કરેલ છે, ત્યારે હોર્સ પાવર આધારિત વીજ બિલ ભરતા ખેડૂતો પાસેથી હાલમાં વીજ દર વસૂલવામાં આવતા દરો ૭.૫૦ હોર્સ પાવર સુધી પર હોર્સ પાવર ૬૬૫ રૂપિયા લેવામાં આવે છે. ૭.૫૦ હોર્સ પાવર પછી પર હોર્સ પાવર ૮૦૭.૫૦ પૈ. હોર્સ પાવર દીઠ બિલ લેવામાં આવે છે. કિસાનો પાસેથી વર્ષે ૧૯૮૩ થી ખેતીવાડી વીજ જોડાણમાં ઇલેક્ટ્રિસિટી ડ્યૂટી વસૂલ કરવામાં આવતી હતી, તે પણ સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કિસાનોને વીજ બિલમાં રાહત આપવા માટે રાજયના ૧૩ લાખ જેટલા વીજ જોડાણોને અપાતી સબસિડીના કારણે રાજય સરકારને વાર્ષિક ૪ હજાર કરોડ જેટલો બોજો પડે છે. છેલ્લા બાર વર્ષથી ખેડૂતોના વીજ બિલમાં કોઇ જાતનો વધારો કરવામાં આવ્યો નથી. નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૪-૧૫માં ખેડૂતોને વીજ બિલમાં ૫૦ ટકાની સરકાર તરફથી રાહત આપવામાં આવેલી. આમ ખેડૂતોની ચિંતા કરી ખેડૂતોનું જીવન ધોરણ ઉંચુ લાવવા માટે રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે. વાડી વિસ્તારોમાં જે ખેડૂતો પોતાના સર્વે નંબરમાં ખેતીવાડી કનેકશન ધરાવતા હોય અને ત્યાં જ વસવાટ કરતા હોય તેમને રહેણાંકના વપરાશ માટે સિંગલ ફેઇઝ વીજ જોડાણની માગણી કરે તો આવા અરજદારોને ૩ કિલોવોટની ક્ષમતા સુધીનું સ્પેશ્યલ સિંગલ ફેઇઝનું જોડાણ આપવામાં આવે છે. ખેડૂતોને ત્યાં ખેતીવાડી વિસ્તારમાં ચોવીસ કલાક વીજળી મળે તે માટે સ્પેશ્યલ ટ્રાન્સફર્મર દ્વારા લાઇટની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આમ ખેતરમાં વસવાટ કરતા ખેડૂતોને સ્પેશ્યલ આઠ કલાક થ્રી ફેઇઝ વીજ પુરવઠો અને ત્યારબાદ ચોવીસ કલાક સુધી સિંગલ ફેઇઝ વીજ પુરવઠો મળે તે માટે આ બોર્ડમાંથી વ્યવસ્થા કરવામાં આવી છે. અહીં બહુ ચિંતા થાય છે કે લાઇટ આવતી નથી. અમારે ત્યાં ગામડાંમાં કહેવત હતી કે વાળુ ટાણે તો આપો. તે પછી કહે કે સવારે તો આપો અમારે વલોણાં હાંકવા હોય. લાઇટ જ આવતી ન હતી. અત્યારે ખેડૂતો માટેનો જે પ્રેમ ઉભરાણો છે તે અગાઉ રાખ્યો હોત તો ગુજરાતના ખેડૂતોને કોઇ જાતની તકલીફ ન હોત. એટલે ચિંતા તમે બહુ કરો છો પણ તે હાથમાંથી બધુ વહી ગયા પછી. તે પહેલાં કરી હોત તો અત્યારે સૌરાષ્ટ્રનો અને ગુજરાતનો ખેડૂત ખૂબ આગળ વધ્યો હોત. તે આખા દેશમાં નહીં પણ વિશ્વ લેવલે પહેલા ક્રમે હોત. એટલું ઉત્પાદન હોત, નર્મદા વહેલી આપી હોત તો અત્યારે ખૂબ સદ્ધરતા હોત. એટલે આપણે ખેડૂતનો પ્રેમ જે ઉભરાણો છે તેમાં તે ઉભરાવવામાં બહુ મોડું થયું છે. એટલે ગામડાંની પહેલાં ચિંતા કરવી જરૂરી હતી. હવે બહુ ઇચ્છા રાખતા નહીં. અત્યારે મોડે મોડે તમને આ ચિંતા થઇ છે એ સારું છે. ખેડૂતોની ચિંતા તો તમે કરવા માંડયા. નહીંતર તમને ખેડૂતો તો યાદ આવતા જ

નહોતા. આ સરકારની કામગીરીને લઇને અંદરથી પ્રેમ ફૂટયો છે તેના માટે અભિનંદન આપું છું અને સરકારને અભિનંદન આપું છું તથા આ માગણીઓને મારું સમર્થન કરી મારી વાત પૂરી કરું છું. અસ્તુ.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, ખાણ ખનિજ અને ઉર્જા વિભાગની માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે ત્યારે ઉર્જા વિભાગ ઉપર મારા મંતવ્યો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે દુઃખ સાથે કહેવાનું છે કે દરેક બાબતની અંદર બનાસકાંઠા જિલ્લાને અન્યાય થઇ રહ્યો છે. પ્રાથમિક શાળામાં શિક્ષકોની ઘટ તો કહે બનાસકાંઠામાં, મેડિકલ કોલેજ કયાં નથી આપવાની તો કહે બનાસકાંઠામાં, તલાટીઓની ઘટ કયાં તો કહે બનાસકાંઠામાં, વધારે ગ્રામસેવકોની જગ્યાઓ ખાલી કયાં તો કહે બનાસકાંઠામાં, સાયન્સના ટીચરોની જગ્યાઓ ખાલી કયાં તો કહે બનાસકાંઠામાં, જે ગ્રાન્ટેડ સ્કૂલો હોવી જોઇએ તે ઓછામાં ઓછી ગ્રાન્ટેડ સ્કૂલો કયાં તો કહે બનાસકાંઠામાં. વીજળીના કનેકશન વધારેમાં વધારે પડતર કયાં તો કહે બનાસકાંઠામાં, ગઇ સાલ ઉર્જા મંત્રીશ્રીએ મણીભાઇ વાઘેલાના પ્રશ્નના જવાબમાં ખાતરી આપેલી કે રાજયમાં ટકાવારીના ધોરણે બીજા જિલ્લાઓની સરખામણીમાં બનાસકાંઠા જિલ્લાની અરજી વધુ પડતર છે તો ટકાવારીના ધોરણે નિકાલ કરી વધારાનું મટીરીયલ ફાળવી જિલ્લાને બીજા જિલ્લાની સરખામણીમાં અમે વધુ કનેકશન આપીશું. તેમાંની કોઇ કાર્યવાહી આજદિવસ સુધી થઇ નથી. બનાસકાંઠા જિલ્લાની અંદર હજારોની સંખ્યામાં ખેતીવાડીના વીજ કનેકશનની અરજીઓ ગુજરાત વિદ્યુત બોર્ડ પાસે પડતર છે. તે કનેકશન મળતા નથી. ચાલુ સાલે મારે જણાવવાનું કે બનાસકાંઠા જિલ્લાની અંદર ખાસ કરીને દાંતીવાડા અને ધાનેરા તાલુકામાં ભયંકર વીજ કટોકટી ચાલી. દાંતીવાડા અને ધાનેરા તાલુકામાં ભયંકર વીજ કટોકટી ચાલી અને એ વીજ કટોકટીના કારણે જેગોલ સબ સ્ટેશન આખું ઠપ થઇ ગયું અને એ વિસ્તારના ગામડાંમાં પાવર પૂરતો મળવો જોઇએ દબાણ સાથે એ ન મળ્યો જેના લીધે ખેડૂતોને ઘણી મુશ્કેલી વેઠવી પડી. એવી જ રીતે પેથાવાડા સબ સ્ટેશનમાં ઉંદરી ફિડર ઓવરલોડ થવાના કારણે એ વિસ્તારના ગામડાંને પણ પૂરતો પાવર ન મળ્યો. અમે વારંવાર સરકારમાં રજૂઆત કરી ધાનેરાની અંદર જડિયા સબ સ્ટેશન ઘણું ઓવરલોડ ચાલે છે અને ભાટી અને બીજા બે ગામો છે એ ગામની અંદર પૂરતા દબાણ સાથે વીજળી ન મળવાના કારણે ખેડૂતોનો ખેતરમાં પાક સૂકાઇ ગયો. અત્યારે ત્રણ સબ સ્ટેશનો તાત્કાલિક બાંધવાની જરૂરિયાત છે. પહેલું સબ સ્ટેશન ભાટી ધાનેરા તાલુકાનું, બીજું સામરવાડા અને ત્રીજું દાંતીવાડા તાલુકાનું ગંગુવાડા. આ ત્રણ સબ સ્ટેશનો યુદ્ધના ધોરણે બાંધવા જોઇએ એવી અમે રજૂઆત કરી, જી.ઇ.બી. એ સૈદ્ધાંતિક રીતે વાત સ્વીકારી પણ જમીન સમયસર ન મળવાના કારણે અત્યારે એ સબ સ્ટેશનોના બાંધકામનું કામ શરૂ થઇ શક્યું નથી જેના કારણે ખેડૂતો પારાવાર મુશ્કેલીમાં મૂકાયા છે. આદિવાસી વિસ્તારની વાત કરું તો આદિવાસી વિસ્તારમાં વન વિભાગ આવે એટલે વન વિભાગવાળા લાઇનો નાંખવા જ નથી દેતા જેના કારણે આદિવાસી વિસ્તારમાં જે વીજળી કનેકશન પૂરતા આપવા જોઇએ એ જંગલ ખાતાના કાયદાને લીધે નથી આપી શકાતા. તો એની અંદર મારું આપના વિદ્યુત બોર્ડને અને ઉર્જા વિભાગને સૂચન છે કે, વહેલામાં વહેલીતકે જેવી રીતે બનાસકાંઠાની અંદર ચારણકા વિસ્તારમાં તમે સૌર ઉર્જા સ્થાપી એવી રીતે આદિવાસી વિસ્તારમાં પણ તમે સૌર ઉર્જા સ્થાપો તો જેના લીધે આદિવાસી વિસ્તારમાં વીજ કનેકશનો મળતા નથી એ મળી શકે. બનાસકાંઠા જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિ જુદા પ્રકારની છે. અરવલ્લીની ગિરિમાળાઓ પૂર્વમાં આવેલી છે અને અંબાજીથી લઇને આખી પૂર્વ પટ્ટી આદિવાસી લોકોથી ભરપૂર ભરાયેલી છે એ ગિરિમાળાઓની અંદર ઝડપથી પવનચક્કી જો નાંખવામાં આવે અને પવનચક્કીથી જો વીજળી ઉત્પન કરવામાં આવે તો પણ જે વીજ લાઇનના વન ખાતાના પ્રશ્નો છે એ વહેલામાં વહેલીતકે હલ થઇ શકે એવા ઉજળા સંજોગો છે. આ બધા કારણોને લીધે બનાસકાંઠાના વિકાસમાં જે પ્રમાણે ઘ્યાન આપવું જોઇએ એ પ્રમાણે ઉર્જા વિભાગે પૂરેપૂરું આપ્યું નથી. બીજી વાત કરું તો અત્યારે ગામડાંની અંદર જી.ઇ.બી. બોર્ડનો ૧૦-૨૦-૨૫-૫૦ મોટરોનો કાફલો જાણે કોઇ મોટા લૂંટારુઓને સર કરવાનો ન હોય એવી રીતે ગામડાંની અંદર ચેકીંગ કરવા આવે છે.

શ્રી રણજિતભાઇ મં. ગિલિટવાલા(સુરત (પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના માનનીય ઉર્જામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ ૨૦૧૬-૧૭ના વર્ષ માટે ઉર્જા વિભાગની માગણી ક્રમાંક ૧૨, કર વસૂલાત ખર્ચ મહેસૂલ માટે કુલ ૨૦,૮૩,૭૧,૦૦૦ની માગણી લઇને આવ્યા છે તેને હું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઇન્ડિયન ઇલેક્ટ્રિસિટી એક્ટ અને તેની નીચે ઘડવામાં આવેલા નિયમોનો અમલ જેને સોંપવામાં આવેલ છે એવી બે ઓફિસ, એક ઓફિસ ઓફ ધ ઇલેક્ટ્રીકલ ઇન્સ્પેક્ટર અને બીજી ઓફિસ ઓફ ધ કલેક્ટર ઓફ ઇલેક્ટ્રિસિટી ડ્યૂટી. આ બે ઓફિસો ચાલે છે. એ કચેરીનો જે સ્ટાફ છે તે લોકોના ખર્ચ માટેની આ સંપૂર્ણ માગણી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ બંને કચેરીના અધિકારીશ્રીઓના પગાર, એમના કર્મચારીઓના પગાર, મોંઘવારી ભથ્થું, લીવ ટ્રાવેલ કન્સેસન, રીઅમ્બર્સમેન્ટ ઓફ મેડિકલ ચાર્જ , મેડિકલ એલાવન્સીસ, લીવ એનકેશમેન્ટ, હાઉસ રેન્ટ એલાવન્સીસ, ટ્રન્સપોર્ટ એલાવન્સીસ, કચેરીનો ખર્ચ અને ભાડાકર દર વગેરે ખર્ચની ચૂકવણી કરવા માટે આ માગણી કરવામાં આવી છે. આ રેવન્યુ નેચરનો ખર્ચ છે અને સામાન્ય રીતે થતો હોય એવો ખર્ચો છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિભાગનું અસરકારક સંચાલન કરવા નીમાયેલા તમામ કર્મચારીઓને લગતો ખર્ચ અને કચેરી સંચાલનનો ખર્ચ એ રાજયની committed responsibility છે. અને તેને પહોંચી વળવા માટે આ માગણી કરવામાં આવી તે બહુ સ્વભાવિક છે. This is how to pay. કયાંક તમે capital project અટકાવી શકો તો તમરા પૈસા ઓછાં હોય તો તમે અટકાવી શકશો. પણ at the end of every month સાહેબ તેમના જે બિલ બનતાં હોય તે સામાન્ય સંજોગોમાં તેમને આપવા પડતા

હોય છે. અમારા તો સરકાર ખાતામાં જમા કરી દે છે. This is a committed responsibility અને આ કર્મચારીઓના પગાર થવામાં થતો વિલંબ તે ના કરીએ તો રાજય સરકારની ઈમેજ ઉપર ખૂબ મોટી અસર પડે એટલે આ કામ આપણે કરવુ પડતું હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ electricity duty collection ખર્ચ માટેની માગણી કરવામાં આવી છે ત્યારે વિભાગ દ્વારા નજીકના વર્ષોમાં મેળવવામાં આવેલ ઈલેકિટ્રસિટી ડયુટીની આવક ધ્યાનમાં લેવાય છે. Title આ પ્રમાણે છે કે કર વસૂલાત કરવા માટેનો ખર્ચ. તો કેટલો કર વસૂલ થયો, કેટલો ખર્ચ થયો તે બન્નેને correspondingly કમ્પેર કરવામાં આવે તો આ વિભાગ કે આ કર્મચારીઓની કામગીરીની આપણે અસરકારક રીતે મૂલવણી કરી શકીએ.

માનનીય અધ્યક્ષશ્રી, electricity duty collection જે હતુ ૨૦૧૩-૧૪માં ૪૬૯૨ કરોડ, ૨૦૧૪-૧૫માં ૫૭૭૭ કરોડ, ૨૦૧૫-૧૬માં ૫૯૧૭ કરોડ, ૨૦૧૬-૧૭માં ૬૫૦૬ કરોડ રૂપિયાની ઈલેકિટ્રસિટી ડયુટી કલેકટ કરવામાં આવેલી. તેની પાછળનો કલેકશનનો ખર્ચ આ માગણી છે અલમોસ્ટ પૂરી થતી હોય છે. વર્ષ ૨૦૧૩-૧૪માં ૧૮ કરોડ ૩૪ લાખ, ૨૦૧૪-૧૫માં ૨૩ કરોડ ૩૪ લાખ, ૨૦૧૫-૧૬માં રિવાઇઝ છે તે ૧૮ કરોડ ૯૫ લાખ અને ૨૦૧૬-૧૭ જે બજેટ છે તેમાં estimated expenditure is ૨૦.૮૩ કરોડ રૂપિયા. હવે આ બન્નેને કમ્પેર કરવાની ખૂબ જરૂર છે આંકડાની જગ્યાએ બરાબર છે પણ percentagewise compare કરો તો જ electricity duty માં થયેલી અને થનાર કારણ કે રિવાઈઝ પણ છે ને પ્રપોઝ પણ છે. થયેલી વસૂલાત કરવામાં થયેલ ખર્ચની વિગત જોવામાં આવે તો ૨૦૧૩-૧૪માં percentage was ૦૩૯%, ૧૪-૧૫માં - .4%, ૧૫-૧૬માં - .32%, અને ૨૦૧૬-૧૭માં ૩૨ પૈસા. મારો કહેવાનો ભાવાર્થ એવો થાય છે કે આપણે જયારે એકસો રૂપિયા વસૂલ કરવાના હોય ઈલેકિટ્રસિટી ડયુટીના તો તેની વસૂલાત માટેનો ખર્ચ આવે છે ૩૨ થી ૪૦ પૈસા. આવકને પણ તમે વિચારો કે આવક વધતી ગઇ છતાં તેના કલેકશન ખર્ચ તે in terms of percentage, તે ૩૦ થી ૪૦ પૈસાની વચ્ચે એટલે ઈલેકિટ્રસિટી ડયુટી વસૂલાત ખર્ચ અત્યંત કરકસરયુકત છે અને ઉર્જા પેટ્રોકેમિકલ્સ વિભાગની આ માગણીને હું અનુમોદન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, Office of the Collector of Electricity Duty દ્વારા અન્ય વીજ કરની વસૂલાતનું કામ કરવામાં આવે છે એવું નથી, ફકત વીજકરની વસૂલાત કરે છે એવુ નથી, પણ ઉદ્યોગોને અને પ્રજાજનોને કાયદા હેઠળ મળવાપાત્ર માફી અને રાહત આપવાની કામગીરી પણ વિભાગ કરે છે. રાજયના વીજ વપરાશ કરનાર તમામ કક્ષાના ગ્રાહકોને વીજ કરનો યોગ્ય ડર લાગે અને વસૂલ થયેલી રકમ ટ્રેઝરીની અંદર સમયસર ભરાય તેની ઉપર પણ આ વિભાગ દેખરેખ રાખે છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિભાગ વીજકરના દરોમાં રાહત અંગેના હુકમો કરવાની સત્તા ધરાવે છે. જેમ કે વીજકરના અયોગ્ય દર યોગ્ય કરવામાં આવે છે. વીજકરની વિલંબિત ચૂકવણી પર વ્યાજ અને પેનલ્ટી કરવામાં આવે. વીજકરની વસૂલાતમાં યોગ્યતા મુજબ હપ્તા નક્કી કરવાની પણ કામગીરી આ લોકો કરે છે. આ ઓફિસ મારફતે વીજકર માફી યોગ્યતા પ્રમાણપત્ર પણ આપવામાં આવે છે અને પરવાનેદાર પાવર અને સ્વવીજ ઉત્પાદન કરનારાને માફી પ્રમાણપત્ર આપવાની કામગીરી પણ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. આ એફીસીયન્સીની વાત કરતાં કરતાં એમ થાય કે, સરકારને શું લાભ? આ છેલ્લા દસેક વર્ષની અંદર રાજય સરકાર દ્વારા રાજયની સામાન્ય જનતા ઉપર વેરો અને બોજો વધે નહીં એવી કાળજી રાખવામાં આવી છે. તા. ૧-૭-૨૦૦૪થી ખેડૂતો ઉપર લાગતો ૫ ટકાનો વીજકર સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવ્યો છે. ૧૯૮૩માં રહેણાંકનો મહત્તમ વીજદર ૨૫ ટકા હતો જે હાલમાં ૧૫ ટકા છે. હોટલ, રેસ્ટોરન્ટ પ્રવાસન માટે લાગતો ૪૫ ટકાનો દર ઘટાડીને ૨૫ ટકા જેટલો કરી દેવામાં આવ્યો છે. Residuary વર્ગના ગ્રાહકોને ૬૦ ટકા દર ચાલતો હતો તેને પણ ઘટાડીને ૨૫ ટકા કરવામાં આવ્યો છે. ઉદ્યોગો પરનો વીજદર ૨૦ ટકા હતો તેને પણ ઘટાડીને ૧૫ ટકા કરવામાં આવ્યો છે. તો આ વિભાગની જે કામગીરી કરી છે એ માટે આ વિભાગ ખરેખર અભિનંદનને પાત્ર છે. They are passing on the benefits to the common people. બધા જ લોકોને થોડી થોડી જયાં આગળ જરૂર પડી તે પ્રમાણે એના વીજ દરમાં ઘટાડો કરીને ગુજરાતની જનતાને ઘણો બધો લાભ કર્યો છે ત્યારે હું માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી અને ઉદ્યોગ વિભાગને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને આ માગણીને પણ અનુમોદન આપું છું. આભાર.

શ્રી જયેશકુમાર વિ. રાદડીયા ( રાજય કક્ષાના પ્રવાસન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું મારા પ્રવાસન વિભાગની જે માગણીઓ લઇને આવ્યો છું તેમાં આ સન્માનનીય ગૃહના સભ્યશ્રીઓએ પોતાની વાત રજૂ કરી છે. જયારે પ્રવાસન વિભાગની વાત આવે ત્યારે આ ગૃહના તમામ સભ્યશ્રીઓ અને ગુજરાતની સાડા છ કરોડની જનતા સારી રીતે જાણે છે કે, ગુજરાતના જે કંઇ પ્રવાસનના સ્થળો છે, ધાર્મિક સ્થાનો છે, કે એવા અલગ અલગ પ્રવાસનના સ્થળો હોય કે જેને આ સરકારે બનાવ્યા નથી, પરંતુ પ્રવાસન વિભાગ અને રાજય સરકારની સતત કામગીરીથી આવા આપણા પ્રવાસનના સ્થળો હોય કે ધાર્મિક સ્થાનો કે જે આજે વર્ષ ૨૦૧૫-૧૬ના અંતે આવા ધાર્મિક મંદિરોના વિકાસની વાત હોય કે આપણા પ્રવાસન સ્થળોની જયારે વિકાસની વાત હોય ત્યારે આ દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદીને હું ગુજરાત રાજય વતી ખૂબ ખૂબ અભિનંદન એટલા માટે આપું છું કે, આદરણીય નરેન્દ્રભાઇ જયારે ગુજરાતના મુખ્ય મંત્રી હતા ત્યારે વર્ષ ૨૦૦૬ને પ્રવાસન વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કર્યું, ત્યારે પ્રવાસન વિભાગનું બજેટ માત્ર ૩૫ કરોડ રૂપિયાનું હતું, એ આજે વધીને ૪૫૨ કરોડ રૂપિયા સુધી પહોંચ્યું હોય અને ગૃહની અંદર જયારે પ્રવાસન વિભાગની વાત આવતી હોય, હરહંમેશાં કહેવામાં આવે કે, આ વિભાગ દ્વાર ઉત્સવો કરવામાં આવે છે. આપણા ગુજરાત રાજયમાં કળા હોય, સંસ્કૃતિ હોય એ આપણો વારસો છે અને તમામ ગુજરાતીઓ જયારે આવા ઉત્સવોની વ્યવસ્થિત રીતે ઉજવણી કરતા હોય, ત્યારે સ્વાભાવિક છે કે રાજય સરકાર એને પ્રવાસન વિભાગના સહયોગથી પતંગ મહોત્સવ હોય, નવરાત્રી મહોત્સવ હોય કે જે આવા ઉત્સવોને રાજયની પ્રજા જયારે આ ઉત્સવોને મન ભરીને માણતી હોય ત્યારે સરકારના પ્રવાસન વિભાગ દ્વારા આ

ઉત્સવોને સારી રીતે ઉજવી અને આપણા ગુજરાત રાજયનું નામ દેશ લેવલે અને દુનિયા લેવલે જયારે ગુજરાતની નામના થઇ હોય ત્યારે મારા વિભાગનું જે ૪૫૨ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. એમાં પ્રવાસન ઉદ્યોગ માટે વર્ષ ૨૦૧૬–૧૭માં રૂપિયા ૪૫૨ કરોડ સૂચવવામાં આવ્યા છે. પ્રવાસન ઉદ્યોગને વધુ વેગવંતો બનાવવા માટે એક નવતર અભિગમ હાથ ધરીને સન ૨૦૧૬–૧૭માં મહત્વકાંક્ષી નિર્ણયો પણ અમલમાં મુકવામાં આવ્યા. ગુજરાત રાજયની બહારના અન્ય રાજયના સરકારી અધિકારીઓ, કર્મચારીઓ, ભારત સરકારના અધિકારીઓ, કર્મચારીઓ તથા ભારત સરકારના તથા અન્ય રાજય સરકારના બોર્ડ નિગમના કર્મચારીઓ, અધિકારીઓને એલ.ટી.સી. મળતું હોય છે ત્યારે ગુજરાતમાં આકર્ષવા પ્રોત્સાહન આધારિત નીતિ અમલમાં મૂકીને પાંચ કરોડ રૂપિયાની નવી બાબત સૂચવવામાં આવી છે. રાજયના મહત્વના શહેરોમાં પ્રાથમિક ધોરણે સિટી દર્શન ટૂર શરૂ કરવામાં આવી એના માટે બે કરોડ ૫૦ લાખની નવી બાબત સૂચવવામાં આવી છે.

(અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)

વાસીઓની યાત્રા સુખદ સરળ બની રહે તથા ભાષાના પ્રશ્નો ન નડે તે માટે ટુરિસ્ટ પોલિસીની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે એના માટે ૫૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. પ્રવાસન ઉદ્યોગ સાથે ફિલ્મ ટુરીઝમને વેગવંતુ બનાવવા માટે ફિલ્મ શુટીંગ સ્થળોને વધુ આકર્ષિત કરવાના હેતુથી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે એના માટે દસ કરોડની નવી બાબત સૂચવવામાં આવી છે. વાયબ્રન્ટ ગુજરાત સમિટ જે સન ૨૦૧૭માં યોજાનાર છે એમાં સદરહુ મેગા ઈવેન્ટના ભાગરૂપે પ્રવાસનને વિશ્વ ફલક ઉપર મૂકવા માટે સાત કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. ઇન્ટીગ્રેટેડ ડેસ્ટીનેશન ડેવલપમેન્ટ અંતર્ગત ૬૬ કરોડની નવી બાબતો અને એના મહાત્વકાંક્ષી પ્રોજેકટો હાથ ધરવામાં આવશે.

જયારે પ્રવાસન વિભાગની શરૂઆત થઇ અને ૨૦૦૬ને પ્રવાસન વિભાગ તરીકે ઉજવ્યું ત્યારથી લઇને ૨૦૧૩–૧૪માં પ્રવાસીઓની સંખ્યા ૨૮૭.૨૮ લાખ હતી એની સામે સન ૨૦૧૪–૧૫માં એ વધીને ૩૨૬.૯૧ લાખ થઇ. એટલે કે એમાં ૧૩.૫ ટકાનો વધારો સૂચવે છે. આ વર્ષે ૨૦૧૬–૧૭ના અંતે ૧૫ ટકાએ વધારાને લઇ જવાનો અમારો લક્ષ્યાંક છે. રાજય બહારના પ્રવાસીઓ ગુજરાતમાં આવ્યા એમાં જોઇએ તો સન ૨૦૧૩–૧૪માં ૬૦.૬૧ લાખ હતા એની સામે સન ૨૦૧૪–૧૫માં ૭૪.૧૫ લાખ થયા એમાં પણ ૨૩ ટકાનો વધારો સૂચવે છે. વિદેશી પ્રવાસીઓની વાત એન.આર.આઇ.ની વાત કરીએ તો સન ૨૦૧૩–૧૪માં ૫.૬૬ લાખ આવ્યા હતા એની સામે સન ૨૦૧૪–૧૫માં ૬.૩૩ લાખ આવ્યા એટલે કે એમાં ૧૫.૧૭ ટકાનો વિદેશી પ્રવાસીઓમાં વધારો થયો છે.

આ રીતે પ્રવાસનની સાથે સાથે એમાં ઉત્સવોનું આયોજન પણ થતું હોય છે. કચ્છની અંદર રણોત્સવ કે જે સમગ્ર રાજય માટે એક નમૂનેદાર કહી શકાય. કચ્છમાં રણોત્સવનો કાર્યક્રમ થતો હોય, કચ્છ નહિ દેખા તો કુછ નહિ દેખા. રણોત્સવનો કાર્યક્રમ માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો ત્યારે સેંકડો પ્રવાસીઓએ એનો લાભ લીધો હતો. સન ૨૦૦૫માં કચ્છ કલેકટર દ્વારા રણોત્સવની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ સન ૨૦૦૯માં ૩ દિવસ માટે, ૨૦૧૦માં ૧૫ દિવસ માટે, સન ૨૦૧૩–૧૪માં અને ૨૦૧૫–૧૬માં એટલા બધા પ્રવાસીઓએ લાભ લીધો કે જેમાં દેશના અને વિદેશના પ્રવાસીઓ લાભ લેતા હોય છે એ ૯૫ દિવસ સુધી ચાલુ રહ્યો જેણે ગુજરાતની વિકાસ ગાથામાં સ્થાન મેળવી લીધું છે. ચાલુ વર્ષે બે લાખ પાંચ હજાર લોકોએ સફેદ રણની મુલાકાત લીધેલી. આ રણોત્સવ દરમ્યાન ૪૫,૦૦૦ જેટલા પ્રવાસીઓ એવા હતા કે જેમણે રાત્રિ રોકાણ કરેલું હતું. આ રણોત્સવને કારણે પ્રવાસીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થાય, સાથે સાથે સ્થાનિક લોકોને રોજગારીની તકો વધુમાં વધુ પ્રાપ્ત થાય તે માટે આ પ્રવાસન વિભાગ જયારે કામ કરી રહ્યું છે. સાથે સાથે નવરાત્રિ ઉત્સવ. વિશ્વમાં સૌથી લાંબામાં લાંબુ નૃત્ય પર્વ એટલે આપણો નવ દિવસ ચાલતો નવરાત્રિ મહોત્સવ. ચાલુ વર્ષે આયોજન થયું ત્યારે લગભગ ૬,૭૫,૦૦૦થી વધારે લોકો એટલે કે એક–એક દિવસે ૮૦,૦૦૦થી લઇને ૧,૦૦,૦૦૦ ભાઇઓ–બહેનો સ્થળ ઉપર ગરબા રમતા હોય. ૬,૭૫,૦૦૦થી વધારે લોકોએ આ નવરાત્રિ મહોત્સવની મુલાકાત પણ લીધી.

એવી જ રીતે આપણો આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ. ચાલુ વિધાનસભામાં મેં પ્રશ્નના જવાબમાં પણ કહ્યું હતું કે પતંગ મહોત્સવની જયારથી શરૂઆત થઇ ત્યારે રાજય સરકાર અને પ્રવાસન વિભાગના સતત પ્રયત્નોથી આપણે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ કે જેમાં આપણાં રાજયના, બહારના રાજયના અને વિદેશના લગભગ ૧૩ જેટલા સ્થળોએ આની ઉજવણી થઇ રહી છે અને આ પતંગ મહોત્સવથી પતંગ માર્કેટમાં ૬૦૦ કરોડથી વધારેનું ટર્નઓવર થયું છે અને રોજગારી પણ પ્રાપ્ત થઇ છે. એ સિવાય પ્રવાસન વિભાગ દ્વારા જે કંઇ આયોજનો કરવામાં આવ્યા છે તેમાં સાપુતારા ખાતે મોન્સૂન ફેસ્ટીવલ અને પેરાગ્લાઇડીંગ ફેસ્ટીવલ, તરણેતરનો મેળો, પોલો ઉત્સવ અને પોલો સાઇકલ રેસ, બીચ ફેસ્ટીવલ, ચાંપાનેર ખાતે પંચમહોત્સવ, મોઢેરા નૃત્ય મહોત્સવ, ડોન મહોત્સવ, સાસણ મહોત્સવ, પહેલાં આપણે મેંગો ફેસ્ટીવલ કરતા, હવે સાસણ મહોત્સવ કરીએ છીએ. કેવડીયા મહોત્સવ, સિટી હેરીટેજ મહોત્સવ, સાબરમતી મહોત્સવ, સાહિત્ય મહોત્સવ, રણ મહોત્સવ અને ચાલુ વર્ષે બર્ડ સફારી ફેસ્ટીવલ તે નળ સરોવર ખાતે પ્રથમ વખત પ્રવાસન વિભાગે તેનું આયોજન કર્યું અને દર વર્ષે બર્ડ સફારી ફેસ્ટીવલનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સભ્યશ્રી દુષ્યંતભાઇ વાત કરતા હતા, આંતર માળખાકીય સુવિધાઓની. રાજયના પ્રવાસન વિભાગ તરફથી વર્ષ ૨૦૧૬–૧૭ માટે નવી બાબતો સહિત કુલ રૂ. ૨૪૪ કરોડની જોગવાઇ જયારે સૂચવવામાં આવી હોય છેલ્લા એક વર્ષમાં ૧૦ પ્રવાસન પરિયોજનાઓ કે જે ૮૧. ૯૧ કરોડના ખર્ચે કામ પૂર્ણ કરવામાં આવ્યા છે. તેમાં ડેવલપમેન્ટ ઓફ વીર મેઘમાયા મંદિર– પાટણ ખાતે ૨૫૦ લાખના ખર્ચે, ઇન્સ્ટીટ્યૂટ ઓફ હોટલ મેનેજમેન્ટ કોલેજ– કોલવડા, તાલુકો સિદ્ધપુર–૨,૨૦૧ લાખ, ધોરડો ખાતે ૩૦ ભૂંગા ૧,૧૨૫ લાખ, ચોટીલા મંદિરની આજુબાજુમાં વિકાસ માટે ૭૫૦ લાખ, ડેવલપમેન્ટ ઓફ નાગેશ્વર મંદિર–દ્વારકા–૪૦૨ લાખ, ઉનાઇ માતા મંદિર

ઉનાઇમાં ૨૯૫ લાખ, શામળાજીમાં ત્રણ નવા મંદિર ૪૨૫ લાખના ખર્ચે આ કામ પૂર્ણ કરેલું છે. સાથે નવ નવી પ્રવાસન પરિયોજનાઓ કે જે ૨૩.૭૨ કરોડના ખર્ચે અત્યારે કાર્યરત છે. તેમાં ધોરડો ખાતે કન્સ્ટ્રકશન ઓફ વિઝીટર ફેસીલીટેશન સેન્ટર ઇન્ડિયા બ્રીજ ૧૦૭ લાખના ખર્ચે, ઇન્ફર્મેશન સેન્ટર સાંતલપુર ક્રોસ રોડ–૧૬૦ લાખના ખર્ચે, construction of Otla and basic facilities ૮૧ લાખના ખર્ચે, development of tourist facility ભટકેશ્વર– ૫૫૦ લાખ, ડેવલપમેન્ટ ઓફ રેંકડીબજાર સાપુતારા–૪૯૮ લાખ, construction of cap type bungalow સાપુતારા ૨૦૮ લાખ, construction of dormitory ૫૨૩ લાખ સાપુતારા ખાતે. ઉનાઇ માતા મંદિરની આજુબાજુમાં વિકાસના ભાગ–૨માં પેકેજ–૨– ૨૩૦ લાખ રૂપિયા. ચાલુ વર્ષે આગામી વર્ષમાં પાંચ નવી પરિયોજનાઓ જે પ્રવાસન વિભાગે રૂ. ૨૧.૯૮ના ખર્ચે અમલમાં મૂકી છે તેમાં development of રામેશ્વર મંદિર–માંડવી ખાતે ૧,૩૭૭ લાખ, providing furniture in cap type bungalow સાપુતારા ૨૦૫ લાખ, repair and renovation of સિદ્ધેશ્વર મહાદેવ મંદિર ૨૩૮ લાખ, development of tourists facility at Holiday Home તીથલ–૧૫૬ લાખ, construction of compound wall, internal pathway સેકટર૧૯, ગાંધીનગરમાં ૨૨૨ લાખ. આવનારા દિવસોમાં નવી પરિયોજનાઓનું પ્રવાસન વિભાગ દ્વારા કાર્ય કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, એ સિવાય પ્રવાસન વિભાગ દ્વારા દરેક જિલ્લા કલેક્ટરશ્રીઓને રૂપિયા દસ કરોડની ગ્રાન્ટ કે જે જિલ્લાના સ્થાનિક એવા પ્રવાસનના સ્થળો હોય એમાં એને જિલ્લા પ્રવાસન સમિતિ હસ્તક લઇ અને જે તે જિલ્લાના પ્રવાસન સ્થળોના ડેવલપમેન્ટ માટે અમે કામગીરી કરીએ છીએ. એમાં ચાલુ વર્ષે ૧૫ જિલ્લાઓને ૧૦૨ કરોડ રૂપિયાની ગ્રાન્ટ પણ આપવામાં આવી છે. કોસ્ટલ ટુરિઝમની જ્યારે વાત આવે ત્યારે ગુજરાતમાં ૧૬૦૦ કિ.મી.નો દરિયા કાંઠો આપણને મળ્યો હોય ત્યારે આ દરિયા કાંઠાના ડેવલપીંગ માટે એમાં દ્વારકાથી લઇને દાંડીબ્રિજ સુધીના જે જે સ્થળો આવતા હોય એના ડેવલપમેન્ટ માટે દ્વારકામાં ભટકેશ્વર સનસેટ પોઇન્ટ અને ગોમતી ઘાટના કામ રૂ.૬૭૦૦/– લાખના ખર્ચે અત્યારે પૂર્ણતાના આરે છે. ગીર–સોમનાથમાં બ્રિજ ડેવલપમેન્ટનું રૂ.૨૮૦૦/– લાખના ખર્ચે આયોજન કરવામાં આવ્યું છે. ચોરવાડ ખાતે રહેવાની સુવિધા માટે પીપીપી મોડલ ઉપર હોટલ બનાવવાનું રૂ.૧૫૦૦/– લાખના ખર્ચે આયોજન કરવામાં આવ્યું છે. પોરબંદરમાં ચોપાટી અને શીતળા માતા ચોકનું રૂ.૧૨૦૦/–લાખના ખર્ચે આયોજન થયું છે અને એનું કામ પણ પ્રગતિમાં છે. જામનગરના નરારા બેટનું રૂ.૧૦૦/– લાખના ખર્ચે ડેવલપમેન્ટ કરવાનું આયોજનમાં છે. કચ્છમાં માંડવી ખાતે પીપીપી મોડલ ઉપર હોટલનું કામ રૂ.૫૦૦૦/– લાખના ખર્ચે પ્રગતિમાં છે. તિથલમાં હોટલ અને રિસોર્ટ રૂ.૧૦૦૦/– લાખના ખર્ચે બનાવવાનું આયોજનમાં છે. વલસાડ જિલ્લામાં ઉમરગામ બ્રિજના ડેવલપમેન્ટ માટે રૂ.૧૫૦૦/– લાખના કામ પૂર્ણતામાં છે. નવસારી જિલ્લામાં ઉભરાટ ખાતે રૂ.૫૦૦/– લાખના ખર્ચે ડેવલપમેન્ટની કામગીરી ચાલી રહી છે. નવસારી જિલ્લામાં દાંડી બ્રિજ ખાતે રૂ.૫૦૦/– લાખની કામગીરી અત્યારે ચાલી રહી છે. એ સિવાય પ્રવાસન પરિયોજનાના વિકાસ માટે રાજ્ય સરકારે તા.૨–૩–૨૦૧૫ના ઠરાવથી ગ્રીન ફિલ્ડ અને ગ્રાઉન્ડ ફિલ્ડની કામગીરી પીપીપી ધોરણે સંચાલન અને વિકાસ કરવાનો નિર્ણય કરેલો છે. આ ઉપરાંત નવ જેટલા સ્થળોનો પીપીપી ધોરણે વિકાસ કરવા માટે ટેન્ડરો પણ મગાવવામાં આવેલા છે. છ જેટલા સ્થળોને વિકસાવવા માટેની કામગીરી પણ ચાલી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રવાસન વિભાગના જે કોઇ કામ થાય, રાજ્ય બહારના અને વિદેશના પ્રવાસીઓ વધુમાં વધુ આ ગુજરાતના સ્થળોની મુલાકાત લે તે માટે પ્રચાર પ્રસાર પાછળ વર્ષ ૨૦૧૬–૧૭ના અંદાજપત્રમાં રૂ.૪૦/– કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ખુશ્બુ ગુજરાત કી પ્રચાર હેઠળ આનું વ્યવસ્થિત રીતે માર્કેટીંગ થાય છે અને જે રીતે ગયા વર્ષની સાપેક્ષમાં ટૂરિઝમમાં પ્રવાસીઓનો વધારો થયો છે અને આ વર્ષમાં ગ્રોથ ૧૫ ટકા સુધી લઇ જવાનું આ વિભાગ જ્યારે કામ કરી રહ્યો છે ત્યારે પ્રસાર અને પ્રચાર પાછળના ખર્ચમાં નોંધપાત્ર વધારો થયો છે. જેના માટે રૂ.૪૦/– કરોડની જોગવાઇ પણ કરવામાં આવી છે. સતત વધતા જતા પ્રવાસનને લીધે આ વિભાગને ભારત સરકાર દ્વારા એવોર્ડ આપવામાં આવ્યો છે. વર્ષ ૨૦૦૬થી શરૂ કરી ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫માં ભારત સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા ચાર પુરસ્કારો આ પ્રવાસન વિભાગને મળ્યા છે એમાં પ્રવાસનનો સર્વગ્રાહી વિકાસ– એમાં ગુજરાત રાજ્ય પ્રથમ નંબરે રહ્યું છે અને શ્રેષ્ઠ રાજ્યનો એવોર્ડ આપણા પ્રવાસન વિભાગને આપવામાં આવ્યો છે. શ્રેષ્ઠ ગ્રામીણ પ્રવાસન પરિયોજના– કચ્છના આપણા રણોત્સવને ભારત સરકાર તરફથી એવોર્ડ આપવામાં આવ્યો છે. શ્રેષ્ઠ પ્રવાસન પ્રોત્સાહન અને પ્રચાર સામગ્રી – ગુજરાતના ૫૦ સ્વર્ણિમ સ્થળોનો એમાં સમાવેશ કરવામાં આવ્યો છે. શ્રેષ્ઠ ફિલ્ડ પ્રોત્સાહન મૈત્રીપૂર્ણ રાજ્ય– એમાં ભારત સરકાર તરફથી એવોર્ડ આપવામાં આવ્યો છે. જ્યારે પ્રવાસીઓની આટલી બધી સંખ્યા આ રાજ્યમાં વધતી જતી હોય ત્યારે સ્વાભાવિક રીતે પ્રવાસન વિભાગે હોટલોની વ્યવસ્થા કરી અને વધુમાં વધુ રૂમ આપી પ્રવાસીઓને સગવડ આપવા માટે અને એમની સલામતી રહે તે માટે આ વિભાગ દ્વારા કામગીરી કરવામાં આવે છે. એમાં સ્થાનિક લોકોને રોજગારી મળે એ માટે હોમ સ્ટેપ પોલિસી આ રાજ્ય સરકારે અમલમાં મૂકી અને ૨૦૧૬–૧૭ના અંદાજપત્રમાં રૂપિયા ૨ કરોડની જોગવાઇ સૂચવવામાં આવી છે. તા. ૨૦–૧૧–૨૦૧૪ના રોજ આ પોલિસીની જ્યારે જાહેરાત થઇ અને ૪૨૨ અરજીઓ સ્થાનિક લોકોની આ વિભાગને મળી હતી એમાંથી ૨૨૨ રજિસ્ટ્રેશન કરવામાં આવ્યા છે અને સ્થાનિક જગ્યા ઉપર રોજગારી મળે એ માટે આ વિભાગે પરવાનગી આપી છે. તેઓની તાલીમથી લઇને બધી કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૦ની નવી પ્રવાસન નીતિ જાહેર કરવામાં આવી અને પ્રથમ વખત આદરણીય મુખ્યમંત્રીશ્રીએ આ પોલિસી જાહેર કરી અને પ્રવાસન વિભાગને ઉદ્યોગનો દરજ્જો આપ્યો. ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ આ પોલિસી જાહેર થઇ અને આ પોલિસી અંતર્ગત કેપિટલ સબસિડી, વ્યાજની સબસિડી, રજિસ્ટ્રેશન, સ્ટેમ્પ ડ્યૂટીમાં રાહત, લકઝરી ટેક્સ, મનોરંજન કર, વીજ કર, એમ અલગ અલગ જગ્યાએ પ્રોત્સાહન આપી અને આ પ્રવાસન નીતિ ૨૦૧૫ થી ૨૦ સુધીથી જે જાહેરાત થઇ છે એમાં આવતા દિવસોમાં

વધુમાં વધુ પ્રવાસીઓને આનો લાભ થવાનો છે. માનનીય સભ્યશ્રી પુંજાભાઇ કહેતા હતા કે, આ સરકાર નીતિ બનાવે છે પરંતુ સરકારની નિયત બરાબર નથી. આ પોલિસીને જાહેર થયાને છ મહિના થયા છે. આ છ મહિનાના ટૂંકા ગાળાની અંદર ૫૦ પ્રોજેક્ટનું ઓન લાઇન રજિસ્ટ્રેશન આવ્યું અને ૨૬૦૦ કરોડનું મૂડીરોકાણ આ પોલિસી દ્વારા થનાર છે. નવી પોલિસીનો વધુમાં વધુ લાભ મળે એ માટે આ વિભાગ કામગીરી કરી રહ્યો છે. આપણા પવિત્ર યાત્રાધામો, પ્રવાસન વિભાગની સાથે યાત્રાધામો, અંબાજી, દ્વારકા કે સોમનાથ હોય એવા અલગ અલગ સ્થળો અને એના માટે પણ પવિત્ર યાત્રાધામ વિકાસની કામગીરી માટે અંદાજે ૧૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ સૂચવવામાં આવી છે. નવા જે મહત્ત્વના પ્રોજેક્ટો આવતા દિવસોમાં કરવામાં આવનાર છે એમાં સંત નગરી, ભારતના વિવિધ સંતોના મહાત્મ્ય અને ઉચ્ચ વિચારને વિશિષ્ટ સ્વરૂપમાં લોકોની વચ્ચે મૂકવા અને સંકુલનું નિર્માણ કરવું, સંકુલમાં વિવિધ ક્લસ્ટર બનાવી તેમાં વિવિધ સંતોના મહાત્મ્ય અને ઉચ્ચ વિચારના મૂલ્યોને સંતો વિશેની માહિતી આપી, તેમની જીવનશૈલી, તે પ્રદેશની સંસ્કૃત્તિ તથા જીવન પ્રણાલિ ઉજાગર કરવી તથા દર્શનાર્થીઓ માટે રહેવા-જમવાની સુવિધા માટે ૫૭૫ કરોડનો પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો છે અને આ અંદાજપત્રમાં એની જોગવાઇ પણ સૂચવવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય બુદ્ધિસ્ટ સરકીટ અંતર્ગત દેવની મોરી, શામળાજી પાસે ભગવાન બુદ્ધના અસ્થિ મળેલ તે સ્થળનો સર્વાંગી વિકાસ કરવા માટે તેમજ વિશ્વમાં સૌથી મોટી બુદ્ધ પ્રતિમાનું નિર્માણ કરવાની તથા પ્રવાસન ધામ તરીકે યાત્રાળુઓ માટે અલગ અલગ સુવિધાઓનો વિકાસ કરવા બુદ્ધિસ્ટ સરકીટ ઉભી કરવા માટે અંદાજે રૂપિયા ૧૨૧૨ કરોડનો અંદાજ છે એનું પણ આયોજન આ વર્ષના અંદાજપત્રમાં કરીને જોગવાઇ પણ સૂચવવામાં આવી છે. સાથે સાથે ડાકોર, અંબાજી, દ્વારકા, સોમનાથ, શામળાજી, બહુચરાજી અને પાવાગઢ કે જે આપણા ધાર્મિક મંદિરો છે અને વધુમાં વધુ પ્રવાસીઓ જ્યાં દર્શન માટે આવતા હોય અને વિશેષમાં આ પ્રવાસન સ્થળોનો લાભ લઇ શકે એ માટે રાજ્ય સરકાર અને પ્રવાસન વિભાગના યાત્રાધામ વિકાસ દ્વારા એની બજેટમાં જોગવાઇ કરી અને આવનાર દિવસોમાં ટૂરિસ્ટોની સંખ્યા વધુમાં વધુ થાય અને સુખ, શાંતિ અને સલામત રીતે રાજ્ય બહારના પ્રવાસીઓને વ્યવસ્થિત માર્ગદર્શન મળે અને વ્યવસ્થિત રીતે ગુજરાતના તમામ સ્થળો ઉપર ફરી શકે એ માટે આ પ્રવાસન વિભાગની જ્યારે માગણી આવી છે ત્યારે એને મંજૂર કરો એવી વિનંતી છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબતો જાણવા માગું છું. એક તો કચ્છમાં રણોત્સવ દરમિયાન ખૂબ લોકો આવે છે. આપના વિભાગ દ્વારા ટૂરિઝમ વિભાગ દ્વારા જે વ્યવસ્થાઓ થવી જોઇએ એ થતી નથી. એના કારણે એડવર્ટાઇઝ જોઇને આવેલ મધ્યમવર્ગના માણસોને પડતી મુશ્કેલીઓ દૂર થાય એના માટે ટૂરિઝમ વિભાગ દ્વારા રહેવા અને ઇન્ફ્રાસ્ટ્રકચરની વ્યવસ્થા કરવા માગો છો કે કેમ? એવી જ રીતે ત્યાં માતાનો મઢ અને હાજીપીરની જગ્યા પર નિયમિત યાત્રિકો પુષ્કળ આવતા હોય છે ત્યારે ત્યાં પણ ટુરિઝમ ડિપાર્ટમેન્ટના જ કોઇ એવા રહેવાના અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરની વ્યવસ્થા થાય અને ફોસિલ પાર્ક માટે અગાઉ આપે જાહેરાત કરી હતી, એના સંદર્ભમાં જે કામ થવું જોઇએ એટલું ત્યાં થયું નથી. ડાયનાસોરના અવશેષ પણ કચ્છમાં મળ્યા છે અને પ્રાઇવેટ વ્યકિતએ મહેનત કરીને ફોસિલ પાર્ક માટે જરૂરી ખૂબ અવશેષો ભેગા કર્યા છે. તો એ ફોસિલ પાર્કના ડેવલપમેન્ટ માટે રાજ્ય સરકાર કાંઇ વિશેષ કરવા માગે છે કે કેમ ?

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો એ કે, વધુમાં વધુ પ્રવાસીઓ કચ્છના રણોત્સવ ખાતે આવી રહ્યા છે. એટલે મધ્યમવર્ગના જે પ્રવાસીઓ આવતા હોય તેના માટે કચ્છના ધોરડો ખાતે ૨૦૧૪-૧૫થી કુલ ૩૩ ભૂંગાઓ ધોરડો ગ્રામ પંચાયતને પી.પી.પી. મોડલ ઉપર આપણે ચલાવવા આપ્યા હતા. અને આ વર્ષે પણ હમણાં છેલ્લે રણોત્સવનું માનનીય મુખ્યમંત્રીશ્રીએ જ્યારે ઉદ્ઘાટન કર્યું ત્યારે પણ આપણે ત્યાં વધુ ભૂંગાઓ બનાવી અને મધ્યમ વર્ગના લોકો ત્યાં રહી શકે એમાં ૩,૦૦૦/-થી લઇ ૪,૦૦૦/- રૂપિયા સુધીના રેઇટ એના નક્કી કરવામાં આવ્યા છે અને ત્યાં લોકો વધુ માં વધુ સંખ્યામાં આવી રહ્યા છે. અને એના સિવાયની હોમ-સ્ટે પોલીસી કે જે આપણે ત્યાં લાગુ કરી છે, આજુબાજુના વિસ્તારમાં ધોરડો અને આસપાસના વિસ્તારોમાં આવી એક પોલીસી અમલમાં મૂકી અને લોકો ત્યાં પણ રહી શકે, ટેન્ટમાં પણ રહી શકે અને જે કેટેગરીના જેવા પ્રવાસીઓ આવે એને તમામ સગવડો મળે એ માટેનું રાજ્ય સરકાર અને પ્રવાસન વિભાગે આયોજન કર્યું છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસે હું જાણવા માગુ છું કે, વિરમગામમાં ઐતિહાસિક મુનસર તળાવ આવેલું છે, જે મીનલ દેવીએ બંધાવેલું છે અને એ પ્રવાસન સ્થળ તરીકે વિકાસ પામી શકે એમ છે. કારણ કે, ત્યાં ફરતી પાંચસો દેરીઓ છે અને વિરમગામ ઘણા વખતથી પછાત વિસ્તાર તરીકે રહેલું છે. તો ત્યાં જો બોટીંગની વ્યવસ્થા થાય અથવા પ્રવાસન સ્થળ તરીકે એનો વિકાસ થાય તો લોકોને રોજીરોટી મળી શકે. અને નળ સરોવરની વાત કરું તો એ પ્રવાસન સ્થળ તરીકે ખરેખર સ્થાનિક લોકોને રોજી મળવી જોઇએ એના બદલે હવે નથી મળતી અને એ લોકો જે બોટીંગ કરતા હતા અને જે એ લોકો રોટલા શાક વગેરે બનાવી પ્રવાસીઓને ખવડાવતા હતા એના પર પ્રતિબંધ મૂકી દીધો છે ત્યારે સ્થાનિક લોકો દુ:ખી છે. તો એના માટે બંને પ્રશ્નો માટે કાંઇ વ્યવસ્થા કરવા માગો છે કે કેમ?

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે ત્રણ વાત કરી એમાં કહ્યું એમ, દસ કરોડ રૂપિયા દરેક જિલ્લા કલેકટરશ્રીઓને આપણે સ્થાનિક જિલ્લાઓના વિકાસ માટે આપીએ છીએ. એમાં જે કાંઇ પ્રવાસનના સ્થળો લેવાના હોય એ જિલ્લા પ્રવાસન સમિતિમાં આવે ત્યાંથી એની દરખાસ્ત અહીંયા રાજ્ય સરકારના પ્રવાસન વિભાગ તરફ આવતી હોય અને એને મંજૂરી આપતા હોઇએ એટલે આવા જે કાંઇ પ્રવાસનના સ્થળો છે, આવનારા દિવસોમાં એક પણ આવા સ્થળો બાકી ના રહે. કારણ કે, વધુમાં વધુ એનું ડેવલપમેન્ટ થાય એટલે પ્રવાસીઓને સુખ સગવડો મળે એ હેતુથી આ વિભાગ કામ કરી રહ્યો છે.

બીજું બહેનશ્રીએ કહ્યું એમ, નળ સરોવર ખાતે, નળ સરોવર બર્ડ સફારી ફેસ્ટીવલનું ઉદ્ઘાટન કર્યું ત્યારે અમે આ ઉદ્ઘાટન સમારોહમાં ગયા હતા એટલે ત્યાં જે બોટીંગ અને રોજીરોટીમાં સ્થાનિક લોકો જ ત્યાં કામગીરી કરી રહ્યા છે. સ્થાનિક લોકોને જ બોટીંગનું છે અને જમાડવાથી માંડીને એ બધું આ સ્થાનિક લોકોના હાથમાં છે, એટલે સ્થાનિકોની રોજગારીનો પ્રશ્ન રહેતો નથી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, સિદ્ધપુર એ માતૃ ગયા માટે સમગ્ર વિશ્વમાં, પુરા ભારતનું માતૃ ગયાનું એક સ્થળ છે. સરકારે ઘણા બધા પૈસા પણ ત્યાં આગળ ખર્ચ્યા છે તો માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, આપ આને યાત્રા ધામ જાહેર કરવા માગો છો કે કેમ?

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ યાત્રાધામ વિકાસનો પ્રશ્ન છે, છતાં પણ જે યાત્રાધામના મેઇન મેઇન આપણા સ્થળો છે એના બધા માટે રાજ્ય સરકાર યાત્રાધામ વિભાગ હોય કે, પ્રવાસન વિભાગ ગ્રાન્ટ ફાળવે છે એટલે જે કાંઇ આવનારા દિવસોમાં કામો કરવાના થશે એ આ વિભાગ દ્વારા પૂર્ણ કરવામાં આવશે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, એક તો જાણવા માગુ છું કે, જુનાગઢ ખાતે ગીરનાર રોપ-વેની કાર્યવાહી ઘણા સમયથી ચાલે છે, હમણાં કાંઇક ભારત સરકારે ૨૦૧૫માં ક્લીયરન્સ આપ્યું છે. તો હાલ એ ક્યા તબક્કે છે અને આપણે એ કેટલા સમયમાં પૂર્ણ કરવા માગીએ છીએ ?

બીજો સવાલ, ગીરમાં તુલસીશ્યામમાં પણ પ્રવાસીઓ આવે છે. દર્શનાર્થે પણ આવે છે અને ગીરની મુલાકાતે પણ આવે છે એટલે તુલસીશ્યામ, બાણેજ અને કનકાઇ આ મધ્ય ગીરમાં આવોલા છે અને પ્રવાસીઓ આવે છે તો આ ત્રણેય સ્થળોને ડેવલપ કરવા માટે રાજ્ય સરકાર કાંઇ વિચારવા માગે છે કે કેમ?

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ગીરનારના રોપ-વેની જ્યારે વાત છે ત્યારે ૬૫ લાખ રૂપિયા જેવા વન વિભાગને આપણે એનું પેમેન્ટ પણ કરી દીધું છે અને પર્યાવરણની મંજૂરી અર્થે કામગીરી હાલ પ્રગતિમાં છે. સભ્યશ્રી, તમારા વિસ્તારની અંદર આવતું હોય તો જિલ્લા પ્રવાસન સમિતિની મિટિંગ મળે કલેકટરશ્રીની અધ્યક્ષતામાં ત્યારે એ સ્થળોનો ત્યાં ઉલ્લેખ કરો અને એની માગણી કરો કે આ સ્થળોને પ્રવાસન તરીકે વિકસાવો. અમે જિલ્લા કલેકટરોને ૧૦ કરોડ રૂપિયાની ગ્રાન્ટ આપીએ છીએ એમાંથી ત્યાં આપણે ડેવલપ કરી શકીએ અને એ સિવાય કોઇ રહી જતા હોય તો ડાયરેકટ પ્રવાસન વિભાગ પણ ગ્રાન્ટ આપી અને કામગીરી કરી રહી છે.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે મહીસાગર જિલ્લાનો રૈયોલી ડાયનોસોર ધામ એ એશિયામાં પ્રથમ નંબરનું ડાયનોસોર ધામ છે. ત્યાં જવા માટે ઘણા બધા પ્રવાસીઓ આવે છે પણ અટવાય છે કારણ કે ઇન્ફ્રાસ્ટ્રકચરની કોઇ વ્યવસ્થા નથી, રસ્તાઓની પણ સુવિધા નથી, પીવાના પાણી માટેની પણ કોઇ સુવિધા નથી અને રાજયમાંથી ઘણા બધા વિદ્યાર્થીઓ, કોલેજના ટુરિસ્ટો પણ આવે છે એટલે આનું ઇન્ફ્રાસ્ટ્રકચર સારું કરવા માગો છો કે કેમ?

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રોજેકટ હાથ પર લીધો છે અને આ ૨૦૧૬-૧૭ના વર્ષમાં ગ્રાન્ટ ફાળવીને કામગીરી પૂર્ણ કરીશું.

શ્રી ગોવિંદભાઇ પટેલ ( રાજયકક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્શ્રી, આગામી નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ની ઉદ્યોગ અને ખાણ વિભાગની માગણીઓ લઇને સન્માનનીય ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું ત્યારે આ સન્માનનીય ગૃહના સાથી સદસ્યશ્રીઓને ખુશી થાય એવી બાબતોથી મારી વાતની શરૂઆત કરું છું. વર્ષ ૨૦૧૫માં વિશ્વ બેંકે અને ભારત સરકારે ઇ જોબ ડુઇંગ બિઝનેસના સર્વેમાં ભારતમાં ધંધો કરવા માટે શ્રેષ્ઠ ગામ, શ્રેષ્ઠ વિસ્તાર કયો? તેમાં ગુજરાતની પસંદગી કરી છે એ આપણા સૌ માટે આનંદની વાત છે. આપણા ગતિશીલ ગુજરાતના પ્રણેતા એવા આનંદીબેનની નેતૃત્વ શકિત અને તાકાતનો પરિચય આ વસ્તુ બતાવે છે. નેશનલ કાઉન્સીલ ફોર એપ્લાઇડ ઇકોનોમીક રીસર્ચ સંસ્થાએ કરેલા સર્વેમાં પણ ગુજરાતને પ્રથમ ક્રમ આપેલો છે. સી.એન.બી.સી.એ ઇન્ડેક્ષ બીને રોડ મેપમાં ગુજરાતને પ્રથમ ક્રમ આપેલો છે. દેશમાં મૂડી રોકાણ કરવા માટે ગુજરાત રાજયને પ્રથમ પસંદગીના સ્થળ તરીકે આંકવામાં આવે છે. દેશના વર્ષ ૨૦૧૫ દરમિયાન નોંધાયેલા કુલ સૂચિત મૂડીરોકાણ ઇરાદાપત્ર પૈકી ૨૦.૭૬ ટકા સાથે ગુજરાત દેશભરમાં પ્રથમ ક્રમે છે. રાજયના કુલ ૬૩૮૨૬ કરોડના સૂચિત મૂડીરોકાણમાં ૩૦૬ ઇરાદાપત્રો નોંધાયેલા છે. ગુજરાત આજે દેશમાં ઉદ્યોગ કરવા માટે પ્રથમ પસંદગીનું રાજય છે તેને વધુ, ઔર ઉંચાઇ આપવા માટે રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે પૂર્ણ થતા નાણાકીય વર્ષના ઘણાબધા આયામો, નિર્ણયો કરેલા છે. ઉદ્યોગક્ષેત્રે પણ મહિલાઓનું સ્થાન સુનિશ્ચિત થાય, તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રી એમ.એસ.એમ.ઇ. દ્વારા જે સાત ટકા છે એમાં એક ટકો વધારાનો ઉમેરીને મહિલાઓ પણ પ્રોત્સાહિત થાય, મહિલાઓ પણ ઉદ્યોગમાં ઝંપલાવે એ પ્રકારનું આયોજન ખાસ મહિલાઓ માટે કરવામાં આવ્યું છે. એ જ રીતે ખાસ મહિલા માટે ઔદ્યોગિક પાર્ક, સાણંદ-૨, હાલોલ-૧ અને ઝુનેદ ભરૂચમાં કરવામાં આવશે. જેમાં ૩૦૦ મીટરથી ૧૦૦૦ મીટર સુધીના ૭૦૦ પ્લોટો પાડવામાં આવશે અને એ ૬૦ ટકાના દરે મહિલા ઉદ્યોગપતિ જે હશે એને ફાળવવામાં આવશે. આ રાજયમાં સરકારે મહિલાઓ, યુવાનો, અનુસૂચિત જાતિ અને જનજાતિના લોકો ગૌરવભેર પોતાનો ઉદ્યોગ કરી શકે અને રાજયના વિકાસમાં પોતાનું યોગદાન આપી શકે એ માટે એમ.એસ.એમ.ઇ. એકમોને અનેકવિધ સહાય સાથેની પ્રોત્સાહન યોજનાઓ દાખલ કરેલી છે. યુવાનો માટે દેશની સૌથી આકર્ષક સ્ટાર્ટ અપ યોજના પણ દાખલ કરેલ છે. ગુજરાત રાજ્યે ટેક્ષ્ટાઇલ પોલિસી મૂકીને સમગ્ર દેશમાં એક નવીનતમ પ્રયોગ કરીને આ રાજયને ટેક્ષ્ટાઇલનું હબ બને એ માટેનો પ્રયાસ કર્યો છે અને એમાં અત્યાર સુધીમાં ૧૪ લાખ સ્પિન્ડલો પણ ચાલુ થઇ ગયા છે અને આવતા વર્ષમાં ૧૦ લાખ હજી

થવાની સંભાવના છે. ટેક્ષ્ટાઇલ અને અન્ય સંલગ્ન એકમોમાં અંદાજે રૂ. ૧૫૦૦૦ કરોડનું મૂડીરોકાણ અત્યાર સુધીમાં થઇ ચૂક્યું છે અને જેમાંથી પરોક્ષ રીતે કે પ્રત્યક્ષ રીતે ૩૦૦૦૦ રોજગારીની શકયતા ઉભી થઇ છે. રાજ્યના ઔદ્યોગિક વિકાસને આગળ ધપાવવા માટે ટેક્ષટાઇલ પોલિસી હેઠળ પ્રોત્સાહક સહાય આપવા રૂપિયા ૫૦૦ કરોડની જોગવાઇ કરેલ છે અને માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇના સ્વપ્નરૂપી ધોલેરા સર માટે પ્રથમ તબક્કામાં માળખાકીય સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે ૧૮૦૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રૂપિયા ૫૦ કરોડના ખર્ચે રાજ્યના પછાત અંતરિયાળ આદિવાસી ક્ષેત્રમાં જી.આઇ.ડી.સી. દ્વારા સ્થાપિત વસાહતો થકી સ્થાનિક લોકોને રોજગારી મળે અને ઓછી મૂડીરોકાણવાળા પણ તેની અંદર ધંધો કરી શકે તે માટેનું આયોજન આ રાજ્ય સરકારે કર્યુ છે. પછાત વર્ગોના લોકોને જી.આઇ.ડી.સી. અને અન્ય ગ્રામ્ય વિસ્તારોમાં વસતા માણસોને પણ રોજીરોટી મળે અને ઉદ્યોગ કરી શકે તે માટે ૨૦ રૂરલ જી.આઇ.ડી.સી. એસ્ટેટ સ્થાપવાનું પણ આયોજન કરેલ છે. રૂપિયા ૫૦ કરોડના ખર્ચે ‘‘પ્લગ એન્ડ પ્લે’’ના ધોરણે રાજ્યમાં ૪ એપેરલ પાર્ક સ્થાપવાનું આયોજન કર્યુ છે. જી.આઇ.ડી.સી.ની ૧૦ જેટલા વસાહતોમાં મલ્ટી લેવલ ઔદ્યોગિક શેડ બનાવવાની કામગીરી ચાલુ છે અને અન્ય ૨૫ જેટલા મલ્ટી લેવલ શેડ આગામી વર્ષમાં બનાવીશું, જેના માટે ૧૧૦ કરોડનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતમાં મૂડીરોકાણને આકર્ષવા માટે સરકારે વાઇબ્રન્ટ સમીટનો અભિગમ દાખલ કરીને કુલ અત્યાર સુધીમાં ૫૧,૭૩૮ પ્રોજેક્ટ માટે એમ.ઓ.યુ. થયા. જેમાંથી ૨૯-૨-૨૦૧૬ ની સ્થિતિએ કુલ ૨૧,૯૧૬ પ્રોજેકટો ઉત્પાદનમાં આવ્યા અને ૮,૯૮૪ પ્રોજેકટો અમલીકરણની લાઇનમાં છે. જે અમલીકરણની સફળતા ૫૯.૭૨ ટકા દર્શાવે છે. દેશમાં સૌ પ્રથમવાર નાના કારીગરોને ગ્રામ્ય કુટિર ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે કુટિર ઉદ્યોગ નીતિ ૨૦૧૫ જાહેર કરવામાં આવેલ છે. લુપ્ત થતી ક્રાફ્ટની જાળવણી અને એના પુનરોત્થાન માટેની યોજના, કારીગરો માટે ડિઝાઇન સ્ટુડિયો, રાજ્ય કક્ષાનું ક્રાફ્ટ મ્યુઝિયમ, ઇકો ફ્રેન્ડલી ઉત્પાદનો માટે પ્રોત્સાહનો, કારીગરો માટે ઇન્ક્યુબેશન સેન્ટર તથા સ્ટાર શોપ્સને પણ પ્રોત્સાહનમાં લેવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૫-૧૬ ના ફેબ્રુઆરી ૨૦૧૬ અંતિત કુલ ૧૨૩ મેળાઓ યોજેલ, જેમાં ૧૧,૩૬૫ કારીગરોએ ભાગ લીધેલ હતો. અને ૩,૧૨૩ લાખનું વેચાણ આ મેળાઓ મારફત કરવામાં આવ્યું છે. કુટિર અને ગ્રામ્ય ઉદ્યોગ પ્રભાગ દ્વારા હાથશાળ,હસ્તકલા, ખાદી, ગ્રામોદ્યોગ કારીગરોના ઉત્કૃષ્ટ માટે સને ૨૦૧૬-૧૭ ના વર્ષ માટે કુલ ૩૩૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. જેના થકી ૨,૭૦,૦૦૦ ની રોજગારી પ્રાપ્ત થાય તેવી શક્યતાઓ છે. એક જમાનામાં ઇ-કોમર્સના યુગમાં નાનામાં નાનો કારીગર પોતાની વસ્તુ ઓનલાઇન વેચી શકે, તે માટે વેબપોર્ટલ બનાવવામાં આવેલ છે. જેના ઉપર પ્રાથમિક તબક્કે ૨૩૦ કારીગરોએ પોતાની ૫૦૮ આઇટમો વેચાણ માટે મૂકેલ છે. પર્યાવરણને થતું પ્રદૂષણ અટકાવવા માટે ગણેશ ઉત્સવો અને બાકીના ઉત્સવોમાં જે મૂર્તિઓ બને છે, એ મૂર્તીઓ માટીમાંથી બને એ માટે સ્પેશ્યલ જોગવાઇ કરીને સ્પેશ્યલ માટી, સ્પેશ્યલ ટૂલ અને એની ટ્રેનિંગ આપીને ૧,૦૦૦ કારીગરોને ખાસ તાલીમ આપવામાં આવેલી અને એમના દ્વારા રોજીરોટી મળેલ. કુંભારી કામના કારીગરો ચોમાસુ હોય, વરસાદ હોય કે બાકીના સમયમાં એ કામ ન કરી શકે એવા સમયે પણ કુંભાર કારીગરો ૪ કુટુંબો સાથે મળીને રાજ્ય સરકારને અરજી કરે તો સ્પેશ્યલ ભઠ્ઠી આપવામાં આવે છે. જેની લગભગ ૭૨,૦૦૦ની કિંમત છે. એ ભઠ્ઠીમાંથી એ પોતાનો ૧૦૦ ટકા માલ પકાવીને વેચી શકે તેવી જોગવાઇ આ લોકો માટે કરવામાં આવેલ છે. આપણા ખાણ અને ખનિજ વિભાગમાં પારદર્શિતા લાવવા માટે સરકારશ્રીએ ઘણાં પગલાં લીધાં છે. આ ચર્ચામાં કેટલાક મિત્રોએ ભાગ લીધેલ એમાં •(×××) તેવી રજૂઆત માનનીય સભ્યશ્રીઓએ કરેલ છે. લીંબડીના ખનિજ ચોરીની વાત કરે છે તે બાબત સબજ્યુડીસ છે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓ જયારે કોઇપણ વાત કરતા હોય છે ત્યારે બહુ જ સમજણપૂર્વક તેમની વાત કરતા હોય છે. ભૂતકાળના આ અંગેના માનનીય અધ્યક્ષશ્રીના અનેક નિર્ણયો છે. તે સંજોગોમાં કોઇપણ સભ્યશ્રીએ કંઇપણ કહ્યું હોય તો મંત્રીશ્રી તેનો જવાબ આપે ત્યાં સુધી બરાબર છે. આવું અવલોકન બરાબર નથી.

અધ્યક્ષશ્રી : હું માનનીય સભ્યશ્રીનું પ્રવચન જોઇ લઇશ અને માનનીય મંત્રીશ્રી તરફથી જે અવલોકન થયું છે તે હું દૂર કરીશ.

શ્રી ગોવિંદભાઇ પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ બાબતની વાતની અંદર માનનીય બલવંતસિંહજીએ શરૂઆત કરી અને એમ કહ્યું કે આટલા માંદા ઉદ્યોગો ગુજરાતમાં છે. ગુજરાતમાં જે માંદા ઉદ્યોગો છે તેની ટકાવારી માટે સેમ્પલ ૧૦ ટકાનો સર્વે કર્યો તેમાં જોઇએ તો સૂક્ષ્મ એકમ ૫.૬૪ ટકા, લઘુ એકમ ૩.૯૧ ટકા અને મધ્યમ ૨.૭૭ ટકા એકમો બંધ જોવા મળેલ છે. માનનીય બલવંતસિંહજીએ બીજી વાત કરી તે આખો મહેસૂલ વિભાગનો પ્રશ્ન છે તેમણે ગૌચર બચાવો અને ગાયો બચાવવાની વાત કરી છે ત્યારે હું એક હકીકત આ ગૃહ સમક્ષ મૂકવા માગુ છું. માર્ચ૧૯૮૫ થી ૧૯૯૦ના કોંગ્રેસના શાસન વખતે ૯૪ ટકા ગૌચર જમીનો વેચવામાં આવેલી છે. એપ્રિલ ૧૯૯૦ થી માર્ચ ૧૯૯૫ દરમ્યાન કોંગ્રેસના શાસનમાં ગૌચરની ૩૨ ટકા જમીનો વેચવામાં આવેલી છે. નવેમ્બર ૧૯૯૫ થી ૨૦૦૧ ભાજપના શાસનમાં ૧૦.૩૫ ટકા, ઓકટોબર ૨૦૦૧ થી ૩૧-૭-૨૦૧૨ સુધી ૪.૯૭ ટકા થાય છે. કઇ કઇ કંપનીઓને કેટલી જમીન આપી છે આના ડીટેઇલ આંકડા જોઇતા હોય તો હું આપવા તૈયાર છું. ખાણ અને ખનિજ વિભાગની અંદર વહીવટી પારદર્શિતા લાવવાનો રાજય સરકારનો પ્રયાસ છે. ઘણા મિત્રોએ ચિંતા વ્યકત કરી તે આવશ્યક છે. કારણ કે આફ્ટરઓલ આપણે બધા આ ગૃહમાં એક ટ્રસ્ટી તરીકે બેઠા છીએ તે ભાવનાને અમે સ્વીકારીએ છીએ. આપણે કોઇ માલિક નથી. આપણે ટ્રસ્ટીઓ છીએ તે ભાવનાને અમે સ્વીકારીએ છીએ. માલિક મતદાર છે અને મતદાર કોને અહીં બેસાડવો, કોને ત્યાં બેસાડવો

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તે કામ કરે છે. તેવા સમયે આપણે પારદર્શિતા દ્વારા વહીવટ કરીએ છીએ ત્યારે ખનિજનું ઇ-ઓકશન કરીએ છીએ. જે સભ્યોની ચિંતા છે કે ખનિજની ચોરી થાય છે, વારંવાર પત્રો લખીએ છીએ. માનનીય કરમશીભાઇની ચિંતા છે. તેમણે વારંવાર પત્રો પણ લખ્યા છે. તે પત્રો લખ્યા પછી તેનો અમલ પણ થયો છે. જે ફરિયાદો થઇ છે તેમાં ચોરી પકડાઇ છે. તેના દંડ પણ કરવામાં આવ્યા છે. જે તે અધિકારી સામે કાયદેસરની કાર્યવાહી થઇ છે. સારી વાત છે આ આપણા સૌની જવાબદારી છે. આના લીધે જે કંઇ આવક થશે તે આપણા રાજય સરકારની તિજોરીમાં આવવાની છે. જે કંઇ ચોરી થાય તેને અટકાવવા માટેનું કાર્ય આપણા સૌનું છે અને તે આપણા સૌની જવાબદારીમાં આવે છે. પર્યાવરણની મંજૂરી છેલ્લા એક વર્ષમાં ૪૦૦૦ લીઝોની આપવામાં આવી છે. કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લે નકકી થયું તે પ્રમાણે ૦૫ હેકટરથી ઓછા અને કલેકટરમાં ૨૫ હેકટરથી ઓછા વિસ્તાર માટે એન્વાયરમેન્ટ કલીયરન્સનું સર્ટિફીકેટ મળશે. એટલે રાજય સરકારમાં સમય જતો હતો તે સમય પસાર ન થાય તેની ચિંતા આપણે કરી છે. આવતા દિવસોમાં ઝડપથી તેની મંજૂરી મળે તેની ચિંતા આપણે કરી રહ્યા છીએ. અનધિકૃત ખનન, વહન અને સંગ્રહ અટકાવવા માટે અનેક પ્રકારના પગલાંઓ લેવામાં આવ્યા છે. ખનીજોના ઓવરલોડ ટ્રાન્સપોર્ટેશન માટે આરટીઓ દ્વારા ૧૦ ટનની ટ્રક હોય અને તેને ૧૫ કે ૧૭ ટન વજન ભર્યું હોય તો એક-એક દોઢ-દોઢ મહિના સુધી તે ટ્રક છોડવામાં આવતી નથી. ૧૦ ટનની ટ્રક હોય અને તેને ૧૨ ટન વજન ભર્યું હોય તો તેને ઉંચો દંડ કરીને છોડવામાં આવે છે. આ પ્રકારની વ્યવસ્થાના કારણે ઘણો કંટ્રોલ આવ્યો છે. તે હજુ પૂર્ણ નથી. તેને પૂર્ણ કરવા માટે જે કંઇ આવશ્યક પગલાં લેવા પડશે તે લેવા માટે આ સરકાર કટિબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાતા દ્વારા જીઓમાઇન મોબાઇલ બેઝ એપ્લીકેશન વિક્સાવવામાં આવેલ છે. જેના ઉપયોગથી લીઝ, પરમિટ, સ્ટોક ઇન્સ્પેકશન કરી શકાય છે તેમજ ખનિજ વહન કરતા વાહનોનું ચેકીંગ કરી સ્થળ પરખ અને રોયલ્ટી પાસની ખરાઇ કરી શકાય છે. બોગસ રોયલ્ટી પાસ અટકાવવા ખાતા દ્વારા ખાતાના હોલો માર્ક સાથેના સ્પેશિયલ રોયલ્ટી પેપર પર રોયલ્ટી પાસ ઇસ્યૂ કરવા આયોજન કરેલ છે અને શનિવારે આનું લોન્ચીંગ પણ થઇ ચૂક્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં બિન અધિકૃત ખનિજ વહનનો અંકૂશ લાવવા ૨૪ કલાક કાર્યરત રહેતી ૭ ચેકપોસ્ટ શરૂ કરવામાં આવી છે જેના દ્વારા સઘન ચેકીંગ કરીને આ ચેકપોસ્ટ દ્વારા એની કાર્યવાહી પણ કરવામાં આવે છે. કેન્દ્ર સરકારે ઘડી કાઢેલ માઇન્સ એન્ડ મિનરલ ડેવલપમેન્ટ એમેન્ડમેન્ડ એકટ ૨૦૧૫ હેઠળ કચ્છ જિલ્લામાં લાઇમ સ્ટોન ખનિજનો એક બિલિયન ટન જથ્થો પ્રસ્થાપિત કરી ૦૫ બ્લોકની ઓકશનની પ્રક્રિયા હાથ ધરનાર ગુજરાત દેશમાં પ્રથમ રાજય છે જેને કેન્દ્ર સરકાર દ્વારા પણ બિરદાવવામાં આવેલ છે. પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૮૩૫૦ હેકટર વિસ્તારમાં સંશોધન પૂર્ણ કરી ૬૪૫ મિલિયન ટન લાઇમ સ્ટોન, સીમેન્ટ તથા કેમિકલનો જથ્થો પ્રસ્થાપિત કરેલ છે અને બોક્સાઇટ તથા મુખ્ય ખનિજના સારકામની કાર્યવાહી ચાલુમાં છે તેમજ આ બ્લોકની રાજય સરકાર દ્વારા ટૂંક સમયમાં જાહેર હરાજી કરવામાં આવનાર છે. રાજય સરકાર દ્વારા ઇ-ગવર્નન્સના ભાગરૂપે ઇ-રોયલ્ટી પાસ, ઇ-પેમેન્ટ, ઇ-ડિલિવરી ચલણ ઇ-રિટર્ન માટેની ઓન લાઇન પદ્ધતિ અમલમાં મૂકેલ છે. આવનાર સમયમાં ઇ-ગવર્નન્સના ભાગરૂપે જી.પી.એસ.ટ્રેકીંગ સિસ્ટમ, જીઓ ફેન્સીંગ, ઇ.આર.પી., જી.આઇ.એસ. સિસ્ટમનું અમલીકરણ કરવામાં આવનાર છે. અગત્યની કામગીરીમાં રાજય જુદા જુદા ખાણ વિસ્તારોમાં આંતર માળખાકીય સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવાની છે. ખાણ અને ખનિજ વિભાગમાં જે મિત્રોએ પોતાની ચિંતા વ્યકત કરી છે એ ચિંતામાં જયાં જયાં આવશ્યક હશે ત્યાં રાજય સરકાર એની તપાસ કરીને પગલાંઓ લેવામાં પણ આવળ આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જવાહર ચાવડાએ પણ ચિંતા વ્યકત કરી અને નદીને માતા ગણીને વાત કરી સારી વાત છે, નદી માતા છે અને ધરતી પણ માતા છે. માનનીય અધ્યક્ષશ્રી, ગેરકાયદેસરનું કોઇ પણ ખનન થતું હોય પછી એ નદીમાં થતું હોય કે ધરતીમાં થતું હોય એ આપણા માટે પીડાદાયક છે અને ક્યાં કેટલું ગેરકાયદેસર ખનન થયું છે એ આપણે સૌ જાણીએ છીએ એટલે એ વિષયમાં હું વધુ પ્રકાશ પાડતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આગામી નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની માગણીઓ લઇને આ સન્માનનીય ગૃહ સમક્ષ હું ઉપસ્થિત થયો છું. હું એક ખૂબ જ નાના એવા ગામમાંથી આવું છું, ખેડૂત છું, ખેડૂતનો પુત્ર છું અને માનનીય સભ્યશ્રી શકિતસિંહજીએ જે પ્રકારે વાત કરી એની ભાવના સાથે પણ હું સંમત છું. એમણે વાત કરી કે, સૌરભભાઇને વાત કરી હતી કે "તમે આવો મારી સાથે એક દિવસ રાત્રે તો આપણે વાડીએ જઇને પાણી વાળીએ." તો માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે, અનેક રાતો, અનેક દિવસો, અનેક મહિનાઓ ખેતરના પાળાઓ ઉપર, ખાતરના ઢગલાઓ ઉપર ઓશીકું બનાવીને રાતો વિતાવી છે અને અનેક રાતોએ પાણી વાળ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, હું એક નાના ગામડાંમાંથી આવું છું અને ગામડાંમાં ભણ્યો, ભણીને શહેરમાં આવ્યો અને શહેરમાં અભ્યાસ કરતા કરતા જાહેર જીવનમાં પણ આવ્યો, પણ જ્યારે જ્યારે ગામડે જવાનું થતું ત્યારે અમારી માતાઓ અને ભાભીઓ કહેતા કે ભાઇ, તું આટલું બધું કરે છે તો કમસે કમ વાળુ ટાણે વીજળી આવે એવું તો કર. આ માગણી માત્ર મારી માતાની કે ભાભીઓની નહોતી, સમગ્ર ગુજરાતની માતાઓ અને બહેનોની હતી, સમગ્ર ગુજરાતની જનતાની હતી. આ વાત એટલા માટે હું કરું છું કે આ જ ગૃહના એક સન્માનનીય સભ્ય કે જેઓ આજે પ્રધાનમંત્રી તરીકે બિરાજમાન છે તેમણે એક સ્વપ્ન જોયું કે શહેરમાં જે પ્રકારે વીજળી મળે છે તેવી રીતે ચોવીસ કલાક વીજળી ગ્રામ્ય વિસ્તારમાં કેમ ના મળે ? અને આ સ્વપ્નમાંથી સર્જાયુ જયોતિ ગ્રામ અને આજે મને કહેતાં આનંદ થાય છે કે ૨૦૦૭ની સાલમાં તે લોન્ચીંગ થયુ અને આજે આખા ગુજરાતમાં ૧૮ હજાર ગામડાંઓ ચોવીસ કલાક વીજળીથી ઝબકતાં થયા. આજે એ વાતને એટલા માટે યાદ કરું છું કે તે સદસ્ય આજે પ્રધાનમંત્રી તરીકે દિલ્હીમાં બિરાજમાન છે ત્યારે તેમણે પંડિત દીનદયાળ જયોતિગ્રામ યોજના નીચે સમગ્ર દેશમાં ગામડાંઓને ચોવીસ કલાક વીજળી મળે તે માટેનું પ્લાનીંગ શરૂ કરી દીધુ છે અને આપણાં સૌનું એ ગર્વ છે કે આજદિન સુધીમાં ભારતના અનેક

રાજયોના આ વિભાગના અધિકારીઓ અને પદાધિકારીઓ ગુજરાતની મુલાકાત લઇ ચૂકયા છે અને આપણી વ્યવસ્થા કેવી રીતે છે તેનો અભ્યાસ પણ કરી ચૂકયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારની પ્રતિબદ્ધતા છે કે તમામ નાગરિકોને વીજળીના હક્ક સુનિશ્ચિત થવા જોઇએ. આ માટે ગતિશીલ ગુજરાતના પ્રણેતા માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર ટીમ ઉર્જાએ રાત–દિવસ એક કરીને અનેકવિધ યોજનાઓ દ્વારા દૂરોગામી અસરવાળા કદમ ઉઠાવેલા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકારે સ્ટ્રેન્ધનીંગ ઓફ ડિસ્ટ્રીબ્યુશન સીસ્ટમ, સ્ટ્રેન્ધનીંગ ઓફ ટ્રાન્સમિશન સીસ્ટમ અને સ્ટ્રેન્ધનીંગ ઓફ જનરેશન એન્ડ સપ્લાયની દિશામાં અવિરત કાર્ય કર્યુ છે. છેલ્લામાં છેલ્લા નાગરિક સુધી વીજળી મળી રહે તેની ઘણા મિત્રો ચિંતા કરતા હતા કે અમારા વિસ્તારમાં આ પ્રકારની વીજળી મળતી નથી. આપણાં એક મિત્રએ ફરિયાદ કરી કે ૧૬ લાખ રૂપિયાનું એક ગરીબ માણસને બિલ આપવામાં આવ્યું છે તો એ સભ્યને મારી વિનંતી કે ખરેખર આ એસ્ટીમેટ જો તેમને મળ્યો હોય તો એ એસ્ટીમેટ મહેરબાની કરીને મને આપે તેમાં જે કંઇ આવશ્યક કરવાનું હશે તે કરીશું. આપણો નિયમ છે કે દૂરના વિસ્તારમાં કોઇ કનેકશન માગે અને તેમાં એસ્ટીમેટ ૩ લાખ થતું હોય, ૨.૫૦ લાખ થતું હોય, ૨ લાખ થતું હોય તો એક લાખ સુધી તે ગ્રાહકે ભરવાના ઉપરાંત ૨૫૦૦ કે ૩૫૦૦ રૂપિયાની ડિપોઝીટ ભરવાની અને વધારાનો જે કંઇ ખર્ચ થતો હોય તે રાજયનું વીજળી ખાતું ભોગવતું હોય છે. એટલે આ જે કંઇ મારી પાસે પત્ર છે, એસ્ટીમેટ નથી. એસ્ટીમેટ જો કોઇને આપ્યો હોય તો એસ્ટીમેટ મને રજૂ કરશે તો ચોક્કસ આપણે એ દિશામાં આગળની કાર્યવાહી પણ કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, કુટિર જયોતિ અને ઝૂંપડા વીજળીકરણમાં છેવાડાના માનવીની ચિંતા કરીને મહાત્મા ગાંધી અને પંડિત દીનદયાળ ઉપાધ્યાયે જે કલ્પના કરી હતી કે છેવાડાના માનવીને જયાં સુધી સુવિધા નહીં મળે ત્યાં સુધી આઝાદી અધૂરી છે. એટલે આ સ્વપ્ન પૂરું કરવા માટે આ સરકાર કટિબદ્ધ છે, પ્રતિબદ્ધ છે અને છેવાડાના માનવી સુધી વીજળી પહોંચાડવા માટે પણ પ્રતિબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજ દિવસ સુધી જયાં જયાં વીજળીના તાર પહોંચ્યા નથી, કયાંક જંગલ વિસ્તાર હોય, અંતરીયાળ વિસ્તાર હોય, દૂરનો વિસ્તાર હોય એવા વિસ્તારની અંદર પણ સોલાર લાઇટ મારફત એના કનેકશનો આપીને જેનો ખર્ચ એક કનેકશન દીઠ ૪૦ થી ૪૫ હજાર થાય છે. શીડયુલ ટ્રાઇબ, શીડયુલ કાસ્ટ તેના મિત્રો જે રહે છે તેને એક પણ પૈસાનો ખર્ચ કરવાનો નથી. ભૂતકાળમાં ૫૦ રૂપિયા કનેકશન દીઠ લેવાતાં આ રાજય સરકારે ૫૦ રૂપિયા પણ લેવાનું બંધ કર્યુ છે અને તેની સાથે સાથે બલ્બ, ફોનના ચાર્જનું કનેકશન અને ટી.વી.ના કનેકશન સાથેની લાઇટના બલ્બ સાથે કનેકશન કે જેનો ૪૦ થી ૪૫ હજારનો ખર્ચ થાય છે તેમાં એક રૂપિયો તેને ભરવાનો નથી. અને જનરલ કેટેગરીમાં આવતો કોઇ છેવાડાનો માનવી હોય તો તેને માત્ર ૪૫૦૦ રૂપિયા ભરવાના થાય છે. તો જયાં લાઇટના તાર નથી પહોંચ્યા, લાઇટના થાંભલા નથી પહોંચ્યા ત્યાં સોલાર હોમ લાઇટ દ્વારા પણ અમે લાઇટ પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા પાંચ નાણાકીય વર્ષમાં ઘરગથ્થુ વીજળીના જોડાણોમાં ૩ લાખ ૮૯ હજાર ૨૭૦ ઘરોમાં વીજ જોડાણો આપવા માટે ૨૬૦.૫૨ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. વીજ જોડાણો આપવા માટે ૨૬૦.૫૨ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આગામી નાણાકીય વર્ષમાં ૨૦૧૬–૧૭માં પણ ૪૨ હજાર જેટલાં કનેકશનો ૨૯ કરોડ રૂપિયાના ખર્ચે આપવાનો પણ નિર્ધાર કર્યો છે. હોમ સોલર લાઇટની વાત કરૂં તો યોજના હેઠળ લાભાર્થીઓને જે લાભ મળે છે, સોલર ટીવી પેનલ, ૮ હોલ્ટના ૫ એલ.ઇ ડી. બલ્બ, એક ૨૪ હોર્સનો પંખો અને મોબાઇલ ચાર્જર, આ બધી જ સુવિધાઓ જે સોલર લાઇટની સાથે આપવામાં આવે છે. આગામી વર્ષે પણ ૧૫ હજાર જેટલાં સોલર ઘરઘથ્થુ વીજ જોડાણ રૂપિયા ૬૫ કરોડના ખર્ચે પૂરા પાડવાનું આયોજન છે. આ બાબત રાજય સરકારે ગરીબો પ્રત્યેની કટિબધ્ધતા અને પ્રતિબધ્ધતા બતાવે છે. ખેડૂતો માટેની ચિંતા આપણા સૌના મનમાં છે, માનનીય સભ્યશ્રી વઘાસીયા પણ કહેતા હતા, એ ખરી વાત અને સાચી વાત છે, અને એ દરેકના મનમાં હોવી જોઇએ. અમારી અને તમારી સૌની ચિંતા છે કે ખેડૂતોને પૂરતી વીજળી મળવી જોઇએ, પણ કોઇ કહેવત સાથે સરખાવીશ તો કદાચ અસંસદીય ભાષા ગણાશે એટલે કહેવત નથી કહેતો પણ કબીરની એક પંક્તિ સાથે જોડીને વાત કરીશ કેઃ–

દુઃખમેં સુમીરન સબ કરે, સુખમેં ન કરે કોઇ,
જો સુખમેં સુમીરન કરે તો દુઃખ કહાંસે હોઇ,

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૮૬–૮૭માં ખેડૂતોનો પોતાના ખેતરોમાં મોલ સૂકાતો હતો, વીજળી મળતી ન હતી, એ માટે વીજળી મેળવવા માટે જયારે ખેડૂતો મેદાનમાં ઉતર્યા ત્યારે જો ખેડૂતોને ગોળીએ માર્યા ન હોત તો આજે કદાચ તમે ત્યાં ન હોત પણ કદાચ અહીંયાં હોત. રાજયના તમામ ખેડૂતોને રાહત દરે વીજળી ઉપલબ્ધ કરાવવાનો આ સરકારનો અભિગમ રહ્યો છે. માત્ર ખેડૂતોના વીજ બિલો માટે સબસિડીરૂપે રાહત આપવા ૪૦૧૦ કરોડ રૂપિયાનું આયોજન ચાલુ વર્ષે છે. ભૂતકાળમાં આખા વર્ષનું બજેટ સાત હજાર કરોડ રૂપિયાનું હતું, એના કરતાં ૬૦ ટકા બજેટ એકલા ખેતીવાડીના વીજ કનેકશનની સબસિડીનું છે. વીજ જોડાણનો ખર્ચ જુદો છે.

ખેડૂતો માટેની કૃષિ વીજની વાત કરું છું, તો ૨૪૦૦ રૂપિયા વીજ નિયમન પંચે જાહેર કર્યા છે. તેની સામે માત્ર ૬૬૫ રૂપિયા પ્રતિહોર્સ પાવર આપણે લઇએ છીએ અને છેલ્લા વીસ વર્ષમાં બાકીના બધા માટે યુનિટમાં પણ ભાવ વધ્યા છે પણ ખેડૂતનો એક પણ રૂપિયો છેલ્લા વીસ વર્ષમાં વધાર્યો નથી એ ખેડૂતો પ્રત્યેની પ્રતિબધ્ધતા આ સરકાર બતાવે છે. કૃષિ વિભાગમાં જે ફીડરો અને કનેકશનો અપાયાં છે એ તા. ૩૧–૩–૧૯૯૫ સુધીમાં ૪,૮૮,૨૪૭ વીજકનેકશન ખેતીવાડી માટે અપાયાં હતાં અને આજે છેલ્લા

વીસ વર્ષમાં ૧૨,૬૭,૦૬૦ કૃષિ વીજ જોડાણો આ સરકારે આપ્યાં છે. ૭,૭૮,૮૧૩ વીસ વર્ષમાં અને ૫૦ વર્ષમાં ૪,૮૮,૨૪૭ અપાયાં છે. ટ્રાન્સફોર્મરની સંખ્યા કિસાન સોલર એગ્રી પંપ વન વિભાગમાં, અંદરના ભાગમાં બહારના વિસ્તારમાં જ્યાં વીજના તાર પહોંચતા નથી ત્યાં ખેતીવાડી માટે સોલર પંપનું પણ રાજય સરકારે આયોજન કરીને એ પૂરા પાડવાનું પ્લાનિંગ કર્યું છે. સોલર પંપની વાત કરું તો ખેડૂત જો આદિવાસીભાઇ હોય કે અનુસૂચિત જાતિનો હોય એને એક હોર્સ પાવર દીઠ એક હજાર રૂપિયા અને સામાન્ય હોય તો પાંચ હજાર રૂપિયા એટલે કે પાંચ હોર્સ પાવરની મોટર લેવાની હોય તો ૨૫ હજાર રૂપિયામાં આશરે ચાર લાખ રૂપિયાનો પંપ આપવામાં આવે છે.

વિરોધપક્ષના માનનીય સભ્યશ્રીઓએ પોતાની કાપ દરખાસ્તો રજૂ કરી છે તે પરત ખેંચી અને મારી માગણીઓ સર્વાનુમતે મંજૂર કરે એટલી વિનંતી છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે કચ્છમાં ચાઇના કલે નીકળે છે, પોતાની માલિકીમાંથી ચાઇના કલે કાઢવો હોય એને પહેલા મેજર મિનરલમાં ગણવામાં આવતો હતો કેન્દ્ર સરકારે હવે માઇનોર મિનરલ તરીકે ગણવાનો નિર્ણય કર્યો છે. ભૂતકાળમાં જેણે માગણી કરી હોય અને અરજીઓ મોકલી આપી છે, મંજૂરીના છેલ્લા સ્ટેજે હતી એવી જૂની અરજીઓ પહેલા મંજૂર કરી દેવી જોઇએ અને પછી પરિપત્ર કરીને નવી અરજીઓ મંજૂર કરવી જોઇએ. હવે સત્તા તો કલેકટરને આપવાની થાય છે. તો જૂની પેન્ડિંગ અરજીઓનો નિર્ણય કેટલી સમય મર્યાદામાં કરવા માગો છો?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : આના માટેનો સરવે થઇ ગયો છે અને ટૂંક સમયમાં પરિપત્ર થઇ જશે એ થયા પછી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે જુનાગઢ જિલ્લામાંથી ગીર સોમનાથ જિલ્લો નવો બનાવવામાં આવ્યો છે. અમારા ઉના તાલુકાની પીજીવીસીએલની વર્તુળ કચેરી અમરેલી સાથે જોડાયેલી છે. તેથી વહીવટી કામગીરીમાં એકસૂત્રતા જળવાતી નથી. નવો જિલ્લો થયો છે તેથી ગીર સોમનાથ જિલ્લાનમાં પીજીવીસીએલની કચેરી કેટલા સમયમાં મંજૂર કરવા માગો છો ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : દરેક નવા જિલ્લામાં પીજીવીસીએલની કચેરી કરવાની કામગીરી ચાલુ જ છે. ટૂંક સમયમાં જગ્યા ઉપલબ્ધ થયે અમે આગળની કાર્યવાહી હાથ ધરીશું.

શ્રી પંકજ દેસાઇ ( મુખ્ય દંડકશ્રી ) : માગણીઓ પરની ચર્ચા તથા મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

અધ્યક્ષશ્રી : સૌ સંમત છો? (થોડીવાર બાદ) મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : આપની મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બનાસકાંઠા જિલ્લામાં અન્ય જિલ્લાની સરખામણીમાં ખેતીવાડીની વીજ કનેકશનની અરજીઓ ઘણી પડતર છે. તો ટકાવારીના ધોરણે યુદ્ધના ધોરણે વધારે મટિરીયલ ફાળવીને બીજા જિલ્લાની સરખામણીએ બનાસકાંઠાને મૂકવા માગે છે કે કેમ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : બનાસકાંઠા, સાબરકાંઠા અને સૌરાષ્ટ્રમાં ખૂબ લાંબા સમયથી અરજીઓ પેન્ડિંગ પડી છે. એનો અભ્યાસ કરીએ છીએ અને આગામી દિવસોમાં શું કરવું એના અંગે વિચારણા કરવામાં આવશે.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જી.ઇ.બી.એ એક જી.આર. બહાર પાડ્યો છે કે લોડ શેડીંગના હિસાબે ખેડૂતની જૂની મોટર હોય એમાં ડેપ્યુટી એન્જિનિયરે એવી વાત કરેલી કે ઓછામાં ઓછા પાંચ કેસ કરવાના. એ અમને મુરખ બનાવતા હોય તો અમને ખબર નથી. ઘર વપરાશના ઓછામાં ઓછા ૧૨.૫ હજાર દંડ કરવાનો અને ખેડૂત મોટર વાપરે એના ઉપર ઓછામાં ઓછો ૨૫ હજાર રૂપિયા દંડ કરવાનો એવો જી.આર. બહાર પાડ્યો છે. તો આ જી.આર. પરત ખેંચવા માગો છો કે કેમ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : ચોરી અટકાવવા માટે આપણે સૌએ ચિંતા કરવી જોઇએ અને એના અનુસંધાને એવો ટાર્ગેટ આપવામાં આવતો નથી. જે કોઇ અધિકારી જાય એ એની ચકાસણી કરે અને જો એમાં ગેરરીતિ માલુમ પડે તો એને દંડ કરવામાં આવે છે. ચોરી અટકાવવી જોઇએ અને એ આપણા સૌની ફરજ છે. એકલા સૌરાષ્ટ્ર વિસ્તારમાં છેલ્લા એક વર્ષમાં પાંચ હજાર ટી.સી. બળી ગયા એ આપણે સૌ જાણીએ છીએ. એટલે એ જ કહું છું આવો કોઇ નિયમ નથી કે અમે કોઇ ટાર્ગેટ આપેલ હોય. અમે અધિકારીને મોકલતા નથી પણ ચોરી અટકાવા માટે ગુણદોષના આધારે કરીએ છીએ.

શ્રી બાબુભાઇ કા. વાજા : અધિકારીઓ અમને મૂરખ બનાવે એવું થયું ને?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : એના દરેકના સપ્લાય કોડ છે. સપ્લાય કોડ પ્રમાણે વધારે પાવર ખેંચતા હોય તો તેને તે પ્રકારે દંડ કરવાનો હોય છે.

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં વીજળી વધુ છે. તો ખેડૂતોને આઠ કલાક વીજળી આપે છે તેના બદલે ૧૪ કલાક આપવા માગે છે કે કેમ? મારો એક પ્રશ્ન છે. બીજું, નાના અને સિમાન્ત ખેડૂતોને કનેકશન આપવા માગો છો કે કેમ? કારણ કે ગરીબી ઓછી થાય અને ખેડૂતોને દંડ કરે છે. એટલું બધું બાળતા નથી છતાં દંડ કરે છે. તેનો કોઇ ઉપાય નથી. ના છૂટકે જ કંઇક કરતા હોય. જયારે વીજળી ચાલુ હોય અને બંધ થઇ જાય તો ઘરની મોટરો ફેઇલ થઇ જાય છે. બળી જાય છે તો એ બંધ કરવા માગે છે કે કેમ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : નાના અને સિમાન્ત ખેડૂતોને તેના ટર્ન પ્રમાણે આપણે કનેકશન આપીએ જ છીએ. માનનીય સભ્યશ્રીની ૧૪ કલાક વીજળીની વાત છે એ આઠ કલાક એટલા માટે આપીએ છીએ નહીં તો ડાર્કઝોનમાં ફરીથી પાછું જવું પડે. પર્યાવરણની પણ આપણે ચિંતા કરવી પડે. પાણીના તળ ઉંડા ન જાય તેની પણ ચિંતા કરવી પડે. આપણાં સૌની જવાબદારી છે. સૌની ચિંતા કરવી પડે. એ ચિંતા કરીને આઠ કલાક આપીએ છીએ.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે દેવભૂમિ દ્વારકામાં બોક્સાઇટની ખનિજ ખૂબ જ કિંમતી છે. તો જે ખેડૂતો પાસે જમીન હોય તેમાં સરકારની પોલીસી અત્યારે એવી છે કે વર્ષો થયા લીઝ થઇ નથી. તો પોલીસીમાં સુધારો કરીને જે તે ખેડૂતને લીઝ આપવા સરકાર માગે છે કે કેમ? તેના હિસાબે ચોરી ખુબ જ થાય છે. આપણને બધાને ખબર છે અને સરકારને પણ તેની આવક વધે, એટલે આ પોલીસી સુધારીને ખેડૂતને ડાયરેક્ટ લીઝ આપવા માગીએ છીએ કે કેમ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : આ બાબત પોલીસી લેવલનીછે એટલે એ માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર મૂકીશું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૨, ૪, ૬, ૭, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૧૯, ૨૧, ૨૩, ૨૫, ૨૮, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭ અને ૪૮ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક– ૪૯, ૫૦, ૫૧, ૧૨ અને ૧૩ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સભાગૃહનું કામકાજ સાંજના ૫–૨૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તારીખ ૧૫મી માર્ચ ૨૦૧૬ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

ફાલ્ગુન ૨૫, ૧૯૩૭ શાકે
તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા
મંગળવાર, તા. ૧૫મી માર્ચ, ૨૦૧૬
ફાલ્ગુન ૨૫, ૧૯૩૭ શાકે
સભાગૃહ બપોર ૧૨-૦૦ વાગ્યે મળ્યું.
અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

પાટણ જિલ્લામાં ગણવેશ સહાય

*** ૨૩૪૫૩ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) :** માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વિકસતી જાતિના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા કુલ કેટલી અરજીઓ મળી, અને | (૧) ૧,૮૦,૩૦૯. |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૧,૮૦,૩૦૯ વિદ્યાર્થીઓને રૂ.૫,૪૦,૯૨,૭૦૦/- ની સહાય ચૂકવવામાં આવી. |

શ્રી નાગરજી હ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે, પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલી ગણવેશ સહાય મંજૂર કરી અને કેટલી રકમ ચૂકવી? બીજો પ્રશ્ન એ છે કે પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૧૬માં જાતિવાર વિદ્યાર્થીઓને કેટલી સહાય કરવામાં આવી?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : પાટણ જિલ્લામાં ગણવેશ સહાય અંતર્ગત પાટણ તાલુકામાં ૨૬,૫૮૧ વિદ્યાર્થીઓને રૂપિયા ૭૯ લાખ ૭૪ હજાર ૩૦૦ની ગણવેશ સહાય ચૂકવવામાં આવી. સરસ્વતી તાલુકામાં ૩૦,૧૫૫ વિદ્યાર્થીઓને રૂપિયા ૯૦ લાખ ૪૬ હજાર ૫૦૦ ગણવેશ સહાય ચૂકવવામાં આવી. સિદ્ધપુર તાલુકામાં ૨૩,૮૪૧ વિદ્યાર્થીઓને રૂપિયા ૭૧ લાખ ૫૨ હજાર ૩૦૦ ગણવેશ સહાય ચૂકવવામાં આવી. ચાણસ્મા તાલુકામાં ૧૪,૫૬૫ વિદ્યાર્થીઓને રૂપિયા ૪૩,૬૯ હજાર ૫૦૦ ગણવેશ સહાય ચૂકવવામાં આવી. હારીજ તાલુકામાં ૧૫,૧૮૭ વિદ્યાર્થીઓને રૂપિયા ૪૫ લાખ ૫૬ હજર ૧૦૦ ગણવેશ સહાય ચૂકવવામાં આવી. સમી તાલુકામાં ૧૬,૦૧૩ વિદ્યાર્થીઓને રૂપિયા ૪૮ લાખ ૩ હજાર ૧૦૦ ગણવેશ સહાય ચૂકવવામાં આવી. શંખેશ્વર તાલુકામાં ૧૦,૮૩૮ વિદ્યાર્થીઓને રૂપિયા ૩૨ લાખ ૫૧ હજાર ૪૦૦ ગણવેશ સહાય ચૂકવવામાં આવી. રાધનપુર તાલુકામાં ૨૨,૧૨૫ વિદ્યાર્થીઓને રૂપિયા ૬૬ લાખ ૩૭ હજાર ૫૦૦ ગણવેશ સહાય ચૂકવવામાં આવી. સાંતલપુર તાલુકામાં ૨૧,૦૦૪ વિદ્યાર્થીઓને રૂપિયા ૬૩ લાખ ૧ હજાર ૨૦૦ ગણવેશ સહાય ચૂકવવામાં આવી. આમ, કુલ પાટણ જિલ્લામાં ૧ લાખ ૮૦ હજાર ૩૦૯ વિદ્યાર્થીઓને રૂપિયા ૫ કરોડ ૪૦ લાખ ૯૨ હજાર ૭૦૦ ચૂકવવામાં આવ્યા. બીજો પ્રશ્ન હતો એમાં સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ૧ લાખ ૩૬ હજાર ૪૮૦ બાળકો હતા, આર્થિક પછાત વર્ગના ૧૧,૫૭૩ બાળકો હતા, લઘુમતિ સમાજના ૧૫૦૫૦ બાળકો હતા, વિચરતી અને વિમુક્ત જાતિના ૧૭,૨૦૬ બાળકો હતા.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વિદ્યાર્થીઓની ચિંતા સરકાર ચોક્કસ કરે પણ કેટલાય સમયથી માત્ર ૩૦૦ રૂપિયા આપવામાં આવે છે. એમાં પણ બે ડ્રેસ સિલાઇ સાથે આપવામાં આવે છે. મારે ખાસ કહેવું છે કે પાટણ જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને અપાતી ગણવેશ સહાયના ૩૦૦ રૂપિયા આપવામાં આવે છે એ સહાયના દર ક્યારથી અમલમાં આવ્યા અને છેલ્લે આમાં કેટલો વધારો કરવામાં આવ્યો છે? ૩૦૦ રૂપિયામાં બે જોડી આપવામાં આવે છે એ વાત સાચી છે? આ મોંઘવારીના સમયમાં ૩૦૦ રૂપિયામાં સિલાઇ પણ ન થઇ શકે તો એના માટે સહાયના દર વધારી ૭૦૦ રૂપિયા કરવા માગો છો કે કેમ?

શ્રી રમણલાલ ઈ. વોરા : ૨૦૧૧માં ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓને ૧૫૦ ની સહાય હતી એમાંથી ૨૦૦ રૂપિયા કરવામાં આવ્યા. ૨૦૧૨ની અંદર ૨૦૦ રૂપિયાની સહાય હતી એમાં વધારો કરીને ૩૦૦ રૂપિયા કરવામાં આવ્યા અને ૨૦૧૪માં આવકની મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે ૪૭ હજાર અને શહેરી વિસ્તાર માટે ૬૮ હજાર હતી એ માનનીય મુખ્યમંત્રીશ્રીની સ્વાવલંબન યોજના અંતર્ગત તા. ૧૩-૧૦-૨૦૧૫ના દિવસથી આવકની મર્યાદા દૂર કરીને તમામ બાળકોને ગણવેશ સહાય આપવાની આ રાજ્ય સરકારની યોજના છે.

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને જવાબ મળી ગયો છે.

## તા. ૧૫મી માર્ચ, ૨૦૧૬

## તારાંકિત પ્રશ્નો

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, એસ.સી., એસ.ટી. અને બક્ષીપંચના બાળકોને ગણવેશ આપવામાં આવે છે. દિનપ્રતિદિન જ્યારે મોંઘવારીએ માઝા મૂકી છે ત્યારે હું આપના દ્વારા (અંતરાય) બક્ષીપંચની વાત ના સાંભળવી હોય તો મારે કાંઇ પછી કહેવું નથી.

અધ્યક્ષશ્રી : બળદેવજીભાઇ આપ મારી તરફ ધ્યાન આપીને પ્રશ્ન પૂછો.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : ગણવેશ આપવામાં આવે છે, એ ગણવેશમાં ૩૦૦ રૂપિયા જેટલી સહાય આપવામાં આવે છે તો એ સહાય ગુજરાત સરકાર વધારવા માગે છે કે કેમ?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા કહ્યું એ પ્રમાણે આ માત્ર એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી.ના વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવતી હતી. અત્યારે આ કોઇપણ કોમનો, કોઇપણ જાતિનો, કોઇપણ ધર્મનો, કોઇપણ બાળક હોય એ તમામને ૩૦૦ રૂપિયાની શિષ્યવૃત્તિ આવકની મર્યાદાને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : સાહેબ, મારો સવાલ માત્ર એટલો જ છે કે, આ ૩૦૦ રૂપિયા આપો છો એમાં કાંઇ વધારો કરવા માગો છો કે કેમ? ભલે એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી. ના હોય બધાજ જનરલમાં આવતાં વિદ્યાર્થીઓને તમે આપો પણ આ સહાયમાં વધારો કરવા માયો છો કે કેમ?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એ પ્રમાણે ૨૦૧૨માં વધારો કર્યો, ૨૦૧૪માં વધારો કર્યો અને આ જે તમે કહો છો એ તમારું સૂચન છે અને આગામી દિવસોમાં વિચાર કરીશું.

સુરત જિલ્લામાં સેન્ટર ઓફ એકસલન્સ યોજના હેઠળ સંસ્થાઓનું અપગ્રેડેશન

* ૨૩૫૧૨ શ્રી પૂર્ણેશકુમાર મોદી (સુરત પશ્ચિમ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સેન્ટર ઓફ એકસલન્સ યોજના હેઠળ સુરત જિલ્લામાં કેટલી સંસ્થાઓ અપગ્રેડ થયેલ છે, અને | (૧) ૦૧. |
| (૨) આ યોજના હેઠળ કેટલા સેકટર આવરી લેવામાં આવેલ છે ? | (૨) ૦૧. |

શ્રી પૂર્ણેશકુમાર ઈ. મોદી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, સેન્ટર ઓફ એકસલન્સ યોજના હેઠળ સુરતની કઇ સંસ્થાને અપગ્રેડ કરવામાં આવી તથા તેમાં ક્યા સેકટરને આવરી લીધેલ છે? અને આ સેન્ટર ઓફ એકસલન્સ યોજના હેઠળ અપગ્રેડેશનમાં શું કાર્યવાહી કરવામાં આવી છે અને તેનાથી સુરતને શું ફાયદો થયો છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ સેન્ટર ઓફ એકસલન્સ યોજના હેઠળ સુરતની સરકારી આઇ.ટી.આઇ.ને અપગ્રેડ કરવામાં આવી છે. તેમાં એપરલ સેકટરને આવરી લેવામાં આવ્યું છે અને આ એપરલ સેકટરને આવરી લેવાથી ત્યાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મલ્ટીસ્કિલ્ડ અભ્યાસક્રમની તાલીમ મળશે. સંસ્થાઓની માળખાકીય સુવિધાઓને સુધારવાનું કામ કરવામાં આવે છે. આધુનિક તાલીમ આપવામાં આવે છે. વર્કશોપ અને મકાન બાંધવામાં આવે છે. આધુનિક મશીનો ખરીદવામાં આવે છે. તાલીમાર્થીઓની કૂશળતામાં વધારો કરવા માટેનું કામ પણ કરવામાં આવે છે. ઉદ્યોગ નિષ્ણાતો મારફત આ લોકોને આધુનિક તાલીમ આપવામાં આવે છે. તાલીમાર્થીઓને ઈન્ડસ્ટ્રીની ટૂર પણ કરાવવામાં આવે છે. પ્રેક્ટિકલ કામ માટે કાચો માલ-સામાન વગેરે બાબતોનો સમાવેશ આ યોજનામાં થતો હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, બીજું એમણે પૂછ્યું છે કે, સુરતનેશું ફાયદો થવાનો છે? માનનીય અધ્યક્ષશ્રી, સુરતમાં એક એપરલ સેકટરનું મોટું માર્કેટ આવેલું છે. આથી એપરલની તાલીમ લઇ રહેલા તાલીમાર્થીઓને સ્વરોજગારી મેળવવામાં તથા આધુનિક તાલીમ મેળવવામાં ખૂબજ ફાયદો થયો છે. એપરલ ઈન્ડસ્ટ્રીઝને પણ સ્થાનિક કક્ષાએથી મલ્ટીસ્કિલ્ડ માનવબળ પ્રાપ્ત થઇ રહ્યું છે. એપરલ સેકટરની ઈન્ડસ્ટ્રીઝમાં અત્યંત આધુનિક મશીન ઉપર તાલીમાર્થીઓને તાલીમ મળી રહી છે અને એટલા જ માટે આ એપરલ સેકટરની અંદર આજ દિન સુધીમાં ૧૧૨૮ તાલીમાર્થીઓએ તાલીમ મેળવી છે. ૫૪૭ તાલીમાર્થીઓએ એડવાન્સ મોડ્યુલની તાલીમ મેળવેલી છે. જે પૈકી ૭૯૧ તાલીમાર્થીઓ રોજગારી મેળવી શકેલ છે. જ્યારે અંદાજે ૭૩૨ તાલીમાર્થીઓ સ્વરોજગારી મેળવી રહ્યાં છે.

શ્રી જનકભાઇ મ. કાછડિયા (પટેલ) : આદરણીય અધ્યક્ષ મહોદય, સમગ્ર વિશ્વમાં જ્યારે હિન્દુસ્તાન સૌથી વધારે યુવાનો ધરાવતા દેશ તરીકે ઉભરી રહ્યો છે ત્યારે આ દેશના યશસ્વી પ્રધાનમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ યુવાનો માટે જે નવું સૂત્ર આપ્યું છે **Youth of India, not just new age voters, but new age power** આ મંત્રને ચરિતાર્થ કરવા માટે અને યુવાનોને કૌશલ્યપૂર્ણ કરવા માટે જ્યારે રાજ્ય સરકારનો શ્રમ અને રોજગાર વિભાગ કામ કરી રહ્યો છે. ત્યારે મારા સુરતના આ સેન્ટર ઓફ એક્સલન્સ યોજના હેઠળ એપેરલ સેકટરના કયા કયા અભ્યાસક્રમોની કેટલા સમયની તાલીમ આપવામાં આવે છે, એ આપના માધ્યમથી મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું.

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ એપેરલ પાર્કની જે તાલીમ આપવામાં આવે છે એની અંદર એ તાલીમાર્થીઓમાં આ સ્કીમ હેઠળ કુલ નવ સેકટરોની તાલીમ આપવામાં આવે છે. એપેરલ, પ્રોડક્શન એન્ડ મેન્યુફેકચરીંગ,

ઓટોમોબાઇલ, કેમિકલ, ઇન્ફર્મેશન એન્ડ ટેકનોલોજી, ઇલેકટ્રીકલ, રેફ્રિજરેટર એન્ડ એરકન્ડિશનીંગ, ફેબ્રીકેશન એન્ડ ફિટિંગ અને ઇન્સ્ટ્રુમેન્ટેશન જેવી તાલીમો આપવામાં આવે છે. સુરતમાં એપેરલની તાલીમ આપવામાં આવે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે એટલું જાણવા માગુ છું કે, આ એક સંસ્થાને અપગ્રેડ કરી છે. આ સંસ્થાના અપગ્રેડ થયા પછી કેન્દ્ર સરકાર દ્વારા અને રાજય સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી અને કેટલી ગ્રાન્ટનો ખર્ચ થયો અને કેટલી ગ્રાન્ટ વણવપરાયેલી પડી રહી છે ?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ સુરત માટેનો પ્રશ્ન છે. એમણે કેન્દ્ર સરકારે જે ગ્રાન્ટ ફાળવી એનો પ્રશ્ન કર્યો છે. રાજ્યમાં આવી અનેક સંસ્થાઓ કામ કરી રહી છે એપેરલ પાર્કની જેમ, પરંતુ જ્યારે એમણે સુરતનો પ્રશ્ન પૂછ્યો છે ત્યારે મારે એમને જણાવવાનું કે, આ સુરતની માહિતી મારી પાસે ઉપલબ્ધ છે. તો સુરતની આઇ.ટી.આઇ.ને અપગ્રેડ કરવા માટે ૫૦.૧૩ લાખનો સિલ્વર્સનો ખર્ચ કર્યો છે. ૯૮.૪૫ લાખ મશીનરી પાછળ ખર્ચ કરવામાં આવ્યો છે, ૪૪.૯૯ લાખ મિસલેનીયસ ખર્ચ માટે કરવામાં આવ્યો છે. સુરતને અપગ્રેડ કરવા માટે ૧૯૩.૨૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે બીજો પ્રશ્ન પૂછ્યો કેન્દ્ર સરકારની ગ્રાન્ટનો. તો કેન્દ્ર સરકાર અને રાજય સરકારની ૭૫:૨૫ ના રેશિયા મુજબ ગ્રાન્ટો કેન્દ્ર સરકારમાંથી આવે અને આપણને જે ગ્રાન્ટ ફાળવવાની હતી એ પૂરેપૂરી ફળવાઇ ગઇ છે.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, આ જે સેન્ટર ઓફ એક્સલન્સ એ સંસ્થાકીય સંચાલન સમિતિ છે, એ સમિતિ શું છે અને એણે ખરેખર સવિસ્તાર શું કામ કરવાનું છે ?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ સમિતિ મારફતે સેન્ટર ઓફ એક્સલન્સ સંસ્થામાં, સંસ્થાકીય સંચાલન સમિતિની રચના કરવામાં આવી છે. જેમાં કુલ ૧૧ સભ્યો હોય છે. આ ૧૧ સભ્યો પૈકી ઉદ્યોગોના ૫ તથા સરકારના ૬ સભ્યો હોય છે. આ સમિતિ સંસ્થાની તાલીમ પ્રવૃત્તિઓમાં પણ સામેલ થઇ અભ્યાસક્રમોમાં વિવિધ વિષયો નક્કી કરવાનું કામ કરે છે. તાલીમાર્થીઓને બીજી ઇન્ડસ્ટ્રીઝમાં લઇ જઇને ઓન ધ જોબની તાલીમ આપવાનું પણ કામ કરે છે. ઉદ્યોગમાંથી વિષય નિષ્ણાત અતિથિ વ્યાખ્યાતાઓની સેવા પૂરી પાડવાનું કામ પણ આ સમિતિ મારફતે કરવામાં આવે છે. ટુલ્સ ઇકવીપમેન્ટ મશીનરીના સ્પેસિફિકેશન નક્કી કરવાનું કામ પણ આ સમિતિ કરતી હોય છે. તાલીમબદ્ધ તાલીમાર્થીઓને રોજગાર અને સ્વરોજગારી માર્ગદર્શન મળી રહે એના માટે પણ આ સમિતિ કામ કરતી હોય છે. રોજગારી મેળવવામાં સહાયરૂપ થવું વગેરે બાબતોનો સહયોગ મળી રહે એટલા માટે આ સમિતિ કામ કરતી હોય છે.

શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, સેન્ટર ઓફ એક્સલન્સ યોજનાનું અમલીકરણ કઇ રીતે કરવામાં આવે છે ?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર :માનનીય અધ્યક્ષશ્રી, આ સ્કીમના અમલીકરણ તથા મોનિટરીંગ માટે રાજ્યકક્ષાએ સ્ટેટ પ્રોજેકટ ઇમ્પ્લીમેશન યુનિટની રચના કરવામાં આવી છે. ઉદ્યોગોની જરૂરિયાત અનુસાર નવા મલ્ટી સ્કીલ મોડ્યુલર અભ્યાસક્મો દાખલ કરવા, આઇ.ટી.આઇ.ની ઇમારત, સાધન સામગ્રી તથા મશીનરી જેવી ભૌતિક સગવડતાઓ સુધારવામાં આવે તથા આધુનિકતા લાવવામાં આવે, તાલીમ કાર્યક્રમોના આયોજન તથા અમલીકરણમાં ઉદ્યોગો તથા અન્ય એકમોની ઘનિષ્ઠ સહભાગીતા સાથેની નવી તાલીમ ટેકનિકો પણ આપનાવવામાં આવે છે. શૈક્ષણિક, આર્થિક તથા વહીવટી બાબતોમાં પૂરતી સ્વાયત્તતા પૂરી પાડીને આવા કેન્દ્રોનું સશકિતકરણ કરવામાં આવે છે. તેમજ તાલીમને સંપૂર્ણ માંગ સંચાલિત બનાવવા માટે કેન્દ્ર નજીકની ઇન્ડસ્ટ્રીઝ સાથે ભાગીદારી કરીને સંસ્થાકીય સંચાલન સમિતિની રચના કરેલ છે. ઔદ્યોગિક સમૂહોને ધ્યાને લઇ ભારત સરકારના શ્રમ મંત્રાલયના ડાયરેકટર જનરલ ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ ટ્રેનીંગ દ્વારા કરેલા નવ જુદા જુદા સેકટરોમાં એક વર્ષની બેઝીક ટ્રેનીંગ તથા ૬ માસની એડવાન્સ મોડ્યુલની તાલીમ આપવામાં આવે છે તથા તાલીમના અંતે તાલીમાર્થીઓને નેશનલ કાઉન્સીલીંગ ઓફ વોકેશનલ ટ્રેનીંગનું પ્રમાણપત્ર પણ આપવામાં આવે છે.

ભિલાડ અને કપરાડા ચેકપોસ્ટમાં આવક

* ૨૪૧૭૧ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભિલાડ ચેકપોસ્ટ અને કપરાડા ચેકપોસ્ટ પર કેટલી આવક થઈ, અને

એચબી–

જવાબ

(૧) તા.૩૧–૧–૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લાના કપરાડા અને ભિલાડ ચેકપોસ્ટની છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આવક નીચે મુજબ છે.

| વર્ષ | ભિલાડ ચેક પોસ્ટની આવક રૂપિયા (લાખમાં) | કપરાડા ચેક પોસ્ટની આવક રૂપિયા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૪–૧૫ | ૫૯૭૮.૯૯ | ૨૯૯.૧૮ |
| ૨૦૧૫–૧૬ (જાન્યુઆરી–૨૦૧૬ અંતિત) | ૬૪૯૯.૦૯ | ૩૨૦.૮૦ |

## તારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ ચેકપોસ્ટ ઉપર ક્યા પ્રકારની કેટલી ગેરરીતિઓ પકડાઇ અને તે અન્વયે શા પગલા લીધા ? | (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઓવરલોડ, કાર કેરીયર, ઓ.ડી.સી., ઓવરડાયમેન્શન ઓફ ગુડઝ, પેસેન્જર બસ, રોડ સેફટી અને અન્ય પ્રકારની મળી ૨૪૫૪૫૨ ગેરરીતીઓ ધ્યાને આવેલ છે અને રૂ.૧૩૦૯૮.૦૬ લાખની વસુલાત કરવામાં આવેલ છે. |

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ ગતિશીલ ગુજરાતમાં કેટલો ભ્રષ્ટાચાર વધ્યો છે?

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ઉપર આવો.

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૩-૧૪માં અને ૨૦૧૫-૧૬માં ૨૪૫૪૫૨ ગેરરીતિઓ પકડાઇ છે તો વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ કરતાં આ ગેરરીતિ કેટલી વધારે છે? અને એ ગેરરીતિ કોણે કરી છે? એમની સામે શા પગલાં લેવામાં આવ્યા અને આ ગેરરીતિ રોકવા શું પગલાં લીધાં?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ વ્હીકલ બીજા રાજયમાંથી આપણા રાજયમાં આવતું હોય અથવા તો ચેકપોસ્ટ ઉપરથી પસાર થાય અને તેની અંદર વ્હીકલ ચલાવવાવાળા પાસે ડ્રાઇવીંગ લાયસન્સ ન હોય અથવા તો વ્હીકલ એકટનો ભંગ કોઇપણ રીતે કર્યો હોય ઓવરલોડ તરીકે કર્યો હોય, ઓવર ડાયમેન્શન તરીકે કર્યો હોય અથવા તો બેલ્ટ ન બાંધ્યો હોય અથવા તો અન્ય પાંચ સાત અલગ અલગ આના વિષયો છે એમાંની ગેરરીતિ એટલે વ્હીકલ લઇ અને આવવાવાળા દા.ત. ટોટલ વ્હીકલ ત્યાંથી જે નીકળ્યા તે ૧૯,૩૪,૫૦૦ જેટલા વ્હીકલ નીકળ્યા તેમાંથી ૨૪૫૦૦૦ જેટલા વ્હીકલોની અંદર કંઇ ને કંઇ ગેરરીતિઓ હતી. ગેરરીતિ એટલે કોઇ રીતે એમણે આગળ પ્લેટ લગાડી હોય તો નંબર પ્લેટની અંદર ઝાંખુ પડતું હોય, હમણા જે વાત કરી ડ્રાઇવીંગ લાયસન્સની બાબતમાં તો તેની અંદર કાંઇ ત્રુટી હોય તો આવા ૧૨.૬૮ ટકા જેટલા વ્હીકલોને આની અંદર ગેરરીતિ ગણી અને એની પાસેથી રૂ.૧૩૦,૯૮,૦૦,૦૦૦/-નો દંડ લેવામાં આવ્યો એટલે આ ગેરરીતિ કર્મચારીવાળો વિષય કે એ પરિપ્રેક્ષ્ય કે એ સંદર્ભમાં માનનીય સભ્યશ્રી સમજતા હોય તો એમાં સુધારો કરે, કોઇપણ વ્હીકલ નીકળતું હોય તો એના નિયમનો ભંગ કરે છે એને ગેરરીતિ સમજી અને એ આંકડો આપેલો છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, જયારે આપણી સરકારે સંપૂર્ણ રીતે કમ્પ્યુટરાઇઝ ચેકપોસ્ટ બનાવી છે ત્યારે ગેરરીતિ ખબર પડે છે અને કેટલી ઇન્કમ આવે છે તે ખબર પડે છે. પહેલા તો હિસાબ જ નહોતો. ભિલાડ અને કપરાડા ચેકપોસ્ટમાં ૨૦૧૩-૧૪ની આવક કેટલી હતી અને એની સરખામણીએ વર્ષ ૨૦૧૪-૧૫માં કેટલો વધારો થયો છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, વધારે સતર્કતા અને વધારે સજાગતાને કારણે વ્હીકલ ઉપરથી કોઇપણ પ્રકારની ગેરરીતિ હોય તો એને કન્ટ્રોલ કરી શકાતી હોય છે એમાં દંડની કેટલીક જોગવાઇ પણ કરવામાં આવી છે. એની કેટલીક આવક થતી હોય છે. માનનીય સભ્યશ્રીએ વર્ષ ૨૦૧૩-૧૪ની વાત કરી તો ભિલાડની ૨૦૧૩-૧૪ની ૪૮.૩૯ કરોડ રૂપિયાની આવક હતી એ વર્ષ ૨૦૧૪-૧૫ની અંદર ૬૨.૬૫ કરોડ એટલે ૧૪.૨૬ કરોડનો વધારો ભિલાડ ચેકપોસ્ટ ઉપર થયો છે. કપરાડા ચેકપોસ્ટની વાત કરીએ તો ૨૦૧૩-૧૪ની અંદર ૨.૬૨ કરોડ હતો જે ૨૦૧૪-૧૫ ના વર્ષની અંદર ૩.૯ કરોડ એટલે ૪૭ લાખનો ત્યાં પણ વધારો થયો છે.

શ્રી જિતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ભારત દેશનો નેશનલ હાઇવે -૮ ગુજરાતમાંથી પસાર થાય છે અને તેમાં પણ સૌથી વધારે ટ્રાફિક નેશનલ હાઇવે નં. ૮ ઉપર છે અને મુંબઇ એટલે હિન્દુસ્તાનનું ઇન્ડસ્ટ્રીયલ ઉદ્યોગનું હબ છે ત્યારે ભિલાડ ચેકપોસ્ટ ઉપર જે ટ્રકવાળા પાસેથી પૈસા લેવામાં આવે છે એમાં ૧૦૦ રૂપિયા દરેક ટ્રકે એક્સ્ટ્રા લેવામાં આવે છે. મુંબઇથી ગુજરાત આવતાં સરેરાશ ૨૦ થી ૨૫ હજાર વાહનો એક દિવસનાં પસાર થાય, એટલે ૨૪ કલાકનાં ૨૦ હજાર વાહન ગણો તો પણ ૨૦ લાખ રૂપિયા થાય. એક વર્ષના ૭૨૦૦ લાખ રૂપિયા થાય. અત્યારે ૩૧-૧-૨૦૧૬ ના દિવસે એ.સી.બી.ની રેડ મોડાસા ભિલાડની અંદર પડી. ત્યાંથી કોમ્પ્યૂટર ઓપરેટરો પકડાયા, તો એ કોમ્પ્યૂટર ઓપરેટરોને શું સજા કરવામાં આવી? એ બાબતની તપાસ છેક ગાંધીનગર સુધી આવી તો એ કયાં સુધી આવી એ જાણવા માગું છું?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલો પ્રશ્ન પૂછ્યો એમાં ઓવરલોડના જે દંડ હોય છે, ત્યાં એના આધારરૂપ ફિગર આપ્યા એ છે. બીજી વાત કરી કેટલાક લોકોએ ગેરરીતિ કરી અને બહારના લોકો પકડાયા. એમાં સરકારે આઉટ સોર્સનું કામ એક કંપનીને આપેલ હતું એ કંપનીના કર્મચારી પણ સંડોવાયેલ હતા. એ પણ માનનીય સભ્યશ્રીએ વાત કરી. સરકારના મંત્રી તરીકે એ બાબતને સમર્થન આપું છું કે એવા કેટલાક લોકોને પકડ્યા અને એમાં કેટલાક માણસો એની સાથે જોડાયેલ હતા. અખબારમાં પણ ઘણું બધું આવ્યું છે. એ બધા લોકો જેલના હવાલે છે. એમાં કોઇને પણ છોડવા માગતા નથી. એ.સી.બી.એ જે તપાસ ટ્રેપ કરી, તેનો રિપોર્ટ વિભાગને મળ્યો નથી. એ રિપોર્ટ આવ્યે એમાં જે કર્મચારી કક્ષાના હોય કે અધિકારી કક્ષાના હશે તેમાં રાજ્ય સરકાર કોઇપણ જવાબદારોને છોડવા માગતી નથી.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવા માગું છું કે ભારે કામગીરી હોવા છતા પણ અમારા મહારાષ્ટ્ર બોર્ડર ઉપરની ભિલાડ ચેકપોસ્ટ ઉપર ઓચિંતી મુલાકાતના કારણે સિસ્ટમની અંદર સુધારો થયો છે. ભિલાડ અને કપરાડા એ બંને ચેકપોસ્ટ મહારાષ્ટ્ર બોર્ડર ઉપર છે અને આજુબાજુ એમ.આઇ.ડી.સી., જી.આઇ.ડી.સી., સરેગાવ, ઉંમરગાવ અને વાપી છે. ત્યાં કમસેકમ ૫૦૦૦ જેટલા ઉદ્યોગો ધમધમી રહ્યા છે. ટ્રાફિક હંમેશા રહે છે. હું એ જાણવા માગું છું કે ભિલાડ, કપરાડા મહારાષ્ટ્રના બોર્ડર ઉપર આવેલ ચેકપોસ્ટ છે. તો ત્યાં આગળ વાહનો ચેકિંગ કરવા

માટેની સિસ્ટમ કયા પ્રકારની છે. એમાં કેટલી લેન છે? આમાં કોઇ બંધ હાલતમાં લેન છે કે કેમ? કેમેરા સિસ્ટમ અત્યારે ચાલુ છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય સભ્યશ્રીની વાત સાચી છે. ત્યાં વધારે મોટા પ્રમાણમાં હમણા ફિગર આપ્યો એ પ્રમાણે લાખોની સંખ્યામાં વ્હીકલ પસાર થતાં હોય છે. ત્યાં આગળ જોઇએ તો આવવા અને જવાની એમ કરીને ૬–૬ લેન છે. ૬–૬ લેન ઉપર ઓટોમેટિક વે–બ્રીજ બનાવેલ છે. વ્હીકલ પસાર થાય અને એનો વજન કેટલો છે તે કોમ્પ્યૂટર ઉપર ઓટોમેટિક આવી જતો હોય છે. આમ કુલ ૧૨ લેન કાર્યરત છે. કેમેરાની વાત કરી તો કેમેરાઓ ત્યાં આગળ ચાલુ છે. મારે આ સભાગૃહને એ બાબતની જાણકારી આપવી જોઇએ કે કેટલીક ક્ષતિઓ હતી અને જેના અનુસંધાનમાં મુખ્યમંત્રીશ્રીને પોતાને જાણ થતા સરપ્રાઇસ વિઝિટ ભિલાડની કરી. ત્યાં આગળ ગયા પછી એક વર્ષ પહેલાં જેટલી સૂચનાઓ આપેલ હતી તે લગભગ મોટાભાગની પૂરી થઇ છે અને અત્યારે હાલ મેં વાત કરી એ પ્રમાણે તમામ કેમેરા, વે–બ્રીજ અને બારે બાર લેન ચાલુ છે.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આવક વધી તો એ ગેરરીતિથી આવક વધી તો આ ગેરરીતિ ૨,૪૫,૪૫૨ ની અને આવક ૧૩,૦૯૮–૦૬ ની થઇ. એ સિવાય બે વર્ષની ૧૨,૪૭૮–૦૮ ની થઇ. તો મારે જાણવું છે કે એ ૬૧૯–૫૮ કયા સ્ત્રોતમાંથી આવક થઇ? ગેરરીતિની આવક થઇ તે સિવાય ૬૧૯–૫૮ ની આવક વધે છે તે ગેરરીતિ સિવાય કયા સોર્સમાંથી આવક થાય છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી,આવક માટેના સ્ત્રોત જોઇએ તો ત્યાં આગળ દંડની આવક છે. આપ કરોડ અને લાખનો આંકડો એક કરીને જુઓ છો. કરોડ અને લાખનું બાયફરગેશન કરશો તો આપને જવાબ મળી જશે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય

* ૨૩૪૫૫ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) **:** માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૧. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧. |
| (૩) મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૫૦,૦૦૦/–. |

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનામાં અરજી સાથે કયા પુરાવા રજૂ કરવાના હોય છે અને બીજું એ જાણવું છે કે આ યોજના સહાયનું કઇ રીતે ચુકવણું કરવામાં આવે છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આંતરજ્ઞાતિય સમૂહ લગ્નની યોજનામાં પતિ પત્નીના નામે ૨૫ હજારના બચતના પ્રમાણપત્રો આપવામાં આવે છે. ઘરવખરી માટે બીજા ૨૫ હજાર આમ કુલ ૫૦ હજારની સહાય ચુકવવામાં આવે છે. પાત્રતાનું ધોરણ જોઇએ તો દીકરીની ઉંમર ૧૮ વર્ષ અને દીકરાની ઉંમર ૨૧ વર્ષ હોવી ફરજિયાત છે. એક હિન્દુ સવર્ણ હોવો જોઇએ અને બીજું અનુસૂચિત જાતિનો હોવો ફરજિયાત છે. લગ્ન પછી બે વર્ષની સમય મર્યાદાની અંદર અરજી કરવાની હોય છે. યુગલ પૈકી કોઇ પરપ્રાંતનો હોય તો પાંચ વર્ષથી ગુજરાતમાં સ્થાયી રહેતો હોય તેનું પ્રમાણપત્ર હોવું જોઇએ. ૩૫ વર્ષની ઉંમરના કોઇ વિધુર કે વિધવા કે જેને બાળકો નથી તે લોકો પુનર્લગ્ન કરે તો તે લોકોને આંતરજ્ઞાતિય લગ્ન સહાયનો લાભ આપીએ છીએ.

શ્રી ચિમનભાઇ ધ. સાપરિયા : માનનીય અધ્યક્ષશ્રી, મને મારો જવાબ મળી ગયો છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે આ પ્રથાને જેટલી વધારે પ્રોત્સાહિત કરી શકીએ એટલું સારું છે. તે સંદર્ભમાં હું જાણવા માગુ છું કે જે અનામત કેટેગરીમાં નથી આવતા તેવા વર્ગમાંથી અનામત કેટેગરીમાં આવે છે તેવી જગ્યાએ દીકરી જો લગ્ન કરીને આવે તો એ દીકરીના બાળકોને લાભ મળે છે, પરંતુ સ્થાનિક સ્વરાજય કે બીજી ચૂંટણીઓ લડવામાં આવે તો તેને પણ લાભ આપવો જોઇએ કે જેથી કરીને તે પરિવારમાં આવનારી વ્યકિત તે પરિવારની સામાજિક વ્યવસ્થામાં આવે છે તો આ માટે સરકાર કોઇ વિચારણા કરવા માગે છે કે કેમ?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, તેમનો શુભ આશય છે પરંતુ આ યોજના સહાય પૂરતી મર્યાદિત છે એટલે એમાં આ વિષય નહીં આવે.

શ્રી મેરામણભાઇ મા. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે આ જે ૫૦ હજારની સહાય છે તે વધારીને ૧ લાખ કરવા માગો છો કે કેમ?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, ગઇ વખતે યોજનાના લાભાર્થીનો લક્ષ્યાંક હતો તેમાં આપણે આ વખતે ૧ હજારનો વધારો કર્યો છે. આ સહાયમાં કોઇ વધારો કરવા રાજય સરકાર હમણાં વિચારતી નથી.

## તા. ૧૫મી માર્ચ, ૨૦૧૬

## તારાંકિત પ્રશ્નો

અમદાવાદ જિલ્લામાં મહિલા તાલીમાર્થીઓને સાયકલ ભેટ

*** ૨૩૫૨૫ શ્રી બાબુભાઈ પટેલ (દસક્રોઈ) :** માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વિદ્યા સાધના સહાય યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૪–૧૫ માં અમદાવાદ જિલ્લામાં કેટલી મહિલા તાલીમાર્થીનીઓને સાયકલ ભેટ આપવામાં આવી, અને | (૧) ૩૦૪. |
| (૨) તા.૩૧–૩–૩૦૧૫ની સ્થિતિએ કેટલી મહિલા તાલીમાર્થીનીઓને સાયકલ ભેટ આપવાની બાકી છે ? | (૨) ૮૧. |

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આ સભાગૃહમાં અભિનંદન આપું છું. અભિનંદન એના આપું છું કે અમદાવાદ જિલ્લાની અંદર પહેલીવાર જે આઇ.ટી.આઇ.ની. તાલીમાર્થી બહેનોને મેં કયારેય સાંભળ્યું નથી કે તેમને સાઇકલ મળી હોય. આ સરકાર તેને સાઇકલ આપી છે. મહિલા મુખ્યમંત્રી આનંદીબેન નારી સશક્તિકરણ માટે કામ કરી રહ્યા છે તેનો આ પુરાવો છે. મારે એટલી વાત કરવી છે કે ૩૦૪ સાઇકલ મળી છે. ૮૧ સાઇકલો આપવાની બાકી છે. તો આ ૮૧ બહેનોને સાઇકલ કેમ આપવમાં આવી નથી, તેના કારણો શું છે અને તે કયારે આપવાના છો?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આઇટીઆઇમાં તાલીમાર્થી બહેનોને સાઇકલ આપવાની પહેલીવાર આ યોજના ગુજરાતમાં અમલમાં મૂકી છે. માનનીય સભ્યશ્રીએ કહ્યું કે ૩૦૪ સાઇકલો આપી છે અને ૮૧ સાઇકલો આપવાની કેમ બાકી છે. આ પ્રશ્ન પૂછાયો ૩૧–૩–૨૦૧૫ની સ્થિતિએ પૂછયો હતો. તેમને પ્રશ્ન પૂછયા પછી ૮૧ સાઇકલો પૈકી જે સાઇકલ આપવાનો નિયમ છે તે જોઇએ તો આઇ.ટી.આઇ.માં છ મહિનાથી વધારે કોર્સ ભણવા માટે મહિલાઓ દાખલ થાય તેને સાઇકલ આપવાની યોજના છે. ૮૧ બહેનો બાકી હતી તેમાં સરસપુર આઇ.ટી.આઇ.ની અંદર જે પાંચ તાલીમાર્થી મહિલાઓ દાખલ થઇ તે પણ અભ્યાસ કરવા માટે ન આવી. કુબેરનગરની અંદર પાંચ તાલીમાર્થી બહેનો દાખલ થઇ પરંતુ તાલીમ લેવા માટે ન આવી. એટલા માટે ૧૦ તાલીમાર્થી બહેનોની સાઇકલની અરજી નામંજૂર થઇ. બાકી રહેતી ૭૧ બહેનોને જયારે આ પ્રશ્ન ૩૧–૩–૨૦૧૫ની સ્થિતિનો પૂછયો હતો પણ આજની તારીખે તમામ બહેનોને સાઇકલ આપી દેવામાં આવી છે.

શ્રી હસમુખભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ વિદ્યા સાધના સહાય યોજના અંતર્ગત મહિલા તાલીમાર્થીઓને જે સાઇકલ ભેટ આપવાની યોજના છે એના માટેના ધોરણો શું છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યા સહાય યોજના અંતર્ગત મહિલા તાલીમાર્થીઓને સાઇકલ ભેટ આપવા માટે એક તો મહિલાના વાલીની આવક મર્યાદા ધ્યાનમાં લેવામાં આવે છે એમાં શહેરી વિસ્તાર માટે ૬૮ હજાર અને ગ્રામ્ય વિસ્તાર માટે ૪૭ હજારની આવક મર્યાદા છે, અને આ મહિલા ૬ માસ કે તેથી વધુના કોર્સ માટે દાખલ થાય તેને આ સાઇકલ આપવાની યોજના છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે જાણવું છે કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણી વખતે એટલે કે ત્રણ વર્ષ પહેલા આપે ચૂંટણી ઢંઢેરામાં જાહેરાત કરેલી કે, આઇ.ટી.આઇ.કોર્સ કરેલાને ટેબ્લેટ આપશો. ત્રણ વર્ષ થઇ ગયા હજુ સુધી એક પણ વિદ્યાર્થીને ટેબ્લેટ મળ્યા નથી તો ક્યારે આપવા માગો છો?

અધ્યક્ષશ્રી : બહેન, આ સાઇકલનો પ્રશ્ન છે, ટેબ્લેટનો નથી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ૮૧ વિદ્યાર્થિની બહેનોને સાઇકલ આપવાની બાકી છે એ ક્યારે આપવા માગો છો?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન સાઇકલો માટેનો પ્રશ્ન છે અને એમણે કહ્યું કે, ૮૧ બહેનોને સાઇકલો ક્યારે આપવામાં આવશે? તો મેં મારા અગાઉના જવાબમાં પણ કહ્યું કે, જે ૭૧ બહેનોને સાઇકલ આપવાની બાકી હતી એ આજની તારીખે આપી દેવામાં આવેલ છે.

ડો. નિર્મલાબહેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, જે કુબેરનગરની આઇ.ટી.આઇ.ની વાત કરી એ મારા મત વિસ્તારમાં આવેલ છે અને મને ખૂશી છે કે આ મારા વિસ્તારમાં ગુજરાતની સૌથી જૂની અને સૌથી મોટી આઇ.ટી.આઇ. છે. ત્યાં મેં ઘણી વખત મુલાકાત લીધી છે અને ત્યાં આઇ.ટી.આઇ.માં તાલીમ મેળવતી મહિલા તાલીમાર્થી બહેનો માટે ટ્યુશન ફીના ધોરણો શું છે? અને આઇ.ટી.આઇ.ના પ્રવેશમાં મહિલા માટે કેટલી બેઠક અનામત રાખવામાં આવેલ છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આઇ.ટી.આઇ.માં તાલીમ લેતી તાલિમાર્થી મહિલાઓ અને રાજયની તમામ મહિલાઓ માટે મહિલા શસક્તિકરણ માટે આપણે આગળ વધી રહ્યા છીએ ત્યારે જે અમારી આઇ.ટી.આઇ. માં તાલીમ લેવા માટે મહિલાઓ દાખલ થાય એની પાસેથી કોઇ ફી લેવામાં આવતી નથી, મહિલાઓને વિનામૂલ્યે તાલીમ આપવામાં આવે છે. એમનો બીજો પ્રશ્ન હતો કે, મહિલાઓ માટે કેટલી સીટો અનામત રાખવામાં આવે છે? માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં મહિલા આઇ.ટી.આઇ.ઓ ચલાવીએ છીએ અને સાથે સાથે બીજી આઇ.ટી.આઇ.માં પણ મહિલાઓ માટે ૨૫ ટકા અનામત સીટો રાખવામાં આવે છે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ સાઇકલનો કલર છે એ ક્યો હોય છે? કારણ કે, આઇ.ટી.આઇ. દિવસે ચાલે છે અને ભૂતકાળમાં મંત્રીશ્રીએ જવાબ આપ્યો હતો કે રાત્રે અકસ્માત ન થાય માટે સાઇકલનો કલર છે એ કેસરી કલર રાખવામાં આવે છે. તો આ સાઇકલનો કલર ક્યો રાખવામાં આવેલ છે? કારણ કે, આર.એસ.એસ.એ પણ કલર બદલી નાંખીને બ્લ્યુ કરી નાંખ્યો છે.

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાષ્ટ્રને ગમતો આ કલર છે માટે કેસરી કલરનું આપણે સૌએ ગૌરવ લેવું જોઇએ. આપણા તિરંગાની અંદર પણ કેસરી કલર આવેલો છે અને જે અમારી તાલિમાર્થી બહેનો દિવસે તાલીમ લેતી હોય પરંતુ ક્યાંક ગામમાં અંદર બીજી કોઇ બહેન પણ તાલીમ લેતી હોય તો એના ઘરે એને રાત્રીના સમયે જવું હોય તો રાત્રીના સમયે આ સાઇકલ દેખાય એટલા માટે આપણે કેસરી કલર રાખેલો છે.

અધ્યક્ષશ્રી : એટલે તાલીમ સિવાયના સમયે પણ ગમે ત્યાં સાઇકલ લઇને આ બહેનો જઇ શકે.

### માણસા તાલુકામાં પીવાના પાણી માટે પંચાયતોને અનુદાન

*** ૨૩૭૩૮ શ્રી અમિતભાઈ ચૌધરી (માણસા) :** માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં પીવાના પાણી ખૂબ જ ઉંડે ગયેલ હોઈ સરકાર દ્વારા કરવામાં આવતા કામો અંતર્ગત ૯૦:૧૦ ની યોજના અંતર્ગત ગ્રામ પંચાયતો ૧૦ ટકા રકમ ભરવા પણ સક્ષમ ન હોય તેવા કિસ્સામાં ગ્રામ પંચાયતોને કોઈ અનુદાન આપવાનું આયોજન છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જણવા માગુ છું કે, ટ્રાયબલ વિસ્તારમાં આ સ્કીમ છે એમાં સો ટકા સરકાર એનો ખર્ચ ભોગવે છે. હવે ગાંધીનગર જિલ્લામાં પણ ઘણાં એવા ગામો છે કે જે આખે આખા ગામ ઓ.બી.સી. કે દલિતના હોય તો એવી જગ્યાએ પણ આપણે આ સો ટકા કરવા માગીએ છીએ કે કેમ? અને બીજું જ્યાં દસ ટકા ભરવાના હોય છે એ ધારાસભ્યની ગ્રાન્ટમાંથી આપણે આપી શકતા નથી તો આપણે એવી કોઇક જોગવાઇ કરીએ કે ધારાસભ્યના ફંડમાંથી પણ આપણે દસ ટકા ભરી શકીએ તો ઘણી એવી પંચાયતો છે જે મજબૂત નથી અને જેની પાસે ભંડોળ નથી પડ્યું એને પણ થોડી રાહત મળી શકે.

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આગામી ઉનાળાની સિઝનની અંદર રાજયના દરેક ગામડાંઓની અંદર પીવાના પાણીની વ્યવસ્થા સારી રીતે થઇ શકે તે માટે ૧૦–૩–૨૦૧૬ના રોજ આદરણીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેનની સૂચના અને માર્ગદર્શન હેઠળ પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે કે, રાજયના તમામ ગામડાંઓમાં પીવાના પાણીને પ્રાથમિકતા આપી અને જે ગામની અંદર જૂથ યોજનાથી જોડાયેલું ના હોય કે નર્મદા કે મહી પરીયોજનાનું પાણી આવતું ના હોય એવા તમામ ગામડાંઓની અંદર ૧૦ ટકા જે લોકફાળો ભરવાનો હતો તેની સંપૂર્ણ માફી આપવામાં આવે છે અને તેનો તમામ ખર્ચ પાણી પુરવઠા વિભાગ ભોગવશે અને રાજયના તમામ ગામડાંઓને આનો લાભ મળશે અને સોએ સો ટકા ગ્રાન્ટ છે તે રાજય સરકાર, પાણી પુરવઠા બોર્ડ આપશે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સારી વાત છે આપે દસ ટકા માફ કરી દીધા. હું એવા વિસ્તારમાંથી આવુ છું કે અમો સો ટકા બોરથી પાણી પીએ છીએ. સૌથી મોટું એક તો ફલોરાઇડવાળું પાણી છે અને દર અઠવાડિયામાં એક કે બે બોર નિષ્ફળ જાય તો સૌથી મોટી મુશ્કેલી છે કે જે સામગ્રી રહેવી જોઇએ તે તાત્કાલિક હાજર નથી હોતી માટે સરકારને મારે વિનંતી કરવી છે કે, તેમાં કોઇ સમયગાળો નક્કી થાય ધારો કે એક માણસ અરજી આપે કે મારો બોર ફેઇલ ગયો છે અથવા નવો કરવો છે તો ચોક્કસ સમયમાં થઇ જાય એવી કોઇ યોજના કરવા માગો છો કે કેમ ?

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, નવા બોર માટે વિભાગને સૂચના પણ આપી છે કે આગામી ઉનાળાની સીઝનને ધ્યાનમાં લઇ અને જે ગામડાંની અંદર બોર કરવાના આવતા હોય તેનો તાત્કાલિક ભૂસ્તરશાસ્ત્રી મારફતે સરવે કરાવી અને વહેલામાં વહેલી તકે ત્યાં બોર કરી અને પાણી આપવાનું આયોજન છે. જે પણ ગામડાંની અંદર જૂથ યોજનામાં જોડાયેલા ના હોય અને માત્ર તે બોર આધારિત હોય તે તમામ ગામડાંની અંદર ઉનાળાની પરિસ્થિતિને ધ્યાનમાં લઇ અને રાજય સરકારે પીવાના પાણીને પ્રાથમિકતા આપી છે માટે વહેલામાં વહેલી તકે બોર કરી અને ગામડાંઓને પીવાનું પાણી મળે તે માટે રાજય સરકાર કટિબદ્ધ છે.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સૌ પ્રથમ તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારને અભિનંદન એટલા માટે આપુ છું કે જે ગામમાં નર્મદાનું પાણી ના લેતાં હોય તેની જાણ ધારાસભ્યને પત્ર દ્વારા કરવામાં આવે છે કે આ ગામમાં નર્મદાનું પાણી નથી લેતા તો એનો પ્રયત્ન કરો. ગાંધીનગર જિલ્લાનો સવાલ છે ત્યારે તાલુકાવાર ૨૦૧૫–૧૬માં આ જિલ્લામાં બોરો માટે શું આયોજન કરવામાં આવ્યું તે મારે મંત્રીશ્રી પાસે જાણવું છે.

## તા. ૧૫મી માર્ચ, ૨૦૧૬

## તારાંકિત પ્રશ્નો

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૫-૧૬ માટે આયોજનમાં ૧૫ બોરની સંખ્યા હતી તેમાં ૧૪ બોર શારેલ હતા તે ચૌદે ચૌદ સફળ થયા છે અને ૧૧ ઉપર મશીનરી પણ બેસાડવામાં આવી છે અને ૪ની કામગીરી બાકી છે. દહેગામ તાલુકામાં ૧૭ ની સામે ૧૦ શારેલ બોર છે, ૧૦ સફળ થયા છે, ૫ની અંદર મશીનરી બેસાડવામાં આવી છે અને બાકીની કામગીરી બાકી છે. માણસામાં ૯નું આયોજન હતું તેમાં ૭ બોર કર્યા છે અને સાતે સાત સફળ થયા છે, પાંચની અંદર પંપ બેસાડવામાં આવ્યા છે અને બાકીની કામગીરી ચાલુ છે. કલોલ તાલુકામાં ૧૦ની સામે દસ બોર કર્યા છે અને દસે દસ બોર સફળ થયા છે તેમાં આઠની અંદર મશીનરી બેસાડવામાં આવી છે અને બેની કામગીરી બાકી છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રીશ્રી જયારે અહીંયા બેઠા છે ત્યારે મારે તેમનું નર્મદાના પાણી વિશે ધ્યાન દોરવું છે. મારા કલોલ તાલુકાની અંદર પીઅજ ગામની અંદર પાણી શુદ્ધ કરવા માટેનો પ્લાન્ટ નાંખેલો છે. અશોકભાઇએ વાત કરી તેમાં હું તમારું ધ્યાન દોરવા માટે વાત કરું છું કે, જે પ્લાન્ટ શુદ્ધ કરવા માટેનો છે ત્યાં આગળ મરેલાં ઢોર પણ તળાવમાં પડેલા હોય છે ત્યારે આ બધાના માટે ચિંતાનો વિષય છે અને તેમાંથી પાણીનું શુદ્ધિકરણ જે થતું હોય છે એટલે આજુબાજુના ગામડાંના લોકો એ અંદર મરેલાં ઢોર પડેલા જોતા હોય છે એટલે લગભગ તે પાણી પીવા માટે આજુબાજુના સરપંચો પણ તૈયાર હોતા નથી. એટલે એ પ્લાન્ટની અંદર એવી ગંદકી ના ફેલાય એવી આ તબક્કે આપને વિનંતી કરું છું. કલોલ તાલુકામાં દસ બોર બનાવ્યા , અને દસે દસમાં પીવાલાયક પાણી છે. કલોલ તાલુકામાં ભીમાસણ ગામની અંદર બે મહિના બોર બનાવ્યે થઇ ગયા, પણ જી.ઇ.બી.વાળા કનેકશન આપતા નથી કે શું છે એ ખાલી તપાસ કરાવે, એ બોર આજની તારીખ સુધીમાં ચાલુ ન થવાના કારણો શું છે?

શ્રી જયેશકુમાર વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પહેલો પ્રશ્ન પૂછ્યો છે એમાં અમારી પાસે એવી કોઇ વિગત આવી નથી એટલે આજે જ એની તપાસ કરાવીને, અને તમારી જે લાગણી છે એની આજે જ તપાસ કરવીને જે કંઇ કાર્યવાહી કરવાની થશે એ કાર્યવાહી કરીશું. બીજો પ્રશ્ન એમણે એક ગામનો કર્યો, બે મહિનાથી બોર કમ્પલીટ થઇ ગયો છે, પરંતુ વીજ કનેકશન લેવા માટેની માગણી પંચાયત લેવલે કરવાની થતી હોય છે એટલે પંચાયતનો ઠરાવ લઇ કઇ જગ્યા ઉપર કરેલો છે, કોઇ ખરાબો આવે, પંચાયતની જગ્યા આવતી હોય એનો દાખલો આપીને કામગીરી થતી હોય એટલે કદાચ વિલંબ થયો હશે, પણ અગાઉ મેં કહ્યું એમ દરેક ગામડાંની અંદર આગામી ઉનાળાને ધ્યાનમાં રાખી આવી જે કોઇ કામગીરી કરવાની થતી હોય એમાં અમારું ધ્યાન દોરજો એટલે વહેલામાં વહેલી તકે દરેક ગામડાંઓની અંદર પીવાના પાણીની પ્રાથમિકતા આપી અને કામગીરી કરવા માટે રાજય સરકાર અને પાણી પુરવઠા વિભાગ કટિબધ્ધ છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, જી.ઇ.બી.ની આડોડાઇના કારણે આ બે મહિનાથી બોર ચાલુ થતો નથી, ગ્રામ પંચાયતે ઠરાવ પણ કરી દીધેલો છે અને જે કામગીરી કરવાની થતી હોય એ ગ્રામ પંચાયતે કરી દીધી છે છતાં ચાલુ થતો નથી.

શ્રી જયેશકુમાર વિ. રાદડીયા : માનનીય સભ્યશ્રી મારું ધ્યાન દોરજો, આજે જ જોવડાવી લઇશું.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, બાકીની વિગતો આપ મંત્રીશ્રીને આપજો.

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, હાલમાં ગાંધીનગર જિલ્લામાં કેટલી જૂથ પાણી પુરવઠા યોજનાઓ કાર્યરત છે અને એમાં કેટલાં ગામો અને શહેરોનો સમાવશે થયેલો છે?

શ્રી જયેશકુમાર વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લામાં ચાર જૂથ પાણી પુરવઠા યોજનાઓ છે. એસ.એસ.ડબલ્યુ. જી.-૧, ગાંધીનગર તાલુકો, એમાં ૩૧ ગામોનો સમાવેશ થાય છે. એસ.એસ. ડબલ્યુ. જી.-૨, એમાં ગાંધીનગર અને દહેગામ, એમાં ૧૩૧ ગામો અને એક શહેરનો સમાવેશ થાય છે. એસ.એસ. ડબલ્યુ. જી.-૩, એમાં માણસા તાલુકો એમાં ૬૨ ગામડાંનો સમાવેશ થાય છે, એમ.૧ પી-૨ એમાં કલોલ તાલુકો ૬૭ ગામ અને ૩ શહેરનો સમાવેશ થાય છે, એમ કુલ ૨૯૧ ગામડાં અને ૪ શહેરોનો આ ચાર જૂથ યોજનામાં સમાવેશ થાય છે.

### છોટાઉદેપુર જિલ્લામાં નવા હેન્ડપંપો

* ૨૪૩૪૫ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) **:** માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના નસવાડી અને બોડેલી તાલુકાઓમાં બંધ હાલતમાં હોય તેવા હેન્ડપંપોની સંખ્યા કેટલી છે, અને | (૧) |
| (૨) ઉકત સ્થિતિએ જે હેન્ડપંપો રીપેરીંગ થઈ શકે તેમ નથી તેના સ્થાને પીવાના પાણીની મુશ્કેલી દૂર કરવા નવા હેન્ડપંપો કેટલા સમયમાં નાંખવામાં આવશે ? | (૨) જરૂર જણાય ત્યાં તા.૩૦-૬-૨૦૧૬ સુધીમાં નવા બોર-હેન્ડપંપ કરવાનું આયોજન છે. |

| તાલુકો | બંધ હેન્ડ પંપો |
|---|---|
| નસવાડી | ૬૮ |
| બોડેલી | ૫૬ |

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ હતો કે, નસવાડી તાલુકો અને બોડેલી તાલુકામાં આજે બંધ હાલતમાં હોય એવા કેટલા હેન્ડપંપોની સંખ્યા છે, અને બીજો પ્રશ્ન પૂછ્યો હતો કે, રિપેરીંગ ન થયા હોય એ કેટલા સમયમાં કરવામાં

આવશે? મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આખા સમગ્ર ગુજરાતમાં નર્મદાનું પાણી મળતું હોય અને અમે એટલા માટે જમીનો આપી હતી, એટલે મારા નસવાડીમાં જ આપે જે વિગત આપી છે કે, ૬૮ હેન્ડપંપો બંધ છે પણ એમાં મને થોડી વિસંગતતા એ લાગે છે કે, ૧૨૩૯ હેન્ડપંપો આજની તારીખમાં બંધ છે અને આ ટી.ડી.ઓ.નો અભિપ્રાય છે. તો છેવાડાનો માણસ અને નર્મદાના જે અસરગ્રસ્તો છે એમના જો હેન્ડપંપો બંધ થાય અને એ બિલકૂલ રિપેરીંગ પણ ન થાય અને નવીન હેન્ડપંપો ન થાય, તો આ છેવાડાના માણસને પાણીની સુવિધા આપવા કોઇ નકકર કામગીરી કરવા માગો છો કે કેમ?

શ્રી જયેશકુમાર વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ નસવાડી અને બોડેલી તાલુકાનો છે. તો ત્યાં પાણી પુરવઠા હસ્તકના ૩૧૦૧ હેન્ડપંપ નસવાડી તાલુકામાં અને છેલ્લી સ્થિતિએ ૩૦૩૩ એમાંથી ચાલુ છે, ૬૮ હેન્ડ પંપ બંધ છે, એમાંથી ૫૩ હેન્ડપંપ કાયમી માટે બંધ છે અને બાકીના જે ૧૫ હેન્ડપંપ છે, એ તા.૮–૨–૨૦૧૬ સુધીમાં એ પૂરેપૂરા ચાલુ થઇ ગયા છે. એવી રીતે બોડેલી તાલુકામાં ૧૪૭ ગામમાં ૧૯૯૨ હેન્ડપંપો છે એમાંથી ૧૯૩૬ હેન્ડપંપ ચાલુ છે અને ૫૬ જે બંધ છે એમાં કાયમી બંધ ૩૬ છે અને એમાંથી ૨૦ હેન્ડપંપ તા. ૮–૨–૨૦૧૬ સુધીમાં ચાલુ થઇ ગયા છે. આપે બંધ હેન્ડપંપોનો આંકડો વધારે આપ્યો છે અને આપે ટી.ડી.ઓ. ના અભિપ્રાયની વાત કરી. આ હેન્ડપંપોની પૂરેપૂરી વિગતો જે પાણી પુરવઠા બોર્ડ હસ્તકના છે એની છે પરંતુ એ સિવાયના આયોજન મંડળના કે પંચાયતમાં હેન્ડપંપો લીધા હોય છે એની વિગતો અમારી પાસે ન હોય. તેમ છતાં પાણી પુરવઠા વિભાગે એક પરિપત્ર કર્યો છે કે એના સિવાયના પંચાયતના હોય કે આયોજન મંડળ હસ્તકના હોય એ તમામની રિપેરીંગની કામગીરી પાણી પુરવઠા વિભાગ દ્વારા કરવામાં આવશે. ટી.ડી.ઓ હસ્તકનો ફિગર મારી પાસે નથી એ જોવડાવી લઇશું અને જો બંધ હશે તો વહેલામાં વહેલી તકે ચાલુ કરાવી દેશું.

શ્રી જયંતીભાઇ સ. રાઠવા : છોટાઉદેપુર જિલ્લામાં તાલુકા વાઇઝ પાણીના પ્રશ્નની શું વ્યવસ્થા છે અને કાયમી જિલ્લા માટે પીવાના પાણીની શું વ્યવસ્થા છે?

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના ૨૧૬ ગામો છે એમાંથી ૧૪૭ ગામોમાં વ્યકિતગત પાઇપ લાઇન દ્વારા પાણી આપવામાં આવે છે જયારે ૬૯ ગામોમાં હેન્ડપંપ કે મીની યોજના દ્વારા આપવામાં આવે છે. કવાંટ તાલુકાના ૧૩૧ ગામો છે એમાંથી ૩૧ ગામો વ્યકિતગત પાઇપ લાઇન યોજના નીચે જયારે ૧૦૦ ગામોમાં હેન્ડપંપ અને મીની યોજના નીચે આપવામાં આવે છે. સંખેડા તાલુકાના ૧૧૮ ગામો છે જેમાંથી જૂથ યોજનામાં ૧૩૧ ગામો જોડાયેલા છે, વ્યકિતગત પાઇપ યોજનામાં ૬૩ અને ૨૪ ગામ હેન્ડપંપ આધારિત છે. બોડેલી તાલુકાના ૧૫૦ ગામમાંથી ૩૫ ગામ જૂથ યોજના હેઠળ જયારે ૭૫ ગામ વ્યકિતગત પાઇપ યોજના દ્વારા અને ૪૦ ગામ હેન્ડપંપ દ્વારા પાણી મેળવે છે. પાવી જેતાપુરના ૧૨૯ ગામોમાંથી જૂથ યોજના સાથે ૧૪ ગામ જોડાયેલા છે જયારે વ્યકિતગત પાઇપમાં ૨૯ અને હેન્ડપંપ આધારિત ૮૬ ગામો છે. છોટાઉદેપુર તાલુકાના ૧૪૪ ગામોમાંથી ૯ ગામ જૂથ યોજના સાથે જોડાયેલા છે જયારે વ્યકિતગત પાઇપ યોજના હેઠળ ૨૬ અને ૧૦૯ ગામ હેન્ડપંપ આધારિત પાણી મેળવે છે.

શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ : છોટાઉદેપુર જિલ્લામાં આ હેન્ડપંપ રિપેર કરનાર કેટલી ટીમો છે દર મહિને કેટલા હેન્ડપંપ રિપેર થાય છે અને વર્ષ દરમિયાન કેટલા હેન્ડપંપ રિપેર કરવામાં આવે છે.

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : જિલ્લામાં ૧૨ ટીમો હેન્ડપંપ રિપેર માટે કાર્યરત છે અને અઠવાડિયે ૨૦ થી ૨૫ની એવરેજ આવતી હોય એટલે કે મહિને ૧૦૦ જેટલા હેન્ડપંપો રિપેર થાય છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : મારે એટલું જ જાણવું છે કે છોટાઉદેપુર જિલ્લો બન્યો એમાં ૬ તાલુકાના ૮૨૫ જેટલા ગામો આવેલા છે. આ બધા ગામો હીલી એરિયામાં આવેલા છે. કવાંટ અને છોટાઉદેપુર ના બધા ગામો હીલી એરિયામાં છે. એટલા માટે જ ગુજરાત સરકારે છોટાઉદેપુર જિલ્લાને નર્મદા આધારિત હાફેશ્વરનું પાણી આપવા માટે ૨૪–૮–૨૦૦૯ના રોજ ૧૨૧ કરોડ ૨૨ લાખ ૫૬ હજાર રૂપિયાની મંજૂરી આપી હતી. આ યોજનાને આજે છ વર્ષ થયા પછી આજે ફકત ૬૪ કરોડ ૪૨ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે. હવે આ યોજના જો પૂરેપૂરી અમલમાં આવી જાય તો આ જિલ્લાના ૮૦૮ ગામોને પીવાના પાણીનો પ્રશ્ન રહે નહિ,પણ છ–છ વર્ષ સુધી આ યોજના ખોરંભે પડી છે, આ યોજના બનતી નથી અને એના કારણે જે હેન્ડપંપો અને મીની પાણીની ટાંકીઓના બોર છે એ બોરમાં પણ અત્યારે પાણી નથી. તો આવતા દિવસોમાં અમે એક માગણી કરી છે કે પાણી પુરવઠા યાંત્રિક વિભાગનું મહેકમ અમોને વધારે આપો, છોટાઉદેપુર જિલ્લાનું મુખ્ય મથક બન્યું છે તો કાર્યપાલક ઇજનેર અને ડેપ્યુટી એન્જિનિયરનો સ્ટાફ વધારે આપવામાં આવે તો આ તમામ કામોના બગડેલા હેન્ડપંપો તાત્કાલિક રિપેર થાય. તો આ કાર્યવાહી કરવા માગો છો કે કેમ?

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : હાફેશ્વર જૂથ યોજના ૨૦૦૯ની અંદર મંજૂર કરવામાં આવી હતી. ત્યારપછી ૨૦–૬–૨૦૧૧ના રોજ ફરી પાછું ટેન્ડરીંગ કરીને જે એજન્સીને કામ આપેલ હતું એણે કામ પૂર્ણ કર્યા પહેલા કામ બંધ કરી દીધું હતું. પેટ્રોન સિવિલ એન્જિનિયર પ્રાઇવેટ લિમિટેડ નામની કંપની હતી. ફરી પાછા ત્રણ વખત ટેન્ડર માટેના પ્રયત્નો કર્યો છતાં એક પણ ટેન્ડર આ કામ માટે આવ્યું નહોતું. એટલે મૂળ એજન્સી છે એની સાથે ફરી એક વખત કરાર કરવામાં આવ્યો કે આ જૂથ યોજનાની કામગીરીની શરૂઆત થાય. પણ ફરી પાછું એ કામની શરૂઆત ન થઇ અને અને પાંચમા તબક્કાની કામગીરી કે જેના ફરી પાછા ટેન્ડર બહાર પાડ્યા. ટેન્ડર ખોલવાની છેલ્લી તારીખ ૨૯–૩–૨૦૧૬ છે. આપણો આ પાંચમો પ્રયત્ન છે. ૨૯–૩–

૨૦૧૬ના રોજ ટેન્ડર ખુલશે અને કામ પૂર્ણ કરવાનું આયોજન છે તેમાં તા. ૩૧-૩-૨૦૧૭ સુધીમાં હાફેશ્વર જૂથ યોજના પૂર્ણ થાય એ માટેનો અમારો પ્રયત્ન છે.

છોટાઉદેપુર જિલ્લામાં વિકલાંગોને શિષ્યવૃત્તિ

* ૨૩૪૯૬ શ્રી જ્યંતિભાઈ રાઠવા (જેતપુર) **:** માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છોટાઉદેપુર જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૩૮૫. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૮૫. |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) કુલ રૂ.૪,૭૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાર લાખ સિત્તેર હજાર પુરા) |

શ્રી જયંતીભાઇ સ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે છોટાઉદેપુર જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ આપવાની જે યોજના છે એ કયારથી શરૂ કરવામાં આવી**?**

શ્રી રમણલાલ ઈ. વોરા : સમગ્ર રાજયમાં ૧૯૬૫થી આ વિકલાંગ યોજના શરૂ કરવામાં આવી છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે ૩૮૫ વિદ્યાર્થીઓને જે શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી છે તેમાં ૧૨૨૦ પ્રમાણે શિષ્યવૃત્તિ ચૂકવાઇ હોય એવું ૪,૭૦,૦૦૦ પ્રમાણે લાગે છે. બીજી વાત કે શિષ્યવૃત્તિ ચૂકવાય એ સારી વાત છે પરંતુ આ વિકલાંગોને જે શિક્ષકો ભણાવે છે તેમને ૩,૮૦૦ રૂપિયા જ પગાર ચૂકવવામાં આવે છે. એટલે દૈનિક વેતન ૧૨૬ રૂપિયા થાય તો મારે એ જાણવું છે કે આ વિકલાંગોનો પ્રશ્ન છે. વિકલાંગોને સારું શિક્ષણ મળે અને જે કર્મચારીઓની ભરતી થાય તેને રેગ્યુલર સારો પગાર મળે તેના માટે કોઇ ચોક્કસ આયોજન કરવા માગો છો કે કેમ**?**

શ્રી રમણલાલ ઈ. વોરા : જે સંસ્થાઓમાં ફીક્સ પગારથી કર્મચારીઓને રાખવામાં આવ્યા છે એમાં તાજેતરમાં જ ખૂબ મોટો વધારો કરવામાં આવ્યો છે અને તમારી વાત સાથે સંમત છીએ કે જયાં વિકલાંગોની સંસ્થા હોય ત્યાં તેનું રેગ્યુલર મહેકમ થાય તે માટે રાજય સરકારના પ્રયાસો ચાલુ છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : મારે એ જાણવું છે કે તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ ૩૮૫ જેટલી અરજીઓ આવી છે તો એ ક્યા ક્યા તાલુકામાંથી આવી અને વિકલાંગોને શિષ્યવૃત્તિ આપવાના ધોરણો શું છે**?**

શ્રી રમણલાલ ઈ. વોરા : જે અરજીઓ મળી છે તેમાં છોટાઉદેપુરમાંથી ૧૨૩, જેતપુર-પાવીમાંથી ૨૨, કવાંટમાંથી ૬૨, બોડેલીમાંથી ૩૯, સંખેડામાંથી ૩૪ અને નસવાડીમાંથી ૪૫ એમ કુલ ૩૮૫ અરજીઓ રાજય સરકારને મળી છે અને તેના માટેના ધોરણ-૧થી કોલેજ સુધીમાં જે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ છે તેની ૪૦ ટકાથી વધારે વિકલાંગતા હોવી જોઇએ. છેલ્લી પરીક્ષામાં તેણે ૪૦ ટકાથી વધારે ગુણ મેળવેલા હોવા જોઇએ અને અત્યાર સુધીમાં જે વિકલાંગ વિદ્યાર્થી હોય તેની વાર્ષિક આવક ૫૦,૦૦૦ રૂપિયા હતી તેની હમણાં જ માનનીય મુખ્યમંત્રીશ્રી સ્વાવલંબન યોજના અંતર્ગત આ ૫૦,૦૦૦ રૂપિયાની આવક મર્યાદા કાઢી નાખીને કોઇ પણ આવક હશે તો એ તમામ વિકલાંગોને આ સહાયનો લાભ મળશે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે એક વિકલાંગ વિદ્યાર્થીને કેટલી શિષ્યવૃત્તિ આપવામાં આવે છે**?** તેમાં વધારો કરવા માટે આપની સરકાર કોઇ ઇચ્છા રાખે છે કે કેમ**?** બીજું, વિકલાંગ વિદ્યાર્થીઓને બીજી કોઇ પણ પ્રકારની સહાય આપવા માગો છો કે કેમ**?**

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના અંતર્ગત જે પણ વિકલાંગ હોય તેની ૪૦ ટકાથી વધારે વિકલાંગતા હોય તે વિદ્યાર્થીઓને આનો લાભ મળે છે. ધોરણ ૧થી ૭ના વિદ્યાર્થીઓને ૧,૦૦૦ રૂપિયા આપવામાં આવે છે. ધોરણ-૮થી કોલેજ કક્ષા સુધીના વિદ્યાર્થીઓને ૧,૫૦૦ રૂપિયાથી શરૂ કરીને ૫,૦૦૦ રૂપિયા સુધીની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવે છે. આ શિષ્યવૃત્તિમાં વધારો કરવા માટેનો પ્રશ્ન છે તેમાં આ શિષ્યવૃત્તિ વધારી તેનો મેં આંકડો આપ્યો છે.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, વડાપ્રધાનશ્રીએ વિકલાંગો માટે દિવ્યાંશ નામની નવી યોજના બહાર પાડી છે. એના આધારે આપણા જે લાભાર્થીઓ છે એમના સહાયના ધોરણોમાં વધારો કરવા માગો છો કે કેમ**?**

શ્રી રમણલાલ ઈ. વોરા: માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય વડાપ્રધાનશ્રીએ દિવ્યાંશ નામની યોજના શરૂ કરી છે. એનો જેટલો બને એટલો ઝડપથી ગુજરાત સરકારના તમામ લાભાર્થીઓને લાભ મળે એ માટેના આગામી દિવસોમાં રાજ્ય સરકારના પ્રયાસો રહેશે.

ભાવનગર જિલ્લામાં સંકટમોચન સહાય

* ૨૩૪૮૫ શ્રીમતી ભાવનાબેન મકવાણા (મહુવા) **:** માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

## તારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં સંકટ મોચન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં સંકટ મોચન યોજના હેઠળ નીચે મુજબ તાલુકાવાર કુલ-૨૯૮ અરજીઓ મળેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ભાવનગર સીટી | ૧૭૮ |
| ૨ | ભાવનગર ગ્રામ્ય | ૧૦ |
| ૩ | ઘોઘા | ૩ |
| ૪ | શિહોર | ૧૬ |
| ૫ | વલ્લભીપુર | ૫ |
| ૬ | ઉમરાળા | ૨ |
| ૭ | મહુવા | ૧૬ |
| ૮ | જેસર | ૨ |
| ૯ | પાલીતાણા | ૪૦ |
| ૧૦ | ગારીયાધાર | ૯ |
| ૧૧ | તળાજા | ૧૭ |
| | કુલ | ૨૯૮ |

**પ્રશ્ન**

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરી અને કેટલી અરજીઓ નામંજૂર કરી ?

**જવાબ**

(૨) તે પૈકી નીચે મુજબ તાલુકાવાર કુલ ૧૭૫ અરજીઓ મંજૂર કરી અને ૧૨૩ અરજીઓ નામંજૂર કરી.

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|---|
| ૧ | ભાવનગર સીટી | ૯૭ | ૮૧ |
| ૨ | ભાવનગર ગ્રામ્ય | ૫ | ૫ |
| ૩ | ઘોઘા | ૧ | ૨ |
| ૪ | શિહોર | ૭ | ૯ |
| ૫ | વલ્લભીપુર | ૩ | ૨ |
| ૬ | ઉમરાળા | ૦ | ૨ |
| ૭ | મહુવા | ૧૪ | ૨ |
| ૮ | જેસર | ૨ | ૦ |
| ૯ | પાલીતાણા | ૨૮ | ૧૨ |
| ૧૦ | ગારીયાધાર | ૬ | ૩ |
| ૧૧ | તળાજા | ૧૨ | ૫ |
| | કુલ | ૧૭૫ | ૧૨૩ |

શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ સહાય મેળવવા માટેની પાત્રતા શું છે**?**

શ્રી રમણલાલ ઇ. વોરા: માનનીય અધ્યક્ષશ્રી, ઝીરોથી સોળમાં આવતા કુટુંબની કોઇ કમાનાર મુખ્ય વ્યક્તિનું અવસાન થાય તો પહેલા રૂ.૧૦,૦૦૦/- સહાય મળતી હતી. એમાં કુદરતી મૃત્યુ થયું હોય કે આકસ્મિક મૃત્યુ થાય તો પણ તેમને રૂ.૧૦,૦૦૦/-ના બદલે હવે રૂ.૨૦,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના રાજ્ય સરકારને તબદીલ કરવામાં આવી એ વાત સાચી**?** ક્યારથી તબદીલ કરવામાં આવી છે**?**

શ્રી રમણલાલ ઇ. વોરા: માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર હસ્તકની આ યોજના હતી એ વર્ષ ૨૦૦૨થી રાજ્ય સરકારને તબદીલ કરવામાં આવી છે. તા.૬-૧-૨૦૦૫થી ૧૦૦ ટકા રાજ્ય સરકાર તરફથી ચલાવવામાં આવે છે.

શ્રી પ્રવિણભાઇ જી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લાની અંદર જે અરજીઓ આવી એમાંથી ૧૨૩ નામંજૂર કરવામાં આવી છે. આ નામંજૂર કરવાના કારણો શું છે**?** આ અરજીઓની ફેરવિચારણા કરીને સહાય ચૂકવવા માગો છો કે કેમ**?**

શ્રી રમણલાલ ઇ. વોરા: માનનીય અધ્યક્ષશ્રી, ૧૨૩ અરજીઓ નામંજૂર કરી છે. એની પાત્રતાના ધોરણોમાં બીપીએલની યાદીમાં સમાવેશ હોવાનું ફરજિયાત છે. ૩૧ અરજીઓ બીપીએલમાં સમાવેશ ન હોય તેવી હતી, ૧૮થી ૬૦ વર્ષ ઉંમરની મર્યાદા છે એવી ૨૪ અરજીઓ હતી. કુટુંબની એક જ વ્યક્તિને લાભ મળતો હોય છે, એવી એક અરજી છે. રાજ્ય સરકાર દ્વારા નક્કી કરેલ પૂરાવા અરજી સાથે જોડવાના હોય છે. આવા અધૂરા પૂરાવાવાળી ૬૦ અરજીઓ હતી. લાભાર્થીએ બે વર્ષની સમય મર્યાદામાં અરજી

કરવાની હોય છે, એવી કુલ ૭ અરજીઓ હતી. અમારા અધિકારીઓ આવી અરજીઓ નામંજૂર કરતા પહેલા અનેક વખત અરજદારને આવા પૂરાવાઓ મોકલી આપવા સતત જણાવતા હોય છે. આવા પૂરાવાઓ સરળતાથી અને ઝડપથી મળે એના માટે પ્રયાસો કરે છે. છતાંપણ આવા પૂરાવાઓ ન મળવાના કારણે કુલ ૧૨૩ અરજીઓ નામંજૂર કરી છે.

શ્રી શિવાભાઇ જે. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, તળાજા અને મહુવા તાલુકાની હું વાત કરું છું. તળાજામાં ૫ અરજીઓ નામંજૂર કરી છે, એ નામંજૂર કરવાના કારણો શું છે?

શ્રી રમણલાલ ઇ. વોરા: માનનીય અધ્યક્ષશ્રી, તેઓ બીપીએલ લાભાર્થીની યાદીમાં નહીં હોવાના કારણે નામંજૂર કરી છે.

આણંદ અને વડોદરા જિલ્લામાં નંબર પ્લેટમાં કલરની હલકી ગુણવત્તા

* ૨૫૦૯૬ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને વડોદરા જિલ્લામાં હાઈ સિક્યુરીટી નંબર પ્લેટની હલકી ગુણવત્તા અને નંબરના કલર ઉંડી જતા હોવાની કેટલી ફરીયાદો મળી અને તે અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ? | આ બાબતે કોઈ લેખિત ફરીયાદ મળેલ નથી. તેમ છતાં આવા કિસ્સામાં એજન્સીને વિનામૂલ્યે હાઈ સિક્યુરીટી રજીસ્ટ્રેશન નંબર પ્લેટ બદલવા સૂચના આપવામાં આવેલ છે. |

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હાઇ સિક્યુરીટી નંબર પ્લેટની શરૂઆત કરવા પાછળનું કારણ એટલું જ હતું કે ગુનાહિત કૃત્યો થાય અને અકસ્માતના સંજોગોમાં જે વ્હીકલ છે એની ભાળ મળે. એજન્સીએ સારી ગુણવત્તાની નક્કી કરેલ નોર્મ્સ મુજબની નંબર પ્લેટ આપવી જોઇએ. એના બદલે મારો સ્પષ્ટ આક્ષેપ છે કે ભ્રષ્ટાચાર કરીને હલકી ગુણવત્તાવાળી નંબર પ્લેટો ગુજરાતના વાહનચાલકોને આપવામાં આવે છે. આ તો એવું લાગે છે કે ખરાબ વસ્તુ આપવાની અને ખરાબ લાગે તો બદલાવી જવાની એવી સ્કીમ રાજ્ય સરકારે મૂકી હોય એવું લાગે છે. નંબર પ્લેટનો કલર ઉડી જાય છે અને કોઇ ફરી પાછી બદલાવવા જતા નથી અને આપણો જે મુળ હેતુ હતો એ બર આવતો નથી.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

રાજકોટ અને ભાવનગર જિલ્લાની આઇ.ટી.આઇ. માં ખાલી જગ્યાઓ

* ૨૩૪૧૮ શ્રી પ્રવિણભાઈ રાઠોડ (પાલીતાણા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને ભાવનગર જિલ્લામાં તાલુકાવાર સરકાર માન્ય આઇ.ટી.આઇ. માં કુલ કેટલા ટ્રેડ ચાલે છે, | (૧) રાજકોટ જિલ્લાની વિગત–<br>પત્રક–૧(અ), *પત્રક–૧અ(૧) અને *પત્રક–૧ અ(૨) * મુજબ<br>ભાવનગર જિલ્લાની વિગત–<br>*પત્રક–૧(બ)* પત્રક૧બ(૧) અને *પત્રક–૧ બ(૨) મુજબ. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ મંજુર થયેલ મહેકમ સામે તાલુકાવાર ક્યા ટ્રેડમાં કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) રાજકોટ જિલ્લાની વિગત–<br>પત્રક–૨(અ), *પત્રક–૨ અ(૧)* મુજબ<br>ભાવનગર જિલ્લાની વિગત–<br>*પત્રક–૨(બ), * પત્રક–૨ બ(૧) * મુજબ. |
| (૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ? | (૩) વહીવટી અનુકૂળતા ધ્યાને લઇ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

અંબાજી ખાતે યાત્રાળુઓ માટે આકર્ષણો

* ૨૩૪૭૭ શ્રી ભૂષણ ભટ્ટ (જમાલપુર ખાડીયા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે યાત્રાળુઓ માટે અન્ય આકર્ષણો ઉભા કરવામાં આવ્યા છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે યાત્રાળુઓ માટે નીચે મુજબના આકર્ષણો ઉભા કરવામાં આવેલ છે.<br>(૧) શ્રી ૫૧ શકિતપીઠ દર્શન પરિક્રમા અને પરિક્રમા માર્ગમાં |

સોલાર સ્ટ્રીટ લાઇટની કામગીરી.
(૨) શ્રી અંબાજી મંદિર સંકુલ ડેવલોપમેન્ટ એન્ડ બ્યુટીફીકેશન
(૩) મંદિર સંકુલમાં પ્રદર્શન ગેલેરી તથા થ્રી ડી મુવી શો (પી.પી.પી. મોડેલ આધારિત)
(૪) હિલિયમ બલુન અને એડવેન્ચર પાર્ક (પી.પી.પી. મોડેલ આધારિત)

## મોરબી જિલ્લામાં વૃદ્ધોને પેન્શન

* ૨૩૪૮૭ શ્રી બાવનજીભાઈ મેતલીયા (ટંકારા) **:** માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

પ્રશ્ન

(૧) તા.૩૧−૧૨−૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મોરબી જિલ્લામાં ઇન્દિરા ગાંધી રાષ્ટ્રિય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજુર કરી, અને

(૩) કેટલી અરજીઓ નામંજુર કરી ?

જવાબ

(૧), (૨) અને (૩)

તા.૩૧−૧૨−૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મોરબી જિલ્લામાં ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ તાલુકાવાર મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજુર અરજીઓ | નામંજુર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | મોરબી | ૨૮૦ | ૨૨૩ | ૫૭ |
| ૨ | માળીયા (મી) | ૧૦૫ | ૮૩ | ૨૨ |
| ૩ | ટંકારા | ૧૪ | ૭ | ૫ |
| ૪ | વાંકાનેર | ૫૨૦ | ૪૬૧ | ૫૯ |
| ૫ | હળવદ | ૧૦૦ | ૯૮ | ૨ |
| | કુલ | ૧૦૧૯ | ૮૭૨ | ૧૪૫ |

## અમરેલી જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન સહાય

* ૨૩૪૯૧ શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા) **:** માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

પ્રશ્ન

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૫−૧૬ માં તા.૩૧−૧૨−૧૫ ની સ્થિતિએ સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ અમરેલી જિલ્લામાં વિકસતી જાતિની કેટલી સંસ્થાઓની કેટલા યુગલોની અરજીઓ મળી, અને

(૨) તે પૈકી કેટલી સંસ્થાઓની કેટલા યુગલોની અરજીઓ મંજુર કરી તથા કેટલી સહાય ચૂકવવામાં આવી ?

જવાબ

(૧) મળેલ અરજીઓ
સંસ્થા – ૦૫
યુગલ – ૧૦૭.

(૨)

| મંજુર અરજીઓ | ચૂકવેલ સહાય |
|---|---|
| સંસ્થા – ૦૫ | સંસ્થા – રૂ.૧.૯૦ લાખ |
| યુગલ – ૧૦૫ | યુગલ – રૂ.૧૦.૫૦ લાખ |

## તારાપુર ગામ ખાતે નવી ટાંકીઓ

* ૨૩૩૫૪ શ્રી પૂનમભાઈ પરમાર (સોજીત્રા) **:** માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

પ્રશ્ન

(૧) તા.૩૧−૧૨−૧૫ ની સ્થિતિએ આણંદ જિલ્લાના તારાપુર ગામની પીવાના પાણીની ટાંકી તા.૧૫−૧૧−૧૫ ના રોજ એકાએક જમીનદોસ્ત થઇ જતા નવી ટાંકી બનાવવા માટે મોકલાવેલ દરખાસ્તોને તા.૩૧−૧૨−૧૫ સુધી મંજુરી મળેલ નથી. સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ દરખાસ્ત મંજુર કરવાનું આયોજન છે કે કેમ, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ગામોમાં સરકાર પીવાના પાણી માટે શું આયોજન કરવા માંગે છે ?

જવાબ

(૧) અને (૨) હા,જી.

તારાપુર ગામ માટે આંતરિક વિતરણની પાણી પુરવઠા યોજનાની તાંત્રિક મંજુરી આપવામાં આવેલ છે. કામગીરીની દરખાસ્ત પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ (પંચાયત વિભાગ) સ્તરે વહીવટી મંજુરીની પ્રક્રિયામાં છે. દરખાસ્તને વહીવટી મંજુરી મળ્યેથી અને નાણાની જોગવાઇ થયે આ યોજનાની ડીપોઝીટ વર્ક પેટેની કામગીરી હાથ ધરવાનું આયોજન છે.

## રાજ્યમાં આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીક્યુટરની ભરતી

* ૨૩૪૧૧ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) **:** માનનીય કાયદામંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.−

## તા. ૧૫મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫(એ) મુજબ કાયદામાં થયેલ સુધારા મુજબ ડાયરેક્ટર ઓફ પ્રોસીક્યુશન અસ્તિત્વમાં છે કે કેમ, અને

(૨) તે અન્વયે વિભાગ હસ્તકના આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીક્યુટરના વર્ગ-૨ ના અધિકારીની ભરતી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી કરી ?

જવાબ

(૧) હા, જી.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઇ ભરતી કરી નથી.

### જુનાગઢ જિલ્લાના ગામોને નર્મદાનું પાણી

* ૨૪૯૧૯ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને નર્મદા જુથ યોજનાઓ હેઠળ પીવાનું પાણી પુરૂં પાડવામાં આવતું નથી, અને

(૨) ઉક્ત ગામોમાં ક્યાં સુધીમાં નર્મદા યોજનાનું પીવાનું પાણી પુરૂં પાડવામાં આવશે ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ તાલુકાવાર નીચે મુજબના ગામોને નર્મદા જુથ યોજનાનું પીવાનું પાણી પુરૂં પાડવામાં આવતું નથી. પરંતુ સ્થાનિક સોર્સમાંથી પીવાલાયક પાણી મેળવે છે.

| ક્રમ | તાલુકો | સમાવિષ્ટ ગામ |
|---|---|---|
| ૧ | જુનાગઢ | ૧૮ |
| ૨ | મેંદરડા | ૩૦ |
| ૩ | વિસાવદર | ૦૭ |
| ૪ | ભેસાણ | ૦૧ |
| ૫ | કેશોદ | ૦૦ |
| ૬ | માળીયા | ૦૧ |
| ૭ | વંથલી | ૦૫ |
| ૮ | માણાવદર | ૨૧ |
| ૯ | માંગરોળ | ૦૭ |
| | કુલ | ૯૦ |

(૨) ઉક્ત ૯૦ ગામો પૈકી,

૦૭ ગામોના કામો પ્રગતિમાં છે, જે વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

૫૭ ગામોની યોજનાઓની મંજુરી મેળવી ફંડની ઉપલબ્ધિ અનુસાર કામો હાથ ધરવાનું આયોજન છે.

૨૬ ગામો ૫૦૦ થી ઓછી વસ્તીવાળા તેમજ જંગલ વિસ્તારવાળા હોઇ નર્મદા પાઇપલાઇનનું જોડાણ તાંત્રિક રીતે શક્ય નથી.

હાલમાં ઉપરોક્ત તમામ ગામો સ્થાનિક સોર્સમાંથી પીવાલાયક પાણી મેળવે છે.

### અમદાવાદ જિલ્લામાં સેન્ટર ઓફ એક્સલન્સ યોજના હેઠળ સંસ્થાઓનું અપગ્રેડેશન

* ૨૩૫૦૯ શ્રી વલ્લભભાઈ કાકડીયા (ઠક્કરબાપાનગર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ સેન્ટર ઓફ એક્સલન્સ યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં કેટલી સંસ્થાઓ અપગ્રેડ થયેલ છે, અને

(૨) આ યોજના હેઠળ કેટલા સેક્ટર આવરી લેવામાં આવેલ છે ?

જવાબ

(૧) ૦૩.

(૨) ૦૩.

### નવસારી જિલ્લામાં ગણવેશ સહાય

* ૨૩૫૪૦ શ્રી કનુભાઈ દેસાઇ (પારડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ નવસારી

જવાબ

(૧) ૨૯,૬૧૭.

જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં વિકસતી જાતિના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા કુલ કેટલી અરજીઓ મળી, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમ સહાય ચૂકવવામાં આવી ?

(૨) ૨૯,૬૧૭ અરજીઓ મંજુર કરી રૂ.૮૮,૮૫,૧૦૦/- ની સહાય ચૂકવવામાં આવેલ છે.

વલસાડ જિલ્લામાં વિકલાંગોને શિષ્યવૃત્તિ

* ૨૩૪૯૮ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૬૭૧. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૬૬૫. |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) કુલ રૂ.૮,૭૬,૫૦૦/- (અંકે રૂપિયા આઠ લાખ છોંતેર હજાર પાંચસો પુરા) ની સહાય. |

વડોદરા ખાતે રોજગાર સંબંધિત સેમિનાર

* ૨૩૫૨૭ શ્રી જીતેન્દ્ર સુખડીઆ (સયાજીગંજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ''ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ એન્ડ કેરીયર ઈન્ફરમેશન સેન્ટર'' વડોદરા ખાતે વર્ષઃ ૨૦૧૫-૧૬ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં કેટલા સેમીનાર કરવામાં આવ્યા, અને | (૧) ૭૯. |
| (૨) આ સેમીનારમાં કેટલા ઉમેદવારો હાજર હતા? | (૨) ૭૪૦૮. |

મોરબી જિલ્લા માટે પીવાના પાણીનો પુરવઠો

* ૨૫૨૮૧ શ્રી મહમદજાવીદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧-૧૬ની સ્થિતિએ મોરબી જિલ્લામાં નિયમિત અને પુરતા પ્રમાણમાં પીવાના પાણીનો પુરવઠો મળે તે માટે સરકારનું શા પ્રકારનું આયોજન છે? | તા. ૩૧-૧-૧૬ની સ્થિતિએ પીવાના પાણીનો પુરતો જથ્થો મળી રહે તે માટે મોરબી જિલ્લાના કુલ ૩૩૧ ગામો અને ૯ શહેરો પૈકી ૩૨૪ ગામો અને ૮ શહેરો જુથ યોજનામાં જોડાયેલ છે જયારે ૦૭ ગામ અને ૦૧ શહેર સ્વતંત્ર યોજનામાં આવરી લેવાયેલ છે. મોરબી જિલ્લામાં નિયમીત રૂપથી પાણી પુરવઠો મળે છે. ઉનાળામાં મુશ્કેલી સર્જાય તેવા સંજોગોમાં આનુસાંગિક કામો કરવાનું આયોજન છે. |

સુપ્રિમકોર્ટમાં સરકારપક્ષે/સરકાર વતી લડતા વકીલોને ચૂકવેલ ફી

* ૨૫૧૩૭ શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૦૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં સુપ્રિમ કોર્ટમાં સરકારપક્ષે/સરકાર વતી લડતા વકીલોને કેટલી રકમ ફી પેટે ચુકવી? | તા. ૦૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં સુપ્રિમ કોર્ટમાં સરકારપક્ષે/સરકાર વતી લડતા વકીલોને ફી પેટે રૂ. ૧૭,૧૪,૨૫,૩૭૯/- (અંકે રૂપિયા સત્તર કરોડ ચૌદ લાખ પચ્ચીસ હજાર ત્રણસો ઓગણાએંસી પુરા) ચુકવવામાં આવેલ છે. |

દહેગામ તાલુકામાં સંપ

* ૨૪૨૧૭ શ્રીમતી કામીનીબા રાઠોડ (દહેગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં પાણી પુરવઠા વિભાગ દ્વારા કેટલા ગામોમાં સુઝલામ સુફલામ યોજના હેઠળ સંપ બનાવવામાં આવ્યા, | (૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં પાણી પુરવઠા વિભાગ દ્વારા સુઝલામ સુફલામ યોજના હેઠળ એકપણ સંપ બનાવવામાં આવેલ નથી. પરંતુ અન્ય કાર્યક્રમ હેઠળ ૪ ગામોમાં ૭ સંપ બનાવવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે સંપ બનાવવા પાછળ કેટલો ખર્ચ થયો, | (૨) ઉક્ત સંપો બનાવવા પાછળ રૂ. ૩૩.૯૪ લાખનો |

અને

(૩) આ બનાવેલ સંપોમાંથી ઉક્ત સ્થિતિએ કેટલા કાર્યરત છે?

ખર્ચ થયેલ છે.

(૩) ઉક્ત ૭ સંપો પૈકી ૧ સંપ હાલમાં કાર્યરત છે. જયારે ઘમીજ, બહીયલ, કરોલી અને બારડોલીકોઠી ગ્રામ પંચાયત દ્વારા સ્થાનિક સોર્સમાંથી સીધુ પંપીંગ દ્વારા પાણી મેળવતા હોઈ, આ ગામોના ૬ સંપોમાં ગ્રામ પંચાયત દ્વારા પાણી ભરવામાં આવતું નથી. પરંતુ જયારે જુથ યોજના દ્વારા આ ગામોને પાણી આપવામાં આવે ત્યારે આ સંપોનો ઉપયોગ થાય છે.

ભીસ્યા ડેમનું રીપેરીંગ કામ

* ૨૪૨૪૨ શ્રી મંગળભાઈ ગાવિત (ડાંગ) **:** માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભીસ્યા ડેમના રીપેર કામ અને ડીસીલ્ટીંગના કામનો ખર્ચ કેટલો થયો?

જવાબ

તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભીસ્યા ડેમના રીપેરીંગ કામ પૈકી ડેમના મજબુતિકરણ માટે રૂ. ૧૯૫.૮૮ લાખ અને ડેમના ડીસીલ્ટીંગ કામ માટે રૂ. ૬૩.૧૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

અમદાવાદ શહેરમાં શ્રમિકોને આવાસ

* ૨૪૯૧૧ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરીયાપુર) **:** માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેરમાં શ્રમિકો માટેની આવાસ યોજના હેઠળ કેટલા શ્રમિકોને આવાસો આપવામાં આવ્યા તથા તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો, અને

(૨) ઉક્ત સ્થિતએ કેટલા શ્રમિકોને આવાસો આપવાના બાકી છે?

જવાબ

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં ૧૩ બાંધકામ શ્રમિકોને ફાળવેલ આવાસો સામે રૂ. ૨૦.૮૦/– લાખનો ખર્ચ થયો, જેમાં સને ૨૦૧૪–૧૫માં ૧ શ્રમિકને રૂ. ૧.૬૦/– લાખ તેમજ સને ૨૦૧૫–૧૬માં ૧૨ શ્રમિકોને રૂ. ૧૯.૨૦/–લાખ વર્ષવાર આર્થિક સહાય પેટે ચૂકવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ કોઈ શ્રમિકની આવાસ આપવા અંગેની આર્થિક સહાય મંજુર કરવાપાત્ર અરજી બાકી નથી. આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

આણંદ જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય

* ૨૩૪૫૬ શ્રી રોહિત પટેલ (આણંદ) **:** માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૩) મંજુર કરેલ અરજીઓ પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી?

જવાબ

(૧) ૧૮.

(૨) ૧૮.

(૩) રૂ. ૭,૦૦,૦૦૦/–.

રાજકોટ જિલ્લામાં સંત સુરદાસ યોજના અન્વયે સહાય

* ૨૩૪૯૭ શ્રી પ્રવિણભાઈ માકડીયા (ધોરાજી) **:** માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજકોટ જિલ્લામાં સંત સુરદાસ યોજના અન્વયે તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવેલ છે,

(૨) કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી?

જવાબ

(૧) ૧૦૮.

(૨) ૭૯.

(૩) કુલ રૂ.૩,૭૯,૨૦૦/– (અંકે રૂપિયા ત્રણ લાખ અગણાએંશી હજાર બસ્સો પુરા).

## અતારાંકિત પ્રશ્નો

### વલસાડ જિલ્લામાં અનુસૂચિત જાતિના લોકોને મરણ તથા ઉત્તર ક્રિયા પ્રસંગે સહાય

* ૨૪૪૪૪ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં અનુસૂચિત જાતિના લોકોને મરણ તથા ઉત્તર ક્રિયા પ્રસંગે સહાય આપવાની સરકારશ્રીની કોઈ યોજના છે કે કેમ,

(૨) જો હા, તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી?

જવાબ

(૧) હા, જી.

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | ચુકવેલ સહાયની વિગત | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | તા. ૧–૧–૧૪ થી તા. ૩૧–૧૨–૧૪ | | તા. ૧–૧–૧૫ થી તા. ૩૧–૧૨–૧૫ | | કુલ | |
| | | લાભાર્થીઓ | રકમ રૂ. | લાભાર્થીઓ | રકમ રૂ. | લાભાર્થીઓ | રકમ રૂ. |
| ૧ | વલસાડ | ૦૫ | ૧૭,૫૦૦/– | ૧૬ | ૭૦૦૦૦/– | ૨૧ | ૮૭૫૦૦/– |
| ૨ | પારડી | ૦૬ | ૧૫,૦૦૦/– | ૦૪ | ૫ ૦૦૦/– | ૧૦ | ૨૦૦૦૦/– |
| ૩ | વાપી | ૦૦ | ૦૦ | ૦૨ | ૫ ૦૦૦/– | ૦૨ | ૫૦૦૦/– |
| ૪ | ઉમરગામ | ૦૭ | ૨૦,૦ ૦૦/– | ૧૪ | ૪૫ ૦૦૦/– | ૨૧ | ૬૫૦૦૦/– |
| ૫ | ધરમપુર | ૦૨ | ૭,૫ ૦૦/– | ૦૦ | ૦૦ | ૦૨ | ૭૫૦૦/– |
| ૬ | કપરાડા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

### પ્રાંતિજ તાલુકામાં આઈ.ટી.આઈ.ના નવીન મકાનનું બાંધકામ

* ૨૪૨૯૬ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. કોલેજના નવીન મકાન બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૨) તે પાછળ કેટલી રકમનો ખર્ચ થવાનો અંદાજ છે, અને આ કામ કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે?

જવાબ

(૧) પ્રાંતિજ આઈ.ટી.આઈ.ના મકાન બાંધકામ માટે જમીન સંપાદનની કાર્યવાહી પૂર્ણ થયેલ છે. સને ૨૦૧૫–૧૬ની નવી બાબતમાં ૧૮૨ લાખની બજેટ જોગવાઈ થયેલ છે. શ્રમ અને રોજગાર વિભાગે પ્રાંતિજ આઈ.ટી.આઈ.નું બાંધકામ શરૂ કરવા રૂ. ૭૦૯.૦૦ લાખની વહીવટી મંજૂરી આપેલ છે તથા માર્ગ અને મકાન વિભાગે ટેન્ડર બહાર પાડવાની કાર્યવાહી શરૂ કરેલ છે.

(૨) રૂ. ૭૦૯.૦૦ લાખ અને બનતી ત્વરાએ.

### અંબાજી ખાતે યાત્રાળુઓ માટે આકર્ષણો

* ૨૩૪૭૬ શ્રી કિશોરસિંહ ચૌહાણ (વેજલપુર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે યાત્રાળુઓ માટે અન્ય આકર્ષણો ઉભા કરવામાં આવ્યા છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે?

જવાબ

(૧) હા, જી.

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે યાત્રાળુઓ માટે નીચે મુજબના આકર્ષણો ઉભા કરવામાં આવેલ છે.

(૧) શ્રી ૫૧ શક્તિપીઠ દર્શન પરિક્રમા અને પરિક્રમા

માર્ગમાં સોલાર સ્ટ્રીટ લાઇટની કામગીરી
(૨) શ્રી અંબાજી મંદિર સંકુલ ડેવલોપમેન્ટ એન્ડ બ્યુટીફીકેશન
(૩) મંદિર સંકુલમાં પ્રદર્શન ગેલેરી તથા થ્રી ડી મુવી શો (પી.પી.પી. મૉડેલ આધારીત)
(૪) હિલિયમ બલુન અને એડવેન્ચર પાર્ક (પી.પી.પી. મૉડેલ આધારીત)

સુરત જિલ્લામાં મહિલા તાલીમાર્થીઓને સાયકલ ભેટ

* ૨૩૫૦૮ શ્રી રણજીતભાઈ ગીલીટવાલા (સુરત (પૂર્વ)) **:** માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વિદ્યાસાધના યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૪–૧૫માં સુરત જિલ્લામાં કેટલી મહિલા તાલીમાર્થીઓને સાયકલ ભેટ આપવામાં આવી, અને

(૨) તા. ૩૧–૩–૨૦૧૫ની સ્થિતિએ કેટલી મહિલા તાલીમાર્થીઓને સાયકલ ભેટ આપવાની બાકી છે?

જવાબ

(૧) ૫૦૫.

(૨) શુન્ય.

વડોદરા જિલ્લામાં સંકટમોચન સહાય

* ૨૩૪૮૪ શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ (વાઘોડીયા) **:** માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજુર કરી અને કેટલી અરજીઓ નામંજુર કરી?

જવાબ

(૧) અને (૨)

તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ તાલુકાવાર મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | વડોદરા શહેર પૂર્વ | ૫૯ | ૩૧ | ૨૮ |
| ૨ | વડોદરા શહેર પશ્ચિમ | ૨ | ૧ | ૦ |
| ૩ | વડોદરા શહેર ઉત્તર | ૫ | ૨ | ૩ |
| ૪ | વડોદરા શહેર દક્ષિણ | ૧૦ | ૮ | ૨ |
| ૫ | વડોદરા ગ્રામ્ય | ૧ | ૦ | ૦ |
| ૬ | પાદરા | ૨૬ | ૧૧ | ૯ |
| ૭ | કરજણ | ૮૫ | ૭૫ | ૪ |
| ૮ | સાવલી | ૭૨ | ૬૫ | ૭ |
| ૯ | ડેસર | ૪૪ | ૧૮ | ૨૬ |
| ૧૦ | ડભોઈ | ૧૭૩ | ૧૨૧ | ૩૯ |
| ૧૧ | શિનોર | ૧ | ૦ | ૦ |
| ૧૨ | વાઘોડીયા | ૫૮ | ૪૭ | ૧૧ |
| | કુલઃ– | ૫૩૬ | ૩૭૯ | ૧૨૯ |

રાજકોટ જિલ્લામાં ગણવેશ સહાય

* ૨૩૫૫૨ શ્રીમતી ભાનુબેન બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) **:** માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬માં ગણવેશ સહાય

જવાબ

(૧) ૨૩૯૪૩.

અંતર્ગત કુલ કેટલા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની અરજી મળી,

(૨) તે પૈકી કુલ કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને — (૨) ૨૩૯૪૩.

(૩) તે અન્વયે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી? — (૩) રૂ. ૭૧,૮૨,૯૦૦/-.

## ડીસા કોર્ટમાં લીફ્ટની સુવિધા

* ૨૩૩૫૧ શ્રી ગોવાભાઈ રબારી (ડીસા) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ડીસા ખાતેના કોર્ટ બિલ્ડીંગમાં લીફ્ટની સુવિધા ઉપલબ્ધ નથી તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા તો આ કોર્ટ બિલ્ડીંગમાં લીફ્ટની સગવડતા આપવા સરકારનું શું આયોજન છે? | (૨) આ કોર્ટ બિલ્ડીંગમાં લીફ્ટની સગવડતા આપવા માટેના કામની ટેન્ડરની પ્રક્રિયા હાથ ઉપર છે. |

## અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ ખર્ચ

* ૨૪૦૬૮ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે અને કેન્દ્ર સરકારે અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા નાણાં ફાળવ્યા છે, | (૧) રાજ્ય સરકાર-૭૩૮૯.૦૯ કરોડ<br>કેન્દ્ર સરકાર - ૨૦.૫૬ કરોડ. |
| (૨) ઉક્ત સ્તિથિએ આ ફાળવેલા નાણાંનો ઉપયોગ અનુસૂચિત જાતિના લાભાર્થીઓને સીધો જ લાભ મળે તેવી રીતે ખર્ચ કરવાની જોગવાઈ છે તે હકીકત સાચી છે, | (૨) હા. |
| (૩) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ નાણાં ઉક્ત હેતુ સિવાય ખર્ચ થયો હોવાની કેટલી ફરિયાદો કે રજુઆતો સરકારને મળી છે, અને | (૩) કોઈ ફરીયાદ મળેલ નથી. |
| (૪) આ રજૂઆતો/ફરિયાદો અન્વયે સરકારે શી કાર્યવાહી કરી? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## મહી પરીએજ યોજના થકી વિસાવદર તાલુકાના ગામોને પાણી

* ૨૩૮૯૫ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકામાં પીવાનું પાણી પુરૂં પાડવા માટે મહી પરીએજ યોજના બનાવવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા તો વિસાવદર તાલુકામાં ઉક્ત સ્થિતિએ મહી પરીએજ યોજનાનું પાણી પુરૂં પાડવામાં આવે છે, કે કેમ | (૨) મહી પરીએજ યોજનાની અવેજીમાં સ્થાનિક ડેમ/સોર્સ આધારીત યોજનાં દ્વારા વિસાવદર તાલુકામાં પાણી પુરૂ પાડવામાં આવે છે. |
| (૩) જો ના, તો ઉક્ત સ્થિતિએ મહી પરીએજ યોજનાનું પાણી પુરું ન પાડવાના કારણો શા છે અને આ યોજનામાંથી કયાં સુધીમાં પાણી પુરું પાડવામાં આવશે? | (૩) પ્રથમ તબક્કે સ્થાનિક સોર્સથી પાણી પુરવઠો પુરૂ પાડવામાં આવે છે. વિસાવદર તાલુકાના ગામોને નીચે મુજબ સ્થાનિક ડેમ/સોર્સ મુજબ પાણી પુરૂં પાડવામાં આવે છે. |

| | | |
|---|---|---|
| ૧. | ધ્રાફડ ડેમ આધારિત ધ્રાફડ જુથ- | ૨૦ ગામ |
| ૨. | આંબાજળ ડેમ આધારિત આંબાજળ જુથ | ૦૩ ગામ |
| ૩. | ખોડીયાર ડેમ આધારિત જુથ- | ૦૨ ગામ |
| ૪. | સ્થાનિક સોર્સ આધારિત યોજના | ૫૩ ગામ |
| | કુલઃ- | ૭૮ ગામ |

ઉપર મુજબની પાણીની વ્યવસ્થા પુરતી હોઈ હાલમાં મહી-નર્મદાનું પાણી આપવામાં આવતું નથી. જયારે સ્થાનિક

સોર્સમાં પાણીની ઘટ થયે જરૂરીયાત મુજબનું પાણી ઉપરોક્ત તમામ ગામોને મહી–નર્મદા/ખોડીયાર ડેમનું પાણી આપી શકાશે.

પંચમહાલ જિલ્લામાં ગણવેશ સહાય

* ૨૩૪૯૪ શ્રીમતી નિમિષાબેન સુથાર (મોરવા હડફ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વિકસતી જાતિના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા કુલ કેટલી અરજીઓ મળી, અને | (૧) ૧,૫૯,૪૭૭ |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમ સહાય ચૂકવવામાં આવી? | (૨) ૧,૫૯,૪૭૭ વિદ્યાર્થીઓને રૂ. ૪,૭૮,૪૩,૧૦૦/–ની સહાય ચૂકવવામાં આવેલ છે. |

રાજકોટ જિલ્લામાં સાત ફેરા યોજના હેઠળ સહાય

* ૨૩૫૪૬ શ્રી કાંતિલાલ અમૃતિયા (મોરબી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતએ નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬માં સાતફેરા સમુહ લગ્ન યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં વિકસતી જાતિની કેટલી સંસ્થાઓની કેટલા યુગલોની અરજીઓ મળી, | (૧) સંસ્થા ૬<br>યુગલ ૧૨૮ |
| (૨) તે પૈકી કેટલી સંસ્થાઓની કેટલા યુગલોની અરજીઓ મંજૂર કરી, અને | (૨) સંસ્થા ૬<br>યુગલ ૧૨૫ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચુકવવામાં આવી? | (૩) સંસ્થા રૂ. ૨.૩૬ લાખ<br>યુગલ રૂ. ૧૧.૫૦ લાખ<br>કુલ રૂ. ૧૩.૮૬ લાખ |

આણંદ જિલ્લામાં વૃદ્ધોને પેન્શન સહાય

* ૨૪૩૮૬ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર(બોરસદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વૃદ્ધ પેન્શન યોજના સહાય હેઠળ વર્ષવાર કેટલા લાભાર્થીઓને પેન્શન આપવામાં આવ્યુ છે,

(૨) આ સહાય દર માસે નિયમિત ન અપાતા કેટલાક માસની ભેગી સહાય એક સાથે ચુકવવામાં આવે છે તે હકીકત સાચી છે કે કેમ અને જો હા તો તેના કારણો શાં છે, અને

(૩) ઉક્ત યોજના હેઠળ ઉક્ત જિલ્લામાં દર માસે નિયમિત પેન્શનની રકમ મળે તે માટે સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી છે?

જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વૃદ્ધ પેન્શન યોજના હેઠળ વર્ષવાર લાભાર્થીઓને નીચે મુજબ પેન્શન આપવામાં આવ્યું છે.

| ક્રમ | વર્ષ | લાભાર્થીઓની સંખ્યા | |
|---|---|---|---|
| | | ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન | નિરાધાર વૃધ્ધ સહાય યોજના |
| ૧ | તા. ૧–૨–૧૪ થી તા. ૩૧–૧–૧૫ | ૨૨૩૭૦ | ૩૫૬૬ |
| ૨ | તા. ૧–૨–૧૫ થી ૩૧–૧–૧૬ | ૨૬૭૯૫ | ૩૪૩૩ |

(૨) હા જી, ઉપલબ્ધ ગ્રાન્ટ મુજબ કેટલાક કિસ્સામાં એક સાથે ચુકવાય છે.

(૩) જરૂરીયાત મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

## અતારાંકિત પ્રશ્નો

### ભરૂચ જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય

*** ૨૩૫૭૭ શ્રી અરૂણસિંહ રણા (વાગરા) :** માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૬ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૫ |
| (૩) મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૪,૦૦,૦૦૦/– |

### નર્મદા જિલ્લામાં સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ

*** ૨૩૫૦૧ શ્રી શબ્દશરણ તડવી (નાંદોદ) :** માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં કેટલી અને કઈ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ કાર્યરત છે, અને | (૧) નર્મદા જિલ્લામાં નીચે દર્શાવ્યા મુજબની ૦૭ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ કાર્યરત છે. (૧) કેવડીયા, (૨) ગરુડેશ્વર, (૩) ડેડિયાપાડા, (૪) તિલકવાડા, (૫) પ્રતાપનગર, (૬) રાજપીપળા, (૭) સાગબારા |
| (૨) તે પૈકી તેમાં કેટલા અને કયા રાષ્ટ્રીય કક્ષાના વ્યવસાયો ચલાવવામાં આવે છે ? | (૨) આ સંસ્થાઓમાં આ સાથેના પત્રક–૧માં દર્શાવ્યા મુજબના ૧૧ વ્યવસાયો ચલાવવામાં આવે છે. |

પત્રક–૧

| ક્રમ | રાષ્ટ્રીય કક્ષાના વ્યવસાયો |
|---|---|
| ૧ | – એટેન્ડન્ટ ઓપરેટર (કેમિકલ પ્લાન્ટ) |
| ૨ | – કોમ્પ્યુટર ઓપરેટર–કમ–પ્રોગ્રામીંગ આસિસ્ટન્ટ |
| ૩ | – ઈલેક્ટ્રીશીયન |
| ૪ | – ફીટર |
| ૫ | – ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિક |
| ૬ | – ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિક (કેમિકલ પ્લાન્ટ) |
| ૭ | –મિકેનિક ડીઝલ એન્જિન |
| ૮ | – મિકેનિક મોટર વ્હિકલ |
| ૯ | – સુઈંગ ટેકનોલોજી |
| ૧૦ | – વેલ્ડર |
| ૧૧ | – વાયરમેન |

### સાબરકાંઠા જિલ્લાની ડિસ્ટ્રીક્ટ કોર્ટ મકાનનું બાંધકામ

*** ૨૫૨૮૭ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) :** માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાની ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં મકાન બનાવવા માટે વર્ષ ૨૦૧૫–૧૬માં કેટલી રકમની જોગવાઈ કરવામાં આવેલ છે, | (૧) રૂ. ૧૮૨ લાખ |
| (૨) ઉક્ત સ્થિતિએ કોર્ટના મકાન બાંધવાની કામગીરી કયા તબક્કે છે, | (૨) નકશા અંદાજ લેવલે. |
| (૩) ઉક્ત કોર્ટનું મકાન બાંધવા માટે કઈ જગ્યાની પસંદગી કરવામાં આવી છે, અને | (૩) કાંકણોલ તા. હિંમતનગરના સર્વે નં. ૭૫૦ પૈકીની ૧.૩૬ હેક્ટર અને સર્વે નં. ૭૫૧ પૈકીની ૦.૬૪ હેક્ટર મળી કુલ ૨.૦૦ હેક્ટર જમીન |
| (૪) ઉક્ત કોર્ટના મકાનનું બાંધકામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૪) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી. |

## તા. ૧૫મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

### મહિસાગર જિલ્લામાં તાલુકા કોર્ટોનું મહેકમ

* ૨૩૩૪૫ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મહીસાગર જિલ્લાની તાલુકા કોર્ટોમાં સંવર્ગવાર કુલ મહેકમ કેટલું છે, | (૧) મહિસાગર જિલ્લો ન્યાયિક જિલ્લા તરીકે અસ્તિત્વમાં આવેલ નથી. જેથી મહેકમનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે અને તે ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### અમદાવાદમાં કાંકરીયા અને રીવરફ્રન્ટ માટે ઉજવણીમાં ફાળવેલ રકમ

* ૨૨૬૭૮ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય બિન નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિશ્વ પ્રવાસી દિનની ઉજવણી અન્વયે રાજ્ય સરકારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને કાંકરીયા અને રીવરફ્રન્ટ ખાતેની ઉજવણી અન્વયે કેટલી રકમ ફાળવી હતી, અને | (૧) રૂપિયા ૧,૪૧,૫૦,૦૦૦/– |
| (૨) તે અન્વયે કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) રૂપિયા ૧,૩૮,૪૦,૦૦૦/ |

### કચ્છ જિલ્લામાં એપ્રેન્ટીસ એકમો

* ૨૩૫૦૩ શ્રી પંકજ મહેતા (રાપર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં કેટલા અને કયા એપ્રેન્ટીસ એકમો કાર્યરત છે, અને | (૧) આ સાથેના *પત્રકમાં દર્શાવ્યા મુજબના કુલ–૨૦૯ એકમો. |
| (૨) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલા વ્યવસાયો આવરી લેવાયેલ છે? | (૨) ૬૦ |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

### ભરૂચ જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળા અને રોજગારી

* ૨૩૫૩૬ શ્રી દુષ્યંતભાઈ પટેલ (ભરૂચ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યુ, અને | (૧) ૪૭ |
| (૨) આ ભરતીમેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી? | (૨) ૧૩૪૩૫ |

### સુરત જિલ્લામાં મહિલા તાલીમાર્થીઓને સાયકલ ભેટ

* ૨૩૫૦૭ શ્રી નરોત્તમભાઈ પટેલ (ઉધના) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિદ્યાસાધના યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૪–૧૫માં સુરત જિલ્લામાં કેટલી મહિલા તાલીમાર્થીઓને સાયકલ ભેટ આપવામાં આવી, અને | (૧) ૫૦૫ |
| (૨) તા. ૩૧–૩–૨૦૧૫ની સ્થિતિએ કેટલી મહિલા તાલીમાર્થીઓને સાયકલ ભેટ આપવાની બાકી છે ? | (૨) શુન્ય |

### અન્ય રાજ્યોમાં ગુજરાતી સમાજ ભવનનું નિર્માણ

* ૨૩૫૬૭ શ્રી જગદીશભાઈ પંચાલ (નિકોલ) : માનનીય બિનનિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ દેશના અન્ય રાજ્યોમાં ગુજરાતી સમાજ સંસ્થાઓને ગુજરાતી સમાજ ભવનના નિર્માણ માટે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે, તે હકીકત સાચી છે, | (૧) હા જી. |

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ કેટલી રકમની સહાય આપવામાં આવે છે, અને

(૨) ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે વિસ્તરણ માટે રૂપિયા ૨૦ લાખ અથવા ખર્ચના ૨૫ ટકા એ બે માંથી જે ઓછું હોય તેટલી રકમની સહાય આપવામાં આવે છે.

વધુમાં હયાત ગુજરાતી સમાજ ભવનના મરામત, સમારકામ કે નવીનીકરણ માટે રૂપિયા ૫ લાખ અથવા ખર્ચના ૨૫ ટકા, બેમાંથી જે ઓછું હોય તેટલી રકમની સહાય આપવામાં આવે છે.

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ગુજરાતી સમાજને કુલ કેટલી રકમની સહાય આપવામાં આવી ?

(૩) ત્રણ ગુજરાતી સમાજોને કુલ રકમ રૂપિયા ૧૧,૩૬,૬૨૫/-

જુનાગઢ જિલ્લામાં કન્યાઓની આદર્શ નિવાસી શાળાઓ

* ૨૩૪૫૧ શ્રી અરવિંદભાઈ લાડાણી (કેશોદ) **:** માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ અનુસૂચિત જાતિની કન્યાઓ માટે કેટલી આદર્શ નિવાસી શાળાઓ ચાલે છે, અને | (૧) ૦૧. |
| (૨) આદર્શ નિવાસી શાળામાં શી સગવડતાઓ આપવામાં આવે છે? | (૨) આદર્શ નિવાસી શાળામાં કન્યાઓને અભ્યાસ, રહેવા જમવાની, બે જોડી ગણવેશ, બુટમોજા, પુસ્તકો અને સ્ટેશનરીની સગવડ વિના મુલ્યે આપવામાં આવે છે. |

સાબરકાંઠા જિલ્લામાં સંતનગરી પ્રોજેકટ

* ૨૩૪૭૮ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) **:** માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં સંતનગરી પ્રોજેકટની કામગીરી અર્થે રાજ્ય સરકાર દ્રારા કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, | (૧) અને (૨) હા, જી. તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં સંતનગરી પ્રોજેકટ અન્વયે સાબરકાંઠાના જિલ્લાના મોજે. મહોર, તા. વડાલી ના સર્વે નં. ૧૬૭ પૈકી ૧. જુના ગામતળની બીનનંબરી ખુલ્લી તથા સર્વે નં. ૧૬૯ પૈકી ૨ ની જમીન મળી ફાળવી શકાય તેવી કુલ ૧૭૨–૬૧–૧૧ હે.આરે.ચો.મી જમીન સંતનગરીના કામે કલેકટરશ્રી, સાબરકાંઠા જિલ્લાના તા.૩૧–૧૨–૨૦૧૫ ના હુકમથી અનામત રાખવામાં આવેલ છે અને આ જમીન પ્રવાસન કમિશ્નરશ્રીના નામે કરવા અંગેની દરખાસ્ત સરકારશ્રીમાં તા.૨૨–૦૨–૨૦૧૬ થી રજુ કરવામાં આવેલ છે અને તે બાબત વિચારણા હેઠળ છે. વધુમાં આર્કીટેકટ દ્રારા આ પ્રોજેકટની પ્રપોઝલ અને ડ્રોઈંગ તૈયાર કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો કઈ કામગીરી કરવામાં આવેલી છે. અને | |
| (૩) આ પ્રોજેકટની અંદાજીત કિંમત કેટલી છે? | (૩) રૂપિયા ૫૭૫.૨૦ કરોડ. |

કચ્છ જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓ

* ૨૩૪૯૨ શ્રી રમેશ મહેશ્વરી (ગાંધીધામ) **:** માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની કેટલી આદર્શ નિવાસી શાળાઓ આવેલી છે? | ૦૩ |

મહીસાગર જિલ્લામાં શ્રમિકોને આવાસ

* ૨૫૧૦૪ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) **:** માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં નોંધાયેલા શ્રમિકોને આવાસ બનાવવા માટેની કોઈ યોજના તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અમલમાં છે. | (૧) હા |
| (૨) જો હા, તો કઈ યોજના અમલમાં છે અને તે અન્વયે કેટલી સહાય આપવામાં આવે છે, અને | (૨) બાંધકામ શ્રમિકોને રહેવા માટેની શ્રી નાનાજી દેશમુખ આવાસ યોજના અમલમાં છે. જેમા લાભાર્થીદીઠ રૂ. |

(૩) ઉકત યોજના અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહીસાગર જિલ્લામાં કેટલા આવાસો બનાવવામાં આવ્યા કે મંજુર કરવામાં આવ્યા ?

૧,૬૦,૦૦૦ ની આર્થિક સહાય આપવામાં આવે છે.

(૨) ઉક્ત ભાવ વધારાથી સરકારને વીજશુલ્ક પેટે નીચે મુજબની આવક થયેલ છે. કૃષિ વિષયક વીજ ગ્રાહકોને વીજ શુલ્ક લાગુ પડતો ન હોય વધારાની આવક થઇ નથી.

(રૂ. કરોડમાં)

| વર્ષ | વધારો/ઘટાડો (–) | | |
|---|---|---|---|
| | જીયુવીએનએલ | ટીપીએલ–અમદાવાદ | ટીપીએલ–સુરત |
| ૨૦૧૦–૧૧ | ૧૪ | ૧૧.૦૮ | ૨.૮૯ |
| ૨૦૧૧–૧૨ | ૩૯ | ૧૯.૮૦ | ૧૨.૮૧ |
| ૨૦૧૨–૧૩ | ૫૦ | (–) ૯.૨૯ | (–) ૮.૨૨ |
| ૨૦૧૩–૧૪ | ૧૨ | ૫.૫૨ | (–) ૧.૭૫ |
| ૨૦૧૪–૧૫ | ૩૨ | ૫૨.૪૬ | ૧૫.૦૫ |

------------

બનાસકાંઠા જિલ્લામાં વીજ બિલ લેણાની વસુલાત માટે લોક અદાલતનું આયોજન

અતારાંકિત : ૫૮૭૭ (તા. ૨૯–૦૭–૨૦૧૫) : શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) બનાસકાંઠા જિલ્લામાં વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લેણા નિકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા. ૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી, અને

(૨) તે અન્વયે તાલુકાવાર કેટલા કેસોમાં કેટલી રકમના સમાધાન કરી નાણાં વસુલવામાં આવ્યા ?

ઊર્જા મંત્રીશ્રી : (તા. ૦૯–૧૦–૨૦૧૫) :

(૧) અને (૨) વીજ ગ્રાહકો પાસેથી લાંબા સમયથી વીજ બીલનાં લ્હેણા નીકળતા નાણાંની વસુલાતનો વિવાદથી નહીં પરંતું સમાધાનથી ઉકેલ આવે તે માટે બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧–૦૩–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં યોજવામાં આવેલ લોક અદાલતો, સમાધાન / નિકાલ કરવામાં આવેલ કેસો અને વસુલવામાં આવેલ રકમ તથા હપ્તાથી વસૂલ કરવાની બાકી રકમની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકો | છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં યોજવામાં આવેલ લોક અદાલતો | સમાધાન/નિકાલ કરવામાં આવેલ કેસો | સમાધાન/નિકાલ કેસોમાં સમાવિષ્ટ રકમ (રૂ.લાખમાં) | સ્થળ ઉપર વસુલાત કરવામાં આવેલ રકમ (રૂ. લાખમાં) | હપ્તાથી વસૂલ કરવાની બાકી રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|
| પાલનપુર | ૧૫ | ૩૬૬ | ૩.૮૨ | ૩.૬૮ | ૦.૧૪ |
| ડીસા | ૨૧ | ૪૧૦ | ૧૬.૪૫ | ૧૩.૦૩ | ૩.૪૨ |
| ધાનેરા | ૧૮ | ૪૭૯ | ૧૩.૦૯ | ૧૦.૬૦ | ૨.૪૯ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| વાવ | ૧૩ | ૩૮૦ | ૮.૫૭ | ૫.૫૦ | ૩.૦૭ |
| દિયોદર | ૨૨ | ૪૬૮ | ૬.૬૩ | ૫.૮૧ | ૦.૮૨ |
| દાંતા | ૧૭ | ૩૧૩ | ૮.૧૬ | ૫.૭૧ | ૨.૪૫ |
| અમીરગઢ | ૧૬ | ૧૭૮ | ૩.૩૬ | ૨.૪૦ | ૦.૯૬ |
| થરાદ | ૧૭ | ૨૮૮ | ૩.૯૮ | ૨.૭૭ | ૧.૨૧ |
| વડગામ | ૧૩ | ૧૬૯ | ૨.૦૪ | ૧.૨૮ | ૦.૭૬ |
| કાંકરેજ | ૧૩ | ૧૫૯ | ૯.૮૨ | ૬.૧૨ | ૩.૭૦ |

દાંતીવાડા તાલુકામાં જુના એરીયર્સની રીકવરીનું પ્રમાણ ઓછુ હોઇ દાંતીવાડામાં લોક અદાલતો યોજાયેલ નથી, જયારે ભાભર, લાખાણી અને સૂઇગામ તાલુકાઓ નવ નિર્મિત છે, જેનાં કેસોની વિગતો, આ તાલુકાઓ જેમાંથી અલગ થયેલ છે તે તાલુકાઓમાં સમાવિષ્ટ છે.

-------------------

બનાસકાંઠા જિલ્લામાં ખેતીવિષયક વીજ જોડાણની પડતર અરજીઓ.

અતારાંકિત : ૫૮૭૮ (તા. ૨૪-૦૭-૨૦૧૫) : શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ખેતીવિષયક વીજ જોડાણ મેળવવાની કેટલી અરજીઓ પડતર છે.

(૨) તે પૈકી કેટલી અરજીઓ બે, પાંચ અને દશ વર્ષથી વધુ સમયથી તાલુકાવાર પડતર છે.

(૩) ઉક્ત સ્થિતિએ પડતર અરજીઓના નિકાલ માટે સરકારે શી કાર્યવાહી હાથ ધરી છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ તમામ બાકી ખેડૂતોને ક્યાં સુધીમાં વીજ જોડાણ આપવામાં આવનાર છે ?

ઉર્જા મંત્રીશ્રી : (તા. ૯-૧૦-૨૦૧૫) :

(૧) અને (૨) તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કૃષિ વીજ જોડાણ માટેની કુલ પડતર અરજીઓ, તે પૈકી બે થી પાંચ વર્ષ સુધીની, પાંચથી દશ વર્ષ સુધીની, અને દશ વર્ષથી વધુ સમયની પડતર અરજીઓની તાલુકાવાર માહિતી આ સાથે સામેલ પત્રક મુજબ છે.

પત્રક

તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કૃષિ વીજ જોડાણ મેળવવાની પડતર અરજીઓની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકા | તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ કુલ પડતર અરજીઓ | છેલ્લા બે થી પાંચ વર્ષ સુધીની પડતર અરજીઓ | છેલ્લા પાંચ થી દશ વર્ષ સુધીની પડતર અરજીઓ | છેલ્લા દશ વર્ષથી વધુ સમયથી પડતર અરજીઓ |
|---|---|---|---|---|
| દાંતા | ૬૬૪ | ૦ | ૦ | ૦ |
| અમીરગઢ | ૨૯૭૨ | ૨૮૨૧ | ૦ | ૦ |
| ભાભર | ૪૪૬ | ૩૯૩ | ૦ | ૦ |
| દાંતીવાડા | ૪૩૬૩ | ૩૭૦૨ | ૦ | ૫ |
| ડીસા | ૫૩૩૭ | ૪૭૫૬ | ૦ | ૬ |
| દિઓદર | ૧૫૩૩ | ૧૪૭૪ | ૦ | ૦ |
| ધાનેરા | ૩૯૩૯ | ૩૪૯૯ | ૦ | ૦ |
| કાંકરેજ | ૧૯૨૭ | ૧૮૧૬ | ૦ | ૦ |
| લાખણી | ૨૩૯૮ | ૨૦૫૬ | ૦ | ૭ |
| પાલનપુર | ૫૫૨૬ | ૪૮૮૬ | ૦ | ૪ |
| સૂઇગામ | ૧૦૪ | ૯૮ | ૦ | ૧ |

| | | | | |
|---|---|---|---|---|
| થરાદ | ૬૫૯૭ | ૬૧૧૦ | ૦ | ૯ |
| વડગામ | ૪૩૬૭ | ૩૭૪૨ | ૦ | ૨ |
| વાવ | ૮૭૦ | ૬૯૫ | ૦ | ૮ |
| કુલ | ૪૧૦૪૩ | ૩૬૦૪૮ | ૦ | ૪૨ |

(૩) અને (૪) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧–૦૩–૨૦૧૫ની સ્થિતિએ કૃષિ વીજ જોડાણ માટેની દશ વર્ષ કરતા વધુ સમયની પડતર ૪૨ અરજીઓ પૈકી ૧૫ અરજીઓમાં વીજ જોડાણ આપવાની કામગીરી પ્રગતિમાં છે. એક કિસ્સામાં પ્રકરણ કોર્ટમાં પેન્ડીંગ છે અને ૧૭ અરજદારો તરફથી અંદાજપત્રની રકમ ભરપાઈ થયેથી વીજ જોડાણની કામગીરી હાથ ધરવામાં આવશે. આ સિવાયની ૯ અરજીઓ ડાર્કઝોન વિસ્તારની હોઈ નિયમોનુસાર સુક્ષ્મ પિયત પદ્ધતિ અપનાવવા માટે ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની સાથે ફ્રોર પાર્ટી એગ્રીમેન્ટની કાર્યવાહી અર્થે પડતર છે.

છેલ્લા પાંચથી દશ વર્ષ દરમિયાનની એક પણ અરજી પડતર નથી, જ્યારે બે થી પાંચ વર્ષની પડતર અરજીઓનાં કિસ્સામાં કૃષિ વીજ જોડાણો, અરજીની નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવતાં હોઈ વળી કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા હોઈ, આ હેતુ માટે નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર તમામ પડતર અરજીઓનો શક્ય તેટલી ઝડપથી નિકાલ કરી શક્ય તેટલાં વધુ કૃષિ વીજ જોડાણ આપવાનું આયોજન છે.

-----------

કોલસો નજીકથી મળતા વીજ ઉત્પાદન કોસ્ટ.

અતારાંકિત : ૬૨૩૧ (તા. ૩૧–૦૭–૨૦૧૫) : ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) તા. ૩૦–૦૬–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કેન્દ્ર સરકાર દ્વારા ફાળવેલ કોલસાના નજીકથી પરિવહનના લીધે કેટલા રૂપિયાનો ફાયદો રાજ્યને થયો, અને

(૨) તે અન્વયે વીજ ઉત્પાદન કોસ્ટ કેટલી ઘટી અને તે અન્વયે રાજ્ય સરકારે ક્યારે કેટલો વીજ દર ઘટાડો કર્યો ?

ઉર્જા મંત્રીશ્રીઃ (તા. ૧૨–૧૦–૨૦૧૫) :

(૧) તા. ૩૦–૦૬–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવતો કોલસો નજીકની ખાણોમાંથી ફાળવવામાં આવે અને કોલસાના પરિવહન ખર્ચમાં ઘટાડો થઈ શકે તે હેતુસર, ભારત સરકાર દ્વારા ઈન્ટર મીનીસ્ટ્રીયલ ટાસ્ક ફોર્સ (ઈંખઝત્રૠ-ઈંક્ષચિંખિશક્ષશતશિફ્રહ ઝફતસ ત્રજ્ઞભિચ) ની સંરચના કરવામાં આવેલ છે. ઈંખઝત્રૠ ની પ્રસ્તાવના અનુસાર, મીનીસ્ટ્રી ઓફ પાવર (ખજ્ઞઙ) અને મીનીસ્ટ્રી ઓફ કોલ (ખજ્ઞઈ) દ્વારા પ્રથમ તબક્કા (સ્ટેજ–૧) હેઠળ ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ (જીએસઈસીએલ)ને સાઉથ ઈસ્ટર્ન કોલ ફીલ્ડ લી. (જઊઈક) ના બદલે વેસ્ટર્ન કોલ ફીલ્ડ લી. (ઠઈક) ની નજીકની કોલસાની ખાણોમાંથી વધારાનો વાર્ષિક ૧૨.૦ લાખ મેટ્રિક ટન કોલસો આપવા માટેની મંજૂરી આપેલ છે. ઈંખઝત્રૠ ની પ્રસ્તાવના અનુસાર, પ્રથમ તબક્કા (સ્ટેજ–૧)નો અમલ થવાથી જીએસઈસીએલને આશરે ૧૦૦.૭૧ કરોડનો ફાયદો થશે એવું ઈંખઝત્રૠના તારીખ ૦૨–૦૨–૨૦૧૫ના અહેવાલમાં દર્શાવવામાં આવેલ છે.

સદર પ્રસ્તાવના હેઠળ વેસ્ટર્ન કોલ ફીલ્ડ લી. દ્વારા જીએસઈસીએલને નોટીફાઈડ પ્રાઈસ તેમજ કોસ્ટ પ્લસ થી કોલસો નજીકની ખાણોમાંથી આપવામાં આવશે તેવી દરખાસ્ત કરેલ છે. જીએસઈસીએલને કોસ્ટ પ્લસ કોલસો આપવાની દરખાસ્ત માન્ય નથી, તે અંગેની રજુઆત જીએસઈસીએલ તથા રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને કરવામાં આવેલ છે. કેન્દ્ર સરકારની સદર મંજૂર થયેલ દરખાસ્તના અમલીકરણ અંગેની વાટાઘાટો ચાલુ છે.

(૨) ઉપરોક્ત ઈંખઝત્રૠ ની પ્રસ્તાવનાના અમલીકરણ થયા બાદ વીજ ઉત્પાદન કોસ્ટમાં જે ફાયદો થશે તેને લાભ જે–તે સમયે વીજ ગ્રાહકોને આપવામાં આવશે.

---------

ફાલ્ગુન ૨૫, ૧૯૩૭ શાકે

## અતારાંકિત પ્રશ્નો

### રાજ્યમાં આંગણવાડીઓને પીવાના પાણી અને શૌચાલય માટેની સુવિધા.

અતારાંકિત : ૫૩૦૭ (તા. ૨૫–૦૬–૨૦૧૫) : ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોમાં પીવાના પાણીની સુવિધા અને શૌચાલય ઉપલબ્ધ નથી,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર પીવાના પાણીની સુવિધા અને શૌચાલય માટેની સુવિધા કેટલા આંગણવાડી કેન્દ્રોમાં કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી તમામ આંગણવાડી કેન્દ્રોમાં પીવાના પાણીની સુવિધા અને શૌચાલય સુવિધા ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરવામાં આવશે ?

મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રીઃ (રાજ્યકક્ષા) (તા. ૧૨–૧૦–૨૦૧૫) :

(૧) પત્રક–અ મુજબ.

(૨) પત્રક–બ મુજબ.

(૩) પત્રક–ક મુજબ.

(૧) પત્રક – અ

તા. ૩૧–૦૩–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર નીચે મુજબના આંગણવાડીઓ કેન્દ્રોમાં પીવાના પાણીની સુવિધા અને શૌચાલયની સુવિધા ઉપલબ્ધ નથી.

| અનુ. | જિલ્લાનું નામ | પીવાના પાણીની સુવિધા ન હોય તેવા આંગણવાડી કેન્દ્રોની સંખ્યા | શૌચાલયની સુવિધા ન હોય તેવા આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | અમદાવાદ | ૮૭ | ૨૪ |
| ૨ | અમરેલી | ૦ | ૩૪૮ |
| ૩ | બનાસકાંઠા | ૨૭૯ | ૨૨૯ |
| ૪ | વડોદરા/છોટાઉદેપુર | ૯૩૯ | ૩૭૮ |
| ૫ | ભરૂચ | ૦ | ૧૫૨ |
| ૬ | નર્મદા | ૮ | ૧૬ |
| ૭ | ભાવનગર/બોટાદ | ૦ | ૪૩૧ |
| ૮ | ડાંગ | ૪૯ | ૧૬૫ |
| ૯ | જામનગર/દેવભૂમિ દ્વારકા | ૦ | ૨૬૭ |
| ૧૦ | જૂનાગઢ/ગીર સોમનાથ | ૦ | ૧૦ |
| ૧૧ | પોરબંદર | ૦ | ૧૦ |
| ૧૨ | પંચમહાલ/મહીસાગર | ૧૪૧૧ | ૫૬૨ |
| ૧૩ | દાહોદ | ૦ | ૮૦૮ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧૪ | કચ્છ | ૫૫૦ | ૦ |
| ૧૫ | મહેસાણા | ૦ | ૩ |
| ૧૬ | પાટણ | ૧૫૬ | ૪૨ |
| ૧૭ | રાજકોટ/મોરબી | ૦ | ૨૮૭ |

| | | | |
|---|---|---|---|
| ૧૮ | સાબરકાંઠા/અરવલ્લી | ૦ | ૪૯૨ |
| ૧૯ | સુરત | ૦ | ૧૨૧ |
| ૨૦ | સુરેન્દ્રનગર | ૦ | ૨૪૭ |
| ૨૧ | ગાંધીનગર | ૦ | ૮૩ |
| ૨૨ | ખેડા | ૪૨૭ | ૧૭૧ |
| ૨૩ | આણંદ | ૦ | ૯ |
| ૨૪ | વલસાડ | ૫૯૯ | ૫૮૬ |
| ૨૫ | નવસારી | ૦ | ૨૯ |
| ૨૬ | તાપી | ૦ | ૧૮૫ |

(૨) પત્રક – બ

તા. ૩૧–૦૩–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર પીવાના પાણીની સુવિધા અને શૌચાલય માટેની સુવિધા નીચે મુજબના આંગણવાડી કેન્દ્રોમાં કરવામાં આવી.

| વર્ષ | પીવાના પાણીની સુવિધા પુરી પાડેલ આંગણવાડી કેન્દ્રોની સંખ્યા | શૌચાલય માટેની સુવિધા પુરી પાડેલ આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૨૦૧૦–૧૧ | ૬૯૩૮ | ૯૧૫૭ |
| ૨૦૧૧–૧૨ | ૪૯૫૪ | ૬૮૦૮ |
| ૨૦૧૨–૧૩ | ૫૨૩૬ | ૬૨૧૦ |
| ૨૦૧૩–૧૪ | ૫૯૨૯ | ૭૮૫૨ |
| ૨૦૧૪–૧૫ | ૬૭૫૧ | ૮૩૮૮ |

(૩) તા. ૩૧–૦૩–૨૦૧૫ની સ્થિતિએ બાકી રહેલ તમામ આંગણવાડી કેન્દ્રોમાં સરકારશ્રીના નિયમોનુસાર જરૂરી પ્રક્રિયા હાથ ધરી નાણાકીય આયોજન/બજેટ જોગવાઈ કરીને તબક્કાવાર સંબંધિત જિલ્લાઓમાં બાકીના આંગણવાડી કેન્દ્રોને પીવાના પાણીની સુવિધા અને શૌચાલયની સુવિધા આપી શકાશે.

------------

રાજ્યમાં કાર્યરત નારી અદાલતો

અતારાંકિત : ૬૦૫૫ (તા. ૩૧–૦૭–૨૦૧૫) : શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) તા. ૩૦–૦૬–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર નારી અદાલતો કેટલી જગ્યાએ કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર જિલ્લાવાર કેટલા કેસો નોંધાયા અને તે પૈકી કેટલા કેસોનો નિકાલ થયો અને કેટલા કેસો પડતર છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કઈ જગ્યાએ સ્વતંત્ર નારી અદાલતની સ્થાપના કરવામાં આવી ?

મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રીઃ (રાજ્યકક્ષા) (તા. ૨૮–૦૯–૨૦૧૫) :

(૧) તા. ૩૦–૦૬–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં મહિલા સામખ્ય અંતર્ગત મહાસંઘોની–૩૩, તેમજ ગુજરાત રાજ્ય મહિલા આયોગ અંતર્ગત–૧૧૧ મળી કુલ–૧૪૪ જગ્યાએ નારી અદાલતો કાર્યરત છે. (*પત્રક–૧ આ સાથે સામેલ છે.).

(૨) ઉક્ત સ્થિતિએ પાંચ વર્ષમાં કુલ–૧૨૫૧૨ કેસો નોંધાયેલ તે પૈકી ૯૪૩૮ કેસોનો નિકાલ થયો અને ૩૦૭૪ કેસો આખરી કરણ અંગે પડતર છે. (જિલ્લાવાર માહિતી અંગેનું *પત્રક–૨ સામેલ છે.).

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં (૨૦૧૪–૧૫ અંતિત) ૧૧૧ નારી અદાલતોની સ્થાપના કરવામાં આવેલ છે. (*પત્રક–૩ સામેલ છે.)

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૫૧૮૨, ૫૫૬૩, ૫૫૬૫, ૫૫૬૬, ૫૫૬૮, ૫૫૬૯, ૫૫૭૦, ૫૫૭૧, ૫૫૭૨, ૫૫૭૩, ૫૫૭૬, ૫૫૭૭, ૫૫૭૮, ૫૫૭૯, ૫૫૯૧, ૫૮૨૩, ૫૮૬૩, ૬૦૭૦ | ૧૮ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૫૦૯૩, ૫૭૧૦, ૫૮૭૪ | ૦૩ |
| ૩ | નાણાં વિભાગ | ૪૯૦૧, ૬૦૬૪, ૬૨૫૦ | ૦૩ |
| ૪ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૫૯૪૮ | ૦૧ |
| ૫ | વન અને પર્યાવરણ વિભાગ | ૫૫૫૭, ૬૦૭૯ | ૦૨ |
| ૬ | ગૃહ વિભાગ | ૫૩૭૭, ૫૬૦૭, ૫૭૪૨, ૬૦૧૧, ૬૦૨૦ | ૦૫ |
| ૭ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૫૮૬૨ | ૦૧ |
| ૮ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૫૪૨૮, ૬૦૩૦ | ૦૨ |
| ૯ | મહેસૂલ વિભાગ | ૨૮૭૯, ૪૧૯૫, ૫૮૩૨, ૫૮૩૭, ૫૮૯૧, ૫૯૭૭ | ૦૬ |
| ૧૦ | માર્ગ અને મકાન વિભાગ | ૬૦૨૯ | ૦૧ |
| ૧૧ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૬૦૬૩ | ૦૧ |
| ૧૨ | ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૪૮૫૧, ૪૮૫૪, ૫૮૭૭, ૫૮૭૮, ૬૨૩૧ | ૦૫ |
| ૧૩ | મહિલા અને બાળવિકાસ વિભાગ | ૫૩૦૭, ૬૦૫૫ | ૦૨ |
| | | કુલ | ૫૦ |

**સાતમી અતારાંકિત યાદી**

મુખ્ય મંત્રીશ્રી/મંત્રીશ્રીઓને પ્રવાસ ભથ્થા પેટે ચૂકવેલ રકમ

અતારાંકિતઃ ૬૨૭૮) ૨૬–૧૦–૨૦૧૫ (ડૉ .તેજશ્રીબેન પટેલ) વિરમગામ(: માનનીય મુખ્ય મંત્રીશ્રી )સામાન્ય વહીવટ( જણાવવા કૃપા કરશે કે–.

તા. ૩૦–૦૬–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યના મુખ્ય મંત્રીશ્રી તેમજ મંત્રીમંડળના મંત્રીશ્રીઓને પ્રવાસ ભથ્થા પેટે કુલ કેટલી રકમ ચૂકવેલ છે ?

મુખ્ય મંત્રીશ્રી (સામાન્ય વહીવટ) : (૭–૧૨–૧૫)

તા. ૩૦–૬–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યના મુખ્ય મંત્રીશ્રી તેમજ મંત્રીમંડળના મંત્રીશ્રીઓને પ્રવાસ ભથ્થા પેટે ચૂકવેલ રકમની વિગતનું પત્રક નીચે મુજબ છે.

| ક્રમ | સમયગાળો | કુલ ચૂકવેલ રકમ રૂ. |
|---|---|---|
| ૧ | તા. ૧–૭–૨૦૧૦ થી તા. ૩૦–૬–૨૦૧૧ | રૂ. ૫૦,૪૬,૯૬૧ |
| ૨ | તા. ૧–૭–૨૦૧૧ થી તા. ૩૦–૬–૨૦૧૨ | રૂ. ૬૫,૮૫,૫૦૬ |
| ૩ | તા. ૧–૭–૨૦૧૨ થી તા. ૩૦–૬–૨૦૧૩ | રૂ. ૬૮,૪૬,૯૫૧ |
| ૪ | તા. ૧–૭–૨૦૧૩ થી તા. ૩૦–૬–૨૦૧૪ | રૂ. ૬૬,૪૯,૩૬૧ |
| ૫ | તા. ૧–૭–૨૦૧૪ થી તા. ૩૦–૬–૨૦૧૫ | રૂ. ૮૭,૧૭,૧૦૯ |
| | કુલ | રૂ. ૩,૩૮,૪૫,૫૮૮ |

–––––––

રાજ્યમાં ગૌશાળાઓ અને તેને સહાય

અતારાંકિતઃ ૫૪૦૨) ૨૭–૦૭–૨૦૧૫ (ડૉ .તેજશ્રીબેન પટેલ) વિરમગામ(ઃ માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–.

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલી ગૌશાળાઓ કાર્યરત છે.

(૨) ગૌશાળાઓને રાજ્ય સરકાર દ્વારા કોઈ સહાય પૂરી પાડવામાં આવે છે, અને

(૩) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર કેટલી ગૌશાળાઓને કેટલી રકમની સહાય આપવામાં આવી ?

પશુપાલન મંત્રીશ્રી : (૧૫–૧૦–૧૫)

(૧) ૬૬૭ ગૌશાળાઓ રાજ્યમાં કાર્યરત છે. જિલ્લાવાર ગૌશાળાઓનું આ સાથેના પત્રક મુજબ છે.

(૨) હા,

(૩) છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર જિલ્લાવાર સામેલ પત્રક મુજબની ગૌશાળાઓને સહાય આપવામાં આવી.

તા. ૩૧–૦૩–૨૦૧૫ની સ્થિતિએ ગુજરાત રાજ્યમાં આવેલી ગૌશાળાઓની માહિતી.

| અ.નં. | જિલ્લાનું નામ | ગૌશાળાની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૩૭ |
| ૨ | અમરેલી | ૨૪ |
| ૩ | આણંદ | ૧૪ |
| ૪ | બનાસકાંઠા | ૩૪ |
| ૫ | ભરૂચ | ૧૧ |
| ૬ | ભાવનગર | ૪૧ |
| ૭ | દાહોદ | ૦૫ |
| ૮ | ગાંધીનગર | ૨૨ |
| ૯ | જામનગર | ૩૧ |
| ૧૦ | જૂનાગઢ | ૧૧૩ |
| ૧૧ | ખેડા | ૦૬ |
| ૧૨ | કચ્છ–ભૂજ | ૫૫ |
| ૧૩ | મહેસાણા | ૦૭ |
| ૧૪ | નર્મદા | ૦૫ |
| ૧૫ | નવસારી | ૧૫ |
| ૧૬ | પંચમહાલ | ૦૬ |

| | | |
|---|---|---|
| ૧૭ | પાટણ | ૧૮ |
| ૧૮ | પોરબંદર | ૦૮ |
| ૧૯ | રાજકોટ | ૮૨ |
| ૨૦ | સાબરકાંઠા | ૧૭ |
| ૨૧ | સુરત | ૨૪ |
| ૨૨ | સુરેન્દ્રનગર | ૪૬ |
| ૨૩ | તાપી | ૦૫ |
| ૨૪ | વડોદરા | ૨૧ |
| ૨૫ | વલસાડ | ૨૦ |
| | કુલ | ૬૬૭ |

વર્ષ ૨૦૧૦-૧૧ થી વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન વર્ષવાર, જિલ્લાવાર સહાય આપવામાં આવેલ ગૌશાળાઓની યાદી

| અ.નં. | જિલ્લો | ગૌશાળાઓની સંખ્યા | | | | |
|---|---|---|---|---|---|---|
| | | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ |
| ૧ | અમદાવાદ | ૨ | ૬ | ૭ | ૭ | ૭ |
| ૨ | અમરેલી | ૧૪ | ૧૨ | ૧૫ | ૧૬ | ૧૮ |
| ૩ | આણંદ | ૩ | ૪ | ૪ | ૪ | ૪ |
| ૪ | બનાસકાંઠા | ૮ | ૧૫ | ૧૫ | ૧૬ | ૧૮ |
| ૫ | ભરૂચ | ૧ | ૨ | ૨ | ૩ | ૩ |
| ૬ | ભાવનગર | ૧૬ | ૧૫ | ૧૬ | ૧૬ | ૧૬ |
| ૭ | દાહોદ | ૧ | ૧ | ૨ | ૨ | ૧ |
| ૮ | ગાંધીનગર | ૨ | ૩ | ૩ | ૪ | ૪ |
| ૯ | જામનગર | ૨ | ૩ | ૫ | ૬ | ૬ |
| ૧૦ | જૂનાગઢ | ૧૩ | ૨૨ | ૨૫ | ૨૬ | ૨૮ |
| ૧૧ | ખેડા | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૧૨ | કચ્છ-ભૂજ | ૧૫ | ૧૯ | ૨૨ | ૨૩ | ૨૫ |
| અ.નં. | જિલ્લો | ગૌશાળાઓની સંખ્યા | | | | |
| | | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ |
| ૧૩ | મહેસાણા | - | ૧ | ૨ | ૪ | ૪ |
| ૧૪ | નર્મદા | - | ૧ | ૨ | ૨ | ૨ |
| ૧૫ | નવસારી | ૨ | ૨ | ૪ | ૪ | ૫ |
| ૧૬ | પંચમહાલ | - | - | ૧ | ૧ | ૧ |
| ૧૭ | પાટણ | - | - | ૧ | ૧ | ૧ |
| ૧૮ | પોરબંદર | ૬ | ૫ | ૫ | ૬ | ૬ |
| ૧૯ | રાજકોટ | ૧૨ | ૧૫ | ૧૫ | ૧૭ | ૧૮ |
| ૨૦ | સાબરકાંઠા | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૨૧ | સુરત | ૩ | ૪ | ૪ | ૫ | ૫ |
| ૨૨ | સુરેન્દ્રનગર | ૧૦ | ૧૩ | ૧૪ | ૧૪ | ૧૫ |
| ૨૩ | તાપી | - | - | - | - | - |
| ૨૪ | વડોદરા | ૩ | ૭ | ૭ | ૯ | ૯ |
| ૨૫ | વલસાડ | ૮ | ૯ | ૯ | ૯ | ૯ |
| ૨૬ | દેવભુમિ દ્વારકા | - | - | - | - | - |
| ૨૭ | અરવલ્લી | - | - | - | - | - |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨૮ | છોટા ઉદેપુર | – | – | – | – | – |
| ૨૯ | ગીર સોમનાથ | – | – | – | – | – |
| ૩૦ | મોરબી | – | – | – | – | – |
| ૩૧ | મહીસાગર | – | – | – | – | – |
| ૩૨ | બોટાદ | – | – | – | – | – |
| ૩૩ | ડાંગ | – | – | – | – | – |

–––––––

જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાની એસ. પી. સી. એ. ને ગ્રાન્ટ

અતારાંકિતઃ ૫૫૬૭) ૨૨–૦૭–૨૦૧૫ (શ્રી પરેશ ધાનાણી) અમરેલી(: માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–.

(૧) જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાની એસ. પી. સી. એ. (સોસાયટી ફોર પ્રિવેન્શન ઓફ ક્રુએલ્ટી ટુ એનિમલ્સ) ને સન ૨૦૧૧–૧૨, ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ના વર્ષમાં સરકાર તરફથી કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) ઉપરોક્ત ગ્રાન્ટ પૈકી વર્ષવાર કેટલી ગ્રાન્ટ પાંજરાપોળોને પશુ નિભાવ ખર્ચ પેટે ચુકવવામાં આવી, તથા આ ગ્રાન્ટનો અન્ય કઈ કઈ બાબતમાં ખર્ચ કરવામાં આવ્યો

(૩) આ જિલ્લાઓમાં એસ. પી. સી. એ. દ્વારા ગ્રાન્ટનો ઉપયોગ ન થયો હોય તો તેના શા કારણો છે અને તેને માટે કોને જવાબદાર ઠરાવવામાં આવ્યો છે, અને

(૪) આ ગ્રાન્ટનો સમયસર અને ચોક્કસ ઉપયોગ કરવા હેતુ માટે શા આદેશો આપવામાં આવ્યા છે ?

પશુપાલન મંત્રીશ્રી : (૧૪–૧૦–૨૦૧૫)

(૧)

| વર્ષવાર ફાળવવામાં આવેલ ગ્રાન્ટ | | | |
|---|---|---|---|
| જિલ્લો | ૨૦૧૧–૧૨ | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ |
| જુનાગઢ | રૂ. ૩,૭૦,૩૭૦/- | રૂ. ૩,૭૦,૩૭૦/- | રૂ. ૩,૭૦,૩૭૦/- |
| ગીરસોમનાથ | રૂ. ૦.૦૦ | રૂ. ૦.૦૦ | રૂ. ૦.૦૦ |

(૨)

| વર્ષવાર પશુ નિભાવ પેટે ચૂકવવામાં આવેલ રકમ | | | |
|---|---|---|---|
| જિલ્લો | ૨૦૧૧–૧૨ | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ |
| જુનાગઢ | રૂ. ૦.૦૦ | રૂ. ૦.૦૦ | રૂ. ૦.૦૦ |
| ગીરસોમનાથ | રૂ. ૦.૦૦ | રૂ. ૦.૦૦ | રૂ. ૦.૦૦ |
| વર્ષવાર અન્ય ખર્ચ પેટે ચૂકવવામાં આવેલ રકમ | | | |
| જિલ્લો | ૨૦૧૧–૧૨ | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ |
| જુનાગઢ | રૂ. ૦.૦૦ | રૂ. ૦.૦૦ | રૂ. ૦.૦૦ |
| ગીરસોમનાથ | રૂ. ૦.૦૦ | રૂ. ૦.૦૦ | રૂ. ૦.૦૦ |

(૩) જુનાગઢ જિલ્લામાં ઈન્ફરમરીઝ તરફથી માગણી ન આવેલ હોવાથી ગ્રાન્ટનો ઉપયોગ થયેલ નથી.

ગીર સોમનાથ જિલ્લાની રચના સપ્ટેમ્બર–૧૩ માં થયેલ હોવાથી

ગીર સોમનાથ જિલ્લામાં સદર વર્ષો દરમ્યાન ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી.

અને તે સંજોગોમાં પશુનિભાવ ખર્ચનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પશુપાલન નિયામકની કચેરીના તા. ૦૫-૦૬-૨૦૧૨ ના પત્ર ક્રમાંકઃ પધન/ગસક-૫/એસપીસીએ/૯૨૦-૨૧/૨૦૧૨ થી જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે.

-------

રાજ્યમાં પશુચિકિત્સક/પશુધન નિરીક્ષકની જગ્યાઓ

અતારાંકિતઃ ૬૪૧૩ (૨૭-૧૦-૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ)ઃ માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૦૬-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર પશુચિકિત્સા અધિકારી, વર્ગ-૨ અને પશુધનનિરીક્ષકની કુલ કેટલી મંજૂર જગ્યાઓ છે.

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવાનું સરકારનું શું આયોજન છે ?

ગૌસંવર્ધન મંત્રીશ્રી : (૦૮-૧૨-૨૦૧૫)

(૧) તા. ૩૦-૦૬-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર પશુચિકિત્સા અધિકારી, વર્ગ-૨ અને પશુધન નિરીક્ષકની નીચે જણાવેલ વિગતે જગ્યાઓ મંજૂર થયેલ છે.

| ક્રમ | જિલ્લો | મંજૂર થયેલ જગ્યાઓ | |
|---|---|---|---|
| | | પશુચિકિત્સા અધિકારી, વર્ગ-૨ | પશુધન નિરીક્ષક |
| ૧ | અમદાવાદ | ૫૦ | ૮૪ |
| ૨ | અમરેલી | ૩૯ | ૪૧ |
| ૩ | આણંદ | ૨૧ | ૨૫ |
| ૪ | બનાસકાંઠા | ૬૫ | ૮૫ |
| ૫ | ભરૂચ | ૨૯ | ૪૭ |
| ક્રમ | જિલ્લો | મંજૂર થયેલ જગ્યાઓ | |
| | | પશુચિકિત્સા અધિકારી, વર્ગ-૨ | પશુધન નિરીક્ષક |
| ૬ | ભાવનગર | ૩૬ | ૩૫ |
| ૭ | દાહોદ | ૨૨ | ૩૯ |
| ૮ | ડાંગ | ૭ | ૫ |
| ૯ | ગાંધીનગર | ૪૬ | ૯૦ |
| ૧૦ | જામનગર | ૨૬ | ૨૧ |
| ૧૧ | જૂનાગઢ | ૩૬ | ૬૧ |
| ૧૨ | કચ્છ | ૪૩ | ૨૩ |
| ૧૩ | ખેડા | ૨૨ | ૨૩ |
| ૧૪ | મહેસાણા | ૩૭ | ૮૩ |
| ૧૫ | નર્મદા | ૧૯ | ૨૯ |
| ૧૬ | નવસારી | ૧૬ | ૩૫ |
| ૧૭ | પંચમહાલ | ૨૭ | ૧૬ |
| ૧૮ | પાટણ | ૩૫ | ૫૩ |
| ૧૯ | પોરબંદર | ૧૨ | ૧૬ |

| | | | |
|---|---|---|---|
| ૨૦ | રાજકોટ | ૩૬ | ૯૩ |
| ૨૧ | સાબરકાંઠા | ૨૮ | ૬૨ |
| ૨૨ | સુરત | ૨૪ | ૮૬ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૩૦ | ૪૭ |
| ૨૪ | તાપી | ૧૩ | ૪૦ |
| ૨૫ | વડોદરા | ૨૭ | ૪૭ |
| ૨૬ | વલસાડ | ૧૪ | ૩૫ |
| ૨૭ | છોટા ઉદેપુર | ૧૩ | ૩૩ |
| ૨૮ | અરવલ્લી | ૨૨ | ૩૨ |
| ૨૯ | મોરબી | ૧૨ | ૯ |
| ૩૦ | ગીર સોમનાથ | ૧૯ | ૧૦ |
| ૩૧ | દેવભુમિ દ્વારકા | ૧૩ | ૧૦ |
| ૩૨ | બોટાદ | ૧૦ | ૮ |
| ૩૩ | મહીસાગર | ૧૭ | ૧૩ |

(૨) ઉપર્યુક્ત સ્થિતિએ નીચે જણાવેલ વિગતે જિલ્લાવાર જગ્યાઓ ખાલી છે.

| ક્રમ | જિલ્લો | ખાલી જગ્યાઓ | |
|---|---|---|---|
| | | પશુચિકિત્સા અધિકારી, વર્ગ–૨ | પશુધન નિરીક્ષક |
| ૧ | અમદાવાદ | ૬ | ૧૬ |
| ૨ | અમરેલી | ૧૮ | ૧૪ |
| ૩ | આણંદ | ૪ | ૯ |
| ૪ | બનાસકાંઠા | ૧૪ | ૧૧ |
| ૫ | ભરૂચ | ૧૩ | ૧૭ |
| ક્રમ | જિલ્લો | મંજૂર થયેલ જગ્યાઓ | |
| | | પશુચિકિત્સા અધિકારી, વર્ગ–૨ | પશુધન નિરીક્ષક |
| ૬ | ભાવનગર | ૧૭ | ૧૦ |
| ૭ | દાહોદ | ૧૧ | ૧૦ |
| ૮ | ડાંગ | ૨ | ૧ |
| ૯ | ગાંધીનગર | ૨ | ૨૨ |
| ૧૦ | જામનગર | ૧૨ | ૧૪ |
| ૧૧ | જૂનાગઢ | ૭ | ૨૬ |
| ૧૨ | કચ્છ | ૨૩ | ૭ |
| ૧૩ | ખેડા | ૧૧ | ૬ |
| ૧૪ | મહેસાણા | ૩ | ૧૨ |
| ૧૫ | નર્મદા | ૧૧ | ૧૫ |
| ૧૬ | નવસારી | ૫ | ૧૧ |
| ૧૭ | પંચમહાલ | ૧૧ | ૩ |

| | | | |
|---|---|---|---|
| ૧૮ | પાટણ | ૧૪ | ૯ |
| ૧૯ | પોરબંદર | ૭ | ૬ |
| ૨૦ | રાજકોટ | ૮ | ૪૦ |
| ૨૧ | સાબરકાંઠા | ૧૬ | ૯ |
| ૨૨ | સુરત | ૧૨ | ૪૧ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૨૦ | ૨૧ |
| ૨૪ | તાપી | ૩ | ૧૨ |
| ૨૫ | વડોદરા | ૬ | ૧૫ |
| ૨૬ | વલસાડ | ૫ | ૧૦ |
| ૨૭ | છોટા ઉદેપુર | ૭ | ૧૫ |
| ૨૮ | અરવલ્લી | ૧૨ | ૪ |
| ૨૯ | મોરબી | ૨ | ૫ |
| ૩૦ | ગીર સોમનાથ | ૧૨ | ૨ |
| ૩૧ | દેવભુમિ દ્વારકા | ૮ | ૬ |
| ૩૨ | બોટાદ | ૬ | ૫ |
| ૩૩ | મહીસાગર | ૮ | ૨ |

(૩) વિગતો નીચે મુજબ છે.

પશુચિકિત્સા અધિકારી તથા પશુધન નિરીક્ષકની ખાલી જગ્યાઓ નિયમિત પણે ભરવા માટે સરકારશ્રીએ ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડર તૈયાર કરેલ છે. આ ભરતી કેલેન્ડર મુજબ વહીવટી પ્રક્રિયા પુર્ણ થયેથી પશુચિકિત્સા અધિકારી સંવર્ગના ઉમેદવારો ગુજરાત જાહેર સેવા આયોગ મારફત ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ પર નિમણૂંક આપી શકાશે તેમજ પશુધન નિરીક્ષક, વર્ગ–૩ની ૨૦૦ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા અંગેનું માંગણી પત્રક ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરને રજૂ કરવામાં આવેલ છે. ગૌણસેવા પસંદગી મંડળ દ્વારા પશુધન નિરીક્ષક, વર્ગ–૩ની સીધી ભરતીથી ભરવા અંગે કાર્યવાહી ચાલુમાં હોઈ જે પૂર્ણ થયેથી ઉમેદવારોની નિમણૂક માટે ફાળવણી થયેથી જગ્યાઓ ભરવાનું આયોજન છે.

–––––––

ખેડા અને આણંદ જિલ્લામાં યુરિયા ખાતરની ફાળવણી

અતારાંકિતઃ ૬૬૯૦ (૦૨–૧૧–૨૦૧૫) ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યના ખેડા અને આણંદ જિલ્લામાં તાલુકાવાર યુરિયા ખાતરની સને ૨૦૧૪ અને સને ૨૦૧૫ માં કેટલી જરૂરિયાત હતી,

(૨) આ જરૂરિયાત સામે કેટલા પ્રમાણમાં યુરિયા ખાતર પૂરૂં પાડવામાં આવેલ, અને

(૩) જરૂરિયાત મુજબનું ખાતર ન ફાળવેલ હોય તો તેના મુખ્ય કારણો શાં હતા ?

કૃષિ મંત્રીશ્રી : (૧૦–૧૨–૨૦૧૫)

(૧) રાજ્યમાં રાસાયણિક ખાતરોની તાલુકાવાર અલગથી જરૂરિયાત નક્કી કરવામાં આવતી નથી. પરંતુ, રાજ્યનાં ખેડા અને આણંદ જિલ્લામાં યુરિયા ખાતરની સને ૨૦૧૪ અને સને ૨૦૧૫ મા નીચે મુજબની જરૂરીયાત હતી.

(જથ્થો મે. ટનમાં)

| અનં. | વર્ષ | યુરીયા ખાતરની જરૂરીયાત | |
|---|---|---|---|
| | | ખેડા | આણંદ |
| ૧ | ૨૦૧૪ | ૧,૨૪,૫૦૦ | ૧,૩૧,૯૦૦ |
| ૨ | ૨૦૧૫ | ૧,૩૦,૨૫૦ | ૧,૩૩,૪૦૦ |

(૨) આ જરૂરિયાત સામે પૂરા પાડવામાં આવેલ યુરિયા ખાતરનાં જથ્થાની વિગતો નીચે મુજબ છે.

(જથ્થો મે. ટનમાં)

| અનં. | વર્ષ | ખેડા | | આણંદ | |
|---|---|---|---|---|---|
| | | જરૂરીયાત | સપ્લાય | જરૂરીયાત | સપ્લાય |
| ૧ | ૨૦૧૪ | ૧,૨૪,૫૦૦ | ૧,૨૫,૭૫૧ | ૧,૩૧,૯૦૦ | ૧,૨૫,૯૮૬ |
| ૨ | ૨૦૧૫ | ૧,૩૦,૨૫૦ | ૧,૨૩,૩૬૨ (૧૫ નવે. અંતિત) | ૧,૩૩,૪૦૦ | ૧,૧૪,૬૩૫ (૧૫ નવે. અંતિત) |

(૩) ભારત સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ યુરિયા ખાતરનાં જથ્થા પૈકી જરૂરીયાત મુજબનો જથ્થો મહદઅંશે સબંધિત જિલ્લામાં પુરો પાડવામાં આવેલ છે.

-------

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પાકિસ્તાન સત્તા દ્વારા પકડાયેલ માછીમારો

અતારાંકિતઃ ૬૭૬૩ (૨૭-૧૦-૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧ ડિસેમ્બર-૨૦૧૪ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના કેટલા માછીમારો પાકિસ્તાન સત્તાવાળા દ્વારા પકડાયેલ છે,

(૨) આ માછીમારના કુટુંબોને રાજ્ય સરકાર દ્વારા કેટલી રકમની સહાય ચૂકવવાની બાકી છે,

(૩) ઉકત સ્થિતિએ સહાય ચૂકવવાની બાકી રહેવાના શા કારણો છે અને તે માટે કોણ જવાબદાર છે, અને

(૪) બાકી સહાય કયાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે ?

મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી : (૦૭-૧૨-૨૦૧૫)

(૧) તા. ૩૧ ડિસેમ્બર-૨૦૧૪ ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના કોઈપણ માછીમાર પાકિસ્તાન સત્તાવાળા દ્વારા પકડાયેલા નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

ગુણોત્સવવાર રાજ્યમાં નબળી પ્રાથમિક શાળાઓ

અતારાંકિતઃ ૫૦૯૨ (૩૧-૦૭-૨૦૧૫) શ્રી ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં થયેલ દરેક ગુણોત્સવવાર રાજ્યમાં જિલ્લાવાર કેટલી પ્રાથમિક શાળાઓ નબળી અને અત્યંત નબળી જણાઈ, અને

(૨) ઉકત સ્થિતિએ આ શાળાઓનું શિક્ષણ સુધારવા રાજ્ય સરકારે શાં પગલાં લીધા ?

શિક્ષણ મંત્રીશ્રી : (૨૧-૧૦-૨૦૧૫)

(૧) તા. ૩૧-૦૩-૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં થયેલ દરેક ગુણોત્સવવાર રાજ્યમાં જિલ્લાવાર ૧૧૮૨૨ પ્રાથમિક શાળાઓ નબળી અને ૨૩૭૩ અત્યંત નબળી જણાઈ.

(૨) શિક્ષણ સુધારણા માટે જરૂરીયાત મુજબની ભૌતિક સુવિધા જેવી કે, લાયબ્રેરી, કોમ્પ્યુટર લેબ, વિજળીકરણ, સેનીટેશન વગેરે પૂરી પાડવામાં આવે છે.

- રેમેડીયલ વર્ગો ચલાવવામાં આવે છે. નબળી શાળાના મુખ્ય શિક્ષકોની અલગથી ચિંતન શિબિર યોજી નબળા દેખાવ બાબતે સુધારાત્મક પગલાં લેવાની કાર્યવાહી કરવામાં આવી.
- માન. શિક્ષણમંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને DPEO, TPEO, BRC, CRC ઓની ચિંતન શિબિર યોજવામાં આવી.
- લેખન, વાંચન, ગણન કૌશલ્યના વિકાસ માટે શ્રુત લેખન, અનુલેખન જેવી પ્રવૃતિઓનો સતત મહાવરો કરાવવામાં આવે છે.
- શાળા સમય દરમ્યાન શાળાના શિક્ષકો દ્વારા ગુણવત્તા સુધારવા પ્રયાસો કરવામાં આવે છે.

અતારાંકિત પ્રશ્નો

– દર વર્ષે યોજાતી શિક્ષક તાલીમમાં વર્ગખંડ શિક્ષણ અને બાળકોને પડતી મુશ્કેલીઓ નિવારવા માટે તૈયાર કરવામાં આવેલ વિષય નિષ્ણાંતો દ્વારા વર્ગખંડ શિક્ષણ કાર્ય સુધરે તે માટેના પ્રયત્નો કરવવામાં આવે છે.

– ગુણોત્સવમાં નબલી/અતિ નબળી જણાયેલ શાળાઓમાં શિક્ષણ સુધારણા માટે કેળવણી નિરીક્ષક/બી.આર.સી.કો.ઓ./સી.આર.સી.કો.ઓ.ને આવી શાળાની મુલાકાત લેવા અને જરૂરી માર્ગદર્શન/સુચન પુરા પાડવા માટે સુચના આપવામાં આવેલ છે.

–––––––

સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ

અતારાંકિતઃ ૫૧૨૫ (૧૫–૦૯–૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષકોની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉકત સ્થિતિએ આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૨૧–૧૦–૨૦૧૫)

(૧) પત્રક મુજબ

(૨) જેમ બને તેમ જલ્દી

પત્રક

| ક્રમ | જિલ્લાનું નામ | મંજુર મહેકમ | કામ કરતા શિક્ષકો | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૭૭૧૩ | ૬૮૫૪ | ૮૫૯ |
| ૨ | વડોદરા | ૫૬૧૩ | ૫૧૦૭ | ૫૦૬ |
| ૩ | રાજકોટ | ૫૮૨૦ | ૫૫૦૭ | ૩૧૩ |
| ૪ | સુરત | ૫૪૪૩ | ૫૨૯૦ | ૧૫૩ |
| ૫ | ખેડા | ૯૩૪૫ | ૯૧૫૦ | ૧૯૫ |
| ૬ | આણંદ | ૬૯૯૦ | ૬૭૧૫ | ૨૭૫ |
| ૭ | પંચમહાલ | ૧૨૬૦૯ | ૧૧૬૭૪ | ૯૩૫ |
| ૮ | દાહોદ | ૧૧૬૫૫ | ૧૦૭૪૩ | ૯૧૨ |
| ૯ | સાબરકાંઠા | ૧૨૫૧૦ | ૧૨૧૩૧ | ૩૭૯ |
| ૧૦ | જુનાગઢ | ૪૫૬૩ | ૪૪૩૮ | ૧૨૫ |
| ૧૧ | પોરબંદર | ૨૧૦૦ | ૧૯૨૫ | ૧૭૫ |
| ક્રમ | જિલ્લાનું નામ | મંજુર મહેકમ | કામ કરતા શિક્ષકો | ખાલી જગ્યાઓ |
| ૧૨ | મહેસાણા | ૭૫૬૬ | ૭૪૭૯ | ૮૭ |
| ૧૩ | પાટણ | ૬૧૨૮ | ૫૭૩૩ | ૩૯૫ |
| ૧૪ | ભાવનગર | ૯૭૦૩ | ૮૮૯૮ | ૮૦૫ |
| ૧૫ | જામનગર | ૪૧૨૮ | ૩૮૦૬ | ૩૨૨ |
| ૧૬ | અમરેલી | ૫૭૧૩ | ૫૩૫૮ | ૩૫૫ |
| ૧૭ | કચ્છ | ૧૧૦૨૮ | ૮૩૦૪ | ૨૭૨૪ |
| ૧૮ | ભરૂચ | ૫૦૦૩ | ૪૬૬૨ | ૩૪૧ |
| ૧૯ | નર્મદા | ૩૦૮૦ | ૨૮૨૯ | ૨૫૧ |
| ૨૦ | વલસાડ | ૫૭૬૩ | ૫૪૯૨ | ૨૭૧ |
| ૨૧ | નવસારી | ૩૯૧૮ | ૩૮૦૦ | ૧૧૮ |
| ૨૨ | બનાસકાંઠા | ૧૬૭૦૧ | ૧૪૯૬૦ | ૧૭૪૧ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૭૮૦૮ | ૭૨૫૩ | ૫૫૫ |
| ૨૪ | ગાંધીનગર | ૪૩૮૯ | ૪૧૩૫ | ૨૫૪ |
| ૨૫ | ડાંગ | ૧૮૮૧ | ૧૮૬૪ | ૧૭ |
| ૨૬ | તાપી | ૩૪૩૧ | ૩૩૫૪ | ૭૭ |

–––––––

## તા. ૧૫મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

રાજ્યમાં જિલ્લાવાર બાકી દસ લાખ કે તેથી વધુ વેચાણવેરા/વેટ વસુલવા બાબત

અતારાંકિતઃ ૫૩૩૧ )૨૩-૦૬-૨૦૧૫ (ડૉ .તેજશ્રીબેન પટેલ) વિરમગામ(: માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-.

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં દસ લાખ કે તેથી વધુ વેચાણવેરા/વેટ વસુલવાનો બાકી હોય તેવા જિલ્લાવાર ક્યા ઔદ્યોગિક એકમો પાસેથી કેટલી રકમ વસુલવાની બાકી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ ઔદ્યોગિક એકમો સમયસર વેચાણવેરો/વેટ ભરતા ન હોય તેવી રકમો વસુલવા મહેસુલી રાહે શાં પગલાંઓ લીધાં ?

નાણા મંત્રીશ્રીઃ (૨૭-૧૦-૧૫)

(૧) *પત્રક મુજબ

(૨) વિવિધ સત્તાધિકારી તથા વિવિધ કોર્ટ દ્વારા મનાઈ હુકમ આપવામાં આવેલ હોય તે સિવાયના બાકી વસુલાતવાળા કેસોમાં સંબંધિત કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------

રાજ્યમાં ખાદ્યતેલનો બફર સ્ટોક

અતારાંકિતઃ ૬૬૧૦ )૨૪-૧૧-૨૦૧૫ (ડૉ .તેજશ્રીબેન પટેલ) વિરમગામ(: માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-.

(૧) તા. ૩૧-૦૮-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં સરકારે ક્યા પ્રકારનું કેટલું ખાદ્યતેલ બફર સ્ટોક કરેલ છે, અને

(૨) આ ખાદ્યતેલનો બફર સ્ટોક કરવા ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા હતા કે કેમ, અને

(૩) ઉક્ત સ્થિતિએ ખાદ્યતેલ બફર સ્ટોક માટે સરકારે વર્ષવાર શા ભાવે ક્યા પ્રકારના તેલનો કેટલો જથ્થો કે કંપનીઓ પાસેથી શા ભાવે ખરીદી કરી ?

નાગરિક પુરવઠા મંત્રીશ્રી : (૩૧-૧૨-૨૦૧૫)

(૧) તહેવારો દરમ્યાન એ. એ. વાય અને બી. પી. એલ. કુટુંબોને ખાદ્યતેલ વિતરણ માટે સામેલ પત્રક મુજબ ખરીદી કરેલ છે.

(૨) હા જી, ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા હતા.

(૩) બફર સ્ટોક માટે રાજ્ય સરકારની નોડલ એજન્સી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી. દ્વારા કરાયેલ વર્ષવાર ખરીદી, ખાદ્યતેલનો જથ્થો, કંપની, ખરીદ ભાવની વિગતો સામેલ રાખેલ પત્રક મુજબની છે.

પત્રક

તા. ૩૧-૦૮-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા ૫ વર્ષની ખાદ્યતેલ બફર સ્ટોકની માહિતી.

| અ.નં. | વર્ષ | ખરીદેલ ખાદ્યતેલનો જથ્થો અને ભાવ | | | ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે | સપ્લાયર્સનું નામ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| | | પ્રકાર | ખરીદ જથ્થો (મે. ટન) | ખરીદ ભાવ રૂ. પૈસા | | | |
| ૧ | ૦૧-૦૯-૨૦૧૦ થી ૩૧-૦૮-૨૦૧૧ | પામોલીન તેલ | જુલાઈ-૧૧-૩૧૧૫.૨૫૭ | ૪૯૧૦૮.૦૦ | હા | MMTC અમદાવાદ | કેન્દ્ર સરકારના PSU મારફતે કેન્દ્ર સરકારની સૂચના યોજના મુજબ ખરીદેલ |
| | | | જુલાઈ-૧૧-૨૭૮૭.૪૨૫ | ૪૯૨૭૮.૦૦ | | | |
| | | | ઓગષ્ટ-૧૧-૧૭૫૩.૪૦૨ | ૪૭૫૯૦.૦૦ | | | |
| | | કુલ | ૭૬૫૬.૦૮૪ | | | | |
| ૨ | ૦૧-૦૯-૨૦૧૧ થી ૩૧-૦૮-૨૦૧૨ | પામોલીન તેલ | સપ્ટે-૧૧-૪૨૨૧.૬૦૬ | ૪૭૭૦૭.૦૦ | હા | MMTC અમદાવાદ | કેન્દ્ર સરકારના PSU મારફતે કેન્દ્ર સરકારની સૂચના યોજના મુજબ ખરીદેલ |
| | | | ઓગષ્ટ-૧૨-૪૦૯૬.૮૮૯ | ૫૭૭૨૧.૦૦ | | | |
| | | કુલ | ૮૩૧૮.૪૯૫ | | | | |
| ૩ | ૦૧-૦૯-૨૦૧૨ થી ૩૧-૦૮-૨૦૧૩ | પામોલીન તેલ | સપ્ટે-૧૨ – ૩૩૩૨.૬૨ | ૫૩૫૪૮.૦૦ | હા | MMTC અમદાવાદ | કેન્દ્ર સરકારના PSU મારફતે કેન્દ્ર સરકારની સૂચના યોજના મુજબ ખરીદેલ |
| | | | ઓકટો-૧૨ – ૨૬૧૫.૮૭૫ | ૫૩૬૨૫.૦૦ | | | |
| | | | નવે.-૧૨ – ૨૨.૬૩૫ | ૬૫૭૫૬.૦૦ | | | |
| | | | નવે.-૧૨ – ૧૨૫૦.૨૨૨ | ૫૭૭૭૧.૦૦ | | | |
| | | કુલ | ૭૨૨૧.૩૫૨ | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | ખરીદ જથ્થો (૧ લીટર પાઉચમાં) | ખરીદ ભાવ ૧ લીટર પાઉચ રૂ. પૈસા | | | |
| ૪ | ૦૧–૦૯–૨૦૧૩ થી ૩૧–૦૮–૨૦૧૪ | રીફાઈન્ડ કપાસીયા તેલ | જુલાઈ–૧૪–૪૩૨૦૦૦ | ૬૭.૭૫ | હા | ગોકુલ રીફોઈલ એન્ડ સોલવન્ટ લી. અમદાવાદ | NCEDEX મારફતે E-tendering હેઠળ ખરીદેલ |
| | | | ઓગષ્ટ–૧૪–૨૮૬૮૦૦૦ | ૬૭.૭૫ | | | |
| | | | ઓગષ્ટ–૧૪–૫૮૫૩૯૬ | ૬૭.૨૫ | | | |
| | | કુલ | ૩૮૮૫૩૯૬ | | | | |
| ૫ | ૦૧–૦૯–૨૦૧૪ થી ૩૧–૦૮–૨૦૧૫ | રીફાઈન્ડ કપાસીયા તેલ | સપ્ટે–૧૧–૧૧૨૮૫૮૮ | ૬૭.૨૫ | હા | પાર્થ કોમોડીટી સર્વિસ પ્રાઈવેટ લી. અમદાવાદ | NCEDEX મારફતે E-tendering હેઠળ ખરીદેલ |
| | | | સપ્ટે–૧૪–૧૧૭૦૫૮૮ | ૬૬.૮૩ | | | |
| | | | જુલાઈ–૧૫–૫૪૦૦૦૦ | ૬૨.૨૫ | | | |
| | | | ઓગષ્ટ–૧૫ – ૧૯૪૪૦૦૦ | ૬૨.૫૨ | | | |
| | | કુલ | ૪૭૮૩૧૭૬ | | | | |

–––––––

## વન ખાતામાં અધિક મુખ્ય વન સંરક્ષકની ખાલી જગ્યા રાખીને એકસ કેડર પોસ્ટ ઉભી કરવા અંગે

અતારાંકિતઃ ૪૭૦૩ (૨૭–૦૧–૨૦૧૫) શ્રી રમેશભાઈ ચાવડા (કડી)ઃ માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યનાં વન ખાતામાં છેલ્લા પાંચ વર્ષમાં અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક તથા મુખ્ય વન સંરક્ષક કક્ષાના અધિકારીઓની કેડર પોસ્ટ ખાલી રાખીને એકસ કેડર પોસ્ટ ઉભી કરવામાં આવી છે કે કેમ,

(૨) જો હા, તો આવી કેટલી જગ્યાઓ પર એકસ કેડર પોસ્ટીંગ કયારે કરવામાં આવેલ છે અને તેના માટે ભારત સરકારની મંજૂરી લેવામાં આવેલ છે કે કેમ, તથા જો મંજૂરી લેવામાં આવેલ ન હોય તો તેના કારણો શાં છે, તથા તેના કારણો શાં છે તથા તેના માટે જવાબદાર કોણ છે, અને

(૩) ઉકત સ્થિતિએ આ એકસ કેડરમાં ફરજ બજાવતાં અધિકારીઓને કયારે કેડર પોસ્ટમાં મૂકવાનું સરકારનું આયોજન છે ?

વન અને પર્યાવરણ મંત્રીશ્રી : (૧૯–૧૦–૨૦૧૫)

(૧) હા જી.

(૨) મુખ્ય વન સંરક્ષક (વહીવટ) ની એક જગ્યા એબેયન્સમાં મુકી તા. ૨૮–૦૯–૨૦૧૦ થી વહીવટી કારણોસર એક એકસ–કેડર જગ્યા અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક (વહીવટ) ઉભી કરેલ છે. આ અંગે ભારત સરકારની મંજૂરી મેળવવામાં આવી નથી.

(૩) કેડર રીવ્યુ અંગેની કાર્યવાહી પૂર્ણ થયેથી કેડર પોસ્ટ પર નિમણૂક આપવાની કાર્યવાહી થઈ શકશે.

–––––––

## રાજ્યમાં જિલ્લાવાર પડતર, ડિટેઈન અને બિનવારસી વાહનો

અતારાંકિતઃ ૩૫૧૩ (૦૯–૧૦–૨૦૧૪) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૮–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલા વાહનો ડિટેઈન અને બિનવારસી પડતર છે, અને

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલા વાહનો જપ્ત કરવામાં આવ્યા અને કેટલા વાહનો બિનવારસી મળી આવ્યા ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૦૬–૧૧–૨૦૧૫)

(૧) તા. ૩૧–૮–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર ડીટેઈન વાહનો તથા બિનવારસી પડતર વાહનોની વિગતો * પત્રક–૧માં જણાવ્યા મુજબ છે.

(૨) તા. ૩૧–૮–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં જપ્ત કરવામાં આવેલ તથા બિનવારસી મળી આવેલ વાહનોની વર્ષવાર વિગતો * પત્રક–૨માં જણાવ્યા મુજબ છે.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

–––––––

## તા. ૧૫મી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

જામનગર, ધ્રોલ, જોડિયા અને કાલાવડ તાલુકામાં ઘરફોડ ચોરી અને લૂંટના બનાવો

અતારાંકિતઃ ૩૮૯૨ (૨૪–૦૯–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) જામનગર જિલ્લાના જામનગર, જોડિયા, ધ્રોલ અને કાલાવડ તાલુકામાં સને–૨૦૧૨ તથા ૨૦૧૩ ના વર્ષમાં તાલુકાવાર કેટલી રકમની કેટલી ઘરફોડ ચોરી તથા લૂંટના કેસો નોંધાયા,

(૨) તે પૈકી કેટલા કેસોમાં આરોપીઓ તા. ૩૦મી જૂન–૨૦૧૪ની સ્થિતિએ પકડાયા અને કેટલા પકડવાના બાકી છે,

(૩) કેટલી ઘરફોડ ચોરી અને લૂંટના કિસ્સામાં કેટલી રકમની માલમત્તા મુળ ફરિયાદીને પરત તા. ૩૦મી જૂન–૨૦૧૪ની સ્થિતિએ સોંપવામા આવી, અને

(૪) બાકી રહેલ કિસ્સામાં આરોપીઓને પકડવા શી કાર્યવાહી હાથ ધરી છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૦૭–૧૧–૨૦૧૫)

(૧)

| તાલુકાનું નામ | ૨૦૧૨ | | | | ૨૦૧૩ | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ઘરફોડ ચોરીના મુદ્દામાલની રકમ રૂ. | ઘરફોડ ચોરીના નોંધાયેલ કેસ | લુંટમાં ગયેલ મુદ્દામાલની રકમ રૂ. | લુંટના નોંધાયેલ કેસ | ઘરફોડ ચોરીના મુદ્દામાલની રકમ રૂ. | ઘરફોડ ચોરીના નોંધાયેલ કેસ | લુટમાં ગયેલ મુદ્દામાલની રકમ રૂ. | લુંટના નોંધાયેલ કેસ |
| જામનગર | ૭૮૫૦૦૦૫ | ૧૦૮ | ૧૦૮૫૫૭૧ | ૩૧ | ૭૭૬૨૪૫૨૭ | ૮૫ | ૯૯૬૬૦૦ | ૧૨ |
| જોડીયા | ૩૭૯૪૦૦ | ૯ | ૦૦ | ૦૦ | ૨૨૦૦૦ | ૧ | ૦૦ | ૦૦ |
| ધ્રોલ | ૨૪૧૨૧૦ | ૫ | ૩૨૭૦૦ | ૨ | ૪૬૪૯૫૦ | ૬ | ૧૧૨૩૬૫ | ૫ |
| કાલાવડ | ૨૬૪૩૫૦ | ૯ | ૦૦ | ૦૦ | ૫૮૩૫૦૦ | ૯ | ૧૨૦૦૦૦ | ૩ |

(૨) ૨૦૩ કેસોમાં આરોપીઓ પકડાયા અને ૮૨ કેસોમાં આરોપીઓ પકડવાના બાકી છે.

(૩) ઘરફોડ ચોરીના ૯૧ કિસ્સામાં રૂ. ૪૬૫૩૬૦૧ની રકમ અને લૂંટના ૨૯ કિસ્સામાં રૂ. ૮૦૮૧૯૦ની રકમની માલમત્તા મુળ ફરિયાદીને પરત સોંપવામાં આવેલ છે.

(૪) બાકી રહેલ કિસ્સાઓમાં આરોપીઓ પકડવા માટે અવાર–નવાર એમ.સી.આર. કાર્ડવાળા ઈસમોને ચેક કરી પુછપરછ કરવામાં આવે છે. નાઈટ રાઉન્ડ દરમ્યાન આવા શંકાસ્પદ જણાયેલ ઈસમોને ચેક કરવાની સુચના આપવામાં આવેલ છે તેમજ આરોપીના સગા સંબંધી તથા મિત્રો વિગેરે મારફતે તેની હકીકત મેળવી તથા આરોપીઓનાં મોબાઈલ નંબર આધારે લોકેશન મેળવી પકડવાની કાર્યવાહી કરવામાં આવે છે.

–––––––

રાજ્યમાં ગેરકાયદેસર બહુમાળી બિલ્ડીંગ્સ બનાવનાર/વેચનાર સામે પગલાં.

અતારાંકિતઃ ૫૨૭૮ (૨૩–૦૬–૨૦૧૫) શ્રી ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) બેઝમેન્ટ/રોલેર/ટેરેસ વેચાણ કરતા બિલ્ડર/પ્રમોટર્સ વિરૂધ્ધ છેતરપીંડી અને બોગસ દસ્તાવેજના ગુના દાખલ કરવા બાબતના પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા. ૨૧–૦૫–૨૦૧૧ની યાદી અન્વયે જિલ્લામાં રહેણાંક અને વ્યાપારીક હેતુ માટેના ગેરકાયદેસર બહુમાળી બિલ્ડીંગો બનાવનાર અને વેચનાર કેટલા ઈસમો સામે પગલાં લેવા માટે તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કેટલી ફરીયાદો મળી અને

(૨) મળેલ ફરિયાદો અન્વયે ગેરકાયદેસર બહુમાળી બિલ્ડીંગો બનાવનાર અને વેચનાર કયા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

અતારાંકિત પ્રશ્નો

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૦૭–૧૧–૨૦૧૫)

(૧) આ પ્રકારની ફરિયાદ અરજીઓ છેલ્લા પાંચ વર્ષમાં અમદાવાદ શહેર સિવાય અન્ય કોઈ જિલ્લાઓમાંથી મળેલ નથી. અમદાવાદ શહેરના એક અરજદાર તરફથી જુદા જુદા સમયે થયેલી કુલ પાંચ ફરિયાદ અરજીઓ મળેલ હતી, જેની વર્ષવાર વિગત નીચે મુજબ છે.

| વર્ષ | મળેલ ફરિયાદોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૦ | – |
| ૨૦૧૧ | – |
| ૨૦૧૨ | – |
| ૨૦૧૩ | ૦૧ |
| ૨૦૧૪ | ૦૪ |

(૨) અરજદારશ્રી તરફથી મળેલ ફરિયાદ અરજીઓ બાબતમાં તપાસ કરતાં, અરજદારે કરેલ આક્ષેપોને દસ્તાવેજી પુરાવાઓના આધારે કોઈ સમર્થન મળેલ ન હોઈ, અરજદારની ફરિયાદ અરજીઓ દફતરે કરવામાં આવેલ છે. વધુમાં ફરિયાદ હેઠળની બાબત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને સબંધકર્તા છે અને આ અરજદારે તેમની ફરિયાદ અરજીઓમાં જણાવેલ વિષય સબંધમાં નામદાર ગુજરાત હાઈકોર્ટમાં કેસ દાખલ કરેલ છે, જે મેટર હાલમાં નામદાર હાઈકોર્ટમાં પડતર છે.

–––––––

એટ્રોસીટીના કેસમાં નિર્દોષ જાહેર કરેલ વ્યકિતઓ

અતારાંકિતઃ ૫૨૮૪ )૨૩–૦૬–૨૦૧૫ (ડૉ .તેજશ્રીબેન પટેલ) વિરમગામ(: માનનીય મુખ્યમંત્રીશ્રી )ગૃહ (જણાવવા કૃપા કરશે કે–.

તા. ૩૧–૦૩–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર એટ્રોસીટીના કેસોમાં કેટલા વ્યકિતઓ નિર્દોષ છોડી મુકવામાં આવેલ છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૭–૧૧–૧૫)

સામેલ પત્રક મુજબ.

પત્રક

| તા. ૧–૪–૨૦૧૦ થી તા. ૩૧–૦૩–૨૦૧૫ | | |
|---|---|---|
| અ.નં. | જિલ્લાનું નામ | કુલ |
| ૧ | અમદાવાદ શહેર | ૬૯૫ |
| ૨ | રાજકોટ શહેર | ૧૫૩ |
| ૩ | સુરત શહેર | ૩૮ |
| ૪ | વડોદરા શહેર | ૧૩૫ |
| ૫ | અમદાવાદ રૂરલ | ૧૭૭ |
| ૬ | ખેડા | ૩૧૮ |
| ૭ | આણંદ | ૪૯૧ |
| ૮ | ગાંધીનગર | ૧૭૨ |
| ૯ | સાબરકાંઠા | ૩૬૪ |
| ૧૦ | અરવલ્લી | ૬૨ |
| ૧૧ | મહેસાણા | ૪૮૧ |
| ૧૨ | જામનગર | ૧૦૪ |

| | | |
|---|---|---|
| ૧૩ | દેવભુમી દ્વારકા | ૪૭ |
| ૧૪ | રાજકોટ રૂરલ | ૨૯૩ |
| ૧૫ | મોરબી | ૫૧ |
| ૧૬ | સુરેન્દ્રનગર | ૩૮૬ |
| ૧૭ | બનાસકાંઠા | ૯૮૫ |
| ૧૮ | કચ્છ–પુર્વ | ૨૧૦ |
| ૧૯ | કચ્છ–પશ્ચિમ | ૧૫૮ |
| ૨૦ | પાટણ | ૩૧૦ |
| ૨૧ | અમરેલી | ૨૧૧ |
| ૨૨ | ભાવનગર | ૫૫૮ |
| ૨૩ | બોટાદ | ૫૪ |
| ૨૪ | જુનાગઢ | ૯૩ |
| ૨૫ | ગીર સોમનાથ | ૧૧૩ |
| ૨૬ | પોરબંદર | ૧૧૪ |
| ૨૭ | વડોદરા રૂરલ | ૧૭૮ |
| ૨૮ | છોટાઉદેપુર | ૧૨ |
| ૨૯ | ભરૂચ | ૧૬૨ |
| ૩૦ | નર્મદા | ૪૭ |
| ૩૧ | ગોધરા | ૧૯૪ |
| ૩૨ | મહીસાગર | ૪૫ |
| ૩૩ | દાહોદ | ૧૩૦ |
| ૩૪ | સુરત રૂરલ | ૪૧ |
| ૩૫ | તાપી | ૧૫ |
| ૩૬ | વલસાડ | ૨૦ |
| ૩૭ | નવસારી | ૫૭ |
| ૩૮ | ડાંગ–આહવા | ૩ |
| ૩૯ | પ. રે. વડોદરા | ૦ |
| ૪૦ | પ. રે. અમદાવાદ | ૪ |
| | કુલ... | ૭૬૮૧ |

–––––––

રાજ્યમાં દહેજના ગુન્હાના દુરૂપયોગ સામે આદેશો બાબત

અતારાંકિતઃ ૫૬૮૪ )૧૮–૦૬–૨૦૧૫ (શ્રી શક્તિસિંહજી ગોહિલ) અબડાસા(ઃ માનનીય મુખ્ય મંત્રીશ્રી) ગૃહ (જણાવવા કૃપા કરશે કે–.

(૧) નામદાર સુપ્રિમકોર્ટ અરણેશકુમાર વિ. સ્ટેટ ઓફ બિહારના કેસમાં ઈન્ડીયન પીનલ કોડની કલમ–૪૯૮(એ) અંતર્ગત દહેજના થતા ગુન્હાઓ અંગે કાર્યવાહીનો દુરૂપયોગ રોકવા તથા ગેરવ્યાજબી ધરપકડો રોકવા ચુકાદો આપ્યો હતો તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ ચુકાદાનો અમલ કરવા ભારત સરકારના ગૃહમંત્રાલયે ગુજરાત સહિત તમામ રાજ્યોને તા. ૧૧–૭–૧૪ના રોજ એક એડવાઈઝરી પણ મોકલી હતી તે હકીકત સાચી છે, અને

(૩) જો હા, તો સુપ્રિમકોર્ટના ચુકાદા તથા ભારત સરકારની એડવાઈઝરીના અમલ માટે રાજ્ય સરકારે શા આદેશો, ક્યારે પ્રસિધ્ધ કર્યા છે અને તેના અમલીકરણની જવાબદારી કોને સોંપાઈ છે ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૭–૧૧–૧૫)

(૧) હા જી.

(૨) હા જી.

(૩) આ અંગે અધિક પોલીસ મહાનિરીક્ષક, સી. આઈ. ડી. (ક્રાઈમ અને રેલ્વે) , ગાંધીનગરના તા. ૨–૮–૨૦૧૪ના ફેક્સ મેસેજથી તથા તા. ૯–૯–૨૦૧૪ના પત્રથી તેમજ પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજ્યની કચેરીના તા. ૨૦–૧૦–૨૦૧૪ના સ્થાયી હુકમથી, રાજ્યના તમામ પોલીસ અધિકારીશ્રીઓને જરૂરી સુચનાઓ આપવામાં આવેલ છે.

આ એડવાઈઝરીના અમલની જવાબદારી અ.પો. મ.નિ. શ્રી, સી.આઈ.ડી. (ક્રા. અને રે.) , ગાંધીનગર, તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ, રેન્જ વડાશ્રીઓ, પોલીસ અધિક્ષકશ્રીઓ, તમામ નાયબ પોલીસ અધિક્ષકશ્રી, સી.આઈ.ડી.ક્રાઈમ અને તમામ ડી. પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, સી.આઈ.ડી. ક્રાઈમ, મહિલા સેલને સોંપવામાં આવેલ છે.

–––––––

રાજ્યમાં ખાનગી વાહનો પરથી પોલીસ જેવા લાલ/વાદળી રંગના લખાણ/સ્ટીકરો દૂર કરવા બાબત

અતારાંકિતઃ ૫૮૬૮ )૨૭–૦૭–૨૦૧૫ (શ્રી મેરામણભાઈ આહીર) ખંભાલીયા(ઃ માનનીય મુખ્યમંત્રીશ્રી મંત્રીશ્રી )ગૃહ ( જણાવવા કૃપા કરશે કે–.

(૧) રાજ્યમાં ખાનગી વાહનોમાં પોલીસ જેવા લાલ/વાદળી રંગના લખાણો તથા સ્ટીકરો દૂર કરવા અને દર મહિને રીપોર્ટ કરવા અધિક પોલીસ મહાનિર્દેશક (કાયદો અને વ્યવસ્થા) એ મે–૨૦૧૫માં લેખીત હુકમ પ્રસિધ્ધ કર્યાં છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ આદેશની વિગતો શી છે, અને

(૩) આ આદેશના જિલ્લાવાર અમલ અને રાજ્યકક્ષાએ મોનીટરીંગની જવાબદારી કોને સોંપાઈ છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૬–૧૧–૧૫)

(૧) આ અંગે લેખિત સુચના તા. ૨૮–૦૪–૨૦૧૫ના રોજ આપવામાં આવેલ છે.

(૨) ઘણી વ્યક્તિઓ ખાનગી વાહનોના નંબર પ્લેટ ઉપર પોલીસ વિભાગમાં વપરાતો કલર લાલ અને વાદળી વાપરતા હોવાનું જણાતાં, આવી ગુનાહીત પ્રવૃતી કરતી વ્યક્તિઓ સામે કાયદેસર પગલાં લઈ, આ કલરનો દુરૂપયોગ થતો અટકાવવાના પગલાં લેવા તથા લીધેલ પગલાંનો રીપોર્ટ દર મહીને પોલીસ મહાનિર્દેશકની કચેરીને મોકલવાની, તમામ પોલીસ સત્તાવાળાઓને
તા. ૨૮–૦૪–૨૦૧૫ના પરિપત્રથી સુચના આપવામાં આવેલ છે.

(૩) આના અમલની જવાબદારી સંબંધિત પોલીસ કમિશ્નરશ્રી/પોલીસ/અધિક્ષકશ્રીઓ/રેન્જ વડાશ્રીઓને સોંપવામાં આવી છે.

–––––––

રાજ્યમાં એટ્રોસીટી એક્ટ હેઠળ નોંધાયેલ કેસ

અતારાંકિતઃ ૬૦૬૦ )૩૧–૦૭–૨૦૧૫ (શ્રી શૈલેષ પરમાર) દાણીલીમડા(ઃ માનનીય મુખ્યમંત્રીશ્રી મંત્રીશ્રી )ગૃહ (જણાવવા કૃપા કરશે કે–.

(૧) તા. ૩૦–૦૬–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર એટ્રોસીટી એક્ટ હેઠળના કેટલા કેસ નોંધાયા,

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા, અને

(૩) કેટલા આરોપીઓને પકડવાની બાકી છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૧૦–૧૨–૧૫)

(૧) (૨) અને (૩) સામેલ પત્રક મુજબ

પત્રક

| અ.નં. | શહેર–જિલ્લાનું નામ | તા. ૩૦–૦૬–૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર એટ્રોસીટી એક્ટ હેઠળ | તે પૈકી જિલ્લાવાર પકડવામાં આવેલ આરોપીઓ | પકડવાના બાકી આરોપીઓ |
|---|---|---|---|---|

અતારાંકિત પ્રશ્નો

| | | નોંધાયેલ કેસ | | |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૩૮૫ | ૧૦૩૯ | ૧૬ |
| ૨ | વડોદરા શહેર | ૧૬૦ | ૪૬૬ | ૨ |
| ૩ | સુરત શહેર | ૮૮ | ૩૦૨ | ૪ |
| ૪ | રાજકોટ શહેર | ૧૨૭ | ૩૨૩ | ૧૦ |
| ૫ | અમદાવાદ રૂરલ | ૩૦૦ | ૯૨૦ | ૧૬ |
| ૬ | આણંદ | ૨૦૯ | ૬૮૪ | ૧૭ |
| ૭ | ખેડા | ૧૭૩ | ૬૨૬ | ૧ |
| ૮ | ગાંધીનગર | ૨૦૭ | ૪૫૭ | ૨ |
| ૯ | સાબરકાંઠા | ૧૨૩ | ૪૨૦ | ૧૧ |
| ૧૦ | અરવલ્લી | ૫૪ | ૨૩૪ | ૧૫ |
| ૧૧ | મહેસાણા | ૩૭૯ | ૯૭૭ | ૨૩ |
| ૧૨ | વડોદરા રૂરલ | ૧૮૦ | ૪૭૨ | ૨૫ |
| ૧૩ | છોટા ઉદેપુર | ૫૦ | ૧૪૭ | ૦ |
| ૧૪ | ભરૂચ | ૬૭ | ૧૮૪ | ૦ |
| ૧૫ | નર્મદા | ૩૫ | ૭૪ | ૨ |
| ૧૬ | પંચમહાલ | ૯૬ | ૩૩૮ | ૧૧ |
| ૧૭ | મહીસાગર | ૩૯ | ૧૩૯ | ૦ |
| ૧૮ | દાહોદ | ૩૫ | ૮૩ | ૦ |
| ૧૯ | સુરત રૂરલ | ૧૦૪ | ૩૫૨ | ૨ |
| ૨૦ | વલસાડ | ૪૭ | ૧૪૯ | ૪૪ |
| ૨૧ | નવસારી | ૯૮ | ૨૫૩ | ૧૦ |
| ૨૨ | આહવા–ડાંગ | ૬ | ૧૩ | ૩ |
| ૨૩ | તાપી | ૧૯ | ૬૩ | ૦ |
| ૨૪ | રાજકોટ રૂરલ | ૧૬૨ | ૩૯૬ | ૪ |
| ૨૫ | મોરબી | ૮૯ | ૨૦૨ | ૧૧ |
| ૨૬ | જામનગર | ૧૮૧ | ૪૮૨ | ૧૭ |
| ૨૭ | દેવભુમી દ્વારકા | ૬૩ | ૨૦૬ | ૦ |
| ૨૮ | સુરેન્દ્રનગર | ૪૦૧ | ૧૧૪૪ | ૧૪ |
| ૨૯ | જુનાગઢ | ૧૭૭ | ૪૪૫ | ૦ |
| ૩૦ | ગીર સોમનાથ | ૨૧૬ | ૫૬૫ | ૫૨ |
| ૩૧ | પોરબંદર | ૫૬ | ૧૨૬ | ૦ |
| ૩૨ | ભાવનગર | ૨૬૫ | ૭૦૬ | ૧ |
| ૩૩ | બોટાદ | ૫૯ | ૧૭૩ | ૨ |
| ૩૪ | અમરેલી | ૧૫૬ | ૩૫૦ | ૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૫ | કચ્છ પશ્ચિમ | ૨૧૫ | ૬૮૧ | ૭ |
| ૩૬ | કચ્છ પૂર્વ | ૨૭૩ | ૬૫૦ | ૨૨ |
| ૩૭ | પાલનપુર | ૮૨૫ | ૨૨૧૮ | ૫૦ |
| ૩૮ | પાટણ | ૩૩૪ | ૯૦૨ | ૬ |
| ૩૯ | પ. રે. વડોદરા | ૩ | ૨ (૧–માં બી ફાયનલ) | ૦ |
| ૪૦ | પ. રે. અમદાવાદ | ૯ | ૧૯ | ૦ |

-------

અમદાવાદ શહેર/જિલ્લામાં પોલીસ સ્ટેશનોમાં ટોર્ચર રૂમ

અતારાંકિતઃ ૬૬૬૦ (૨૭–૧૦–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય)ઃ માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્ય સરકારે, પોલીસ સ્ટેશનોમાં ટોર્ચર રૂમ બનાવવા મંજૂરી આપી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો અમદાવાદ શહેર અને જિલ્લામાં તા. ૩૦–૬–૨૦૧૫ ની સ્થિતિએ કયા પોલીસ સ્ટેશનમાં ટોર્ચર રૂમ ઉપલબ્ધ છે, અને

(૩) ટોર્ચર રૂમ બનાવવાનાં શા કારણો છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૧૫–૧૨–૨૦૧૫)

(૧) ના, જી.

(૨) લાગુ પડતું નથી.

(૩) પોલીસ વિભાગ માનવ અધિકારોના રક્ષણ માટે અને ન્યાયસંગત પ્રક્રિયાને અનુસરવા માટે કૃતસંકલ્પ છે. ક્ક્ટોર્ચર રૂમક્ક્ક બનાવવાનો પ્રશ્ન કોઈપણ સંજોગોમાં ઉભો થતો નથી.

-------

મહેમદાવાદ, ખેડા અને માતર તાલુકામાં ગુનાહિત કૃત્યો

અતારાંકિતઃ ૬૬૯૫ (૨૭–૧૦–૨૦૧૫) શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૦૬–૧૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા જિલ્લાના મહેમદાવાદ, ખેડા અને માતર તાલુકામાં ચોરી, લૂંટ, ધાડ, બળાત્કાર અને આપઘાત કરવાના કેટલા બનાવો નોંધાયા,

(૨) તે પૈકી કેટલા બનાવો ઉકેલાયા, અને

(૩) ઉકત બનાવોમાં કેટલા ઈસમોને પકડવામાં આવ્યાં અને કેટલા બાકી છે ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૦૯–૧૨–૨૦૧૫)

(૧)

| તાલુકાનું નામ | ચોરી | લુંટ | ધાડ | બળાત્કાર | આપઘાત |
|---|---|---|---|---|---|
| મહેમદાવાદ | ૨૨ | ૦૦ | ૦૦ | ૦૨ | ૧૮ |
| ખેડા | ૨૪ | ૦૨ | ૦૪ | ૦૨ | ૧૨ |
| માતર | ૩૨ | ૦૪ | ૦૪ | ૦૧ | ૧૪ |

(૨) ૯૧

(૩)

| ઈસમોને પકડવામાં આવ્યા | પકડવાના બાકી |
|---|---|
| ૧૩૭ | ૧૩ |

-------

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પોલીસ દ્વારા 'બી' અને 'સી' સમરી ભરવા બાબત

અતારાંકિતઃ ૬૭૫૭ (૨૭-૧૦-૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર તા. ૩૦ સપ્ટેમ્બર-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કિસ્સામાં પોલીસે 'બી' અને 'સી' સમરી ભરી,

(૨) તે પૈકી કેટલા કિસ્સામાં આરોપીની ખોટી તરફેણ કરીને આ સમરી ભરાઈ હોવાનું પોલીસતંત્રની તપાસમાં જણાયું, અને

(૩) તે અન્વયે જવાબદાર પોલીસ કર્મચારીઓ સામે શા પગલા લેવાયા ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૦૯-૧૨-૨૦૧૫)

(૧)

| તાલુકાનું નામ | તા. ૧-૧૦-૨૦૧૩ થી તા. ૩૦-૯-૨૦૧૫ | |
|---|---|---|
| | 'બી' સમરી ભરી | 'સી' સમરી ભરી |
| દ્વારકા | ૦૨ | ૦૨ |
| કલ્યાણપુર | ૦૦ | ૦૩ |
| ખંભાળીયા | ૦૦ | ૦૬ |
| ભાણવડ | ૦૦ | ૦૧ |

(૨) તે પૈકી કોઈપણ કિસ્સામાં આરોપીની ખોટી તરફેણ કરી સમરી ભરાઈ હોવાનું પોલીસતંત્રની તપાસમાં જણાઈ આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પોલીસ કર્મીઓના જર્જરીત કવાર્ટસ

અતારાંકિતઃ ૬૭૫૯ (૨૭-૧૦-૨૦૧૫) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પોલીસ કર્મચારીઓના રહેણાંક માટે બનેલા કેટલા સરકારી કવાટર્સ તા. ૩૦ સપ્ટેમ્બર-૨૦૧૫ ની સ્થિતિએ ખરાબ અને જર્જરીત હાલતમાં છે,

(૨) ઉકત સ્થિતિએ આ કવાર્ટસની મરામત ન થવાના શા કારણો છે, અને

(૩) તે અન્વયે જરૂરી મરામત-રીપેરીંગ કયાં સુધીમાં કરવામાં આવનાર છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૧૧-૧૨-૨૦૧૫)

(૧) કુલ ૧૦૫-આવાસો

(૨) અને (૩) આ આવાસો કંડમ હોઈ તેની મરામત કરવાનો પ્રશ્ન રહેતો નથી. પરંતુ તેની સામે ૮૭ આવાસો નવા બનાવેલ છે તથા અન્ય ૬૦ આવાસોની કામગીરી પ્રગતિમાં છે.

-------

## અતારાંકિત પ્રશ્નો

### "મસડા ગેન્ગ" દ્વારા ગૌવંશની ચોરી

અતારાંકિતઃ ૬૮૧૧ (૧૦-૧૧-૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય)ઃ માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) સપ્ટેમ્બર-૨૦૧૫માં સરખેજ-બાવળા રોડ પરથી પોલીસે એક વાહનમાં કતલ માટે લઈ જવાતી ૩ ગાયો બચાવી લીધી હતી તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો કુલ કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી હતી અને કેટલા ઈસમો ભાગી છૂટયાં, અને

(૩) આરોપીઓ સામે શી કાનૂની કાર્યવાહી થઈ છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૧૫-૧૨-૨૦૧૫)

(૧) હા, જી.

(૨) જે તે વખતે ત્રણ ઈસમો ભાગી છુટેલ હતાં તેમની ધરપકડ કરવામાં આવેલ છે.

(૩) ચાંગોદર પોલીસ સ્ટેશનમાં સેકન્ડ ગુન્હા રજીસ્ટર નં. ૫૫૮/૧૫, ઈ.પી.કો. કલમ-૨૭૯, ૪૨૭, એમ.વી.એકટ કલમ-૧૭૭, ૧૮૪ તથા પશુ સંરક્ષણ ધારા કલમ-૫, ૬, ૮ તથા ૬(ક) તેમજ પશુ પ્રત્યે ઘાતકીપણાની કલમ-૧૧(ડી) મુજબ ગુનો દાખલ કરવામાં આવેલ છે.

-------

### કોડીનાર તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુનાઓ અને આરોપીઓની ધરપકડ

અતારાંકિતઃ ૬૯૦૬ (૭-૧૧-૨૦૧૫) શ્રી પૂંજાભાઈ વંશ (ઉના)ઃ માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કોડીનાર પોલીસ સ્ટેશનમાં વર્ષ-૨૦૦૯માં નોંધાયેલ ગુનાઓ પૈકી ક્યા ગુનાઓમાં કેટલા આરોપીઓની ધરપકડ કરવાની તા. ૩૦-૯-૨૦૧૫ની સ્થિતિએ બાકી છે, અને

(૨) આ બાકી ઈસમોની ધરપકડ કરવા માટે રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં શા પગલાં લીધા ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૯-૧૨-૨૦૧૫)

(૧) કોડીનાર પોલીસ સ્ટેશનમાં વર્ષ-૨૦૦૯માં નોંધાયેલ ગુનાઓ પૈકી ફકત ફ.ગુ.ર. નં. ૧૭૭/૨૦૦૯ના ગુનામાં એક આરોપીની ધરપકડ કરવાની બાકી છે.

(૨) આ આરોપીને નાસતા ફરતા આરોપી તરીકે જાહેર કરાયેલ છે. કોલ ડીટેઈલની મદદથી અને ભરોસાપાત્ર બાતમીદારો મારફતે તથા અન્ય સ્ત્રોતની મદદથી આરોપી અંગે હકીકત મેળવી તેને પકડી પાડવાના પ્રયાસો સતત ચાલુ છે.

-------

### વાયબ્રન્ટ સમિટો પાછળ ખર્ચ

અતારાંકિતઃ ૫૧૫૫ (૩૧-૦૭-૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ)ઃ માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટો માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) કરવામાં આવેલ ખર્ચ પૈકી મહાત્મા મંદિર ખાતે ડેકોરેશન, મંડપ, લાઈટીંગ, ચા-નાસ્તો, જમવા તેમજ અન્ય શા શા કામ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત કરવામાં આવેલ ખર્ચ પૈકી વિદેશી મહેમાનોને રહેવા તેમજ વાહન પેટે કેટલો ખર્ચ થયો ?

મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) : (૦૮-૧૨-૨૦૧૫)

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં, વર્ષ ૨૦૧૧, ૨૦૧૩ અને ૨૦૧૫માં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ યોજવામાં આવી હતી, જેમાં

(i) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૧ માટે કુલ રૂ. ૩૬,૧૬,૦૯,૪૬૯નો ખર્ચ કરવામાં આવ્યો.

(ii) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૩ માટે કુલ રૂ. ૫૦,૧૮,૦૩,૬૨૨નો ખર્ચ કરવામાં આવ્યો, અને

તા. ૧૫મી માર્ચ, ૨૦૧૬

અતારાંકિત પ્રશ્નો

(iii) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ–૨૦૧૫ માટે કુલ રૂ. ૫૦,૬૧,૪૬,૭૭૬નો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) દરેક વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના આયોજન માટે ૨૦ મહિના જેટલા પૂર્વ તૈયારીના સમયગાળા દરમિયાન વિવિધ સેમિનાર, પ્રદર્શન, પ્રચાર ઝુંબેશ, સાહિત્ય પ્રકાશન તથા અન્ય આયોજન માટે કામગીરી કરવાની થાય છે. ઉપરાંત સમિટમાં આવેલ લોકોને રહેવા–જમવા ટ્રાન્સપોર્ટેશન અને વિવિધ સંલગ્નખર્ચ થાય છે. આ બાબતે,

(i) વર્ષ ૨૦૧૧માં યોજાયેલ સમિટ માટે કુલ રૂ. ૩૬.૧૬ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

આ અંગેની વિગતવાર માહિતી આ સાથેના પત્રક–૧માં દર્શાવવામાં આવેલ છે.

(ii) વર્ષ ૨૦૧૩માં યોજાયેલ સમિટ માટે કુલ રૂ. ૫૦.૧૮ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

આ અંગેની વિગતવાર માહિતી આ સાથેના પત્રક–૨માં દર્શાવવામાં આવેલ છે, અને

(iii) વર્ષ ૨૦૧૧માં યોજાયેલ સમિટ માટે સરકાર દ્વારા સમિટના આયોજન માટે તા. ૩૧–૦૩–૨૦૧૫ સુધીમાં કુલ રૂ. ૫૦,૬૧,૪૬,૭૭૬.૦૦ નો ખર્ચ કરવામાં આવ્યો છે.

આ અંગેની વિગતવાર માહિતી આ સાથેના પત્રક–૩માં દર્શાવવામાં આવેલ છે.

(૩) વિદેશી મહેમાનો રહેવા તેમજ વાહન વ્યવસ્થા પેટે.

(i) વાયબ્રન્ટ ગુજરાત –૨૦૧૧ની સમિટમાં રૂ. ૪૬,૬૯,૮૮૫.૦૦ નો ખર્ચ થયેલ છે.

(ii) વાયબ્રન્ટ ગુજરાત –૨૦૧૩ની સમિટમાં રૂ ૧,૪૭,૩૨,૩૦૪.૦૦ નો ખર્ચ થયેલ છે.

(iii) તા. ૩૧–૦૩–૨૦૧૫ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત–૨૦૧૫ની સમિટ દરમિયાન રૂ. ૧,૦૫,૯૦૦.૦૦નો ખર્ચ થયેલ છે.

પત્રક–૧

વાયબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૧નો ખર્ચ દર્શાવતું પત્રક.

| ક્રમ | વિગત | Total Expenditure (Rs.) |
|---|---|---|
| ૧. | સમિટના આયોજન અને સેમિનાર માટે માહિતીસભર તૈયારીઓ પેટે માનવબળ | ૨૭૭૩૫૯૩૯ |
| ૨ | માહિતીના સર્જનાત્મકભરૂપી તૈયારી પેટે | ૨૬૦૬૮૧૨૬ |
| ૩. | સમિટના પ્રચાર અંતગર્ત રોડ–શો માટે સાહિત્ય, સાધનો અને સામગ્રી પેટે | ૭૫૪૫૦૫૦ |
| ૪. | સમિટના પ્રચાર અને પ્રસાર માટે જરૂરી જાહેરખબર | ૮૮૬૪૫૦૪૮ |
| ૫. | સમિટના પ્રચાર માટે રોડ–શો પેટે | ૬૪૦૪૪૨૧ |
| ૬. | સોવેનિયર | ૨૩૧૮૬૪૧ |
| ૭. | વેબસાઈટ ક્રીએશન તેમજ મેનેજમેન્ટ માટે | ૩૬૯૦૯૦૦ |
| ૮. | સ્પારકલ (સુરત) | ૨,૦૦,૦૦.૦૦૦ |
| ૯. | પ્રસંગોપાત તૈયારી માટે (ઈવેન્ટ મેનેજમેન્ટ) | ૬૮૨૭૪૫૬૦ |
| ૧૦. | થીમ પેવેલિયન અને સંબંધિત ખર્ચ | ૧૦૭૯૧૯૦૭ |

| | | |
|---|---|---|
| ૧૧. | વહીવટી ખર્ચ અને નાણાંકીય ઓડિટર ફી | ૭૮૦૫૭૩૩ |
| ૧૨. | વાહનવ્યવહાર અને સરભરા માટે | ૧૮૩૬૯૪૩૭ |
| ૧૩. | સેમિનાર, પેનલ ડીસ્કશન, ડીસ્કશન ફોરમ પેટે | ૫૨૧૪૯૦૦ |
| ૧૪. | અન્ય પરચૂરણ ખર્ચ | ૧૧૧૦૪૪૦૭ |
| | કુલ ખર્ચ રૂ. | ૩૬૧૬૦૯૪૬૯ |

પત્રક-૨

વાયબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૩નો ખર્ચ દર્શાવતું પત્રક.

| ક્રમ | વિગત | Total Expenditure (Rs.) |
|---|---|---|
| ૧. | સમિટના આયોજન અને સેમિનાર માટે માહિતીસભર તૈયારીઓ પેટે માનવબળ | ૨૯૦૭૧૩૨૩ |
| ૨ | માહિતીના સર્જનાત્મકભરૂપી તૈયારી પેટે | ૬૨૩૦૮૩૭૯ |
| ૩. | સમિટના પ્રચાર અંતગર્ત રોડ-શો માટે સાહિત્ય, સાધનો અને સામગ્રી પેટે | ૧૦૮૯૫૧૦૨ |
| ૪. | સમિટના પ્રચાર અને પ્રસાર માટે જરૂરી જાહેરખબર | ૧૪૫૯૩૦૭૦૨ |
| ૫. | સમિટના પ્રચાર માટે રોડ-શો પેટે | ૭૯૨૧૮૦૮૦ |
| ૬. | સોવેનિયર | ૪૩૭૨૫૫૧ |
| ૭. | વેબસાઈટ ક્રીએશન તેમજ મહાત્મા મંદિર ખાતે વાઈફાઈ ક્રિએશન વિગેરે માટે | ૬૧૦૨૦૮૬ |
| ૮. | સ્પારકલ (સુરત) | ૨૦૦૦૦૦૦૦ |
| ૯. | પ્રસંગોપાત તૈયારી માટે (ઈવેન્ટ મેનેજમેન્ટ) | ૬૩૩૭૫૭૬૩ |
| ૧૦. | થીમ પેવેલિયન અને સંબંધિત ખર્ચ | ૬૬૦૬૨૫૬ |
| ૧૧. | વહીવટી ખર્ચ | ૪૦૧૩૩૨૩ |
| ૧૨. | વાહનવ્યવહાર અને સરભરા માટે | ૨૮૦૯૯૯૮૭ |
| ૧૩. | સેમિનાર, પેનલ ડીસ્કશન, ડીસ્કશન ફોરમ પેટે | ૪૧૮૧૦૦૭૦ |
| | કુલ ખર્ચ રૂ. | ૫૦,૧૮,૦૩,૬૨૨ |

પત્રક-૩

વાયબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૫નો ખર્ચ દર્શાવતું પત્રક

| ક્રમ | વિગત | Total Expenditure (Rs.) |
|---|---|---|
| ૧. | સમિટના આયોજન અને સેમિનાર માટે માહિતીસભર તૈયારીઓ પેટે માનવબળ | ૨૮૭૪૧૬૬૨ |
| ૨ | માહિતીના સર્જનાત્મકભરૂપી તૈયારી પેટે | ૭૬૪૯૮૪૨ |
| ૩. | ઓડીટ ફી | ૧૮૭૫૦૦ |
| ૪. | સમિટના પ્રચાર અંતગર્ત રોડ-શો માટે સાહિત્ય, સાધનો અને સામગ્રી પેટે | ૧૧૫૮૩૫૧૩ |
| ૫. | સમિટના પ્રચાર અને પ્રસાર માટે જરૂરી જાહેર ખબર | ૧૮૧૩૬૦૦૫૪ |
| ૬. | સોવેનિયર | ૪૩૪૫૦૫૯ |
| ૭. | વેબસાઈટ ક્રીએશન તેમજ મહાત્મા મંદિર ખાતે વાઈફાઈ ક્રિએશન વિગેરે માટે | ૮૩૬૪૭૫૯ |

| | | |
| ૨૬. | | | મોટી ઝડુલી |
| ૨૭. | | | છોડવાણી |
| ૨૮. | | | કવાંટ |
| ૨૯. | છોટા ઉદેપુર | છોટાઉદેપુર | ગોડધા |
| ૩૦. | | | ગુનાટા |
| ૩૧. | | | ડુંગરભીત |
| ૩૨. | | | ખડકવાડા |
| ૩૩. | | | જોડાવાંટ |
| ૩૪. | | | ઘોઘાદેવ |

તા. ૧૫મી માર્ચ, ૨૦૧૬

અતારાંકિત પ્રશ્નો

| | | | |
|---|---|---|---|
| ૩૫. | | | ફેરકુવા |
| ૩૬. | | | છોટાઉદેપુર |
| ૩૭. | દાહોદ | ગરબાડા | ગાંગરડી |
| ૩૮. | | દાહોદ | મુવાલીયા |
| ૩૯. | | | ઇટાવા |
| ૪૦. | | લીમખેડા | દેગાવાડા |
| ૪૧. | | ધાનપુર | નાનસલાઇ |
| ૪૨ | | | લીમડી મેઘરી |
| ૪૩. | | | વાખસીયા |
| ૪૪. | | | પાનમ |
| ૪૫. | | ઝાલોદ | માંડલી ખુટા-૧ |
| ૪૬. | | | માંડલી ખુટા-૨ |
| ૪૭. | | | ચિત્રોડીયા |
| ૪૮. | | | મુનખોસલા |
| ૪૯. | | | ધાવડીયા |
| ૫૦. | | | કંઠીકંકાસીયા |
| ૫૧. | | | ધોડીયા |
| ૫૨. | | | મુનખોસલા-૨ |
| ૫૩. | | | થેરકારુડી |
| ૫૪. | | | બાજરવાડા |
| ૫૫. | | | જેતપુર |
| ૫૬. | | ફતેપુરા | મકવાણાના વરૂણા |
| ૫૭. | | | બલૈયા |
| ૫૮. | | | પીપલારા |
| ૫૯. | | | છોલર |
| ૬૦. | | | આફવા |
| ૬૧. | | | મારગાળા |
| ૬૨. | | | હીંગલા |
| ૬૩. | | | કાળીયા |
| ૬૪. | | સંજેલી | સંજેલી |
| ૬૫. | | | ચમારીયા |
| ૬૬. | | | ભામણ |
| ૬૭. | | | ગલાનાપડ |
| ૬૮. | ડાંગ | ડાંગ | લવચાલી |
| ૬૯. | | | પાદલખડી-૧ |
| ૭૦. | | | ચીખલી (લવચાલી) |
| ૭૧ | ડાંગ | ડાંગ | હિંડલા-૧ |
| ૭૨. | | | હિંડલા-૨ |
| ૭૩. | | | સતી |
| ૭૪. | | | ભવાડી |
| ૭૫. | | | ચિકાર-૨ |
| ૭૬. | | | બોરીગાવઠા (ચીખલી) |
| ૭૭. | | | ગુંદવહળ |
| ૭૮. | | | બોરદહાડ |
| ૭૯. | | | પાદલખડી-૨ |
| ૮૦. | | | હિંડલા-૩ |

| | | | |
|---|---|---|---|
| ૮૧. | | | ઉગા-૧ |
| ૮૨. | | | બોકદમાલ-૧ |
| ૮૩. | | | કરંજદી-૧ |
| ૮૪. | | | કરંજદી-૨ |
| ૮૫. | | | વડપાડા-૧ |
| ૮૬. | | | બીજુરપાડા-૧ |
| ૮૭. | | | મોટીજાધર-૧ |
| ૮૮. | | | પીપલદહાડ-૧ |
| ૮૯. | | | ટાંકલીપાડા-૧ |
| ૯૦. | | | વાયદુન-૧ |
| ૯૧. | દેવભૂમિ દ્વારકા | ભાણવડ | મોરઝર |
| ૯૨. | | | મોરઝર-૧ |
| ૯૩. | | | સેવક દેવળીયા-૧ |
| ૯૪. | | | સેવક દેવળીયા-૨ |
| ૯૫. | | | મોરઝર |
| ૯૬. | | | ભેનકવડ |
| ૯૭. | | | નવાગામ |
| ૯૮. | | ખંભાળીયા | ભાડથર |
| ૯૯. | | | કોટા |
| ૧૦૦. | | | ભીંડા-૧ |
| ૧૦૧. | | | ભીંડા-૨ |
| ૧૦૨. | | | ભીંડા-૩ |
| ૧૦૩. | | | કોલવા |
| ૧૦૪. | | | હરિપર |
| ૧૦૫. | | | કબર વિસોત્રી-૧ |
| ૧૦૬. | | | કબર વિસોત્રી-૨ |
| ૧૦૭. | | | કોટા-૨ |
| ૧૦૮. | | | મોટામાંઢા-૨ |
| ૧૦૯. | | | મોટામાંઢા-૧ |
| ૧૧૦. | | | શેઢા ભારથર |
| ૧૧૧. | | | ચારબારા |
| ૧૧૨. | | કલ્યાણપુર | મણીપુર હાબરડી-૧ |
| ૧૧૩. | | | મણીપુર હાબરડી-૨ |

------------

કચ્છ, ખેડા, મહિસાગર અને મહેસાણા જિલ્લામાં નાની સિંચાઇ યોજના/મોટા ચેકડેમ માટે દરખાસ્ત

અતારાંકિતઃ ૬૨૯૧ ( ૦૬-૧૧-૨૦૧૫)ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૮-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં કચ્છ, ખેડા, મહિસાગર અને મહેસાણા જિલ્લામાં કોઇ નાની સિંચાઇ યોજના તથા મોટા ચેકડેમો બનાવવાની દરખાસ્તો સરકારને મળેલ છે.

(૨) જો હા, તો ઉકત કયા જિલ્લામાં કઇ જગ્યાએ નાની સિંચાઇ યોજના અને કઇ કઇ જગ્યાએ ચેકડેમો બનાવવાની દરખાસ્ત મળેલ છે.

(૩) તે પૈકી કેટલી દરખાસ્તો મંજુર કરવામાં આવી, અને મંજુર કરેલ યોજનાની કામગીરી કયા તબક્કે છે,

(૪) તે કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે, અને

(૫) કેટલી દરખાસ્તો નામંજુર કરવામાં આવી તેના કારણો શા છે ?

જળસંપત્તિ મંત્રીશ્રી ( ૧૬-૦૧-૨૦૧૬) :

(૧) હા જી

(૨) તા. ૩૧-૦૮-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કચ્છ જિલ્લામાં ૧૯૭ અને મહેસાણા જિલ્લામાં ૮ મળી કુલ ૨૦૫ જગ્યાએ મોટા ચેકડેમો બનાવવાની દરખાસ્તો મળેલ છે. જગ્યાવાર ચેકડેમોની વિગત પત્રક* મુજબ છે.

(૩) તે પૈકી ૧૯૯ દરખાસ્ત મંજૂર થયેલ છે જેની વિગત પત્રક* માં જણાવેલ છે.

(૪) કચ્છ જિલ્લાના કામો તા. ૩૧-૧૨-૨૦૧૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે, જ્યારે મહેસાણા જિલ્લાના કામો જુન, ૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૫) કોઇ દરખાસ્ત નામંજુર કરવામાં આવેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

------------

પાટણ, પોરબંદર, રાજકોટ અને સાબરકાંઠા જિલ્લામાં નાની સિંચાઇ યોજના/મોટા ચેકડેમ માટે દરખાસ્ત

અતારાંકિતઃ૬૨૯૩ (૦૬-૧૧-૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૮-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં પાટણ, પોરબંદર, રાજકોટ અને સાબરકાંઠા જિલ્લામાં કોઇ નાની સિંચાઇ યોજના તથા મોટા ચેકડેમો બનાવવાની દરખાસ્તો સરકારને મળેલ છે.

(૨) જો હા, તો ઉકત કયા જિલ્લામાં કઇ જગ્યાએ નાની સિંચાઇ યોજના અને કઇ કઇ જગ્યાએ ચેકડેમો બનાવવાની દરખાસ્ત મળેલ છે.

(૩) તે પૈકી કેટલી દરખાસ્તો મંજુર કરવામાં આવી, અને મંજુર કરેલ યોજનાની કામગીરી કયા તબક્કે છે,

(૪) તે કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે, અને

(૫) કેટલી દરખાસ્તો નામંજુર કરવામાં આવી, તેના કારણો શા છે ?

જળસંપત્તિ મંત્રીશ્રી (૧૮-૦૧-૨૦૧૬) :

(૧) રાજ્યમાં પાટણ, પોરબંદર, રાજકોટ અને સાબરકાંઠા જિલ્લામાં નાની સિંચાઇ યોજના માટે છેલ્લા પાંચ વર્ષમાં કોઇ દરખાસ્ત થયેલ નથી. આ જિલ્લાઓમાં ૯૭ મોટા ચેકડેમ બનાવવાની દરખાસ્તો સરકારને મળેલ છે.

(૨) પત્રક-૧ માં દર્શાવ્યા મુજબ ૯૭ મોટા ચેકડેમો બનાવવાની દરખાસ્ત મળેલ છે.

(૩) પત્રક-૨માં દર્શાવ્યા મુજબ ૯૭ મોટા ચેકડેમો બનાવવાની દરખાસ્ત પૈકી ૫૯ ચેકડેમ પૂર્ણ થયેલ છે. ૨ ચેકડેમ પ્રગતિ હેઠળ, ૨ ચેકડેમ ટેન્ડર તબક્કે અને ૨૪ ચેકડેમ વહીવટી મંજૂરી તેમજ આલેખન તબક્કે છે. જ્યારે ૬ ચેકડેમો સર્વેક્ષણ તબક્કે છે.

(૪) વહીવટી મંજૂરી તેમજ આલેખન તબક્કા હેઠળનાં ૨૪ ચેકડેમોની તાંત્રિક યોગ્યતા ચકાસી તેમજ નાણાની ઉપલબ્ધતા અનુસાર શકય તેટલા વહેલા પૂર્ણ કરવાનું આયોજન છે.

(૫) પત્રક-૧ માં દર્શાવ્યા મુજબ તાંત્રિક કારણોસર ૪ ચેકડેમો બનાવવાની દરખાસ્ત નામંજુર કરવામાં આવેલ છે.

------------

વડોદરા અને વલસાડ જિલ્લામાં નાની સિંચાઈ યોજના/મોટા ચેકડેમ માટે દરખાસ્ત.

## અતારાંકિત પ્રશ્નો

અતારાંકિતઃ ૬૨૯૫ (૦૬–૧૧–૨૦૧૫)ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૮–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્યમાં વડોદરા અને વલસાડ જિલ્લામાં કોઈ નાની સિંચાઈ યોજના તથા મોટા ચેકડેમો બનાવવાની દરખાસ્તો સરકારને મળેલ છે,

(૨) જો હા, તો ઉક્ત કયા જિલ્લામાં કઈ જગ્યાએ નાની સિંચાઈ યોજના અને કઈ કઈ જગ્યાએ ચેકડેમો બનાવવાની દરખાસ્ત મળેલ છે,

(૩) તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને મંજૂર કરેલ યોજનાની કામગીરી કયા તબક્કે છે,

(૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે, અને

(૫) કેટલી દરખાસ્તો નામંજૂર કરવામાં આવી, તેના કારણો શા છે ?

જળસંપત્તિ મંત્રીશ્રી (૧૮–૦૧–૨૦૧૬) :

(૧) તા. ૩૧–૦૮–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં નાની સિંચાઈ યોજનાની કોઈ દરખાસ્ત સરકારને મળેલ નથી. જ્યારે વડોદરા જિલ્લામાં ૨ અને વલસાડ જિલ્લામાં ૮૩ મળી કુલ ૮૫ મોટા ચેકડેમો બનાવવાની દરખાસ્ત મળેલ છે,

(૨) વડોદરા જિલ્લા અને વલસાડ જિલ્લામાં મોટા ચેકડેમો બનાવવાની મળેલ ૮૫ દરખાસ્તોની વિગતો સામેલ પત્રક–૧ મુજબ છે.

(૩) તે પૈકી ૫૬ દરખાસ્તો મંજૂર કરવામાં આવી. જે પૈકી ૪૪ કામો પૂર્ણ થયેલ છે, ૬ કામો પ્રગતિ હેઠળ છે અને ૬ કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.

(૪) ૧૨ કામો શક્ય તેટલા વહેલા પૂર્ણ કરવાનું આયોજન છે.

(૫) વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના ૩ ચેકડેમો નામંજૂર કરવામાં આવેલ છે. ધામણી, મોહનાકાવચાલી અને વાંસદા જંગલ ચેકડેમ સ્થાનિક લોકોના વિરોધના કારણે રદ કરવામાં આવેલ છે.

પત્રક–૧

| અ.નં. | જિલ્લો | તાલુકો | ચેકડેમ/ગામનું નામ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | વડોદરા | ડભોઈ | ઢોલાર |
| ૨. | | ડભોઈ | કડાદરા |
| ૩. | વલસાડ | વલસાડ | વાઘલધરા |
| ૪. | | વલસાડ | ચણવઈ |
| ૫. | | ધરમપુર | કોસીમપાડા |
| ૬. | | ધરમપુર | ગડી |
| ૭. | | ધરમપુર | બીલ્ધા |
| ૮. | | ધરમપુર | અંબોસીભવઠાણ |
| ૯. | | ધરમપુર | બામટી |
| ૧૦. | | ધરમપુર | કરંજવેરી–૨ |
| ૧૧. | | ધરમપુર | સાવરમાળ |
| ૧૨. | | વલસાડ | બિનવાડા |
| ૧૩. | | ધરમપુર | આંબાતલાટ–૧ |
| ૧૪. | | ધરમપુર | બોપી |
| ૧૫. | | ધરમપુર | હથનબારી |
| ૧૬. | | ધરમપુર | ગનવા |
| ૧૭. | | ધરમપુર | ધામણી–અરણઈ |
| ૧૮. | | ધરમપુર | ધામણી–બાફલીપાડા |
| ૧૯. | | ધરમપુર | પેણધા |
| ૨૦. | | ધરમપુર | હેદરી |
| ૨૧. | | ધરમપુર | ધાકવડ |

| | | | |
|---|---|---|---|
| ૨૨. | | કપરાડા | બીલોનીચા |
| ૨૩. | | કપરાડા | જીરવલ |
| ૨૪. | | કપરાડા | વર્ધા |
| ૨૫. | | કપરાડા | કોઠાર–૧ |
| ૨૬. | | કપરાડા | વેરીભવાડા |
| ૨૭. | | કપરાડા | ઘોટણ |
| ૨૮. | | કપરાડા | માની |
| ૨૯. | | ધરમપુર | બોપી |
| ૩૦. | | ધરમપુર | બોકડઘરા |
| ૩૧. | | ધરમપુર | ખાંડા |
| ૩૨. | | ધરમપુર | હનવતમાળ |
| ૩૩. | | ધરમપુર | પીંડવળ |
| ૩૪. | | વલસાડ | વાઘલધરા–૨ |
| ૩૫. | | વલસાડ | વાસણ |
| ૩૬. | | ધરમપુર | કરંજવેરી–૧ |
| ૩૭. | | ધરમપુર | પેણઘા |
| ૩૮. | | ધરમપુર | આંબોસીભવથાણ |
| ૩૯. | વલસાડ | કપરાડા | ઘોટણ–૧ |
| ૪૦. | | કપરાડા | ઘોટણ–૨ |
| ૪૧. | | કપરાડા | કાસટવેરી–૧ |
| ૪૨. | | કપરાડા | કાસટવેરી–૨ |
| ૪૩. | | કપરાડા | કાસટવેરી–૩ |
| ૪૪. | | કપરાડા | બારપુડા–૧ |
| ૪૫. | | કપરાડા | બારપુડા–૨ |
| ૪૬. | | કપરાડા | રાહોર |
| ૪૭. | | કપરાડા | કોઠાર–૨ |
| ૪૮. | | ધરમપુર | ખટાણા |
| ૪૯. | | ધરમપુર | આંબાતલાટ–૨ |
| ૫૦. | | કપરાડા | ઘોટણ–૨ |
| ૫૧. | | કપરાડા | પીપરોટી |
| ૫૨. | | કપરાડા | માનીનિર્ગુણ ફળિયા |
| ૫૩. | | ધરમપુર | પાંડવખડક |
| ૫૪. | | કપરાડા | પાંચવેરા |
| ૫૫. | | કપરાડા | કેલ્ધા–૧ |
| ૫૬. | | કપરાડા | ટોકરપાડા–૧ |
| ૫૭. | | ધરમપુર | ભવાડા |
| ૫૮. | | ધરમપુર | ખામદહાડ |
| ૫૯. | | ધરમપુર | હથનબારી |
| ૬૦. | | ધરમપુર | માનાઈચોંઢી |
| ૬૧. | | ધરમપુર | માનાઈચોંઢી |
| ૬૨. | | કપરાડા | માલુંગી |
| ૬૩. | | કપરાડા | લીખવડ |
| ૬૪. | | કપરાડા | લીખવડ–૨ |
| ૬૫. | | કપરાડા | પાતેલી–૨ |
| ૬૬. | | કપરાડા | વરવઠ |
| ૬૭. | | ધરમપુર | પેણઘા |

| | | | |
|---|---|---|---|
| ૬૮. | | ધરમપુર | દાંડવડ |
| ૬૯. | | ધરમપુર | ખારવેલ |
| ૭૦. | | ધરમપુર | તામછડી |
| ૭૧. | | ધરમપુર | તામછડી |
| ૭૨. | | ધરમપુર | વાંઝલત-૧ |
| ૭૩. | | ધરમપુર | વાથોડા |
| ૭૪. | | ધરમપુર | વાંઝલત-૨ |
| ૭૫. | | વલસાડ | રાબડા |
| ૭૬. | | વલસાડ | કચીગામ |
| ૭૭. | | વલસાડ | બિનવાડા |
| ૭૮. | વલસાડ | વલસાડ | મરલા |
| ૭૯. | | વલસાડ | ઠક્કરવાડ |
| ૮૦. | | ધરમપુર | ભાંભા |
| ૮૧. | | કપરાડા | ટોકરપાડા-૨ |
| ૮૨. | | કપરાડા | બાલચોંઢી |
| ૮૩. | | ધરમપુર | ધામણી |
| ૮૪. | | ધરમપુર | મોહનાકાવચાલી |
| ૮૫. | | ધરમપુર | વાંસડાજંગલ |

--------------

## પાટણ, પોરબંદર, રાજકોટ અને સાબરકાંઠા જિલ્લામાં પીવાના પાણીમાં ટી.ડી.એસ.નું પ્રમાણ.

અતારાંકિતઃ ૬૬૨૬ (૧૦-૧૧-૨૦૧૫)ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૮-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં પાટણ, પોરબંદર, રાજકોટ અને સાબરકાંઠા જિલ્લામાં પીવાના પાણીમાં જિલ્લાવાર સરેરાશ કેટલા ટકા ટી.ડી.એસ. છે, અને

(૨) તે ઘટાડવા કે અટકાવવા માટે સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં શાં પગલાંઓ લીધાં ?

પાણી પુરવઠા મંત્રીશ્રી (૨-૦૧-૨૦૧૬) :

(૧) તા. ૩૧-૦૮-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં પાટણ, પોરબંદર, રાજકોટ અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર નીચે મુજબ પીવાના પાણીમાં ટી.ડી.એસ.ની માત્રા જોવા મળી છે.

| ક્રમ | જિલ્લો | ન્યૂનતમ માત્રા (પીપીએમ) | મહત્તમ માત્રા (પીપીએમ) |
|---|---|---|---|
| ૧. | પાટણ | ૧૪૦ | ૨૬૩ |
| ૨. | પોરબંદર | ૧૧૨ | ૪૮૯૮ |
| ૩. | રાજકોટ | ૩૧૦ | ૧૮૦૪ |
| ૪. | સાબરકાંઠા | ૯૫ | ૮૫૦ |

(૨) જે ગામોમાં પીવાના પાણીમાં ટી.ડી.એસ.નું પ્રમાણ નિયત માત્રા (૨૦૦૦ પીપીએમ) કરતાં વધુ જણાય તેવા ગામોમાં પીવાના પાણી માટે અન્ય સોર્સનું સંશોધન કરી વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે છે.

પોરબંદર જિલ્લાના ગામોના સ્થાનિક સોર્સમાં ટી.ડી.એસ. નું પ્રમાણ નિયત માત્રા (૨૦૦૦ પી.પી.એમ.)કરતાં વધુ જણાય છે. આ ગામોને નર્મદા કેનાલ/સ્થાનિક સરફેસ સોર્સ આધારીત જૂથ યોજનાઓ મારફતે પીવા લાયક પાણી પુરૂ પાડવામાં આવે છે.

------------

તા. ૧૫મી માર્ચ, ૨૦૧૬

અતારાંકિત પ્રશ્નો

અમદાવાદ, અમરેલી, આણંદ અને અરવલ્લી જિલ્લામાં પીવાના પાણીમાં ટી.ડી.એસ.નું પ્રમાણ.

અતારાંકિતઃ ૬૬૩૦ (૧૦–૧૧–૨૦૧૫)ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ)ઃ માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૮–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં અમદાવાદ, અમરેલી, આણંદ અને અરવલ્લી જિલ્લામાં પીવાના પાણીમાં જિલ્લાવાર સરેરાશ કેટલા ટકા ટી.ડી.એસ. છે, અને

(૨) તે ઘટાડવા કે અટકાવવા માટે સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં શાં પગલાંઓ લીધાં ?

પાણી પુરવઠા મંત્રીશ્રી (૭–૦૧–૨૦૧૬) :

(૧) તા. ૩૧–૦૮–૨૦૧૫ની સ્થિતિએ જિલ્લાવાર નીચે મુજબ પીવાનાપાણીમાં ટી.ડી.એસ.ની માત્રા જોવા મળેલ છે.

| ક્રમ | જિલ્લો | ન્યૂનતમ માત્રા (પીપીએમ) | મહત્તમ માત્રા (પીપીએમ) |
|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૩૬૯ | ૧૯૩૬ |
| ૨. | અમરેલી | ૧૪૨ | ૭૬૮૨ |
| ૩. | આણંદ | ૧૦૬ | ૧૯૩૦ |
| ૪. | અરવલ્લી | ૧૮૦ | ૧૮૫૦ |

(૨) જે ગામોમાં પીવાના પાણીમાં ટી.ડી.એસ.નું પ્રમાણ નિયત માત્રા (૨૦૦૦ પીપીએમ) કરતાં ઓછું હોઈ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

અમરેલી જિલ્લાના ગામોના સ્થાનિક સોર્સમાં ટી.ડી.એસ. નું પ્રમાણ નિયત માત્રા (૨૦૦૦ પી.પી.એમ.)કરતાં વધુ જણાય છે. આ ગામોને નર્મદા કેનાલ/સ્થાનિક સરફેસ સોર્સ આધારીત જૂથ યોજનાઓ મારફતે પીવા લાયક પાણી પુરૂ પાડવામાં આવે છે.

------------

ગાંધીનગર, ગીર સોમનાથ, જામનગર અને જુનાગઢ જિલ્લામાં પીવાના પાણીમાં ટી.ડી.એસ.નું પ્રમાણ.

અતારાંકિતઃ ૬૬૩૩ (૧૦–૧૧–૨૦૧૫)ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ)ઃ માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૮–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં ગાંધીનગર, ગીર સોમનાથ, જામનગર અને જુનાગઢ જિલ્લામાં પીવાના પાણીમાં જિલ્લાવાર સરેરાશ કેટલા ટકા ટી.ડી.એસ. છે, અને

(૨) તે ઘટાડવા કે અટકાવવા માટે સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં શાં પગલાંઓ લીધાં ?

પાણી પુરવઠા મંત્રીશ્રી (૨–૦૧–૨૦૧૬) :

(૧) તા. ૩૧–૦૮–૨૦૧૫ની સ્થિતિએ જિલ્લાવાર નીચે મુજબ પીવાના પાણીમાં ટી.ડી.એસ.ની માત્રા જોવા મળી છે.

| ક્રમ | જિલ્લો | ન્યૂનતમ માત્રા (પીપીએમ) | મહત્તમ માત્રા (પીપીએમ) |
|---|---|---|---|
| ૧. | ગાંધીનગર | ૧૫૬ | ૧૬૮૫ |
| ૨. | ગીર સોમનાથ | ૨૩૪ | ૧૭૪૦ |
| ૩. | જામનગર | ૭૦ | ૧૬૨૨ |
| ૪. | જુનાગઢ | ૧૫૪ | ૩૪૭૮ |

(૨) જે ગામોમાં પીવાના પાણીમાં ટી.ડી.એસ.નું પ્રમાણ નિયત માત્રા (૨૦૦૦ પીપીએમ) કરતાં વધુ જણાય તેવા ગામોમાં પીવાના પાણી માટે અન્ય સોર્સનું સંશોધન કરી વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે છે.

જુનાગઢ જિલ્લાના ગામોમાં પીવાના પાણીમાં ટી.ડી.એસ. નું પ્રમાણ નિયત માત્રા (૨૦૦૦ પી.પી.એમ.)કરતાં વધુ જણાય છે. આ ગામોને નર્મદા કેનાલ/સ્થાનિક સરફેસ સોર્સ આધારીત જૂથ યોજનાઓ મારફતે પીવા લાયક પાણી પુરૂ પાડવામાં આવે છે.

-------------

રાજ્યમાં ગૌચર જમીનમાં દબાણો અને તેને દૂર કરવા બાબત.

અતારાંકિતઃ ૫૨૦૦ (૨૯-૭-૨૦૧૫)ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર ગૌચર જમીનમાં ગેરકાયેદસર બાંધકામો ઉભા કરીને દબાણો થયા હોવાની કેટલી ફરીયાદો મળી, અને

(૨) સરકારે આ દબાણો દૂર કરવા શાં પગલાં લીધા ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) (૨૫-૧-૨૦૧૬) :

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર ગૌચર જમીનમાં ગેરકાયેદસર બાંધકામો ઉભા કરીને દબાણો થયા હોવાની કુલ-૩૭૬૩ ફરીયાદો મળેલ છે. જેની જિલ્લાવાર વિગત દર્શાવતું પત્રક સામેલ છે.

પત્રક

| ક્રમ | જિલ્લાનું નામ | મળેલ ફરીયાદની સંખ્યા |
|---|---|---|
| ૧. | અમદાવાદ | ૨૫૨ |
| ૨. | અમરેલી | ૧૪ |
| ૩. | આણંદ | ૩ |
| ૪. | અરવલ્લી | ૩૯ |
| ૫. | બનાસકાંઠા | ૨ |
| ૬. | ભરૂચ | ૨૪ |
| ૭. | ભાવનગર | ૭૪ |
| ૮. | બોટાદ | ૧૩૫ |
| ૯. | છોટાઉદેપુર | ૦ |
| ૧૦. | દાહોદ | ૨ |
| ૧૧. | ડાંગ | ૦ |
| ૧૨. | દેવભૂમિ દ્વારકા | ૩ |
| ૧૩. | ગાંધીનગર | ૬૩૫ |
| ૧૪. | ગીર સોમનાથ | ૭૯ |
| ૧૫. | જામનગર | ૧ |
| ૧૬. | જુનાગઢ | ૪૯ |
| ૧૭. | ખેડા | ૦ |
| ક્રમ | જિલ્લાનું નામ | મળેલ ફરીયાદની સંખ્યા |
| ૧૮. | કચ્છ | ૧૨૩ |
| ૧૯. | મહિસાગર | ૧ |
| ૨૦. | મહેસાણા | ૪૪૧ |
| ૨૧. | મોરબી | ૧૭ |

| | | |
|---|---|---|
| ૨૨. | નર્મદા | ૧ |
| ૨૩. | નવસારી | ૦ |
| ૨૪. | પંચમહાલ | ૦ |
| ૨૫. | પાટણ | ૧૪૭ |
| ૨૬. | પોરબંદર | ૪ |
| ૨૭. | રાજકોટ | ૧૧૪ |
| ૨૮. | સુરેન્દ્રનગર | ૧ |
| ૨૯ | સાબરકાંઠા | ૭ |
| ૩૦. | સુરત | ૨૧ |
| ૩૧. | તાપી | ૫ |
| ૩૨. | વડોદરા | ૧૫૬૯ |
| ૩૩. | વલસાડ | ૦ |
| | કુલ | ૩૭૬૩ |

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ-૧૦૫ મુજબ દબાણો દૂર કરવાની પ્રાથમિક જવાબદારી ગ્રામ પંચાયતની છે. તાલુકા વિકાસ અધિકારીઓ દ્વારા ગ્રામ પંચાયતોને દબાણ દૂર કરવા વખતો વખત સૂચનાઓ આપવામાં આવે છે. તેમજ, દર માસે મળતી તલાટી-કમ-મંત્રીશ્રીઓની સમીક્ષા બેઠકમાં પણ સૂચનાઓ આપવામાં આવે છે.

------------

રાજ્યમાં ગૌચર જમીનમાં દબાણો અને તેને દૂર કરવા બાબત.

અતારાંકિતઃ ૫૨૦૨ (૨૯-૭-૨૦૧૫)ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) :માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર ગૌચરની કેટલી જમીનમાં ગેરકાયેદસર દબાણો થયા થયેલ છે, અને

(૨) સરકારે આ દબાણો દૂર કરવા શાં પગલાં લીધા ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) (૨૫-૧-૨૦૧૬) :

(૧) દબાણો ધ્યાને આવેલ છે. જે મુજબનું પત્રક સામેલ છે.

પત્રક

| ક્રમ | જિલ્લાનું નામ | દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.) |
|---|---|---|
| ૧. | અમદાવાદ | ૧૮૪.૩૧.૪૯ |
| ૨. | અમરેલી | ૫૫.૭૦.૧૬ |
| ૩. | આણંદ | ૨૧૫.૩૦.૭૦ |
| ૪. | અરવલ્લી | ૨૬.૨૮.૦૧ |
| ૫. | બનાસકાંઠા | ૨૨૨.૮૧.૬૮ |
| ક્રમ | જિલ્લાનું નામ | દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.) |
| ૬. | ભરૂચ | ૦.૭૬.૩૦ |
| ૭. | ભાવનગર | ૪૪૮.૯૭.૭૧ |
| ૮. | બોટાદ | ૭૯.૬૨.૦૦ |
| ૯. | છોટાઉદેપુર | ૦ |
| ૧૦. | દાહોદ | ૦૫.૮૨.૭૦ |
| ૧૧. | ડાંગ | ૦ |
| ૧૨. | દેવભૂમિ દ્વારકા | ૧.૬૧.૪૨ |
| ૧૩. | ગાંધીનગર | ૨૨.૧૮.૩૧ |
| ૧૪. | ગીર સોમનાથ | ૪૨૦.૭૬.૧૦ |

| | | |
|---|---|---|
| ૧૫. | જામનગર | ૯૩૨.૪૫.૦૦ |
| ૧૬. | જુનાગઢ | ૨૨૩.૭૬.૩૯ |
| ૧૭. | ખેડા | ૨૧.૪૧.૦૮ |
| ૧૮. | કચ્છ | ૨૯૯.૮૦.૪૮ |
| ૧૯. | મહિસાગર | ૦.૦૭.૯૮ |
| ૨૦. | મહેસાણા | ૫૨.૮૫.૩૫ |
| ૨૧. | મોરબી | ૫.૯૪.૮૪ |
| ૨૨. | નર્મદા | ૦.૩૧.૩૦ |
| ૨૩. | નવસારી | ૦.૪૭.૦૨ |
| ૨૪. | પંચમહાલ | ૦ |
| ૨૫. | પાટણ | ૯૧.૦૮.૭૮ |
| ૨૬. | પોરબંદર | ૧૭૮.૫૧.૫૧ |
| ૨૭. | રાજકોટ | ૬૬.૦૦.૬૬ |
| ૨૮. | સુરેન્દ્રનગર | ૪૩.૪૨.૨૫ |
| ૨૯ | સાબરકાંઠા | ૯.૬૪.૮૨ |
| ૩૦. | સુરત | ૦ |
| ૩૧. | તાપી | ૭૨.૫૫.૭૨ |
| ૩૨. | વડોદરા | ૧૭.૯૨.૦૧ |
| ૩૩. | વલસાડ | ૦.૩૬.૦૦ |
| | કુલ | ૩૭૦૦.૭૭.૭૭ |

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ–૧૦૫ મુજબ દબાણો દૂર કરવાની પ્રાથમિક જવાબદારી ગ્રામ પંચાયતની છે. તાલુકા વિકાસ અધિકારીઓ દ્ધારા ગ્રામ પંચાયતોને દબાણ દૂર કરવા વખતો વખત સૂચનાઓ આપવામાં આવે છે. તેમજ, દર માસે મળતી તલાટી–કમ–મંત્રીશ્રીઓની સમીક્ષા બેઠકમાં પણ સૂચનાઓ આપવામાં આવે છે.

------------

વાપી તાલુકાના સલવાવ ગામમાં ગૌચરની જમીન ઉપર દબાણ.

અતારાંકિતઃ ૬૬૭૩ (૩૦–૧૧–૨૦૧૫)શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) ઃમાનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) વાપી તાલુકાના સલવાવ ગામમાં ગૌચર જમીનમાં જૂન–૨૦૧૫ની સ્થિતિએ દબાણ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત દબાણ દૂર કરવામાં સ્થાનિક પંચાયત તથા તાલુકા વિકાસ અધિકારી, પંચાયત અધિનિયમની કલમ–૧૦૫(૭) હેઠળ નિષ્ફળ રહ્યા છે, તે હકીકત સાચી છે.

(૩) જો હા, તો ઉક્ત દબાણ દૂર કરવા શાં પગલાં લેવાયા છે, અને

(૪) તમામ દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) (૨૫–૧–૨૦૧૬) ઃ

(૧) હા, જી
મોજે સલવાવ, તા. વાપીના સ.નં. ૩૦ વાળી જમીન હે.આરે. ૦૨–૮૦–૫૭ સરકારી ગૌચરની છે. જે જમીન પર ગ્રા.પં.ના તા. ૨૧–૭–૨૦૧૫ના પત્ર મુજબ દબાણ હોવાનું જણાવેલ છે. તેમજ, આ અંગે રઘુભાઈ નાયકે દબાણ દૂર કરવા માટે વારંવાર રજૂઆત કરેલ છે. પરંતુ, સદરહું જમીન પર કેટલું દબાણ છે તેની ખાતરી ન થતાં

ગ્રા.પં. સલવાવે તા. ૧૨–૮–૨૦૧૫ થી ડિસ્ટ્રીક્ટ લેન્ડ રેકર્ડ ને માપણી માટે ચલણથી ફી ભરેલ છે. માપણી થયેથી ખબર પડશે તે ખરેખર દબાણ કેટલું છે તે નક્કી થઈ શકે તેમ છે.

(૨) ના, જી.
ડિસ્ટ્રીક્ટ લેન્ડ રેકર્ડ તરફથી માપણી થઈ આવ્યેથી ખરેખર દબાણ નક્કી થયા બાદ દબાણ દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવશે. વધુમાં, ગ્રા.પં., સલવાવને દબાણ દૂર કરવાની કાર્યવાહી કરવા ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ–૧૦૫(૭) હેઠળ નોટીસ આપવામાં આવેલ છે, તે મુજબ ગ્રા.પં. સલવાવે ઘટિત કાર્યવાહી કરેલ છે.

(૩) ગ્રા.પં. સલવાવે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ–૧૦૫(૨) હેઠળ તા. ૮–૬–૨૦૧૫ના રોજ દબાણકર્તાઓને દબાણ દૂર કરવા માટે નોટીસ આપેલ છે.

(૪) ડિસ્ટ્રીક્ટ લેન્ડ રેકર્ડ તરફથી માપણી અહેવાલ આવ્યેથી ખરેખર દબાણ નક્કી થયા બાદ ગુજરાત પંચાયત ધારાની જોગવાઈ મુજબ દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

------------

રાજ્યમાં આસારામ આશ્રમો પાસે મહેસૂલી કરની બાકી વસૂલાત.

અતારાંકિતઃ ૩૫૦૧ (૦૪–૧૦–૨૦૧૪)ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) :માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૭–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં આસારામ આશ્રમો પાસે મહેસૂલી કર વસૂલ કરવાનો બાકી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કયા કયા આશ્રમ પાસે મહેસૂલી કરની કેટ કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩) આવા આશ્રમો મહેસૂલી કર સમયસર ભરતા ન હોય સરકારે છેલ્લા પાંચ વર્ષમાં ક્યારે ક્યારે શી કાર્યવાહી કરી ?

મુખ્યમંત્રીશ્રીઃ (મહેસૂલ) (૦૮–૦૧–૨૦૧૬)

(૧) અંશતઃ.
(૨) માત્ર અમદાવાદ જિલ્લામાં આવેલ આશ્રમ પાસે રૂ. ૧૧,૮૬૯/–ની વસૂલાત બાકી છે.
(૩) આ માંગણું ચાલુ વર્ષનું હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

રાજ્યમાં ખેડૂતોને જમીન સંપાદન અને વળતર બાબત.

અતારાંકિતઃ ૪૪૩૮ (૨૧–૦૧–૨૦૧૫)ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) :માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૭–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર કેટલા ખેડૂતોની કેટલી જમીન સંપાદન કરવામાં આવી,

(૨) ક્યા ક્યા જિલ્લાના કેટલા ખેડૂતોને કેટલી રકમનું વળતર ચૂકવવાનું બાકી છે, અને

(૩) બાકી રહેલા ખેડૂતોને ક્યાં સુધીમાં વળતર ચૂકવવામાં આવશે ?

મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) (૧૧–૦૧–૨૦૧૬) :

(૧) પત્રક–૧ મુજબ.
(૨) પત્રક–૨ મુજબ.
(૩) પત્રક–૩ મુજબ.
*(પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

ફાલ્ગુન ૨૫, ૧૯૩૭ શાકે

અતારાંકિત પ્રશ્નો

------------

રાજ્યમાં સર્કલ ઈન્સ્પેક્ટરોનું મહેકમ.

અતારાંકિતઃ ૬૩૧૩ (૮–૧૨–૨૦૧૫)ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) :માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૬–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર મહેસૂલ વિભાગમાં સર્કલ ઈન્સ્પેક્ટરોનું મંજૂર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા સર્કલ ઈન્સ્પેક્ટરો ફરજ બજાવે છે, અને

(૩) કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે આવી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) (૧૨–૦૧–૨૦૧૬) :

(૧) મહેસૂલ વિભાગમાં તા. ૩૦–૬–૨૦૧૫ની સ્થિતિએ સર્કલ ઈન્સ્પેક્ટરનું કોઈ મહેકમ મંજૂર થયેલ નથી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

મોરવા હડફ તાલુકાનાં રતનપુર ગામે ખુલ્લા બોરવેલમાં બાળકના મોત બાબત.

અતારાંકિતઃ ૭૦૪૩ (૧૪–૧૨–૨૦૧૫)શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) :માનનીય મુખ્યમંત્રીશ્રી (ડીઝાસ્ટર મેનેજમેન્ટ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) પંચમહાલ જિલ્લાના મોરવા (હડફ) તાલુકાના રતનપુર ગામના ૬ ઈંચના ખુલ્લા બોરવેલમાં તા. ૧૮–૧૧–૨૦૧૫ના રોજ ચાર વર્ષનું બાળક પડી જવાથી કરૂણ મોત નીપજ્યું હતું તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો સુપ્રિમ કોર્ટની રીટ પીટીશન (સીવીલ) નં. ૩૬/૨૦૦૯ તથા રાજ્ય સરકારના તા. ૧૭–૦૨–૨૦૧૧ના ઠરાવની જોગવાઈ અનુસાર ખુલ્લા બોરને સલામત કરવા અને સીલ કરવાની કાર્યવાહી કરાવવામાં ક્યા સરકારી કર્મચારીની જવાબદારી હતી અને તેની નિષ્ફળતા બદલ જવાબદાર સરકારી કર્મચારી સહિત કેટલા શખ્સો સામે શી કાર્યવાહી થઈ છે ?

માનનીય મુખ્યમંત્રીશ્રી (ડીઝાસ્ટર મેનેજમેન્ટ) (તા. ૨૫–૦૧–૨૦૧૬) :

(૧) હા.
(૨) સદરહુ બોરવેલ ખાનગી માલિકીનો હોઈ આ અંગે સરકારી કર્મચારીની જવાબદારી નક્કી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

સામજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના બોર્ડ/નિગમો દ્વારા નફો/ખોટ.

અતારાંકિતઃ ૪૯૮૩ (૨૯–૭–૨૦૧૫)ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તાબામાં કેટલા બોર્ડ/નિગમો કાર્યરત છે,

(૨) તે પૈકી ક્યા બોર્ડ/નિગમોને ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ નાણાકીય વર્ષમાં વર્ષવાર કેટલી ખોટ કરી, અને

## અતારાંકિત પ્રશ્નો

(૩) ક્યા બોર્ડ/નિગમોએ ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ નાણાકીય વર્ષમાં વર્ષવાર કેટલો નફો કર્યો ?

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી(૧૮-૦૧-૨૦૧૬) :

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તાબામાં નીચે મુજબના બોર્ડ/નિગમો કાર્યરત છે,

(૧) ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ
(૨) ગુજરાત ગોપાલક વિકાસ નિગમ
(૩) ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ
(૪) ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ
(૫) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ
(૬) ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ
(૭) ગુજરાત અનુ. જાતિ અતિ પછાત વિકાસ નિગમ
(૮) વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ
(આ નિગમની તા. ૨-૨-૨૦૧૫ના ઠરાવથી રચના થયેલ છે. અને જૂન-૨૦૧૫થી કાર્યરત થયેલ છે.)

(૨) અને (૩) આ સાથે પત્રક સામેલ છે.

પત્રક

| બોર્ડ/નિગમનું નામ | છેલ્લા પાંચ નાણાંકીય વર્ષમાં વર્ષવાર કેટલી ખોટ કરી. | છેલ્લા પાંચ નાણાંકીય વર્ષમાં વર્ષવાર કેટલો નફો કર્યો. |
|---|---|---|
| ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ | નાણાકીય વર્ષ ખોટ (રૂ. લાખમાં)<br>૨૦૦૯-૨૦૧૦ ૧૫૪.૨૩<br>૨૦૧૦-૨૦૧૧ ૧૮૬.૧૯<br>૨૦૧૧-૨૦૧૨ ૧૯૩.૮૫<br>૨૦૧૨-૨૦૧૩ ૧૫૧.૬૭ | નાણાકીય વર્ષ નફો (રૂ. લાખમાં)<br>૨૦૧૩-૧૪ ૫૮.૦૮ |
| ગુજરાત ગોપાલક વિકાસ નિગમ | છેલ્લા પાંચ વર્ષમાં ખોટ કરેલ નથી. | નાણાકીય વર્ષ નફો (રૂ. લાખમાં)<br>૨૦૧૦-૨૦૧૧ ૧૭.૩૪<br>૨૦૧૧-૨૦૧૨ ૧૦૮.૭૯<br>૨૦૧૨-૨૦૧૩ ૬૧.૫૪<br>૨૦૧૩-૨૦૧૪ ૬૨.૩૧<br>૨૦૧૪-૨૦૧૫ ૬૭.૩૯ |
| ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ | આ નિગમ સેવાકીય નિગમ હોઈ નફો/ખોટ લાગુ પડતું નથી. | આ નિગમ સેવાકીય નિગમ હોઈ નફો/ખોટ લાગુ પડતું નથી. |
| ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ | વર્ષ ૨૦૧૨-૧૩ સુધીના તૈયાર થયેલા વાર્ષિક હિસાબો મુજબ આ નિગમે ખોટ કરી નથી. | નાણાકીય વર્ષ નફો (રૂ. લાખમાં)<br>૨૦૦૮-૨૦૦૯ ૩૦.૩૯<br>૨૦૦૯-૨૦૧૦ ૫૦.૩૧<br>૨૦૧૦-૨૦૧૧ ૨૩.૯૩<br>૨૦૧૧-૨૦૧૨ ૫૪.૬૯<br>૨૦૧૨-૨૦૧૩ ૮૭.૨૪<br><br>વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ના હિસાબોનું ઓડીટ પ્રગતિમાં છે, તેથી માહિતી આપી શકાય તેમ નથી. |

અતારાંકિત પ્રશ્નો

| | | |
|---|---|---|
| ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ | આ નિગમ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના લોકોને લોન આપી સેવાકીય કાર્ય બજાવતું હોઈ નફા–નુકશાનનો પ્રશ્ન નથી | આ નિગમ સેવાકીય હેતુથી કામગીરી કરતું હોઈ નફા/નુકશાનનો પ્રશ્ન રહેતો નથી. |
| ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ | | નાણાકીય વર્ષ નફો<br>૨૦૦૯–૨૦૧૦ રૂ. ૨,૦૫,૮૨,૩૬૬/-<br>૨૦૧૦–૨૦૧૧ રૂ. ૩,૦૨,૩૫,૬૫૨/-<br>૨૦૧૧–૨૦૧૨ રૂ. ૩,૬૪,૦૭,૬૮૨/-<br>૨૦૧૨–૨૦૧૩ રૂ. ૪,૨૫,૦૭,૭૫૨/-<br>૨૦૧૩–૨૦૧૪ રૂ. ૩,૬૩,૫૨,૭૨૭/- |
| ગુજરાત અનુ. જાતિ અતિ પછાત વિકાસ નિગમ | નવું નિગમ બનેલ હોઈ માહિતી શૂન્ય. | નવું નિગમ બનેલ હોઈ માહિતી શૂન્ય. |

---------------

અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૬૭૩૦, ૬૮૨૦, ૬૮૨૨ | ૦૩ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૫૦૯૯,૫૯૬૬, ૬૫૦૯, ૬૫૧૦, ૬૫૧૧, ૬૫૧૨, ૬૫૪૦, ૬૫૪૧, ૬૫૪૨, ૬૫૪૩, ૬૫૪૪ | ૧૧ |
| ૩ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૬૬૦૪, ૬૬૧૧, ૬૬૧૨, ૬૬૧૪, ૬૬૧૫, ૬૬૧૬, ૬૮૮૫ | ૦૭ |
| ૪ | વન અને પર્યાવરણ વિભાગ | ૫૧૬૮, ૫૧૭૩, ૬૬૬૯, ૬૬૭૪, ૬૬૭૯, ૬૬૮૨ | ૦૬ |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૧૨૬૪, | ૦૧ |
| ૬ | ગૃહ વિભાગ | ૬૯૪૮, ૬૯૪૯ | ૦૨ |
| ૭ | કાયદા વિભાગ | ૩૬૭૦ | ૦૧ |
| ૮ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૬૨૮૫, ૬૨૮૬, ૬૨૮૭, ૬૨૮૮, ૬૨૮૯, ૬૨૯૧, ૬૨૯૩, ૬૨૯૫, ૬૬૨૬, ૬૬૩૦, ૬૬૩૩ | ૧૧ |
| ૯ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૫૨૦૦, ૫૨૦૨, ૬૬૭૩ | ૦૩ |
| ૧૦ | મહેસૂલ વિભાગ | ૩૫૦૧, ૪૪૩૮, ૬૩૧૩, ૭૦૪૩ | ૦૪ |
| ૧૧ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૪૯૮૩ | ૦૧ |
| | | કુલ | ૫૦ |

## તા. ૧૫મી માર્ચ, ૨૦૧૬
## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

દરિયાઇ સુરક્ષામાં વધારો કરવા અને માછીમારોની ધરપકડ રોકવા બાબત

શ્રી પૂંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૧૬ અન્વયે નીચે જણાવેલ તાકિદની જાહેર અગત્યની બાબત પર મત્સ્યોદ્યોગમંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે સંબંધે નિવેદન કરવાની વિનંતી કરું છું:-

''તાજેતરમાં પાકિસ્તાન મરીન સિક્યોરિટી દ્વારા આઇ.એમ.બી.એલ. નજીક ૩૦ માછીમારો અને પાંચ બોટોનું અપહરણ કરેલ છે. આ રીતના ભારતીય માછીમારોને પકડવાના બનાવો અન્વયે દરિયાઇ સુરક્ષામાં વધારો કરવા અને રાજ્યના માછીમારોની ધરપકડ ન થાય તે માટે સરકારે લીધેલા કે લેવા ધારેલા પગલા.''

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા (મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય તટરક્ષક દળ અને ખાતાની જિલ્લા કચેરી તરફથી જણાવ્યા મુજબ પાકિસ્તાન મરીન સિક્યોરિટી એજન્સી દ્વારા તા. ૨૫-૨-૨૦૧૬ના રોજ દરિયામાં ૩ માછીમારી બોટો સાથે કુલ ૧૫ માછીમારો અને તા. ૬-૩-૨૦૧૬ના રોજ દરિયામાં ૨ માછીમારી બોટો સાથે કુલ ૧૨ માછીમારો પકડવામાં આવેલ છે અને તેઓને પાકિસ્તાન ખાતે લઇ ગયેલ છે.

દરિયાઇ સીમા અંકિત ન હોવાથી આંતરરાષ્ટ્રીય જળસીમા ભંગના બનાવો અવાર નવાર બને છે અને આંતરરાષ્ટ્રીય જળસીમા ક્રોસ કરીને પાકિસ્તાન જળ સીમામાં પ્રવેશ કરી માછીમારી કરતી બોટોને તથા માછીમારોને પાકિસ્તાન મરીન સિક્યોરિટી એજન્સી દ્વારા પકડવામાં આવે છે.

માછીમારો દ્વારા આંતર રાષ્ટ્રીય જળસીમા ઓળંગવાના કિસ્સાઓ ન બને તે માટે ગુજરાત રાજ્યના અગત્યના બંદરો પર વિવિધ એજન્સીઓ જેવી કે, કોસ્ટ ગાર્ડ, મરીન પોલીસ તથા નેવી વગેરેના સહકારથી બેઠકો યોજી માછીમારો, બોટ માલિક તથા બોટ એસોસિએશનને સમજણ આપવા / સજાગ કરવા માટે જાગૃતિ કાર્યક્રમો જેવા કે, શેરી નાટક, શિબિર યોજવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા સને ૨૦૦૪-૦૫થી સને ૨૦૧૫-૧૬ સુધી કુલ ૯૦૬ અવેરનેસ કાર્યક્રમ યોજવામાં આવેલ છે.

માછીમારો દરિયાઇ જળ સીમા ના ઓળંગે તે માટે તેઓને રાહત દરે જી.પી.એસ. પુરા પાડવામાં આવેલ હતા. હાલમાં ચાલુ વર્ષે જી.પી.એસ. પર સહાયની યોજના અમલમાં મૂકેલ છે તેમજ માછીમારોની દરિયામાં સલામતી માટે ડીસ્ટ્રેસ એલર્ટ ટ્રાન્સમિટર (ડીએટી)ની ખરીદી પર સહાય ચૂકવવામાં આવે છે.

દરિયાઇ સુરક્ષાના સંદર્ભમાં ભારતીય તટરક્ષક દળ દ્વારા રાજ્યની દરિયાઇ સરહદ નજીક માછીમારોની સુરક્ષા માટે અને માછીમારો આઇ.એમ.બી.એલ. ક્રોસ ન કરે તે માટે પણ સઘન પેટ્રોલિંગ દરિયામાં કરવામાં આવે છે અને તટ રક્ષક દળ (કોસ્ટ ગાર્ડ) દ્વારા આંતર રાષ્ટ્રીય જળ સીમા નજીક માછીમારી કરતા માછીમારોને ચેતવણી આપી ભારતીય સરહદની અંદર પરત મોકલવામાં આવે છે. જે ફિશીંગ બોટોનો ફિશીંગ ઝોન વિસ્તારમાં / આઇ.એમ.બી.એલ. ક્રોસ કરી માછીમારી કરતા જણાય તે અંગેનો રિપોર્ટ કોસ્ટ ગાર્ડ તરફથી સંબંધિત જિલ્લા કચેરીને કરવામાં આવે છે. આવી ફિશીંગ બોટોના માછીમારી માટેના લાયસન્સ તથા ડિઝલ કાર્ડ મોકૂફ કરવામાં આવે છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, આ એક રૂટિન પ્રમાણેની પ્રક્રિયા થઇ ગઇ હોય એવું લાગે છે. છાસવારે પાકિસ્તાન દ્વારા ભારતીય માછીમારોને બંદૂકના નાળચે ઉપાડી જવામાં આવે છે. ગત વિધાનસભામાં પણ ૧૧૬ની નોટિસ દાખલ કરવામાં આવી હતી ત્યારે પણ મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો હતો એ જ જવાબનું આ વખતે પણ પુનરાવર્તન કરવામાં આવ્યું છે. તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાને એક ટી.વી. કાર્યક્રમમાં વાત કરેલ કે,'પાકિસ્તાન કો ઉસકી ભાષા મૈં જવાબ દેના ચાહિયે, યે લવ લેટર લીખના બંધ કર દો.' આવું વડાપ્રધાને કહ્યું હતું. છતાં નાપાક પાકિસ્તાન એની હકરતો ચાલું રાખે છે ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે છેલ્લા એક મહિનામાં પાકિસ્તાન દ્વારા કેટલી બોટોનું અને કેટલા માછીમારોનું અપહરણ કરવામાં આવ્યું છે અને ૨૦૧૩ અને ૨૦૧૪ના વર્ષમાં જે લોકો પકડાયા છે અને ત્યાર પછી પાકિસ્તાનથી છૂટીને આવી ગયા છે પણ એ પહેલાના પકડાયા છે એ છૂટયા નથી. આવા મારા વિસ્તારના સોનારી ગામના ભરતભાઇ નારણભાઇ સીંગાર, પાલાભાઇ નારણભાઇ સીંગાર, ધીરુભાઇ પાંચાભાઇ ચારણિયા,કાજરડી, મહેશભાઇ વીરાભાઇ સોલંકી, કાજરડી, ભીમભાઇ વાલજીભાઇ ચૌહાણ, કાજરડી, કિશનભાઇ રામભાઇ સોલંકી, કાજરડી, ભાવસીંગભાઇ પરબતભાઇ બાંભણિયા, કાજરડી, ભૂપતભાઇ કાળાભાઇ સોલંકી, કાળુભાઇ ભીમાભાઇ રાઠોડ, દિનેશભાઇ જીવનભાઇ ચારણિયા, આ આઠેય કાજરડી ગામના અને વલસાડના ઉમરગામના એમ કરીને ૧૮ માછીમાર ભાઇઓ જે ૨૦૧૩-૧૪માં પકડાયા છે. એ પછીના જે લોકો પકડાયા છે એ છૂટીને આવી ગયા છે તો આપણે એમ્બેસી મારફત અથવા તો ભારત સરકાર દ્વારા અથવા રાજ્ય સરકાર દ્વારા છોડાવવા માટેની કઇ પદ્ધત્તિએ આ કાર્યવાહી કરીએ છીએ એ માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે. બીજો સવાલ છે કે બે માછીમારો મૃત્યુ પામ્યા છે એમાં વાઘાભાઇ બીજલભાઇ ચૌહાણ, રહેવાસી દાંડી તાલુકો ઉના, ૨૨ ડિસેમ્બરે મૃત્યુ પામ્યા છે. આજે ૮૪ દિવસ થયા છે ત્યારે એમના પરિવારે અને મેં પણ મુખ્યમંત્રીશ્રીને પત્ર લખીને રજૂઆત કરી છે. હજુ સુધી એનો મૃતદેહ આવ્યો નથી. રતનદાસ મોહનદાસ રહેવાસી નાનાવાડા, તાલુકો કોડીનાર ૮મી ફેબ્રુઆરીએ મૃત્યુ થયું છે. આજે ૩૬ દિવસ જેટલો સમય થયો છે અને આજે એનો પરિવાર એના મૃતદેહની રાહ જુએ છે. હજુ સુધી મૃતદેહ આવ્યો નથી. તો આપણે આ મૃતદેહોને કેટલા સમય સુધીમાં, વહેલામાં વહેલી તકે આવે એના માટે રાજ્ય સરકાર શા પગલાં ભરવા માગે છે એ માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : માનનીય અધ્યક્ષશ્રી, એક તો આ બાબત આંતરરાષ્ટ્રીય બાબત છે, કોઇ રાજ્યની બાબત નથી અને માનનીય સભ્યશ્રીએ જે વાત કરી કે અત્યાર સુધીમાં કેટલા માછીમારો પકડાયા છે અને કેટલા છૂટી ગયા છે તો ૧૯૯૮-૯૯ થી ૨૦૦૩-૦૪ સુધીમાં ૧૪૮૯ માછીમારો પકડાયા અને ૧૨૯૦ માછીમારો છૂટી ગયેલા. ૨૫૬ બોટો પકડાયેલી અને એમાંથી ૨૧૦ બોટો પાછી પણ છૂટી ગયેલી. પછી ૨૦૦૪-૦૫ થી લઇને ૨૦૧૩-૧૪ સુધીમાં ૭૦૨ બોટ પકડાયેલી. એમાંથી એક પણ બોટ અહીંયા ગુજરાતના માછીમારોને મળી નથી અને ત્યાં પાકિસ્તાને એનો નિકાલ કરી નાખ્યો છે. કારણ કે, જ્યારે અહીંયા સરકાર બદલાણી અને વડાપ્રધાન તરીકે માનનીય નરેન્દ્રભાઇ ત્યાં સત્તારૂઢ થયાં. એના પછી જે બોટો પકડાણી એ બોટો પણ આવવાની શરૂ થઇ અને જ્યારે ૫૭ બોટ આપણી છૂટી અને અહીંયાથી જ્યારે આપણું ડેલીગેશન ગયું હતું ત્યારે એમને કહ્યું કે અમારી બાકીની બોટો ક્યાં પડી છે? બાકીની બોટો ત્યાં રહી પણ નથી. આ બધી ૨૦૦૪ અને ૨૦૧૩-૧૪ સુધીની હાલત છે. અત્યારે જેમ માછીમારો પહેલાની અંદર ૧૯૯ માછીમારો બાકી હતાં. તેના પછી ૩૫૪૯ માછીમારો પકડાયેલા. તેમાંથી ૩૫૦૬ છૂટી ગયેલા. હમણાં ૩૬૦ અને ૨૭૪ એટલે ૬૩૬ માછીમારો છૂટ્યાં તેની અંદરથી ૧૨૪ ટૂંકા ગાળામાં ૨૦૧૪-૧૫ અને ૨૦૧૬ની હું વાત કરું છું. હાલમાં ત્યાં પાકિસ્તાનની જેલની અંદર ४४४८ માછીમારો હતા. એમાંથી ૮૬ માછીમારો હમણાં જ ત્રીજી તારીખે છૂટીને આવી ગયા. બાકીના જે ૨૧ માછીમારો છે એ પણ આવતી ૨૧મી તારીખે છોડશે એવું ત્યાં પાકિસ્તાની ગર્વમેન્ટે ભારત સરકારને જણાવેલું છે. બોટો પણ હમણાં જે ૫૭ છૂટી એના પછી બાકીની ૨૨ બોટો જે અત્યાર સુધીમાં મેં અગાઉ જે કીધું એ પ્રમાણે બોટ નહોતી છૂટતી. એ ૨૨ બોટોને છોડવાનું કહી પણ દીધું છે. આપણું ડેલીગેશન જઇને ત્યાંની બોટોની પરિસ્થિતિ જોઇ આવેલું છે અને ત્યાં અત્યારે બોટો રિપેર થાય છે. એ રિપેર થયા પછી બાકીની ૨૨ બોટો અહીંયા આવી જશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે, તા. ૩૧-૧૨-૨૦૧૫ નાં રોજ આ જ વિધાનસભા ગૃહમાં ૧૫૮ માછીમારોને મુક્ત કરવાના બાકી છે એવો પ્રશ્નોત્તરીના કાળ દરમ્યાન જવાબ આપવામાં આવેલો. મંત્રીશ્રી પાસે એટલું જ જાણવું છે કે, હાલમાં તા. ૩૧-૧૨-૨૦૧૫ પ્રમાણે ૧૫૮ છે તો હાલની તારીખ મુજબ કેટલા માછીમારો જેલમાં છે? અને બીજું, માછીમારોને જી.પી.એસ. સિસ્ટમ આપેલ હોવાછતાં પણ માછીમારો બોર્ડર ક્રોસ કરીને જતા રહે છે, જે મુખ્ય કારણ છે. સરકાર પાસે પુરતા પ્રમાણમાં કોસ્ટગાર્ડ ના હોવાના કારણે પેટ્રોલિંગ માટેની જે સ્પીડ બોટ હોવી જોઇએ. એ પેટ્રોલિંગ માટેની સ્પીડ બોટ ના હોવાના કારણે આ માછીમારો ભૂલ કરીને પાકિસ્તાનની બોર્ડર ક્રોસ કરી જતા હોય છે ત્યારે મારે મંત્રીશ્રી પાસે એટલું જ જાણવું છે કે, જી.પી.એસ. સિસ્ટમ હોવા છતાં પણ બોર્ડર ક્રોસ કરે છે એના શું કારણો છે? આપણી પાસે સાધનોની મર્યાદા છે કે અપુરતા સ્ટાફની મર્યાદા છે, આ શેના કારણે થાય છે?

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી બાબત તો કોસ્ટગાર્ડ પાસે પુરતા સાધનો નથી તો આ અમને વારસામાં મળેલું છે. અહીંયા કેન્દ્રમાં અમારી સરકાર આવી એના પછી પોરબંદરની અંદર બે દિવસ પહેલા છેલ્લા બે વર્ષમાં બે બોટો(અંતરાય)

અધ્યક્ષશ્રી : શૈલેષભાઇ એમનો જવાબ સાંભળો.

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : હમણાં તો એક દિવસ પહેલા હમણાં જ નવી બોટો ત્યાં માછીમારોને તકલીફ ના પડે અને તેમનું રક્ષણ થાય એના માટે બે દિવસ પહેલા ત્યાં નવી બોટ આવેલી છે. અત્યારે તા.૭-૩-૨૦૧૬ની પરિસ્થિતિ પ્રમાણે પાકિસ્તાનની અંદર ४४८ માછીમારો હતા. એમાંથી ૮૬ માછીમારો છૂટી ગયા છે. અત્યારે ત્યાં ૩૬૨ માછીમારો જેલમાં છે. તેમાંથી ૮૬ માછીમારો છે એ પણ આવતી ૨૧મી તારીખની આજુબાજુમાં છૂટશે.

શ્રી વલ્લભભાઇ વ. વઘાસિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, આ પાકિસ્તાન સત્તાવાળાઓ દ્વારા કેટલી બોટો પકડવામાં આવી અને એને ક્યારે ક્યારે મુક્ત કરવામાં આવી છે?

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે આખો ગાળો કીધો હતો. ૧૯૯૮-૯૯ થી લઇને ૨૦૦૩-૦૪ સુધીમાં કુલ ૧૪૮૯ માછીમારો પકડાયા અને ૧૨૯૦ માછીમારો છૂટી ગયેલા. ૨૫૬ જે બોટો પકડાઇ હતી એમાંથી ૨૧૦ બોટો છૂટી ગઇ હતી અને માત્ર ત્યારે ૪૬ બોટો બાકી હતી. ૨૦૦૪-૦૫ થી લઇને ૨૦૧૩-૧૪ સુધીમાં ૭૦૨ બોટો પકડાયેલી અને એમાંથી એક પણ બોટ આપણને પરત નથી મળેલી. ફરીથી આ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬માં કુલ ૧૨૪ બોટો પકડાઇ હતી એમાંથી ૫૭ બોટો છૂટી ગઇ છે અને બાકીની ૨૨ બોટો છે એ પણ પાકિસ્તાન સરકારે છોડવા માટે જણાવેલું છે.

અધ્યક્ષશ્રી : છેલ્લો સવાલ, માનનીય પૂંજાભાઇ ટૂંકમાં પૂછજો.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારાં સવાલમાં માનનીય મંત્રીશ્રીને કીધું છે કે બે લોકો ત્યાં મૃત્યુ પામ્યાં છે. એક મૃત્યુ પામ્યા એને ૮૬ દિવસ થયા છે અને બીજાને ૩૬ દિવસ થયા છે. આપણે વાતો કરીએ છીએ પાકિસ્તાનને પાઠ ભણાવવાની. ઘણી બધી વાતો કરીએ છીએ, એમાં હું નથી પડતો પણ જે મૃતદેહો છે એની ડેથ બોડી સમયસર એના પરિવારોને મળે એના માટે રાજ્ય સરકારે અત્યાર સુધી શું પ્રયત્નો કર્યા છે અને કેટલા સમયમાં લાવવા માગીએ છીએ? અને બે માછીમારો આજે જીવન મરણ વચ્ચે પાકિસ્તાનની જેલમાં ઝોલાં ખાય છે. એક કોમામાં છે એનું નામ છે ભગુભાઇ સરમણભાઇ સોલંકી રહેવાસી તળ, એક બીજા ધીરુભાઇ ગોવિંદભાઇ મજેઠીયા એ પણ પેરાલીસીસના હુમલાથી

હોસ્પિટલમાં દાખલ છે, તો આ લોકોને છોડવવા માટે અને વતન પરત આવે એના માટે રાજ્ય સરકાર શું ગંભીર પગલા લેવા માગે છે, એ માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું.

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : માનનીય અધ્યક્ષશ્રી, વાઘા બીજલ ચૌહાણ અને રતનદાસ મોહનદાસ મકવાણા એ જે બે માછીમારો ત્યાં મૃત્યુ પામ્યા છે. એમાં વાઘા બીજલ ચૌહાણની અહીંયા રાજ્ય સરકારને તા.૧૫-૧-૨૦૧૬ના રોજ જાણ કરવામાં આવી. રાજ્ય સરકારે જલદી અહીંયા એની ડેથ બોડી મળે એના માટે ભારત સરકારને પત્રવ્યવહાર કરેલો. એ જ રીતે રતનદાસ મોહનદાસ મકવાણા એની આપણને તા.૧૦-૨-૨૦૧૬ના રોજ જાણકારી મળેલી કે તે ત્યાં મૃત્યુ પામેલ છે. એના માટે પણ આપણે ભારત સરકારને લખેલું છે કે, વહેલી તકે એની ડેથ બોડી મળે અને એના કુટુંબને આ બાબતની આપણે જાણ કરી દીધેલ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : હવે બહુ સમય થઇ ગયો. નેક્સ્ટ.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : આ ગંભીર પ્રકારનો પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : ગંભીર પ્રકારનો છે એટલે આપના કહેવાથી દાખલ કર્યો, આપને બીજીવાર પણ તક આપી, હવે બસ પૂંજાભાઇ, અને સરકારે કરેલી કામગીરી મંત્રીશ્રીએ જણાવી છે. નેક્સ્ટ

માનનીય શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ) મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

રાજ્યની સ્વનિર્ભર(નોન ગ્રાન્ટેડ) શાળાઓને પ્રોત્સાહક આર્થિક સહાય આપવા અંગેના ધોરણો નિયત કરવા અંગે.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ) મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં ચાલતી અનુદાન વગરની બિન-સરકારી માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને અપાતા શિક્ષણની ગુણવત્તા, શાળાના શૈક્ષણિક સ્ટાફની લાયકાત અને ઇતર પ્રવૃત્તિઓ માટેની સુવિધાઓમાં વધારો થાય અને એકંદરે શિક્ષણનું સ્તર ઊંચું આવે તે માટે તારીખ ૨૩-૧-૨૦૧૪ના ઠરાવથી સ્વનિર્ભર માધ્યમિક શાળાઓને પ્રોતસાહક આર્થિક સહાય મંજૂર કરવાની નીતિ નિયત કરવામાં આવોલ હતી.

આ નીતિ અનુસંધાને મળેલ રજૂઆતોને ધ્યાને લઇ રજૂઆતની યથાર્થતા ચકાસતા ઘડાયેલ નીતિમાં પુન:વિચારણા હાથ ધરવી જરૂરી જણાયેલ અને બિન-આદિજાતિ વિસ્તારની શાળાઓમાં અભ્યાસ કરતા વધુમાં વધુ જરૂરિયાતવાળા બાળકોને લાભ આપી શકાય તે હેતુથી આ નીતિમાં સુધારો કરીને નવા ધોરણો નિયત કરવાનું નક્કી કરેલ છે.

આ નવી નીતિ અનુસાર સ્વનિર્ભર (નોન ગ્રાન્ટેડ)શાળાઓને ધોરણ-૯ અને ધોરણ-૧૦ માટે વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂપિયા ૭,૫૦૦/- મળવાપાત્ર થશે. આ યોજના માટે રાજ્ય સરકારે રૂપિયા ૫૦.૨૫ કરોડની કુલ જોગવગાઇ કરેલ છે. આ નીતિ અનુસાર પ્રોત્સાહક આર્થિક સહાય મેળવવાપાત્ર શાળાઓ માટે આદિજાતિ વિસ્તારની, આદિજાતિ તાલુકાઓની શાળાઓ તથા બિન આદિજાતિ વિસ્તારની ૫૦ ટકાથી વધુ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ ધરાવતી શાળાઓ, ૫૦ ટકાથી વધુ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ ધરાવતી શાળાઓ, માત્ર કન્યા શાળાઓ, ૬૫ ટકાથી વધુ સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગના વિદ્યાર્થીઓ ધરાવતી શાળાઓ, શૈક્ષણિક પછાત તાલુકાઓની શાળાઓ તથા અન્ય શાળાઓનો સમાવેશ કરેલ છે. આ શાળાઓ પૈકી જે શાળાઓ નિર્દિષ્ટ કરેલા પાસ પર્સન્ટેજ ધરાવતી હોય તેવી શાળાઓને બજેટની જોગવાઇની મર્યાદાઓમાં નીતિથી નક્કી કરેલ શરતોને આધીન પ્રોત્સાહક આર્થિક સહાય મળવાપાત્ર થશે. વધુમાં આ યોજનામાં સારા પરિણામ લાવતી શાળા માટે વિશેષ પ્રોત્સાહન અંગેની જોગવાઇ પણ કરવામાં આવેલ છે.

વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

જાહેર સાહસો માટેની સમિતિનો પાંચમો અહેવાલ

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું જાહેર સાહસો માટેની સમિતિનો પાંચમો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

માગણી ક્રમાંક.૬૫

પ્રો વસુબેન ન. ત્રિવેદી ( નર્મદા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નર્મદા વિકાસ યોજનાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મૂડી ખર્ચ માટેની રૂ. ૩૯૧૮ કરોડની ની માગણી ક્રમાંક-૬૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૬૫ રજૂ કરવામાં આવી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરવામાં આવી.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરવામાં આવી.

શ્રીમતી કામિનીબા ભૂ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૩ રજૂ કરું છું.

ફાલ્ગુન ૨૫, ૧૯૩૭ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરવામાં આવી.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરવામાં આવી.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરવામાં આવી.

શ્રી અનિલભાઇ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરવામાં આવી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી મોહમદજાવેદ અ. પીરજાદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરવામાં આવી.

માગણી નં. ૬૭

શ્રી વિજયકુમાર ર. રૂપાણી ( નર્મદા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પાણી પુરવઠાને લગતી સેવા અંગે નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૨૧,૯૨,૦૦,૦૦૦/– તથા મૂડી ખર્ચ માટેની રૂ. ૧૯૧૭,૧૭,૦૦,૦૦૦/–માગણી ક્રમાંક–૬૭ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૬૭ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૦ રજૂ કરવામાં આવી.

બંદરો અને વાહન વ્યવહાર વિભાગ

માગણી નં. ૭૪

શ્રી વિજયકુમાર ર. રૂપાણી ( બંદરો અને મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું વાહન વ્યવહાર સેવાને લગતી બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૪૯૭, ૩૬,૯૯,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૫૩૪,૯૭,૦૭,૦૦૦/–ની માગણી ક્રમાંક – ૭૪ રજૂ કરું છું.

માગણી નં. ૭૪ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજનભાઇ પ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી ભોળાભાઇ ભી. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૩ રજૂ કરવામાં આવી.

## તા. ૧૫મી માર્ચ, ૨૦૧૬

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

શ્રી જિતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી મેરામણભાઇ મા. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી પૂનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૨ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૪ રજૂ કરવામાં આવી.

### શ્રમ અને રોજગાર વિભાગ

### માગણી ક્રમાંક. ૫૭

શ્રી વિજયકુમાર ર. રૂપાણી ( શ્રમ અને રોજગાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ રોજગાર અને સેવાને લગતી શ્રમ રોજગાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૮,૨૫,૮૭,૨૩,૦૦૦/- ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧,૦૦,૧૨,૨૫,૦૦૦/-ની માગણી ક્રમાંક ૫૭ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૫૭ રજૂ કરવામાં આવી.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૫ રજૂ કરવામાં આવી.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૬ રજૂ કરવામાં આવી.

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૮ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૯ રજૂ કરવામાં આવી.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરવામાં આવી.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૧ રજૂ કરવામાં આવી.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૨ રજૂ કરવામાં આવી.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૩ રજૂ કરવામાં આવી.

શ્રી પૂનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૪ રજૂ કરવામાં આવી.

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૫ રજૂ કરવામાં આવી.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૬ રજૂ કરવામાં આવી.

ફાલ્ગુન ૨૫, ૧૯૩૭ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૭ રજૂ કરવામાં આવી.

સન ૨૦૧૬-૨૦૧૭ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી મંગળવાર, તા. ૧૫–૩-૨૦૧ પાંચમો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

| અનુ. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ<br>માગણી નં ૬૫ | | |
| ૧ | ૪૭૦૦– મોટીસિંચાઈ.....જોગવાઈ ૩૧–નર્મદા......જુથ એકમ–૧ ૧૯૦– જાહેર ક્ષેત્રના....રોકાણ રૂ. ૧,૪૯,૦૯,૯૧,૦૦૦ અં.પ્ર.નં.૧૮(ભાગ–૧ અને – ૨) પા.નં.૧૪૦ (ભાગ–૧) | ૧૦૦ | નર્મદા યોજના અંતર્ગત સાથી રાજ્યો પાસેથી લેવાતી થતી રકમ વસૂલવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બલવંતસિંહ રાજપૂત (પ્રવિણભાઇ રાઠોડ) |
| ૨ | ૪૭૦૦– મોટીસિંચાઈ.....જોગવાઈ ૩૩–નર્મદા... જુથ એકમ–૪ ૧૯૦– જાહેર ક્ષેત્ર....રોકાણ રૂ. ૩૧,૪૦,૬૧,૫૩,૦૦૦ અં.પ્ર.નં.૧૮ (ભાગ–૧ અને – ૨) પા.નં.૧૪૩(ભાગ–૧) | ૧૦૦ | નર્મદાની નાની કેનાલો વારંવાર તૂટી જવાથી પાકને થતું નુકશાન અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગોવાભાઇ રબારી (બળદેવજી ઠાકોર) |
| ૩ | —— " —— | ૧૦૦ | નાની કેનાલોના કામો સમયસર પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાઘવજી પટેલ (કામીનીબા રાઠોડ) |
| ૪ | —— " —— | ૧૦૦ | નાની કેનાલોની નિયમિત ચકાસણી કરી તેને તૂટી જતી અટકાવવાની વ્યવસ્થા કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રમેશભાઇ ચાવડા (મહેન્દ્રસિંહ વાઘેલા) |
| ૫ | ૪૭૦૦– મોટીસિંચાઈ.....જોગવાઈ ૩૪–નર્મદા ...જુથ એકમ–૫ ૦૦૧– નિર્દેશ અને વહીવટ રૂ. ૨૭,૧૫,૮૪,૦૦૦ અં.પ્ર.નં.૧૮ (ભાગ–૧ અને – ૨) પા.નં.૧૪૪ અને ૧૪૫ (ભાગ–૧) | ૧૦૦ | અમદાવાદના તમામ તાલુકાઓને સિંચાઇ માટે નર્મદાનું પાણી પૂરું પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ (કરમશીભાઇ પટેલ) |
| ૬ | —— " —— | ૧૦૦ | સુજલામ સુફલામ યોજનામાં થયેલ | ડૉ. અનિલ જોષીયારા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ગેરરીતિઓની તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા | (મોહનસિંહ રાઠવા ) |
| ૭ | ૪૭૦૦–મોટીસિંચાઈ.....જોગવાઈ ૩૪–નર્મદા ...જુથ એકમ–૫ ૦૦૧– નિર્દેશ અને વહીવટ રૂ. ૨૭,૧૫,૮૪,૦૦૦ અં.પ્ર.નં.૧૮ (ભાગ–૧ અને – ૨) પા.નં.૧૪૪ અને ૧૪૫(ભાગ–૧) | ૧૦૦ | નર્મદાની કેનાલોમાં વારંવાર પડતા ગાબડાઓને કારણે ખોરવાતુ પાણી વિતરણ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી આનંદભાઇ ચૌધરી (મુકેશકુમાર પટેલ) |
| ૮ | –– " –– | ૧૦૦ | રાજ્યની ૫૨% જેટલી જમીનને સિંચાઇની કોઇ સુવિધાઓ મળતી નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ.તેજશ્રીબેન પટેલ (વજેસિંગભાઇ પણદા) |
| ૯ | –– " –– | ૧૦૦ | નર્મદા કેનાલોમાંથી જરૂરીયાત સમયે પાણી છોડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (રાજેન્દ્રસિંહ પરમાર) |
| ૧૦ | –– " –– | ૧૦૦ | નર્મદા ડેમમાં પૂરતુ પાણી હોવા છતા જનતાને પીવાના અને સિંચાઇના પાણીનો પૂરતા લાભ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિત ચાવડા |
| ૧૧ | –– " –– | ૧૦૦ | નર્મદાના પાણી મોટા શહેરો અને ગામડાઓને પૂરતા ન મળતાં, ટેન્કરોથી પાણી આપવાની સ્થિતિ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જોઇતાભાઇ પટેલ |
| ૧૨ | –– " –– | ૧૦૦ | નર્મદાનું પાણી સૌરાષ્ટ્રને પહોંચાડતી કેનાલોમાં સર્જાતી ક્ષતિઓને કારણે મૂકવા પડતા પાણી કાપને નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મેરામણભાઇ ગોરીયા (મહંમદજાવીદ પીરઝાદા) |
| *૧૩ | –– " –– | ૧૦૦ | નર્મદા યોજનાનું પાણી ખેતરોમાં પૂરતું પુરૂ પાડવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. મિતેશભાઇ ગરાસીયા |
| ૧૪ | –– " –– | ૧૦૦ | નર્મદાનું પાણી ખેતરો સુધી પહોંચાડતી પાઇપલાઇનોની ગુણવતાની ચકાસણી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મણીલાલ વાઘેલા |
| | | માગણી નં–૬૭ | | |
| ૧૫ | ૨૨૧૫–પાણી...સ્વચ્છતા ૦૧– પાણી પુરવઠો ૦૦૧–નિર્દેશ અને વહીવટ રૂ. ૪૦,૦૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૧૮ (ભાગ–૧ અને – ૨) પા.નં.૧૧ (ભાગ–૧) | ૧૦૦ | પીવાના પાણી માટે અબજો રૂપિયા ખર્ચ કરવા છતા મોટા શહેરો અને ગ્રામીણ વિસ્તારોમાં નિયમિત અને સમયસર શુધ્ધ પાણી પૂરૂ પાડી આમ જનતાનો આક્રોશ રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ બારૈયા |
| *૧૬ | –– " –– | ૧૦૦ | ઉત્તર ગુજરાતની સુજલામ સુફલામ કેનાલોમાંથી પૂરતુ પાણી છોડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિન કોટવાલ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭ | -- " -- | ૧૦૦ | પાણી પુરવઠા બોર્ડની નબળી કામગીરીને કારણે આમ જનતાને પીવાનું તેમજ સિંચાઇનું પાણી સમયસર પૂરૂં પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઇ વંશ |
| ૧૮ | -- " -- | ૧૦૦ | આમજનતા પાસેથી વસુલ કરેલ પાણી વેરાની રકમ નગરપાલિકા/ મહાનગર પાલિકાઓ પાસેથી સમયસર વસુલવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઇશ્વરભાઇ પટેલ |
| ૧૯ | ૨૨૧૫-પાણી..... સ્વચ્છતા<br>૦૧- પાણી પુરવઠો<br>૮૦૦- અન્ય ખર્ચ<br>૧૦- મુખ્યમંત્રી... યોજના<br>રૂ. ૧,૫૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૮ (ભાગ-૧ અને - ૨)<br>પા.નં.૧૧ થી ૧૫ ) ભાગ-૧) | ૧૦૦ | મુખ્યમંત્રી મહિલા પાણી સમિતિ પ્રોત્સાહન યોજના બનાવી હોવા છતાં ગામોમાં સમયસર અને પૂરતું પાણી પુરૂ પાડવાનું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગૌતમભાઇ ચૌહાણ |
| ૨૦ | ૪૨૧૫-પાણી...જોગવાઇ<br>૦૧- પાણી પુરવઠા<br>૧૦૧- શહેરી..... પુરવઠા<br>રૂ. ૧,૪૫,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૮ (ભાગ-૧ અને - ૨)<br>પા.નં.૧૨૯ (ભાગ-૧) | ૧૦૦ | મેટ્રોસીટી એવા અમદાવાદ શહેરમાં પાણી આપવાની યોજના અંતર્ગત વ્યાપક સહાય આપવા છતાં આમજનતાને અડધો કલાક પણ પૂરતા પ્રેશરથી પાણી મળતુ નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| બંદરો અને વાહનવ્યવહાર વિભાગ<br>માગણી નં-૭૪ | | | | |
| ૨૧ | ૨૦૪૧ -વાહનો પર કર<br>૧૦૨ -મોટર...... નિરીક્ષણ<br>૦૧ -મોટર ......... નિરીક્ષણ<br>રૂ. ૧,૯૪,૫૭,૧૭,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૦<br>પાના નં. ૬ અને ૭ | ૧૦૦ | વાહન ધારકોને હાઇ સીકયુરીટી નંબર વાળી નંબર પ્લેટો આપ્યા પછી તેના કલર નિકળી જાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઇ ગામીત (જવાહરભાઇ ચાવડા) |
| ૨૨ | -- " -- | ૧૦૦ | આર.ટી.ઓ કચેરીઓમાં ચાલતી વ્યાપક ગેરરીતિઓ તેમજ એજન્ટપ્રથા નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજન પટેલ (ધમેન્દ્રસિંહ જાડેજા) |
| ૨૩ | -- " -- | ૧૦૦ | ચેકપોસ્ટો ઉપર પુરતું ચેકીંગ કરી માદક પીણાની હેરાફેરી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભોળાભાઇ ગોહેલ |
| ૨૪ | -- " -- | ૧૦૦ | ચેકપોસ્ટો ઉપર ખાનગી | શ્રી જીતુભાઇ ચૌધરી |

| | | | | |
|---|---|---|---|---|
| | | | એજન્સીઓની કામગીરી સત્વરે પરત ખેચી લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૫ | -- " -- | ૧૦૦ | ચેકપોસ્ટના ભ્રષ્ટ કર્મચારી/અધિકારીઓ સામે શિક્ષાત્મક પગલા લઇ તેઓની સંપત્તિની તપાસ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરૂભાઇ ભીલ |
| ૨૬ | -- " -- | ૧૦૦ | ચેકપોસ્ટો ઉપરના સી.સી.ટી.વી કેમેરાઓ બંધ રાખી, ગેરરીતિ આચરતા જવાબદાર અધિકારીઓ સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| ૨૭ | ૩૦૫૫ –માર્ગ પરિવહન<br>૧૯૦ –જાહેરક્ષેત્ર.... સહાય<br>રૂ. ૩,૦૧,૧૪,૦૦,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૦<br>પાના નં. ૧૨ | ૧૦૦ | રાજ્ય માર્ગ પરિવહન દ્વારા વોલ્વો બસ દોડાવવા માટે જે કંપનીઓ સાથે કરાર થયા છે તે વોલ્વો બસમાં મુસાફરી દરમિયાન અકસ્માત થાય તો વીમા કલેઇમ મળી શકતા નથી તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઇ વાજા |
| *૨૮ | -- " -- | ૧૦૦ | ડ્રાઇવરોની વારંવારની રજૂઆતો છતા એસ.ટી.બસોની મરામતની કામગીરી સમયસર ન થવાને કારણે મોટા અકસ્માતોથી થતા મૃત્યુ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશ ધાનાણી |
| ૨૯ | ૩૦૫૫ –માર્ગ પરિવહન<br>૧૯૦ –જાહેરક્ષેત્ર.... સહાય<br>રૂ. ૩,૦૧,૧૪,૦૦,૦૦૦<br>અં. પ્ર. નં. ૨૦<br>પાના નં. ૧૨ | ૧૦૦ | સમગ્ર ગુજરાતમાં ડ્રાયવર–કંડકટરોની ભરતી સમયસર ન થવાને કારણે ગ્રામીણ વિસ્તારના અનેક રુટો બંધ કરવા પડે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગેંદાલભાઇ ડામોર |
| ૩૦ | -- " -- | ૧૦૦ | એસ.ટી.કર્મચારીઓના લાંબા સમયથી પડતર પ્રશ્નો ઉકેલવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાન્તીભાઇ ખરાડી |
| ૩૧ | | ૧૦૦ | ચેકપોસ્ટો ઉપર થતી વ્યાપક ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મેરામણભાઇ ગોરીયા |
| ૩૨ | -- " -- | ૧૦૦ | ચેકપોસ્ટો ઉપર ખાનગી એજન્સીઓને બદલે સીધા વિભાગ હસ્તક જ કામગીરી થાય તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પૂનમભાઇ પરમાર |
| ૩૩ | -- " -- | ૧૦૦ | દાહોદ જિલ્લાની તમામ ચેકપોસ્ટો ઉપર થતી વ્યાપક ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |
| ૩૪ | ૩૦૫૫ –માર્ગ પરિવહન<br>૮૦૦ – અન્ય ખર્ચ<br>૦૧ – સરકારી.......<br>વ્યવસ્થા<br>રૂ.૨૪,૯૪,૦૦૦ | ૧૦૦ | સ્પેર પાર્ટસની આવરદા પૂરી થઇ ગઇ હોય તેવી બસો ચલાવીને થતા અકસ્માતો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જોઇતાભાઇ પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | અં. પ્ર. નં. ૨૦<br>પાના નં. ૧૩ | | | |
| | શ્રમ અને રોજગાર વિભાગ<br>માગણી નં–૫૭ | | | |
| ૩૫ | ૨૨૩૦– શ્રમ અને રોજગાર<br>૦૧ –શ્રમ<br>૦૦૧ –નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧૪,૧૪,૧૧,૦૦૦<br>અં.પ્ર. નં. ૧૫<br>પાના નં. ૭ થી ૯ | ૧૦૦ | રાજ્યમાં નવા સ્થપાયેલા ઉદ્યોગોમાં રાજ્યના સ્થાનિક ઉમેદવારોને રોજગારી આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સી. કે. રાઉલજી |
| ૩૬ | –– " –– | ૧૦૦ | કારખાના અને ફેક્ટરીઓમાં વારંવાર બોઈલર ફાટવા જેવા અકસ્માતના બનાવોમાં શ્રમિકોને પુરતું વળતર ચુકવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રામસિંહ પરમાર |
| *૩૭ | –– " –– | ૧૦૦ | શ્રમિકોના હિતોનુ રક્ષણ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઇન્દ્રનીલ રાજ્યગરૂ |
| ૩૮ | –– " –– | ૧૦૦ | શ્રમિકો માટે બનાવેલ આવાસ યોજનાના લાભો ઝડપથી તેમજ સરળતાથી મળી રહે તેવુ આયોજન ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૩૯ | –– " –– | ૧૦૦ | શ્રમિકોના કલ્યાણ માટે બાંધકામ ઉપર ઉઘરાવાતા સેસની અબજો રૂપિયાની રકમમાંથી પૂરતો ખર્ચ થતો નથી અને શ્રમિકોને કલ્યાણ યોજનાના લાભોથી વંચિત રખાય છે તો તેના જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રહલાદભાઇ પટેલ |
| ૪૦ | ૨૨૩૦– શ્રમ અને રોજગાર<br>૦૧ –શ્રમ<br>૦૦૧ –નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧૪,૧૪,૧૧,૦૦૦<br>અં.પ્ર. નં. ૧૫<br>પાના નં. ૭ થી ૯ | ૧૦૦ | શ્રમિકોને યુ–વીન કાર્ડ અંતર્ગત સરકારી યોજનાના લાભો આપવા માટે બજેટમાં પુરતી રકમ ફાળવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમિત ચૌધરી |
| ૪૧ | –– " –– | ૧૦૦ | શ્રમિકોને સ્થાનિક કક્ષાએ રોજગારી મળે અને સ્થળાંતરિત ન થવુ પડે તેવું કાયમી આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મંગળભાઇ ગાવિત |
| ૪૨ | ૨૨૩૦– શ્રમ અને રોજગાર<br>૦૨ –રોજગાર<br>૦૦૧ –નિર્દેશ અને વહીવટ<br>૦૧–**EMP** –૬<br>રોજગાર.....યોજના<br>રૂ. ૩૨,૭૪,૨૭,૦૦૦<br>અં.પ્ર. નં. ૧૫<br>પાના નં. ૨૭ અને ૨૮ | ૧૦૦ | વર્ષોથી નોંધાયેલા બેરોજગારોને લાંબા સમય સુધી રોજગારીની તકો ન મળતા તેઓને બેકારી ભથ્થુ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હર્ષદકુમાર રીબડીયા |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૩ | -- " -- | ૧૦૦ | રોજગાર વિનિયમ કચેરીઓ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવા છતા બેરોજગારોને રોજગારીની તકો પુરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | પ્રો.હીરાભાઇ પટેલ |
| ૪૪ | -- " -- | ૧૦૦ | રોજગાર વિનિમય કચેરીઓમાંથી રોજગારીની તકો ન મળતા બેરોજગારોનો ઉઠી ગયેલ વિશ્વાસ પુનઃ સ્થાપવામાં તત્રંની નિષ્ફળતા. | શ્રી પુનમભાઇ પરમાર |
| ૪૫ | ૨૨૩૦- શ્રમ અને રોજગાર<br>૧૦૧- ઔદ્યોગિક....<br>સંસ્થા<br>૦૧-**EMP** -૧<br>સરકારી.....યોજના (કે.પુ. યો)<br>રૂ. ૩,૪૦,૪૨,૦૩,૦૦૦<br>અં.પ્ર. નં. ૧૫<br>પાના નં. ૩૪ અને ૩૫ | ૧૦૦ | આદ્યૌગિક તાલીમ સંસ્થાઓમાં વસ્તુઓની ખરીદીમાં ચાલતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધારશીભાઇ ખાનપુરા |
| ૪૬ | -- " -- | ૧૦૦ | ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં અપુરતો સ્ટાફ અને અપુરતી સુવિદ્યાઓના કારણે વિદ્યાર્થીઓને પડતી હાડમારી નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી માનસિંહ ચૌહાણ |
| ૪૭ | -- " -- | ૧૦૦ | બાળ મજુરોનું શોષણ થતું અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી છનાભાઇ ચૌધરી |

*આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને રજૂ થયેલ કાપદરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજના આપણી ગુજરાતની જીવાદોરી ગણીએ છીએ. આ વિધાનસભા ગૃહ એ વાતની સાક્ષી છે કે જ્યારે જ્યારે નર્મદાની વાત આવી, ત્યારે ભૂતકાળમાં આ પક્ષ કે તે પક્ષ રાખ્યા વગર સર્વસંમતિથી કોઇ રાજકારણ રાખ્યા વગર આ વિધાનસભા ગૃહે નર્મદા યોજના સંદર્ભમાં પ્રસ્તાવો પણ પાસ કર્યા છે અને તેના માટે લડતો પણ ચલાવી છે. છેલ્લા કેટલાક સમયથી રાજકીય રંગ આપવાનો પ્રયત્ન થયો છે. મારે એટલી જ વિનંતી કરવી છે કમસેકમ એક વસ્તુને આપણી વોટબૅન્ક, પોલિટિક્સથી આપણે બધા જ બહાર રાખીએ. આ નર્મદા યોજનાના ઇતિહાસમાં જઇએ તો પર્યાવરણની મંજૂરી આપણા સૌના માટે બહુ મોટો સવાલ હતો. પર્યાવરણની મંજૂરી ન મળે એ માટે, ન આપવી જોઇએ એવું કહેનારા ઘણા અધિકારીઓ હતા. જેમાં આપની પાસે આપની પાર્ટીની સરકાર કેન્દ્રમાં છે તો જૂની ફાઇલ જોજો. સેશાન સહિતના અધિકારીઓ કહેતા હતા કે નર્મદા બંધ ન બનવો જોઇએ. એ વખતે પ્રાઇમ મિનિસ્ટર રાજીવ ગાંધી હતા. એમણે પોતે એ નિર્ણય કર્યો કે હું પર્યાવરણની મંજૂરી આપું છું. અને નર્મદા યોજના ગુજરાત માટે જરૂરી છે અને બનવી જોઇએ. ભૂતકાળમાં હું આ વિભાગનો મંત્રી રહ્યો છું. એવી પરંપરા સરસ રહેતી કે મુખ્યમંત્રીશ્રી સામેથી દલસુખભાઇ ગોધાણી વિરોધપક્ષના નેતા હોય તો એને પૂછે નર્મદાનો આ કાર્યક્રમ રાખવો છે તો આપની અનુકૂળ તારીખ કઇ છે એ આપણે ગોઠવીએ. એમને અનુકૂળ થતા. સરકારી હેલિકોપ્ટરમાં જતા હોય તો વિરોધપક્ષના નેતાને સાથે લઇને જાય અને નર્મદાના સંદર્ભમાં ગુજરાત એક છે એની પ્રતીતિ કરાવતા. સમયાંતરે નિયમિત રીતે જેમણે જેમણે નર્મદાનું ખાતું, વિભાગ સંભાળ્યો છે એમની મીટિંગ મુખ્યમંત્રીશ્રી કક્ષાએ થતી અને એમને બધા જ દસ્તાવેજો આપવામાં આવતા કે આપણી આ પ્રગતિ થઇ છે. આપણા આ વિઘ્નો છે અને આપણી આ પરિસ્થિતિ છે? છેલ્લે માનનીય શંકરભાઇ વાઘેલાએ મીટિંગ કરી એ પછી એક પણ મીટિંગ આવા પ્રકારની થઇ નથી. આપણે ક્યારેય છુપાવતા નહિ. પરસ્પર બંને પક્ષો મળીને નર્મદાની વાત કરતા. એક મોટી વાત થઇ. મેં પ્રયત્ન કર્યો પણ અહીંથી તો ન મળ્યું. મેં નર્મદા કન્ટ્રોલ ઓથોરિટી ઇન્દોર ખાતે એક આર.ટી.આઇ. કરી અને એ આર.ટી.આઇ.માં જે પેપર ગુજરાતમાંથી ન મળ્યું. જે સત્ય કહેવાની આ સરકારની જવાબદારી હતી. આ સરકારે અર્ધસત્ય કહ્યું અને અર્ધસત્ય હંમેશા ખતરનાક હોય છે. જ્યારે આર.ટી.આઇ.માંથી ૧૨ જૂન ૨૦૧૪ નો લખાયેલો પત્ર મને મળ્યો. ઇન્દોરથી પત્ર મળ્યો છે. એ પત્રમાં લખ્યું છે કે-**''Sardar Sarovar Narmada**

**Nigam Limited is permitted to carry out phase I proposal installation of gate in open or raised position ''** આપને કેવી મંજૂરી મળી છે? મોઢા પાસે કોળિયો રાખવાનો. મોઢું બંધ નહિ કરવાનું. દરવાજા ખુલ્લા રાખવાના. દરવાજા બંધ નહિ કરવાના. શા માટે આ ગુજરાતની જનતાને એમ નહીં કહ્યું કે આ જ સત્ય હકીકત છે. આજે જે દરવાજાની આપણે વાત કરીએ છીએ તેમાં અમે કયારેય ક્રેડીટ લેવાનો પ્રયત્ન નહીં કર્યો. આ દરવાજા જેને સ્પીડ વે ક્રિસ્ટલ રેડીયલ ગેટસ કહેવાય છે તે કોંગ્રેસની સરકાર હતી ત્યારે બનાવવાનું કામ સંપૂર્ણ આગળ વધાર્યું છે. માર્ચ ૧૯૯૬માં આ દરવાજાનું કામ પૂર્ણ થઇ ગયેલું, તે તૈયાર પડયા છે. આપે તો માત્ર રીસ્ટોરેશનનું કામ કરવાનું છે. માત્ર આટલું કામ કરવાનું છે તે કામ કયારે કરશો અને બંધ કરવાની કયારે મંજૂરી મળશે તેની તો કોઇને ખબર નથી. મુખ્ય બંધનું ૯૦ ટકા માટીકામ કોંગ્રેસની સરકારમાં થયું છે. જે સૌથી મુશ્કેલ કામ એ છે કે બારમાસી નર્મદા નદીમાં ડેમના પાયા ખોદવાના અને તે પછી ચણતર કરી પાણીને બે બાજુ ડાયવર્ટ કરતા રહેવું તે ખૂબ ચેલેન્જીંગ કામ કોંગ્રેસ સરકારે કર્યું છે. મુખ્ય નહેરનું ૯૦ ટકા માટીકામ કોંગ્રેસ સરકારે કર્યું છે પણ કયારેય એમ નહીં કહ્યું કે કોંગ્રેસની વાણી અને નર્મદાનું પાણી લાવી તાણી. ના આ ગુજરાતની જનતાને યશ આપ્યો છે. આ ગુજરાતની જનતાના કારણે નર્મદા યોજના છે. આ ક્રેડીટ પણ એમને જ મળવી જોઇએ. અમારે ત્યાં જે સૌરાષ્ટ્રના માનનીય ધારાસભ્યશ્રીઓ છે તેમને બરાબર સમજાશે. ચોમાસામાં એક ઇન્સેકટ, એક કીડો દેખાય છે. જેને સૌરાષ્ટ્રમાં ગોકળગાય કહે છે. જેને દૂરથી જુઓ તો એવું લાગે કે ખૂબ ગતિશીલ છે, ખૂબ દોડે છે, ખૂબ દોડે છે. નીચે નજીક જઇને જુઓ તો તે પોતાની સ્કીનને એવું વાઇબ્રેટ કરે કે તમને દ્દષ્ટિભ્રમ થાય કે આ ખૂબ દોડે છે. બાકી એ ધીમે ધીમે ચાલે છે તેને ગોકળગાયની ગતિ કહેવાય. તેની સાથે વાત એ કરવી છે કે સબમાઇનોર કેનાલ ૪૮૩૨૦ કિલોમીટરની બનાવવાની છે. બાવીસ વર્ષથી આપ સત્તામાં છો અને ગતિશીલ છો. બાવીસ વર્ષમાં આ ૪૮૩૨૦ કિલોમીટરમાંથી સબમાઇનોર આપે માત્ર ૧૦૪૪૪ કિલોમીટર બનાવી છે. આને ગોકળગાયની ગતિશીલતા કહેવાય. ત્યાં ગતિશીલતા દેખાય પણ હોય નહીં. અહીં કોઇનો સ્ટે ન હતો, કેન્દ્ર સરકારમાંથી મંજૂરી લેવાની ન હતી, આપણે કોઇને પૂછવા જવાનું ન હતું. આ કેનાલનું કામ તો આપે જ કરવાનું હતું. આપ તો ગતિશીલ છો તો શા માટે આ નહીં થયું તે મોટો પ્રશ્નાર્થ છે. નર્મદાનું પાણી ભરૂચ પાસેથી દરિયામાં જાય અને આપણે લોકોને પીવાનું અને સિંચાઇનું પાણી ન આપી શકીએ. આપણા સૌના માટે આ ચિંતાનો વિષય હોય. નર્મદા યોજના પૂર્ણ થયે આપણને ૧૯ લાખ ૯૨ હજાર હેકટરમાં સિંચાઇ મળવાની છે. આપે અત્યાર સુધી બાવીસ વર્ષની ગતિશીલતા પછી ખરેખર સિંચાઇ આપી છે તે માત્ર ૨ લાખ ૦૯ હેકટરને આપી છે તેવું આપનો સોશીયો ઇકોનોમિક રીવ્યુ કહે છે. આને ગતિશીલતા કહેવાય ખરી? ઉત્તમ શાસન કોને કહેવાય? ઉત્તમ શાસન એને કહેવાય કે જેની સામે શંકાની એક આંગળી પણ ઉઠે તો તે અગ્નિપરીક્ષા આપે આને ઉત્તમ શાસન કહેવાય. અહીં સૌની યોજના ચાલી. પાઇપલાઇન નાંખી છે. તેના વિશે ઘણુંબધું બહાર કહેવાય છે. જો આપના હાથ ચોખ્ખા હોય, આપે આમાં કશું જ ખોટું ન કર્યુ હોય તો મારી માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે આ સરકારને વિનંતી છે કે આ ધારાસભાગૃહની આ પક્ષના અને સામા પક્ષના બંને ધારાસભ્યોની એક કમિટી બનાવો અને જુઓ કે તેમાં ટેન્ડર કેવા થયા છે, આ સૌની યોજનામાં પાઇપલાઇન કેવી છે અને સૌની યોજનાનું કામ કેવું થયું છે, તેમાં રીંગ થઇ છે કે કેમ? આપને ધારાસભ્યશ્રીઓની કમિટી કરવાનું ન ગમે તો બીજું સૂચન એવું છે કે નામદાર હાઇકોર્ટના ચીફ જસ્ટીસ સાહેબને વિનંતી કરો કે તે બે નિવૃત્ત હાઇકોર્ટના જજશ્રીઓના નામ સૂચવે અને તે જજોને આ કામ સોંપો. તેમાં જે અહેવાલ આવે તેને રોકવાનો નહીં પણ તાત્કાલિક વિધાનસભાના મેજ ઉપર મૂકવાનો. આવું કામ કરશો તો પણ મને લાગે છે કે આપણે સાચી દિશામાં કામ કર્યુ છે તેવું કંઇક કહી શકાય. એક એકર મિલિયન ફીટ વધારાનું પાણી ઉત્તર ગુજરાત, એક એકર મિલિયન ફીટ વધારાનું પાણી સૌરાષ્ટ્રને અને એક એકર મિલિયન ફીટ પાણી કચ્છને આપવાનું છે. આપ બાવીસ વર્ષથી સત્તામાં છો. સાહેબ કચ્છે શું ગુનો કર્યો છે તે આપ મને સમજાવો તો ખરા? તે કચ્છને પાણી આપવા માટેનો એસ્ટીમેટ ૫૧૮૬ કરોડ રૂપિયાનો છે. આપ રકમ નજીવી ફાળવો અને પછી પરિપત્ર કરો કે ૧૫ ટકા સુધીનું બજેટરી પ્રોવીઝન ન થાય ત્યાં સુધી વહીવટી મંજૂરી નહીં આપવાની. ૭૫૦ કરોડ ન ફાળવો ત્યાં સુધી વહીવટી મંજૂરી ન મળે, હવે તો એમાં પણ વધારો કર્યો છે ત્યારે રકમ જ ફાળવતા નથી. એક મિલિયન એકર ફીટ વધારાનું પાણી કચ્છને આપવા માટેનું ૨૨ વરસમાં એક ઇંચ કામ આપે કર્યું નથી. આ વાસ્તવિકતા છે અને આની સામે મારો આક્રોશ છે. ચાર સ્થંભ વખણાય છે એમ ચાર સરોવર પણ શાસ્ત્રોમાં વખણાય છે. એ પૈકીનું નારાયણ સરોવર કોટેશ્વર આવેલું છે. ચૂંટણી સમયે એક મંત્રીશ્રીએ આવીને જાહેરાત કરી હતી કે, નર્મદાનું પાણી નારાયણ સરોવરમાં નાંખીશું એટલે બારે માસ અહીંયા પાણી ભરેલું રહેશે. સાહેબ, એ પાણી આટલો સમય થઇ ગયો હજુ આવ્યું નથી આપણને ચિંતા ન હોવી જોઇએ? આપ કહો છોને કે તમે શું કર્યું, તમે શું કર્યું? હું બધાને કહું છું કે, આપના જિલ્લાઓમાં નજર નાંખજો કેટલી બધી મોટી સિંચાઇ અને મધ્યમ કક્ષાની સિંચાઇ યોજનાઓ કોંગ્રેસના શાસનમાં થયેલી આપને મળશે. અને આપના શાસનમાં ગતિશીલ બોરીબંધો મળશે જેમાં બંધોમાં બોરીઓ મૂકાય, ફોટા પડે, બિલ બને અને બોરી ગતિ કરી જાય પાછી બીજે જઇને મૂકાય. આ ગતિશીલ બોરીબંધ. માનનીય અધ્યક્ષશ્રી, કચ્છમાં કોંગ્રેસના શાસનમાં બનેલા રૂદ્રમાતા, ગોધાતર, મીઠી, નરા, સાન્ઢ્રો, વિજયસાગર, ભૂખી એ મધ્યમ કક્ષાની સિંચાઇ યોજનાઓ છે, કુદરતી વરસાદથી આ ડેમ કે સરોવરો પૂરા ભરાઇ શકતા નથી ત્યારે આપ નર્મદાનું પાણી એમાં નાંખો તો મારો કચ્છી માડું મહેનત કરીને પૂરેપૂરું ઉત્પાદન લઇને આ ગુજરાતને માલા–માલ કરશે. એને માત્ર નર્મદાનું પાણી આ ડેમોમાં આપ નાંખી આપો બીજા કોઇની અમારે જરૂરિયાત નથી.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર મંત્રીશ્રી, ખબર નહીં એમની મોટી જવાબદારીઓ છે અને તેઓ અહીંથી જતા રહ્યા છે, એ રાજકોટ જિલ્લાના છે એટલા માટે જે માનનીય મંત્રીશ્રી એમના વતી લખતા હોય એમને વિનંતી કરું છું કે, આપ એમના જિલ્લાનો આર.ટી.આઇ.માં મેળવેલી માહિતીના આધાર સાથેનો એક દાખલો આપું છું એની નોંધ લે. માનનીય અધ્યક્ષશ્રી,

## તા. ૧૫મી માર્ચ, ૨૦૧૬

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

રાજકોટની શ્રમ અધિકારી કચેરીમાં શ્રમિકોનું શોષણ થતું હોયને એના જે કેસીસ નોંધાયા હોય એ ડિસેમ્બર ૨૦૧૫ સુધીમાં ૫૭૪ કેસ નોંધાયા હતા, ૧૦ વરસથી જૂના ૩૫૪ કેસ છે અને એપ્રિલ ૨૦૧૪ થી ડિસેમ્બર ૨૦૧૫ એટલે ૧ વરસ અને ૮ મહિના દરમ્યાન મેં પૂછ્યું કેટલાનો નિકાલ થયો? તો જવાબ છે શૂન્ય. એક પણ કેસનો નિકાલ નથી કરી શક્યા જે જિલ્લામાં આપ મંત્રી છો ત્યાં આગળ આ પરિસ્થિતિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મજૂર છે એના ૩ રૂપિયા લેવામાં આવે છે ઉદ્યોગ પતિ છે એ ૩ રૂપિયા આપે છે અને એ ૬ રૂપિયા ભેગા થયા પછી મજૂર કલ્યાણ માટે આ વાપરવાના છે. મારો અંદાજ ખોટો હોય તો મંત્રીશ્રી સાચો આંકડો આપે, અંદાજીત ૮૦ હજાર જેટલા મજદૂરો સૌરાષ્ટ્રમાં છે. ૬ રૂપિયા મુજબ ગણો તો દર મહિને ૪૮ લાખ રૂપિયા જમા થાય છે, આ મજૂરોના કલ્યાણ માટે વાપરવાના છે. મારી માહિતી છે એમાં કોઇ ફેરફાર હોય તો આપ કરેક્ટ કરજો, ૧૩ કાર્યાલયો હતા મજૂર કલ્યાણ કેન્દ્રો હતા એમાંથી ૧૦ તો નહીવત જેવા થઇ ગયા છે અને માત્ર ૩ રહ્યા છે અને આપના જ એક આગેવાન ભૂતકાળમાં આ વિભાગ સાથે જોડાયેલા હતા તેઓએ કહ્યું કે, સ્ટાફ, જ નથી કામ ક્યાંથી થાય? માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગની સૌથી મોટી જવાબદારી એ છે કે, એક પણ શ્રમિકનું શોષણ ન થવું જોઇએ. મારે આપને દાખલો આપવો છે. આ સરકાર આઉટસોર્સીંગ કરે છે, સરકારમાંથી આપ નાણાં આપો છો, અને એ નાણાં અપાયા પછી એ નાણાં આ ગુજરાતના યુવાનને, શ્રમિકને પૂરેપૂરાં મળે એની ચિંતા આપે નહીં કરવાની? માનનીય અધ્યક્ષશ્રી, સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં એક ઓ.ટી.આસિસ્ટન્ટની જગ્યા છે, આવી ૬૦ જગ્યાઓ માટે વ્યક્તિદીઠ આપ મહિનાના કેટલા આપો છો? ૧૬૬૫૭ રૂપિયા સરકારની તિજોરીમાંથી પેલો આઉટસોર્સીંગ એજન્સીવાળો લઇ જાય છે અને પેલા ગુજરાતી યુવાનને કેટલા આપે છે? માત્ર ૭૨૦૦ રૂપિયા પેલા યુવાનના ખાતામાં જાય છે. જે રકમ જમા થાય છે એની મારી પાસે બેન્કની સ્લીપ છે. બંધ કરો આવું આઉટસોર્સીંગ, ડાયરેકટ ગુજરાતના યુવાનને નોકરી આપો, આપણા તિજોરીના નાણાં વચેટિયો કોઇ ખાય જાય એ ન ચાલે. મારે રાજકીય અવલોકનો કરવા નથી. મને એ લોકો સંપૂર્ણ માહિતી આપીને ગયા છે, માનનીય મંત્રીશ્રી કહેશે તો હું એમને ખાનગીમાં માહિતી આપીશ, કારણ કે રાજકીય અવલોકનો, વ્યકિતગત આક્ષેપોમાં હું પડવા માગતો નથી કે કોના કોના સબંધ કયા મંત્રીશ્રીના છે તેવું કહેવાય નહીં તે આઉટ સોર્સીંગના કોન્ટ્રાકટરો કામ કરે છે માહિતી આપવાની મારી તૈયારી છે. કચ્છમાં કુદરતે ધનાઢ્ય ખનિજ આપ્યું છે અને ત્યાંનો સ્થાનિક છે તેને બિચારાને રોજગારી ના મળે. મારી વિનંતી છે આપના મારફતે માનનીય મંત્રીશ્રીને કે આપની નીતિમાં પરિવર્તન કરો. પહેલી ત્રીસ કિલોમીટરની ત્રિજયામાં આવતો હોય એમાં અમુક ટકા કરો, સાંઇઠ કિલોમીટરમાં ભરો અને પછી જ બહાર જાવ જેથી સ્થાનિકને સાચા અર્થમાં રોજગારી મળશે. નહીંતર એક જિલ્લાવાળો ઉદ્યોગપતિ બહારનાને નોકરી આપે છે જેથી તેને સ્થાનિક સપોર્ટ ના મળે અને તેનું શોષણ કરી શકાય. પીવાનું પાણી તે સૌના માટે અગ્રિમતા હોવી જોઇએ. કચ્છ, ભાલ, ઘેડ આદિવાસી વિસ્તારો આ સૌના માટે ચિંતાનો વિષય હોવો જોઇએ. કારણ કે ત્યાં સ્થાનિક સોર્સ પણ પૂરતાં નથી અને એટલા માટે તેની ચિંતા સેવાય એવી ખાસ વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપની પાસે બે મિનિટ છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : હા, જી. અબડાસા મત વિસ્તારમાં ઓગસ્ટ મહિનાથી જુદા જુદા ફેઇઝના ટેન્ડરો આપે મંગાવ્યા, ટેન્ડરો ભરાઇ ગયા છે, ખુલી ગયા છે, ડાઉન છે શા માટે તેને વર્ક ઓર્ડર આપતાં નથી ? આપ વર્ક ઓર્ડર આપી દો નહીંતર ચોમાસું આવી જશે તો પણ આ કામ પૂર્ણ નહીં થાય, બજેટરી પ્રોવિઝનના કામ છે ત્યારે આ કામમાં ઝડપ આવે અને અબડાસાને ૧૮ એમ.એલ.ડી.પાણીની જરૂર છે ત્યારે પૂરેપૂરું આ પાણી ત્યાં પહોંચે અને વચ્ચે કપાય નહીં, છેવાડાના ગરીબ વિસ્તારના લોકો છે તેના સુધી સ્થાનિક સોર્સ વગર તેને પૂરતું પાણી મળે તે જોવાય. આપ એસ.ટી.નિગમને કઇ દિશામાં લઇ જવા માગો છો ? ગુજરાતમાં આજથી ૧૫ વર્ષ પહેલાં ૨૦,૧૦૪ બસના માર્ગો ચાલતા હતા. આપ ગતિશીલ થયા પછી આ ૨૦,૧૦૪ માર્ગના બદલે ચાલુ વર્ષ દરમિયાન માત્ર ૧૪૭૦૬ થઇ ગયા છે. ૬ હજાર એસ.ટી.ના માર્ગો ઘટી ગયા આપની ગતિશીલ સરકારમાં. ૮,૫૭૩ વાહનો હતો તે ઘટીને ૬,૬૫૨ થઇ ગયા છે. કર્મચારી એ આપણાં હાથપગ છે એસ.ટી.નિગમના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનુ જે એરિયર્સ મળવાનું હોય તે ત્રીસ ત્રીસ મહિના સુધી ન મળે તે બરાબર નથી. તેનું એરિયર્સ તાત્કાલિક ચૂકવાય તેના માટેની આપ ચિંતા કરજો. અમદાવાદમાં આપે હબ ટાઉન બસ સ્ટેશન બનાવ્યું છે. પાલનપુર અને મહેસાણા સિવાયની બધી બસો એક જગ્યાએથી ઉપડે છે અને એના માટે પ્લેટફોર્મ માત્ર ૨૫ જ છે અને તે સંજોગોમાં ત્યાં ખૂબ ગીરદી થાય છે ત્યારે પ્લેટફોર્મની સંખ્યા આપે વધારવી જોઇએ. ભૂતકાળમાં અલગ અલગ કન્ટ્રોલ કેબિનો હતી સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત તેમ ત્રણ કન્ટ્રોલ કેબિનો થાય એ વાત સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી કાંતિલાલ શિ. અમૃતિયા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, હું માગણી ક્રમાંકઃ ૬૭ ઉપર મારા મંતવ્યો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું આજે નસીબદાર છું કે આજે મને પાણી પુરવઠા ઉપર બોલવાનો મોકો મળ્યો. નસીબદાર છું કે મારો મોરબી જિલ્લો છે અને તેમાં માત્ર પાંચ તાલુકા આવે છે, ૧૩૧ ગામ છે અને ૧૩૧ ગામમાં જૂથ યોજના.

### પોઇન્ટ ઓફ ઓર્ડર

### વિધાનસભા ગૃહમાં શાંતિનું વાતાવરણ જાળવવા અંગે

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં એકરૂપ થઇને ધારાસભ્યશ્રીઓ ભાગ લઇ શકે તે માટે શાંતિનું વાતાવરણ જળવાય તે જરૂરી છે. સૂત્રોચ્ચાર અને અવાજ અહીંયા અમને ખલેલ પડે તે રીતે આવે છે. આપની કડક સૂચનાનું

બહાર પાલન થાય અને કમસે કમ આ ગૃહમાં ધારાસભ્યશ્રીઓને આવવા–જવામાં પણ તકલીફ પડે છે અને અહીંયા ખલેલ પડે છે ત્યારે આ વ્યવસ્થાને લગતો મારો પોઇન્ટ ઓફ ઓર્ડરનો પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : આમ તો આપણે અહીંયા વિધાનસભામાં ગુજરાતના જે કંઇ પ્રજાજનો છે તે આવતા હોય છે પરંતુ વિધાનસભામાં ખલેલ પહોંચે તે પણ યોગ્ય નથી એટલે સાર્જન્ટ મિત્રો કહેવડાવે કે નીચે જે કંઇ મિત્રો વિધાનસભાની મુલાકાતે આવ્યા હોય તે શાંતિ જાળવે.

શ્રી કાંતિલાલ શિ. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો મોરબી જિલ્લો તેમાં ૧૩૧ ગામ છે. ૪ શહેર છે ૩૩૧ માંથી ૩૨૪ ગામને નર્મદાનું પાણી નળથી ઘરે ઘરે મળે છે અને ચારે ચાર શહેરમાં પણ નર્મદાનું પાણી મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાના પાણીની સાથોસાથ મુખ્ય મંત્રી શહેરી યોજના છે. પાણી વધારે મળતું હોય તો જ ગટરની જરૂર હોય, તો ચારેચાર શહેરમાં પૂરેપૂરા ગટરના કામ ચાલુ છે. મોરબી શહેરમાં ૧૩૫ કરોડ રૂપિયાના ખર્ચે, માળિયામાં ૧૭ કરોડ રૂપિયાના ખર્ચે, હળવદમાં ૩૫ કરોડ રૂપિયાના ખર્ચે અને વાંકાનેરમાં ૩૮ કરોડ રૂપિયાના ખર્ચે થાય છે. મારા વિસ્તારમાં માળિયા મિયાંણા છે એ આખો લઘુમતીનો વિસ્તાર છે. મારા મિત્રો પક્ષપાતની વાત કરે છે. એ આખો વિસ્તાર લઘુમતીનો છે, છતાં પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે અને મુરબ્બી માનનીય શ્રીમતી આનંદીબહેનની સરકારે માળીયા શહેર માટે પાણી પુરવઠાના ૧૧ કરોડ રૂપિયા આપ્યા, એનું પણ કામ ચાલુ છે. એવી જ રીતે હું વાત કરું તો મને એવું લાગે છે કે ગતિશીલ ગુજરાત શા માટે કહેવું જોઇએ? તો અમારા માનનીય મંત્રીશ્રી વિજયભાઇએ જયારે ચાર્જ સંભાળ્યો ત્યારે મનોમનથી એમણે નક્કી કર્યું કે, ઝોનવાઇઝ મિટિંગ ત્રણ ત્રણ મહિને બોલાવવી અને જે જે વિસ્તાર હોય એના પ્રશ્નો હલ કરવાની જે વાત છે એનો નિર્ણય લીધો પણ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, જયારે ઝોનવાઇઝ મિટિંગ હોય ત્યારે સર્વ પક્ષની મિટિંગ હોય છે એમાં પ્રશ્ન રજૂ કરવાની બધાને તક હોય છે. સૌરાષ્ટ્રની મિટિંગ હતી ત્યારે મારા સૌરાષ્ટ્રના ધારાસભ્યશ્રીને મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, આપે પ્રશ્નો રજૂ કરવા એ ઝોન મિટિંગમાં પણ આવવું પડે, પણ પાછળથી કહેવું કે, અમારા નામ કાર્ડમાં નથી લખતા અને મિટિંગમાં અમને બોલાવતા નથી. તો એ પણ ખોટી વાત છે. પાણી પુરવઠા વિભાગને હું અભિનંદન આપું છું કે, જયારે ગત વર્ષમાં મોરબી શહેરમાં નર્મદાનું પાણી નહોતું મળતું અને મચ્છુનું પાણી ખાલી થઇ ગયું ત્યારે માનનીય બાબુભાઇ મંત્રી હતા, ત્યારે એ ૪૫ દિવસમાં મંજૂર કરીને ૨૨ કરોડ રૂપિયાના ખર્ચે માત્ર ૨૪ દિવસમાં મોરબીને પાણી પૂરું પાડ્યું. તો ગતિશીલ ગુજરાત આને કહેવાય.

માનનીય અધ્યક્ષશ્રી, જાહેર જીવનમાં મારાં ૩૦ વર્ષ થયાં, ૨૦ વર્ષ ધારાસભ્ય તરીકે અને ૧૦ વર્ષ સુધી તાલુકા પંચાયતમાં ચેરમેન તરીકે હું બેઠો હતો ત્યારે અમે વહીવટ જોતા તો અમે જયારે તાલુકા પંચાયતમાં હોય ત્યારે એક–એક ગેંગ હોય, પાણીના કોન્ટ્રાકટ રાખે, એના ટાંકા ચાલતા હોય, એમાં એનું પોતાનું કમિશન લાગે અને કમિશન દ્વારા ટાંકાથી પાણી પહોંચે. જયારે હું ૧૯૯૫માં ધારાસભ્ય થયો, તો ચાર વર્ષ તો અમને ભલામણ એ કરે કે, અમારે ત્યાં લગન છે તો ત્યારે પાણીનો ટાંકો મોકલજો. આવું ધારાસભ્ય થયા પછી ત્રણ ચાર વર્ષ સુધી ચાલ્યું પણ એ અત્યારે ગુજરાતમાં સામૂહિક નાબૂદ થઇ ગયું છે. આ યોજનાના આધારે ભારતીય જનતા પાર્ટીની સરકારે ખૂબ જ પ્રશંસા મેળવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે, તાજેતરમાં રાજકોટ જિલ્લામાં જે ગામ છે એ જામકંડોરણા, ઉપલેટા, ધોરાજી અને જેતપુર એને અને ચાર શહેર છે અને આશરે ૬૦૦ કરોડ રૂપિયાની યોજના છે એ મંજૂર કરી અને લગભગ ૧૫૬ ગામને પાણી પૂરું પાડવાની યોજના છે, પણ મને યાદ છે કે, ૧૯૯૫માં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સભ્ય અમારા હરીભાઇ હતા ત્યારે હું પાણી પુરવઠા બોર્ડમાં જતો હતો. ત્યારે આખું બજેટ ૬૦૦ કરોડ રૂપિયાનું હતું, અને માત્ર ચાર જ શહેર અને ૧૫૭ ગામો જો ૬૦૦ કરોડ રૂપિયાથી આપતા હોય તો આ ગતિશીલ ગુજરાત કહેવાય. સૌરાષ્ટ્રની વાતો કરતા હતા એ મારા ઘણા મિત્રો આજે અહીં નથી. મારા મુરબ્બી મિત્રએ પણ વાત કરી કે, સૌરાષ્ટ્રમાં નર્મદાનું પાણી અહીંથી જાય છે. અહીંથી જે નીકળે એ પાણી દરિયામાં નથી જતું, પણ એ પાણી પાઇપલાઇન દ્વારા જાય છે અને સૌરાષ્ટ્રના તમામ તાલુકાઓમાં પાણી મળે છે અને કચ્છમાં પાણી મળે છે. મને યાદ છે કે, પહેલાં કેનાલ દ્વારા પાણી પીવા માટે અમને મળતું હતું. કેનાલ પછી સરકારે જે નક્કી કર્યું કે, હવે કેનાલથી પાણી ખેડૂતોને આપવું અને બાજુમાં જ પાણીની પાઇપ લાઇન નાખી અને આશરે સાડા ચાર હજાર કરોડ રૂપિયાના ખર્ચે માળીયા સુધી પાઇપલાઇન નાખીને આ પાણીની વ્યવસ્થા કરેલી છે. વર્ષો પહેલાં માળીયા તાલુકામાં જે પાણી પીતા એનાથી લોકોના ઘુંટણ ખોટા થઇ જતા હતા અને દાંત પીળા થઇ જતા હતા, ત્યારે અમને એમ લાગતું કે, ૫૦ વર્ષ થયા છતાં સરકાર અમને પીવા માટે પાણી નથી આપી શકતી. પીવા માટે પાણી નથી, કૂવામાં પાણી ભરવા જાય તો એ પાણી પણ ખારાં હોય છતાંય એ પીતા પણ અત્યારે તો એક દિવસ પાણી ના આવે તો તરત જ ફોન આવી જાય કે પાણી નથી આવતું. તો મને કહેતાં આનંદ થાય છે કે આ ગતિશીલ ગુજરાતની સરકારમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે ખૂબ જ સારી પાણીની વ્યવસ્થા કરી છે. અમે તો ખૂબ નસીબદાર છીએ કે અહીંયા અમારા વડીલો પણ બેઠા છે. માનનીય વિરોધપક્ષના નેતા શંકરસિંહ બાપુ છે એ ૧૯૯૫માં અમારી સાથે હતા અને ભારતીય જનતા પાર્ટીમાં સંગઠનનું કામ કરતા હતા. ખૂબ જ કામ કર્યું હતું પરંતુ હવે તો બાપુની મર્યાદા આવી ગઇ છે. ભારતીય જનતા પાર્ટીની સરકારની કામગીરી ખૂબ જ સારી છે એની તમારે નોંધ લેવી જોઇએ.

હમણાં મારા મિત્ર નર્મદા યોજનાની વાત કરી રહ્યા હતા. આ દેશના વડાપ્રધાન અને ભૂતપૂર્વ મુખ્યમંત્રીશ્રીને દરવાજાની મંજૂરી માટે થઇને ઉપવાસ ઉપર બેસવું પડ્યું હતું. તેઓ દેશના વડાપ્રધાન થતાની સાથે ૧૭માં દિવસે દરવાજાની મંજૂરી આપી દીધી હતી. આ નર્મદાનું પાણી મચ્છુ ડેમમાં નાખવામાં આવ્યું કારણ કે એનાથી મોરબી શહેર વગેરેને પીવાનું પાણી મળી રહે. અમે તો એના માટે થઇને વિરોધપક્ષને આમંત્રણ આપ્યું અને વિધિ કરવાનો કાર્યક્રમ પૂરો કર્યો અને બીજા જ દિવસે કોંગ્રેસના

સ્થાનિક આગેવાનોએ કલેક્ટરને અરજી કરી કે અત્યારે આચારસહિંતા ચાલે છે એટલે ડેમમાં પાણી નાખવામાં આવે છે એ બંધ થવું જોઇએ. તેથી નર્મદાનું પાણી મચ્છુમાં આવતુ હતું એ સવા મહિના સુધી બંધ કરવુ પડ્યું અને ફરી પાછુ મચ્છુમાં પાણી નાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

સૌની યોજનાની વાત કરીએ તો મચ્છુ–૨ થી ચાલુ થાય છે. મચ્છુ–૨ની બાજુમાં બે પાઇપ લાઇનો નાખીને આવતા ઉનાળામાં આશરે ૧૫ જેટલા ડેમોમાં પાણી પહોંચાડવાનું આયોજન છે. મારા મિત્ર આમાં કૌભાંડની વાત કરતા હતા. મારા ભાઇ આમાં પાઇપ લાઇન જ દસ ફૂટ પહોળી અને ૫૦ ફૂટ લાંબી છે. આજ સુધીમાં આવડી મોટી પાઇપ કોઇ સરકારે નથી નાખી. તમારા વખતે તો ફકત ૨.૫ ફૂટ પહોળી પાઇપ નાખવામાં આવતી હતી.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

નર્મદાની કોઇપણ માગણીમાં કાપ દરખાસ્ત આવે તો પણ કોંગ્રેસ પાર્ટીએ એનો ટેકો કર્યો છે. માનનીય શકિતસિંહભાઇએ વાત કરી એ મુજબ નર્મદા એ છ કરોડ ગુજરાતીઓ માટેની યોજના છે ત્યારે મારે મંત્રીશ્રી પાસેથી થોડું જાણવું છે અને આ ગૃહને થોડું કહેવું છે.

આ પ્રોજેકટની અંદર અત્યાર સુધીમાં ૫૧ હજાર કરોડ કરતાં વધારે ખર્ચ કરવામાં આવ્યો છે. ત્યારે છેલ્લા ત્રણ વર્ષમાં આ યોજનાના બાંધકામ પાછળ આશરે આઠ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે અને તેની સામે ટોટલ ખર્ચ ૧૦,૨૬૪ કરોડનો થયેલ છે. નર્મદાની વાત આવે ત્યારે કચ્છના છેવાડાના માનવી સુધી પાણી પહોંચે એના માટેની વ્યવસ્થા હજી પૂરી થઇ નથી. છેલ્લા ૨૨–૨૨ વર્ષ સુધી ભારતીય જનતા પાર્ટીની સરકાર સત્તા પર રહી છે છતાં કાયમ અમને કહેવામાં આવે કે આ તમે નથી કર્યું એટલે અમારે કરવું પડે છે. છેલ્લા ૨૨–૨૨ વર્ષમાં કરોડો રૂપિયાનું દેવું થયું છતાં અને તમારા હાથમાં સત્તા હોવા છતાં ૨૨ વર્ષમાં તમે કચ્છ સુધી નર્મદાનું પાણી ન પહોંચાડી શકયા તે વાત હું તમને કહેવા માગું છું. આજે પણ પરિસ્થિતિ ખૂબ જુદી જ છે. બજેટ તો ફાળવવામાં આવે છે, છેલ્લા પાંચ વર્ષમાં ૪૩ હજાર કરોડ રૂપિયા કરતાં વધારે બજેટની ફાળવણી થઇ છે અને એની સામે તમે ૨૭ હજાર કરોડ રૂપિયાનો જ ખર્ચ કરી શકયા છો. એટલે ૧૬ હજાર કરોડ કરતાં વધારે રકમ આ રાજય સરકાર નર્મદા યોજના પાછળ વાપરી ન શકી આ તમારી અણઆવડતનું નર્મદા યોજનાનું પાણી ન પહોંચાડી શકવાનું સૌથી મોટું ઉદાહરણ છે. શાખા નહેરો થઇ, વિશાખા, પ્રશાખા, અલગ અલગ નહેરોના માધ્યમથી પાણી પહોંચાડવાની વાત છે ત્યારે આ વિશાખા નહેરનું ૨૫ ટકા કામ બાકી છે. પ્રશાખા નહેરમાં ૪૦ ટકા કામ બાકી છે અને સૌથી મોટું સબમાઇનોર કેનાલની અંદર ૩૫,૦૦૦ કિલોમીટર જેટલું એટલે કે ૭૫ ટકા જેટલું કામ બાકી છે. ૭૨,૦૦૦ કિલોમીટરની આ યોજના, તેમાં ૪૨,૦૦૦ કિલોમીટર તો હજી કામ બાકી છે અને ભારતીય જનતા પાર્ટીએ પોતાના ચૂંટણી ઢંઢેરામાં કહ્યું હતું કે અમે પાંચ વર્ષની અંદર કચ્છ સુધી પાણી પહોંચાડી દઇશું. આ રાજયના આઠ જિલ્લાઓ એવા જિલ્લાઓ છે કે જે પાટણ હોય, બનાસકાંઠા હોય, કચ્છ, મોરબી, ભાવનગર, બોટાદ, મહેસાણા, સુરેન્દ્રનગર જિલ્લો કે જેમાં ૪૨,૩૦૦ કિલોમીટરની આ યોજના. તેના ભાગ રૂપે આજે પણ ૩૪,૪૦૦ કિલોમીટરની યોજનાનું નહેરોનું કામ થયેલું નથી. આ યોજનાથી ૧૮,૦૪૫ લાખ હેકટરમાં સિંચાઇથી લોકોને લાભ થવાનો છે. છેલ્લા બે વર્ષના આંકડા જોઇએ તો આ રાજ્ય સરકારે ફકત ૨,૫૫,૦૦૦ હેકટરમાં લોકોને પાણી પાહોંચાડી શકીએ એવી વ્યવસ્થા કરી અને ભારતીય જનતા પાર્ટીએ પોતાના ચૂંટણી ઢંઢેરામાં કહ્યું હતું કે ૧૬ લાખ હેકટર જમીનને સિંચાઇ હેઠળ આવરી લેવામાં આવશે. મારે દુઃખ સાથે કહેવું પડે કે આજે પણ ૬,૪૨,૦૦૦ હેકટરમાં પાણી સિંચાઇ દ્વારા પહોંચાડવામાં આવ્યું નથી. સબમાઇનોર કેનાલની હું વાત કરું તો સબમાઇનોર કેનાલના માધ્યમથી ૧૪,૭૫,૦૦૦ હેકટરને લાભ થવાનો છે ત્યારે ૧૭ જિલ્લાઓ, ૭૪ તાલુકાઓ, ૯,૦૦૦ કરતા પણ વધારે ગામો અને ૧૭૦ કરતા વધારે શહેરોને લાભ થવાનો છે ત્યારે જે અન્ડરગ્રાઉન્ડ પાઇપ લાઇન નાખવાની વાત હતી તે ૧૪.૭૫ લાખ હેકટરની જગ્યાએ ફકત ૧.૨૩ લાખ હેકટરમાં જ પાઇપ લાઇન નાખવામાં આવી છે. આજે પણ ૨૩.૫૨ લાખ હેકટરમાં પાઇપ લાઇન નાખવાનું કામ બાકી છે. ત્યારે કહેવાતું હતું કે પહેલાં ટેન્કર દ્વારા કચ્છમાં પાણી પહોંચાડવામાં આવતું હતું. ૧૯૮૫–૮૬–૮૭ના દુષ્કાળમાં કોંગ્રેસ પાર્ટીએ મનુષ્ય જ નહીં, ઢોર પણ ન મરે તેના માટે તે વખતના મુખ્યમંત્રીશ્રી અમરસિંહભાઇ ચૌધરીએ ટેન્કરો દ્વારા પાણી પહોંચાડ્યું હતું. મારે દુઃખ સાથે કહેવું છે કે આજે અતારાંકિત પ્રશ્નોની બૂક ટેબલ ઉપર મુકાઇ, તેમાં પ્રશ્નના જવાબમાં કહ્યું છે કે આજે પણ ગુજરાતના ૮૫૮ ગામોમાં ટેન્કરથી પાણી પહોંચાડવામાં આવે છે. આનાથી મોટી શરમની વાત શું હોઇ શકે છે? થપ્પડની જાહેરાત આવતી હતી, કેન્દ્ર સરકારનો અન્યાય. મેં હમણાં એક પ્રશ્ન પૂછ્યો હતો, એ પ્રશ્નમાં સરકારે નર્મદા યોજના માટે કેન્દ્ર સરકાર પાસે કેટલા કરોડની માગણી થઇ અને કેટલા કરોડ ફાળવ્યા, મારે દુઃખ સાથે કહેવું પડે, ૮૩૬ કરોડ રૂપિયા એ ભારતીય જનતા પાર્ટીની કેન્દ્રની સરકારે ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારને થપ્પડ મારીને ઓછા આપ્યા છે. હવે જઇને પૈસા લઇ આવો. ૧૭ દિવસમાં અમે નર્મદાની ઉપર દરવાજા મૂકવા માટે મંજૂરી લઇ આવ્યા. બે વર્ષમાં તમે ૮૫૦ કરોડ રૂપિયાનું ફંડ જો ન લાવી શક્યા હોય તો તમે જરા દિલ્હી જઇને પૂછી આવો કે આમાં શું પરિસ્થિતિ છે. ભૂતકાળમાં વાત થતી હતી કે બાજુના રાજ્યો એ મહારાષ્ટ્ર હોય, રાજસ્થાન હોય કે મધ્યપ્રદેશ હોય. જેની પાસે બિનવિવાદિત પુનઃવસવાટના કે વ્યાજના ખર્ચ પેટે રકમો નીકળે છે. પડોશના રાજયમાં સરકાર હતી. રાજસ્થાનમાં અમારી સરકાર કોંગ્રેસની, એ વખતે અશોક ગેહલોતજી હતા. મહારાષ્ટ્રમાં સરકાર હતી, તમારી સરકાર હતી, તમે અમને કહો. શક્તિભાઇ, આપણે સાથે પ્લેનમાં જઇશું. આજે શક્તિભાઇને પ્લેનમાં લઇ જાવ. અમને પ્લેનમાં લઇ જાવ. આજે પણ રાજસ્થાનમાં તમારી સરકાર, મધ્યપ્રદેશમાં તમારી સરકાર, મહારાષ્ટ્રમાં ભાજપની સરકાર તેમ છતાં પણ ૫૪,૦૦૦ કરોડ કરતા પણ વધારે રકમ બાકી છે.

મારે થોડી શ્રમ અને રોજગારની વાત કરવી છે. માનનીય શ્રમ મંત્રીશ્રી અહીં બેઠાં છે. આ રાજય એ દેશમાં પ્રથમ રોજગારી આપતું રાજ્ય છે એવું માનનીય મંત્રીશ્રીએ પ્રેસ કોન્ફરન્સ કરી હતી અને ટી.વી.માં મેં જોયું હતું. માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીનો ચૂંટણી ઢંઢેરો હું વાંચતો હતો. એ ઢંઢેરામાં લખ્યું છે કે રોજગારી આપવા માટે ઉદ્યોગો અને સેવાકીય ક્ષેત્રના વિકાસથી ૩૦ લાખથી વધુ લોકોને રોજગારી આપવામાં આવશે. આજે ચાર વર્ષ થઇ ગયા– ૨૦૧૨, ૨૦૧૩, ૨૦૧૪ અને ૨૦૧૫. એમના સરકારી આંકડાને આધારે કહું છું કે ૧૧,૪૩,૦૦૦ લોકોને રોજગારી આપી શકાઇ છે અને આજે પણ ૧૮,૫૭,૦૦૦ લોકોને નોકરી આપી શકાઇ નથી એ સ્પષ્ટપણે દેખાઇ આવે છે. ખાસ કરીને શ્રમ અને રોજગાર વિભાગની વાત છે ત્યારે એ રોજગારી આપવાની વાત કરે છે એનું કુલ મહેકમ ૧૨,૪૪૪ છે એમાંથી ૪૨૨૬ જગ્યાઓ ખાલી છે. એ કેવી રીતે બીજા લોકોને રોજગારી આપશે એ મને સમજાતું નથી. બાંધકામ શ્રમિકોના કલ્યાણ માટે શેષ પેટે રૂ.૧૨૦૩૬/– કરોડની રકમ જમા છે. આજે કેગના અહેવાલમાં પણ કહેવામાં આવ્યું છે કે ઉપકરની શ્રમિક કલ્યાણ બોર્ડને રૂ.૫૪૦/– કરોડ કરતાં વધારે રકમ ટ્રાન્સફર થવી જોઇએ એ થઇ નથી. વાઇબ્રન્ટ ગુજરાત અને ગતિશીલ ગુજરાતની અંદર ઓક્ટોબર અંતિત ૨૦૧૫ના આંકડા બહાર પડ્યા એમાં ૬,૮૪,૦૦૦ બેરોજગાર નોંધાયા છે.

ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

ઉપાધ્યક્ષશ્રીઃ શ્રી શૈલેષભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે, શ્રી સુરેશભાઇ પટેલ.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર વિભાગની માગણીઓ માનનીય મંત્રીશ્રી અને અમારા પ્રદેશ અધ્યક્ષશ્રી વિજયભાઇ રૂપાણી લઇને આવ્યા છે તેને હું સમર્થન કરું છું. તેમાં આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ સ્કિલ ઇન્ડિયા, મેક ઇન ઇન્ડિયા તથા આદરણીય આનંદીબેન પટેલની સરકારના ગતિશીલતા અને રોજગાર માટેની પોલિટિકલ વિલના સ્પષ્ટ દર્શન થાય છે. જ્યારે વાઇબ્રન્ટ ગુજરાતનો શુભારંભ થયો એના પછી ગુજરાતમાં ઉદ્યોગો આવવાની શરૂઆત થઇ અને ઉદ્યોગોને જે પ્રમાણેની સ્કિલ જોઇતી હતી એ પ્રમાણેની સ્કિલ માટેના આ સરકારે પ્રયત્નો કર્યા અને એના ફલસ્વરૂપે ૨૦૦૨થી શરૂઆત કરીને ૨૦૧૪ સુધીમાં ગુજરાત આ દેશની અંદર રોજગારી પૂરી પાડવામાં નંબર વન રહ્યું છે. ૨૦૧૪માં તો ૮૬ ટકા રોજગારી આપી અને બીજા નંબરે ૩ ટકા. આખા દેશમાં ગુજરાત પ્રથમ રહ્યું છે. આ વિકાસની રાજનીતિની વાત થઇ. આને કહેવાય વિકાસની રાજનીતિ. આ શ્રમ અને રોજગારનું બજેટ છે એના ભાગ અને પેટા ભાગ છે. એના ભાગ અને પેટા ભાગની વાત કરીએ તો ભારતીય જનતા પાર્ટીના શાસનની રાજકીય તુલના કરીએ તો અત્યારે વિકાસની રાજનીતિ ચાલે છે અને વિકાસની રાજનીતિ ભારતીય જનતા પાર્ટીએ કરી અને આજે આ ગૃહમાં આપના માધ્યમથી હું કહેવા માગું છું કે ભારતીય જનતા પાર્ટીની એક વર્ષની વિકાસની કામગીરી અને કોંગ્રેસની ૫ વર્ષની ગમે તે વિભાગની કામગીરી સાથે કમ્પેરિઝન કરો અને પછી રાજ નીતિની કમ્પેરિઝન કરો. એને પારદર્શિતાની રાજનીતિ કહેવાય. ગરીબી હટાવવી હોય, આપણને ખબર છે કે પહેલા સૂત્રો ચાલતા 'આધી રોટી ખાયેંગે, કોંગ્રેસ કો લાયેંગે' પણ અત્યારે ગરીબો માટે જે કામ કરીને ગુજરાત નંબર વન રહ્યું છે એના માટે હવે આ દેશના અને ગુજરાતના ગરીબોએ એમનું સૂત્ર બદલ્યું છે. આધી રોટી ખાયેંગે ઔર કોંગ્રેસ કો લાયેંગે ના બદલે 'ભર પેટ ખાયેંગે ઔર મોદીજી કો આગે બઢાયેંગે' આ નવું સૂત્ર ગરીબોએ આપેલ છે. પહેલા કોંગ્રેસે આપેલું પણ હવે ગુજરાતના ગરીબોએ આપ્યું છે. એના કારણે પણ આના માટે પારદર્શિતાની નીતિ જોઇએ અને એના માટે માનનીય મંત્રીશ્રીએ અને ગુજરાત સરકારે જે પ્રયત્નો કર્યા છે એ પ્રયત્નો જોવા જેવા છે. પહેલા તો સરકારી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ ૭૮૬ આઇ.ટી.આઇ. દ્વારા ૧ લાખ ૯૫ હજાર ૯૫૨ તાલીમાર્થીઓ તાલીમ લઈ રહ્યા છે એટલું જ નહીં, ૫ વર્ષમાં ૫૬,૫૮૪ બેઠકોનો દેશમાં સૌથી પ્રથમ જો વધારો કર્યો હોય તો ગુજરાત સરકારે કર્યો છે. આને કહેવાય ગતિશીલતા અને આને કહેવાય સૂઝબુઝની સરકાર. બીજું ડ્રોપ આઉટ યુવાનો હતા એમને શોધી એમને તાલીમ આપવા માટે ૫૦૦ જેટલા કૌશલ્ય વર્ધન કેન્દ્રોની શરૂઆત કરી અને ૧ લાખ ૫૩ હજાર ૭૦૮ તાલીમાર્થીઓને ૨૦૧૫માં તાલીમ આપી અને આની અંદર ૧ લાખ ૭ હજાર ૫૧૭ તો મહિલાઓ છે. (અંતરાય) નવા સભ્યને આપ પ્રોત્સાહન આપો જ છો. સ્કીલ વગરના કામદારો અને વારસદારો નોકરી કરતા હતા, જે કારીગરોને તાલીમ આપી અને ૩૯,૩૭૭ નું મૂલ્યાંકન થઇ ગયું. આ પ્રકારે ગુજરાત સરકારે કર્યું છે. આમાં સરકારની રોજગારી આપવા માટેની જે નીતિ અને નિયત, અહીંથી કહેવામાં આવ્યું, નીતિ અને નિયત ગુજરાત સરકાર સ્પષ્ટ છે અને એની અંદર ગરીબોનું કામ કરવા માટેની આ સરકાર છે. હું છેલ્લે એક વાત કહીશ, અહીંથી કહેવામાં આવ્યું એનો એક દાખલો આપીશ. જ્યારે રાવણ અને કુંભકર્ણ ઇન્દ્રાસન માગવા ગયા તો મા સરસ્વતી એમની જીભ ઉપર બેસી ગયા અને ઇન્દ્રાસનના બદલે નિંદ્રાસન માગ્યું. એ જ રીતે કોંગ્રેસના બે–ત્રણ મિત્રોએ કહ્યું કે ૨૦૧૭ પછી અમે સત્તા ઉપર આવીશું. ૨૧૧૭ એ ૨૦૧૭ પછી આવે. મા સરસ્વતી આ ગુજરાતની જનતાની તરફેણમાં, એના પક્ષમાં કામ કરી રહી છે અને એમની જીભ ઉપર બેસી અને ૨૦૧૭માં ના બદલે ૨૧૧૭ પછી કહ્યું. મને થોડો વધારે સમય આપવા માટે આભાર.

શ્રી નિરંજનભાઇ પ. પટેલ(પેટલાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ભરપેટ ખાંયેગે–નું કહ્યું. ખાવ ભાઇ, રામ–રોટી છે. ભરપેટ ખાવ કૌન ના બોલતાં હૈ! ખાવ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમારાં પક્ષના સાથી સભ્યશ્રીએ ૨૦૦૦થી એસ.ટી.ના આંકડા આપ્યાં. ઉત્તરોત્તર ઘટાડો થયો એ આંકડામાં પડવા નથી માગતો પણ એટલું કહેવા માગુ છું કે, આ જે સંખ્યામાં રૂટો અને એસ.ટી.માં ઘટાડો થયો એની પાછળના કારણોમાં મને એવું લાગે છે કે પ્રજાએ બર્થ ડેમાં જવાનું બંધ કર્યું છે. લગ્ન માતરમાં જવાનું બંધ કર્યુ છે કે શું? વિદ્યાર્થીઓએ ભણવાનું ઓછું કર્યું છે કે શું? કે પછી નોકરી કરનારે ગામડાંમાંથી શહેરોમાં જવા માટે ઓછું કર્યું છે કે શું? કારણ કે વાહનવ્યવહારની અંદર ઘટાડો થાય, એસ.ટી.માં ઘટાડો થાય અને વસતિમાં વધારો થાય એના પ્રમાણમાં વાહનોમાં વધારો થવો જોઇએ એ વિકાસની

ગાથા છે. વિકાસ કોને કહેવાય? ઓછું હોય એને વિકાસ ના કહેવાય. વધારે હોય એને વિકાસ કહેવાય. એનું કારણ છે કે આપણે ગામડાંના ખોટ કરતા જે રૂટો હતા એ બંધ કર્યાં. ગામડાંના લોકો તાલુકાએ આવતા હતા અને તાલુકાના લોકો શહેરોમાં જતા હતા. એ ગામડાંના રૂટો ખોટના કારણે બંધ કરવાથી આ એસ.ટી.ની અંદર આવનારા વ્યક્તિઓનો ઘટાડો થયો. એને કારણે એમને પ્રાઇવેટ બેંકોમાંથી હપતેથી વાહનો વસાવવા પડ્યાં એવું મારું માનવું છે. એસ.ટી. માત્ર નફો કરવા માટેનું જ સાધન નથી. એ આમ-આદમીની, નાનામાં નાના માણસની સેવા કરવા માટેનું સાધન છે એ અભિગમ એસ.ટી. અપનાવે એવું મારું સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઊભા થઇને બોલે છે કે, આ સરકાર સંવેદનશીલ છે. સારી વાત છે. સંવેદના હોવી જોઇએ અને હોય એ સારી વાત છે. ભૂતકાળની સરકારો સંવેદનશીલ હતી અને આ સરકાર પણ સંવેદનશીલ છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપને કહેવું છે કે એક ડેપો પર ૧૦૦ પાસ કાઢ્યાં હોય અને એ રૂટની અંદર રસ્તામાં એમાં બીજા ગામડાં જોડાતા હોય છે. એક રૂટની અંદર ૫૦ થી ૫૫ વિદ્યાર્થીઓ બેસી શકે અને પાસ ૧૦૦ કાઢ્યાં હોય છે. પ્રશ્ન આવે છે એનો અમે અભ્યાસ કરીએ છીએ. ૧૦૦ પાસ કાઢ્યાં હોય અને પૈસા એડવાન્સ લીધા હોય, એક બસ મૂકી હોય તો શું વિદ્યાર્થીઓ માટે અને રસ્તામાં ચઢતાં પેસેન્જરો માટે આપણે શું સંવેદના ના રાખી શકીએ? આપણે જો સંવેદનશીલ હોઇએ તો બાકીના વિદ્યાર્થીઓ માટે અને બાકીના પેસેન્જરો માટે સંવેદનશીલ બનવું પડે. બસોના રૂટો ઓછા હોવાથી ભીડ વધે છે. એમાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ બેસે છે અને બહુજ ગીર્દી થાય છે એનાથી ભીચડાય છે તો શું એમની ગીર્દી ઓછી થાય, મોકળાશથી બેસે એના માટે આપણે સંવેદનશીલ ના થઇ શકીએ? અનિયમિત રૂટોના કારણે જે રૂટો નિયમિત નથી ચાલતાં એને કારણે વિદ્યાર્થીઓને બ-બે પિરિયડ શરૂઆતના છોડવા પડે છે અને વહેલી બસ જતી હોવાથી છેલ્લે વિદ્યાર્થીઓને બ-બે પિરિયડનું ભણતર છોડવું પડતું હોય છે તો શું એ લોકોના ભણતર બગડે છે એના માટે આપણે સંવેદનશીલ ના થઇ શકીએ?

માનનીય અધ્યક્ષશ્રી, બસો દ્વારા જે લોકો રોજગારી મેળવતાં હોય છે એ બસોની અનિયમિતતાના કારણે એ ત્યાં મોડા પહોંચે છે અને તેમને તે ઘડીએ બ-બે-ત્રણ ત્રણ કલાકની ગેરહાજરી મૂકે છે અને એમનો પગાર કપાય છે અને ઉત્પાદનમાં એટલું ઉત્પાદન ઓછું થાય છે તો રાષ્ટ્રીય નુકસાન થતું હોય, પેલા લોકોનો પગાર બસોની અનિયમિતતાના કારણે થતું હોય તો એના માટે આપણે સંવેદનશીલ ના થઇ શકીએ? આપણે સંવેદનશીલ થઇ શકીએ કે ના થઇ શકીએ? માનનીય અધ્યક્ષશ્રી.

માનનીય અધ્યક્ષશ્રી, ડિઝલના ભાવ ઘટ્યાં તો એના પ્રમાણમાં ભાડાના ભાવ ઘટવા જોઇએ. આ ઇકોનોમિક્સનો નિયમ છે. ભાઇ, ભાડું ઘટવું જોઇએ ડિઝલના ભાવ ઘટવાના કારણે, પણ એ ના ઘટ્યું અને પ્રવાસીઓને આપણે લાભ ના આપ્યો તો એના માટે આપણે સંવેદનશીલ ના થઇ શકીએ?

માનનીય અધ્યક્ષશ્રી, ખાનગી બસોમાં જે સુવિધાઓ મળે છે, શું આપણો વિભાગ એ સુવિધાઓ આપી અને પેસેન્જરો માટે સંવેદનશીલ ના થઇ શકે? થઇ શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, બ્રેક વગરની બસો, સાઇડ લાઇટ વગરની બસો, સ્પેર વ્હીલ વગરની બસો, હોર્ન વગરની બસો અને પસેન્જરને ચઢવા ઉતરવાની વખતે વચ્ચો વચ ઉભી રહેતી બસો જે આગળ અને પાછળના ટ્રાફિકનો સમય બગાડે છે અને એનું કરોડો રૂપિયાનું ગુજરાતનું ડિઝલ બાળ્યા કરે છે. તો શું એ બચે એના માટે સંવેદનશીલ ના થઇ શકીએ આપણે ? આ સરકાર સંવેદનશીલ છે માટે આ બધું કહું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વચ્છતા અભિયાન, આપણા વડાપ્રધાને સ્વચ્છ ભારત અભિયાનની આપણને બહુ મોટી સારી વસ્તુ આપી છે. શું આપણે ગુજરાતને સ્વચ્છ ગુજરાત બનાવવું હોય તો પહેલાં આપણાં જે વિભાગો છે સરકારના એને સ્વચ્છ બનાવવાનું અભિયાન નહીં શરૂ કરવું પડે આપણે ? કરવું પડશે. સ્વચ્છ બસ સ્ટોપ બનાવવા પડશે, બસ ડેપો સ્વચ્છ બનાવવા પડશે, જાજરુ-બાથરૂમ સ્વચ્છ બનાવવા પડશે, કેન્ટીનો સ્વચ્છ બનાવવી પડશે અને ડેપોના પ્રિમાઇસીસમાં જે પોતાની હદની વસ્તુ છે એની અંદર પણ સ્વચ્છતા ઉભી કરવી પડશે અને બસોને સ્વચ્છ રાખીશું તો પ્રજાને મેસેજ જશે કે, સરકારનું તંત્ર સ્વચ્છ થયું છે, ચાલો આપણે પણ સ્વચ્છ કરીએ અને અંદર ગંદકી ના કરીએ. તો એના માટે સંવેદનશીલ નહીં બની શકીએ શું આપણે ?

માનનીય અધ્યક્ષશ્રી, સૂત્રો બહુ સારા હોય છે. દરેક રાજકીય પક્ષો સૂત્રો આપતા હોય છે અને સૂત્રો આપવા જોઇએ. રાજકીય પક્ષ ચલાવવો હોય તો સૂત્રો આપવા પડે. સરકાર ચલાવવી હોય તો સૂત્રો આપવા પડે, પણ એમાં મારું કહેવું છે કે, ગતિશીલ ગુજરાત , વાઇબ્રન્ટ ગુજરાત, મેક ઇન ઇન્ડિયા, સ્કીલ ઇન્ડિયા, સ્ટાર્ટ અપ ઇન્ડિયા, યુથ ઇન્ડિયા, સ્ટેન્ડ અપ ઇન્ડિયા, સૌનો સાથ- સૌનો વિકાસ સૂત્રો બહુ સારા છે. બધાને ગમે છે, કોઇને નથી ગમતું એવું છે નહીં, અમને પણ ગમે છે પણ માનનીય અધ્યક્ષશ્રી, એ સૂત્રો સારા છે, પણ એ પ્રજાને આપવા પડે એ જરૂરી છે, પણ એ સૂત્રોનું પાલન થવું જોઇએ અને એ તંત્રને સૂત્રો પળાવવા પડે અને તંત્રને ચેતનવંતુ બનાવવું પડે તો એ સૂત્રો સાર્થક થયા ગણાય.

મારે આપને એ કહેવું છે કે, આર.ટી.ઓ.ની અંદર બોલશે હમણાં કે, વર્લ્ડ કલાસ બસ સ્ટેન્ડો બનાવ્યા, વર્લ્ડ કલાસ એકસપ્રેસ હાઇ-વે બનાવ્યો, એગ્રી બનાવ્યા છે આપણે પણ તેની પર ચાલતા વાહન વ્યવહારના ડ્રાયવરો અને સિસ્ટમ આપણે વર્લ્ડ કલાસ બનાવી? એ નથી બનાવી શક્યા આપણે. એની અંદર વર્લ્ડ કલાસ સિસ્ટમના નિયમો, કલાસ- વન સિસ્ટમના ડ્રાયવરો નહીં બનાવીએ તો એ યોજનાઓ ફેઇલ જશે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય શ્રી સંજયભાઇ પટેલ.

શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નર્મદા વિભાગની માગણી નંબર ૬૫ લઇને આવ્યા છે જેમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

ફાલ્ગુન ૨૫, ૧૯૩૭ શાકે

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજના એ ગુજરાત સહિતના ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન એવા ચાર રાજ્યોને જોડતી બહુહેતુક યોજના છે. અને એના કારણે ગુજરાતના ૧૭ જિલ્લા, ૭૪ તાલુકા અને ૩૧૧૨ ગામડાંઓને સિંચાઇનું પાણી તેમજ ૯૪૯૦ ગામોને, ૧૭૩ શહેરોને પીવાનું પાણી પહોંચાડનારી આ યોજના હોવાના કારણે સાથે સાથે આ યોજનામાં સિંચાઇ માટેનો જે વિસ્તાર સમાવિષ્ટ કરવામાં આવ્યો છે એમાં ૭૦ ટકા વિસ્તાર એવો છે કે, જેમાં વરસાદનું પ્રમાણ ખૂબ ઓછું છે. તેના માટે આ યોજનાની અગત્યતા સમજીને ભારતીય જનતા પાર્ટીની સરકાર એમાંય આપણા હાલના વડાપ્રધાન અને તે વખતના તત્કાલિન મુખ્યમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ યોજના ખૂબ ઝડપથી પૂરી થાય એના માટેના ખૂબ પ્રયત્નો કરીને આ યોજના વહેલી તકે સાકાર થાય એવા પ્રયત્નો કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, તા. ૧૮-૧૦-૨૦૦૦ના રોજ નામદાર સુપ્રિમ કોર્ટના ઐતિહાસિક ચૂકાદા અનુસાર મુખ્ય બાંધકામ જળ વિવાદ પંચના ચૂકાદા પ્રમાણે પૂર્ણ કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો. આપણને બધાને ખબર છે કે, જયારે આ કમિટી મળી અને એ વખતે કોની સુચનાની, કઇ બાજુ વોટ આપવો, આ બાજુ આપવો, પેલી બાજુ આપવો એ નકકી કરીને આજે આ *(xxx)

ઉપાધ્યક્ષશ્રી : *(xx)એ શબ્દ રેકર્ડ પરથી દૂર કરું છું.(અંતરાય) ભાવ જોવાતો નથી, શબ્દો જોવાય છે માનનીય મંત્રીશ્રી.

શ્રી સંજયકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજનાનું કામ મકકમ ગતિએ આગળ વધે એના માટે જયારે મુખ્યમંત્રીશ્રી વડાપ્રધાન બન્યા એ વખતે દરવાજા બેસાડવાનું જે કામ હતું, હમણા જ માનનીય શકિતસિંહજી આ વિશે વાત કરતા હતા કે હું આર.ટી.આઇ.માં માહિતી માગીને લઇ આવ્યો છું. મેં ઇન્દોરથી મંગાવી છે. હું નવો સભ્ય છું પરંતુ માનનીય મોદીસાહેબ જયારે મુખ્યમંત્રીશ્રી હતા અને અમારા સરકારના મંત્રીશ્રીઓએ પણ જે તત્કાલિન કોંગ્રેસની સરકાર હતી એની પાસે નર્મદા ડેમના દરવાજા બંધ કરવાની પરવાનગી નહોતી માગી, તમારી પાસે ફકત ને ફકત ડેમના દરવાજા બેસાડવા માટેની મંજૂરી માગી હતી. તમે એ પણ મંજૂરી નહોતી આપી. એમાં કંઇ તકલીફ પણ નહોતી છતાંપણ કદાચ આ નર્મદા ડેમના દરવાજા બેસી જશે, આ નર્મદા ડેમના દરવાજા બેસવાથી ગુજરાતની પ્રજાનું ભલું થઇ જશે અને આપણને વોટ નહીં મળે એ માનસિકતા સાથે તમે મંજૂરી ન આપી અને આજે આપણા મુખ્યમંત્રીશ્રી દેશના વડાપ્રધાન બન્યા અને માનનીય આનંદીબેને મુખ્યમંત્રીશ્રી તરીકે રજૂઆત કરી અને ફકત ૧૭ દિવસના ગાળામાં આપણને એની મંજૂરી આપવામાં આવી. તા. ૧૨-૬-૨૦૧૪ના દિવસે નર્મદા કન્ટ્રોલ ઓથોરીટીએ એની મંજૂરી આપી અને આજે એનું કામ શરૂ કરવામાં આવ્યું છે. ડિસેમ્બર-૨૦૧૫ સુધી ૨૯ પિલર્સની સંપૂર્ણ ઉંચાઇ સુધી એનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. સાથેસાથે પૂલના સ્લેબના ૨૪ ગાળાનું કામ પણ આ સરકાર દ્વારા પૂર્ણ કરવામાં આવ્યું છે. આ સાથેસાથે બે પિયર્સ વચ્ચે રેડીયલ ગેટ લગાવવાનું કામ પણ હાલ પ્રગતિમાં છે. બીજી પણ એક વાત થઇ કે નહેરોના કામો ઘણા બધા બાકી છે. આ સભાગૃહને હું માહિતી આપવા માગું છું કે મુખ્ય નહેરોના જે ૪૫૮ કિલોમીટરની લંબાઇના કામ પૂર્ણ કરવાના હતા તે આ ગૃહને હું ગૌરવ સાથે કહું છું કે આ સરકાર દ્વારા ૪૫૮ કિલોમીટરનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. શાખા નહેરોના કામો જે ૨૭૩૧ કિલોમીટરના પૂર્ણ કરવાના હતા એમાંથી ૯૧ ટકા કામો એટલે કે ૨૪૮૮ કિલોમીટર લંબાઇનું કામ આ સરકાર દ્વારા પૂર્ણ કરવામાં આવ્યું છે. વિશાખાઓમાં પણ ૪૫૬૯ કિલોમીટરની લંબાઇનું કામ પૂરું કરવાનું હતું એમાંથી ૩૮૩૦ કિલોમીટર એટલે કે ૮૪ ટકા કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. સાથેસાથે પ્રશાખાઓનું કામ પણ ૭૦ ટકા જેટલું પૂર્ણ કરવામાં આવ્યું છે. સાથેસાથે બીજી પણ હમણા વાત થઇ કે મુખ્ય નહેરોનું કામ, પ્રશાખાઓનું કામ, શાખા નહેરોનું કામ બાકી છે તો કચ્છ શાખા નહેરનું સાંકળ ૧૪૪ થી ૧૬૮ કિલોમીટરની લંબાઇનું કામ એટલા માટે બાકી રહ્યું હતું કે કચ્છ રણ વન્ય પ્રાણી અભ્યારણ્ય એટલે કચ્છ ડેઝર્ટ વાઇલ્ડ લાઇફ સેન્ચ્યૂરી અને ખાનગી માલિકોના ખેતરમાંથી આ પસાર થતી હતી અને એની મંજૂરી લેવા માટે સરકાર દ્વારા કેન્દ્ર સરકારમાં દરખાસ્ત કરવામાં આવી હતી. આજે એની સમયસર મંજૂરી ન મળી પરંતુ જયારે આપણા મુખ્યમંત્રી દેશના વડાપ્રધાન બન્યા ત્યારે ડિસેમ્બર-૨૦૧૫માં એની આપણને મંજૂરી આપવામાં આવી છે અને આજે કામ ચાલુ છે અને એનું કામ ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે. સાથેસાથે કચ્છ જિલ્લામાં પાણી પહોંચાડવા માટે એ વિસ્તારો ઉંચા લેવલે હોઇ એની શાખા નહેરની સાંકળ ૧૦૦ કિલોમીટર અને એકસો અગિયારે જે પમ્પીંગ સ્ટેશન મૂકવાની કામગીરી કરી અને પાણી પહોંચાડવાનું છે તો આ ત્રણે ત્રણ પમ્પીંગ સ્ટેશનનું કામ આ સરકાર દ્વારા પૂર્ણ કરવામાં આવ્યું છે અને વહેલામાં વહેલી તકે એમાં પાણીનું વહન કરવાનું શરૂ કરવામાં આવશે. આ સિવાય નર્મદાને કારણે જે વિદ્યુત મથકો સ્થાપવામાં આવ્યા છે એના કારણે આજે ૧૪૫૦ મેગાવોટની ક્ષમતાવાળા વિદ્યુત મથકોનું સ્થાપન કરીને વિદ્યુત મેળવવામાં આવે છે. સાથે સાથે મિયાગામ શાખા નહેર, વડોદરા શાખા નહેર, સૌરાષ્ટ્ર શાખા નહેર અને કચ્છ શાખા નહેરો ઉપરના નાયના હાઇડ્રો પાવરોનું કામ સ્થાપિત કરીને અને એને પૂર્ણ કરવા માટેના ઇજારાઓ આપીને ટૂંક સમયમાં એનું કામ કરવામાં આવશે. આ નર્મદાના ડેમના કિનારે આપણા લોખંડી પુરુષ અને ગુજરાતના સપૂત અને વિશ્વ ફલકના માનવી એવા સરદાર સાહેબની પ્રતિમા મુકવાનું કામ આ સરકાર દ્વારા કરવામાં આવનાર છે. જ્યારે આ પ્રતિમા મુકવાની શરૂઆત કરવામાં આવી તે વખતે આ સામેના મિત્રોએ, એમના નેતાઓએ આજે એવી વાત કરી હતી કે આ ભાજપના લોકો ભંગાર ઉઘરાવવા માટે નિકળ્યા છે. આજે જો સરદાર સાહેબની પ્રતિમાં બનતી હોય, ૧૮૨ મીટર ઊંચી પ્રતિમા બનતી હોય એ વખતે તમે મત માટે જઇ સરદારના નારા બોલાવવાની વાત કરો. તમે પૂછીને જુઓ કે તમારી સરકારની અંદર આજે કોંગ્રેસનું શાસન હતું સરદાર સાહેબને કોઇ દિવસ કયારેય પણ યાદ કર્યા? તમે કોઇ દિવસ ભારતરત્ન આપવાની ચિંતા કરી? આજે કોણે ભારતરત્ન આપ્યો? આજે એ કામ બિન કોંગ્રેસી

---

*આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સરકાર દ્વારા કરવામાં આવ્યું છે એનું અમને ગૌરવ છે. બાકી તમે પાટીદારની વાત કરતા હોય તો મારે તમને પૂછવું છે કે એવી કંઇ વસ્તુ છે કે જે તમે પાટીદાર સમાજને આપી છે અને ભાજપે પાછી લઇ લીધી છે? એવી એક પણ વાત બતાવો? ખાલી વાતો કરવાની? અમને બધાને ગૌરવ છે. આણંદ જિલ્લાનો વતની છું. સરદાર સાહેબ અમારા વિસ્તારના છે. સરદાર સાહેબની ૧૮૨ મીટરની પ્રતિમા બનતી હોય, અમારા બધા માટે સમગ્ર ગુજરાત માટે ગૌરવની બાબત છે. આ જે માગણીઓ માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે એ બિલકૂલ યોગ્ય છે. સરદાર સાહેબ સાથે જોડાયેલી આ યોજના છે. બધાને માટેની યોજના છે. અગાઉ તમે કહો છો તેમ કાપ દરખાસ્તો પાછી ખેંચીને મંજૂર કરી છે તેવું જ કરશો તેવી વિનંતી.

શ્રી ગોવાભાઇ હ. રબારી(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રી શ્રી જુદી જુદી માગણીઓ ૬૫, ૬૭, ૭૪, ૫૭ લાવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરવા ઊભો થયો છું.

નર્મદાની ઘણી બધી વાતો કરી. અમારા શક્તિસિંહભાઇએ વાત કરી એમાં સૂર પુરાવું છું. વાસ્તવિકતાની વાત કરું છું. બનાસકાંઠાની અંદર નર્મદા આવી ત્યારે એનો સરવે થયો, કેનાલ બની ત્યારે તેનો કમાન્ડ નક્કી કરેલ હતો. નર્મદાનું પાણી આવશે ત્યારે પ્રથમ કમાન્ડ નક્કી કરેલ છે તેને પહેલું પાણી આપવામાં આવશે. આજે પણ બનાસકાંઠાનો વિસ્તાર જે દોઢ તાલુકો આવે છે એના ૪૦ ટકા પણ હજુ પાણી મળ્યું નથી. ૪૦ ટકા બ્રાન્ચ કેનાલો બની નથી અને જે બની છે તે રોજ છાપામાં જોતા હશો કે ટેસ્ટ કર્યો નથી અને તૂટી નથી. તૂટે એનો વાંધો નથી, પણ તૂટ્યા પછી ખેતરમાં ખેડૂતનો પાક વાવેલો છે તે ખેડૂતનો પાક સાફ થઇ જાય છે. અમે રજૂઆત કરીએ છીએ ત્યારે અધિકારીઓ કહે છે કે આવી કોઇ જોગવાઇ નથી. સરકારે જોગવાઇ કરવી જોઇએ. જે કોન્ટ્રાક્ટરે ખરાબ કામ કર્યું છે એની પાસેથી વસૂલ કરો. કોઇ અધિકારીએ ભૂલ કરી છે તો એની પાસેથી વસૂલ કરો. આ કોઇકના પાપે ખેડૂતને શા માટે કનડગત કરો છો? ખેડૂત એના બાળબચ્ચા ધૂળમાં પડીને મજૂરી કરીને એ કામ કરે છે. દરેક કેનાલ તૂટી જાય અને ખેડૂતનો સત્યાનાશ થઇ જાય. એને કોઇ વળતર નહિ મળે. એના માટે કોઇ કાયદો, નિયમો નથી? કેમ તૂટી એની તપાસ થાય છે. તપાસનો અહેવાલ ૧૫ વર્ષે આવશે અને ત્યાં સુધી તો ખેડૂત હશે કે કેમ એ પણ જોવાનું છે. એના માટે સુધારો લાવીને ખેડૂતને પૂરેપૂરું વળતર આપવું જોઇએ. વાવ તાલુકાનું જલોયા ગામ છે એના પછી પાકિસ્તાન લાગે છે. ત્યાં આગળ આપણી હદ નથી. આજે પણ એને પીવાનું પાણી મળતું નથી. કહે છે કે તમારું લેવલ ઊંચું છે. લેવલ ઊંચું હોય તો જમીનમાં પાઇપલાઇન નાખો. ખેતરે ખેતરે પાઇપલાઇન નાખીને પાણી આપો છો. એમાં હજારો કરોડો રૂપિયા જાય છે. આ તો ૫–૨૫ કરોડનો સવાલ છે. એમાં કોઇ જોતું નથી. સંજયભાઇએ કહ્યું આટલા કિલોમીટર કેનાલ બની. સંજયભાઇ મારે ત્યાં જોવા આવો ત્યાં તો ખેડૂતો રોવે છે. જે કમાન્ડ છે, બોર્ડરનો એરિયા છે જે સ્વપ્ના જુએ છે કેનાલ આવશે. મારા પરિવારનો ઉદ્ધાર થશે અને હું ખેતી કરીશ. આજે પણ એ એમને એમ બેઠો છે. કેનાલનું પાણી મળતું નથી. એટલા માટે આવી નાનામાં નાની હકીકત છે. આમાં પ્રસિદ્ધિ મળે છે તો આ કેનાલને અહીં લંબાવી દો અને પાઇપલાઇન અહીંયાં આપી દો, તમે આપો તેનો વાંધો નથી પણ જે નકકી કરેલો કમાન્ડ વિસ્તાર છે તેને તો કમસેકમ ફાળવી આપો. લોકો વર્ષોથી રાહ જોઇને બેઠા છે. ખેતર તરફ જુએ છે પણ પાણી નથી આવતું. આ વાસ્તવિકતા તરફ જઇને ખેડૂતો માટે કંઇક વિચારવું જોઇએ. બીજા બધા મંત્રીશ્રીઓ છે, બાપુ તમારે વિચારવું જોઇએ. તમે તો ત્યાં ફરેલા છો અને બધું જોયેલું છે. ૨૦૦૭ની અંદર હજારોની મેદનીની અંદર જાહેરમાં કહેવામાં આવ્યું હતું. સીપુ અને બનાસ ડેમ બનાસકાંઠાની અંદર આવેલા છે. આ બે ડેમ ભરવાની ૨૦૦૭માં જાહેરાત કરી હતી અને કહ્યું હતું કે આ બે ડેમ નર્મદાના પાણીથી ભરાશે અને આ બે નદીઓ બે કાંઠે ચાલશે. એટલે ખેડૂતો તો ગાંડા થઇ ગયા, કહે કે આપણું તો કામ થઇ ગયું. નદી બે કાંઠે ચાલશે એટલે અમારું તો કલ્યાણ થઇ ગયું. હજું એમને એમ છે. નદીની રેત હાલી હોત તો એમ થાત કે પાણી આવ્યું છે. એક પાઇપલાઇન નાંખી છે. તેમાં પીવાનું પાણી પૂરું થાય નહીં તે જાતની પાઇપલાઇન થોડા દિવસ ચાલી પછી કંઇક ખોટકાણ થયું છે. આ લીફ્ટ કર્યુ છે. આ ત્રણ જગ્યાએ લીફ્ટ કરી છે. નરોત્તમકાકા તે વખતે મિનીસ્ટર હતા અને મેં તે વખતે ૨૦૦૬માં કહ્યું હતું કે કાકા નેવાના પાણી મોભે ન ચઢે. તો કહે કે અમે ચઢાવશું અને આ ચઢાવ્યાં. નેવાના પાણી કોઇ દિવસ મોભે ચઢે? દક્ષિણમાંથી પૂર્વમાં પાણી લઇ ગયા. ડેમમાં નાંખ્યું ખરું પણ પાઇપો બધે જ તૂટી ગઇ. આજે દસ દિવસ પાણી નીકળ્યું ને એમને એમ જ પડયું છે. ભાઇ જેને વીતે છે તેને ખબર છે. હાલ બે ડેમોમાં પાણી નાંખે તેવી મારી વિનંતી છે. અત્યારે હાલ નર્મદાનું પાણી બંધ કરવાની સૂચના આપી છે. આવતા મહિનાથી બંધ થઇ જશે તો મારી દરેકને વિનંતી છે કે નર્મદાનું થોડું પાણી આવ્યું એટલે આજુબાજુના ખેતરોવાળા પોતાના ખેતરોમાં પશુ તથા કુટુંબ સાથે રહેવા જતા રહ્યા. હવે તમે કહો કે નર્મદાનું પાણી બંધ થાય છે. તો તે લોકોને પીવું શું? ઢોરને શું પાશે અને જે પાક ઉભો છે તે બળી જશે. એટલે એક જાતનો ફતવો નાંખ્યો છે કે પહેલી તારીખથી નર્મદાનું બિલકૂલ પાણી નહીં મળે. તો આ ખોટી હેરાનગતિ છે. આ ખેડૂત તો મરી જશે. તે ખેતરમાં રહે છે. તે પીવાના પાણીનાં વલખાં થઇ જશે. જયાં પાણી પુરવઠાની બે જૂથ યોજનાઓ ચાલે છે તે દેવપુરા ભટાસણા વાવ તાલુકાની છે તે યોજનાની અંદર ચાલુ થઇ ત્યારથી કેનાલનું ડાયરેકટ પાણી પીવામાં આપવામાં આવે છે. તેની અંદર રોઝ મરેલાં આવે, ભૂંડ મરેલાં આવે, લોકો જોતા હોય છે. તેમાં ડાયરેકટ પીવાનું પાણી આ યોજનાઓમાંથી આપવામાં આવે છે. આમાં કયો ગ્રહ નડે છે.

ઉપાધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટ છે.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, બીજી બે મિનિટ વધારે આપો. હું સાચી વાત કરું છું. આ ડાયરેકટ પાણી લોકો પીવે છે. ખરેખર રીફાઇન્ડ કરીને પાણી આપવું જોઇએ. કમસેકમ ખેતીનું ન આપો તો પીવાનું તો આપો. આજે પણ ૬ કિલોમીટર ડીસાથી જે જૂથ યોજના ચાલુ હતી તેનું લોકો પાણી પીવે છે. આજે તકલીફ એ છે કે ડીસામાં પાણીના તળ નીચે જતા રહ્યા. કારણ કે ૪૦ બોર હતા એટલે નદી જેટલું પાણી રોજ ત્યાં જાય. નર્મદા નદીનું પાણી ત્યાં આપીને ડીસાને તો બચાવો. ડીસા

તાલુકાના પાણી તમારા હિસાબે ડીપમાં, ઉંડા જતા રહ્યા. તેના માટે ડીસાની યોજના બંધ કરી જે બે યોજના ચાલુ છે તેમાં રીફાઇન કરવાના મશીન અને બીજી જે તકલીફ હોય તે દૂર કરી લોકોને ચોખ્ખું પાણી આપે તેવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વાહન વ્યવહારની વાત કરું તો જે બસો છે. ૨૦ વર્ષ ૨૫ વર્ષ પહેલાં અમારા ગામડાંમાં લોકો કહેતા કે એસ.ટી. મળે તો બીજામાં ન બેસાડતા. કારણકે એસ.ટી.માં એટલો ભરોસો અને વિશ્વાસ હતો. બસમાં જાય તો ઠેકાણે આપણું બાળક પહોંચી જશે. આજે ઉલટું થઇ ગયું. બસમાં ન બેસાડતા, કયાંક બંધ પડી જશે, કયાંક ખોટવાઇ જશે તેના કરતાં તો પ્રાઇવેટમાં બેસાડજો. આજે ઉલટું થઇ ગયું. લોકોનો વિશ્વાસ ઉઠી ગયો છે. લોકોનો વિશ્વાસ હતો તે વિશ્વાસ ફરી પેદા થાય તેના માટે મારી મંત્રીશ્રી સાહેબને વિનંતી છે કે ખાસ તો જે ગામડું મેઇન રોડ થી બે–ત્રણ કિલોમીટર દૂર છે તે ગામની અંદર બસો જતી નથી. રોડે રોડ જઇ પાછી આવે છે. હવે પેલો માણસ બે–ત્રણ કિલોમીટર ચાલે તેના કરતાં તો પ્રાઇવેટમાં જ બેસી જાય છે. આપણી જે સુવિધા હતી કે તમામ ગામે ગામ બસો જતી હતી, રાત્રે નાઇટ હોલ્ટ બસો કરતી હતી. બાળકો ભણવામાં અને એકબીજા ગામ જવા માટે બસની મોટી સુવિધા હતી તે આજે બંધ થઇ ગઇ છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. વિરામનો સમય થયો છે. ગૃહ ફરીથી ૩.૧૫ કલાકે મળશે.

(વિરામ ૨.૩૦ થી ૩.૧૫)

માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને

શ્રી સતિશભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વાહન વ્યવહાર વિભાગની માગણી નંબર ૭૪ લઇને આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપુ છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એસ.ટી.ના હુલામણા નામે લોકોના જીભે વસેલ એસ.ટી. નિગમ દૈનિક ૨૩ લાખ પેસેન્જરોને સેવાઓ પૂરી પાડે છે, જેનું વાર્ષિક ટર્નઓવર ૨૭૭૮ કરોડનું છે. આ ઉપરાંત ૨૮ લાખ કિલોમીટરનું સંચાલન કરીને ૯૮ ટકા ગામો અને ૯૯ ટકા પ્રજાને અવર જવર માટે આ સેવાઓ પૂરી પાડે છે. એસ.ટી.નિગમ દ્વારા આ જે સેવાઓ પૂરી પાડવામાં આવે છે એ નહીં નફા–નહીં નુકસાનના ધોરણે સેવાના રૂપે આ સેવાઓ પૂરી પાડવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ નિગમ વિદ્યાર્થીઓ, અંધજનો, વિકલાંગો, સ્વાતંત્ર્ય સેનાનીઓ, પત્રકારો વગેરેને રાહતદરે સેવા આપીને રાજયના સામાજિક, આર્થિક તેમજ શૈક્ષણિક ક્ષેત્રમાં મહત્વનું યોગદાન આપે છે એ આ ભારતીય જનતા પાર્ટીની દેન છે. હાલમાં ઇન્ટરનેટના માધ્યમથી ઓનલાઇન ઇ–ટિકિટ, વિદ્યાર્થીઓને પાસ કાઢી આપવાની સેવાઓ ઉપલબ્ધ કરી આપેલ છે. બસ સ્ટેશનો ઉપર તમામ સેવાઓ મળે તે માટે એરપોર્ટ જેવી સુવિધાઓ પૂરી પાડવા માટે રાજયમાં ૬ બસ સ્ટેશનો આંતર રાષ્ટ્રીય કક્ષાના બનાવવામાં આવેલ છે એ ખરેખર ખૂબ જ પ્રસંશનીય છે. વડોદરા જિલ્લામાં અમારા વડોદરામાં જે બસ સ્ટેશન બનાવ્યું છે તેમાં તમામ સુવિધાઓ સાથે સુંદર બસ સ્ટેશન એરપોર્ટ સમાન બનાવેલ છે એ આ ગૃહના સભ્યો જોવા આવશે તો ખબર પડશે કે પહેલાનું બસ સ્ટેશન કેવું હતું અને અત્યારનું જે બસ સ્ટેશન બનાવ્યું છે એ કેવું છે? એની અંદર જે સેવાઓ છે એ ખરેખર ખૂબ જ પ્રશંસનીય છે. નિગમની બસમાં પણ જી.પી.એસ. સિસ્ટમ ફીટ કરેલ છે તેમજ નિગમના બસ સ્ટેશન પર સલામતીને ધ્યાનમાં રાખીને ૬૦ બસ સ્ટેશનો ઉપર સી.સી.ટી.વી. કેમેરાઓની સુવિધા આપણને આપવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વાહન વ્યવહાર વિભાગ દ્વારા અગાઉ લાયસન્સ ચોપડી એટલે કે બૂકના સ્વરૂપમાં આપવામાં આવતું હતું. અત્યારે ડ્રાઇવિંગ લાયસન્સ પણ સ્માર્ટ કાર્ડના સ્વરૂપમાં આપવામાં આવે છે અને સ્પિડ પોસ્ટ દ્વારા ઘરે પહોંચાડવામાં આવે છે. આર.ટી.ઓ. ઓફિસનું આધુનિકીકરણ કરવા માટે પણ રાજય સરકારે ૫૩ કરોડની જોગવાઇ આ બજેટમાં કરેલ છે. ૮ કચેરીઓનું આધુનિકીકરણ કરવા માટે અને ૧૫ નવનિર્મિત કચેરીઓ બનાવવા માટેની જોગવાઇ પણ આ બજેટમાં કરવામાં આવેલ છે. રાજયમાં હવે પછીના દિવસોમાં વાહનોની ફિટનેશ કરવાનું આયોજન પણ આ સરકારે કરવાનું નક્કી કરેલ છે. જેમાં સુરત ખાતે આ કામ કાર્યરત થઇ ગયેલ છે. પહેલા આપણે જ્યારે ફિટનેશ તપાસવાનું હોય ત્યારે આપણે દવાખાને જઇને આપણું ફિટનેશ કરાવતા હોઇએ છીએ એજ રીતે હવે બસનું પણ ફિટનેશ કરાવવાનું આ સરકારે નક્કી કરેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઓટોમેટિક ડ્રાઇવિંગ ટેસ્ટ ટ્રેકનું કામ ૨૦ આર.ટી.ઓ. કચેરીમાં પૂર્ણ થયેલ છે. આર.ટી.ઓ.વાહનની નોંધણી તેમજ લાયસન્સની પ્રક્રિયાનું સંપૂર્ણ રેકોર્ડ ડિઝિટલાઇઝેશન કરીને એક મોટી કામગીરી કરવામાં આવેલ છે. મંત્રીશ્રીના અધ્યક્ષપણે રોડ શેફ્ટી કાઉન્સિલ કાર્યરત થયેલ છે જે ખરેખર ખૂબ મહત્વની વાત છે. માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તાર કરજણની અંદર ડેપો વર્કશોપની સફાઇમાં ગુજરાત રાજયની અંદર અમારો ડેપો પ્રથમ ક્રમે આ સ્પર્ધાની અંદર આવેલ છે. આ નવી પેઢીને ટ્રાફિકનું શિક્ષણ મળે માટે શાળાની અંદર રાજય સરકાર તરફથી પુસ્તકો છપાવીને વિદ્યાર્થીઓને આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત ટ્રાફિક એજયુકેશન અને અવેરનેસ મોબાઇલ નામનો નવીન પ્રયોગ રાજયની અંદર શરૂ કરવામાં આવેલ છે. હું ગામડાંમાંથી આવુ છું અને પહેલાં એક સરપંચ તરીકે ગામમાં સેવા આપતો હતો ત્યારે કોઇ મિટિંગ હોય અને કરજણમાં જવાનું હોય તો બસમાં જઇએ તો બસની અંદર હોર્નનો અને બીજો એટલો બધો અવાજ આવે અને ધૂળ પણ એટલી ઉડે કે આપણે બીજા કપડા સાથે લઇ જવા પડે અને બીજા કપડા બદલી અને પછી મિટિંગમાં જવું પડે. પરંતુ અત્યારે એટલી સુંદર વ્યવસ્થા કરી છે કે ધૂળ પણ ના ઉડે એવી રસ્તાઓની સુંદર વ્યવસ્થા આ સરકારે કરી છે. આપણા રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી અને ગતિશીલ ગુજરાતના પ્રણેતા આદરણીય આનંદીબહેન દ્વારા ગુજરાત રાજયની માર્ગ સલામતી નીતિ જાહેર કરવામાં આવી છે. જેવી કે, કાયદાકીય, સંસ્થાકીય અને નાણાકીય ફ્રેમવર્ક મજબૂત કરવું, માર્ગ સલામતી, શિક્ષણ અને તાલીમ, સલામત રોડ

ઈન્ફ્રાસ્ટ્રકચરની ખાતરી, વાહનોની સલામતી અંગેની ચકાસણી, કુશળ ડ્રાયવરોની નિમણૂક કરવી, રસ્તાના વપરાશકારોની સલામતી, ટ્રાફિક નિયમોનું કડક પાલન, રોડના અકસ્માતના ભોગ બનેલાઓને તાત્કાલિક તબીબી સારવાર મળે તેની સુવિધા, માર્ગ સલામતી માહિતી ડેટા બેઝ તૈયાર કરવો, રાજ્ય સરકારની આ માર્ગ સલામતીની નીતિ જે જાહેર કરેલી છે એ જાણીને હું ખૂબ આનંદની લાગણી વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રશ્રીએ હજુ ગઇકાલે જ વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ હેઠળ નિવેદન આપેલ છે કે દર ચાર મિનિટે એક મહામૂલી જિંદગી વાહન અકસ્માતમાં મૃત્યુ પામે છે.

અધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટનો સમય છે.

શ્રી સતિશભાઇ મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અકસ્માત ભારતમાં થાય છે ત્યારે આ ખાતાને મજબૂત કરવા માટે તમામ માળખાકીય સુવિધાઓ ઉભી કરવા વૈજ્ઞાનિક અભિગમ અપનાવવો જરૂરી છે. વાહન-વ્યવહાર મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબે ગઇકાલે રોડ સેફ્ટીની કોઇ પોલિસી જ નથી ત્યારે તેમણે એ પોલિસી પણ જાહેર કરેલ છે. ચાર સ્થળે એર એમ્બ્યુલન્સની વ્યવસ્થા થાય તેની જોગવાઇ કરી છે. જેના કારણે ચાર હોસ્પિટલની અંદર કોઇ પણ જગ્યાએ એકસીડન્ટ થાય તો વહેલામાં વહેલી તકે આ એકસીડન્ટ જેને થયો હોય તેને લાવીને પૂરેપૂરી સારવાર મળે એવી આ પોલિસી જયારે જાહેર કરી છે ત્યારે હવે ૨૪ હજાર માર્ગ અકસ્માતની અંદર જે ૮ હજાર લોકો મૃત્યુ પામતા હતા તેની અંદર પચાસ ટકા જેટલા લોકોના જીવો આના કારણે બચવાના છે.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય માણસ એસ.ટી. ડેપોમાં જાય તો ખરેખર અત્યારે તેમને આશ્ચર્ય પમાડે એવુ છે કારણ કે પહેલા જતાં હતા અને અત્યારે તેઓ જાય છે તો એક એરપોર્ટની સુવિધા જેવુ બસ સ્ટેન્ડ જુએ છે ત્યારે તેમને લાગતું થયુ છે કે ખરેખર હવે ગુજરાતનો વિકાસ થયો છે અને આ ગુજરાત નંબર વન એસ.ટી.અને વાહન-વ્યવહારમાં પણ અત્યારે થયુ છે. વધુ બસ અને સારી બસના સૂત્ર સાથે આ ગતિશીલ ગુજરાત ઘણા બધા ફેરફાર સાથે આ ગૃહની અંદર માગણી લઇને આવ્યા હોય ત્યારે તમામ સભ્યોને હું વિનંતી કરું કે આને ટેકો આપે.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારિયા(ગરબાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણીઓ લઇને આવ્યા છે તેમાં માગણી નંબર ૬૫, ૬૭, ૭૪ અને ૫૭માં મારા વિચારો રજૂ કરવા ઉભી થઇ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત દેશ એ એક ખેતીપ્રધાન દેશ છે. પણ ઘણાં વર્ષોથી નિયમિત વરસાદ ન વરસવાથી અને પીયતની વ્યવસ્થા ના હોવાથી અમારા આદિવાસી ભાઇ-બહેનોને મોટા શહેરો તરફ પેટીયુ રળવા માટે સૌરાષ્ટ્ર સુધી મીટ માંડવી પડે છે. આદિવાસી જિલ્લાઓના જે નાના નાના ઉદ્યોગો છે તે શરૂ કર્યા હોય તો આજે અમારા આદિવાસી જિલ્લાની આવી પરિસ્થિતિ ના હોત. આદિવાસી વિસ્તારમાં ટ્રાઇબલ સબ પ્લાનની પાણી માટેની ગ્રાન્ટો ઘણી બધી આવે છે, પણ એ ગ્રાન્ટ બીજી યોજનાઓમાં વેડફાઇ જાય છે અને અમારા ગરીબ આદિવાસી ભાઇ- બહેનોને પાણી માટે વલખાં મારવાં પડે છે. હાલના અછતના સમયમાં મારા દાહોદ જિલ્લોનો પણ અછતમાં સમાવેશ કરેલ છે, પરંતુ આજ દિન સુધી પીવાના પાણી માટે કોઇપણ વ્યવસ્થા કરેલ નથી ત્યારે મારે આ દુઃખ સાથે કહેવું પડે છે. અમારો દાહોદ જિલ્લો નર્મદા કેનાલથી ફક્ત ૬૦ કિલોમીટર દૂર છે, જેથી આ સરકારે ધાર્યું હોત તો આ જિલ્લાને પાણી આપી શક્યા હોત. આ ગતિશીલ ગુજરાતની વાતો કરતી આ સરકાર પણ ધીમી ગતિના કારણે દાહોદ જિલ્લો નર્મદાના પાણીથી વંચિત છે તો શું આને કહેવાય ગતિશીલ ગુજરાત? અમારી આદિવાસી બહેનો દરરોજ બે કિલોમીટર દૂરથી પાણી માથે બેડાં લઇને આવતી હોય ત્યારે અને એક મહિલા ધારાસભ્ય તરીકે હું જોતી હોઉં ત્યારે મને દુઃખ થાય છે. આ ગૃહમાં હું આઠ વર્ષથી એક આદિવાસી મહિલા ધારાસભ્ય તરીકે રજૂઆત કરતી આવી છું પણ આ સરકારના અધિકારીઓ આ કાયદાને *(×××)ત્યારે એક મહિલા ધારાસભ્ય હોવા છતાં એક આદિવાસી વિસ્તારમાં હું જાતે ટેન્કરથી પાણી લાઉં છું.

અધ્યક્ષશ્રી : *(×××)એ શબ્દો હું દૂર કરું છું.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારિયા : માનનીય અધ્યક્ષશ્રી, વાહન વ્યવહારની વાત કરું તો, અમારાં ગામડાંઓમાં એસ.ટી. બસો ચાલે છે, પણ તે બસો ખખડતી હાલતમાં હોય છે. આવી બસોને સ્પેરવ્હીલ પણ હોતાં નથી. પાનાં પણ હોતાં નથી. અમારી કોંગ્રેસની સરકાર જયારે હતી ત્યારે ડ્રાઇવરોને સ્પેરવ્હીલ, પાનું અને જેક જેવી વસ્તુઓ આપતા હતા એટલે જયારે બસને પંચર થાય ત્યારે ડ્રાઇવર- કન્ડકટર ટાયર બદલીને જે તે રૂટ પર જતા હતા. અત્યારે જો પંચર પડે તો ગરીબ પરિવારના મુસાફરોને સ્પેર ટાયર ન હોવાના કારણે, જેક અને પાનાં ન હોવાના કારણે કલાકો સુધી રઝળવું પડે છે.

ગામડાંની વાત કરું તો, અગાઉની કોંગ્રેસની સરકાર વખતે જયાં બસસ્ટેન્ડ હતા ત્યાં પીવાના પાણી માટે પરબો મૂકવામાં આવતી હતી, હાલમાં આવા અંતરિયાળ ગામોમાં જે મુસાફરો એસ.ટી.માં મુસાફરી કરે છે એમને પીવાના પાણીની સગવડ પણ મળતી નથી. આજે તો મુખ્ય બસ સ્ટેન્ડ પર પણ પીવાના પાણીની સગવડ હોતી નથી એટલે આ કહેતાં મને દુઃખ થાય છે. સને ૨૦૧૨-૧૩માં આદિવાસી વિસ્તારમાં ૫૦૦ બસો ચાલુ કરવાની હતી પણ તેની સામે ૩૦૦ મીની બસો ચાલુ કરવામાં આવી છે. માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં પણ જણાવ્યું છે પરંતુ ૨૦૧૨-૧૩માં, ૨૦૧૩-૧૪માં એક પણ બસ ખરીદવામાં આવી નથી. આ ભાજપ સરકાર દ્વારા આદિવાસી વિસ્તારમાં બસ સેવા ચાલુ કરવામાં આવતી નથી તો આને કહેવાય ગતિશીલ ગુજરાત?

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

જે એસ.ટી. બસો છે એ સરકારી કાર્યક્રમમાં મૂકીને એની કન્ડીશન્ડ સારી હતી એને બગાડી નાખે છે એટલે એકસીડન્ટ્સના ભય ઘણા બધા વધી જાય છે. જે જાહેરાતો માટે એસ.ટી. માટે જે બજેટ ફાળવવામાં આવ્યું છે, એસ.ટી. બસ ઉપર જે જાહેરાતો છાપવામાં આવે છે એ બજેટ પૂરું કરવામાં આવે છે. આ ગતિશીલ ગુજરાતમાં શ્રમિકોના વેતનમાં વધારો કરવામાં આવે તેમ જણાવવામાં આવ્યું હતું પરંતુ શ્રમિકોના વેતનમાં કોઇપણ જાતનો વધારો આ ભાજપની સરકારે કર્યો નથી. શ્રમિકોના આરોગ્ય માટે કંઇ કરવામાં આવ્યું નથી એ માટે કોઇ સુવિધા કરવામાં આવતી નથી. ગુજરાત હવે ખોટા હબ બની રહ્યું છે. જયારે અમારા દાહોદ જિલ્લામાં આઇ.ટી.આઇ. કરેલ યુવાનો બેકાર છે અને હાલ તેઓ મજૂરી કરવા માટે બીજા જિલ્લાઓમાં જાય છે. બાંધકામ સહયોગી માટે હંગામી ધોરણે આવાસ યોજના માટે ૨૨૦ કરોડ રૂપિયાની જોગવાઇ હોવા છતાં અમારા જિલ્લામાં નહીંવત કામ કરેલ છે. કારખાના અને ફેકટરીઓમાં વારંવાર બોઇલર ફાટવા જેવા અકસ્માતો બને છે એમાં શ્રમિકોને વળતર આપવામાં આવતું નથી. શ્રમિકોને સ્થાનિક કક્ષાએ રોજગારી મળે અને સ્થળાંતર ન કરવું પડે, એમના બાળકોનો અભ્યાસ ન બગડે એ માટે જિલ્લામાં જ નાના મોટા ઉદ્યોગો સ્થાપીને સ્થાનિક કક્ષાએ રોજગારી પૂરી પાડવી જોઇએ. રોજગાર કચેરીઓ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવા છતાં બેરોજગારોને રોજગારી મળતી નથી. જેથી જિલ્લા કક્ષાએ રોજગારીનું આયોજન કરવું પડે છે.

રોડ ઉપર ખખડતો વાહનવ્યવહાર ચાલે છે એને ગતિશીલ ગુજરાત કહેવાય? ૧૫ રૂપિયાના ભાવે જમીનો પણ આપવામાં આવે છે એને ગતિશીલ ગુજરાત કહેવાય?

શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિયોદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નંબર ૬૫ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું અને એ અંગે મારા વિચારો વ્યકત કરું છું.

''ન ધરા સુધી, ન ગગન સુધી, મારે જાવું છે છેવાડાના માનવી સુધી'',

''આવો જલાયે દીપ વહાં, જહાં અભી ભી અંધેરા હૈ.''

એવી જેના હૈયે હામ છે એવા આ દેશની ૧૨૫ કરોડ જનતાના હૃદય સમ્રાટ આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના ભગીરથ પ્રયાસોને કારણે આપણા ધર્મશાસ્ત્રોમાં કહ્યું છે કે ગંગાજીમાં નહાવાથી જિંદગીના બધા પાપ ધોવાઇ જાય, પણ નર્મદાજીના દર્શન કરવાથી જિંદગીના બધા પાપ ધોવાઇ જાય છે. આવી પવિત્ર નર્મદા યોજના સાકાર થઇ, માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે વડાપ્રધાન પદે સોગંધ લીધાના ૧૭માં દિવસે નર્મદા ડેમ ઉપર દરવાજા મૂકવાની મંજૂરી આપી અને ગુજરાતમાં અચ્છે દિન જરૂર આયેગા એનો વિશ્વાસ અપાવ્યો છે એ બદલ એમને કોટીકોટી વંદન કરું છું. જે દિવસે નર્મદા ડેમ ઉપર દરવાજા મૂકવાની મંજૂરી મળી એ જ દિવસે ડેમના દરવાજા મૂકવાની કામગીરી શરૂ કરાવી પ્રબળ રાજકીય ઇચ્છા શકિતના દર્શન કરવનાર પ્રજાવત્સલ મુખ્યમંત્રી શકિત સ્વરૂપા આદરણીય આનંદીબેન પટેલ સાહેબને પણ લાખ લાખ વાર અભિનંદન આપું છું.

પહેલા કોંગ્રેસના રાજયમાં તે વખતના સમયમાં જયારે ઓછો વરસાદ હોય, દુષ્કાળ જેવી પરિસ્થિતિ હોય ત્યારે અમારા ઉત્તર ગુજરાત અને કચ્છના લોકોએ હિજરત કરવી પડતી હતી. મજૂરી માટે માથે પોટલા બાંધી બાંધીને નાના નાના બાળકો સાથે પોતાના ઘરડા મા–બાપ સાથે અન્ય વિસ્તારમાં મજૂરી માટે જવું પડતું હતું. કચ્છના માલધારીઓને ઉપર આભ અને નીચે ધરતી એ રીતે પોતાનું જીવન જીવવું પડતુ હતું. ત્યાં ખેતી માટે તો શું, માણસો અને પશુઓને પીવા માટે પાણી નહોતું. લોકોને પોતાના પશુઓને ઘાસચારા વગર, ચોધાર રડતા આંસુઓએ મોયડા કાઢી કાઢીને છોડી મૂકવા પડતા હતા. આ વિસ્તારોમાં કોઇ પોતાના દીકરા દીકરીના લગ્ન કરવા પણ તૈયાર નહોતા આવી પરિસ્થિતિ તમારા રાજમાં હતી. નર્મદા યોજના સાકાર બનતા એનો સૌથી મોટો ફાયદો ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છને થયો છે. આ નર્મદાની નહેર આ વિસ્તાર માટે ખુશીની લહેર લાવી છે. નર્મદા યોજના સાકાર થતા ત્યાંના લોકોની હિજરત અટકી લોકો સ્વમાન ભેર પોતાના વતનમાં જીવન જીવતા થયા છે. પોતાના બાળકોને ઉચ્ચ શિક્ષણ અપાવતા થયા અને જયાંથી હિજરત થતી હતી તે જગ્યાએ અન્ય વિસ્તારના લોકો ધંધા–રોજગાર માટે ત્યાં વસવાટ કરતા થયા. જે વિસ્તારમાં પીવાનું પાણી નહોતું એ વિસ્તારોમાંથી અત્યારે બીજા વિસ્તાર માટે પીવાનું પાણી મોકલાય છે. જે વિસ્તારની અંદર ગાંડા બાવળ દેખાતા હતા તે વિસ્તારમાં અત્યારે દાડમની ખેતી થાય છે. અમારા સૂઇગામ, ભાભર, વાવ, સમી, હારીજ, સાંતલપુર, રાધનપુર આ માર્કેટયાર્ડોમાં અગાઉના સમયમાં ધૂળની ડમરીઓ ઉડતી હતી. એ માર્કેટયાર્ડોમાં અત્યારે ધનના ઢગલા દેખાય છે. જયાં પહેલાં લોકોને બસમાં મુસાફરી કરવા માટે ભાડું નહોતું, અત્યારે ત્યાંના લોકો ગાડીઓમાં ફરતા થયા છે. જયાં પહેલાં પોતાના દીકરા–દીકરીના લગ્ન કરવા તૈયાર નહોતા ત્યાં હવે સામેથી માગા આવવા માંડ્યા છે. આ પરિસ્થિતિનું નિર્માણ નર્મદા યોજનાના કારણે થયું છે અને આને કહેવાય નેવાના પાણી મોભે ચડ્યા. નર્મદા યોજના સાકાર થતાં આ વિસ્તારોમાં હરિયાળી ક્રાંતિ આવી છે. આ વિસ્તારો હરિયાળા બન્યો છે. પશુધનમાં અનેકગણો વધારો થયો છે. તેના કારણે દૂધ ઉત્પાદનમાં પણ અનેકગણો વધારો થયો છે. અમારો બનાસકાંઠા જિલ્લો એ દૂધ ઉત્પાદનમાં દેશનો અગ્રિમ જિલ્લો બન્યો છે અને અમારી બનાસ ડેરી એશિયા ખંડમાં સૌથી વધુ દૂધ એકત્ર કરનાર ડેરી તરીકેનું બહુમાન નર્મદાના કારણે મેળવ્યું છે. આવી ગૌરવશાળી ડેરીના ચેરમેન આદરણીય શંકરભાઇ ચૌધરી આ ગૃહના સભ્ય છે એ આપણાં સૌના માટે ગૌરવની વાત છે. આ રીતે ગુજરાતમાં નર્મદા યોજના સાકાર થતાં લોકોના જીવનધોરણમાં ગુણાત્મક સુધારો આવ્યો છે. ગુજરાતની દિશા અને દશા બન્ને બદલાઇ છે અને કોંગ્રેસની દશા બેઠી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે નર્મદા યોજનાના કારણે અમારા ઉત્તર ગુજરાત, બનાસકાંઠા અને કચ્છમાં ખૂબ પ્રગતિ થઇ છે. લોકોની સુખાકારીમાં ખૂબ વધારો થયો છે. પરંતુ આપના માધ્યમ દ્વારા હું રાજયના મુખ્યમંત્રી, રાજય સરકાર અને નર્મદા

વિભાગને મારા વિસ્તારના એક પ્રાણ પ્રશ્નની રજૂઆત કરવા માગું છું. મારો મત વિસ્તાર દિયોદર. એ દિયોદર તાલુકાના પશ્ચિમ ભાગમાંથી નર્મદાની મુખ્ય કેનાલ પસાર થાય છે. તેના પૂર્વ ભાગમાં લાખણી તાલુકો મારા મતવિસ્તારનો તાલુકો છે. આ બન્ને તાલુકામાં થઇને સુજલામ્–સુફલામ્ નહેર પસાર થાય છે. મારા વિસ્તારના લોકોનો મુખ્ય ધંધો ખેતી છે અને ખેતી બોર આધારિત છે. ઓછા વરસાદના કારણે ત્યાંના તળના પાણી, ભૂગર્ભના પાણી દિવસે દિવસે ઉંડા જઇ રહ્યા છે. જેના કારણે વીજળીની અનેક સમસ્યાઓ ઉભી થાય છે. તો મારી રાજય સરકારને, રાજયના મુખ્યમંત્રીશ્રીને નમ્ર વિનંતી છે કે મારા દિયોદર વિસ્તારના ભૂગર્ભ જળ ઉંડા જઇ રહ્યા છે ત્યાં નર્મદાની મુખ્ય કેનાલ દ્વારા અને સુજલામ્–સુફલામ્ કેનાલ દ્વારા પાઇપ લાઇન દ્વારા ત્યાંના ગામોનું તળાવ ભરવામાં આવે, આવી ત્યાંના વિસ્તારના લોકોની તીવ્ર લાગણી અને માગણી છે. મારી આ સરકારને વિનંતી છે કે ત્યાંના લોકોને આ સરકાર ઉપર ભગવાન કરતાં પણ વધારે ભરોસો છે કે અમારી આ લાગણી રાજય સરકાર સ્વીકારશે. તો ત્યાંની જનતા વતી હું સરકારને વિનંતી કરું છું કે લોકોની આ લાગણીને સરકાર સ્વીકારે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં નર્મદા અંગે અનેક ટીકા–ટીપ્પણીઓ કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી રાજેન્દ્ર સૂ. ત્રિવેદી(રાવપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, આગવી સૂઝબૂઝ ધરાવતા આ સરકારના આદરણીય મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી ૫૭ નંબરની માગણી લઇને આવ્યા છે એના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરવાની તક લઉં છું. રૂ.૮,૨૫,૮૭,૨૩,૦૦૦/– મહેસૂલી ખર્ચ માટે અને રૂ.૧,૦૦,૧૨,૨૫,૦૦૦/– મૂડી ખર્ચ એમાં આમેજ છે એના સમર્થનમાં હું મારી વાત રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકાર કર્મયોગીનો એક નવો વિચાર લઇને આવી છે અને આ વિચારના અનુસંધાનમાં વર્ષ ૨૦૧૫–૧૬ના બજેટ કરતાં વર્ષ ૨૦૧૬–૧૭ના બજેટમાં અંદાજીત ચાર ગણો વધારો કરવામાં આવ્યો છે. ત્યારે કાપદરખાસ્ત મૂકવાનો કોઇ અર્થ રહેશે નહીં. કોંગ્રેસના મિત્રોને મેં ખૂબ શાંતિથી સાંભળ્યા છે. ૬૦ જેટલા મિત્રો છે એમાંથી સાત–આઠને છોડીને ૫૦ જેટલા સભ્યોએ આ સભાગૃહમાં વ્યક્તિગત પ્રશ્નોની વાત કરી છે. કોઇએ સાડા છ કરોડ જનતાની વાત કરી નથી. મિત્રોએ સરદાર સરોવર યોજનાની વાત કરી હોય અને એના સંદર્ભમાં વિશાળ ફલકની વાત કરી નથી અને પોતાના વિસ્તારની વાત કરતા હોય એવા તમારા ચાલીસ–પચાસ પ્રશ્નો છે એ આવતા દિવસોમાં સોલ્વ થઇ જશે અને ૨૦૧૭ પછી રહેશે નહીં. મારે આંકડાની વાત કરવી છે. આંકડા સાચું બોલતા હોય છે. આ સભાગૃહમાં વિપક્ષના મિત્રોએ વચ્ચે એક દિવસ કહ્યું કે અમને આંકડામાં રસ નથી. પરંતુ હું આંકડાની વાત કરવા માગું છું. મહત્તમ રોજગારી પૂરી પાડીને ગુજરાત નંબર વન બન્યું છે એ તમે ન સાંભળો એ કોઇપણ સંજોગોમાં ચલાવાય નહીં. ગુજરાતની ૨૦૦૨થી ૨૦૧૫–૧૬ સુધીની ટકાવારી પ્રમાણે જોઇએ તો ૪૬ ટકા, ૪૨ ટકા, ૪૭ ટકા, ૫૪ ટકા, ૫૫ ટકા, ૬૭ ટકા, ૭૧ ટકા, ૫૯ ટકા, ૪૧ ટકા, ૪૮ ટકા, ૫૮ ટકા અને ૨૦૧૩માં ૭૮ ટકા, ૨૦૧૪માં ૮૬ ટકા. આ સમય ગાળા દરમિયાન તામિલનાડુ અને મહારાષ્ટ્રમાં કોંગ્રેસની સરકારો હતી, એની વાત કરું અને એમના આંકડા જોઇએ તો ૧૦ ટકા, ૯ ટકા, ૭ ટકા, ૯ ટકા. એકવાર માત્ર ૨૦૧૦માં મહારાષ્ટ્રમાં ૪૦ ટકા હતા. ૩૫ ટકા, ૨૪ ટકા, ૬ ટકા, તેઓ ગુજરાતનું જોઇને શિખ્યા. પછી ૨૪ ટકા, ૬ ટકા મહારાષ્ટ્રમાં ૨૦૧૪માં જોઇએ તો માત્ર ૩ ટકા. દયા આવે છે. ભારત સરકારના શ્રમ રોજગાર મંત્રાલયના આ આંકડા કહું છું. ત્યાં તમારી સરકાર હતી એ સમય દરમિયાનના આંકડા કહું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગારની વાત આવે છે ત્યારે સરકારે શ્રમ અને રોજગાર ઉપર કેટલું ધ્યાન આપ્યું છે તેઓ કંઇક નવું લઇને આવ્યા છે એ ચોક્કસપણે જોવું જોઇએ. બજેટના અનુભાગ બેની અંદર બજેટમાં પ્રથમવાર આવતી અનુસૂચિ છે જેમાં આયોજનની ૧૮–૧૮ નવી બાબતો લઇને શ્રમ અને રોજગાર વિભાગ આવ્યો છે ત્યારે આ અદ્ભૂત ક્રાંતિ ભારતીય જનતા પાર્ટીની સરકાર માનનીય રૂપાણીના અધ્યક્ષપદ હેઠળ કરી રહી છે. ગ્રામ શ્રમ આયુક્તશ્રીની કચેરીઓ, કારખાનાના મુખ્ય નિરિક્ષકશ્રીની કચેરીમાં તમામ ઇન્ફ્રાસ્ટ્રકચર સહીત એમાં ફેક્સ મશિનની સુવિધા, નિયામકશ્રી બોઇલરનું નવીનીકરણ, વર્કશોપ, ડિઝિટલાઇઝેશન, સરકારી શ્રમ અધિકારી, મદદનીશ અધિકારીએ વાંચવાનું સાહિત્ય તૈયાર કરવું. ટેલિફોનની તમામ સુવિધાઓ, સરકારી શ્રમ કચેરી ખાતે ફેક્સ મશિન, ૩૧ નવા શ્રમ યોગી કલ્યાણ કેન્દ્રો, સ્થળાંતર થનાર મદદનીશ નિયામકશ્રીની કચેરીઓ, રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ અને સાહસિકતા સંસ્થાનની સ્થાપના, રાજયમાં હયાત ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ એન્ડ કેરિયર ઇન્ફર્મેશનને સુદ્રઢ બનાવવા માટે ઇમ્પેક્ષ–બી શરૂ કરવા બાબતે, ગ્રાન્ટ ઇન એઇડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોના તાલીમાર્થીઓને રો–મટિરિયલના દરોમાં વધારો કરવા, રાજયની સરકારી આઇ.ટી.આઇ. અને સરકારી કૌશલ્ય વર્ધન કેન્દ્રો ખાતે વર્ચ્યુઅલ ક્લાસરૂમ, રતનાલ ખાતે નવી આઇ.ટી.આઇ. શરૂ કરવી આજ પ્રમાણે કુલ મળીને ૧૮ નવી યોજનાઓ જ્યારે શ્રમ વિભાગ લઇને આવતું હોય ત્યારે તેના કન્ટેન્ટ્સમાં થોડી નજર કરીએ તો તાલુકા કક્ષાએ તમામ જગ્યાએ કચેરીઓ શરૂ કરવા ૧૫૫ મદદનીશ સરકારી શ્રમ અધિકારી વર્ગ–૩નું મહેકમ ઉભું કરવું. તમે મહેકમની વાતો કરો છો પણ અમે મહેકમ લઇને આવ્યા છીએ ત્યારે તમે એમાં કાપ દરખાસ્ત મૂકો છો. મોબાઇલ મેડિકલ વાન, આ યોજનાની તો એમને કલ્પના ન હતી. આ શ્રમિકો, જે લોકો અસંગઠિત છે તેમને મદદરૂપ થવા માટે તેમના તબીબી સ્વાસ્થ્યના રક્ષણ માટે ૧૬૨ લાખથી વધુ શ્રમયોગીઓને ૪ હજારની મર્યાદામાં સાધન–સામગ્રી, અસંગઠિત શ્રમયોગીઓને ૫૦ હજારની સંખ્યામાં આપવા માટે ૫૭ નંબરની માગણી લઇને આવ્યા છે. પ્રધાનમંત્રી જીવન–જ્યોતિ વીમા યોજના અંતર્ગત ૨ લાખનો વીમો આપવા માટે ૧૦૦ લાખની માગણી મૂકેલ છે. વડોદરામાં હમણાં એક કાર્યક્રમ થયો એમાં આવી જ એક વિધવા બહેનને ૨ લાખ આપવામાં આવ્યા ત્યારે એની આંખોમાંથી ચોધાર આંસુ દડદડ પડતા હતા. એને એમ થયું કે મેં મારા પતિ ગુમાવ્યા પણ આ સરકાર મને મદદરૂપ થઇ છે, આનંદીબેનની ગતિશીલ સરકાર એ આનું નામ કહેવાય. દશરથ ખાતે મોડલ

આઇ.ટી.આઇ.ની સ્થાપના માટે ૧૨૫ લાખ, ૩૧ જિલ્લાની તમામ રોજગાર કચેરીઓને મોડલ કેરિયર સેન્ટરમાં રૂપાંતરિત કરવા માટે ૩૮૭ લાખ, આવી અનેક યોજનાઓ પૈકી ૧૪ હું ગણાવી શકું તેમ છું. આઇ.ટી.આઇ.ના તાલીમાર્થીઓને આપવા માટે રો-મટિરિયલના દરમાં વધારો ૧૩૬ લાખથી વધારેનો કરવા જઇ રહ્યા છીએ. કારીગરોને તાલીમ આપવા માટે રાજયના તમામ ૨૪૮ તાલુકાઓમાં સરકારી આઇ.ટી.આઇ.ની સ્થાપના કરવામાં આવી છે. કુલ ૭૮૬ તાલીમી સંસ્થાઓ કાર્યરત છે. રાજ્યની આઇ.ટી.આઇ.માં કુલ ૧ લાખ ૯૫ હજાર ૯૫૨ બેઠકોની ક્ષમતા છે. હાલની સ્થિતિએ જોઇએ તો ૮૭૫૮ ઔદ્યોગિક એકમોને એપ્રેન્ટિસશીપ, કારણ કે કૌશલ્ય વર્ધન કરવા માટે આ જરૂરી છે. એ એકમો માટે ૫૩,૨૫૫ બેઠકોની ફાળવણી કરવામાં આવેલ છે. કોઇપણ ખૂણેથી જોઇએ તો આ અસંગઠિત શ્રમયોગીઓ માટે ૨૨૦ કરોડની માગણી લઇને આ સરકાર આવતી હોય, અસંગઠિત ક્ષેત્રના આ કર્મયોગીઓ જે પરસેવો પાડે છે, સેવા કરીને પરસેવો પાડનારા આ વર્ગ માટે ક્યારેય કોઇનું ધ્યાન ગયું ન હતું. આ સરકારને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે અને જો આવા સારા કામમાં તમે કાપ દરખાસ્તમાં ટેકો કરતા હોય તો મને એક વાત કહેવાનું મન થાય છે કે, 'હું ક્યાં કહું છું કે આપની હા જ હોવી જોઇએ, પણ ના કહો છો તેમાં વ્યથા હોવી જોઇએ.'

શ્રી પંકજ અ. મહેતા(રાપર) : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા વિભાગના માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એના સમર્થનમાં મારી વાત કહેવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાતના સરહદી અને છેવાડાના સતત દુષ્કાળગ્રસ્ત એવા કચ્છ જિલ્લામાંથી પ્રતિનિધિત્વ કરું છું. નર્મદા યોજનાની બાબતે આજે સવારથી ગૃહમાં હું ચર્ચા સાંભળી રહ્યો છું. મને આનંદ થયો કે બધા જ સભ્યોએ પોતાની ચર્ચામાં ક્યાંકને ક્યાંક કચ્છનો ઉલ્લેખ કર્યો છે.આ નર્મદા યોજના જ્યારે બની, જ્યારે આ દેશના લોખંડી પુરુષ અને ગુજરાતના સપૂત આદરણીય શ્રી સરદાર વલ્લભભાઇ પટેલને અને આદરણીય મોરારજીભાઇ દેસાઇને આ યોજના માટેનો વિચાર આવ્યો, ત્યારે એની દ્રષ્ટિ કચ્છ તરફ હતી. કચ્છ વિસ્તારની દ્રષ્ટિએ ખૂબ મોટો જિલ્લો, હિન્દુસ્તાનનો સૌથી મોટો જિલ્લો અને અછત અને દુષ્કાળગ્રસ્ત જિલ્લો. આ જિલ્લાની અંદર નર્મદા યોજનાનું પાણી પહોંચાડવા માટેનું મુખ્ય ધ્યેય રાખીને આ યોજના બની હતી. ૧૯૬૧માં તત્કાલિન આ દેશના વડાપ્રધાન આદરણીય જવાહરલાલ નહેરુએ એનું ખાતમુહૂર્ત કર્યું હતું. પરંતુ કમનસિબી કે ૧૫ વર્ષ સુધી આ યોજનાની અંદર કોઇ જ પ્રકારે કાર્ય થયું નહોતું. કચ્છને લાગે વળગે છે ત્યાં સુધી કચ્છને નજર સમક્ષ રાખીને ચાર રાજ્યની ટ્રીબ્યુનલ પાસે જ્યારે વહેંચણી થઇ ત્યારે ગુજરાતની અંદર ફાળવણી કરવામાં આવી. પરંતુ જ્યારે આંતરિક વહેંચણી કરવામાં આવી ત્યારે કચ્છને માત્ર ૫૭૦૦૦ હેકટર ફીટ પાણી ફાળવવામાં આવ્યું. ભલું થજો નરેન્દ્રભાઇનું, ભલું થજો આ ભારતીય જનતા પાર્ટીની સરકારનું. એમણે જ્યારે શાસનની ધૂરા સંભાળી ત્યારે આ ૫૭૦૦૦ હેકટર ફીટ પાણીમાંથી ૧,૧૨,૭૭૮ હેકટર ફીટ પાણી મારાં કચ્છ જિલ્લા માટે ફાળવવામાં આવ્યું. એની સાથે સાથે વન મિલિયન એકર ફીટ પાણી ચોમાસાનું વધારાનું પાણી મારાં કચ્છ જિલ્લા માટે ફાળવવામાં આવ્યું. કેટલાક મિત્રો અહીંયા કચ્છના પાણીની ચિંતા કરી રહ્યાં હતાં. કદાચ એમને ખબર નથી એ અગાઉના ગયા વર્ષના પ્રવચનો લઇને આવ્યાં હશે. ગયા વર્ષે એપ્રિલ મહિનાની ૧૮મી તારીખે આ ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી, ખેડૂત દીકરી આનંદીબેનના શુભ હસ્તે કચ્છની અંદર નર્મદાની નહેરની અંદર પાણી વહાવવામાં આવ્યું છે અને મારાં મત વિસ્તારના સૂઈ ગામ સુધી આ નર્મદાનું પાણી પહોંચ્યું છે. હું કોંગ્રેસના, પ્રતિપક્ષના મિત્રોને આમંત્રણ આપું છું કે, આવો અમારાં વિસ્તારની અંદર અગર જેને કહેવાય છે તે વાગડની અંદર માત્ર ૨૬ કિલો મીટરની નર્મદાની મુખ્ય નહેર આવવાના કારણે આ વર્ષે પાંચ હજારથી સાત હજાર કરોડ રૂપિયાની પેદાશ અમારાં ત્યાંના ખેડૂતોએ આ સરકારના સહયોગથી પાક લીધાં છે. એરંડા, જીરુ પાક્યાં છે. અમારો સૂઇનો ડેમ હોય, અમારો ફતેહગંજનો ડેમ હોય, એ મોટી સિંચાઇ હોય, નાની સિંચાઇ હોય, લાકડામાડનો ડેમ હોય. અરે, વન મિલિયન એકર ફીટ પાણીની વાત કરી રહ્યાં હતાં. આ સરકારની કોઠાસૂઝના કારણે પહેલાં જ વર્ષે મુખ્ય નહેરમાંથી નદીઓ વાટે પાણી લઇને નારાયણ સરોવરને પણ પહેલા જ વર્ષે ભરી દીધું છે. મુખ્ય નહેરથી ૪૦ કિલોમીટર સુધી નદીઓ અને તળાવોની અંદર પાણી પહોંચ્યાં છે અને અમારાં મહેનતકસ ખેડૂતોએ એરંડા, જીરુ, વિગેરે ઇન્ટરનેશનલ ક્રોપ પેદા કરીને પાંચ થી સાત હજાર કરોડની પેદાશ પણ લીધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કચ્છના તમામ વિસ્તારની અંદર એ અબડાસા વિસ્તાર હોય, લખપત હોય, નખત્રાણા હોય, રાપર હોય કે વાગડ-ભચાઉ, ભૂજ હોય આ નર્મદા યોજના થકી પીવાનું પાણી પણ પહોંચાડ્યું છે. અમારે મન અને અમારી સરકારને મન આ નર્મદા એ માત્ર અમારી સદીઓની સાધનાનું પરિણામ છે. આ નર્મદા યોજના અમારાં કચ્છ માટે જીવાદોરી છે. અમારાં વડીલોનું સ્વપ્ન છે અને એટલે જ તો આ ભગીરથ કાર્ય ૩૫૭ કિલોમીટરની આખી નહેર સલીમગઢથી કરીને સીરાચા સુધીની આ નહેરની અંદર ૫૫ મીટર પાણી ઉપર લઇને કચ્છની અંદર પાણી લઇ જવાનું છે. કચ્છ જિલ્લો એ ભૌગોલિક રીતે ખૂબ હાઇટવાળો જિલ્લો છે. હમણાં કોઇ કહી રહ્યું હતું કે, ''નેવાના પાણી મોંભે ના ચઢે'' આ સરકારે ચઢાવ્યાં છે અને કચ્છની અંદર પહોંચાડ્યાં છે. મિત્રો આપને ખ્યાલ ના હોય તો નર્મદાનો પ્રવાસ કરીને, એના કારણે કચ્છની અંદર એક સમય હતો. આપની સરકારો વખતે મને બરાબર યાદ છે, મેં મારાં વડીલો પાસે સાંભળેલું છે કે તત્કાલિન નેતૃત્વ કરતા લોકો કચ્છ એટલે માથે પડે એ પ્રકારનો જિલ્લો. કચ્છ એટલે નિભાવવો પડે એવો જિલ્લો. હું તો કહેવા માગુ છું કે, ભારતીય જનતા પાર્ટીની સરકારને બાદ કરતા અગાઉની સરકારોએ આ નર્મદા યોજના માટે કચ્છ માટે એક રાતી પાઇ ક્યાંય ફાળવી હોય તો ગૃહની સમક્ષ બતાવે? અન્યથા નર્મદાની બાબતે કચ્છની ચિંતા કરવાની આપ સૌએ આવશ્યકતા નથી. કારણ કે, આપને જ્યારે ચિંતા કરવાની હતી ત્યારે કચ્છની ચિંતા આપે કરી નથી. મિત્રો, પહેલા જ વર્ષે માત્ર ૨૬ કિલોમીટરની મુખ્ય નહેરમાંથી મારા વિસ્તારની અંદર ત્રીસ હજાર એકરની અંદર ખેતી થઇ છે.

## તા. ૧૫મી માર્ચ, ૨૦૧૬
## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર એડવાન્સમાં વિચારે છે. કેટલીક જગ્યાએ પર્યાવરણીય મંજૂરીઓ બાકી હતી. હમણાં કટાક્ષમાં સવારે અમારા મિત્રો કહી રહ્યા હતા કે, દરવાજા હજી બંધ કરવાની મંજૂરી આપી નથી. ચઢાવવાની તો આપી છે, ચઢાવવાનું કાર્ય તો શરૂ કર્યું છે. અમારી સરકાર કચ્છની અંદર પણ જ્યાં જ્યાં હજી મંજૂરીઓ બાકી હતી એનાથી આગળનું પણ કાર્ય છેક સીલાચર સુધીનું કાર્ય અત્યારથી એનો આરંભ કરી અને એ પૂર્ણતા તરફ છે. માત્ર વચ્ચે વચ્ચે ક્યાંક ને ક્યાંક ટુકડા જે મંજૂરીઓ બાકી હતી એટલી ૪૫ કિલો મીટરની માત્ર નહેરના કામ કચ્છમાં બાકી રહ્યા છે, એટલે આ સરકાર એડવાન્સમાં વિચારીને એ દિશામાં આગળ વધે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે, નર્મદા યોજનાની અંદર ૭૫૩ કરોડના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે કચ્છ જિલ્લાની અંદર, ૧,૮૦૦ કરોડના કામો પ્રગતિ હેઠળ છે અને ૧,૯૦૫ કરોડનો અત્યાર સુધીમાં ખર્ચ કરવામાં આવ્યો છે. મેં અગાઉ કહ્યું તેમ અગાઉની સરકારોએ કચ્છને માત્ર સામે ધરીને ગુજરાતની અંદર વધુ પાણીનો જથ્થો લેવાનો પ્રયત્ન કર્યો હતો, કચ્છ માટે બજેટની અંદર એક પણ રૂપિયાની ક્યારેય કોઇ જોગવાઇ કરી નથી અને એટલે જ એમને કચ્છ માટેની વાત કરવાનો મારી દ્રષ્ટિએ અધિકાર પણ નથી.

કચ્છ માટે એમ કહી રહ્યા હતા કે, વન મિલિયન માટે કચ્છનો ગુનો શું છે ? વન મિલિયન એકર ફીટ પાણી નર્મદાની નહેર પૂરી થાય ત્યાર પછી એ નહેર વાટે પાણી વહાવવાના હોઇ અને ત્યાર પછી વન મિલિયન એકર ફીટ પાણીનો કચ્છમાં એનો ઉપયોગ કરવાનો હોય એટલે મહેરબાની કહીને હું કહું છું કે, કચ્છ માટે અગાઉ આપે કશું જ નથી કર્યું એટલે *(×××), કચ્છ માટે જો કોઇએ ચિંતા કરી હોય તો માત્ર આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે, એ સરકારને હું અભિનંદન આપું છું.

અધ્યક્ષશ્રી : *(×××) શબ્દો રેકર્ડ પરથી દૂર કરીએ છીએ. આપનો સમય પૂરો થાય છે. માનનીયશ્રી માનસિંહભાઇ.

શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો, વાહન વ્યવહાર અને શ્રમ અને રોજગારની માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા નર્મદા વિશે ઘણી બધી વાતો કરવામાં આવી. અગાઉ પૂરક માગણીમાં પણ મેં વાત કરેલી એટલે વાત કરતો નથી પણ દર વર્ષે નવ હજાર કરોડ જેટલું બજેટ આ નર્મદાના કામો માટે, એના ઢાળિયા, શાખા, પ્રશાખાઓ એના માટે ફાળવવામાં આવ્યા છે. પણ એમાં ત્રણ હજાર કરોડ રૂપિયા તો વ્યાજમાં જાય છે અને પચાસ ટકા જ રકમ દર વર્ષે વપરાય છે, તો આને ગતિશીલ ગુજરાત કઇ રીતે કહેવાય ?

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા મારા વિસ્તારની વાત કરીશ. કારણ કે, મારા વિસ્તારમાં છેલ્લા બાવીસ વર્ષથી વાત કરું છું. ઘણાં મુખ્યમંત્રીશ્રીઓ મારા વિસ્તારમાં આવ્યા અને ખેડૂતોએ ઘણી બધી રજૂઆતો કરી પણ આજ દિન સુધી જાણે આ વિસ્તારના ખેડૂતોનો વાંક હોય અથવા ગુનો હોય અથવા ટેક્સ કે વેરો નહીં ભરતા હોય ? કે એમને સિંચાઇનું પાણી આપવામાં નથી આવતું. બાવીસ-બાવીસ વર્ષોથી આની રજૂઆતો કરી છે. મારા વિસ્તારની ઉપર ૪૦ કિલોમીટર દૂર કડાણા બંધ છે, પાનમ ડેમ છે, ભાદર ડેમ છે, બાજુ પરથી નર્મદા કેનાલ પસાર થાય છે, એક બાજુથી સુજલામ સુફલામ પસાર થાય છે અને બીજી બાજુ ઠાસરા તાલુકાના બહીડપ ગામથી અન્ડર ગ્રાઉન્ડ પાઇપ લાઇન એ અરવલ્લી જિલ્લાના માઝુમ, મેશ્વો અને વાત્રક ડેમ ભરવા માટે અન્ડર ગ્રાઉન્ડ પાઇપ લાઇન કરી છે. અહીંયા હું કહીશ કે, માથા ઉપર ડેમ છે કડાણા ડેમ તો આ વિસ્તારને કેમ સિંચાઇનું પાણી નહીં મળતું હોય ? અનેક વખત ખેડૂતોએ આંદોલનો કર્યા, રજૂઆતો કરી પણ તેમ છતાં આ વિસ્તાર આજે પણ સૂક્કોભઠ્ઠ છે. ગુજરાતમાં ૫૫ ટકા એવા વિસ્તારો છે કે જેને આજે સિંચાઇનું પાણી નથી મળ્યું અને ખેડૂતો એ સિંચાઇ માટે રાહ જોઇ રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા મારો મત વિસ્તાર બાલાસિનોર, વિરપુર, કપડવંજ, કઠલાલનો વિસ્તાર છે અને અહીંયા કપડવંજ વિસ્તારમાં કેટલી બધી નદીઓ છે અને એમાં મોટા તળાવો છે. વઘાસ અને સાવલી મોટા તળાવો છે. આ સાવલી તળાવ એક હજાર વિઘાનું તળાવ છે અને આ તળાવની અંદર જો આ સુજલામ સુફલામનું પાણી નાખવામાં આવે અથવા તો નર્મદામાંથી પાઇપ લાઇન દ્વારા જો નાખવામાં આવે તો આજુબાજુના ૨૫ થી ૩૦ ગામોને સિંચાઇનો ખેડૂતોને લાભ મળે. એવું જ વઘાસ તળાવ છે, ઘડીયા વઘાસની બાજુ પર ત્યાં પણ એ ૯૯૯ વિઘાનું તળાવ છે અને એ છીછરું તળાવ છે અને આ તળાવને ઊંડું કરવામાં આવે અને ઊંડું કર્યા પછી બાજુ પર બાયડનું જે છભાઉ ગામ છે ત્યાં સુધી સિંચાઇની વ્યવસ્થા છે અને પાઇપ લાઇન દ્વારા જો અહીંયા પાણી નાખવામાં આવે તો ચોકકસ એ વિસ્તારના ખેડૂતોને સિંચાઇની જોગવાઇ થાય. આજુબાજુ કપડવંજમાં ચારે બાજુ નદીઓ છે. નદીઓમાં ચેકડેમ બનાવીને જો પાણી આપવામાં આવે તો ચોકકસ આજુબાજુના ખેડૂતોને લાભ મળે. ચેકડેમ ઘણા બધા થયા પણ એક પણ આજે ત્યાં જીવંત નથી એક પણ ચેકડેમમાં પાણી ભરાતું નથી. બધા ચેકડેમ લગભગ તુટી ગયા છે. સરકાર ઘણો બધો ખર્ચ કરે છે આવી યોજનાઓ પાછળ શકિતસિંહ કહેતા હતા કે આ સરકારે બોરીબંધ બનાવ્યા, આ બોરીબંધ બનાવ્યા એમાં એટલો બધો ભ્રષ્ટાચાર થયો કે કોઇપણ જગ્યાએ પાણી ભરાતું નથી અને પાણી રીચાર્જ થતું નથી. આપણે ગતિશીલ ગુજરાતની વાત કરીએ છીએ. હું ચોકકસ ગતિશીલ નહીં, પ્રગતિશીલ કહું, પણ કયારે? જયાં પાણીની જરૂર છે અને ખેડૂતો રાહ જોઇ રહ્યા છે એવા વિસ્તારને સિંચાઇનું પાણી મળે તો ચોકકસ હું એને ગતિશીલ ગુજરાત કહીશ. અહીંયા ચેકડેમ પણ લગભગ ભરાતા નથી અને સાથેસાથે ખેડૂતોને સિંચાઇ, જે નર્મદા આધારિત અથવા સુજલામ સુફલામ યોજના આધારિત પીવાના પાણીની વાતો થઇ, અહીંયા સરકારે તળાવો ભરવાની વાત કરી છે. અન્ડર ગ્રાઉન્ડ પાઇપલાઇન અરવલ્લી જિલ્લામાં ગઇ છે અને

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

એમાં જે વાલ્વ મૂકવામાં આવ્યા છે સરકારે ત્રણ વર્ષ પહેલા પણ કહ્યું હતું કે આ વાલ્વ દ્વારા રસ્તામાં આવતા ૭૧ જેટલા તળાવો ભરવામાં આવશે. આજની તારીખે ત્યાં રસ્તામાં આવતું એક પણ તળાવ ભરવામાં આવ્યું નથી અને આવા તળાવો જો ભરવામાં આવે તો ચોકકસ આજુબાજુના ખેડૂતોને લાભ થાય કારણકે મારા વિસ્તારની ભૌગોલિક સ્થિતિ એવી છે કે કેટલોક વિસ્તાર ઉંચો છે અને કેટલોક વિસ્તાર ટેકરીવાળો ઉંચો છે એટલે આ વિસ્તારમાં આવતા તળાવોને ભરવામાં આવે તો ચોકકસ ખેડૂતોને લાભ મળે. પીવાના પાણીની વાત પણ કરીશ. મારા વિસ્તાર કપડવંજના પૂર્વ વિસ્તારની અંદર આજે પણ ટેન્કરથી પાણી આપવાની પરિસ્થિતિ ઉભી થઇ છે. રાજયની અંદર હજારો, લાખો હેન્ડપંપ, બોર કરવામાં આવે છે. હેન્ડપંપમાં ૨૫૦ ફુટની સરકારના નિયમ પ્રમાણે જોગવાઇ છે. એજન્સીઓ એવી હોય છે કે ૨૫૦ ફુટમાં ફકત ૧૦૦ ફુટ જ શારકામ કરવામાં આવે છે અને ૧૫૦ ફુટ જે હોય છે એનું અન્ડર સ્ટેન્ડીંગ થઇ જાય છે. ફકત ૧૦૦ ફુટ જ હેન્ડપંપ થાય છે. આજે આ રાજયની અંદર વરસાદ ખૂબ ઓછો પડયો છે એટલે આવા હેન્ડપંપ સુકાઇ જાય છે, બોર સુકાઇ જાય છે અને જે જુથ પાણી પુરવઠા યોજનાઓ છે એ જુથ પાણી પુરવઠાઓ દ્વારા પણ ચોકકસ વ્યવસ્થિત રીતે પાણી આપવામાં અવાતું નથી એ જુથ પાણી પુરવઠા યોજનાનો જે સંપ હોય છે, હેડવર્ક હોય છે એ સંપની અંદર ફટકડી નાખવામાં નથી આવતી, રેતી નથી નાખવામાં આવતી અથવા ચોખ્ખુ પાણી પણ ગામડાંમાં આપવામાં આવતું નથી અને જે પાણીની ટાંકીઓ છે એ આજે પણ પાણી ભરાયા સિવાય ઉભી છે.

માનનીય ઉપાધ્યક્ષશ્રી આત્મારામભાઇ પરમાર અધ્યક્ષસ્થાને

એક બુંદ પાણી આજની તારીખે આ ટાંકીની અંદર મારા મત વિસ્તારમાં ભરાયું નથી એટલે આવા સરકારના પૈસા, સરકાર ખર્ચો કરે છે પણ એ પૈસા વેસ્ટ જાય છે. પીવાનું પાણી આ જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા લાઇન મેનો અને રોજમદારો દરરોજ આપે છે, પાણીની વહેંચણી કરે છે. આ રોજમદારો, આ લાઇન મેનોને ૧૫ વર્ષ સુધી ફકત ૧૩૫૦ રૂપિયા વેતન મળતું હતું. મહિનાના ફકત ૧૩૫૦ રૂપિયા. આ લોકો કોર્ટમાં ગયા હતા અને એમની ફેવરમાં જજમેન્ટ આવ્યું.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નર્મદા વિકાસ, પાણી પુરવઠા, વાહનવ્યવહાર, શ્રમ અને રોજગારની માગણી લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરું છું. ખાસ કરીને નર્મદાથી લઇને સમગ્ર ગુજરાતની અંદર ડેમો બનેલા છે. એ સંપૂર્ણ ટ્રાયબલ આદિવાસી વિસ્તારમાં ડેમો બન્યા છે. ત્યારે ડેમ વિસ્તારમાં મોટા ભાગે આદિવાસીઓની વસતિ હોય છે. એ લોકોને વિસ્થાપિત કરવામાં આવે છે. એમને પોતાની એક ગૂંઠા જમીન ન હોય અને એ એમનું જન્મસ્થળ હોય તો એમને ખાલી કરીને વતન છોડવાની વાત કરે તો બધાને દુ:ખ લાગે છે. છતા પણ સમગ્ર વિસ્તારમાં પાણીની જરૂરિયાત છે. પાણી આપણી જીવાદોરી છે. એટલે એ સુવિધા ઊભી કરવાની એ સરકારની અને સમાજની જવાબદારી છે અને એ પૂરી કરવા માટે સરકાર ડેમો બનાવે છે. ખાસ કરીને અમારા વિસ્તારમાં મધુવન ડેમ અમારા દક્ષિણમાં આવેલ છે. ૧૯૮૦ના દાયકામાં એ ડેમ બની ગયો. લગભગ ૩૦-૩૫ વર્ષ થઇ ગયાં. એ વિસ્તારમાં જે મુખ્ય કેનાલ, માઇનોર કેનાલ અને ઢાળિયા વર્ષો જૂનાં છે. કેમ કે એ વિસ્તારમાં ૧૯૮૦ પહેલાં વરસાદ ખૂબ પડતો હતો. એ દરમ્યાન મુખ્ય કેનાલથી લઇને માઇનોર કેનાલ અને ઢાળિયા આવેલ છે એ લગભગ ૩૦-૩૫ વર્ષની અંદર ઘણા બધા તૂટી ગયા છે. કોઇક બગડી ગયા છે તો કોઇક જમીન ઘસી પડવાના કારણે દટાઇ ગયા છે. સરકારને વિનંતી છે કે છેલ્લાં ૫-૭ વર્ષના દાયકામાં કોઇક અધિકારી અમારા દક્ષિણ વિસ્તારમાં નારાજ હતા અને પાંચેક વર્ષથી મરામતની કોઇ ગ્રાન્ટ મળી નથી. મંત્રીશ્રીને વિનંતી છે કે દક્ષિણ ગુજરાતની સિંચાઇ યોજનાઓને પુનર્જિવિત કરો. જ્યારે મધુવન ડેમ બનાવવામાં આવ્યો ત્યારે ૫૧૦૦૦ હેક્ટર પિયત વિસ્તાર હતો તે ફકત ૧૨-૧૩ હજાર રહી ગયો છે. ખાસ કરીને મધુવન ડેમ યોજનામાંથી ઇન્ડસ્ટ્રિયલ વિસ્તારમાં પીવા માટે પણ પાણી જાય છે એના થકી યોજના ટકી રહી છે. ૭૦-૭૫ કરોડ રૂપિયા આવક આવે છે. ખેડૂતોની ચિંતા કરીએ તો ખેડૂતોને પણ એનો લાભ મળવો જોઇએ. પાણી પુરવઠાની વાત કરું તો ગામડાંની અંદર મીની પાવર પ્રોજેકટ યોજના, જુથ પાણી પુરવઠા યોજના બનાવવામાં આવે છે. પરંતુ પાણીના સ્ત્રોત શોધતા પહેલાં ટાંકી બની જાય છે, પાઇપલાઇન બની જાય છે, પરંતુ એને જીઇબીનું કનેકશન મળતું નથી. કનેક્શન મેળવતા ૬ મહિના કે ૨ વર્ષ નીકળી જાય છે. ગ્રામ પંચાયતનો કોઇ ઠરાવ ન આવે કે પછી કોઇ કનેકશનના કારણસર ડીલે થાય છે. અને તેના કારણે યોજના બને એ યોજના મીનીમમ દોઢ વર્ષ સુધી પડી રહે. ત્યાં સુધીમાં પાઇપલાઇન ખવાઇ જાય છે, તૂટી જાય છે અને સરકારના પૈસા વ્યર્થ જાય છે. સરકારને વિનંતી છે કે જીઇબી પાણી પુરવઠા જોડે કો-ઓર્ડિનેશન કરે. જી.ઇ.બી. નું કનેકશન છે એમાં અત્યારે ગુજરાત વિદ્યુત બોર્ડે જી.આર.બહાર પાડ્યો છે. એગ્રીકલ્ચર કનેક્શન આપવામાં આવે છે, ત્યારે ખેડૂતોને માટે ૮ કલાકનું રુટિન બદલાતું હોય છે, ત્યારે પહેલાં જ્યારે ૨૪ કલાક જે.જે.વાય. માંથી કનેકશન આપવામાં આવતા હતા. આજે એગ્રીકલ્ચરમાંથી આપવામાં આવે છે. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે જી.ઇ.બી. જોડે મીટિંગ કરીને ૨૪ કલાક જે.જે.વાય. માંથી કનેકશન મળે તેવી વિનંતી છે. પાણીપુરવઠામાં વર્ષો પહેલાં ૨૦-૨૫ વર્ષ પહેલાં બોરો થયેલા. ચોપડાની અંદર એક ગામમાં ૧૦૦-૧૫૦ બોર બોલાતા હોય. પણ એમાં ૧૦-૧૫ વર્ષ પહેલાં જે બોર બનેલા હોય તે જ ચાલતા હોય છે. વર્ષો જૂના બોરને રેકર્ડ ઉપરથી દૂર કરવા જોઇએ. દરેક ગામમાં રેકર્ડ હોય છે. એક ગામમાં આટલા બોર છે. પરંતુ વાસ્તવમાં બોર ચાલતા ન હોય. જૂના બોરને દફતરેથી રદ કરીને એ વિસ્તારમાં નવા બોર મળે તેવી વિનંતી છે. ખાસ કરીને શ્રમ, રોજગાર અમારા દક્ષિણ ગુજરાતમાં વાપી જી.આઇ.ડી.સી. સરીગામ, ઉમરગામમાં આવેલ છે. એમાં ઇ.એસ.આઇ. હોસ્પિટલ આવેલ છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, પ્રજાવાત્સલ્ય મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી શ્રમ અને રોજગાર વિભાગની માગણી નં.૫૭ લઇને આવ્યા છે તેના સમર્થનમાં હું મારા મંતવ્યો રજૂ કરવા માટે ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર મંત્રાલય પહેલાં પણ હતું અને આજે પણ છે. શ્રમિકો પહેલાં પણ હતા અને આજે પણ છે. જેના હૈયે વંચિતોના વ્હારે જવું, દિન દુઃખીયાના આંસુ લુછતાં અંતર કદી ન ધરાજો, મારું જીવન અંજલિ થાજો તે સૂત્ર જેમણે પોતાના જીવનની અંદર ચરિતાર્થ કર્યુ તે તત્કાલિન મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાન. વર્ષોથી શ્રમિકો હતા, જેને માથે આભ અને નીચે ધરતી, તેના માટે કયારેય કોઇપણ સરકારે દરકાર ન કરી. તેની દરકાર આપણા લોકલાડીલા મુખ્યમંત્રી આનંદીબેન અને તેમની ગતિશીલ ગુજરાતે કરી. આ વર્ષના બજેટની અંદર શ્રમિકો માટે, શ્રમિકો અને કર્મયોગીઓના કલ્યાણ માટે જુદી જુદી વિવિધ યોજનાઓ સામેલ કરવામાં આવી. જેની અંદર જોઇએ તો નાનાજી દેશમુખ આવાસ યોજના છે. જે શ્રમિકો પોતાના વતનથી દૂર અસંગઠિત ક્ષેત્રની અંદર કામ કરતા મજૂરો છે. તે પોતાના વતનથી દૂર બાંધકામ ક્ષેત્રની અંદર કન્સ્ટ્રકશનની સાઇટ ઉપર ખુલ્લા આકાશની નીચે પોતાનો વસવાટ કરતા હોય, રોડ ઉપર પોતાનું જીવન ગુજારતા હોય તેવા શ્રમિકો માટે કોઇએ કામ હાથ પર લીધું હોય તો તે આપણા લોકલાડીલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેને લીધું છે. શ્રમિકો માટે તેને પાયાની સુવિધા મળે, તેની સામાજિક સુરક્ષા વધે, તે સારી રીતે પોતાનું જીવન વ્યતિત કરી શકે તેના માટે નાનાજી દેશમુખ આવાસ યોજનાનું કાર્ય હાથ પર લીધું. આ કાર્યની અંદર ૨૦૦ કરોડની જોગવાઇ પણ કરવામાં આવી છે. જેની અંદર જે બાંધકામ ક્ષેત્ર સાથે જોડાયેલા છે તેવા શ્રમિકોને પોતાના આવાસ મળે તેના માટે પ્રથમ તબકકાની અંદર એક કુટુંબદીઠ એક આવાસ ફાળવવામાં આવે તેવી યોજના હાથ પર લીધેલી છે. તેમની સામાજિક સુરક્ષાને ઘ્યાને લઇ તેમના બાળકોનું ભણતર સારું થાય, તેમના બાળકોને સારું શિક્ષણ પ્રાપ્ત થાય તેની ચિંતા આ સરકારે કરી છે. આ સરકારે તેમના બાળકોને સારું ભણતર મળે, બીજા બાળકો સાથે તેમનું શિક્ષણ સારુ થાય તેના માટે કોચિંગની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. તેના માટે એક કરોડ રૂપિયાની જોગવાઇ આ સરકારે કરી છે. આજદિન સુધી આ શ્રમિકો તરફ કયારેય કોઇનું ઘ્યાન નથી ગયું. તે લોકોને જે કોચિંગની વાત કરી, પણ સાથે સાથે જે લોકો બીજા ગામમાંથી આવતા હોય તેમના માટે હંગામી આવાસની યોજના દાખલ કરી. તે લોકોને પોતાનું ઘર ન હોય તો હંગામી આવાસમાં સુખચેનથી પોતાનું જીવન ગુજારી શકે અને સારું કાર્ય કરી શકે તેના માટે આ યોજના હાથ ધરી છે. તેની અંદર ૨૦ કરોડ રૂપિયાની જોગવાઇ આ સરકાર દ્વારા કરવામાં આવી છે. સામાજિક સુરક્ષાની વાત હોય ત્યારે આ ક્ષેત્રના શ્રમિકો છે તેમનું, તેમના કુટુંબનું અને ઘરની મહિલાઓના સ્વાસ્થ્યની સુરક્ષા માટે આ સરકાર કટિબદ્ધ છે. આ ક્ષેત્રની અંદર જે શ્રમિકો છે તેમને જુદા જુદા રોગો જેવા કે કેન્સર, હૃદયરોગ છે અને બીજા ચામડીના રોગો માટે ત્રણ લાખ રૂપિયા સુધીની જોગવાઇ આ સરકાર દ્વારા કરવામાં આવી છે જે ખરેખર પ્રશંસનીય છે. આ અસંગઠિત ક્ષેત્રના જે માણસો છે એમના માટે આવાસની જોગવાઇ ન હતી, એમના બાળકો માટે ભણવાની જોગવાઇ ન હતી ત્યારે એ લોકો માટે વિવિધ યોજનાઓ કરી અને એની સાથે સાથે આ શ્રમિકોના બાળકોને સારું ભણતર પ્રાપ્ત થઇ શકે અને જે નાના બાળકો છે એમના માટે આંગણવાડીની યોજના એન.જી.ઓ. મારફત અને સરકારના ખાતા તરફથી હાથ પર લીધી છે અને શ્રમિકોના બાળકોને આંગણવાડીનો લાભ મળી શકે એ માટે આ વખતના બજેટમાં સરકારે પ્રાવધાન કર્યું છે. શ્રમિકો જ્યારે કાર્ય કરતા હોય ત્યારે એનું આર્થિક શોષણ ન થાય, એમને ક્યારેય અકસ્માત થાય ત્યારે પણ એમનું જીવન ભયમુક્ત રહે અને એમને મફત કાનૂની સહાય મળે તેમજ માર્ગદર્શન પ્રાપ્ત થાય, પોતાના હક્ક શું છે, પોતાના અધિકાર શું છે? એ માટે મફત કાનૂની સહાયની જોગવાઇ પણ આ વખતના બજેટમાં સરકારે કરેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ શ્રમિકો માટે તાલીમની યોજના બનાવેલ છે. આ શ્રમિકો જેવા કે કડિયા કામ કરતા કારીગરો, સુથારી કામ કરતા કારીગરો, પ્લમ્બીંગ કામ કરતા કારીગરો વગેરે જે કારીગરો છે એમને કૌશલ્ય પ્રાપ્ત થાય એના માટે તાલીમની પણ જોગવાઇ કરેલ છે અને સવેતન ત્રણ માસની તાલીમ એમને આપવાની એમાં જોગવાઇ કરીને એના માટે ૧૦ કરોડની જોગવાઇ આ વખતના બજેટમાં સરકારે કરેલ છે. મા યોજના કાર્ડ દ્વારા એમને ૨ લાખ રૂપિયાની મર્યાદા સુધી તબીબી સહાય પ્રાપ્ત થાય એની પણ સરકારે દરકાર કરી છે. આ શ્રમિકોને સાધન સહાય પણ સરકાર તરફથી આપવામાં આવે છે. સરકાર તરફથી ૨૬,૧૯૮ લોકોને કૌશલ્ય વિકાસની તાલીમ પણ આપવામાં આવે છે.

શ્રી વસુબહેન ન. ત્રિવેદી(જામનગર-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજના અંગે મારા વિચારો વ્યક્ત કરવાની આજે મને તક મળી છે તેનું મને ગૌરવ અને આનંદ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરદાર સરોવર, નર્મદા યોજનામાં મુખ્યત્વે એક મુખ્ય બંધ, બીજું નહેરો, ત્રીજું પિયત વિસ્તાર, જળ વિદ્યુત મથકો, કેનાલ ટોપ, સોલાર પાવર આ એના મુખ્ય પાસા છે. જે અંગેની વિસ્તૃત ચર્ચા કરવા અને વિગતો આપવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું જે કોઇ વિગતો આપું છું એ રાજકીય રંગ નહીં પરંતુ સત્ય હકીકત મારે ગૃહ સમક્ષ મૂકવી જોઇએ, એ મૂકવાનો પ્રયત્ન કરું છું. આ યોજનાના ઇતિહાસને જોઇએ તો ૫-૪-૧૯૬૧માં તત્કાલિન વડા પ્રધાન જવાહરલાલ નહેરુએ ગામ ગોરા ખાતે એનો શિલાન્યાસ કર્યો હતો. યોજના અંતર્ગત પાણીની વહેંચણીના સંદર્ભમાં ૧૯૬૪માં ખોસલા સમિતિની રચના થઇ જેની ભલામણ ૧૯૬૯માં કરવામાં આવી. મધ્યપ્રદેશ સરકાર દ્વારા તે માન્ય રાખવામાં ન આવી અને ૧૯૬૯માં નર્મદા જળ વહેંચણી ટ્રિબ્યુનલની ભારત સરકાર દ્વારા રચના કરવામાં આવી એનો અહેવાલ ૧૦ વરસ પછીથી મળ્યો. આમ, આ યોજનાના અમલીકરણના ૨૦ વરસ સમિતિઓની રચના અને તેના ચૂકાદામાં નીકળી ગયા. માનનીય અધ્યક્ષશ્રી, અત્રે એક ઉલ્લેખ ઉચિત છે કે, આજ પ્રકારની એક બહુહેતુક ભાખરાનાંગલ ડેમની વિચારણા પણ નર્મદા યોજનાની સાથે થઇ હતી. ૧૮-૧૧-૧૯૫૫માં જવાહરલાલ નહેરુજીએ બાંધકામ માટેની પહેલી શરૂઆત કરી અને ૮ વર્ષના સમયગાળામાં ૧૯૬૩માં સતલજ નદી પર ૭૪૦ ફૂટ ઉંચાઇનો બંધ તૈયાર થઇ ગયો. માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજનાના અમલીકરણમાં થયેલ વિલંબને કારણે ગુજરાતના વિકાસને

૨૦ વર્ષ પાછળ ઠેલી દેવાયો. શું કામ ઠેલી દેવાયો? બંને જગ્યાનું ખાતમૂહૂર્ત જવાહરલાલજીએ કર્યું હતું, નર્મદા ડેમની પાછળ સરદાર પટેલનું નામ હતું, ગુજરાતની જનતા પ્રશ્ન પૂછી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શૈલેષભાઇ ૨૨ વર્ષની વાત કરતા હતા, (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી શકિતસિંહજી બોલતા હતા ત્યારે હું એક શબ્દ નહોતી બોલી. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શૈલેષભાઇ ૨૨ વર્ષની વાત કરતા હતા(અંતરાય) સભ્ય બોલતા હતા ત્યારે હું એક શબ્દ નહોતી બોલી.

પોઇન્ટ ઓફ ઓર્ડર

નર્મદા યોજનાના વિલંબ અંગે

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે બહુજ વિનમ્રતા સાથે એક વિનંતી કરીશ મંત્રીશ્રીઓને કે નિયમો જોઇ લે જયારે સભ્ય ઓન લેગ આ બાબત ઉપર હોય ત્યારે તેમણે બેસવું પડે તેમનું સ્થાન લેવુ પડે છે. આપ એલાઉ કરો છો તો પણ બેસતા નથી.

ઉપાધ્યક્ષશ્રી : એમાં એલાઉનો સવાલ નહોતો તેમનું ધ્યાન ખાલી તેમાં હતું એટલા પૂરતું.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : હા, જી. મેં આ વિભાગ સંભાળ્યો છે એટલા માટે કહું છું કે રાજકીય અવલોકનોમાં પડયા વગર જે વિલંબ થયો છે તે માત્ર અને માત્ર કોર્ટો, ટ્રિબ્યુનલ તેના જજમેન્ટો, પર્યાવરણની મંજૂરીના કારણે થયો છે તેમાં સરદાર સાહેબનું નામ પણ કોંગ્રેસ પાર્ટીએ આપ્યું છે ત્યારે આવી વાત કરવી એ બરાબર નથી.

શ્રી વસુબહેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, શકિતસિંહભાઇએ કહ્યું ત્યારે મારે ફકત એટલું કહેવાનું તેના સંદર્ભમાં યશના ભાગીદારની વાત આપે કરી તો મારી એક વિનંતી છે કે, માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજી અને માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના અગાઉના ભાષણો જરાક જોઇ લેજો. મુખ્યમંત્રીશ્રીઓ, મંત્રીશ્રી, કેન્દ્ર સરકાર એ બધાને એમણે યશ વહેંચેલો છે. એટલે અમે જ કર્યું એ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, કચ્છની વાત સૌ લોકોએ કરી. મારા સૌ સાથી સભ્યોએ ભાગ લીધો ભાઇશ્રી શકિતસિંહજીભાઇ, શૈલેષભાઇ, સંજયભાઇ, કેશાજીભાઇ, પંકજભાઇ, ચંદ્રિકાબેન, જીતુભાઇ, માનસિંગભાઇ આ બધા સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો. જયાં પોઝિટીવ વાતો છે, તેમના સૂચનો છે તેમને ચોક્કસ લક્ષમાં લઇને ગુજરાતની જીવાદોરી સમાન આ યોજના છે એટલે સાથે મળીને પ્રયાસ કરીએ તેમાં કંઇ ખોટું નથી. પણ મારે એટલું કહેવાનું છે કે, કચ્છના લોકોને જઇને જરાક આપણે પૂછીએ તો પહેલાં એવુ હતું કે અધિકારીઓને સજા કરવા માટે ત્યાં મૂકવામાં આવતા હતા. આજે કચ્છમાં કેસર કેરી, ખજૂર, કાજુ, હોટલ બિઝનેશ, રણોત્સવ આ પાણી વગર થઇ શકે ખરું? પાણી વગર ના થઇ શકે. મારે એ કહેવું છે માનનીય મુખ્યમંત્રીશ્રીના દીર્ઘ દ્રષ્ટિકોણને કારણે આ બહુહેતુક યોજના અંતર્ગત સિંચાઇ માટેનું પાણી લગભગ અઢી કરોડ જેટલી જનતાને તેમજ જળ વિદ્યુતનું ઉત્પાદન તેનો મુખ્ય લાભ મળી રહ્યો છે ત્યારે અને ગુજરાતને સબંધ છે ત્યાં સુધી આ યોજનાથી ગુજરતના ૧૫ જિલ્લાના ૭૩ તાલુકાના ૧૨૮૪ લાખ હેકટર અત્યારે સિંચાઇનું પાણી મળી રહ્યું છે. ૧૩૧ ગામોની ૧૮.૪૫ લાખ હેકટર જમીનને સિંચાઇનું પાણી મળી શકશે. **Narmada Water Distribution Tribunal** ના જે એવોર્ડ થયા છે તે મુજબ આ નહેરને રાજસ્થાન સુધી લંબાવવાની ૨ લાખ ૪૬૦૦૦ હેકટર રાજસ્થાનની જમીનને સિંચાઇ મળે. ગુજરાતના ૫૩ ટકા ગામો એટલે ૯૬૬૩ ગામ, ૧૩૧ શહેરી વિસ્તારોમાં આ યોજનાનું પાણી ઉપલબ્ધ થવાનું છે. સૌરાષ્ટ્ર, કચ્છ અને ગુજરાતના અછત ધરાવતા વિસ્તારમાં પાણીની અછતમાં પણ આ યોજના જીવાદોરી સો ટકા બનવાની છે. બીજી વાત કરું કેમ કે ૧૪૫૦ મેગાવોટ જેવી વીજળીનું ઉત્પાદન પણ આમાં થઇ રહ્યું છે તેમાં મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતને આનો લાભ મળવાનો છે. ૪૫૮ કિલોમીટર લાંબી મુખ્ય નહેર તેની ૩૮ શાખા નહેરો કુલ ૭૬.૬૩૧ કેનાલોના નેટવર્ક થકી સમગ્ર ગુજરાતમાં કૃષિ ક્રાંતિના પગરવ મંડાયા છે આ દેશનું ગુજરાત રાજય કૃષિ ક્રાંતિમાં મોખરે રહેશે તેમાં કોઇ શંકાને સ્થાન નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાની અદ્યતન પરિસ્થિતિની વાત કરું તો માનનીય વડાપ્રધાનશ્રી મોદીજીની સરકારે કેન્દ્રમાં સત્તાના સૂત્રો સંભાળ્યા માત્ર ૧૭ દિવસમાં નર્મદા બંધ ઉપર દરવાજા બેસાડવાની પરવાનગી આપી. માનનીય મોદીજીએ અહીંયા ઉપવાસ કરવા પડયા હતા માનનીય મુખ્યમંત્રીશ્રી પણ આજના આપણા આનંદીબેહન પટેલ વખતો વખત તેમણે પણ આ રજૂઆતો કેન્દ્રમાં કરી હતી.પરંતુ આ ઘણાં સમયથી વિલંબિત યોજના મને બરાબર યાદ છે જૂનાગઢમાં ગુણોત્સવના કાર્યક્રમમાં માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન વ્યસ્ત હતા ત્યારે મોબાઇલથી મેસેજ મળ્યો કે દરવાજા બેસાડવાની પરમિશન મળી છે. એ કાર્યક્રમ અધૂરો મૂકીને માનનીય મુખ્ય મંત્રીશ્રીએ એક પણ ઘડીનો વિલંબ કર્યા વગર આ કામ શરૂ કરાવી દીધું હતું એ એટલા માટે કર્યું હતું કે, એમનું માનવું હતું કે ગુજરાતમાં વિકાસ માટે એક પણ પળનો વિલંબ મને પાલવે તેમ નથી. માનનીય મુખ્ય મંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ અને એમની દેખરેખ હેઠળ ૨૯ વીયર્સની કામગીરી અને બ્રીજના સ્લેબના તમામ ૩૦ ગાળાનું કામ પૂર્ણ થઇ ગયું છે. ૩૦ પૈકી ૨૩ રેડિયલ ગેટનું કામ પ્રગતિમાં છે જે પૈકી ૨૨ ગેટનું કામ જૂન–૨૦૧૬માં પૂર્ણ થશે, બાકીના ૮ ગેટનું કામ નિર્ધારિત સમય પહેલાં માર્ચ– ૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન ઓલરેડી થઇ ગયું છે. ૨૧૪ કિલોમીટર લંબાઇ ૧.૭૭ કિલોમીટરની સરેરાશ પહોળાઇ ધરાવતા સરદાર સરોવરની વિશાળ જળરાશીને ૪૫૮ કિલોમીટર મુખ્ય નહેર થકી ગુજરાતને હરિયાળુ કરવાનું, 'નર્મદે સર્વ દે' સૌના મોઢા પર લાવવાનું સ્વપ્નું મારી સરકારનું છે. મુખ્ય નહેરનું સંપૂર્ણ ૪૫૮ કિલોમીટરનું કામ પૂર્ણ થઇ ગયું છે. ૩૮ શાખા નહેરો પૈકી ૩૭ શાખા નહેરોનું કામ પણ પૂર્ણ થઇ ગયું છે. કચ્છની શાખાની નહેરનું ૩૫૭ કિલોમીટર લંબાઇ પૈકી ૨૪૯ કિલોમીટરનું કામ પૂર્ણ થઇ ગયું છે. હાલમાં ૩૭.૪૦ મીટર પાણીનું ઉદવહન કરીને ૧૪૪ કિલોમીટરની લંબાઇની નહેરમાં તેનું વહન

કરીને રાપર તાલુકાના જેસડા ગામમાં પાણી પહોંચાડી દીધું છે. માનનીય મુખ્યમંત્રીશ્રી અને એ વિસ્તારના સૌ લોકોએ આ વાતને ખૂબ ઉત્સાહપૂર્વક વધાવી લીધી છે. કચ્છ જિલ્લામાં ૧૩૦૦ હેક્ટર કરતાં વધુ વિસ્તાર નહેરના બાંધકામ માટે જમીનની આવશ્યકતા છે. આ સન્માનનીય ગૃહના સૌ સભાસદોને વિપક્ષના હોય કે ભારતીય જનતા પાર્ટીના હોય સૌ સભાસદોને હું હૃદયપૂર્વકની અપીલ કરું છું કે નહેરના કામ માટે જયાં ખેડૂતોની જમીનની આવશ્યકતા છે ત્યાં સહયોગ કરે અને સાથે મળીને આ કામ પૂર્ણ કરીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ઉલ્લેખનીય છે કે યોજનાના કુલ ૧૮. ૪૫ લાખ હેક્ટર પિયત વિસ્તાર પૈકી ૧૨.૮૪ લાખ હેક્ટર વિસ્તાર સુધીની માઇનોર કેનાલનું પણ આયોજન સરકારે પૂર્ણ કરી દીધું છે, બાકીના જે વિસ્તારો છે એના માટેના કામો પ્રગતિમાં છે. મારે માનનીય સભ્યશ્રીઓને કહેવું છે કે બાયસેગના માધ્યમ થકી સેટેલાઇટ ઇજનેરીનો ઉપયોગ કરીને નર્મદાના પાણીથી રવી ઋતુમાં રાજયમાં ૭ લાખ હેક્ટર જમીનને સિંચાઇ હેઠળ આવરી લીધી છે. ૧૬ જિલ્લાના ૬૮ તાલુકામાં એનો લાભ મળવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોના ખેતર સુધી આ પાણી પહોંચે એના માટે સબ માઇનોર કેનાલના બાંધકામમાં ઉપયોગમાં લેવાતી મોટા ભાગની જમીનના કારણે ખેડૂતોનું નુકસાન નિવારાય એના માટે ખેડૂત સંગઠનની રજૂઆતોને ધ્યાને લઇને ખેડૂતના ખેતર સુધી ભૂગર્ભ પાઇપલાઇનથી પાણી આપવા માટે ૯૦ ટકા રાજય સરકાર અને ૧૦ ટકા લોકફાળા મુજબ નીતિનો અમલ તા. ૨૨-૩-૨૦૧૫થી કરવામાં આવ્યો હતો, પરંતુ હું મારા આ વિભાગના સૌ કર્મચારીઓ અને માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીને ખૂબ હૃદયપૂર્વકના અભિનંદન એટલા માટે આપું છું કે, ખેડૂતોની રજૂઆત આવી, ભારે વરસાદ, વાવાઝોડું આ બધા જ નુકસાનને કારણે ખેડૂતપ્રીય આ સરકારે લોકફાળાની રકમમાં ઘટાડો કરીને જે ૧૦ ટકા હતો એને બદલે ૨.૫ ટકા કરવામાં આવ્યો અને આ વાત પણ ખેડૂતોના હિતની હતી.

માનનીય અધ્યક્ષશ્રી, અદ્યતન વિગતો મુજબ ગુજરાતના ૧૬ જિલ્લાના ૬૧ તાલુકાના ૯૮૧ ગામોને ૨.૨૫ લાખ ખેડૂતોના લાભાર્થે પાઇપ લાઇનની કામગીરી પૂર્ણ કરી દીધી છે. મુખ્ય બંધના હેઠવાસમાં એટલે કે ગરુડેશ્વર ખાતે વિયરનું બાંધકામ ૨૯૯.૪૬ કરોડ રૂપિયાના ખર્ચે ગતિમાં છે. જયાં પ્રતિદિન ૨૦૦૦ ઘનમીટર માટીકામ,૧૦૦૦ ઘનમીટર કોંક્રીટનું કામ પૂરજોશથી ચાલી રહ્યું છે. ગુજરાતની ભૌગોલિક સ્થિતિના પરિણામે સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં સરદાર સરોવરનું પાણી ગ્રેવીટીથી આપી શકાય તેમ ન હતું, અને તેની આ બંને વિસ્તાર કેનાલના પાણીને ૧૮ થી ૭૨ મીટર ઉદવહન કરવું જરૂરી બને એટલે કેનાલ લેવલથી પાણીને મોટર પંપ દ્વારા ઉપરના લેવલ સુધી પહોંચાડવાનું કામ આ રાજય સરકારે કર્યું છે. એટલે નેવેથી મોભે ચડાવવાની વાત અહીંયા રહેતી નથી. એના માટે સૌરાષ્ટ્ર નહેર શાખા ઉપર પાંચ પમ્પીંગ સ્ટેશન કાર્યરત છે અને કચ્છ શાખા નહેર પર ત્રણ પમ્પીંગ સ્ટેશન પૈકી બેની કામગીરી પૂર્ણ થઇ ગઇ છે.

જળ વિદ્યુતની વાત હું નથી કરતી, આ રાજય અને ગુજરાતીઓ ઇનોવેશન અને સાહસ માટે સમગ્ર વિશ્વમાં જાણીતા છે. સરદાર સરોવર નર્મદા અંતર્ગત વડોદરા શાખા નહેર ઉપર બાષ્પીભવન ઓછું થાય અને સોલાર એનર્જીનો ઉપયોગ થઇ શકે એટલે દસ મેગાવોટ કેનાલ ટોપ કાર્યરત કરીને એક નવો ઇતિહાસ બનાવ્યો છે. ફેબ્રુઆરી, ૨૦૧૬ સુધીમાં ૧૯.૪ મિલિયન વીજળીનુ ઉત્પાદન થયું છે અને હવે મીયાગામ નહેર શાખા ઉપર પણ આ ઉત્પાદન થાય એના માટે જાપાનની આંતરરાષ્ટ્રીય એજન્સી દ્વારા સરવેનું કામ પૂર્ણ થયું છે.

નર્મદા નદીની વિશાળ જળરાશીને સરદાર સરોવર બંધ થકી જોતરીને માવન કલ્યાણ માટે ઉપયોગ કરવાની આ યોજનામાં પીવાના પાણીની સુવિધા આપવાની બાબતને અગ્રતા આપવામાં આવી છે. મેં અગાઉ કહ્યું એમ ૯૪૯૦ ગામો, ૧૭૩ નાના શહેરોને પાણી પહોંચાડવાનું આયોજન આ યોજનામાં કર્યું છે. ૩૧-૧-૧૬ની સ્થિતિએ ૮૧૩૯ ગામો, ૧૫૭ શહેરોને નર્મદાનું પાણી ઉપલબ્ધ કરાવી દીધું છે. એટલે કે રાજયની ૨.૫૬ કરોડ પ્રજાને નર્મદાના નીરનો સીધો લાભ મળી રહ્યો છે. નર્મદાના દર્શન કરવાનો લાભ સરકારે સામેથી પ્રજાને આપ્યો છે. આ ઉપરાંત વાત્રક, સાબરમતી, રૂપેણ, બનાસ વગેરે નદીઓમાં નર્મદાનું પાણી વહેવડાવીને તેમજ મચ્છુ સહિત ૨૩૭ ગામોના તળાવોમાં નર્મદાનું પાણી આપવામાં આવ્યું છે અને એ પણ જીવાદોરી સમાન પુરવાર થયું છે એમ કહીશ તો ખોટું નથી.

મારે કેટલીક વાત કરવી છે એના સંદર્ભમાં મારે કહેવું છે. માનનીય ગોવાભાઇએ કેનાલ તૂટફૂટ થવાનો એક મુદ્દો ઉઠાવ્યો હતો. કેનાલમાં પાણી પહોંચ્યુ નથી આવી એક તરફ વાત અને એક તરફ કેનાલ તૂટી ગઇ છે તેવી વાત કરે છે. પાકને નુકસાન થયું હોવાની વાત પણ કરી તો કેનાલ જ ન બની હોય તો ભરાઇ કઇ રીતે અને ભરાય નહિ તો તૂટે કેવી રીતે અને ખેતીને નુકસાન કઇ રીતે થાય? હકીકતમાં જાન્યુઆરી, ૨૦૧૬ની સેટેલાઇટ ઇમેજથી બાઇસેક દ્વારા થયેલ અભ્યાસ દર્શાવે છે કે બનાસકાંઠામાં ૭૬,૪૭૫ હેકટરમાં સિંચાઇ થઇ ગઇ છે. ભાભરમાં ૨૪૪૮૭ હેકટર, દીયોદરમાં ૧૦૪૦ હેકટર, કાંકરેજમાં ૭૦૨૦ હેકટર, સુઇગામમાં ૧૧૭૧૮ હેકટર, થરાદમાં ૧૧૪૨૨ હેકટર અને વાવમાં ૨૦૮૧૮ હેકટરમાં પાણી પહોંચવાનું ચાલુ થઇ ગયું છે. આમ છતાંય ઉપર દર્શાવ્યામાં કોઇ કારણે તૂટફાટ થઇ હોય તેવું કહેશે અને પાકને નુકસાન થયું જો અમને જાણમાં આવશે તો એના માટે યોગ્ય વળતર માટે વિચાર કરવામાં આવશે.

માનનીય ગોવાભાઇ, સૌરાષ્ટ્ર માટે પીવા માટેના અને ઘર વપરાશના પાણીની વાત કરીને પાંચ લાખ હેકટરને પાણી આપવાની વાત કરી. શૈલેષભાઇ પરમારે એક વિષય કહ્યો. ૧૯૯૬-૯૭ થી એકસલેટર ઇરિગેશન બેનિફીટ પોગ્રામ હેઠળ કેન્દ્રીય સહાય મળે છે એમાં ૨૦૧૩-૧૪ સુધી એટલે કે ૧૮ વર્ષમાં ૭૬૩૦ કરોડની સહાય મળી જયારે ૨૦૧૪-૧૫માં એકજ વર્ષમાં ૧૦૩૪ કરોડની સહાય મળી છે. એક જ વર્ષમાં ઓછી સહાય મળી છે એ વાત માનવાને કારણ નથી સત્ય હકીકત આ છે. કેન્દ્રીય સહાય કેન્દ્ર સરકાર પાસે ઉપલબ્ધ ફંડ તેમજ વિવિધ રાજયની જુદી જુદી યોજનાઓની અગ્રીમતાના આધારે મળે છે.

માનનીય ચંદ્રીકાબહેને કંઇક વાત કરી. એમણે આદિવાસી ક્ષેત્રની વાત કરી. મારે એમને એટલું જ કહેવું છે તેઓ અત્યારે અહીંયા છે કે કેમ એની ખબર નથી. માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ આદિવાસી ક્ષેત્રમાંથી આવતા •(×××). એ ગતિશીલ ગુજરાત છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : એ શબ્દો હું રેકર્ડ પરથી દૂર કરું છું.

શ્રી વસુબહેન ન. ત્રિવેદી : દાહોદ જિલ્લાને નર્મદા યોજના થકી પાણી આપવાની જે રજૂઆત કરી તે બાબતે જણાવવાનું કે નર્મદા જળની વહેંચણી બાબતે જે ટ્રીબ્યુનલની રચના ૧૯૬૯માં થઇ હતી એ ટ્રીબ્યુનલે ૧૯૬૯થી ૧૯૭૯ દરમ્યાન અભ્યાસ કરી સરદાર સરોવર યોજનાથી લાભિત પિયત વિસ્તારનું આખરીકરણ કર્યું તેમાં દાહોદ જિલ્લો પણ નહોતો અને માનસિંહભાઇએ જે વાત કરી તેમાં પણ આ આવતું ન હતું. એટલે આ રીતે નર્મદા યોજનાની વાત સૌ સાથે મળીને લઇ આવ્યા છીએ ત્યારે આ તબક્કે એક જ વાત કરીને મારી વાત પૂરી કરીશ. પૂર્વ મુખ્યમંત્રીશ્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી દ્વારા સરદાર સરોવર યોજનાની સાથે જોડાયેલ સરદાર વલ્લભભાઇ પટેલની સ્મૃતિને ચિરંજીવ કરવા માટે સરદાર વલ્લભભાઇ પટેલની ૧૮૨ મીટર ઉંચી પ્રતિમાનું નિર્માણ ડેમ સાઇટથી હેઠવાસમાં સાધુ ટાપુ ઉપર કરવાનો એક ઐતિહાસિક નિર્ણય કર્યો છે. રાજયની સૌ પ્રજાએ લાખ લાખ અભિનંદન આપ્યા છે. આ પ્રતિમાના નિર્માણ માટે સમગ્ર રાષ્ટ્ર સહભાગી બને, તેનું ગૌરવ લઇ શકે તે માટે સમગ્ર દેશના કિસાનપુત્રો પાસેથી બિનઉપયોગી ઓજાર મેળવીને આ પ્રતિમા તૈયાર કરવા માટે રાષ્ટ્રવ્યાપી અભિયાન ચલાવવામાં આવ્યું હતું. માર્ચ-૨૦૧૫ સુધીમાં આ પ્રોજેક્ટમાં ૪૮,૦૪૨.૫૭ કરોડનો ખર્ચ થયો છે. નવેમ્બર સુધીમાં પણ ૫૦,૬૬૧.૫૮ કરોડનો ખર્ચ થયો છે. મેં અગાઉ વર્ણન કર્યું તેમ પ્રજાજનો માટે પીવાનું પાણી, કિસાનો માટે સિંચાઇનું પાણી, ઉદ્યોગ અને ગૃહ ઉદ્યોગોમાં વીજ ઉત્પાદનની બહુહેતુક આ યોજના માટે ૨૦૧૬-૧૭માં નર્મદા વિકાસ યોજના મૂડી ખર્ચ પેટે રૂ. ૩,૮૫૭ કરોડ ૮૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. હું સૌ સાથી સભ્યોને વિનંતી કરું છું કે નર્મદા એ મારી તમારી નહીં, આપણાં સૌની યોજના છે. સર્વાનુમતે મંજૂરી આપવા માટે સન્માનનીય ગૃહના સૌ સભાસદોને વિનંતી સહ નર્મદા વિકાસ યોજનાની માગણીઓ ગૃહ સમક્ષ સાદર રજૂ કરું છું, સૌ સભ્યો તેને સાથે મળીને વધાવીએ એવી લાગણી પણ વ્યક્ત કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી વિજયભાઇ. (આ તબક્કે સભ્યશ્રી શક્તિસિંહજી ગોહિલ નર્મદા વિભાગની માગણી ઉપર પ્રશ્ન પૂછવા ઉભા થતાં) બન્ને વિભાગના પ્રશ્નો સાથે લઇ લઇએ. આમાં શક્તિસિંહજી, આઇ ઓબ્ઝર્વ. મેં જોયું છે કે આમાં જે સભ્ય પ્રશ્ન પૂછે છે એ બીજામાં પૂછે છે. બન્ને વિભાગના પ્રશ્નો સાથે પૂછો ને, તેની ના નથી પાડતા. આપણે અત્યાર સુધી એ રીતે જ પૂછવા દઇએ છીએ. તેમાં કયાં વાંધો છે. બન્ને મિનિસ્ટરના પૂછો ને. (અંતરાય) બધું તાજું જ છે. તમને કોઇને આટલા વર્ષમાં વાસી થયું?

શ્રી વિજયકુમાર ર. રૂપાણી (વાહન વ્યવહાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પાણી પુરવઠા વિભાગ, ટ્રાન્સપોર્ટ વિભાગ અને શ્રમ અને રોજગાર વિભાગની માગણીઓ લઇને આવ્યો છું. આ માગણીઓ ઉપર અમારા પક્ષના, વિપક્ષના માનનીય ધારાસભ્યશ્રીઓએ ભાગ લીધો, સૂચનો રજૂ કર્યા એ બધાનો ખૂબ ખૂબ આભાર માનું છું. ખૂબ સારી ચર્ચા અત્યારે આપણે હાઉસમાં કરી છે અને તેના આધાર ઉપર જે સારા સૂચનો આવ્યા છે એ અમારા વિભાગને પણ ખૂબ ઉપયોગી બનશે જ તેની મને શ્રદ્ધા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગારથી શરૂ કરું છું. કારણ કે શ્રમ અને રોજગારના જે શ્રમિકો છે તેમના પરસેવાથી, એમની મહેનતથી આ ગુજરાતનો વિકાસ થઇ રહ્યો છે. ગુજરાતમાં જે રીતે મોટા પાયે ઇન્વેસ્ટમેન્ટ આવી રહ્યું છે એ ઇન્વેસ્ટમેન્ટ સાકાર ત્યારે જ બને, એ પ્રોડકટીવીટી ત્યારે જ અનુકૂળ બને કે જયારે શ્રમિકો ખરા હૃદયથી, દિલથી અને ખૂબ શાંતિથી કામ કરતા હોય ત્યારે જ આ વિકાસ શક્ય બને. ઇન્ફ્રાસ્ટ્રકચરનો વિકાસ પણ શ્રમિકોના પરસેવા અને લોહી-પાણીથી થાય છે, બ્રિજ બનતા હોય છે, રસ્તા બનતા હોય કે કોઇ નવા મકાન બનતા હોય છે એ શ્રમિકોના પરસેવાથી થતા હોય છે. એટલા માટે આ ગૃહમાં જે રીતે બજેટની ફાળવણી કરવામાં આવી છે એના આંકડાઓમાં અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે જે વખતોવખત એમાં પૈસાનો વધારો કર્યો છે અને એમના માટે સામાજિક સુરક્ષા પૂરી પાડવી, એમને પૂરતું વેતન મળે, એમની પૂરતી કલ્યાણકારી યોજનાઓ બને એ માટેના પ્રયત્નો આ બજેટમાં કરવામાં આવ્યા છે. મને જણાવતા આનંદ થાય છે કે ૧૯૬૦થી ૧૯૯૪ના ૩૫ વર્ષના સમય ગાળામાં ૬,૧૩,૦૦૦ લોકોને રોજી રોટી આપવામાં આવી હતી એ ઓન રેકર્ડ છે. ૧૯૯૫થી ૨૦૧૫ સુધીમાં ૩૦,૫૨,૦૦૦ લોકોને રોજી રોટી પૂરી પાડવામાં આવી છે. એટલે એમાં પાંચ ગણો વધારો થયો છે. જે રીતે બીજા રાજ્યના અનએમ્પ્લોટમેન્ટના ફિગર છે યુપીમાં ૬૯,૦૦,૦૦૦ રજિસ્ટર્ડ ફિગર છે. બંગાળમાં ૭૭,૦૦,૦૦૦ લાખ, મહારાષ્ટ્રમાં ૩૮,૦૦,૦૦૦, કેરળ જેવા નાના રાજ્યમાં પણ ૩૭,૦૦,૦૦૦ લોકો બેકાર છે, એમ્પ્લોયમેન્ટ કચેરીઓમાં નામ નોંધાયેલા છે. જ્યારે ગુજરાતમાં માત્ર ૬,૬૭,૦૦૦ ના રિજસ્ટ્રેશન છે. એનો અર્થ એ થયો કે આપણે દિવસેને દિવસે વધારે લોકોને રોજગારી આપતા જઇએ છીએ અને આ બેકારીનું લિસ્ટ ઘટાડતા જઇએ છીએ. માફ કરજો, અગાઉ એવી વાતો થતી હતી. આરામ હરામ હૈ. શ્રી શૈલેષભાઇએ વાત કરી (અંતરાય) બીજા સભ્યશ્રીએ વાત કરી. આપ ઘણા સ્લોગન આપો છો. તમે અગાઉ આવું સૂત્ર આપ્યું હતું. " આરામ હરામ હૈ" નું પણ એક વખત સૂત્ર આપવામાં આવ્યું હતું. ત્યારે દેશના યુવકો પૂછતા હતા કે આરામ હરામ હૈ તો કોઇ કામ તો આપો.

• આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

તા. ૧૫મી માર્ચ, ૨૦૧૬

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

" આરામ હરામ હૈ તો કોઇ કામ તો દિજીયે, નારા દિયા હૈ તો કોઇ અંજામ તો દિજીયે,
ઇન કરોડો હાથો સે મત કીજીયે મજાક, અચ્છા હૈ કે જીભ કો લગામ તો દિજીયે."

માનનીય અધ્યક્ષશ્રી, આ વાત એટલા માટે હું કરું છું કે ખરા અર્થમાં દેશની મોટી સમસ્યા એ બેકારી છે અને ગરીબી એ બેકારીના આધારે છે. એટલા માટે બેકારી સામેનો જંગ છે એ ભારતીય જનતા પાર્ટીની સરકારે શરૂ કર્યો છે અને વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ પણ આ બેકારી દૂર થાય એટલા માટે મેઇક ઇન ઇન્ડિયા, સ્કીલ ઇન્ડિયા જેવા નવા પ્રોગ્રામ આ દેશમાં લઇને આવી રહ્યા છે. ગુજરાતમાં આ બેકારી સામે જંગ ચાલે છે એના આ ફિગર છે. એમાં ૨૦૧૫માં ૧૧૩૫ ભરતી મેળા કર્યા. એમાં ૧,૭૭,૦૦૦ યુવાનોને રોજગારી માટે પસંદ કરવામાં આવ્યા છે. ૭ લશ્કરી ભરતી મેળા કર્યા જેમાં ૧૮૨૦ યુવાનોને રોજગારી આપવામાં આવી. ૨૦૧૫માં ૮૪૧ સ્વરોજગાર શિબિર કરી એમાં ૪૪૧૨૦ ઉમેદવારોને રૂ.૪૩૭/- કરોડની બેંકમાંથી લોન આપવામાં આવી અને સ્વનિર્ભર કરવામાં આવ્યા. એવી જ રીતે ૧૨૬૬૭ યુવાનોને ઓવરસીઝ કેરીયર માટે, એના સેન્ટર દ્વારા તાલીમો આપી વિદેશમાં મોકલવામાં આવ્યા. આમ કરીને બેકાર લોકોને રોજગારી આપી. યુવાનોમાં ફસ્ટ્રેશન ન થાય અને યુવાન કામ કરતા થાય એ દિશામાં કામ કર્યું છે. સાથોસાથ ૭૮૬ આઇટીઆઇમાં ૧,૯૬,૨૫૨ યુવાનોને ઔદ્યોગિક તાલીમ આપી રહ્યા છીએ. સાથોસાથ ૫૦૦ કૌશલ્યવર્ધક કેન્દ્રોમાં છેલ્લા વર્ષમાં ૧૪,૪૧,૦૦૦ લાભાર્થીઓને તાલીમ આપવામાં આવી અને એમાં ૯,૧૩,૦૦૦ તો માત્ર બહેનો હતી તેમને તાલીમનો લાભ આપવામાં આવ્યો હતો. એવી જ રીતે ગઇ વખતે યુપીએની સરકારે આંકડા બહાર પાડ્યા હતા. આ વખતે એનડીએ સરકારે આંકડા બહાર પાડ્યા છે. આખા દેશની રોજગારી નિર્માણમાં ગુજરાતે ૮૪ ટકા લોકોને રોજગારી આપી છે. માત્ર જેને કહીએ કે બાકીનું ભારત એક તરફ અને એક તરફ ગુજરાત. ૮૪ ટકા ગુજરાતે કર્યું છે એમાં ૮૦ ટકા એસ.ટી. અને એસ.સી. લોકોને રોજગારી આપવામાં આવી છે અને બહેનોમાં પણ ૭૬ ટકાને રોજગારી આપવામાં આવી છે. એનો અર્થ એ થાય કે સાચી દિશામાં આપણે જઇ રહ્યા છીએ. આવનારા દિવસોમાં નવી નવી સ્કીમો, નવી નવી ટ્રેનિંગો, અમે આઇ.ટી.આઇ.માં ૧૨૦ કોર્સ ચલાવીએ છીએ. અલગ અલગ ટ્રેડ દ્વારા લેટેસ્ટમાં લેટેસ્ટ સી.એન.સી. મશીનથી લઇને કોમ્પ્યુટરનો કોર્સ કરાવીને યુવાનોને તૈયાર કરીએ છીએ. એ યુવાનો આગળ વધતા વધતા એ પોતે સ્ટાર્ટ-અપ થાય એ દિશામાં આપણે પ્રયત્નો કરી રહ્યા છીએ. માનનીય શક્તિસિંહે વાત કરી હતી કે રાજકોટમાં કામદારોના જે કેસો ઊભા છે એનું નિરાકરણ થતું નથી. એના મૂળમાં આખી વાત એ છે કે જે રીતે લેબર લોઝ છે એમાં તે દિવસે પણ મારા પ્રવચનમાં મેં કહ્યું હતું કે આજે આપણે દંડની જોગવાઇ કરીએ છીએ ત્યારે વિરોધ પક્ષથી વાતો આવતી હતી કે ક્રિમિનલ પ્રોવિઝન ઓછું કરીને દંડની જોગવાઇ કરી એના કારણે સ્થિતિ એ છે કે આજે પણ ત્યાં જે રાજકોટના કેસોની વાત થઇ કે ફોજદારી કેસો અદાલતમાં પડતર છે. ૧૦ વર્ષથી ૩૫૪ કેસો પડતર છે અને ફોજદારી અદાલતે એનો ચૂકાદો આપવાનો છે. અમારા શ્રમ અધિકારીએ આપવાનો નથી. આખા ગુજરાતનો હિસાબ કરીએ તો ૭૮ હજાર કેસો કોર્ટમાં પેન્ડીંગ છે અને ટોટલ હિસાબ કરીએ તો દર વર્ષે માત્ર ૧૩૦૦ કેસોનો નિકાલ થાય છે એ જોતાં ૬૦ વર્ષે આ બધાને ન્યાય મળે. એટલા માટે શ્રમિકો ન્યાય વગરના ન રહે એના માટે શ્રમિકોની ઇચ્છા હોય તો જ આ દંડનું પ્રોવિઝન કરીને આપણે આ વ્યવસ્થા ઉભી કરી છે. જેથી શ્રમિકને ઝડપી ન્યાય મળે અને કોર્ટમાં કેસ પડતર ન રહે. શ્રમિકો ન્યાય મેળવીને પગભર બને એના માટે આ પ્રોવિઝન કર્યું છે. ભવિષ્યમાં ઝડપથી કેસો પતે એ પ્રકારની અમારી નીતિ છે. આઉટ સોર્સની વાત પણ માનનીય શક્તિસિંહે કરી. ચોક્કસ શોષણ થતું હશે એમાં હું બીજો અભિપ્રાય આપતો નથી. પરંતુ સરકારે પ્રયત્ન કર્યો છે અને પહેલી વખત આ કાયદો, લેબર લોઝમાં સુધારો કર્યો એમાં આઉટ સોર્સમાં પણ લેબર લોઝ લાવી દીધો છે. જેથી કરીને જવાબ આપવો પડે અને માલિકે પૂરતું વળતર પણ ચૂકવવું પડે. એ માટેનું નોટિફિકેશન ટૂંક સમયમાં બહાર પડશે અને હવેથી કાયદો અમલમાં આવશે. આઉટ સોર્સમાં પૂરો પગાર ચૂકવવો પડશે એની સાથોસાથ એમાં પ્રોવિઝન કર્યું છે કે જે અલગ અલગ વર્તણૂંકનો કાયદો હતો એ કાયદામાં સુધારો કરી એ શ્રમિકની ફેવરમાં સુધારો કરીને એમાં ચેકથી પેમેન્ટ કરવું પડે, એમાં લઘુતમ વેતન મુજબ ચૂકવણું કરવું પડે, કામદાર વળતર માટે નિયમ મુજબ ૯૦ દિવસમાં શ્રમયોગીના આશ્રિત દ્વારા વળતરની અરજી ન થાય તો સરકાર અરજી કરશે અને ન્યાય અપાવશે. જુદા જુદા ૨૫ સુધારા કર્યા અને મિનિમમ ગવર્નમેન્ટ અને મેક્ષીમમ ગવર્નન્સના મૂળ મંત્ર સાથે અમે આ બધા સુધારા કરીને ફરજિયાત ચેકથી પેમેન્ટ થાય એ પ્રમાણેના નિયમો બનાવીને આવતા દિવસોમાં શોષણ બંધ થાય એ દિશામાં અમે પ્રયત્નો કરી રહ્યા છીએ. શ્રમ અને રોજગારમાં ખરા અર્થમાં આજદિન સુધી વાતો આવી છે કે બાંધકામના ૧૧૦૦ કરોડ રૂપિયા શ્રમિકોના પડ્યા છે એનો ઉપયોગ થવો જોઇએ. આના માટે પણ અમે ગંભીરતાથી પ્રયત્નો શરૂ કરી દીધા છે. સુપ્રીમ કોર્ટની ગાઇડલાઇન મુજબ કામદારની નોંધણી થવી ફરજિયાત છે. બાંધકામ શ્રમિકની નોંધણી આજદિન સુધી થતી ન હતી અને થતી હતી તો નોમિનલ ૧૫ થી ૧૭ હજારની હતી. એના કારણે આપણે ખર્ચ કરી શકતા ન હતા. પહેલી વખત આખા ભારતમાં ગુજરાત એક એવું રાજ્ય છે કે જેમાં અસંગઠિત કામદારને રજિસ્ટર કરવા માટેની ઝૂંબેશ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે અને ગૃહને જણાવતાં મને આનંદ થાય છે કે, ૧૮ લાખ શ્રમિકોની નોંધણીઓ થઇ, ૧૮ લાખ અને ૧૮ લાખનો ફિગર હું એટલા માટે બે વખત બોલું છું કે, અમારાં શ્રમ વિભાગને પણ કલ્પના નહોતી કે પાંચ લાખથી વધારે નોંધણી થાય. પરંતુ જે મેળાઓ કરવામાં આવ્યાં એમાં ૧૮ લાખની નોંધણી થઇ અને ૧૮ લાખમાંથી ૯ લાખ યુ વીન કાર્ડ આપી દીધા છે. ૯ લાખ બાકી છે એનું કારણ પણ એ છે કે સુપ્રીમ કોર્ટેનો જે આદેશ આવ્યો કે તમે આધારકાર્ડનો ઉપયોગ પબ્લિકલી નહિ કરી શકો અને આધારકાર્ડનો ઉપયોગ ના કરવાના કારણે અમારી જે આખી સિસ્ટમ છે એમાં કોઇ આધારનો આધાર લઇને બોગસ માણસ આ કાર્ડ ના લઇ જાય એ આપણે જોડ્યું હતું. આધારનો આધાર લઇને એનો ફોટો સીધો એને ખર્ચ ના લાગે ૩૦ રૂપિયાનો, એટલે સીધો ફોટો એમાંથી આવી જાય એ રીતે આખી વ્યવસ્થા કરી હતી. સુપ્રીમ કોર્ટના ઓર્ડરને કારણે અત્યારે એ વસ્તુ પેન્ડિંગ છે. સુપ્રીમ કોર્ટે ચાર યોજનાને

અનુમતિ આપી છે. અમે આશા રાખીએ છીએ. અમે પ્રયત્ન પણ કરીએ છીએ કે સુપ્રીમ કોર્ટ અમને આમાં અનુમતિ આપે તો ઝડપથી અઢારે અઢાર લાખ શ્રમિકોને આ કાર્ડ પહોંચી જાય અને આ કાર્ડ જ્યારે હાથમાં આવશે ત્યારે શ્રમિકનું સન્માન થવાનું છે. યુ વીન. તમે વિજયી બનો. મારો શ્રમિક વિજયી બને એ માટેનો અમારો પ્રયત્ન છે અને એમાં અમે સમાજ સુરક્ષા માટે, સામાજિક સુરક્ષા માટે કોઇપણ અકસ્માત થાય તો ત્રણ લાખ રૂપિયા સુધીની એમની દવા આ સરકારમાં ત્યાં હોસ્પિટલોમાંથી મફત એનો ખર્ચ કરવામાં આવશે. કોઇપણ શ્રમિક અકસ્માતે ગુજરી જાય તો એક લાખ રૂપિયાનો વીમો ઓન ધ સ્પોટ એમને આપવામાં આવશે. કોઇપણ શ્રમિક એમની પછી પ્રસૃતિથી માંડીને કેન્સર સુધીની બધી સારવાર હશે તો એમના ફેમિલીની પણ આ કાર્ડ ઉપર સારવાર કરવામાં આવશે. આ પ્રકારની વિવિધ યોજનાઓ દ્વારા અમે લોકો યુ વીન કાર્ડમાં આગળ વધી રહ્યાં છીએ. યુ વીન કાર્ડમાં પણ કડિયા, સુથાર, દરજી, ઇલેક્ટ્રિશ્યન, મોચી આ બધા વર્ગો કે જે લોકો શ્રમ કરે છે. ''શ્રમ મેવ જયતે'' એના શ્રમનો વિજય થાય એટલા માટેનો આખો પ્રયત્ન છે અને આવનારા દિવસોમાં એમને મકાનો, એમના હંગામી સાઇટ ઉપરના આવાસો, એમના માટેની મેડિકલ સુવિધા માટેના ધનવંતરી રથો, એમના બાળકોને સ્કોલરશીપ આ બધા માટેની યોજનાઓ બની રહી છે. ટૂંક સમયમાં જ એમના માટેની જે શેષ મળતી હતી, જે શેષના પૈસા છે એનો વધુ ને વધુ ઉપયોગ થાય એ માટેનો અમે પ્રયત્ન કરી રહ્યાં છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, પીવાના પાણી માટેની પણ ચર્ચા થઇ. ઘણાં બધા સૂચનો આવ્યાં છે પણ હું દાવા સાથે કહીશ કે, રાજ્ય સરકારે ''નેવાના પાણી મોંભે ચઢાવ્યાં છે'' હું એટલા માટે મોંભે ચઢાવ્યાં શબ્દ વાપરું છું કે, સૌરાષ્ટ્ર ઉંચું છે, કચ્છ સિમાડો છેવાડો છે અને ૪૫૦ કિલોમીટર દૂરથી આ નર્મદાના પાણી આજે સાડા ચાર હજાર ગામડાંઓ અને ૧૧૫ શહેરોને પાઇપ લાઇન દ્વારા સરફેશિંગ વોટર દ્વારા આપણે પૂરા પાડ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, આખા ભારતમાં જે વોટર ગ્રીડ. ઇલેક્ટ્રિક ગ્રીડ તો સાંભળી હતી પણ વોટર ગ્રીડ એટલે કે અમે લોકોએ સવા લાખ કિલો મીટર પાઇપ લાઇનો દ્વારા, પાઇપ લાઇનોની જાળ બિછાવીને આ સવા લાખ કિલોમીટર પાઇપ લાઇનો દ્વારા આ ગામડાંઓ સુધી પાણી પહોંચાડ્યાં છે. મને ત્યારે ખબર છે કે, જે દિવસે પાઇપ લાઇન નાખવામાં આવતી હતી તે દિવસે પણ કોંગ્રેસના મિત્રો કહેતાં હતાં કે, આમાં પાણી નહિ આવે, હવા જ આવશે. હવા. પરંતુ મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે આ આક્ષેપ કરતાં હતાં ત્યારે એમને સ્વપ્નેય ખબર નહોતી કે, આમાં હવા નહિ પાણી આવશે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : પ્લીઝ, નિરંજનભાઇ,

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : અને નિરંજનભાઇ આમાં તમે કહેતાં હતાં, તમારાં લેખિત નિવેદનો છે. છાપામાં છપાયેલાં નિવેદનો છે. રેકર્ડ ઉપર પણ છે. તો હવાના બદલે પાણી પહોંચાડ્યાં છે અને પ્રજાએ કોની હવા કાઢી નાખી એ બરાબર બધાને ખબર છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું પણ હું કહીશ કે, કચ્છની પણ હમણાં માનનીય શક્તિસિંહે વાત કરી. હું માનું છું કે, અબડાસા છેવાડાનો વિસ્તાર છે. અબડાસામાં પીવાના પાણી માટે અને આમેય પાણી માટે કાયમ અબડાસા તરસતું જ હોય છે, પરંતુ મને આનંદ છે, મને નલિયાનો સરપંચ રૂબરુ મળવા આવ્યો હતો. મને કહે કે, સાહેબ આઝાદી પછી પહેલી વખત પાઇપ લાઇન દ્વારા નલિયામાં પાણી મળ્યું છે. ઠક્કર નામનો સરપંચ છે ત્યાંનો એ રુબરુ મળવા આવ્યો હતો, કે પહેલીવાર પાણી મળ્યું અમને.

માનનીય અધ્યક્ષશ્રી, આખા ભારતમાં સરહદી વિસ્તારમાં બી.એસ.એફ.ની ચોકીમાં કોઇ પણ બોર્ડર ઉપર પાઇપ લાઇન દ્વારા પાણી શુદ્ધ નથી પહોંચાડ્યું, ગુજરાતની સરકારે પહોંચાડ્યું છે અને ૫૪ ચોકીઓમાં બનાસકાંઠા અને કચ્છમાં પણ પાઇન લાઇન દ્વારા પાણી પહોંચાડવામાં આવ્યું છે. આ બદલ પાણી પુરવઠા બોર્ડના અમારા અધિકારીઓ, એન્જિનિયરો, કોન્ટ્રાકટરોને ધન્યવાદ આપું છું કે, બહુ મોટું કામ, વિરાટ કામ આ લોકોએ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ દેશના બધા પાણી પુરવઠાના મંત્રીશ્રીઓની મિટિંગ હતી, અધિકારીઓ પણ હતા અને એમાં જે વાત થઇ હતી કે, એમાં ભારતની પાંચ ટકા વસતિ ગુજરાતમાં વસે છે. જ્યારે દેશનું બે ટકા જેટલું સરફેસ વોટર ગુજરાતમાં ઉપલબ્ધ છે તે પૈકી ૭૦ ટકા જેટલી ઉપલબ્ધિ માત્ર રાજ્યના દક્ષિણ વિસ્તારમાં છે એટલે કે, સુરત બાજુ અને સરકારશ્રીના પ્રયત્નોથી દક્ષિણ વિસ્તારમાંથી પાણીનો પાણીને ઇન્ટર બેઝીન ટ્રાન્સફર કરીને સૌરાષ્ટ્ર અને કચ્છને પાણી આપી શક્યા છીએ. રાજ્યમાં પીવાના પાણીની ગ્રીડનું નિર્માણ આ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. અને ગ્રામ્ય વિસ્તારોમાં પણ માથાદીઠ સો લિટર પ્રતિ દિન પાણી, આ ડિઝાઇન પણ ગુજરાતની પ્રથમ ડિઝાઇન છે અને એનો પણ શ્રેય ગુજરાતને મળે છે.

૧૯૮૦ થી ૧૯૯૫ વચ્ચે ૧,૦૮૦ કરોડની પાણી પુરવઠામાં બજેટમાં જોગવાઇ થતી હતી. એટલે કે દર વર્ષે ૭૨ કરોડની જ ફાળવણી હતી. જ્યારે ૨૦૦૦ થી ૨૦૧૫ વચ્ચે ૨૧,૮૮૦ કરોડની જંગી રકમ અને વર્ષ માટે આગલા વર્ષોમાં ૭૨ કરોડ અને અત્યારે ૧,૪૫૮ કરોડ રૂપિયા એક વર્ષ માટે આ સરકારે ફાળવી અને પાણીને પ્રથમ પ્રાયોરિટી આપી અને વીસ ગણો વધારો કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૦૨ જુથ યોજનાઓ ૧૯૮૦ થી ૧૯૯૫ વચ્ચે હતી અને ૧,૪૮૪ ગામને જ આવરી લેવામાં આવ્યા હતા. એટલે દરવર્ષે ૧૦૦ ગામ. જ્યારે ૨૦૦૦ થી ૨૦૧૫ વચ્ચે અમારી સરકારે ૨૭૬ જુથ યોજનાઓ બનાવી, ૧૫,૮૯૪ ગામ અને પરાને લઇ લીધા, વર્ષના ૧,૦૬૦ ગામો અને પરાઓને આવરી અને અમે લોકોએ પાણી માટે આખી વ્યવસ્થા કરી છે.

ટેન્કરોની વાત કરવામાં આવી હમણાં, એક તો શૈલેષભાઇએ કરી ટેન્કરની વાત. ટેન્કરમાં ૨૦૦૦-૨૦૦૧માં ૪,૦૫૪ ગામોને ટેન્કર દ્વારા પાણી આપવામાં આવતું હતું. અત્યારે ૨૦૧૫માં ૧૨૫ ગામ અને પરાને ટેન્કરથી પાણી આપ્યું છે. આ વર્ષે પણ વરસાદ ઓછો પડ્યો છે. સૌરાષ્ટ્ર-કચ્છના ડેમો, કચ્છમાં વરસાદ સારો પડ્યો છે પણ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના ડેમોમા ૨૦

ટકા જ પાણી બચ્યું છે અને ૮૦ ટકા ડેમો ખાલી છે.અને આવતા મહિનામાં એથી વધારે ઘટી જશે એટલે ક્યાંક ટેન્કરો ચલાવવા પણ પડે. પણ સરકારે નિર્ણય કર્યો છે કે, કોઇ પણ ગામમાં ઊનાળામાં જરૂર પડે તો ટેન્કરથી, જરૂર પડે તો બોર, જરૂર પડે તો પાલપ લાઇનો, જે કરવું પડે એ પણ લોકોને પીવાના પાણી માટે તકલીફ ના પડે. પીવાના પાણીનો દુકાળ એ ભારતીય જનતા પક્ષની સરકારે ભૂતકાળ બનાવ્યો છે, આ વાસ્તવિકતા છે અને એટલા માટે અમે આ દિશામાં આગળ વધી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, એસ.ટી.ની ચર્ચા પણ અત્રે બહુ કરવામાં આવી છે. અહીંયા સ્વાભાવિક છે કે, એસ.ટી. એ દરરોજ ઉપયોગ થતું સાધન છે આપણું. એસ.ટી. માં જે વાત કરી વિદ્યાર્થીઓ માટે, ટ્રીપો માટે બધી, માનનીય શક્તિસિંહજીએ પણ વાત કરી હતી. સર, આપના ધ્યાન માટે ખાલી કે, ૨૦૧૩–૧૪માં કુલ બસોની ફ્લીટ ટ્રીપ ૭,૯૧૪ હતી એ અત્યારે અમે ૮,૧૫૨ કરી છે. રૂટોની સંખ્યા ૧૪,૦૮૪ માંથી વધારીને ૧૫,૨૯૪ કરી છે. ટ્રીપોની સંખ્યા ૪૨,૦૦૦ હતી, એ ૪૪,૪૦૦ ટ્રીપ કરી છે અને ૨૦૧૬–૧૭માં પહેલાં ૧,૧૦૦ બસ નવી પછી ૫૫૦ બસ નવી, ૩૫૨ શિડ્યુલ વધાર્યા અને ૧,૬૫૦ બસ નવી અમે રસ્તા ઉપર લાવ્યા છીએ. અમે લોકોએ ૩૫૧ મીની બસો ચાલુ કરી છે અને એ મીની બસો આદિવાસી વિસ્તારમાં વિશેષ કરીને ચલાવીને ત્યાંથી લોકોને ડુંગરાળ વિસ્તારમાં અનુકૂળતા થાય એ રીતે પ્રયત્ન કર્યો છે. જે રીતે ટ્રાન્સપોર્ટેશન , લોજીસ્ટીક ટ્રાન્સપોર્ટ આ બધી વસ્તુમાં વાહનો અને ખાનગી પાર્ટનર્સ ઘણા આવે છે. બીજા રાજયોમાં સરકારે પોતાના નિગમો બંધ કર્યા છે. એક સમય એવો હતો કે એસ.ટી. પણ બંધ કરવી પડે, એસ.ટી. નુકસાની કરે છે, આવી વાતો થતી હતી, આવા લેખો પણ ઘણાબધા લખતા હતા અને પ્રાઇવેટાઇઝેશન કરી દો એવી વાત બધા કરતા હતા અને ત્યારે આપણા તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઇએ કીધું હતું કે આ કોઇ કમાવાનું સાધન નથી, આ સેવાનું સાધન છે ગમે તેટલી ખોટ જાય ત્યારે સરકાર પૈસા આપશે અને સરકાર દર વર્ષે ૨૦૦ થી ૩૦૦ કરોડ રૂપિયા એસ.ટી.ને આપે છે એનું કારણ એ છે કે વિદ્યાર્થીઓને ૮૫ ટકા આપણે કન્સેશન આપીએ છીએ અને વિદ્યાર્થીઓની ટ્રીપમાં પણ માનનીય સભ્યશ્રીનો જવાબ છે કે ૨૦૧૩–૧૪માં ૪૬૦ નવી ટ્રીપો મૂકી. વિદ્યાર્થીઓ માટે જ. ૨૦૧૪–૧૫માં ૭૬૩ ટ્રીપો વધારી અને ૨૦૧૫–૧૬માં ૧૪૯ ટ્રીપો વધારી. આમ કરીને વિદ્યાર્થીઓને પહેલી પ્રાયોરીટી કયાંય પણ હજી માનનીય ધારાસભ્યશ્રીઓને મારો અનુરોધ છે કે વિદ્યાર્થીઓ માટે ગમે ત્યારે તમે કહેજો અમે બસ વધારીશું, આપીશું અને અમે તમને એસ.ટી. નિગમ તરફથી બને એટલી મદદ કરવા માટે પ્રયત્નશીલ રહીશું એ બાબતમાં પણ અમે તૈયાર છીએ કારણકે વિદ્યાર્થીઓ ભણશે તો જ આપણા ગુજરાતનો વિકાસ થશે અને ગામડાંનો વિદ્યાર્થી ભણતો થાય, ડ્રોપ આઉટ રેટ આપણે શૂન્ય કરવો હશે તો આ બધી વસ્તુની આવશ્યકતા છે. ખાસ કરીને એસ.ટી. દ્વારા જેટલા રાષ્ટ્રીય પુરસ્કારો મળ્યા છે. જે સભ્ય વાત કરતા હતા ધકકો મારવો પડે છે એ બધું ભૂતકાળ થઇ ગયું છે. હજી તમે એ મગજમાંથી કાઢી નાખો ઝીરો પ્રકારનું બ્રેકડાઉન છે અત્યારે. રેર, જે પહેલા દ્રશ્યો હતા કે રસ્તા ઉપર ઉતારુઓ ધકકા મારતા હતા આજે એ બસના દ્રશ્યો જોવા નથી મળતા અને મને આનંદ છે કે ગ્રામ્ય વિસ્તારમાં અને શહેરી વિસ્તારમાં ડીઝલના એવરેજમાં આખા ભારતમાં સૌથી વધારે એવરેજથી ચાલતી બસ ગુજરાત એસ.ટી.ની બસ છે અને એનો આપણને પુરસ્કાર મળ્યો છે. સાથેસાથે ઓછામાં ઓછી ઓપરેશન કોસ્ટ એ આખા ભારતમાં બીજા નિગમોમાં આપણી એસ.ટી.ની આવે છે. સાથેસાથે આપણને ઘણા એવોર્ડ પણ મળ્યા છે. ગુજરાત એસ.ટી. જોવા બહારથી પણ લોકો આવે છે. જે રીતે વાત થઇ કે સ્વચ્છ ભારત, મેં વડોદરાનું બસ સ્ટેશન ગઇ વખતે પણ કીધું હતું. આ વખતે પણ શૈલેષભાઇ જોવા જાવ, ખરેખર એરપોર્ટ જેવું બસ સ્ટેન્ડ દેખાશે. ફૂડ કોર્ટ, એસ્કેલેટર(અંતરાય) ગીતા મંદિર પણ, બધા બસ સ્ટેન્ડો આપણે સારામાં સારા બનાવ્યા છે. માનનીય શકિતસિંહે પણ જે પ્લેટફોર્મની વાત કરી હજી પાર્ટ–૧ બન્યું છે. પાર્ટ–૨ બાકી છે. ટોટલ ૯૦ પ્લેટફોર્મ આ અમદાવાદના બસસ્ટેન્ડમાં બનવાના છે. અમદાવાદનું બસ સ્ટેન્ડ, બરોડાનું બસ સ્ટેન્ડ, ટૂંક સમયમાં સુભાષબ્રીજ ઉપર પણ બસ સ્ટેન્ડ થઇ રહ્યું છે. મહેસાણાનું બસ સ્ટેન્ડ પૂરું થવા આવ્યું છે. બીજા ૧૫ જિલ્લા કેન્દ્રોના બસ સ્ટેન્ડો પ્રોસેસમાં છે. હવે ટીકીટ બારી ઉપર જઇને કઇ બસ કેટલા વાગે આવશે, કેટલા વાગે ઉપડશે એને માટે જે જોક થતા હતાને? હવે જોક સાંભળવા નહીં મળે. બધું ડિઝીટલ હશે અને રાઇટ ટાઇમ કેમકે ગુજરાતની બધી બસમાં અમે લોકોએ જી.પી.એસ. લગાડવાનું શરૂ કર્યું છે. કઇ બસ કયારે આવશે, કયારે ઉપડશે, કયાં ફસાણી છે, કયાં ટ્રાફિકમાં છે એ બધા કન્ટ્રોલ રૂમમાં એક જ બસનું મોનીટરીંગ અત્યારે થઇ રહ્યું છે અને આપણે એમાં આગળ વધી રહ્યા છીએ ત્યારે આવનારા દિવસોમાં વિદેશની જેમ જ ટાઇમ ટુ ટાઇમ મોડી હશે તો પણ સ્ક્રીન ઉપર આવશે કે ૧૦ મિનિટ મોડી છે, ૧૨ મિનિટ મોડી છે. ૧૩ મી મિનિટે આવશે. આ બધી વ્યવસ્થા આવનારા દિવસોમાં બસ સ્ટેન્ડમાં આપણે જોવાના છીએ. ટૂંકમાં સારી બસો, સલામત બસો, વધુ સારી સેવા અને વધુ અનુકૂળ રીતે આગળ વધી રહ્યા છીએ અને ગુજરાતમાં એસ.ટી. એક નમુનારૂપ રીતે ૨૫ લાખ દરરોજના પેસેન્જરોને લઇ જતું મોટું પરિવહનનું સાધન છે અને એ પણ પ્રાઇવેટ લોકોની કોમ્પીટીશનમાં આજે આપણે ઉભા છીએ. મારી વિનંતી છે કે જે રીતે આપણે જોયું અને ગઇ વખતે મારા ભાષણમાં કહ્યું હતું કે ગુજરાતે એક નવો ચીલો પાડ્યો છે. ગુજરાતે હંમેશા નવી નવી દિશા આપી છે. એ સંદર્ભમાં ગુજરાત સરકાર એટલાં બધાં કામ કરે છે કે લોકોમાં ગુજરાતની એક ઓળખ થઇ ગઇ છે. વાઇબ્રન્ટ ગુજરાત, નિર્મળ ગુજરાત, સ્વચ્છ ગુજરાત, સ્વસ્થ ગુજરાત, રમશે ગુજરાત, વાંચે ગુજરાત, સલામત ગુજરાત, સશક્ત ગુજરાત, ભણશે ગુજરાત, દોડશે ગુજરાત, ઔધોગિક ગુજરાત આ પ્રકારના સ્લોગન માનનીય નરેન્દ્રભાઇએ આપ્યા હતા અને એ મુજબનું ગુજરાત થયું. હવે નરેન્દ્રભાઇ કહે છે કે મેઇક ઇન ઇન્ડિયા, સ્કીલ ઇન્ડિયા, ડિઝિટલ ઇન્ડિયા, સ્ટાર્ટઅપ ઇન્ડિયા, ઇનોવેટિવ ઇન્ડિયા અને આ રીતે કિલન ઇન્ડિયા કરીને ભારતને પણ એ દિશામાં બનાવવામાં જઇ રહ્યા છીએ, ત્યારે માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે નર્મદા હંમેશા આપણી ટ્રેડિશન રહી છે, નર્મદા ગુજરાતની જીવાદોરી રહી છે. પાણી પુરવઠો એ પ્રજા માટે છે. એસ.ટી. એ પ્રજા માટે છે. શ્રમ અને રોજગાર એ નાના માણસો માટે છે. એના માટે આપણે સૌ સાથે મળીને આ લોકોને વધુને વધુ લાભ થાય. નર્મદા ઝડપથી થાય અને આપણું સ્વપ્ન છે કે ‘હર ખેત

કો પાની, હર હાથ કો કામ' એ દિશામાં આપણે આગળ વધવા માગીએ છીએ, ત્યારે આને પક્ષાપક્ષીથી ઉપર ઉઠીને સરકાર પણ ખુલ્લા મને તૈયાર છે. આપણાં વ્યાજબી સૂચનો પણ સાથે લઇશું. માનનીય શકિતસિંહે પણ ગઇ વખતે શંકા વ્યક્ત કરી હતી. દરવાજાની મંજૂરી આપી છે, પણ દરવાજા ખોલવાની નહિ, એની મંજૂરી નથી આપી તેનો પત્ર પણ વાંચેલ. પણ આપણે બધા સાથે મળીને, સરકાર તો કરશે જ. આપણે બધા સાથે મળીને એકવાર દરવાજા થઇ ગયા પછી ખોલવાની મંજૂરી લઇ આવીશું. આ ગુજરાતને સમૃદ્ધ ગુજરાત, લીલુછમ ગુજરાત આપણે પાણી દ્ધારા કરીશું. માટે મારી બે હાથ જોડીને વિનંતી છે કે આ બધી દરખાસ્તમાં આપ આપના વાંધા પાછા લો અને સર્વાનુમતે પાસ કરીએ. ભારત માતાકી જય.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીઓ બંને પાસેથી એક વસ્તુ જાણવા માગું છું અમારા માટે એસ.ઇ.આર. સોશિયલ ઈકૅાનોમી રિવ્યૂ એ ફાઇનલ પુસ્તક કહેવાય છે. એમાં જે આપ્યું હોય એમાં કોઇ ફેરફાર નહિ અને સરકાર બજેટ પ્રકાશનમાં આપે છે. માનનીય મંત્રીશ્રી નર્મદા પાસેથી જાણવા માગું છું આપની વાત સાચી છે કે કેનાલો તૂટે છે. પાણી આવ્યા વગર કયાંથી થાય. કેનાલો તૂટે છે, કેનાલોમાં પાણી જાય છે, પણ શાખા અને પ્ર–શાખા ફીલ્ડ ચેનલો એ નથી થઇ, એના કારણે માત્ર ટોટલ પીયત મળવું જોઇએ. આપના એસ.ઇ.આર. મુજબ માત્ર ૧૦ ટકા જમીનને પાણી આપી શકીએ છીએ તો ભવિષ્યનું શું આયોજન છે કે કેટલાં વર્ષમાં આ પૂરેપૂરું પીયત માટે પાણી મળે એના માટે કેનાલોનાં કામ પૂરાં થશે આ એક અને માનનીય મંત્રીશ્રી શ્રમ અને રોજગારને એમણે ઘણી લંબાણપૂર્વક વાત કરી છે, ત્યારે એટલું જાણવા માગું છું કે જે ક્રિમિનલ કેસીસ છે તેમાં આપણે સ્પેશ્યલ પીપી એપોઇન્ટ કરવા જોઇએ. આર્થિક દંડ મોટા ઉદ્યોગપતિઓને નડશે જ નહિ. આમાં આપના જિલ્લાના જ મેં આંકડા આપ્યા છે. અને જરૂર પડે તો આપ સરકાર છો. સ્પેશ્યલ કોર્ટો આના માટે કરો અને ક્રિમિનલ કેસોના નિકાલ લાવીને એમને સજા કરો તો જ શ્રમિકોને ફાયદો થાય. જે હવા નીકળે છે એ વાત પાઇપલાઇન નાખ્યા પછી સિદ્ધપુરમાં આપણે પાણી પહોંચાડવાના હતા. સરસ્વતી મહાસંગમ બારેમાસ અહીયા પાણી રહેશે(અંતરાય) એ જ પ્રશ્ન આવે છે ભાઇ, કયાંય પાણી નથી નીકળતું અને હવા નીકળે છે, હવા કે પાણી કઇ જ નીકળતું નથી. નારાયણ સરોવર કોટેશ્વર અંગે મારે પૂછવું છે કે ત્યાં આગળ પાણી કયારે પહોંચાડવા માગો છો? માનનીય મંત્રીશ્રી આપે કહ્યું જનતાએ જવાબ આપી દીધો. સાચી વાત છે. આપની પાસે જિલ્લા પંચાયતો ૩૦ હતી અને માત્ર ૬ થઇ ગઇ. જનતાએ જવાબ આપ્યો. પણ રાજકીય નિરીક્ષણ નહિ, આ પ્રશ્નોના જવાબ છે.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે સવાલ કર્યો તે મુજબ શ્રમ રોજગારની વાત છે તે ખાલી રાજકોટ નહીં આખા ગુજરાત અને દેશની સ્થિતિ છે કે જે રીતે ક્રિમિનલ પ્રોસીજર કોડને કારણે ન્યાયમાં વિલંબ થાય છે. મેં કહ્યું તેમ ૭૦ હજાર કેસ ગુજરાતમાં પેન્ડીંગ છે. તેના માટે કેટલી કોર્ટો કયારે કરીએ અને શું થાય તેના કરતાં ઝડપથી કમ્પાઉન્ડીંગમાં આ વિષય લઇએ, મેં તે દિવસે પણ સ્પષ્ટતા કરી હતી અને આજે પણ કહું છું. શ્રમિક પોતે સંમત હોય તો, નહીં તો ક્રિમિનલના રાઇટસ તેમને આપણે આપ્યા જ છે. કોટેશ્વરની વાત કરી તો હું પોતે જ દયાપર ગયો હતો અને ત્યાંથી એક નવી પાઇપલાઇનનું પ્લાનિંગ થઇ રહ્યું છે અને બને તેટલું ઝડપથી કરવાના છીએ. કચ્છમાં પણ વધુ નર્મદાના પાણી પહોંચાડીને છેવાડામાં છેવાડાના ગામ સુધી પાણી પહોંચે તે રીતે કામ કરીશું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્ધારા નર્મદા મંત્રીશ્રીને પૂછવું છે કે, ૧૭ દિવસમાં દરવાજા મૂકવાની મંજૂરી મળી ગઇ તો ૧૭ મહિનામાં ૮૩૬ કરોડ રૂપિયાનું માગણી પ્રમાણે ફંડ કેન્દ્ર સરકારે કેમ ઓછું ફાળવ્યું? વિજયભાઇએ જે રીતે કહ્યું કે નલીયા સુધી પાઇપ દ્ધારા પાણી પહોંચાડયું. અમદાવાદ શહેરમાંથી આવું છું. મારો દાણીલીમડા વિધાનસભા વિસ્તાર તેમાં બહેરામપુરા વોર્ડ આજે પણ તે મારો વિસ્તાર હોય, ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યશ્રી કિશોરભાઇ ચૌહાણનો વિધાનસભા વિસ્તાર હોય કે માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહભાઇનો વિસ્તાર હોય તે વિસ્તારોમાં આજે ટેન્કરો દ્ધારા પાણી મળે છે. અમદાવાદ શહેરમાં પાણી મળતું નથી. આપના ધ્યાન પર મૂકું છું કે આપ પ્રમુખશ્રી છો અને મંત્રીશ્રી છો તો તેમાં કંઇક કરજો અને ખાસ મારે બીજો પ્રશ્ન શ્રમ રોજગારનો છે કે અમદાવાદ શહેરમાં મિલોનું રાજ હતું. લોકો ગામડાંમાંથી અમદાવાદ શહેરમાં આવ્યા. આજે મિલો બંધ પડી છે. અમદાવાદ શહેરની ૧૮ મિલો બંધ પડી છે તેના ૪૬ હજાર કરતાં વધારે કામદારો છે કે જે કામદારોના ૨૮૫ કરોડ રૂપિયા લ્હેણાંના નીકળે છે. માટે આપ પ્રયત્ન કરીને તે લ્હેણાંની રકમ મળે તેવા પ્રયત્ન કરજો. બીજું ૬ લાખ ૪૫ હજાર શિક્ષિત બેરોજગારો ઓકટોબર સુધીમાં ચોપડે નોંધાયા છે. તેમાં સરકારે પોતાના બજેટમાં ૬૬ હજાર લોકોને નોકરી આપવાની વાત કરી છે. બાકીના ૫ લાખ ૮૦ હજાર લોકો ચાની કીટલી પર નોકરી કરે કે ભજીયા પાઉ ઉપર નોકરી કરે તેને રોજગારી આપી સરકાર રોજગારી કરવા માગે છે? ૫ લાખ ૮૦ હજાર બેરોજગારો માટે સરકાર શું કરવા માગે છે તે માનનીય મંત્રીશ્રી જણાવે.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, જે છેલ્લો પ્રશ્ન તેમણે કર્યો ૬ લાખ બેરોજગારોનો અને તેમાંથી ૬૬ હજારને નોકરી

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, દંડકશ્રી ઉભા છે એક મિનિટ.

સભાગૃહનો સમય લંબાવવા અંગે.

શ્રી પંકજ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માગણીઓ પરનું મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે. (થોડીવાર બાદ )

ઉપાધ્યક્ષશ્રી : માગણીઓ પરનું મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, ૬૬ હજારનું જે બજેટમાં પ્રોવીઝન કર્યુ છે તે સરકારી નોકરીઓ માટેનું છે. એટલે સરકારી નોકરી ૬૬ હજાર આપવામાં આવશે. આ બહુ મોટો ફીગર છે. બાકી જે શ્રમ અને રોજગાર એટલે કે અમારું રોજગાર ખાતુ રોજગાર મેળા કરે છે, પ્રાઇવેટમાં નોકરીની તકો ઉભી થાય, લોકો બેન્કોમાંથી લોન મેળવે અને પોતાની મેળે સ્વાવલંબી બને, નોકરી એટલે સરકારી નહીં. તે પ્રાઇવેટ પણ હોઇ શકે અને સરકારી હોઇ શકે. સ્વરોજગારી એટલે પોતે ધંધો પણ ચાની કીટલીમાંથી મહિને દસ હજાર કમાતો હોય તો એ પણ ધંધો છે. તેમાંથી માણસ કમાતો થાય તે રીતનું આખું આયોજન છે.

પ્રો. વસુબહેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, શૈલેષભાઇ પરમારે જે મુદ્દો ઉઠાવ્યો, ૧૯૯૬-૯૭થી એ.આઇ.બી.પી. હેઠળ જે કેન્દ્રીય સહાય મળે છે એ માટે એમણે મને પૂછ્યું કે એક વર્ષમાં ઓછી સહાય કેમ મળી? હું એનો જવાબ આપુ છું. ૨૦૧૩-૧૪ સુધી એટલે કે, ૧૮ વર્ષમાં એ.આઇ.બી.પી. હેઠળ ૭૬૩૦ કરોડ મળ્યા, જયારે ૨૦૧૪-૧૫ના એક જ વર્ષમાં ૧૦૩૪ કરોડની સહાય મળી એ એક જ વર્ષમાં મળી. એનો જવાબ હું આપું છું કે, કેન્દ્રીય સહાય કેન્દ્ર સરકાર પાસે જે ફંડ ઉપલબ્ધ હોય અને વિવિધ રાજયોની જુદી જુદી યોજનાઓની અગ્રિમતા હોય એ મુજબ એક વર્ષમાં આપણને ૧૦૩૪ કરોડ મળ્યા છે.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, મારે નર્મદા યોજના વિશે પૂછવું છે કે, નર્મદાનું પાણી પાઇપલાઇનથી લિફ્ટ કરીને બનાસકાંઠામાં સીપુ અને દાંતીવાડા બે ડેમ ભરવાના છે, એ બે ડેમ ભરીને નદીમાં પાણી વહાવવાનું આયોજન છે કે કેમ, અને ક્યારે થશે? બીજું જે બસની વાત કરી એ સાચી વાત છે કે, આ નિગમ નફા માટે નથી તો મારે એટલું જ જાણવું છે કે, જે બસો છે એ ગામડાંની અંદર નથી જતી, રોડથી એક કિલોમીટર, બે કિલોમીટર કે ત્રણ કિલોમીટર ગામ દૂર હોવાથી વિદ્યાર્થીઓને ચાલીને ગામમાં જવું પડે છે અને વિદ્યાર્થીઓને તકલીફ પડે છે ત્યારે એ ગામ સુધી અંદર મોકલવા માગો છો કે કેમ?

પ્રો. વસુબહેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગોવાભાઇએ જે પ્રશ્ન પૂછ્યો નર્મદા અને જળ સંપત્તિ વિભાગનો પ્રશ્ન છે છતાં મારે કહેવું છે કે, રવિ ઋતુમાં રાજયમાં ૧૭ જિલ્લાના ૬૮ તાલુકાના ૭ લાખ હેકટર કરતા વધુ વિસ્તારને સિંચાઇનો લાભ મળે તે માટેનો છે અને આ વિષય માનનીય શકિતસિંહભાઇએ ગયા સત્રમાં પણ ઉપાડ્યો હતો અને ત્યારે માનનીય ભૂપેન્દ્રસિંહજીએ સ્પષ્ટતા કરી હતી કે ૨ લાખ હેકટરનો આંકડો ખેડૂતો દ્વારા નોંધણી કરેલ તેમજ પિયાવા ભરાવાનો આંકડો છે. માનનીય મંત્રીશ્રીએ આ સન્માનીય ગૃહ થકી લાભાર્થી ખેડૂતોને નોંધણી કરાવવા અને પિયાવો ભરવા અપિલ કરી હતી. આજે હું એ અપિલ કરું છું.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, મારા ગરબાડા તાલુકો નવો બન્યો એને ૧૮ વર્ષ થયા છે છતાં આજ દિન સુધી તાલુકા મથકે બસ સ્ટેન્ડ બનાવવામાં આવેલ નથી તો બસ સ્ટેન્ડ બનાવવા માગો છો કે કેમ?

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, મને વિગત બધી આપજો ચોક્કસ તપાસ કરાવી લઇશ.

શ્રી પૂનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો માનનીય મંત્રીશ્રીને સવાલ છે કે, આ સરકાર આવ્યા પછી છેલ્લા ૧૫ વર્ષમાં એસ.ટી. ડેપો કેટલા બંધ કરવામાં આવ્યા, એના કારણો શું? મંત્રીશ્રીને વિનંતી છે કે, ખોટું કારણ ન આપે કારણ કે એમણે પ્રવચનમાં કહ્યું છે કે, મોદીસાહેબે કહ્યું છે કે, આ નફો કરવા માટેનું ખાતું નથી એટલે એસ.ટી.ચલાવવાની છે. બીજો પ્રશ્ન એ છે કે, તારાપુર રોડ એસ.ટી. ડેપો બંધ કરવામાં આવ્યો છે એ ચાલુ કરવા માગો છો કે કેમ?

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, એસ.ટી. ડેપો એ વ્યવસ્થા છે. ડેપોથી પબ્લીકની બસ ઉપડતી નથી એ તો બસ સ્ટેશનથી ઉપડે છે અને પબ્લીક માટેની બધી વ્યવસ્થા છે એ બસ સ્ટેશનમાં છે, ડેપો એ વહીવટી વ્યવસ્થા છે એટલે જ્યાં આવશ્યકતા ન હોય ત્યાં બંધ કર્યા છે અને જ્યાં આવશ્યકતા હોય ત્યાં ચાલુ પણ કરીએ છીએ.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન બહુ મહત્વનો છે. સમગ્ર રાજયમાં પીવાના પાણીના પ્રશ્ન માટે માનનીય મંત્રીશ્રીએ હમણાં ધારાસભ્યોની મિટિંગ બોલાવી હતી અને હું તેમાં હાજર હતો ત્યારે અમારે ચર્ચા અને રજૂઆત થઇ હતી કે પીવાના પાણી જયાં ટેન્કર દ્વારા પૂરું પાડવામાં આવે છે ત્યાં માણસોની સાથોસાથ પશુદીઠ વધારાનું પીવાનું પાણી પૂરું પાડવાનું આયોજન સરકારે કર્યુ છે તેની સંમતિ આપી પણ આજ સુધી તેનો અમલ થયો નથી, તેનો પરિપત્ર આવ્યો નથી તેના પરિણામે મારા જામનગર તાલુકાના ૧૮ ગામડાંમાં ટેન્કર ચાલે છે પણ ઢોર માટેનું કોઇ પ્રયોજન નથી તો આ માટે સરકાર તાત્કાલિક પરિપત્ર બહાર પાડી અને આ પ્રશ્ન હલ કરવા માગે છે કે કેમ ?

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, પાણીની જયાં અછત છે અને અછતગ્રસ્ત વિસ્તાર તરીકે અત્યારે ઉનાળામાં તંગી છે ત્યાં બધા ધારાસભ્યોની મિટિંગ બોલાવી હતી. રાઘવજીભાઇ આવ્યા હતા અને તેમનું સૂચન વાજબી છે ચોક્કસ અમે તેમાં ઝડપથી કરીશું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની એક પરંપરા રહી છે કે નર્મદા યોજના ગુજરાતની છ કરોડની જનતા માટેની જીવાદોરી સમાન યોજના છે, ત્યારે માનનીય મંત્રીશ્રી જે માગણી નંબરઃ ૬૫ નર્મદા વિકાસ યોજનાની લઇને આવ્યા છે તેની તમામ કાપ દરખાસ્તો, કાપ દરખાસ્ત ક્રમાંક– ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨ અને ૧૪ પાછી ખેંચી લેવાની સભાગૃહ અનુમતિ આપે અને માગણી નંબર–૬૫ સર્વાનુમતે મંજૂર કરીએ.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી હું કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૧૨ અને ૧૪ પાછી ખેંચુ છું.

ઉપાધ્યક્ષશ્રી : કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૧૨ અને ૧૪ પાછી ખેંચવામાં આવે છે.

શ્રી વસુબહેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા વિકાસ યોજનાની કાપ દરખાસ્તો વિપક્ષના સૌ સભ્યોએ સાથે મળીને પાછી ખેંચી છે તે માટે હું તેમનો આભાર માનુ છું.

માગણી ક્રમાંક–૬૫ મત માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬ અને ૪૭ એક સાથે મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંકઃ ૬૭, ૭૪ અને ૫૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સભાગૃહનું કામકાજ સાંજના ૫–૨૫ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તારીખ ૧૬મી માર્ચ ૨૦૧૬ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

**પુસ્તક ૩૩)** **વિષયસૂચિ** **ચોથી શ્રેણી**


| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
|---|---|---|
| અનિલ જોષીયારા | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં સરકારી કોલેજોમાં જગ્યાઓ | ૧૭૪ |
| | અરવલ્લી જિલ્લામાં કોમર્શીયલ પાયલોટ અને વિદેશ ઉચ્ચ અભ્યાસ | ૨૮૨ |
| | ઈસ્ટર્ન બ્લોકના બદલે વેસ્ટર્ન બ્લોકમાંથી કોલસો મળવા બાબત | ૩૩ |
| | ભિલોડા અને મેઘરજ તાલુકામાં દુધાળા પશુઓ | ૧૫૧ |
| | શામળાજી આર.ટી.ઓ. ખાતે ખાલી જગ્યાઓ | ૨૭૧ |
| | શામળાજી ચેકપોસ્ટ પર બંધ સી.સી.ટી.વી. કેમેરા | ૨૪૪ |
| | આયોજન પંચની ભલામણ મુજબ ટ્રાયબલ સબ પ્લાન માટે બજેટની | ૧૧૨ |
| અમિતભાઈ ચૌધરી | ફિક્સ પગારના કર્મચારીઓને મોંઘવારી ભથ્થું તેમજ તહેવાર | ૪૮ |
| | માણસા તાલુકામાં પીવાના પાણી માટે પંચાયતોને અનુદાન | ૨૨૧ |
| અમીત ચાવડા | આણંદ અને વડોદરા જિલ્લામાં ગુણોત્સવ પાછળ થયેલ ખર્ચ | ૧૧૯ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં ઘરથાળના પ્લોટ માટેની અરજીઓ | ૫૮ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં તાલુકાવાર સરકારી જમીનમાં | ૧૭૫ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં નંબર પ્લેટમાં કલરની હલકી ગુણવત્તા | ૨૨૬ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં બાળ મજૂરો | ૨૫૭ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન | ૨૫ |
| | મહીસાગર નદીમાં ઈન્ટેકવેલ આધારિત યોજનાઓ | ૨૭૮ |
| | રાજ્યમાં પેટ્રોલ ડીઝલ અને સી.એન.જી. પર વેટ/સેસ | ૭૨ |
| | વડોદરા જિલ્લામાં સરકારી નર્સરીઓમાં રોપાઓનો ઉછેર | ૧૫૩ |
| અરૂણસિંહ અ. રણા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૨૦૧ |
| | ભરૂચ જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય | ૨૩૫ |
| | રાજ્યમાં જિલ્લાઓમાં અલગ પેન્શન ચુકવણા કચેરી શરૂ કરવા | ૧૩ |
| અરવિંદકુમાર ગાં. પટેલ | <page માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૯૪ |
| | <page માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૯૪ |
| અરવિંદભાઈ પટેલ | અન્ય રાજ્યોમાં ગુજરાતી સમાજ ભવનનું નિર્માણ | ૨૪૨ |
| અરવિંદભાઈ લાડાણી | કેશોદ તાલુકામાં રાહતદરે ચીજવસ્તુઓનું વિતરણ | ૧૨૨ |
| | અમદાવાદ જિલ્લામાં ઈકો ટુરિઝમ | ૧૨૬ |
| | જુનાગઢ જિલ્લામાં કન્યાઓની આદર્શ નિવાસી શાળાઓ | ૨૩૭ |
| | જુનાગઢ જિલ્લામાં વ્યક્તિગત શૌચાલય | ૨૫ |
| અરવિંદસિંહ રાઠોડ | પંચમહાલ જિલ્લામાં ''કુંવરબાઈ મામેરૂ'' યોજનાના લાભાર્થીઓ | ૧૩૬ |
| | પંચમહાલ જિલ્લામાં વ્યક્તિગત શૌચાલય | ૨૧ |
| અશ્વિન કોટવાલ | અરવલ્લી જિલ્લામાં ગ્રામ પંચાયતોનું વિભાજન માટેની પડતર દરખાસ્તો | ૬૨ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ચેકડેમ | ૧૫૨ |

| | | |
|---|---|---|
| | સાબરકાંઠા જિલ્લાની ડિસ્ટ્રીક્ટ કોર્ટ મકાનનું બાંધકામ | ૨૩૫ |
| | સાબરકાંઠા જિલ્લાની ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં સરકારી વકીલો | ૨૬૪ |
| | સાબરકાંઠા જિલ્લામાં બાજપાઈ બેંકેબલ યોજના હેઠળ અરજીઓ | ૩૬ |
| | સાબરકાંઠા જિલ્લામાં વન ખાતામાં મનરેગા યોજનામાં નાણાકીય | ૧૧૬ |
| અશોકકુમાર પટેલ | ગાંધીનગર જિલ્લામાં કન્યા છાત્રાલયો | ૨૪૮ |
| | ગાંધીનગર જિલ્લામાં કન્યાઓ માટે આદર્શ નિવાસી શાળાઓ | ૨૭૩ |
| | ગાંધીનગર જિલ્લામાં ફીડરોનું વિભાજન | ૧૯ |
| | ગાંધીનગર જિલ્લામાં રાહતદરે ખાદ્યતેલનું વિતરણ | ૧૫૦ |
| આનંદભાઈ ચૌધરી | તાપી નદીના પટમાં રેતી અને માટી ખોદી ચોરી કરવા બાબત | ૩૪ |
| | માંડવી તાલુકામાં જંગલની જમીન ખેડતા ખેડૂતોની અરજીઓ | ૧૪૪ |
| | માંડવી–ઉકાઈ મુખ્ય રસ્તાથી પીપલવાડા કેવલી રસ્તાને મરામત | ૧૮૧ |
| | સુરત અને તાપી જિલ્લામાં વન ખાતાના રોજમદારોને છૂટા કરવા | ૧૬૯ |
| | સોનગઢ તાલુકામાં ગેરકાયદેસર રેતીની લીઝથી રોયલ્ટીનું વ્યાપક | ૬૨ |
| ઈશ્વરસિંહ પટેલ | ભરૂચ જિલ્લામાં ગણવેશ સહાય | ૨૮૭ |
| | ભિલાડ અને કપરાડા ચેકપોસ્ટમાં આવક | ૨૧૭ |
| | વલસાડ આર.ટી.ઓ.માં આવક | ૨૭૭ |
| | વલસાડ જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે લોન | ૧૧૦ |
| | વલસાડ જિલ્લામાં કાચા મકાનોને પાકા મકાનો બનાવવા બાબત | ૪૯ |
| | વલસાડ જિલ્લામાં તાલુકાવાર સામાજિક વનીકરણ યોજના હેઠળ | ૧૫૦ |
| | વલસાડ જિલ્લામાં મનરેગા યોજના | ૬૮ |
| | વલસાડ જિલ્લામાં વન અધિકાર કાયદા હેઠળ લાભાર્થીઓને જંગલની | ૧૭૪ |
| | વલસાડ જિલ્લામાં શ્રમિક કાર્ડ | ૨૫૬ |
| | વલસાડ જિલ્લામાં શૌચાલયો બનાવવા બાબત | ૭૬ |
| ઈશ્વરભાઈ પરમાર | પલસાણા તાલુકામાં અંત્યોદય યોજના હેઠળ અનાજનું વિતરણ | ૧૪૪ |
| | સુરત જિલ્લામાં લોક અદાલતોનું આયોજન | ૧૮ |
| | સુરત જિલ્લામાં શ્રમિક પ્રામાણિતતા યોજના હેઠળ કૌશલ્ય મૂલ્યાંકન | ૨૪૮ |
| ઈશ્વરસિંહ પટેલ | અંકલેશ્વર તાલુકામાં રાહતદરે ચીજવસ્તુઓનું વિતરણ | ૧૧૪ |
| | ઝઘડીયા તાલુકામાં આંતરિક પેયજળ યોજનાઓ | ૨૭૭ |
| | ભરૂચ જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ સહાય | ૨૫૫ |
| ઋષિકેશ પટેલ | મહેસાણા જિલ્લામાં કન્યાઓને સાયકલ | ૨૫૪ |
| | સતલાસણા ગામની રૂર્બનની પાણી પુરવઠા યોજના | ૨૭૬ |
| | મહેસાણા જિલ્લામાં વિકેન્દ્રીત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ ફાળવેલ | ૪૪ |
| કેતન ઈનામદાર | વડોદરા જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર | ૧૪૨ |
| | વડોદરા જિલ્લામાં ગ્રામ પંચાયતોને સફાઈ કરની ગ્રાન્ટની જોગવાઈ | ૨૧ |

| | | |
|---|---|---|
| કનુભાઇ મો. દેસાઇ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | 195 |
| | નવસારી જિલ્લામાં ગણવેશ સહાય | ૨૨૮ |
| | વલસાડ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ બાંધકામની વહીવટી | ૪૪ |
| | વલસાડ જિલ્લામાં રેશનકાર્ડ વિભાજન | ૧૩૯ |
| કરમશીભાઇ વિ. પટેલ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૨૦૦ |
| | અમદાવાદ જિલ્લામાં ખનિજની ચોરીના કિસ્સાઓ | ૨૨ |
| | અમદાવાદમાં કાંકરીયા અને રીવરફ્રન્ટ માટે ઉજવણીમાં ફાળવેલ રકમ | ૨૩૬ |
| | બાળકો દત્તક લેવા માટેની અરજીઓ | ૨૬૫ |
| | મધ્યાહન ભોજન યોજનામાં બાળકદીઠ ખર્ચ | ૧૧૯ |
| | રાજ્યમાં કપાસ, ડાંગર, જીરૂ, વરિયાળી, કઠોળ પર વેટ | ૫૬ |
| | સાણંદ અને બાવળા તાલુકાઓમાં આદર્શ નિવાશી શાળાઓ | ૨૮૦ |
| કેશુભાઇ નાકરાણી | જેસર તાલુકાના જેસર ગામની રુર્બન યોજના નીચે ફેઝ–૨ ની ભૂગર્ભ | ૭૧ |
| | ગારીયાધાર, જેસર અને મહુવા તાલુકા ગ્રામ પંચાયતોના જર્જરીત | ૫૩ |
| | ગારીયાધાર, જેસર અને મહુવા તાલુકામાં સરકારી શાળાઓમાં | ૧૬૯ |
| | ભાવનગર જિલ્લામાં આઈટીઆઈ અને વ્યવસાયો | ૨૭૨ |
| | ભાવનગર જિલ્લામાં ઈકો ટુરિઝમ | ૧૪૩ |
| | ભાવનગર જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન | ૨૪૭ |
| | ભાવનગર જિલ્લામાં ડોર ટુ ડોર કલેકશન યોજનાનો અમલ | ૧૩ |
| | ભાવનગર જિલ્લામાં વિદેશ ઉચ્ચ અભ્યાસ લોન માટેની અરજીઓ | ૨૮૫ |
| કેશાજી ચૌહાણ | કાંકરેજ તાલુકામાં ગામની આંતરિક પેયજળ યોજનાઓ | ૨૫૧ |
| | દિયોદર તાલુકામાં આંતરિક પેયજળ યોજનાઓ | ૨૭૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ | ૧૩૨ |
| | બનાસકાંઠા જિલ્લામાં વ્યક્તિગત શૌચાલય | ૧૦ |
| | <page માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૫૩૫ |
| કેસરીસંહ સોલંકી | કપડવંજ તાલુકામાં આંતરિક પેયજળ યોજનાઓ | ૨૫૫ |
| | ખેડા જિલ્લામાં વાણિજ્યિક વેરાની આવક | ૧૪ |
| | મહિસાગર જિલ્લામાં વન બંધુ કલ્યાણ યોજના હેઠળ દૂધ સંજીવની | ૧૪૯ |
| કાન્તીભાઇ કા. ખરાડી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૨૦૨ |
| | અમીરગઢ આર.ટી.ઓ. ચેકપોસ્ટ પર દસ્તાવેજોની તપાસ | ૨૭૫ |
| | બનાસકાંઠા જિલ્લામાં આર.ટી.ઈ. હેઠળ વિદ્યાર્થીઓને પ્રવેશ | ૧૩૮ |
| | બનાસકાંઠા જિલ્લામાં ઔદ્યોગિક એકમોને સેલ્સટેક્ષ માફ કરવા | ૭૩ |
| | બનાસકાંઠા જિલ્લામાં ખનિજ ચોરીના નોંધાયેલ કિસ્સા | ૫૯ |
| | બનાસકાંઠા જિલ્લામાં તાલીમાર્થીઓને ટેબલેટ | ૨૫૨ |
| | બનાસકાંઠા જિલ્લામાં રમતગમતના મેદાનો વગરની પ્રાથમિક શાળાઓ | ૧૬૪ |

| | | |
|---|---|---|
| | બનાસકાંઠા જિલ્લામાં વીજ કનેકશનોની પડતર અરજીઓ | 26 |
| કાંતિલાલ અમૃતિયા | રાજકોટ જિલ્લામાં મફત તબીબી સહાય | ૨૬૪ |
| | રાજકોટ જિલ્લામાં સાત ફેરા યોજના હેઠળ સહાય | ૨૩૪ |
| | <page માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૫૨૬ |
| | મોરબી જિલ્લામાં વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ | ૨૮૦ |
| કામીનીબા રાઠોડ | ગાંધીનગર જિલ્લાઓની પ્રાથમિક શાળાઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ | ૧૭૯ |
| | ગાંધીનગર જિલ્લામાં ઘરવિહોણા ખેતમજૂરોને ઘરથાળના પ્લોટો મંજૂર | ૬૭ |
| | ગાંધીનગર જિલ્લામાં તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતનું | ૪૬ |
| | ગાંધીનગર જિલ્લામાં મધ્યાહ્ન ભોજન | ૧૬૨ |
| | ગાંધીનગર જિલ્લામાં શ્રમીક કાર્ડ | ૨૬૦ |
| | ગાંધીનગર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનો ડ્રોપ | ૧૩૬ |
| | દહેગામ તાલુકામાં સંપ | ૨૨૯ |
| કિરીટસિંહ રાણા | સુરેન્દ્રનગર જિલ્લામાં કૃષિ વિષયક વીજ બિલમાં રાહત આપવા બાબત | ૩૧ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં બી.પી.એલ. કાર્ડ ધારકોને ચીજવસ્તુઓનું | ૧૩૨ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ | ૨૪૮ |
| કિશોર કાનાણી | સુરત જિલ્લામાં ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડેન્સીયલ | ૧૪૮ |
| | અન્ય રાજ્યોમાં ''સદાકાળ ગુજરાત'' કાર્યક્રમનું આયોજન | ૨૫૪ |
| | રાજયએ સાધનો પાય પેશગી ઉપર ચૂકવેલ વ્યાજ | ૬૨ |
| | રાજ્યમાં કાર્યરત સૌર ઉર્જા મથકો | ૩૬ |
| કિશોરસિંહ ચૌહાણ | અંબાજી ખાતે યાત્રાળુઓ માટે આકર્ષણો | ૨૩૧ |
| | રાજયએ સાધનોપાય પેશગીનું ચૂકવેલ વ્યાજ | ૪૪ |
| | રાજ્યમાં અભ્યારણો | ૧૩૪ |
| | <page માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૫૪૦ |
| ગેંદાલભાઈ ડામોર | અરવલ્લી અને છોટાઉદેપુર અને સુરત જિલ્લામાં ૭૩–એ.એ. હેઠળની | ૩૭૦ |
| | પંચમહાલ અને દાહોદ જિલ્લામાં ૭૩–એએ હેઠળની જોગવાઈ ભંગ | ૪૧૭ |
| | મહીસાગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સહાય | ૨૬૫ |
| | મહીસાગર જિલ્લામાં શ્રમિકોને આવાસ | ૨૩૭ |
| | વડોદરા અને સુરત જિલ્લામાં ૭૩–એ.એ. હેઠળની જોગવાઈ ભંગ | ૩૭૦ |
| | વલસાડ અને નવસારી જિલ્લામાં ૭૩–એએ હેઠળની જોગવાઈ ભંગ | ૩૨૫ |
| ગ્યાસુદ્દીન શેખ | અમદાવાદ શહેર અને જિલ્લામાં ગુણોત્સવ પાછળ ખર્ચ | ૧૪૦ |
| | અમદાવાદ શહેરમાં શ્રમીકોને શ્રમીક કાર્ડ | ૨૬૧ |
| | અમદાવાદ શહેરમાં સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક | ૧૬૬ |
| | રાજ્યમાં વીજ મથકોની વીજ ઉત્પાદન ક્ષમતા | ૧૬ |
| | અમદાવાદ શહેરમાં શ્રમિકોને આવાસ | ૨૩૦ |

| | | |
|---|---|---|
| | મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના હેઠળ વિદ્યાર્થીઓને સહાય | ૧૮૦ |
| | <page માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૮૬ |
| ગોવાભાઇ હ. રબારી | <page માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૯૨ |
| | <page માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૫૩૨ |
| | ડીસા કોર્ટમાં લીફ્ટની સુવિધા | ૨૩૩ |
| | ડીસા તાલુકામાં ગ્રામસભાઓ યોજવા બાબત | ૭૬ |
| | ડીસા તાલુકામાં વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ | ૨૬૨ |
| | બનાસકાંઠા જિલ્લામાં આંબેડકર યોજના હેઠળ આવાસ | ૨૭૯ |
| | બનાસકાંઠા જિલ્લામાં કન્યા હાઈસ્કુલો | ૧૧૧ |
| | બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતોના મકાન | ૫૦ |
| | બનાસકાંઠા જિલ્લામાં મફત પ્લોટ મેળવવાની અરજીઓ | ૬૯ |
| | બનાસકાંઠા જિલ્લામાં માધ્યમિક શાળાઓને મંજૂરી | ૧૫૧ |
| | બનાસકાંઠા જિલ્લામાં રોપાઓનો ઉછેર | ૧૭૪ |
| ગોવિંદભાઇ પટેલ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૨૦૯ |
| ગૌતમભાઇ ચૌહાણ | ખેડા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર શિક્ષકોની નિમણુંક | ૧૮૨ |
| | સરસવણી યોજનાથી ગામોને પીવાનું પાણી | ૨૭૬ |
| | ખેડા અને આણંદ જિલ્લામાં ખેતી માટેના વીજ કનેકશનો મેળવવાની | ૭૦ |
| | ખેડા અને આણંદ જિલ્લામાં યુરિયા ખાતરની ફાળવણી | ૩૪૧ |
| | ખેડા અને આણંદ જિલ્લામાં સરકારી પ્રથમિક શાળાઓમાં મહેકમ | ૧૪૭ |
| | ખેડા જિલ્લાના કૌશલ્ય વર્ધન કેન્દ્રોના કર્મચારીઓનો બાકી પગાર | ૨૮૭ |
| | ખેડા જિલ્લામાં ગૌચર જમીન પર થયેલ દબાણ | ૧ |
| | ખેડા જિલ્લામાં તલાટી–કમ–મંત્રીની ખાલી જગ્યાઓ | ૪૫૩ |
| | ખેડા જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મંજૂર રસ્તાઓ | ૪૧૮ |
| | ખેડા જિલ્લામાં મનરેગા યોજના હેઠળ રોજગારી | ૫૦ |
| | ખેડા જિલ્લામાં વાજબી ભાવની દુકાનો | ૧૭૧ |
| | નડીયાદ આરટીઓમાં નંબર પ્લેટોનો કોન્ટ્રાક્ટ | ૨૫૩ |
| | પરીએજ તળાવની જર્જરીત થયેલ માટીની પાળો | ૩૬૫ |
| | બારમુવાડા જુથ પાણી પુરવઠા યોજના હેઠળ પીવાનું પાણી | ૪૪૩ |
| | મહેમદાવાદ, ખેડા અને માતર તાલુકામાં ગુનાહિત કૃત્યો | ૩૫૧ |
| | મહેમદાવાદ, માતર અને ખેડા તાલુકામાં સમરસ ગ્રામ પંચાયતો અંગે | ૪૫૩ |
| | મહેમદાવાદ, માતર, ખેડા અને વસો તાલુકામાં કાંસો | ૪૧૧ |
| | માતર તાલુકામાં વીરોજા માઈનોર ઉપર કુવાવાળાને બદલે ધાબાવાળા | ૩૬૪ |
| ચંદ્રિકાબેન છ. બારિયા | <page માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૫૩૪ |
| | દાહોદ જિલ્લામાં અપૂરતા વરસાદથી પાણીની તંગી | ૨૪૯ |

| | | |
|---|---|---|
| | દાહોદ જિલ્લામાં ગ્રામ પંચાયતોને પોતાના પંચાયત ઘર ન હોવા બાબત | ૬૩ |
| | દાહોદ જિલ્લાના પાયાડુગરી ગામે આવેલ ઠક્કરબાપા સરોવર પાછળ | ૨૭૩ |
| | દાહોદ જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાનપ્રવાહની કોલેજો | ૧૬૧ |
| | દાહોદ જિલ્લામાં કાર્યરત પેટા તિજોરી કચેરી | ૩૯ |
| | દાહોદ જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ | ૧૩૫ |
| | દાહોદ જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો | ૧૭૮ |
| ચીમનભાઈ શાપરીયા | જામનગર જિલ્લામાં માનવદિન રોજગારી | ૫૦ |
| | જામનગર જિલ્લામાં સાધન સહાય | ૨૭૦ |
| | જામનગર જિલ્લામાં કન્યાઓને સાયકલ | ૨૪૩ |
| | જામનગર જિલ્લામાં નવા રેશનકાર્ડની અરજીઓ | ૧૩૦ |
| | દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કન્યાઓને સાયકલ સહાય | ૨૮૨ |
| છનાભાઈ ચૌધરી | નવસારી જિલ્લામાં ખનિજની ચોરી રોકવા ફલાઈંગ સ્કોર્ડના દરોડા | ૯ |
| | નવસારી જિલ્લામાં વેટની વસુલ કરવાની બાકી રકમ | ૫૩ |
| | નવસારી જિલ્લામાં સ્થળાંતરીત બાળકો માટે સીઝનલ હોસ્ટેલ | ૧૨૯ |
| જગદીશભાઇ ઇ. પંચાલ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૧૯૭ |
| | અન્ય રાજ્યોમાં ગુજરાતી સમાજ ભવનનું નિર્માણ | ૨૩૬ |
| | અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને પાયલોટની તાલીમ | ૧૦૯ |
| જગરૂપસિંહ રાજપૂત | અમદાવાદ જિલ્લામાં ઈકો ટુરીઝમ | 148 |
| જેઠાભાઈ ભરવાડ | પંચમહાલ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ | 135 |
| | પંચમહાલ જિલ્લામાં વ્યક્તિગત શૌચાલય | 34 |
| જનક કાછડિયા | સુરત જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓ | 142 |
| | રાજ્યમાં એન.આર.જી. સેન્ટરોની સ્થાપના | 253 |
| જયંતિભાઈ રાઠવા | છોટાઉદેપુર જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીઓ માટે સાયન્સ પ્રવાહની | ૧૨૩ |
| | છોટાઉદેપુર જિલ્લામાં વિકલાંગોને શિષ્યવૃત્તિ | ૨૨૪ |
| જયરાજસિંહ જાડેજા | રાજકોટ જિલ્લામાં કન્યાઓની આદર્શ નિવાસી શાળા | ૨૪૬ |
| | રાજકોટ જિલ્લામાં સોલાર પંપ ફાળવવા બાબત | ૪૭ |
| જયેશકુમાર વિ. રાદડીયા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૨૦૫ |
